# પ્રસાદ નં. ૨૫૧

## સમયસાર કળશ ૧૬૦

*(અસાડ સુદ ૫, સોમવાર, ૨૦૦૭)*

આત્મા છે. જ્ઞાન, આનંદ આદિ તેનું સ્વરૂપ છે. શરીરાદિ તો જડ છે, તે આત્મા નથી અને પુણ્ય—પાપાદિ થાય તે આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. એવું ભાન થયું એટલે ધર્મીને ભય રહેતો નથી. જ્ઞાનીને સાત પ્રકારના ભય હોતા નથી તેમાં છ ભયની વાત આવી ગઈ છે.

**(૧) આલોક ભય :—**જ્ઞાનીને નથી કેમ કે તે માને છે કે જ્ઞાન સ્વરૂપ તે મારો લોક છે પર સામગ્રી તે મારો લોક નથી. તેથી આ લોકનો ભય જ્ઞાનીને નથી.

**(૨) પરલોક ભય :—**જ્ઞાનીને નથી કેમ કે જ્ઞાનીને પરભવમાં મારું શું થશે એની ચિંતા હોતી નથી. તે સમજે છે કે આ ચૈતન્ય લોક તે મારો ઉત્કૃષ્ટ લોક છે, તેને કોઈ બગાડી શકતું નથી. તેથી જ્ઞાનીને પરલોકનો ભય નથી.

**(૩) વેદના ભય :—**શરીરમાં રોગ થાય તેનો ભય જ્ઞાનીને નથી કેમ કે જ્ઞાની પોતાના અચળ નિરાકુળ જ્ઞાયક સ્વભાવને સદા વેદે છે. તેથી જ્ઞાનીને બીજી કોઈ વેદના નથી તેથી જ્ઞાનીને વેદના ભય નથી.

**(૪) અરક્ષા ભય :—**હું રક્ષણ નહિ કરું તો પૈસો શરીરાદિ ચાલ્યા જશે એમ જ્ઞાની માનતો નથી. મારો આત્મા સત્ છે, તે નાશ પામતો નથી. પોતે પોતાથી જ રક્ષિત છે, તેથી તેને પર રક્ષણની જરૂર નથી એમ જાણતાં જ્ઞાનીને અરક્ષાનો ભય હોતો નથી.

**(૫) અગુપ્તિ ભય :—**આત્મા ગુપ્ત અભેદ કિલ્લો છે, વિકારાદિ તો કૃત્રિમ છે. આત્મા તો અકૃત જ્ઞાન સ્વભાવી છે. તેમાં રહેલો આત્મા ગુપ્ત હોવાથી તેમાં કોઈ પ્રવેશ કરી શકતું નથી તેથી જ્ઞાનીને અગુપ્તિ ભય નથી.

**(૬) મરણ ભય :—**શરીર વિનાશિક છે. આત્મા તો શુદ્ધ ચિદાનંદ અવિનાશી છે, તેનો નાશ થતો નથી. જ્ઞાન ધ્રુવ છે. કોણ મરે ને કોણ જન્મે ? અમર આત્માનું ભાન થયું એટલે જ્ઞાનીને મરણ ભય હોતો નથી.

**(૭) હવે આકસ્મિક ભય :—**કહે છે, તે જ્ઞાનીને કેમ નથી તેનું કારણ પણ બતાવે છે :–

## કળશ ૧૬૦

**અર્થ :—**આ સ્વતઃ સિદ્ધ જ્ઞાન એક છે. અનાદિ છે, અનંત છે, અચળ છે, તે જ્યાં સુધી છે ત્યાં સુધી સદાય તે જ છે. તેમાં બીજાનો ઉદય નથી માટે આ જ્ઞાનમાં આકસ્મિક (અણધાર્યું. એકાએક) કાંઈ પણ થતું નથી. આવું જાણતા જ્ઞાનીને અકસ્માતનો ભય ક્યાંથી હોય? તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

જુઓ ! ધર્મ કરનારે શું કરવું તે પણ વાત સાથે આવી જાય છે. તેણે પહેલાં તો નિર્ણય કરવો કે હું સ્વતઃસિદ્ધ જ્ઞાન છું. પુણ્ય–પાપાદિ મલિન વિકાર છે–એવું ભાન કરવું તે ધર્મ છે. શરીરવાળો, પૈસાવાળો કે કુટુંબવાળો તો હું છું જ નહિ. હું તો મારાથી સ્વયંસિદ્ધ છું. કોઈથી સિદ્ધ થયેલો નથી એવું ભાન હોવાથી જ્ઞાની નિઃશંક ને નિર્ભય છે.

પહેલેથી જ ઉપાડ્યું છે કે ધર્મી કેવો છે ? તે કોઈથી ઉત્પન્ન થયેલો નથી અને નાશ થઈને કોઈમાં ભળી જાય એમ નથી. આવું ભાન જેને છે, તેને નામ ધર્મ થાય છે. જેમ અગ્નિ અને ઉષ્ણતા એક છે. છાણાં લાકડાં આદિના નિમિત્તે અનેક પ્રકારે કહેવાય છતાં તે એક જ પ્રકારે છે. તેમ જ્ઞાન જ્ઞેય પ્રમાણ છે એમ અનેક પ્રકાર કહેવામાં આવે પણ ખરેખર તો જ્ઞાન એક જ પ્રકારે છે.

પુણ્ય-પાપ કરું તો કલ્યાણ થાય એમ માનનારને જ્ઞાનમાં એકતા નથી. જ્ઞાની તો સમજે છે કે આત્મા ચૈતન્ય જ્ઞાનાનંદની મૂર્તિ છે, એમાં બીજો કોણ આવી શકે કે જેથી અકસ્માત થાય ? પરવસ્તુ તો મારામાં નથી. પૈસા, સ્ત્રી, છોકરાં મારામાં નથી. તો એમાં કાંઈક થાય તેથી મારામાં અકસ્માત કેમ થાય ? વિજળી પડે તો નાશવાન હોય તે નાશ પામે, હું તો અવિનાશી છું. અજ્ઞાની આખી જિંદગી ધર્મના નામે સામાયિક, પોષા, પ્રતિક્રમણ આદિ કરતો હોય પણ આવા અકસ્માતના વખતે તે નિર્ભય રહેતો નથી. જ્ઞાની તો સદા નિર્ભય છે.

ચૈતન્ય ભગવાન એક છે. એવો જ્ઞાનીને નિર્ણય છે. આત્મા અનાદિ છે, તેની શરૂઆત નથી 'છે', તેની શરૂઆત હોય નહિ. આત્મા જન્મતો નથી અને મરતો પણ નથી. આવું ભાન થાય તેને અકસ્માત ભય હોતો નથી. આત્મા અનંત છે એટલે ભવિષ્યમાં રહેતો નથી એમ નથી. ''અચળ'' છે, અનાદિ અનંત હોવા છતાં વર્તમાનમાં ચળપણું નથી. પુણ્યપાપના કારણે મારું ચળપણું નથી. મહા સંવર્તક વાયરો હોય કે પ્રચંડ વરસાદ હોય તો પણ મેરૂપર્વત ચળે નહિ તેમ જ્ઞાની ગમે તેવા પુણ્ય-પાપના પરિણામથી ચળે નહિ. સ્વરૂપ એકલું છે, તેમાં બેકલાપણું

શું છે ? અસંગમાં સંગપણું શું? આવું ભાન થવું તે શુદ્ધિનું કારણ છે અને તે નિર્જરા છે.

હું જ્ઞાન સ્વભાવી એક અનાદિ—અનંત—અચળ છું. તે જ્યાં સુધી છે ત્યાં સુધી સદાય તે જ છું, એમાં અકસ્માત શેનો ? વીંછી કરડે, સર્પ કરડે, છરા વાગે, ખાડો આવે ત્યાં પડી જવાય, પાણીમાં બુડી જાય. આ બધું મારામાં કેમ બને? ન જ બને, એટલે કે મારામાં કાંઈ અકસ્માત બનતું નથી. ''જે છે, તે તે જ છે.'' આ અસ્તિ છે અને ''બીજાનો ઉદય નથી'' તે નાસ્તિ છે. દયાદાનાદિનો ભેદ પડે તે મારામાં નથી. હું તો જ્ઞાન સ્વભાવી છું. તે સ્વભાવની શ્રદ્ધા અને એકતા સિવાય બીજા પ્રકારનો ઉદય મારામાં થતો નથી. તેથી મારામાં અણધાર્યું કાંઈ છે જ નહિ એમ જ્ઞાની માને છે.

ખરેખર તો આત્મા સિવાયના બીજા પદાર્થોમાં પણ અકસ્માત કાંઈ છે જ નહિ. કેમ કે તે પણ ક્રમબદ્ધ છે પણ અહીં તો તે બીજા પદાર્થો મારામાં નથી તો પછી તેનો વિચાર શા માટે કરવો ? કેમ કે મારી ચીજનું એનામાં પ્રગટપણું નથી. હું તો ચૈતન્ય છું એમાં અણધાર્યું નવું કાંઈ થઈ પડે એમ છે જ નહિ. આવા ભાનમાં કોઈપણ જાતનો ભય જ્ઞાનીને હોતો નથી.

એક વાંદરો ઝાડ ઉપર બેઠો હતો, તે ઝાડનું એક પાંદડું પડે ત્યાં તે રોવા માંડે, વળી પાછું બીજું પડે ત્યાં પાછો રોવા માંડે. હવે તે વાંદરાનું રોણું ક્યારે પુરું થાય? ક્યારેય ન થાય. એમ અજ્ઞાનીને સંસારમાં, શરીરમાં જરાક પ્રતિકૂળતા થાય ત્યાં રોવે, પૈસામાં કાંઈક ફેરફાર થાય ત્યાં રોણાં માંડે, તેનું કેવી રીતે પૂરું પડે ? એટલે કે એનું પુરું પડે નહિ. અહીં તો કહે છે કે પરમાં હું નથી અને મારામાં પર નથી. હું તો એક ફીટીને બે થતો નથી. બે હોય તો અકસ્માત થાય ને ? એટલે કે અકસ્માત કાંઈ થતું જ નથી. અજ્ઞાની માને છે કે અણધાર્યો મોભ પડ્યો, ચકલા જેવો વીંછી કરડ્યો, ભૂત વળગ્યું, જરા નળિયું ખસે ત્યાં ભડકણને ડર લાગે. પણ આ બધી ચીજો આત્મામાં પેસતી નથી. એનું અજ્ઞાનીને ભાન નથી. તેથી તે સામાયિકાદિની ક્રિયા કરવા છતાં અને શાસ્ત્રનો અભ્યાસ કરવા છતાં નિર્ભય થતો નથી.

અજ્ઞાની માને છે કે પૂર આવ્યા પહેલાં પાળ બાંધો. જ્ઞાની સમજે છે કે પરવસ્તુનો મારામાં અભાવ છે માટે તેને કારણે જ્ઞાનીને ભય થતો નથી. તે બધી કૃત્રિમ વસ્તુ અકૃત્રિમ એવા જ્ઞાનને બગાડે નહિ. તે નીડર અને નિઃશંક હોય છે. જો પોતાને ચૂકીને પર ઉપર લક્ષ કરે તો ત્રાસ થાય છે પણ પોતે તો અનાદિ–અનંત, અચળ એક પદાર્થ છે, તેને જ્ઞાની સદા અનુભવતો શુદ્ધિની વૃદ્ધિ કરે છે અને અશુદ્ધિનો નાશ કરે છે, તે નિર્જરા છે.

**<u>ભાવાર્થ :—</u>**કાંઈ અણધાર્યું અનિષ્ટ એકાએક ઉત્પન્ન થશે તો ? એવો ભય રહે તે આકસ્મિક ભય છે. જ્ઞાની જાણે છે કે આત્માનું જ્ઞાન પોતાથી જ સિદ્ધ, અનાદિ, અનંત, અચળ એક છે. તેમાં બીજું કાંઈ ઉત્પન્ન થઈ શકતું નથી. માટે તેમાં અણધાર્યું કાંઈ પણ ક્યાંથી થાય! અર્થાત્ અકસ્માત ક્યાંથી બને ? આવું જાણતા જ્ઞાનીને અકસ્માતનો ભય હોતો નથી. તે તો નિઃશંક વર્તતો થકો પોતાના જ્ઞાન ભાવને નિરંતર અનુભવે છે.

જ્ઞાયક આત્મતત્ત્વમાં અણધાર્યો ભાવ છે જ નહિ, તો અણધાર્યું ક્યાંથી બને ? ધર્મીને કાંઈ અણધાર્યું થશે એવો ડર નથી. આવો નિર્ણય કરે નહિ અને અદ્ધરથી ધર્મ લઈ લેવો છે પણ એમ કદી બનતું નથી. તારામાં ધર્મ રૂપે થવાની શક્તિ ન હોય તો ક્યાંયથી આવે તેમ નથી. આત્મામાં અનંતાગુણો છે, બીજાનો આશ્રય લેવાની જરૂર નથી. એક એક આત્માની એક સમયની જ્ઞાન પર્યાય ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે એમ સર્વજ્ઞદેવે જોયું છે. આવું આત્માનું માહાત્મ્ય આવે તો પરનું માહાત્મ્ય રહે નહિ. સમ્યગ્દ્રષ્ટિને આ રીતે ભય હોતો નથી.

આ રીતે સાત ભય જ્ઞાનીને હોતા નથી.

આત્મા સ્ત્રી કે પુરુષ નથી, પણ સ્ત્રી એમ સમજે છે કે પુરુષ જેવા આપણે નહિ. ૫૦ વરસની બાઈ હોય પણ બહાર જવું હોય તો આઠ વરસના બાળકને આગળ ચલાવે અને પોતે પાછળ ચાલે. એમ આશરો લ્યે તો ભય લાગે નહિ એમ તે માને છે. વળી અજ્ઞાની એમ પણ માને છે કે એક માણસ હોય તો ભય થાય પણ બેચાર માણસ હોય અને સાથે બાર જોટાવાળી બંદુક હોય તો ભય ઓછો થાય, પણ અરે ભગવાન ! બંદુકથી કે બીજા માણસથી નિર્ભયતા રહેતી નથી. તેનાથી જે નિર્ભયતા માને, તે સ્વભાવ નિર્ભય છે, એને માનતો નથી. પોતાની રાગ પર્યાયમાં એકાગ્ર થવું તે ભય છે, તેને ઓછો કરવાનો ઉપાય પરમાં નથી. હું તો ભય રહિત, અનંત ધર્મનો ધરનાર, અનંત ગુણોવાળો, વિકારને તોડવાના સામર્થ્યવાળો છું. એવા ભાનમાં જ્ઞાનીને ભય થતો નથી.

**<u>પ્રશ્ન :</u>**–અવિરત સમ્યક્દ્રષ્ટિ આદિને પણ જ્ઞાની કહ્યા છે અને તેમને તો ભય પ્રકૃતિનો ઉદય હોય છે તથા તેના નિમિત્તે તેમને ભય થતો પણ જોવામાં આવે છે તો પછી જ્ઞાની નિર્ભય કઈ રીતે છે ? ઘણા પ્રકારથી વાત કરી કે જ્ઞાનીને ભય નથી પણ જ્ઞાનીને ભય તો દેખાય છે. તો આ બે વાતનો મેળ ખાતો નથી–એમ શિષ્યનો પ્રશ્ન છે.

**<u>સમાધાન :—</u>**ભય પ્રકૃતિના ઉદયના નિમિત્તથી જ્ઞાનીને ભય ઊપજે છે એટલે કે જ્યાંસુધી જ્ઞાનીને પણ અસ્થિરતાના ભાવ હોય ત્યાંસુધી ભય હોય છે

ખરો, પણ સ્વભાવને ચૂકીને તે ભય થતો નથી. પર્યાયમાં નબળાઈના કારણે કચાશ છે ત્યાં સુધી ચારિત્રમોહની ભય પ્રકૃતિ છે, તેના નિમિત્તે જ્ઞાનીને પણ ભય હોય છે. વિકલ્પ ઊઠે છે, તે વીર્યની નબળાઈ છે. વીર્યની સ્વરૂપ રચના પૂર્ણ થવી જોઈએ તે નથી. નબળાઈના કારણે ભયની પીડા સહન થઈ શકતી નથી તેથી જ્ઞાની પણ તે ભયનો ઇલાજ કરે છે એટલે કે ચોર આવે તો બારણાં બંધ કરવાનો વિકલ્પ આવે. આવો ઉપાય કરતો જ્ઞાની જોવામાં આવે છે. ભય મટાડવા એ જાતનો રાગ પણ થાય છે પરંતુ ધર્મીને એવો ડર હોતો નથી કે જેથી જીવ સ્વરૂપના જ્ઞાન શ્રદ્ધાનથી ચ્યુત થાય.

કીડીનું ધણ માથોડું ઉંચું અને ગાઉ બે ગાઉમાં પથરાયેલું દૂરથી જોવામાં આવે, ત્યારે ધર્મીને કદાચ ભાગવાનો વિકલ્પ પણ આવે છતાં તે સમજે છે કે આ ભય થયો છે, તે કીડીના ધણના કારણે થયો નથી અને વિકલ્પ થયો માટે હું અહીંથી ભાગી શકીશ અને બચી જઈશ એમ પણ તે માનતો નથી. ગામમાં પ્લેગ થયો હોય તો બહારગામ જવાનો ધર્મીને વિકલ્પ આવે પણ સ્વરૂપથી ચ્યુત થતો નથી. વર્તમાન દોષ છે, તેનો સ્વામી થતો નથી. વળી જે ભય ઊપજે છે, તે મોહકર્મની ભયનામની પ્રકૃતિનો દોષ છે, સ્વભાવની દ્રષ્ટિ છે, તેથી જે દોષ થાય છે, તેને પ્રકૃતિનો કહ્યો છે. નિમિત્તને હું અનુસરું છું. નિમિત્ત મને અનુસરાવતું નથી. સ્વભાવ દોષસ્વરૂપ છે જ નહિ, પર્યાયમાં દોષ થાય છે, તેનો સ્વામી થઈને કર્તા થતો નથી. જ્ઞાતા જ રહે છે. માટે જ્ઞાનીને ભય નથી.

હવે આગળની (સમ્યગ્દ્રષ્ટિના નિઃશંકિત આદિ ચિન્હો વિષેની) ગાથાઓની સૂચનારૂપે કાવ્ય કહે છે.

## કળશ—૧૬૧

**અર્થ :**—ટંકોત્કીર્ણ એવું જે નિજરસથી ભરપૂર જ્ઞાન તેના સર્વસ્વને ભોગવનાર સમ્યગ્દ્રષ્ટિને જે નિઃશંકિત આદિ ચિન્હો છે, તે સમસ્ત કર્મને હણે છે. માટે કર્મનો ઉદય વર્તતા છતાં, સમ્યગ્દ્રષ્ટિને ફરીને કર્મનો બંધ જરા પણ થતો નથી. પરંતુ જે કર્મ પૂર્વે બંધાયું હતું તેના ઉદયને ભોગવતાં તેને નિયમથી તે કર્મની નિર્જરા જ થાય છે.

ચોથા ગુણસ્થાનવાળો જ્ઞાની કેવો હોય છે ? તે કહે છે. સંસાર વિકારી પર્યાય છે, તેના ઉપર ધર્મીની દ્રષ્ટિ નથી. ધર્મી તો ટંકોત્કીર્ણ નિજ આનંદરસના સામર્થ્યથી ભરપૂર જ્ઞાન તેના સર્વસ્વને અનુભવનાર છે. તે વિકારને અને સંયોગને અનુભવતો નથી. ચૈતન્ય સ્વભાવભાવને ભોગવતા ધર્મી જીવને

નિઃશંકિતાદિ આઠ એંધાણો, ગુણો, આચાર છે. તે સમસ્ત કર્મને હણે છે. વ્યવહાર નિઃશંકિતાદિ પુણ્યબંધનું કારણ છે.

સ્વભાવની એકતામાં પુણ્ય-પાપની અનેકતાનો અભાવ છે. સમ્યક્ત્વના આઠ ગુણો-કિરણો કે આચારોના કારણે જ્ઞાનાવરણીયાદિ કર્મો હણાય છે અને જ્ઞાનાદિ ગુણો પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન બધાં કર્મોને હણે છે એમ કહ્યું છે. સ્વભાવમાં એકાગ્ર થવું તે આઠે કર્મોનો અભાવ કરવાનો ઉપાય છે. કોઈ કહે કે પાપનો બોજો પુણ્ય કરવાથી ઓછો થાય કે નહિ ? તો કહે છે કે ખરેખર તો પુણ્ય પણ બોજો છે. પુણ્ય-પાપ રહિત આત્મા છે એમ શ્રદ્ધા-જ્ઞાન કરવા, તે બોજો હલકો કરવાનો ઉપાય છે.

# પ્રસાદ નં. ૨૫૨

## સમયસાર કળશ ૧૬૧

*(અષાડ સુદ ૬, મંગળવાર, ૨૦૦૭)*

## શુદ્ધ ચૈતન્યસ્વભાવ જે ધ્રુવ છે તેના આધારે સમ્યક્દર્શનનો ઉત્પાદ થાય છે ને મિથ્યાદર્શનનો વ્યય થાય છે.

ભાવાર્થ :—ધર્મી જીવની દ્રષ્ટિ અખંડ જ્ઞાનસ્વરૂપી આત્મા ઉપર છે. હું ચૈતન્યજ્ઞાન સ્વરૂપી છું, અબંધ સ્વરૂપી છું એમ તે માને છે. વર્તમાન પર્યાયમાં રાગદ્વેષ થાય છે તે પરને લીધે તો નથી પણ તે રાગદ્વેષ જેટલો પણ આત્મા નથી, પણ રાગ રહિત શુદ્ધ સ્વભાવ છે તેના આધારે ધર્મ થાય છે. સમ્યગ્દ્રષ્ટિ અધર્મ દ્રષ્ટિ ટાળે ને ધર્મદ્રષ્ટિ ઉત્પન્ન કરે, તે ઉત્પાદ-વ્યય થયા, પણ ધર્મદ્રષ્ટિનો ઉત્પાદ કોના આધારે થાય? ધ્રુવ ચૈતન્ય સ્વભાવના આધારે થાય છે. ધર્મ અથવા મોક્ષમાર્ગ પર્યાય છે, તે ગુણ નથી. મિથ્યાશ્રદ્ધાનના સ્થાનમાં સાચી શ્રદ્ધા પ્રગટ કરવી છે, મિથ્યાશ્રદ્ધા ને રાગદ્વેષનો નાશ કેવી રીતે થાય ? જે સમયે ઉત્પન્ન થાય તે સમયે તેનો નાશ ન થાય પણ રાગદ્વેષ જેટલો હું નથી, હું તો જ્ઞાયક સ્વભાવી છું એવી રુચિ બીજે સમયે કરે તો સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થતાં મિથ્યાદર્શન ઉત્પન્ન થતું નથી એટલે વ્યય થાય છે; તે ધ્રુવ શુદ્ધ ચૈતન્યના આધારે થાય છે.

## "સમ્યક્દર્શન દૈવાધીન નથી, પુરુષાર્થ આધીન છે."

કેટલાંક જીવો સમ્યક્દર્શન દૈવના આધારે એટલે કર્મના આધારે માને છે, તે માન્યતા ભૂલ ભરેલી છે. તેને વ્યવહાર શ્રદ્ધાનાં પણ ઠેકાણાં નથી. સમ્યક્દર્શન પુરુષાર્થપૂર્વક થાય છે. અનંતકાળથી શરીરની ક્રિયાથી ને પુણ્યથી ધર્મ માનતો તે દ્રષ્ટિ ફેરવી, શરીર વિનાનો, પરના અભાવ સ્વભાવવાળો, અવસ્થામાં વિકાર થાય તેટલો હું નહિ ને જ્ઞાનનો ઉઘાડ જે દેખાય છે તે અંશ છે તેટલો પણ હું નથી, હું તો અવિકારી પરિપૂર્ણ જ્ઞાન સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમય આનંદકંદ છું, એવા શ્રદ્ધા-જ્ઞાન કરવાથી સમ્યગ્દર્શન થાય છે. તેમાં પુરુષાર્થ રહેલો છે.

## "પૂર્વ કર્મોના ઉદય વખતે સમ્યગ્દ્રષ્ટિને શંકાદિકૃત બંધ થતો નથી પરંતુ પૂર્વ કર્મો ખરી જાય છે."

આવા સમ્યગ્દ્રષ્ટિ જીવે પૂર્વે મિથ્યાત્વ અવસ્થામાં ભય આદિ જડ પ્રકૃતિઓ બાંધી હતી. તેના ઉદયકાળે ધર્મી જીવ પોતાના સ્વભાવની એકાગ્રતામાં પ્રકૃતિ તરફના વલણને ઉત્પન્ન થવા દેતો નથી. હું ચૈતન્ય જ્ઞાયક છું એવા સ્વભાવના અભિપ્રાયને લીધે પૂર્વે બંધાયેલા કર્મોની રુચિ નથી, કર્મ તો જડ છે. કર્મને આત્મા કદી ભોગવતો નથી પણ ઉદયમાં આવ્યું છે એટલે ભોગવે છે એમ કહ્યું છે તો પણ તેને નિઃશંકિત આદિ આઠ ગુણો વર્તે છે. તેથી તેને શંકાકૃત બંધ થતો નથી. નિઃશંકિત આદિ આઠ ગુણો કહ્યા તે આત્માના જે ત્રિકાળી ગુણો છે, તે આ ગુણો નથી. સમ્યક્દર્શન પર્યાય છે ને તેના આઠ ગુણો તે નિર્મળ પર્યાયના અંશો છે તે પણ પર્યાય છે, ગુણ નથી પણ સમ્યક્દર્શનની પર્યાયને લાભ માનનારા અંશો છે માટે ગુણો કહ્યાં છે. આત્માના શુદ્ધ ઉપયોગનો વધારો કરનારાને અશુદ્ધતાનો નાશ કરનારા આઠ ગુણો છે. સમ્યક્દ્રષ્ટિની દ્રષ્ટિ સ્વભાવ ઉપર છે તેથી સ્વભાવ સાથે તેને એકતા વધે છે ને શંકાદિ દોષોના નિમિત્તે થતો બંધ તેને થતો નથી. (અસ્થિરતાનો અલ્પ રાગ છે તેને ગૌણ ગણ્યો છે) પરંતુ પૂર્વે બંધાયેલા કર્મોની નિર્જરા થતી જાય છે. આ સમ્યક્દર્શનનું માહાત્મ્ય છે ।।૨૨૮।।

હવે આ કથનને ગાથાઓ દ્વારા કહે છે. તેમાં પ્રથમ નિઃશંકિત ગુણની ગાથા કહે છે :—

### ગાથા ૨૨૯

**જે કર્મ બંધન મોહ કર્તા પાદ ચારે છેદતો,**
**ચિન્મૂર્તિ તે શંકા રહિત સમકિત દ્રષ્ટિ જાણવો. ૨૨૯.**

અન્વયાર્થ :—જે ચેતયિતા, કર્મબંધ સંબંધી મોહ કરનારા (અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો ભ્રમ કરનારા) મિથ્યાત્વાદિ ભાવોરૂપ ચારે પાયાને છેદે છે, તે નિઃશંક સમ્યગ્દ્રષ્ટિ જાણવો.

## "સમ્યક્દ્રષ્ટિ જીવ પોતાને ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમય માને છે."

ધર્મજીવ પૂર્વ કર્મોને કેમ ટાળે છે ? તે સમજાવે છે. જડનો પર્યાય તો આત્મા ટાળી શકે નહિ ને ભ્રાન્તિ તથા વિકારને પણ આત્મા ટાળતો નથી. પોતાના જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા કરતાં વિકાર ઉત્પન્ન થતો નથી એટલે તેને ટાળ્યો, એમ

કહેવાય છે ને તેથી નવાં કર્મો બંધાતાં નથી અને જૂનાં કર્મો, નવાનું કારણ થતાં નથી. તે ઉદયમાં આવીને ખરી જાય છે એટલે જૂનાં કર્મો ટાળ્યાં એમ કહેવાય છે.

“સમ્યગ્દ્રષ્ટિ, ટંકોત્કીર્ણ એવા એક જ્ઞાયકભાવમયપણાને લીધે કર્મબંધ સંબંધી શંકા કરનારા મિથ્યાત્વાદિ ભાવોનો તેને અભાવ હોવાથી નિઃશંક છે તેથી તેને શંકાકૃત બંધ નથી પરંતુ નિર્જરા છે જ.”

ધર્મી પોતાના આત્માને કેવો માને છે ? શાશ્વત એક જ્ઞાયકભાવમય માને છે. પરપદાર્થો તો આત્મામાં નથી. પુણ્ય-પાપ વિકાર તે વિકૃત સ્વભાવ છે, તે આત્માનું ખરું સ્વરૂપ નથી. પોતે તો પરપદાર્થને વિકારનો જાણનાર છે એવું નક્કી થતાં નિમિત્તની, વિકારની તથા પર્યાયોની રુચિ થતી નથી.

ધર્માત્મા ચક્રવર્તી હોય, બાહ્ય વૈભવના ઢગલા હોય તોપણ જાણે છે કે વૈભવ, સ્ત્રી, કુટુંબાદિ એ તો મારાં નથી ને અલ્પ વિકાર પોતાના કારણે થાય છે તેની રુચિ નથી. આદરણીય માત્ર એક જ્ઞાયકભાવ છે. આમ જ્ઞાનીની દ્રષ્ટિ જ્ઞાયકભાવ ઉપર છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવની એકતા વધે છે. વર્તમાન પર્યાય સ્વભાવ તરફ ઢળેલી છે, ક્ષણે ક્ષણે નિર્મળતા વધતી જાય છે. નિર્મળતાના અંશો અનેક પ્રકારે વધવા છતાં અનેકતા ઉત્પન્ન થતી નથી પણ જ્ઞાયક સ્વભાવ સાથે એકતા થાય છે. શુદ્ધતાની પર્યાય જે વધે છે તે વ્યવહાર નયનો વિષય છે ને વર્તમાન પર્યાય જ્ઞાયકભાવ સાથે એકરૂપતા પામે એવો એક જ્ઞાયકભાવ—તે નિશ્ચય નયનો વિષય છે. આમ જ્ઞાની એક જ્ઞાયકભાવમયપણાને પામે છે. “મય” શબ્દ અભેદતા બતાવે છે.

(૧) શરીરાદિ જડ પદાર્થોનું પરિણમન તેના કારણે થાય છે, તેની વાત નથી.

(૨) પોતાના કારણે રાગદ્વેષાદિ પર્યાયમાં થાય છે તે ઉપાધિનું પડખું છે, તેને જે જ્ઞાનનો અંશ ખ્યાલમાં લ્યે છે તેને વ્યવહાર નય કહે છે.

(૩) જે નિર્મળ પર્યાય શુદ્ધ પ્રગટ થઈને દ્રવ્ય સાથે અભેદ થાય, તેને જે જ્ઞાનનો અંશ ખ્યાલમાં લ્યે છે તેને નિશ્ચયનય કહે છે.

(૪) આમ વસ્તુમાં બે પડખાં પડે છે. એક નિરુપાધિ સ્વભાવભાવ ને બીજો ઉપાધિભાવ—બન્નેને એક સાથે પ્રમાણ જ્ઞાન જાણે છે. વ્યવહાર રત્નત્રયના જે પરિણામ થાય છે તેને વ્યવહારથી જાણે છે ને નિશ્ચયથી તો પોતાને જાણે છે. આમ જ્ઞાનીને પોતાની પર્યાય પોતાનાં દ્રવ્ય સાથે અભેદ થતી જાય છે.

## "જ્ઞાયકભાવમયપણાને લીધે ધર્મી જીવને મિથ્યાત્વાદિ ભાવોનો અભાવ છે તેથી શંકાકૃત બંધ નથી, પરંતુ નિર્જરા જ છે."

આવા એક જ્ઞાયકભાવમયપણાને લીધે ધર્મી જીવને પોતાના આત્મા સંબંધી શંકા પડતી નથી. સાચા દેવગુરુશાસ્ત્ર વિષે શંકા ન હોવી અથવા તે વિષે નિઃશંક થવું તે વ્યવહાર નિઃશંકિત ગુણ છે, તેની વાત નથી. અહીં તો નિશ્ચય નિઃશંકિત ગુણની વાત છે. પોતાના આત્માના સ્વરૂપ વિષે શંકા કરતો નથી. પોતે જ્ઞાયક સ્વભાવી છે એવી શ્રદ્ધાના જોરે, અવિરતિ, કષાય, યોગના ભાવોથી મને બંધન થશે—એવી શંકા પડતી નથી. અવિરતિ, કષાય, યોગના કારણે પુરુષાર્થની નબળાઈથી જે બંધ પડે છે તેની વાત ગૌણ છે. મિથ્યાત્વ અને અનંતાનુંબંધી સહિતના દોષોનો બંધ તેને હોતો નથી. જે સમયે કર્મ ઉદયમાં છે તે જ સમયે તેને શુદ્ધતા વધીને અબંધ અવસ્થા થતી જાય છે. કારણ કે ધર્મીની દ્રષ્ટિ અબંધ સ્વભાવ ઉપર છે અને એવી દ્રષ્ટિને કારણે તેને ભ્રાન્તિનો અભાવ છે તેથી તે નિઃશંક છે. આમ જ્ઞાનીને શંકાકૃત બંધ થતો નથી ને જૂનાં કર્મો ખરી જાય છે.

## "સમ્યક્દ્રષ્ટિ જીવને ભવની ને ભવના કારણની શંકા પડતી નથી."

કોઈ પૂછે છે કે આમાં પુરુષાર્થ શું આવ્યો ! ભાઈ, આમાં બહારનો પુરુષાર્થ કરવાનો નથી કારણ કે એક પરમાણુ ને ફેરવવાની તાકાત આત્માની નથી. દયાદાનાદિ વિકાર છે, મિથ્યાત્વ દશામાં પરથી ને વિકારથી ધર્મ માનતો. હવે સાચી દ્રષ્ટિ કરે છે કે પરનો આત્મામાં અભાવ છે ને વિકાર આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્મા જ્ઞાયક સ્વભાવી છે એવી દ્રષ્ટિ કરવી તે જ પુરુષાર્થ છે, આવી જેને દ્રવ્યદ્રષ્ટિ થઈ છે તેને શંકા રહેતી નથી કે મારે કેટલા ભવ કરવા પડશે ? મારું શું થશે એવી શંકા તેને નથી કારણ કે જ્ઞાયક સ્વભાવમાં ભવ નથી તેમ જ ભવના કારણો મિથ્યાત્વ, રાગ, દ્વેષ પણ જ્ઞાયક સ્વભાવમાં છે જ નહિ. એવી પ્રતીતિના જોરે ભવ અને ભવના કારણની ધર્મીને શંકા ઉત્પન્ન થતી નથી. મારું શું થશે ? એવી શંકા કરનાર નમાલો છે, ડરપોક છે, અજ્ઞાની છે. જ્ઞાની નિઃશંક છે, નિર્ભય છે. જ્ઞાયકભાવમાં ભ્રાન્તિ, અવ્રત, કષાય, યોગ ચારે ભાવોનો અભાવ છે. પર્યાયમાં અવ્રત, કષાય, યોગ છે, તેને જાણે છે પણ તે ગૌણ છે.

જ્ઞાયકભાવનો સદ્‌ભાવ છે અને ઉપાધિભાવનો અભાવ છે—આમ અસ્તિ નાસ્તિ અનેકાન્ત છે.

## "પાંચ મહાવ્રતાદિના શુભ પરિણામ તે તપ નથી. સ્વભાવનાં ભાનપૂર્વક લીનતા તે તપ છે ને તેનાથી નિર્જરા થાય છે."

ધર્મી જીવને પર્યાયમાં ઉપાધિ છે પણ તેને પોતાનું સ્વરૂપ સમજતા નથી, ઉપાધિ બિલકુલ ન હોય તો સિદ્ધદશા હોવી જોઈએ. કેવળી ભગવાનને જોગનું કંપન વગેરે અશુદ્ધતા છે. અઘાતી કર્મના કારણે તે અશુદ્ધતા નથી. આમ વસ્તુ સ્વરૂપ સમજવું જોઈએ. આવી સમજણ કરવાથી ને શંકારહિત થવાથી નિર્જરા થાય છે. બહારની કોઈ ક્રિયાથી કે સમજણ વગરના ઉપવાસથી નિર્જરા થતી નથી. લોકો તપનો અર્થ સમજતા નથી. રોટલા ન ખાવા તે તપ નથી. પર પદાર્થનાં ગ્રહણ–ત્યાગ આત્મા કરી શકતો નથી ને રાગ તે પણ આત્માનું સ્વરૂપ નથી. એવા ભાન સહિત આત્મામાં સ્થિરતાં થતાં ઇચ્છાનો નિરોધ સહેજે થઈ જાય છે, તે તપ છે. આત્માને શોભાયમાન કરે, તે તપ છે. શુભરાગને તપ કહ્યો નથી. આમ નિશ્ચયનું ભાન થતાં વ્યવહાર આવી જાય છે પણ નિશ્ચયના ભાન વિના વ્યવહાર કેવો ? સમ્યક્દ્રષ્ટિજીવને ચોથે ગુણસ્થાને વિકલ્પવાળી ભૂમિકા વખતે ભક્તિ વગેરેનો શુભરાગ આવે છે. પાંચમે બાર વ્રતાદિનો વિકલ્પ આવે છે. છઠ્ઠે પાંચ મહાવ્રત અથવા અઠ્ઠાવીસ મૂળ ગુણ પાલનનો વિકલ્પ આવે છે પણ તેને આદરણીય માનતા નથી. કારણ કે પોતાના અમૃત શાંત રસને લૂંટનારા છે. જ્ઞાયકસ્વભાવનું ભાન થતાં પોતાનું જ્ઞાન કરતાં રાગનું જ્ઞાન અસદ્‌ભૂત ઉપચારથી કરે છે. દ્રષ્ટિપૂર્વક સ્વભાવમાં જેટલી લીનતા છે, તે સાચો તપ છે તેથી શુદ્ધતા વધે છે, અશુદ્ધતા ટળે છે ને પૂર્વનાં કર્મો ખરી જાય છે.

ભાવાર્થ :—સમ્યક્દ્રષ્ટિને પૂર્વ કર્મોનો ઉદય આવવા છતાં તે પોતે સ્વામી થતો નથી. તેથી તે કર્તા થતો નથી. માટે ભય પ્રકૃતિનો ઉદય આવતાં છતાં પણ સમ્યક્દ્રષ્ટિજીવ નિઃશંક રહે છે. ચોર આવીને મને લૂંટી જશે તો ? કર્મ ઉદયમાં આવીને મને પછાડશે તો ? એવી શંકા નથી. નિર્ભય સ્વરૂપના ભાનમાં તે નિઃશંક વર્તે છે. બહારના પદાર્થોનું જેમ થવાનું હશે તેમ થશે. હું તેનો ફેરફાર કરનાર નથી. આવી નિઃશંકતા હોવાથી પોતાના જ્ઞાનસ્વભાવનાં શ્રદ્ધા જ્ઞાનથી તે ડગતો નથી. આમ હોવાથી તેને શંકાકૃત બંધ થતો નથી પણ કર્મ રસ આપીને ખરી જાય છે. કર્મ તો જડ છે તે આત્માને રસ આપતું નથી. પણ પૂર્વે તે તરફ વલણ હતું પણ હવે સ્વભાવમાં એકાગ્ર થતાં કર્મ ખરી જાય છે એટલે કર્મ રસ આપીને ખરી ગયું એમ કથન કર્યું છે. ।।૨૨૯।।

હવે નિઃકાંક્ષિત ગુણની ગાથા કહે છે.

## ગાથા ૨૩૦

**જે કર્મ ફળને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,**
**ચિન્મૂર્તિ તે કાંક્ષા રહિત સમકિત દ્રષ્ટિ જાણવો. ૨૩૦.**

અન્વયાર્થ :—જે ચેતયિતા કર્મોનાં ફળો પ્રત્યે તથા સર્વ ધર્મો પ્રત્યે કાંક્ષા કરતો નથી, તે નિષ્કાંક્ષ સમ્યગ્દ્રષ્ટિ જાણવો.

## "સમ્યક્દ્રષ્ટિ જીવને તીર્થંકર પ્રકૃતિ કે દેવના ભવની વાંછા નથી, માત્ર એક જ્ઞાયક સ્વભાવ ઉપર જ તેની દ્રષ્ટિ છે."

ટીકા :—સમ્યક્દ્રષ્ટિજીવ કાંક્ષા કેમ કરતો નથી ને તેને કેમ નિર્જરા થાય છે તે બતાવે છે. તેને અખંડ જ્ઞાયક સ્વભાવ ઉપર દ્રષ્ટિ છે, તે સ્વભાવની ભાવનામાં પુણ્ય પાપ કે તેનાં ફળોની તેને ભાવના હોતી નથી. હું પુણ્ય બાંધીને સ્વર્ગમાં જઈશ તો ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જઈશ—એવી ભાવના ધર્મી જીવ ભાવતો નથી. તેને બધાય કર્મફળો પ્રત્યે તથા બધાય વસ્તુ ધર્મો પ્રત્યે કાંક્ષાનો અભાવ છે. જે શુભ રાગથી તીર્થંકર નામકર્મ બંધાય, જે કર્મથી આહારક શરીર મળે, જેનાથી સર્વાર્થ સિદ્ધિના દેવનો ભવ મળે, તીર્થંકર નામ કર્મ બંધાવાના કારણરૂપ સોળ ભાવના વગેરે શુભરાગ અથવા કર્મો તથા કર્મના ફળોની ધર્મીને ભાવના હોતી નથી. કોઈ મારી નિંદા કરે તો મારા કર્મ ખપે, વળી કોઈ મારી પ્રશંસા કરે તો ધર્મના કાર્યમાં હોંશ રહે, એવી કાંક્ષા ધર્મી જીવને હોતી નથી. જ્ઞાયક સ્વભાવની ભાવનામાં બીજા પદાર્થોની ભાવના તેને હોતી નથી તેથી તેને શુદ્ધતા થાય છે, અશુદ્ધતાનો નાશ થાય છે ને કર્મ નિર્જરે છે.

# પ્રસાદ નં. ૨૫૩

## સમયસાર ગાથા ૨૩૦

*(અષાડ સુદ ૭, બુધવાર, ૨૦૦૭)*

**ટીકા :—**આ નિર્જરા અધિકાર છે. ધર્મદશાનું પ્રગટ થઈને વધવું, અશુદ્ધતાનો નાશ થવો ને કર્મોનું ખરી જવું તે નિર્જરા છે. ગાથા ૨૨૯માં એમ કહ્યું હતું કે આત્મા જાણનાર—દેખનાર છે. શરીરાદિ પર છે. પુણ્ય-પાપના ભાવો વિકાર છે. આત્મા વિકારરહિત શુદ્ધ ચૈતન્યસ્વરૂપી છે તેવી દ્રષ્ટિમાં ધર્મીને પોતાના સ્વરૂપની શંકા પડતી નથી. ધર્મ બહારથી થતો હશે કે અંદરથી થતો હશે તેવી શંકા ધર્મીને થતી નથી. ભવની શંકા પણ ધર્મીને પડતી નથી. આમ નિઃશંક હોવાથી તેને પરપદાર્થો તથા પુણ્યની વાંછા રહેતી નથી, એ આ ગાથા ૨૩૦માં કહે છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે આ બધું તો જંગલમાં જઈને બેસી જઈએ તો થાય.

### "બૈરાં, છોકરાં, પૈસો, શરીર ને કર્મ–આત્મામાં ત્રણે કાળ અભાવ સ્વરૂપે વર્તે છે માટે તેનાથી નિવૃત્તવાનું રહેતું નથી."

(૧) કેનાથી નિવૃત્તિ લેવી છે ? બૈરાં, છોકરાં, કુટુંબ, કબીલો, પૈસા વગેરે આ આત્માથી પ્રત્યક્ષ જુદાં છે. તેનાથી તો આત્મા નિવૃત્ત સ્વરૂપ જ છે, માટે તેનાથી નિવૃત્ત થવાનું રહેતું નથી. હવે જે આ શરીર દેખાય છે તે તો હાડકાં, માંસાદિનો પિંડ છે, તેમાં આત્મા રહેતો નથી. શરીર આત્માનું હોય તો જ્યારે જ્યારે આત્મા જેવી ઇચ્છા કરે ત્યારે તે પ્રમાણે શરીરની અવસ્થા થવી જોઈએ પણ તેમ બનતું નથી. તેથી નક્કી થાય છે કે શરીર ને આત્મા જુદા છે. તેવી જ રીતે અંદરમાં આઠ કર્મો છે, તેનાથી પણ આત્મા જુદો છે. પોતાના આત્માથી ત્રણેકાળ તે પદાર્થો અભાવ સ્વરૂપે વર્તે છે. તે અભાવ સ્વરૂપી વસ્તુનો અભાવ કરવાનો રહેતો નથી અથવા તેનાથી નિવૃત્તિ લેવાની રહેતી નથી. પર આત્માઓને જડ પદાર્થથી આત્મા સદાય નિવૃત્ત સ્વરૂપ જ છે.

### "પર પદાર્થોમાં તથા પુણ્ય-પાપમાં સુખ છે એવી ભ્રાન્તિનો ચૈતન્ય સ્વભાવનાં શ્રદ્ધા—જ્ઞાન દ્વારા નાશ કરવો, તે મિથ્યાદર્શનથી નિવૃત્તિ છે."

(૨) આત્મા અજ્ઞાન તથા મોહના કારણે માને કે પર પદાર્થો વિના ચાલે નહિ. પર પદાર્થો મને અનુકૂળ હોય તો ઠીક પડે ને સુખ થાય ને પ્રતિકૂળ હોય તો

ઠીક ન પડે એમ પોતાની પર્યાયમાં મોહ, રાગને દ્વેષ કર્યા કરે છે. પર પદાર્થથી તો આત્મા ત્રણેકાળે નિવૃત્ત જ છે. જંગલમાં જ બેઠો છે, મારે ધર્મ કરવો છે, શાંતિ જોઈએ છે, નિવૃત્તિ લેવી છે. એટલે કે મારામાં સમાવું છે. એમ કહેનારે મોહ રાગદ્વેષથી નિવૃત્તિ કરવી જોઈએ. પર પદાર્થો પોતામાં સદા અભાવ સ્વરૂપ વર્તતા હોવા છતાં મારે તેનો અભાવ કરી જંગલમાં જવું છે, નિવૃત્ત થવું છે એવી જે માન્યતા, તે જ મોટી ભ્રાન્તિ છે. તે ભ્રાન્તિથી નિવૃત્તિ કેમ થાય ? તેને લીધે હું નહિ ને મારે લીધે તે નહિ—એમ નક્કી કરવું તથા પર્યાયમાં મોહ રાગદ્વેષ પોતાના કારણે થાય છે પણ પુણ્યપાપ ક્ષણિક છે એટલો જ આત્મા નથી. આત્મા અવિકારી કાયમી ચીજ છે અને તે પુણ્ય-પાપના પરિણામ રહિત શુદ્ધ ચૈતન્યતત્વ છે, નિરાકુળ છે, આનંદ સ્વરૂપ છે—એમ નક્કી કરતાં પોતાની પર્યાયમાં મિથ્યાભ્રાન્તિનો નાશ થઈ સમ્યક્દર્શન પ્રગટ થાય છે, તેને ભ્રાન્તિથી નિવૃત્તિ થઈ કહે છે. આમ સમ્યક્દર્શનની પ્રવૃત્તિ થઈને મિથ્યાદર્શનની નિવૃત્તિ થઈ. આ પહેલા આ પ્રકારની નિવૃત્તિ થઈ.

## "ચૈતન્ય સ્વભાવના વિશેષ આલંબન દ્વારા અસ્થિરતાનો નાશ કરવો, તે રાગદ્વેષથી નિવૃત્તિ છે."

(૩) ભ્રાંતિ ટાળવા છતાં રાગદ્વેષના પરિણામ સાધકદશામાં હોય છે પણ પોતાના સ્વભાવમાં વિશેષ સ્થિરતાં કરતાં રાગદ્વેષની નિવૃત્તિ થાય છે. સ્વભાવમાં લીન થતાં રાગદ્વેષ ઉત્પન્ન જ થતાં નથી. ને રાગ છૂટતાં સંયોગો ઉપરથી પણ લક્ષ છૂટી જાય છે. સંયોગો તો છૂટા જ પડ્યા છે પણ તે તરફથી લક્ષ છૂટતાં, તેને છોડ્યાં એમ કથન કરવામાં આવે છે એટલે ચારિત્રમાં સ્થિરતારૂપી પ્રવૃત્તિ થતાં, અસ્થિરતાથી નિવૃત્તિ થાય છે. આ બીજા પ્રકારની નિવૃતિ થઈ.

## "શુદ્ધચૈતન્યસ્વભાવના અવલંબને મોક્ષદશા પ્રગટ થવી તે પરિપૂર્ણ નિવૃત્તિ છે."

(૪) આત્મા જ્ઞાન સ્વભાવમાં પરિપૂર્ણ સ્થિર થતાં વીતરાગ દશા પ્રગટ થાય છે ને કેવળ જ્ઞાન પ્રગટી મોક્ષદશા થાય છે. આમ થતાં પોતાની અનંતી પર્યાયોની નિર્મળતામાં પ્રવૃત્તિને બધી જાતની અશુદ્ધતાથી ને અધૂરાશથી નિવૃત્તિ થાય છે, આ ત્રીજા પ્રકારની નિવૃત્તિ થઈ, આ પરિપૂર્ણ નિવૃત્તિ છે.

## "સમ્યક્દ્રષ્ટિને બધાય કર્મફળો તથા વસ્તુધર્મ પ્રત્યે ઇચ્છાનો અભાવ થયો છે તેથી તેને નિર્જરા થાય છે."

અહીં ધર્મીજીવને નિર્જરા કેમ થાય છે તે બતાવે છે. પોતે પોતાના સ્વરૂપને વિષે નિઃશંક છે, નિર્ભય છે. પ્રથમ નક્કી તો કરે કે રાગદ્વેષ થાય છે તે મારું સ્વરૂપ નથી. સર્વથા રાગદ્વેષ ટળી ગયા હોય તો તો સિદ્ધદશા હોવી જોઈએ પણ સાધકદશામાં વિકાર હોવા છતાં વિકાર તે હું નથી, હું તો જ્ઞાન સ્વરૂપી છું એવી કબૂલાત કરે તેવા ધર્મીને બધાય કર્મ ફળ પ્રત્યે તથા બધા વસ્તુ ધર્મો પ્રત્યે કાંક્ષાનો અભાવ છે. તે નિર્વાંછક છે, પરપદાર્થની ઇચ્છા નથી, વિકાર અથવા શુભરાગની પણ અભિલાષા નથી. આ શુભરાગ સારો છે ને કરવા જેવો છે ને તેના ફળમાં સારાં સંયોગો મળશે, એવી રાગની કે રાગના કર્મ ફળોની વાંછા નથી. પાપમાં સુખ નથી. પુણ્યથી ધર્મ નથી ને હું પોતે જ જ્ઞાન સ્વરૂપ છું એમ નક્કી કર્યું એટલે તેને કોઈ જાતની એકત્વ બુદ્ધિની ઇચ્છા હોતી નથી. તેથી અજ્ઞાનીને અજ્ઞાનપૂર્વક જે બંધ થાય છે તેવો કાંક્ષાકૃત બંધ ધર્મીને થતો નથી. પરંતુ નિર્જરા થાય છે. ધર્મી જીવને રાગના રાગનો અભાવ છે, રુચિપૂર્વક ઇચ્છાનો અભાવ છે તેથી રાગ મર્યાદામાં આવી ગયો છે. સ્વની ભાવના કરતો તે પરની ભાવના કરતો નથી, જેથી પૂર્વે બંધાયેલ કર્મ છૂટી જાય છે.

## "સમ્યક્દ્રષ્ટિ કોઈપણ કર્મને ઇચ્છતો નથી."

**ભાવાર્થ :—**સમ્યક્દ્રષ્ટિને સમસ્ત કર્મના ફળોની વાંછા નથી. સમસ્ત = ૧૪૮ કર્મપ્રકૃતિની તથા તેના ફળની ઇચ્છા નથી. તીર્થંકર નામકર્મ બાંધવાની તેને ઇચ્છા હોતી નથી. અજ્ઞાની માને છે કે શુભરાગ કરીએ તો તીર્થંકર નામકર્મ બંધાશે, તેને રાગની તથા રાગના ફળની ભાવના છે પણ ચૈતન્યની ભાવના નથી તેથી તે મિથ્યાદ્રષ્ટિ છે. તીર્થંકર પ્રકૃતિનો બંધ તે તે જાતની યોગ્યતાવાળા સમ્યક્દ્રષ્ટિ આત્માને જ બંધાય છે. ધર્મીને સ્વભાવનું ભાન વર્તે છે છતાં નબળાઈને લીધે શુભરાગ આવી જાય છે. માટે ત્યારે તે પ્રકૃતિ બંધાય છે. તે જાતના દ્રવ્યની તેવી લાયકાત અનાદિથી નક્કી થયેલી છે. વળી તે લાયક ધર્મી જીવોને તેની ભાવના હોતી નથી. કર્મનો આત્મામાં અત્યંત અભાવ છે. સ્વભાવની ભાવના કરનાર કર્મની ભાવના ભાવતો નથી.

## "પુદ્ગલ પરમાણુ જડેશ્વર છે, તેને આત્મા ગ્રહી કે છોડી શકતો નથી તેથી ધર્મીજીવ કનક કે પાષાણ બન્નેને સમાન માને છે, તેની ઇચ્છા કરતો નથી."

પરપદાર્થનો આત્મામાં અત્યંત અભાવ છે તેથી તેને આત્મા ગ્રહી કે છોડી શકતો નથી એમ જ્ઞાની માને છે. જંગલમાં સોનાના લોટા દેખાય, તે મને કામ આવશે એમ ધર્માત્મા માનતો નથી. એક એક પરમાણુમાં અનંતાગુણો છે ને તે સમયે સમયે તેની અવસ્થારૂપે પરિણમે છે. તે ઉત્પાદ, વ્યય, ધ્રુવ સહિત છે. પરમાણુ જડેશ્વર છે, તેની અવસ્થા આત્મા કરી શકતો નથી. વ્યવહારમાં ઘીનો ઘડો બોલાય છે તેમ આત્માએ ખાધું, સોનું લાવ્યો વગેરે બોલાય છે. સોનાના પરમાણુ મને કામના છે ને ઢેફાં પડ્યા હોય તો મને નકામા છે—એમ જ્ઞાની માનતો નથી તેથી તેને વાંછા નથી.

## "અજ્ઞાની નિંદા પ્રશંસાથી ઠીક માને છે, જ્ઞાની નિંદા પ્રશંસાની ઇચ્છા કરતો નથી."

અજ્ઞાની જીવો માને છે કે મારી નિંદા કોઈ કરે તો હું હળવો થઈશ.

**નિંદા હમારી જો કરે, મિત્ર હમારા સોઈ;**
**સાબુન લેકે ગાંઠકા, પાપ હમારા ધોઈ.**

આમ અજ્ઞાની જીવો માને છે કે નિંદા કરે ને ધર્મ પોતાને થાય, એવું કદી બનતું હશે ! તેને આત્માની ખબર નથી. જ્ઞાનીને નિંદાની વાંછા નથી. નિંદા કરે અથવા ન કરે તેની સાથે મારે કાંઈ સંબંધ નથી. વળી અજ્ઞાની માને છે કે આબરૂ હોય તો ધર્મ થાય. ધર્મી જીવ માને છે કે પ્રશંસાને લીધે ધર્મ નથી, તે તો જડની પર્યાય છે તેથી જ્ઞાની પ્રશંસાને ઇચ્છતો નથી.

જો દુઃખના સંયોગોને લીધે ધર્મ થતો હોય તો નરકાદિના પ્રતિકૂળ સંયોગોમાં કેમ ધર્મ ન થયો ?

વળી અજ્ઞાની જીવ માને છે કે દુઃખ હોય તો બહુ ધર્મ થાય.

**સુખ કે માથે શિલ પડો, વિસર જાવે રામ,**
**બલિહારી વો દુઃખ કી, પલ પલ સમરે રામ.**

આમ અજ્ઞાની માને છે. જો દુઃખથી એટલે પ્રતિકૂળ સંયોગોથી ધર્મ થતો હોય તો જીવ અનંતવાર નરકમાં ગયો છે ને ત્યાં પ્રતિકૂળ સંયોગો મલ્યા છે. ઢોરનાં ભવમાં ઈયળો પડવાથી દુઃખ ભોગવ્યું છે, એવા દુઃખ વખતે ધર્મ ન થયો

ને સાધારણ દુઃખથી ધર્મ થતો હશે ! અજ્ઞાનના પાર નથી. જ્ઞાની સંયોગો અનુકૂળ હોય કે પ્રતિકૂળ હો તેમાં તે સુખદુઃખ માનતા નથી. ચૈતન્યની ભાવનામાં પ્રશંસા, નિંદા આદિ જડની રુચિ કરતો નથી. ત્યાં સમભાવ વર્તે છે. જ્ઞાયક શુદ્ધ સ્વરૂપી છું એવા ભાનમાં શુદ્ધતાની વૃદ્ધિ થાય છે, તે નિર્જરા છે.

## "પુણ્યથી ને શરીરની ક્રિયાથી ધર્મ માનનારા જીવો સંપ્રદાયે જૈન હોવા છતાં અન્યમતી છે, ધર્મી તેમનો આદર કરતો નથી."

અન્યમતીઓએ માનેલા એકાંત ધર્મોનો ધર્મી જીવ આદર કરતો નથી. કોઈ એક જ આત્મા માને, કોઈ એકાંત શુદ્ધ માને, કોઈ એકાંત અશુદ્ધ માને, તેવો અન્યમતી પ્રત્યે તો આદર નથી પણ જૈન સંપ્રદાયમાં હોવા છતાં જે અનેકાંત સ્વરૂપને માનતા નથી પણ એકાંત મિથ્યાસ્વરૂપને માને ને પ્રરૂપે, તેવા જીવો પણ અન્યમતી છે. તેના પ્રત્યે ધર્મીને આદર હોતો નથી. તેઓ કહે કે કાંઈક વ્રત તપ કરો, પુણ્ય કરો, હળવે હળવે ધર્મ થશે ને બેડો પાર થશે. આવું કહેનારા બગડેલ દૂધ જેવા છે. મોળી છાશ ખાવાના કામમાં આવે પણ બગડેલું દૂધ ખાવામાં કામ આવતું નથી. તેમ અવિરતિ સમ્યક્દ્રષ્ટિની પ્રરૂપણા યથાર્થ છે પણ દ્રવ્યલિંગી મુનિઓ જે પુણ્યથી ધર્મ મનાવે, દેહની ક્રિયાથી ધર્મ મનાવે, તે તો બગડેલાં દૂધ જેવાં છે. આવા જીવો પ્રત્યે ધર્મીને આદર હોતો નથી. કોઈ પુણ્યના ઉદયે તેને બહુને બહુ માનનારા દેખાતાં હોય તો પણ ધર્મી જીવ તેનો આદર કરતો નથી.

## "ધર્મી જીવને જ્ઞાતા દ્રષ્ટા શુદ્ધ સ્વભાવનાં શ્રદ્ધા—જ્ઞાન વર્તે છે ને અલ્પ રાગાદિ હોય તેને જાણે છે પણ તેનાથી ધર્મ પ્રગટે તેમ તે માનતો નથી."

ધર્મી જીવ માને કે મારો ધર્મ મારાથી છે, પુણ્યથી નથી. "શિવપદ અમને દેજો એમ ભગવાનના સ્તવનમાં આવે તો યથાર્થ સમજે છે કે હું મારા પુરુષાર્થથી શિવપદ લઉં તો ભગવાનને નિમિત્ત કહેવાય. બીજો કોઈ આપે એમ નથી. આમ પરપદાર્થોથી રહિત, પુણ્યપાપથીરહિત પોતાનો જ્ઞાતા સ્વભાવ છે. તેના શ્રદ્ધા-જ્ઞાનથી નિર્મળતા ઉત્પન્ન થાય છે, ટકે છે ને વધે છે, બીજા કોઈ કારણે નહિ. અધૂરી દશામાં બાર વ્રતોના પરિણામ હોય છે. મુનિને ૨૮ મૂલ ગુણનું પાલન હોય છે ને શરીરની નગ્ન અવસ્થા સહજ હોય છે પણ તે શુભરાગ આદિ વ્યવહાર છે માટે નિશ્ચય ટકે છે એમ જ્ઞાની માનતો નથી ને સ્વભાવમાં ઠરી શકે નહિ ત્યાં સુધી અમુક પ્રકારનો રાગ ને અમુક નિમિત્તો હોય છે, તેનું જ્ઞાનપણું કર્યા વગર રહેતો

નથી. એટલે કે જ્ઞાન કરે છે. આ રીતે ધર્મી જીવને પુણ્યની કે નિમિત્તોની વાંછા નથી માટે વાંછાથી તેને બંધ થતો નથી.

**"ધર્મી જીવને પોતાની નબળાઈના કારણે અલ્પ ઇચ્છા થાય છે પણ તે તેનો જ્ઞાતા જ રહે છે, કર્તા થતો નથી તેથી વાંછા કૃત બંધ તેને થતો નથી."**

સમ્યક્દ્રષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો અભાવ છે ને ચોથે ગુણસ્થાને અપ્રત્યાખ્યાનાદિ ત્રણ પ્રકારનો રાગ હોય છે. પોતાની નબળાઈના કારણે રાગની પીડા સહન કરી શકતો નથી. તેથી તેને મટાડવાના ઇલાજની વાંછા ચારિત્ર મોહના ઉદયને લીધે તેને હોય છે. આ નિમિત્તનું કથન છે. ખાવાપીવા આદિનો રાગ વર્તે છે પણ દ્રષ્ટિનો દોષ નથી. ચારિત્ર મોહ તો જડ છે, તેને અને રાગને અત્યંત અભાવ છે. અભાવ આત્માને શું કરે ? પણ પોતાના સ્વભાવમાં સ્થિત ન રહ્યો ત્યારે મોહના ઉદયને લીધે રાગ થયો એમ કહેવામાં આવે છે. ૪થે ગુણસ્થાને ધર્મી જીવને અસ્થિરતાના ક્રોધ, માન, વિષય વાસના, લડાઈના પરિણામ આવે છે. લડાઈના કાળે પોતાની નબળાઈના કારણે માન થાય પણ જાણે છે કે તે મારો દોષ છે. મુનિને છઠ્ઠે ગુણસ્થાને આહારની ઇચ્છા થાય છે, આમ ધર્મી જીવોને પોતાની ભૂમિકા અનુસાર અસ્થિરતામાં ઇચ્છા થાય છે પણ તે ઇચ્છાનો જ્ઞાતા રહે છે. જ્ઞાની જીવ જાણે છે કે :—

(૧) પર પદાર્થોને લીધે અથવા શરીરની ભૂખરૂપ અવસ્થાને લીધે ઇચ્છા થઈ નથી.

(૨) કર્મના ઉદયને લીધે ઇચ્છા થઈ નથી.

(૩) નબળાઈથી ઇચ્છા થઈ તે પર્યાયમાં એક સમય પૂરતી છે. આત્મા ત્રિકાળી છે ને ઇચ્છારહિત શુદ્ધ છે.

(૪) પોતાની નબળાઈથી અલ્પ ઇચ્છા થાય છે તેનો જ્ઞાતા રહે છે પણ ઇચ્છાનો કર્તા થતો નથી.

આમ સાચી દ્રષ્ટિ હોવાથી ધર્મી જીવ જ્ઞાતા રહે છે તેથી તેને વાંછાકૃત બંધ નથી. (અલ્પબંધની વાત ગૌણ છે) ॥૨૩૦॥

હવે નિર્વિચિકિત્સા ગુણની ગાથા કહે છે.

## ગાથા ૨૩૧

**સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સા ભાવ જે નહિ ધારતો,**
**ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિત દ્રષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૧.**

**<u>અન્વયાર્થ :</u>**—જે ચેતયિતા બધાય ધર્મો (વસ્તુના સ્વભાવો) પ્રત્યે જુગુપ્સા (ગ્લાનિ) કરતો નથી, તે નિશ્ચયથી નિર્વિચિકિત્સ (–વિચિકિત્સા દોષરહિત) સમ્યગ્દ્રષ્ટિ જાણવો.

## <u>"ધર્મી જીવને દુર્ગંધી પદાર્થોને લીધે ગ્લાનિ તથા દુશ્મનને લીધે દ્વેષ થતો નથી."</u>

ટીકા :—સમ્યક્દ્રષ્ટિ જીવને નિર્જરા થાય છે કારણ કે તે માને છે કે હું નિરુપાધિ સ્વભાવવાળો છું.

જ્ઞાયક સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાનને લીધે તેને બધા વસ્તુ ધર્મો પ્રત્યે જુગુપ્સાનો અભાવ છે, કોઈ પ્રત્યે દ્વેષ થતો નથી. વિષ્ટા દેખીને અથવા કોઈને ઊલટી થતી દેખીને તેને દુર્ગંછા થતી નથી. દુશ્મન પ્રત્યે તેને દ્વેષ થતો નથી. કોઈ દુશ્મન આવે ને માથું કાપી લ્યે, તેમ તે માનતો નથી. કારણ કે તે કોઈને દુશ્મન માનતો નથી ને કહેવાતો કોઈ દુશ્મન હોય તે માથું કાપી શકતો નથી. આમ સાચી સમજણ હોવાથી ધર્મીને દ્વેષ હોતો નથી. કોઈ ધર્માત્માને રોગી દેખીને ધર્મી ગ્લાનિ કરતો નથી. ઘડીમાં અંતરમાં સ્વરૂપ લીનતા હોય. ઘડીમાં ઉપદેશ આદિ અથવા આહારનો વિકલ્પ હોય એવા મુનિને દેખીને ધર્મીને પ્રમોદ આવે છે. તેમનાં મેલાં શરીર જોઈ ગ્લાનિ આવતી નથી. ઊલટો પ્રમોદ આવે છે કે અહો, ધન્ય મુનિ ! તારો અવતાર ! એમ તેના ગુણ ગ્રામ કરે છે. મિથ્યાદ્રષ્ટિ જીવને પર પદાર્થોને લીધે ગ્લાનિ થઈ આવે છે પણ જ્ઞાનીને પર પદાર્થોને લીધે અથવા અશુચિવાળા પદાર્થો જોઈને ગ્લાનિ થતી નથી. તેને એકત્વ બુદ્ધિ પૂર્વક ગ્લાનિ હોતી નથી તેથી તેને વિચિકિત્સાકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

# પ્રસાદ નં. ૨૫૪

## સમયસાર ગાથા ૨૩૧

*(અષાડ સુદ ૮ ગુરૂવાર, ૨૦૦૭)*

## "જ્ઞાતાસ્વભાવમાં દ્વેષ નથી, પરવસ્તુને લીધે દ્વેષ નથી, નબળાઈથી થતા દ્વેષનો ધર્મી જ્ઞાતા રહે છે."

આત્મા જ્ઞાન સ્વરૂપ છે, શરીરાદિ પર છે, રાગ દ્વેષ તે વિકાર છે. આત્મા વિકારથી રહિત છે એવા પોતાના જ્ઞાનસ્વરૂપમાં શંકા ન થવી તે નિઃશંકિત ગુણ છે. તે પ્રથમ ગુણ છે. નિઃશંકતા હોવાથી ધર્મી જીવને પરપદાર્થો મેળવવાની ઇચ્છા નથી. અલ્પ નબળાઈની ઇચ્છા થાય તેનો જ્ઞાતા રહે છે. અહીં ત્રીજો ગુણ કહે છે. ધર્મીને પર પદાર્થો પ્રત્યે દ્વેષ નથી. જ્ઞાયક સ્વભાવમાં દ્વેષ નથી. પરપદાર્થો દ્વેષ અથવા ગ્લાનિ કરાવતા નથી. એક તરફ જ્ઞાયક સ્વભાવ ને બીજી બાજુ બધી વસ્તુઓ જ્ઞેય છે. તેથી જ્ઞાનીને પર પદાર્થ પ્રત્યે જુગુપ્સાનો અભાવ છે તેને વિચિકિત્સાકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

## અજ્ઞાની જીવ પરને લીધે ગ્લાનિ થઈ માને છે. જ્ઞાની પોતાની નબળાઈથી ગ્લાનિ થઈ માની જ્ઞાતા રહે છે.

ભાવાર્થ :—સમ્યક્દ્રષ્ટિ વસ્તુના ધર્મો પ્રત્યે જુગુપ્સા ભાવ કરતો નથી. શરીરમાં ક્ષુધા લાગે તે શરીરની અવસ્થા છે. ક્ષુધાને લીધે દ્વેષ થતો નથી. અજ્ઞાની માને છે કે ક્ષુધા લાગી માટે મને દ્વેષ થયો એ અજ્ઞાન ભાવ છે. બે પાંચ દિવસ અનાજ ન મળે તો અજ્ઞાની ઘણાં તીવ્ર માઠાં પરિણામ કરે છે. ખોરાક વડે દેહને રાખી શકું છું એ અજ્ઞાનભાવ છે. શરીર પોતાનું નથી. તેથી તેને કેવી રીતે રાખી શકે ? વળી અજ્ઞાની જીવ માને છે કે વ્યવહાર માટે પૈસાની જરૂર પડે છે. વસુ (પૈસા) વિનાના નર પશુ છે એમ અજ્ઞાની માને છે. જ્ઞાની જીવ સમજે છે કે પૈસાનો રાગ થાય છે તે પરને લીધે નથી. નબળાઈથી રાગ થાય છે તે સ્વભાવ ચૂકીને થતો નથી. તેમ જ પર પદાર્થો મેળવવા માટે થતો નથી. તેથી ધર્મી જીવને દ્રષ્ટિ દોષ નથી. જ્ઞાની પોતાના સ્વભાવમાં નિઃશંક છે. "પેટ આખી દુનિયા ઉપર રાજ્ય ચલાવે છે" એમ અજ્ઞાની જીવ માને છે. ક્ષુધાને લીધે દ્વેષ હોય તો દ્વેષરહિત થવાનો પ્રસંગ રહેતો નથી. વળી ક્ષુધા નિમિત્ત છે તો દ્વેષ થાય છે એમ અજ્ઞાની માને છે પણ પોતે દ્વેષ કરે છે તો ક્ષુધાને નિમિત્ત કહેવાય છે. ક્ષુધા જડની

પર્યાય છે. ક્ષુધાને લીધે દ્વેષ થાય તો બધાને થવો જોઈએ. મુનિઓને પોતાની નબળાઈના કારણે શરીર ઉપર લક્ષ જતાં આહારનો વિકલ્પ આવે છે, તેઓ દેહની ક્રિયાના તથા ક્ષુધા અવસ્થાના જ્ઞાતા રહે છે. ક્ષુધા પ્રત્યે જુગુપ્સા કરતા નથી.

**તૃષા :—**અજ્ઞાની માને છે કે મને તરસ બહુ લાગી અને ગળુ સુકાણું, તેથી દ્વેષ થાય છે; પણ તે વાત મિથ્યા છે. તૃષા તો જડની પર્યાય છે. જડની પર્યાયને લીધે અણગમો હોય નહિ. ધર્મીજીવને તૃષા ટાણે વિકલ્પ આવે છે, વર્તમાન દોષના કારણે છે, તૃષાના કારણે નથી. તેથી ધર્મી જીવ તૃષા પ્રત્યે જુગુપ્સાભાવ કરતો નથી.

**શીત :—**અજ્ઞાની માને છે કે આ ઠંડી ઘણી પડે છે માટે અણગમો થાય છે. જાડાં કપડાં જલદી લાવો. મને ટાઢ વાય છે. પહેલાં દુર્ગંછા કેમ ન હતી ? ટાઢ આવી માટે થઈ; આમ ટાઢ કારણ અને દુર્ગંછા થવી તે કાર્ય એમ અજ્ઞાની માને છે. પણ નિમિત્ત કેનું ? જીવ દુગંછા કરે તો નિમિત્ત કહેવાય છે. ન કરે તો નિમિત્ત કહેવાય નહિ. જગતની ચીજો તો ત્રિકાળ છે. જગતની ચીજોને લીધે હોય તો મિથ્યાત્વ કદી અટકે નહિ. ધર્મી જીવને ટાઢના કાળે પોતાના કારણે અણગમો થાય છે પણ ટાઢને લીધે થતો નથી. પોતાની નબળાઈથી થાય છે. તે અલ્પદોષને જાણે છે તેથી ધર્મી જીવ શીત પ્રત્યે જુગુપ્સા કરતો નથી.

**ઉષ્ણ :—**ઉનાળાના તડકામાં ઉઘાડે પગે ચાલતાં અજ્ઞાનીને જાણે શરીર અગ્નિમાં પડ્યું હોય તેમ લાગે છે. તેથી તડકા પ્રત્યે દ્વેષ કરે છે. શરીરમાં તાવ વધી જતાં તાવને લીધે અજ્ઞાની દ્વેષ કરે છે પણ તે વાત મિથ્યા છે. જ્ઞાની સમજે છે કે હું મારા જ્ઞાનસ્વભાવમાંથી ચ્યુત થઈ પર ઉપર લક્ષ કરું તો અટકું છું ને દ્વેષ મારી નબળાઈને લીધે થાય છે પણ ગરમી અગર તાવને લીધે દ્વેષ થતો નથી.

**વિષ્ટા આદિ મલિન દ્રવ્યો :—**અજ્ઞાની વિષ્ટાને જોઈને, સર્પ તથા વીંછીને જોઈને દ્વેષ કરે છે. દુશ્મન બંદુક લઈને ચડી આવે તેથી દ્વેષ થયો માને છે. શરીરમાં કોઈને ઈયળો પડી હોય તે જોઈને દુગંછા કરે છે. તે મિથ્યાભાવ છે. જ્ઞાની સમજે છે કે પર પદાર્થને લીધે દુગંછા નથી, દુશ્મનને લીધે દ્વેષ નથી. મારી પર્યાયમાં દોષ છે, તેને જાણે છે તેથી ધર્મી જીવ મલિન દ્રવ્યો પ્રત્યે જુગુપ્સા કરતો નથી. આમ જ્ઞાનીને વસ્તુ ધર્મો પ્રત્યે જુગુપ્સા ભાવનો અભાવ છે.

## "પરને લીધે વિકાર માને તે મિથ્યાત્વનો દોષ છે ને સ્વને લીધે પર્યાયમાં વિકાર માને તો ચારિત્રનો દોષ છે."

આત્મા પર પદાર્થને ગ્રહતો કે છોડતો નથી. આત્મામાં ત્યાગ-ઉપાદાન શૂન્યત્વ નામે એક શક્તિ છે તેથી પર પદાર્થનાં ગ્રહણ—ત્યાગ આત્મામાં છે નહિ. આત્મા પરને ગ્રહવા મુકવાની શક્તિથી ત્રિકાળ શૂન્ય છે. ધર્મી જીવે પોતાના સ્વભાવને ગ્રહ્યો છે. તેને તે છોડતા નથી. જે જીવ પોતાનો સ્વભાવ ચૂકીને, પર પદાર્થને લીધે વિકારમાં અટકે તેને મિથ્યાત્વનો દોષ છે ને સ્વભાવનાં શ્રદ્ધા—જ્ઞાન હોવા છતાં પોતાની નબળાઈને કારણે વિકારમાં અટકે તો ચારિત્ર દોષ છે.

## ધર્મી જીવ નબળાઈની અલ્પ જુગુપ્સાનો જ્ઞાતા રહે છે, કર્તા થતો નથી, તેથી તેને નિર્જરા છે.

ધર્મી જીવને મિથ્યાત્વનો દોષ ટળી ગયો છે ને ચારિત્રનો દોષ અલ્પ છે, તેનો જ્ઞાતા રહે છે. જુગુપ્સા નામની જડકર્મ પ્રકૃતિનો ઉદય જ્ઞાનીને આવે છે ને પોતામાં જુગુપ્સાનો ભાવ પોતાની નબળાઈના કારણે અલ્પ થાય છે પણ પરને લીધે તે ભાવ થયો, એમ માનતો નથી. જડ કર્મનો તથા અન્ય દોષનો જ્ઞાતા રહે છે, કર્તા થતો નથી. તેથી જુગુપ્સાકૃત બંધ ધર્મીને થતો નથી. પરંતુ પ્રકૃતિ રસ દઈને ખરી જાય છે. પ્રકૃતિ તો જડ છે ને જડ આત્મામાં રસ આપી શકે નહિ પણ પ્રકૃતિનો ઉદય છે ને પોતાની નબળાઈ છે એટલે નિમિત્તથી કથન કરેલ છે. આમ જ્ઞાતા રહેવાથી જ્ઞાનીને નિર્જરા થાય છે. ।।૨૩૧।।

હવે અમૂઢદ્રષ્ટિ અંગની ગાથા કહે છે.

### ગાથા—૨૩૨

**સમુંઢ નહિ જે સર્વ ભાવે,-સત્ય દ્રષ્ટિ ધારતો,**
**તે મૂઢદ્રષ્ટિ રહિત સમકિત દ્રષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૨.**

**અન્વયાર્થ :**—જે ચેતયિતા સર્વભાવોમાં અમૂઢ છે—યથાર્થ દ્રષ્ટિવાળો છે, તે ખરેખર અમૂઢદ્રષ્ટિ જાણવો.

## "શાસ્ત્રોમાં વ્યવહારથી ને નિમિત્તથી લખાણ આવે તો તેનું રહસ્ય ધર્મી જીવ યથાર્થ સમજે છે, મુંઝાતો નથી."

**ટીકા :—**અજ્ઞાની જીવો માને છે કે નિમિત્ત આવે તો વિકાર થાય. અગ્નિ આવે તો પાણી ગરમ થાય, ગુરુ આવે તો જ્ઞાન થાય. આ અનુકંપાનો ભાવ કર્યો માટે જીવ બચ્યો. આમ ઘણા જીવો માને છે, તો પણ જ્ઞાની મુંઝાતો નથી. આટલા બધા માણસો કહે છે તે સાચું હશે કે હું માનું છું તે સાચું હશે—એમ તેને મૂંઝવણ થતી નથી. જીવ બચે છે તે તેના આયુષ્યના કારણે, આત્માનો અને શરીરનો યોગ સાથે રહેવાનો હતો માટે બચ્યો છે. જીવના શુભ રાગના કારણે બચતો નથી. વળી જે ક્રિયા ઉપાદાનમાં થાય છે તે નિમિત્તને લીધે થતી નથી એમ જ્ઞાની સમજે છે. ગુરુથી જ્ઞાન થતું નથી એમ જાણે છે છતાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર અને ખોટા દેવ-ગુરુ-શાસ્ત્ર વચ્ચેનો વિવેક તેને વર્તે છે. શાસ્ત્રમાં લખાણ આવે કે વ્યવહાર સાધન છે ને નિશ્ચય સાધ્ય છે. એવા લખાણ વાંચી ધર્મી જીવ મુંઝાય નહિ કારણ કે તે સમજે છે કે તે નિમિત્તનું કથન છે. નિશ્ચય સાધન તો દ્રવ્ય છે. આત્મામાં ૪૭ વગેરે અનંત શક્તિ કહી છે, તેમાં એક કરણશક્તિ છે, તે પોતે સાધન થઈ વીતરાગ દશારૂપે પરિણમે છે ત્યારે દયા દાનાદિના વ્યવહાર પરિણામને સાધનનો ઉપચાર કરેલ છે. તેમાં પૂર્વ પર્યાયનું જ્ઞાન કરાવે છે. ધર્મી જીવને વિકાર થાય તો મુંઝાય નહિ. વિકાર સર્વથા ટળી ગયો હોય તો વીતરાગ હોવો જોઈએ પણ રાગની ભૂમિકામાં પોતાના કારણે વિકાર થયો છે. તેનો પણ તે જ્ઞાતા રહે છે, મૂંઝાતો નથી. કોઈ જીવની શ્રદ્ધા ખોટી હોય પણ બાહ્ય પુણ્યના યોગે તેને સાંભળવા ઘણા માણસો ભેગા થતા હોય–તો તેનો ધર્મ સાચો હશે કે મારો ધર્મ સાચો હશે–તેવી શંકા જ્ઞાનીને પડતી નથી. સત્ય વસ્તુને માનવાવાળા ઓછા હોય એમ સમજી તે મૂંઝાતો નથી.

## "જ્ઞાનીને સમ્યક્ ભાવમયપણાને લીધે મૂઢતા થતી નથી. સ્વપર પ્રકાશકજ્ઞાનમાં વસ્તુસ્વરૂપ જેમ છે તેમ જાણે છે."

ઉપર કહ્યા પ્રમાણે ધર્મજીવને મૂંઝવણ થતી નથી કારણ કે તેણે પોતાનો સ્વભાવ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમય માન્યો છે. તેથી તેને બધાય ભાવોમાં મોહનો અભાવ છે. તે અમૂઢદ્રષ્ટિ છે, તેને મૂઢતા થતી નથી. તેથી મુઢદ્રષ્ટિકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે. પોતાની સાચી દ્રષ્ટિના કારણે પોતાનો જ્ઞાન સ્વભાવ સ્વ-પર પ્રકાશક ખીલતાં સર્વપદાર્થોને, ભાવોને તથા નિમિત્તોને જેમ છે તેમ જાણે છે. અજ્ઞાની માને છે કે સમયસારાદિ શાસ્ત્રો આવ્યાં માટે જ્ઞાન થયું પણ

જ્ઞાની તેમ માનતો નથી. પોતાના જ્ઞાન સ્વભાવના આશ્રયે જ્ઞાન પ્રગટ્યું છે ત્યારે સમયસારાદિ જે શાસ્ત્ર નિમિત્તરૂપે હોય છે, તેનું જ્ઞાન કરે છે ને અહીં જ્ઞાન ખીલવાનું હતું માટે સમયસારને આવવું પડ્યું એમ પણ નથી. સમયસાર, સમયસારના કારણે આવે છે ને જ્ઞાન, જ્ઞાનના કારણે થાય છે.

## "અજ્ઞાનીની ઊંધી પ્રરૂપણા તથા પુણ્યને જોઈને જ્ઞાની મૂંઝાતો નથી. પોતાને મોહદ્રષ્ટિ ટળી ગઈ છે તેથી મોહકૃત બંધ નથી પરંતુ નિર્જરા છે."

કેટલાંક જીવો એમ માને કે શરીર ધર્મને માટે સાધન છે, એમ કહેનારાં મળે તો ધર્મી મૂંઝાતો નથી. તે સમજે છે કે એ માન્યતા ખોટી છે. વળી કેટલાંક જીવો માને છે કે સમકિત પુરુષાર્થથી ન થાય પણ દૈવથી થાય છે. તેઓ કહે છે કે કર્મ માર્ગ આપે તો ધર્મ થાય, કર્મ માર્ગ આપ્યા વિના કોઈને ધર્મ થાય છે ? આમ જે જીવ સમ્યક્દર્શનને પરાધીન માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે. તેથી તેનો બધો આચાર ને ચારિત્ર મિથ્યા છે. સમ્યક્દર્શન વિના સાચાં વ્રત હોતાં નથી. ધર્મી તેવા જીવોની પ્રરૂપણાને બરાબર મિથ્યા જાણી લ્યે છે ને તે કદાચ બાહ્યથી મુનિ હોય, પાંચ મહાવ્રત પાળતો હોય ને તેને માનવાવાળા ઘણા હોય—તો પણ જ્ઞાની મૂંઝાતો નથી. પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવના નિર્ણયને લીધે તેને મોહ દ્રષ્ટિ ટળી ગઈ છે તેથી તેને મોહકૃત બંધ નથી પરંતુ  નિર્જરા જ છે.

## "સમ્યક્દ્રષ્ટિ જીવને મિથ્યાત્વનો તથા અનંતાનુબંધી કષાયનો અભાવ છે. તેથી તે વસ્તુ સ્વરૂપને યથાર્થ જાણે છે."

**ભાવાર્થ :—**સમ્યક્દ્રષ્ટિ જીવ બધા પદાર્થોને યથાર્થ જાણે છે. ચોથા ગુણસ્થાનવર્તી ધર્મીજીવને મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાયનો અભાવ હોવાથી તેની કોઈ પદાર્થ ઉપર અયથાર્થ દ્રષ્ટિ પડતી નથી. શાસ્ત્રમાં વ્યવહારનાં લખાણ ઘણાં આવે તો વ્યવહારથી ધર્મ થતો હશે ? એવી શંકા પડતી નથી. શુદ્ધ ચૈતન્યનો આદર છોડી વ્યવહારનો આદર કરતો નથી.

પાંચમે આરે કેવળજ્ઞાન થતું નથી—એમ લખાણ આવે તો સમજે કે જીવની પોતાની નબળાઈના કારણે થતું નથી. પાંચમા આરાને લીધે અટકતું નથી. મનુષ્ય દેહ વિના ન થાય, એ લખાણ નિમિત્ત બતાવવા માટે છે તેમ સમજે છે. કેવળી ભગવંતોને અઘાતિ કર્મો બાકી છે માટે સિદ્ધ થતા નથી એમ લખાણ આવે, તો

સમજે કે કેવલી ભગવાનનાં હજી યોગ ગુણ, અવ્યાબાધ, સૂક્ષ્મત્વ આદિ પ્રતિજીવી ગુણોની અશુદ્ધતા છે. અસિદ્ધત્વ પોતાના કારણે છે. અઘાતિ કર્મોને લીધે નથી ને જ્યાંસુધી એટલી અશુદ્ધતા છે ત્યાં સુધી સંસાર છે ને એટલી અશુદ્ધતા ટળશે ત્યારે સિદ્ધદશા થશે—એમ જ્ઞાની યથાર્થ જાણે છે.

## "પોતાના સ્વભાવમાં તથા પર જ્ઞેયોમાં ઠીક-અઠીકપણું નથી નબળાઈથી થતાં ઠીકાઠીકપણાનો ધર્મીજીવ જ્ઞાતા રહે છે."

ધર્મી પોતે હજી પૂર્ણ વીતરાગ દશા પામ્યો નથી ત્યાં સુધી તેને રાગદ્વેષના પરિણામ પોતાની નબળાઈના કારણે થાય છે ત્યારે ચારિત્રમોહના ઉદયથી ઇષ્ટાનિષ્ટ ભાવો ઊપજે છે–એમ કથન કરવામાં આવે છે. કર્મ તો જડ, રૂપી છે. જડ કર્મને અને અરૂપી આત્માને અત્યંત અભાવ છે. પરને લીધે રાગ થાય તો રાગ અને કર્મ એક થઈ જાય, અભાવ રહ્યો નહિ તેથી તે માન્યતા મિથ્યા છે. ધર્મીજીવ જાણે છે કે મારી નબળાઈથી ઠીક-અઠીક ભાવો થાય છે. સામેના જ્ઞેય પદાર્થોમાં ઠીક—અઠીકપણું નથી ને પોતાના શુદ્ધ સ્વભાવમાં ઠીક—અઠીકપણું નથી. માત્ર પોતાની નબળાઈથી થાય છે, પણ તે ભાવોનો ધર્મીજીવ કર્તા થતો નથી. ઉદયનું બળવાનપણું = પોતાની નબળાઈનું બળવાનપણું છે તેનો આરોપ કર્મમાં આપેલ છે. આમ હોવાથી તેને મોહકૃત બંધ થતો નથી.

## "સ્વરૂપ સમજવા માટે પ્રથમ રાગ હોય છે ખરો પણ તે રાગ ધર્મનું કારણ નથી એમ જ્ઞાની સમજે છે."

પોતે સમજણ કરતાં પહેલાં દ્રવ્ય ગુણ પર્યાયનું સ્વરૂપ શું છે તે વિકલ્પથી પ્રથમ જાણે છે. પ્રથમ વિકલ્પ ઊઠે છે ખરો પણ તેને લીધે ધર્મ પ્રગટે છે તેમ જ્ઞાની માનતો નથી. તેવા રાગની પણ રુચિ છોડીને જ્ઞાતા સ્વભાવની રુચિ કરે છે. મનુષ્ય યત્ન ઈશ્વરકૃપા એમ કેટલાક કહે છે પણ તેનો અર્થ સમજતા નથી. ઐશ્વર્યવાન સ્વભાવ પોતે છે, તેનો પુરુષાર્થ કરે છે તો સ્વભાવ પ્રસન્ન થઈ ધર્મની પર્યાય પ્રગટ કરે છે. અનીશ્વરનયથી પોતાની સ્વતંત્રતા સમજે છે. આમ ધર્મી જીવ ક્યાંય મૂંઝાતો નથી તેથી તેને મૂઢદ્રષ્ટિકૃત બંધ થતો નથી ને પૂર્વે બંધાયેલ કર્મ ખરી જાય છે તેથી તેને નિર્જરા જ થાય છે. ।।૨૩૨।।

# પ્રસાદ નં. ૨૫૫

## સમયસાર ગાથા ૨૩૩

*(અષાડ સુદ ૯, શુક્રવાર, ૨૦૦૭)*

હવે ઉપગૂહન ગુણની ગાથા કહે છે.

### ગાથા—૨૩૩

**જે સિદ્ધ ભક્તિ સહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,**
**ચિન્મૂર્તિ તે ઉપગૂહન કર સમકિત દ્રષ્ટિ જાણવો. ૨૩૩**

**અન્વયાર્થ :—**જે (ચેતયિતા) સિદ્ધની (શુદ્ધાત્માની) ભક્તિ સહિત છે અને પર વસ્તુના સર્વધર્મોને ગોપવનાર છે. (અર્થાત્ રાગાદિ પરભાવોમાં જોડાતો નથી) તે ઉપગૂહનકારી સમ્યગ્દ્રષ્ટિ જાણવો.

**“શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો આદર કરવો ને વિકારને ગોપવવો (ઉત્પન્ન થવા ન દેવો) તે ઉપગૂહન અંગ છે.”**

આ સમ્યક્દર્શનનું પાંચમું અંગ ઉપગૂહન ગુણ છે. સમ્યગ્દ્રષ્ટિ જીવને વિકાર હોવા છતાં વિકાર ઉપર દ્રષ્ટિ નથી. તે માત્ર દ્રષ્ટા છે. તે જીવ સિદ્ધની ભક્તિ સહિત છે અને પર વસ્તુના બધા ધર્મોને ગોપવનાર છે. પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવને ગોપવવો, ઢાંકી દેવો ને પાપના ભાવને રાખવા તે મિથ્યાભાવ છે પણ પોતાના ચૈતન્ય સ્વભાવનો આદર ને પુણ્યપાપનો આદર નહિ, તે ઉપગૂહન ગુણ છે. વળી અહીં કહ્યું છે કે ધર્મીજીવ પોતાના રાગને ગોપવે છે. જે રાગ ઉત્પન્ન થયો તેને કેવી રીતે ગોપવવો ? પરવસ્તુના સ્વધર્મને ગોપવે = પુણ્ય-પાપ આદિ પણ પરવસ્તુના ધર્મ છે, જે વિકાર થયો તેને તે સમયે ગોપવી શકતો નથી, પણ નિમિત્તની રુચિ છોડી, વિકારની રુચિ છોડી, વર્તમાન પર્યાય જેટલો આત્મા નથી. આત્મા તો પરિપૂર્ણ જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપી છે—એવા શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક જેટલો સ્વભાવમાં લીનતા કરે છે તેટલો રાગ ઉત્પન્ન થતો નથી; એને રાગને ગોપવે છે એમ કહેવામાં આવે છે ને સ્વભાવદ્રષ્ટિપૂર્વક જેટલો વિકાર થતો નથી તેટલી નિર્જરા થાય છે.

## "નિશ્ચય ને વ્યવહાર ભક્તિનું સ્વરૂપ"

(૧) વળી પાઠમાં લખેલ છે કે સમ્યગ્દ્રષ્ટિ સિદ્ધની ભક્તિ સહિત છે. ક્યા સિદ્ધ ? પોતે ચિદાનંદ સ્વરૂપી સિદ્ધસમાન છે. પરપદાર્થથી રહિત, વિકારથી રહિત, પોતાનો શુદ્ધાત્મા જેને ઇષ્ટ છે ને તેમાં દ્રષ્ટિ કરી એકાગ્ર થાય છે, તે નિશ્ચય ભક્તિ છે. **ભક્તિ એટલે ભજવું, એકાગ્ર થવું.** આમ સ્વભાવના ભાન સહિત વિકાર ઉત્પન્ન થવા દેતો નથી ને શુદ્ધ સ્વરૂપમાં લીન રહે છે—તે નિશ્ચયભક્તિ છે, તે પરમાર્થ સિદ્ધભક્તિ છે.

(૨) સમ્યગ્દ્રષ્ટિ જીવને પોતાના શુદ્ધ સ્વભાવનું ભાન હોવા છતાં પરિપૂર્ણ વીતરાગ થઈ ન શકે ત્યાંસુધી શુભ રાગ થાય છે ત્યારે સિદ્ધના તથા અર્હન્તના ભગવંતોના ગુણ ગ્રામ ગાય છે તે વ્યવહાર ભક્તિ છે. નિશ્ચયભક્તિ હોય તેને વ્યવહાર ભક્તિ હોય છે. સમ્યગ્દ્રષ્ટિને તે વ્યવહાર ભક્તિનો પણ નિષેધ વર્તે છે.

(૩) શુદ્ધસ્વભાવના ભાન વગર દેહની ક્રિયામાં ને પુણ્ય-પાપમાં ધર્મ માની તેની માળા ફેરવે, તેને નિશ્ચય અગર વ્યવહાર–એકે ભક્તિ નથી. તે મિથ્યાદ્રષ્ટિની ભક્તિ છે.

અહીં તો સમ્યગ્દ્રષ્ટિને શુદ્ધાત્માની નિશ્ચય ભક્તિ છે તેથી તેને નિર્જરા થાય છે.

## "સમ્યગ્દ્રષ્ટિને ટંકોત્કીર્ણ જ્ઞાયક ભાવ 'એક' કેમ કહ્યો ?"

ટીકા :–મૂળ પાઠમાં ઉપગૂહન = એટલે પરધર્મોનો ગોપવનાર છે એ અપેક્ષાએ વાત કરી છે ને ટીકામાં ઉપબૃહક = આત્મશક્તિનો વધારનાર એ અપેક્ષાએ વાત કરી છે.

સમ્યગ્દ્રષ્ટિ ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે સમસ્ત આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી, ઉપબૃહક એટલે આત્મશક્તિનો વધારનાર છે

(૧) ધર્મી જીવને એક જ્ઞાયકભાવમયપણું છે કારણ કે તેની દ્રષ્ટિ શરીર, મન, વાણી ઉપર નથી પણ તેનો જાણનાર રહે છે માટે એક જ છે.

(૨) વિકાર પુણ્ય-પાપના ભાવો અનેક પ્રકારના હોવા છતાં તેની રુચિ નથી. અનેકનો જાણનાર એક રહે છે માટે એક છે.

(૩) શુદ્ધસ્વભાવનાં શ્રદ્ધા—જ્ઞાન ને એકાગ્રતાથી નિર્મળતાનાં અંશો અનેક પ્રકારે વધવા છતાં અનેકતા નથી. તે અંશો જ્ઞાયક સ્વભાવ સાથે એકપણાને પામે

છે માટે એક છે. આવી રીતે ધર્મી જીવને ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણું છે.

## "સમ્યગ્દ્રષ્ટિ જીવને એક જ્ઞાયકભાવમયપણાને લીધે આત્મશક્તિ વધે છે ને નિર્જરા થાય છે."

જેટલા સિદ્ધના ગુણો છે એટલા ગુણોવાળા હું છું એમ શ્રદ્ધા-જ્ઞાન કરી, સમ્યગ્દ્રષ્ટિ જીવ અભેદ ધ્રુવ સ્વભાવનો આશ્રય લેતો, પોતાની આત્મશક્તિને વધારે છે. તેને અલ્પજ્ઞતાનો નાશ થતો જાય છે. અશુદ્ધતાનો નાશ થતો જાય છે. આવી શક્તિની ઉગ્રતાને લીધે નબળાઈથી થતો બંધ નથી પરંતુ નિર્જરા થાય છે. આત્મા અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે, તેમાંથી આનંદકંદ સિદ્ધપદ પાકે છે. ધર્મીની દ્રષ્ટિ શક્તિવાન ઉપર છે તેથી તેને નિર્મળતા વધે છે. લોકો કહે છે કે બહુ ઉપવાસ, વ્રત, તપથી નિર્જરા થાય છે પણ તે વ્યવહારકથન છે.

બહારના પદાર્થો તો આત્મા છોડી શકતો નથી ને જે કષાય મંદતાના પરિણામ હોય તેને, નિશ્ચયનું ભાન હોય તો, તપશ્ચર્યાથી નિર્જરા થઈ કહેવાય છે. પોતાના જ્ઞાનાનંદ સ્વભાવનું પ્રતપન થવું તે નિશ્ચય તપશ્ચર્યા છે ને ત્યારે શુભરાગને વ્યવહાર તપશ્ચર્યા કહેવાય છે. પણ આત્માના ભાન વગર શુભથી ધર્મ માને તેને એકે તપશ્ચર્યા નથી પણ અધર્મની વૃદ્ધિ થાય છે. ધર્મી જીવને શુદ્ધ ચૈતન્યનું ભાન છે ને અંતરલીનતા દ્વારા પોતાની આત્મશક્તિઓ અવસ્થામાં વધે છે ને વિભાવ ઘટે છે એટલે કે ધર્મની વૃદ્ધિ થાય છે તેથી તેને જીવની શક્તિની મંદતાથી થતો બંધ નથી પરંતુ નિર્જરા થાય છે.

## "સમ્યગ્દ્રષ્ટિ જીવ પોતાના જ્ઞાન સ્વભાવના આશ્રયે નિર્મળતાની પુષ્ટિ કરે છે."

**ભાવાર્થ :—**સમ્યગ્દ્રષ્ટિ જીવ ઉપગૂહન ગુણ સહિત છે. ઉપગૂહન એટલે ગોપવવું. તે અહીં નિશ્ચયનયને પ્રધાન કરીને કહ્યું છે કે સમ્યગ્દ્રષ્ટિએ પોતાનો ચૈતન્યનો વ્યાપાર પોતાના શુદ્ધ આત્મામાં જોડેલ છે અને જ્યાં ઉપયોગ શુદ્ધ આત્મામાં જોડેલ છે ત્યાં પુણ્ય-પાપ ઉપર દ્રષ્ટિ જ રહેતી નથી તેથી તે પુણ્ય-પાપના ભાવોનો ગોપવનાર છે અને આત્મ શક્તિનો વધારનાર છે.

આ ગુણનું બીજું નામ ઉપબૃંહણ પણ છે. ઉપબૃંહણ એટલે વધારવું તે, હું જ્ઞાયક છું એવી ઘોલનદશામાં આત્માની પર્યાયમાં નિર્મળતાની પુષ્ટિ થાય છે. આવી રીતે સમ્યગ્દ્રષ્ટિને પોતાની શક્તિઓ પુષ્ટ થાય છે. કારણ કે જેને જેવી દ્રષ્ટિ

તેમાં તે એકાગ્ર થાય, તેમાં વધે ને પુષ્ટ થાય. જ્ઞાનીને રમણતા, શાંતિ ને નિરાકુળતા વધે છે. જ્ઞાનની દ્રઢતા વધે છે માટે આત્મા ઉપબૃંહણ ગુણવાળો છે.

## "અજ્ઞાની અધર્મની પુષ્ટિ કરે છે ને જ્ઞાની ધર્મની પુષ્ટિ કરે છે."

જગતમાં જીવો કહે છે કે આપણે પૈસા, દાગીના વગેરેથી વધીએ—આમ પૈસા વગેરેથી વૃદ્ધિ ઇચ્છનારો પાપની પુષ્ટિ કરે છે એટલે અધર્મની પુષ્ટિ કરે છે ને જે જીવ આત્માના ભાન વિના વ્રત કરો, ઉપવાસ કરો, પચ્ચખાણ કરો, એમ કહે છે તે શુભ ભાવનાં ગાણાં ગાય છે, તે પણ વિકારની પુષ્ટિ કરે છે તેથી અધર્મની પુષ્ટિ કરે છે પણ પુણ્ય-પાપ રહિત મારો જ્ઞાન સ્વભાવ સર્વજ્ઞ શક્તિવાન છે શુદ્ધ છે—એવાં શ્રદ્ધા-જ્ઞાન કરે તો ધર્મની પુષ્ટિ થાય છે. જે સર્વજ્ઞ થયા તે સર્વજ્ઞપણું ક્યાંથી આવ્યું ? ધ્રુવ ચિદાનંદ આત્મા અનંતશક્તિનો ભંડાર છે. તે શક્તિમાંથી વ્યક્તિ થાય છે, તેનો ભરોસો કરી એકાગ્ર થાય તો અલ્પજ્ઞાનનો વ્યય થાય છે; સર્વજ્ઞદશાનો ઉત્પાદ થાય છે, તે આત્મા ધ્રુવ કાયમ રહે છે.

## "અનાદિકાળનું રોતલપણું છોડી અનંતજ્ઞાનનિધિ જોઈને એકવાર તો પ્રસન્ન થા."

અનાદિકાળથી જીવ પરપદાર્થમાં મીઠાશ ને સુખ માને છે. લાડવા, દાળ, ભાતમાં સુખ, શરીરમાં સુખ, પૈસામાં સુખ માંની તેનાં ગાણાં ગાય છે અને ધર્મ કરવાને બહાને વ્રતતપ વગેરેમાં સુખ માની તેનાં ગાણાં ગાય છે. પણ ભાઈ, એ બધામાં સુખ છે પણ તારામાં કાંઈ છે કે નહિ ? કે તું નમાલો—શક્તિ વગરનો છો ? પરચીજનાં ગાણાં તો ગાય છે પણ હવે એકવાર તારાં ગાણાં તો ગા ! ચિદાનંદ શાશ્વતજ્યોત અંતર નિધિ પડેલી છે તેને એકવાર જોઈને પ્રસન્ન થા ! રાજી થઈને હા પાડ ! અનંતકાળથી રોતલપણું કરતો આવ્યો છો, હવે તેને છોડી સ્વભાવદ્રષ્ટિકર તો તેમાંથી નિર્મળતા અને સુખની સૃષ્ટિ થશે. **હા પાડીશ તો હા માંથી હાલત થશે** માટે એકવાર રાજી થઈને હા પાડ !

## "સમ્યક્દ્રષ્ટિને અલ્પ નબળાઈની પાછળ સ્વભાવની સબળાઈનું ભાન છે જેથી સબળાઈ વધે છે ને નબળાઈ નાશ પામતી જાય છે."

જ્ઞાનીને સ્વભાવની દ્રષ્ટિ હોવાથી આત્મશક્તિ વધે છે ને નબળાઈથી બંધ થતો, તે બંધ થતો નથી પરંતુ નિર્જરા જ થાય છે. જોકે જ્યાંસુધી અંતરાયનો

ઉદય છે ત્યાંસુધી નિર્બળતા છે. તો પણ તેના અભિપ્રાયમાં નિર્બળતા નથી. "હું પરિપૂર્ણ પરમાત્મ સ્વરૂપ છું" એવું ભાન તેને સતત રહે છે. તેથી સ્વભાવમાં એકાગ્રતા થતી જાય છે ને નબળાઈ ટળતી જાય છે. આમ હોવાથી કર્મના ઉદયને જીતવાનો મહાન ઉદ્યમ વર્તે છે, એમ કહ્યું છે.

## "પરપદાર્થને રોકવા કે ફેરવવા કોઈ સમર્થ નથી તેથી ધર્મી જીવ નિઃશંક ને નિર્ભય હોય છે"

સ્વભાવદ્રષ્ટિ હોવાને લીધે ધર્મી નિર્ભય છે, નિઃશંક છે. કોઈ ચોર વગેરેની વાતો સાંભળી તે ડરતો નથી પણ નીડર રહે છે. બહારના પદાર્થોને કોણ ફેરવી શકે એમ છે ? ને બહારના પદાર્થોની અવસ્થા કોઈ પ્રતિકૂળ ભજવાની હોય તો કોણ રોકી શકે એમ છે? પર પદાર્થની અવસ્થાને કોઈ રોકી શકતું નથી, ફેરવી શકતું નથી, રાખી શકતું નથી. જે પદાર્થોનું જે વખતે જેમ થવાનું હોય તેમ થાય છે. તેમાં કોઈ પણ ફેરફાર કરવા સમર્થ નથી.

પ્રતિકૂળ સંયોગના ઢગલામાં નિર્ગ્રંથ મુનિઓ અડોલ આસને સ્વભાવમાં લીન રહે છે.

શ્રીમદ્ રાજચંદ્રજી ભાવના ભાવે છે કે :—

**એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો,**
**અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,**
**પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ.**

જુઓ, શ્રીમદ્ ગૃહસ્થાશ્રમમાં હતા છતાં કેવી ભાવના ભાવે છે ? ઘરના સંયોગમાં હોવા છતાં ચૈતન્ય શુદ્ધ સ્વભાવ ઉપર જ દ્રષ્ટિ છે. નિર્ગ્રંથ મુનિ જંગલમાં, પર્વતની ખીણમાં, એકલા પડ્યા હોય, વસ્ત્રરહિત હોય, વરસાદ ધોધમાર પડતો હોય, તલવારો સમસમતી હોય એમ વિજળી ઝબકારા મારતી હોય, ધોમ તડકો પડતો હોય, સ્મશાનમાં હોય, જંગલમાં વાઘસિંહના સંયોગમાં હોય—એવા પ્રતિકૂળતાના ગંજમાં વીતરાગી મુનિઓ આત્માની ભાવનામાં લીન હોય છે. વાઘ, સિંહ તરાપ મારે પણ પોતાના ધ્યાનમાંથી ચ્યુત થતા નથી—એવા અડોલ રહે છે. મનમાં જરાપણ ક્ષુબ્ધતાને પામતા નથી. સ્મશાનનાં મડદાં બળે, તેમાંથી કોઈ મડદું ક્યારેક ઊભું થઈ જાય છે—તેમ જ્ઞાનીઓ સ્મશાનમાં આત્મા ચૈતન્યસ્વભાવી ઊભો કરે છે. તે સર્વદા ઊભો જ રહેશે ને પરમાત્મપદ પામશે. વરસાદના કડાકા ને ભડાકા થતા હોય ને સિંહ ગર્જના કરતો આવે તો પણ નિઃશંકપણે—નિર્ભયપણે

અડોલપણે ઉભો છે. જુઓ આ નિર્ભયપણું ! જે જીવ જરાક અફવા આવે ત્યાં ગભરાઈ જાય. તેને તો ધર્મની ભૂમિકા ઘણી દૂર છે. તેને વ્યવહાર નિર્ભયતા પણ આવી નથી. શરીરનું જે થવાનું હશે તે થશે, તેના કટકા થવાના હશે તો ઈન્દ્ર રોકી શકે એમ નથી ને શરીરને કાંઈ થવાનું નહિ હોય તો નાનું મચ્છર પણ શરીરને અડી શકે એમ નથી.

## "જુઓ, મુનિઓ વાઘ-સિંહને પોતાના પરમ મિત્ર જાણે છે."

જુઓ, મુનિને વાઘ વગેરેનો સંયોગ આવતાં તેઓ સમજે છે કે અમો તો ચૈતન્ય સ્વભાવમાં મસ્તી કરનારા છીએ, અમો તો શરીરરહિત જ છીએ ને શરીરના નિમિત્તપણાથી રહિત થવા માગીએ છીએ. સિંહને શરીરના માંસનો ખોરાક હોય છે. શરીર રહિત થવામાં સિંહ નિમિત્ત થતો હોય તો સિંહ વાઘને પરમ મિત્રનો યોગ મળ્યો એમ તે માને છે. જુઓ ! શ્રીમદ્ રાજચંદ્રજી ગૃહસ્થદશામાં હતા. વેપારધંધામાં હતા છતાં મુનિપણાની ભાવના ભાવી અપૂર્વ અવસરની ભાવના કરી છે. આમ સ્વભાવના ભાન પછી પોતાના પુરુષાર્થપૂર્વક દશા વધતી જાય છે. મુનિદશા સહજ આવે છે. હઠથી થતી નથી. નબળાઈનું જ્ઞાન વર્તે છે, પાછળ સબળાઈનું જ્ઞાન વર્તે છે. સબળાઈનું જોર વધતાં વધતાં પરમાત્મદશાને પ્રાપ્ત કરે છે.

## "આત્માના અસંખ્યપ્રદેશે શુદ્ધાત્મ પ્રતીતિનું બોધિ બીજ વાવી એકાગ્રતારૂપી ખેતી કરે તો કેવળજ્ઞાનરૂપી શેરડી પાકે છે ને અમૃતરસનો આસ્વાદ મળે છે."

ડુંગરાળ જમીન હોય તો તેમાં શેરડી ન પાકે પણ રસવાળી સરખી જમીન હોય તેમાં શેરડી વાવી ને પાણી પાવાથી, શેરડી પાકે છે. તેમ ડુંગરાળ જમીન જેવા પુણ્ય-પાપ વિકારની જમીનમાં ખેતી કરવાથી કેવળ જ્ઞાનરૂપી શેરડી પાકતી નથી પણ શરીર મન વાણીથી રહિત, પુણ્ય-પાપથી રહિત, અનંત ગુણ ભંડાર, સબળ સ્વભાવના આત્મપ્રદેશોમાં શુદ્ધ સ્વભાવની પ્રતીતિનું બીજ વાવે ને પછી એકાગ્રતારૂપી ખેતી કરે તો આત્માના અસંખ્ય પ્રદેશે કેવળજ્ઞાનરૂપી શેરડી પાકે તેમ છે ને પરિપૂર્ણ પરમાત્મદશાને પામે છે ને અમૃતરસનો અનુભવ લ્યે છે. ચૈતન્ય શક્તિ અંતરમાં પડી છે તેમાંથી સિદ્ધ થઈને નબળાઈનો નાશ થાય છે. ॥૨૩૩॥

હવે સ્થિતિકરણ ગુણની ગાથા કહે છે :—

## ગાથા—૨૩૪

**ઉન્માર્ગ ગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,**
**ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુત સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૪.**

**અન્વયાર્થ :—**જે ચેતયિતા ઉન્માર્ગે જતા પોતાના આત્માને પણ માર્ગમાં સ્થાપે છે, તે સ્થિતિકરણ યુક્ત (સ્થિતિકરણ ગુણસહિત) સમ્યગ્દ્રષ્ટિ જાણવો.

**''સમ્યગ્દ્રષ્ટિને રાગદ્વેષરૂપી અસ્થિરતા થતી હોય તે વખતે પોતાની પર્યાયને જ્ઞાનસ્વભાવમાં સ્થિત કરે છે.''**

**ટીકા :—**સમ્યગ્દ્રષ્ટિ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવમયપણાને લીધે જે પોતાનો સ્વભાવ ચૂકીને રાગદ્વેષરૂપી અસ્થિરતા તેને થતી હોય તો પોતાની પર્યાયને સ્વભાવમાં સ્થાપિત કરે છે. તે સ્થિતિકરણ અંગ છે. અહો આત્મા ! અનંતકાળે સ્વભાવનું ભાન થયું તો પછી હવે ફરી વિકાર શા માટે કરવો પડે ? આમ વિકારને શાંત કરે, અંતર શક્તિ પડી છે, તેમાં માલ છે પણ વિકારમાં માલ નથી. દુકાનદારને કોઈ માલ વેચવા માટે કાઢવો હોય તો પોતાની વખારમાં હોય તેમાંથી કાઢે છે પણ બીજી જગ્યાએ જતો નથી. તેમ આત્મા ચૈતન્ય ભગવાન અનંતી શક્તિઓનો ભંડાર મોટી વખાર ધ્રુવ ભંડોળ છે, તેમાંથી માલ કાઢીને અસ્થિરતાને ટાળે છે ને પોતાને સ્થિર કરે છે. આમ હોવાથી ચ્યુત થવાના કારણે બંધ થાય તે તેને થતો નથી. પર જીવોને ધર્મમાં સ્થિત કરાવવામાં નિમિત્ત થવું, તે તો વ્યવહાર સ્થિતિકરણ છે. અહિં તો નિશ્ચયની વાત છે. પોતે પોતામાં સ્થિતિ કરે છે. કોઈવાર શુભ વિકલ્પ આવે ને શુભથી ધર્મ માનવાનું કદાચ ડગુમગુપણું થતું હોય તો પોતાના આત્માને સંબોધીને કહે કે અરે આત્મા ! તને આ શું થયું ? શુભથી ધર્મ કદાપી ન થાય. એમ વિશેષ નિર્ણય કરી પોતાને સ્થિત કરે છે. તેથી તેને બંધ થતો નથી પરંતુ નિર્જરા જ છે.

**ભાવાર્થ :—**જે પોતાના સ્વસ્વરૂપી મોક્ષમાર્ગથી ચ્યુત થતા પોતાના આત્માને મોક્ષમાર્ગમાં સ્થિતિ કરે તે સ્થિતિકરણ ગુણયુક્ત છે. તેને મોક્ષમાર્ગથી ચ્યુત થવાના કારણે થતો બંધ નથી. પરંતુ ઉદય આવેલા કર્મ રસને દઈને ખરી જતાં હોવાથી નિર્જરા જ છે. ।।૨૩૪।।

સ્વરૂપના અભયદાન દાતાર શ્રી સદ્‌ગુરુદેવનો જય હો ! વિજય હો !

# પ્રસાદ નં. ૨૫૬

## સમયસાર ગાથા ૨૩૫

*(અષાડ સુદ ૧૦, શનિવાર, ૨૦૦૭)*

હવે વાત્સલ્ય ગુણની ગાથા કહે છે :—

### ગાથા ૨૩૫

**જે મોક્ષમાર્ગે સાધુત્રયનું વત્સલત્વ કરે અહો !**
**ચિન્મૂર્તિ તે વાત્સલ્યયુત સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૫**

**અન્વયાર્થ :—**જે (ચેતયિતા) મોક્ષમાર્ગમાં રહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી એ ત્રણ સાધકો—સાધનો પ્રત્યે (અથવા વ્યવહારે આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ—એ ત્રણ સાધુઓ પ્રત્યે) વાત્સલ્ય કરે છે, તે વત્સલભાવયુક્ત (વત્સલભાવ સહિત) સમ્યગ્દ્રષ્ટિ જાણવો.

### "મોક્ષમાર્ગરૂપી સ્વરૂપ પ્રત્યે પ્રીતિ થવી તે વાત્સલ્ય અંગ છે."

**ટીકા :—**આત્મા આનંદકંદ વસ્તુ છે. તેને સમ્યગ્દર્શન થતાં આ ગુણો પ્રગટ થાય છે. સંસારમાં લોકો લક્ષ્મીની હૂંફ માને છે (પણ તે માન્યતા તો રખડવા માટે છે) તેમ અહીં આત્માની લક્ષ્મીનું ભાન થયું છે તેવા ધર્મીને આઠ ગુણ પ્રગટે છે. શરીર, મન, વાણીથી હું જુદો છું. પુણ્યપાપથી રહિત શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છું. એવાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા પૂર્ણ આત્મલક્ષી પ્રગટવાનું કારણ છે. સમકિતના આઠ ગુણોમાં છ ગુણોની વાત આવી ગઈ છે. આજે સાતમો વાત્સલ્ય ગુણ છે. જેમ ગાયને વાછરડાં ઉપર પ્રેમ હોય છે તેમ ધર્મી જીવ મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળો હોય છે. તેને વાત્સલ્ય અંગ કહે છે. આવા વાત્સલ્યવાળા ધર્મી જીવને નિર્જરા થાય છે તે બતાવે છે.

### "ધર્મી જીવને નિર્જરા થવાનું કારણ ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણું છે"

કારણ કે સમ્યગ્દ્રષ્ટિ ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે ધર્મીજીવને નિર્જરા કેમ થાય છે તેનું કારણ બતાવે છે. પોતાના ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે નિર્જરા થાય છે.

**ટંકોત્કીર્ણ :—**આત્માનો શુદ્ધ સ્વભાવ કાયમ રહે છે, તેનો કોઈ દિવસ નાશ થતો નથી. માટે શાશ્વત અથવા ટંકોત્કીર્ણ છે. પણ કોઈ કહે કે પરમાણુઓ પણ શાશ્વત છે. પરમાણુ પરમાણુપણે કાયમ રહે છે ને અવસ્થાઓ પલટે છે.

**જ્ઞાયકભાવ :—**અહીં તેવો શાશ્વત કહેવો નથી કારણ કે પરમાણુ શાશ્વત હોવા છતાં અચેતન છે, તેનામાં જ્ઞાન નથી. આત્મા શાશ્વત એક જ્ઞાયકભાવમય છે. શરીરથી કે પુણ્ય-પાપથી આત્મા ટકેલો નથી પણ તે જગતની ચીજોનો સાક્ષી છે. જગતની ચીજોનો જાણનાર છે પણ જગતની ચીજો મારી છે એમ માનનાર હું નથી. સાધકદશામાં વિકલ્પ આવે પણ તેનો જાણનાર રહે છે. વસ્તુ સ્વરૂપ જેવું છે તેવું ભગવાને જોયું છે ને વાણી દ્વારા આવ્યું છે. આત્માને કોઈએ નવો કર્યો નથી. અનાદિ અનંત એવો ને એવો જ્ઞાયક છે. આવી પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે.

## "સમ્યગ્દ્રષ્ટિ જીવ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રને અભેદ બુદ્ધિએ અનુભવે છે."

**એક :—**આત્મા રાગરહિત શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છે એવી પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. એવું સ્વસંવેદન જ્ઞાન તે સમ્યક્જ્ઞાન ને પુણ્ય-પાપ વિનાની સ્વરૂપ રમણતા તે સમ્યક્ચારિત્ર છે. તે શ્રદ્ધા—જ્ઞાન ને રમણતા આત્મા સાથે એકપણાને પામે છે. તેને અનુભવતો સમ્યગ્દ્રષ્ટિ મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળો છે.

ગ્રહસ્થને સાધકદશામાં કમાવાના ખાવાના આદિ અશુભભાવ ને દયાદાનાદિ શુભભાવ થાય ખરા પણ તેના ઉપર પ્રીતિ હોતી નથી. જેવી રીતે પાણીનું પૂર ચાલતું હોય તેમાંથી થોડું પાણી બીજે ભળી જાય તો તે પાણીનું પૂર કહેવાતું નથી પણ જે પાણી પ્રવાહમાં સાથે હોય તે પૂર ગણાય છે. તેમ આત્માની સાથે રમણતા કરી એકમેક થાય તે આત્મા કહેવાય પણ પરમાં અટકે તે આત્માનો સ્વભાવ નથી. સમ્યગ્દ્રષ્ટિ પોતાના ગુણ-પર્યાયને બહારમાં ભાળતો નથી, અંતરમાં ભાળે છે. તેને સમ્યક્દર્શન-જ્ઞાન- ચારિત્રરૂપી, મોક્ષમાર્ગ પ્રત્યે વાત્સલ્ય–પ્રીતિ હોય છે. બીજા પ્રત્યે એવી પ્રીતિ વર્તતી નથી.

## "ધર્મીજીવો સંસારમાં હોવા છતાં તેમને શુદ્ધ સ્વભાવની પ્રીતિ મુખ્યપણે વર્તે છે તેથી અલ્પકાળમાં તેઓ મુક્તિ પામે છે."

ભરત ચક્રવર્તી ત્રણ જ્ઞાનના ધણી હતા, સમ્યગ્દ્રષ્ટિ હતા. નબળાઈથી અલ્પ રાગ થાય છે પણ અંતર પ્રીતિ તો સ્વરૂપ પ્રત્યે વર્તે છે. શ્રેણિક રાજા વર્તમાનમાં

પહેલી નરકમાં છે પણ સમ્યગ્દ્રષ્ટિ છે. સમ્યગ્દર્શન થયા પહેલાં નરકનું આયુ બંધાયેલ તેથી નરકમાં છે પણ વસ્તુનું ભાન છે. ક્ષાયિક સમકિત છે. આવતી ચોવીશીમાં જગત ગુરુ તીર્થંકર થશે. તે કોના પ્રતાપે ? સમ્યગ્દર્શનનો તે પ્રતાપ છે. પરથી અને વિકારથી રહિત શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું—એવું ભાન કરનારને અનંત સંસાર તૂટી જાય છે. તે અંતર શુદ્ધ સ્વભાવને ભાવે છે, તેની સાથે પ્રીતિ કરે છે તેથી અલ્પકાળમાં મુક્તિ પામે છે.

## “ધર્મીને સ્વભાવ દ્રષ્ટિ હોવાથી અજ્ઞાનના કારણે થતો બંધ હોતો નથી પરંતુ નિર્જરા છે.”

જેવી રીતે ગાયને વાછરડા ઉપર પ્રેમ છે તેમ ધર્મી જીવને શુદ્ધ ગુણો ઉપર પ્રેમ છે, અશુદ્ધતા ઉપર પ્રેમ નથી. બૈરાં છોકરાં ઉપરનો પ્રેમ, સ્વભાવના પ્રેમ કરતાં વધી જાય એમ કદી બનતું નથી. આવી પ્રીતિવાળો હોવાથી માર્ગના અજ્ઞાનપણાને લીધે જે બંધ થતો હતો, તે બંધ ધર્મી જીવને થતો નથી. શુભભાવથી, બાહ્યક્રિયાથી કે નિમિત્તથી ધર્મ માનવો તે બધો અજ્ઞાનભાવ છે. પર વસ્તુને આત્મા છોડી શકતો નથી પણ રાગ ઘટાડે તો પુણ્ય થાય પણ ધર્મ નથી. રાગરહિત શુદ્ધચૈતન્યનાં શ્રદ્ધા-જ્ઞાનથી ધર્મ છે. આવી ધર્મીને અંતરદ્રષ્ટિ છે. તેથી તેને અજ્ઞાનથી થતો બંધ નથી ને સ્વભાવની રુચિ હોવાથી પૂર્વે બંધાયેલા કર્મો ખરી જાય છે એટલે કે નિર્જરા જ છે.

## “જે જીવ બૈરાં-છોકરાં પ્રત્યે અથવા શુભભાવ પ્રત્યે વાત્સલ્ય કરે છે પણ પોતાના સ્વભાવ પ્રત્યે વાત્સલ્ય કરતો નથી, તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે ને સંસારમાં રખડે છે.”

વસ્તુસ્વરૂપના ભાન વિના જંગલમાં જાય કે વ્રત, તપ ધારણ કરી મુનિ થાય તો પણ રણમાં પોક સમાન છે. આત્માના ભાન વિના અનંત ભવો કર્યા, મનુષ્યભવમાં દ્રવ્યલિંગી મુનિ થયો, શરીરના ખંડખંડ ટુકડા કરે તો પણ ક્રોધ ન કરે. બાહ્યથી ક્ષમા ધારણ કરી શુક્લ લેશ્યાના પરિણામ કર્યા ને નવમી ગ્રૈવેયકે ગયો પણ આત્માના ભાન વિના સંસારમાં રખડ્યો કારણ કે તે જીવને પુણ્યના ભાવો પ્રત્યે પ્રીતિ વર્તે છે ને અશુભ ઉપયોગી જીવને બૈરાં છોકરાં, લક્ષ્મી, કુટુંબ પ્રત્યે પ્રીતિ વર્તે છે; પણ શુદ્ધભાવ અનંતી શક્તિનો ધારક છે તેની પ્રીતિ વર્તતી

નથી. ધર્મ પ્રત્યે—મોક્ષમાર્ગ પ્રત્યે વાત્સલ્ય ભાવ વર્તતો નથી, તે મિથ્યાદ્રષ્ટિ છે, તે સંસારમાં રખડે છે.

## "જે અજ્ઞાની જીવ લોક લજ્જાના ભયે વસ્તુ સ્વરૂપની સાચી માન્યતા કરતો નથી, તેના સંસારના પંથનો અંત આવતો નથી."

(૧) અજ્ઞાની જીવ વસ્તુ સ્વરૂપ યથાર્થ માનતો નથી. પરજીવો તથા પરપદાર્થો છે માટે મને પ્રીતિ થાય છે એમ માનનારની વાત બરાબર નથી. પ્રીતિ પોતે પોતાના કારણે કરે છે પણ અજ્ઞાની એમ માનતો નથી.

(૨) જીવ પોતે પ્રીતિ કરે છે માટે પૈસા આવે છે અથવા કુટુંબ નભે છે, એમ પણ નથી. તે પૈસાનું આવવું ને કુટુંબનું નભવું, તે તે પદાર્થોના કારણે છે એમ અજ્ઞાની માનતો નથી.

(૩) વર્તમાનમાં જીવ જે મોહ, રાગ, દ્વેષ કરે છે તે એક સમય પૂરતા હોવા છતાં એટલો જ આત્મા માને તો પણ બરાબર નથી. ત્રિકાળી આત્મા રાગદ્વેષ રહિત શુદ્ધ છે એમ અજ્ઞાની માનતો નથી પણ અજ્ઞાની જીવોને ભય લાગે છે કે આવી સાચી વસ્તુ સમજતાં લોકો આમ કહેશે તો ? દુનિયા મારા માટે આમ માનશે તો?

લોકની લાજે સંસારના પંથનો અંત ન આવ્યો ને અનેક જુગ વીતી ગયા પણ સંસાર ચાલુ રહ્યો. પરથી ને પુણ્યથી ધર્મ માનવાવાળા જીવો ઉન્માદવાળા છે. ધર્મી જીવને તેવા લોકો સાથે મેળ ખાય તેમ નથી.

## "ધર્મી જીવને શુદ્ધ સ્વભાવની પ્રીતી મુખ્યપણે વર્તે છે ને સાચા દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યેની પ્રીતિ ગૌણ છે."

લોક લજ્જાનો ભય કાઢી વસ્તુ સ્વરૂપ સમજવું જોઈએ. લોકની પ્રીતિ છોડી પોતાનું કલ્યાણ થાય તેમ વર્તવું જોઈએ. અહીં સમ્યગ્દ્રષ્ટિ જીવને વાત્સલ્યગુણ હોય છે તેની વાત ચાલે છે.

(૧) સમ્યક્દ્રષ્ટિ પરને લીધે પ્રીતિ થાય તેમ માનતો નથી પણ પોતે પ્રીતિ સ્વતંત્ર કરે છે.

(૨) પોતે પ્રીતિ કરે તો પરવસ્તુ આવે તેમ માનતો નથી, પરવસ્તુ સ્વતંત્ર છે.

(૩) દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યેની શુભ પ્રીતિ અથવા કુટુંબ પ્રત્યેની અશુભપ્રીતિ તેને હોય છે ખરી પણ તે પ્રીતિ પોતાના શુદ્ધ સ્વભાવની પ્રીતિ છોડીને થતી નથી. તેને શુદ્ધ સ્વભાવની પ્રીતિની અધિકાઈ સદાકાળ વર્તે છે. તે સાચા

દેવગુરુશાસ્ત્રની પ્રીતિ પણ સ્વભાવની પ્રીતિ આગળ ગૌણ હોય છે. પ્રીતિ કહો કે વાત્સલ્ય ગુણ કહો, એક જ છે.

આવી રીતે ધર્મી જીવ મોક્ષમાર્ગરૂપી પોતાના સ્વરૂપ પ્રત્યે પ્રીતિવાળો છે તેથી તેને અજ્ઞાનથી થતો બંધ નથી પણ કર્મ ઉદયમાં આવીને ખરી જાય છે તેથી નિર્જરા કરે છે. ॥૨૩૫॥

હવે પ્રભાવના ગુણની ગાથા કહે છે.

## ગાથા ૨૩૬

**ચિન્મૂર્તિ મન—રથ પંથમાં વિદ્યારથારૂઢ ઘૂમતો,**
**તે જિન જ્ઞાન પ્રભાવ કર સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૬**

**અન્વયાર્થ :—**જે ચેતયિતા વિદ્યારૂપી રથમાં આરૂઢ થયો થકો (–ચડ્યો થકો) મનરૂપી રથ—પંથમાં (અર્થાત્ જ્ઞાનરૂપી જે રથને ચાલવાનો માર્ગ તેમાં) ભ્રમણ કરે છે, તે જિનેશ્વરના જ્ઞાનની પ્રભાવના કરનારો સમ્યગ્દ્રષ્ટિ જાણવો.

અર્થમાં શબ્દ ચેતયિતા કહ્યો છે. મૂળગાથામાં चेदा છે.

ચેતયિતા = ચેતનારો, જાગ્રત જ્યોતિ સ્વરૂપ કહ્યો છે. પુણ્યવાળો કે પાપવાળો, નિર્ધન કે પૈસાવાળો કે કર્મવાળો આત્મા કહ્યો નથી. ચેતનારો તે આત્મા છે. જે ચેતયિતા પોતાની આત્મવિદ્યામાં આરૂઢ છે, તેમાં ભ્રમણ કરે છે, તે પોતાના જ્ઞાનની પ્રભાવના કરનારો સમ્યક્દ્રષ્ટિ જાણવો. લોકો કહે છે તે વિદ્યા નહિ, તે તો અવિદ્યા છે. આત્મવિદ્યાની વાત છે. પોતાના શુદ્ધ સ્વરૂપમાં ચેતનારો છે. તેમાં ધર્મી એકાગ્ર થાય છે. શુદ્ધ ચૈતન્ય ભગવાનને પોતાના જ્ઞાનમાં બેસાડ્યા છે. જિનેશ્વરનું જ્ઞાન = વીતરાગી જ્ઞાન, ભગવાન જિનેશ્વર તો તેનાં જિનેશ્વર છે. આ આત્મા પોતે પોતાનો જિનેશ્વર છે. પોતાના ચૈતન્યમૂર્તિ સ્વભાવમાં એકાગ્ર થઈ પોતામાં સર્વજ્ઞ શક્તિ પડી છે તે વ્યક્ત કરવી, તે જિનેશ્વર જ્ઞાનની પ્રભાવના કરી કહેવાય છે.

જ્ઞાની જીવ વિવેક કરે છે. પૈસા, શરીર, અજીવ છે, પર છે. તે તેના કારણે પલટે છે. તેમાં સુખ કે દુઃખ નથી. શુભરાગ વિકાર છે તેમાં અશાંતિ છે માટે તેનો મનોરથ કરવા જેવો નથી. પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં એકાગ્ર થવાથી શાંતિ મળે તેમ છે માટે જ્ઞાનીનો મનોરથ તો પોતાના શુદ્ધ સ્વભાવમાં એકાગ્ર થવું, એ એક જ છે, તે જ સાચી પ્રભાવના છે.

## “પ્રભાવના અંગેની ખોટી માન્યતા તથા નિશ્ચય વ્યવહાર પ્રભાવનાનું સ્વરૂપ.”

જગતના અજ્ઞાની જીવો બાહ્યમાં પ્રભાવના માને છે. નાળિયેર, પતાસાં, બદામ વગેરે વહેંચે તેને પ્રભાવના કહે છે, પણ તે સાચી પ્રભાવના નથી.

(૧) નાળીયેર, પતાસા વહેંચવા, જિનમંદિર બનાવવાં તે તો બધી જડની ક્રિયા છે, તેને આત્મા કરી શકતો નથી, તે તેના કારણે થાય છે. પરની અવસ્થામાં પ્રભાવના નથી.

(૨) ધાર્મિક પ્રસંગો એ પોતાનો રાગ ઘટાડે ને ધર્મની વૃદ્ધિ માટે દાનના ભાવ કરે તે શુભભાવ છે, પુણ્ય છે, પણ તે ખરી પ્રભાવના નથી. આત્માનું ભાન હોય તો તેને વ્યવહારે પ્રભાવના કહેવાય.

(૩) પણ તે શુભ ભાવ કર્યો માટે મંદિરની અવસ્થા થઈ—એમ માને, તે મિથ્યાભ્રાંતિને સેવે છે. તેને પ્રભાવના હોતી નથી.

(૪) તે શુભભાવથી ધર્મ માને ને તેથી આત્માને મદદ થાય એમ માને, તો પણ મિથ્યાભ્રાંતિ ને સેવે છે. તેને પણ પ્રભાવના હોતી નથી.

(૫) વળી કોઈ જીવ તે શુભભાવને પુણ્યને બદલે પાપ મનાવે છે ને કહે છે કે જિનમંદિર કરાવવાનો ભાવ તે પાપભાવ છે—એમ માને તો પણ તે મિથ્યા છે. તેને પણ પ્રભાવના હોતી નથી.

(૬) વસ્તુ સ્વરૂપ જેમ છે તેમ સમજવું જોઈએ. પર પદાર્થમાં પ્રભાવના નથી. પોતાને પ્રભાવનાનો ભાવ આવ્યો તેથી પરમાં કામ થતું નથી પણ અધૂરી દશામાં શુભ ભાવ આવ્યા વિના રહેતો નથી.

તે ભાવ પુણ્ય છે પણ પાપ નથી તેમ જ ધર્મ પણ નથી. પોતાનો આત્મા તો પુણ્ય-પાપ રહિત શુદ્ધ સ્વભાવી છે. તેમાં એકાગ્ર થઈ પોતાની અંતર શક્તિનો વિકાસ થવો, તે નિશ્ચય પ્રભાવના છે. આવી નિશ્ચય પ્રભાવના પ્રગટ થયા પછી બહારમાં ધર્મ પ્રત્યેની પ્રભાવનાનો શુભરાગ હોય, તેને વ્યવહાર પ્રભાવના કહે છે.

## “પ્રભાવના બાહ્ય પદાર્થોને લીધે થતી નથી<br>સમ્યગ્દ્રષ્ટિ જીવો સમયે સમયે પ્રભાવના કરી રહ્યાં છે.”

લોકોએ બહારમાં પ્રભાવના મનાવી દીધી છે. આટલાં પુસ્તકો છપાવો તો પ્રભાવના થશે. તપ પાછળ આટલાં ઉજમણાં કરો, રૂપિયા વાપરો, લાણીઓ કરો તો પ્રભાવના થશે ને તેથી ધર્મ થશે. ભાઈ, જ્ઞાન વગરના ઉપવાસ તો લાંઘણ છે ને તેની પાછળ ઉજમણાં કરી માન કષાયને પોષે છે. વળી પૈસા ખરચવાથી પ્રભાવના થઈ ધર્મ થતો હોય તો ગરીબ માણસ જે તપ કરતો હોય તે પૈસાના અભાવે કાંઈ પણ પ્રભાવના કરી ન શકે તો તેને જરાપણ ધર્મ થશે નહિ. નારકીના જીવો પાસે ચોખાનો દાણો નથી, પૈસો નથી તો કેવી રીતે ધર્મ કરશે ? પૈસાથી ધર્મ હોય તો ગરીબને કદી પણ ધર્મ થાય નહિ. પણ તેમ કદી હોઈ શકે નહિ.

સાતમી નરકે પણ કોઈ પુરુષાર્થી જીવ પૂર્વની દેશના લબ્ધિના સંસ્કારને યાદ લાવી સમ્યક્દર્શન પામે છે. તે પોતાની અનંત શક્તિઓનો અંશે વિકાસ ત્યાં પણ કરી રહ્યો છે અને સમયે સમયે પ્રભાવના થઈ રહી છે. **શ્રેણિક રાજા અત્યારે પહેલી નરકે છે. તેની પાસે પૈસા નથી, બદામ નથી. શ્રીફળ નથી. ચોખા નથી છતાં આત્માનું ભાન છે. પોતાના જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધસ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાનથી સમયે સમયે પ્રભાવના કરી રહ્યાં છે.** માટે જ્યાં આત્મા હોય ત્યાં પ્રભાવના થઈ શકે છે. પ્રભાવના માટે બાહ્ય પદાર્થોની જરૂર નથી. આમ જે જીવ પોતાના આત્મામાં પ્રભાવના કરે છે તે સમ્યગ્દ્રષ્ટિ જાણવો.

# પ્રસાદ નં. ૨૫૭

## સમયસાર ગાથા ૨૩૬

*(અષાડ સુદ ૧૧, રવિવાર, ૨૦૦૭)*

## "શુદ્ધ સ્વભાવના આશ્રયે પોતાની શક્તિનો વિકાસ થવો તે પ્રભાવના છે."

**ટીકા :—**સમ્યગ્દર્શનની સાથે આઠ ગુણો હોય છે, તેમાં પ્રભાવના ગુણની વાત ચાલે છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ પોતામાં પ્રભાવના કરી રહ્યો છે. લોકો પ્રભાવના બહારમાં માને છે. તે પ્રભાવના નથી. ઘરની મુડીમાંથી કાઢે તે પ્રભાવના છે. પૈસો ટકો આત્માના ઘરની ચીજ નથી માટે તેનાથી પ્રભાવના નથી ને બહારના પૈસાથી પ્રભાવના હોય તો નારકી પાસે તથા દેડકા પાસે એક રાતી પાઈ નથી છતાં ત્યાં પણ સમ્યગ્દ્રષ્ટિ જીવોને સમયે સમયે પ્રભાવના થાય છે ને નિર્જરા છે. કારણ કે સમ્યગ્દ્રષ્ટિને ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણું છે. નિત્ય ધ્રુવ જાણવા—દેખવાનો સ્વભાવ છે. શરીરવાળા હોવું, લક્ષ્મીવાળા હોવું, લક્ષ્મીને રાખવી કે લક્ષ્મીને વાપરવાના ભાવવાળા હોવું, તે આત્માનું સ્વરૂપ નથી. આત્મા એક જ્ઞાયકસ્વભાવી છે. પરપદાર્થ તો આત્માના નથી પણ પરલક્ષે જેટલો ભેદ પર્યાયમાં પડે છે તે ભેદ આત્માનું સ્વરૂપ નથી. શુદ્ધ સ્વભાવના લક્ષે જેટલી શક્તિનો વિકાસ થઈ પોતામાં અભેદ થાય તે એકપણું છે. એક શાશ્વત શુદ્ધ સ્વભાવનો આશ્રય કરવાથી શ્રદ્ધા પ્રગટે છે. ક્ષાયિક થતાં સુધી તે નિર્મળ થતી જાય છે. જ્ઞાન વિકસે છે, વીર્ય વિકસે છે. ચારિત્રગુણની સ્થિરતા વધવાથી તે પણ વિકસે છે. આમ પોતાની શક્તિનો વિકાસ થવો તે પ્રભાવના છે.

## "અજ્ઞાનીની પ્રભાવના અંગેની ભ્રમણા."

શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું ભાન થઈ પોતામાં શક્તિનો વિકાસ થવો તે આત્મ વ્યવહાર છે. ને બૈરાં, છોકરાં, કુટુંબને લક્ષ્મીને મારાં માનવા ને હું લક્ષ્મીને વાપરી શકું છું એમ માનવું તે મનુષ્ય વ્યવહાર છે. જે જીવ બહારથી પ્રભાવના માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે. ઘણા ઉપવાસ કરે, વ્રત તપ કરે પછી ઉજમણાં કરે. થાળી વહેંચે અને શ્રીફળ વહેંચે, લાખો રૂપિયા ખરચે તેથી ધર્મની પ્રભાવના થાય એમ અજ્ઞાની માને છે પણ તે માન્યતા ભ્રમ છે.

(૧) રોટલાને હું છોડી શકું છું એવી માન્યતા ભ્રાંતિ છે કારણ કે પરવસ્તુનાં ગ્રહણ—ત્યાગ આત્મા કરી શકતો નથી.

(૨) ખાવાપીવાના પદાર્થો પ્રત્યેનો રાગ ઘટાડે તો પુણ્ય છે પણ તેનાથી ધર્મ માને તો મિથ્યાત્વ છે.

(૩) તપનાં ઉજમણાંમાં આટલા રૂપિયા હું વાપરી શકું છું એમ માને તે પરપદાર્થનો ધણી થાય છે. પોતાની માલિકીની ચીજ નહિ હોવા છતાં પોતાની માનીને હું વાપરું છું, એમ માનનાર મોટો અપરાધી છે, પરચીજનો ધણી થાય છે. તેને ધર્મ થતો નથી.

(૪) લક્ષ્મી ઉપર રાગ ઘટાડે તો તે પુણ્ય છે પણ ધર્મ નથી. છતાં તેવા પરિણામથી ધર્મ માને તે મિથ્યાત્વને સેવે છે. તે રાગની પ્રભાવના કરી રહ્યો છે.

(૫) જીવ પોતે પ્રભાવનાનો શુભ રાગ કરે માટે બીજા જીવોમાં પ્રભાવના થાય, મંદિરો બને અથવા બીજાં જડનાં કાર્ય બને એવી માન્યતા પણ અજ્ઞાન છે.

અનાદિ કાળથી જીવ આવી ભ્રમણા સેવી રહ્યા છે, તે બધો ભ્રમ છે.

## "વિકારરહિત શુદ્ધ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન હોય તો શુભરાગને વ્યવહારથી પ્રભાવના કહેવાય."

અનાદિ કાળથી જીવ આવી ભ્રમણાંમાં રહ્યો છે. પોતાના શરીરથી અવસ્થાને રાખી શકતો નથી તો બહારના પદાર્થોને રાખી શકે, મૂકી શકે, બહારના પદાર્થોમાં ફેરફાર કરી શકે, એ માન્યતા ભ્રમ છે. કોઈ કહે કે સાચાં પુસ્તકો ધર્મનાં છપાવે તો પ્રભાવના થાય કે નહિ ?

**સમાધાન :—**પુસ્તકો તો જડ છે. તેની ક્રિયા આત્મા કરી શકતો નથી. છતાં હું રાગ કરી શકું છું એવી માન્યતા ભ્રમ છે ને શુભભાવ જે કરે છે તે પુણ્ય છે. પુણ્યરહિત આત્મા શુદ્ધ સ્વભાવી છે, તેના ભાન વિના સંસાર છે. જીવના શુભ રાગને વ્યવહાર પ્રભાવના ક્યારે કહેવાય ?

પુસ્તકો, મંદિરો વગેરેની ક્રિયા જીવ કરી શકતો નથી ને જે શુભ રાગ ઉઠે છે તે આત્માનું સ્વરૂપ નથી. આત્મા તો જાણનાર છે એવી દ્રષ્ટિ રાખે તો શુભરાગને વ્યવહાર પ્રભાવના કહેવાય છે. પોતાના શુદ્ધ સ્વભાવનું ભાન થવું, તે નિશ્ચય પ્રભાવના છે.

**ભાવાર્થ :**—પ્રભાવના એટલે પોતાની શક્તિ અંતર પડી છે તેનો વિકાસ કરવો તે, જે નિરંતર અભ્યાસથી પોતાના જ્ઞાનને પ્રગટ કરે છે—વધારે છે તેને પ્રભાવના અંગ હોય છે. તેને અપ્રભાવનાકૃત બંધ નથી. પણ પૂર્વે બાંધેલા કર્મો ખરી જાય છે.

આ ગાથામાં નિશ્ચય પ્રભાવનાનું સ્વરૂપ કહ્યું છે.

## "ધર્મી જીવને રાગવાળી દશામાં વીતરાગી પ્રતિમાનું બહુમાન આવે છે પણ તેને તે પુણ્ય સમજે છે."

જેવી રીતે ભગવાનની પ્રતિમાને રથમાં સ્થાપીને નગર ને વનમાં ફેરવી વ્યવહારપ્રભાવના કરવામાં આવે છે તેવી રીતે જ્ઞાનરૂપી રથમાં આત્માને સ્થાપી જ્ઞાનરૂપી માર્ગમાં ભ્રમણ કરવું, તે જ્ઞાનની પ્રભાવના છે.

અહીં વ્યવહાર પ્રભાવનાનું દ્રષ્ટાંત આપેલ છે. ધર્મી જીવને વિકલ્પ વખતે આવો વ્યવહાર પ્રભાવનાનો વિકલ્પ આવે છે. પણ આત્માનું ભાન હોવાથી તે વિકલ્પનો પણ નિષેધ વર્તે છે છતાં તે વ્યવહાર આવ્યા વિના રહેતો નથી.

(૧) જેવી રીતે નિશ્ચય પ્રભાવનાનું સ્વરૂપ કહ્યું છે તેમ શુભ રાગરૂપ પ્રભાવનાનો વિકલ્પ આવે છે ત્યારે પ્રતિમા ઉપર લક્ષ જાય છે. મોટા ગજરથમાં વીતરાગી પ્રતિમાને પધરાવી ગામમાં ફેરવે છે. અંતરમાં ભાન છે કે જડની ક્રિયા જડથી થાય છે, મારાથી થતી નથી. વિકલ્પ ઊઠે છે તે શુભ છે—પુણ્ય છે, ધર્મ નથી. હું તો જ્ઞાતાદ્રષ્ટા છું એવી દ્રષ્ટિ તે જ વખતે રહેલી છે છતાં વીતરાગી દશા ન થાય ત્યાંસુધી તે શુભ વિકલ્પ આવ્યા વિના પણ રહેતો નથી ને તે શુભવિકલ્પનું લક્ષ વીતરાગી મુદ્રા ઉપર જ જાય પણ શૃંગારી પ્રતિમા ઉપર ન જાય. વીતરાગી પ્રતિમાનું પૂજન, ભક્તિ વગેરે ઘણી ધામધૂમથી પણ કરે. બહારની ક્રિયા તે વ્યવહાર નથી. શુદ્ધનું ભાન હોય તો શુભરાગને વ્યવહાર કહે છે.

## "જે જીવ શુભરાગની મર્યાદાને તથા તેનાં નિમિત્ત વીતરાગી પ્રતિમાને માનતો નથી અથવા સરાગી પ્રતિમાને માને છે તે વસ્તુસ્વરૂપને સમજતો નથી."

(૨) આમ હોવા છતાં જે જીવ તે જડની ક્રિયાનો ધણી થાય ને શુભભાવથી ધર્મ માને તે મિથ્યાદ્રષ્ટિ છે.

(૩) જે જીવ શુભરાગ આવે એમ માને પણ પ્રતિમા ઉપર શણગારાદિ કરે ને રાગી પ્રતિમા બનાવે તો તે પણ શુભનાં નિમિત્તને સમજતો નથી.

(૪) જે જીવ એમ કહે કે ભગવાનની પ્રતિમાનાં દર્શન, પૂજાનો શુભભાવ આવતો જ નથી; એમ કહી પ્રતિમાને ઉથાપે છે, તે પણ શુભના નિમિત્તને સમજતો નથી. વસ્તુ સ્વરૂપને સમજતો નથી.

માટે **"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ"**

આત્માર્થી જીવોએ શુદ્ધના ભાનપૂર્વક શુભરાગની મર્યાદા તથા તેનાં નિમિત્તો વીતરાગી પ્રતિમાદિ હોય તેનો વિવેક કરવો જોઈએ. અત્યારે અજ્ઞાની જીવો બહારની જડની ક્રિયામાં ધર્મ મનાવે છે પણ તેમાં ધર્મ નથી. ધર્મ તો પુણ્ય-પાપ રહિત જ્ઞાતાદ્રષ્ટા—સ્વભાવમાં રહેવું તે છે. જે ધર્મી જીવ પોતાના આત્માને જ્ઞાનરૂપી રથમાં સ્થાપી જ્ઞાનમાર્ગમાં ભ્રમણ કરે છે, તે પ્રભાવનાયુક્ત સમ્યગ્દ્રષ્ટિ જાણવો.

આ પ્રમાણે ઉપરની ગાથાઓમાં સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાનીને નિઃશંકિત વગેરે આઠ ગુણો નિર્જરાનાં કારણ કહ્યાં. એવી જ રીતે અન્ય પણ સમ્યક્ત્વ ગુણો નિર્જરાનાં કારણ જાણવાં.

## (૧) ધર્મી જીવ વસ્તુસ્વરૂપ વિષે નિઃશંક છે. ભયના નિમિત્તે સ્વરૂપથી ડગતો નથી.

આ ગ્રંથમાં નિશ્ચયનય પ્રધાન કથન હોવાથી નિઃશંકિત આદિ ગુણોનું નિશ્ચય સ્વરૂપ (સ્વ આશ્રિત સ્વરૂપ) અહીં બતાવવામાં આવ્યું છે તેનો સાર આ પ્રમાણે છે :—

જે સમ્યગ્દ્રષ્ટિ આત્મા પોતાના જ્ઞાન—શ્રદ્ધાનમાં નિઃશંક હોય, ભયના નિમિત્તે સ્વરૂપથી ડગે નહિ, અથવા સંદેહયુક્ત ન થાય, તેને નિઃશંકિત ગુણ હોય છે. સમ્યગ્દ્રષ્ટિ એટલે સાચી દ્રષ્ટિવાળો. દેહ આદિની ક્રિયાનો હું ધણી નથી. પુણ્ય-પાપનો ધણી નથી. હું તો જ્ઞાતાદ્રષ્ટા છું તેમ માને. આવો જીવ પોતાના જ્ઞાન ને શ્રદ્ધામાં નિઃશંક છે. અજ્ઞાની લોકો પુણ્યથી ધર્મ મનાવતા હોય ને ઘણા માણસો તેને માનતા હોય તો પણ ધર્મી જીવને શંકા ન પડે અથવા વ્યવહારના ભયના કારણે તે ડગી જતો નથી કારણ કે તે તો બહારના સંયોગોની વાત છે. તેનો ફેરફાર કરવા ઇંદ્ર, નરેંદ્ર સમર્થ નથી. આમ તે નિઃશંક છે. તે જગતથી ડરતો નથી તેમ જ સ્વરૂપમાં શંકા કરતો નથી. તેને નિઃશંકિત ગુણ હોય છે.

## (૨) ધર્મી જીવ વાંછા રહિત છે

**"જે કર્મના ફળની વાંછા ન કરે તથા અન્ય વસ્તુના ધર્મોની વાંછા ન કરે, તેને નિઃકાંક્ષિત ગુણ હોય છે."** જે જીવને શુદ્ધ સ્વભાવની ભાવના હોય તેને પુણ્ય કે કર્મની વાંછા હોતી નથી. કર્મ હળવા પડે તો ઠીક, કોઈ પ્રશંસા કરે તો ઠીક—એવી

વાંછા તે કરતો નથી. અજ્ઞાની માને છે કે બીજાનું કરી દઈએ પણ પરનું કોઈ પણ કરી શકતો નથી. ભગવાન પણ વાણીના કર્તા નથી. ને વાણીથી જ્ઞાન થતું નથી. જીવ સમજે તો ભગવાનની વાણીને નિમિત્ત કહેવાય છે. ધર્મી જીવને વાણીની પણ વાંછા હોતી નથી.

## (૩) નિર્વિચિકિત્સ ગુણનું સ્વરૂપ

**"જે વસ્તુના ધર્મો પ્રત્યે ગ્લાનિ ન કરે તેને નિર્વિચિક્ત્સગુણ હોય છે."**

ધર્મી જીવ વિષ્ટા આદિ મલિન પદાર્થો પ્રત્યે અથવા મુનિનું મલિન શરીર દેખીને ગ્લાનિ કરતો નથી. તેને દુશ્મન પ્રત્યે દ્વેષભાવ હોતો નથી. તેને નિર્વિચિકિત્સા ગુણ હોય છે.

## (૪) ધર્મી જીવ અન્યમતિના પુણ્યના યોગ જોઈને પણ મૂંઝાતો નથી કારણ કે તે પોતાના સ્વરૂપને યથાર્થ જાણે છે

**"જે સ્વરૂપમાં મૂઢ ન હોય, સ્વરૂપને યથાર્થ જાણે તેને અમૂઢદ્રષ્ટિગુણ હોય છે."**

ધર્મી જીવ પોતાના સ્વરૂપમાં મૂંઝાય નહિ. સિદ્ધ ભગવાનમાં રાગ નથી તેમ મારો સ્વભાવ રાગરહિત શુદ્ધ છે. તેવું ભાન હોવાથી અન્યમતીના માનવાવાળા ઘણા હોય ને પુણ્યના ઠાઠ દેખાતા હોય તો પણ મૂંઝાતો નથી. પુણ્યના ઠાઠ વધારે હોય તો આત્માને શું ? તે પુણ્યના સંયોગો જોઈને મૂંઝાતો નથી.

ઘણા અજ્ઞાની જીવો ચમત્કારમાં માને છે. દેવને શીશીમાં પૂરી ભૂત કાઢે છે એમ માને છે. દેવ તો વૈક્રિયિક શરીરવાળા હોય છે. વજ્ર જેવી ભીંત સોંસરા પણ નીકળી જાય. કોઈ વ્યંતરને માને, કોઈ શીતળામાતાને માને, દીકરા માટે માન્યતા રાખે ને દીકરા સાજા રહે માટે માન્યતા રાખે, આ બધાં મૂઢતાનાં લક્ષણ છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવને આવી મૂઢતા હોતી નથી તેમ જ કોઈના ચમત્કાર કદાચ પુણ્યના યોગે દેખાતા હોય તો પણ તે મૂંઝાતો નથી.

*

# <u>પ્રસાદ નં. ૨૫૮</u>

## <u>સમયસાર ગાથા ૨૩૬</u>

*(અષાડ સુદ ૧૨, સોમવાર, ૨૦૦૭)*

## <u>(૫) શુભાશુભ ભાવોને ગૌણ કરી શુદ્ધ સ્વભાવની શક્તિ વધારવી, તે ઉપગૂહન ગુણ છે.</u>

ધર્મી જીવને સમ્યગ્દર્શન થતાં નિઃશંકતા આદિ આઠ ગુણો પ્રગટે છે. તેમાં પાંચમો ઉપગૂહન ગુણ છે. જે આત્માને શુદ્ધ સ્વરૂપમાં જોડે, આત્માની શક્તિ વધારે, અન્ય ધર્મોને ગૌણ કરે, તેને ઉપગૂહન ગુણ કહે છે. પુણ્ય-પાપના ભાવોને ગોપવે પણ તેને મોટપ ન આવે. અમો ભક્તિવાળા છીએ, અમોએ દયાદાન આટલાં કર્યાં, એમ પુણ્યભાવની મોટપ સમકિતી કરતો નથી. પૈસા વગેરેથી તો મોટાઈ માનતો નથી પણ પોતામાં થતા શુભભાવને પણ ધર્મી જીવ મોટાઈ આપતો નથી. પરંતુ તેને ગૌણ કરી શુદ્ધસ્વરૂપને મોટાઈ આપે છે ને પોતાના આત્માની શક્તિ વધારે છે. તેને ઉપગૂહન ગુણ કહે છે. આ સમ્યગ્દ્રષ્ટિના આચાર ને વિચાર.

પ્રશ્ન :—આમાં માનવધર્મ આવી જાય છે ?

## <u>સમ્યગ્દ્રષ્ટિ જીવને લૌકિક સજ્જનતા ને નીતિન્યાયના પરિણામો સહેજે હોય છે.</u>

<u>**સમાધાન :—**</u>લોકો શુભભાવ તથા અનુકંપા ભાવને માનવધર્મ કહે છે પણ તે કાંઈ આત્મધર્મ કહેવાતો નથી. અનંતવાર એવાં આચરણ કર્યાં પણ તે અપૂર્વ નથી. પોતાનો આત્મા વીતરાગ નિર્દોષસ્વરૂપ છે તેવા ભાનમાં નીતિ સહેજે આવી જાય છે. <u>સમ્યગ્દ્રષ્ટિને અનીતિના પરિણામ, પરસ્ત્રી તરફ પ્રેમ તથા અન્ય લૌકિક કુકર્મ ન જ હોય.</u> તેને લૌકિક સજ્જનતા હોય તે સ્વાભાવિક છે પણ તે બધા ભાવો અપૂર્વ નથી. પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ છે એવા ભાનપૂર્વક પોતાના શુભભાવોને ગૌણ કરી સ્વભાવની શક્તિ વધારવી તે ઉપગૂહન ગુણ છે.

## <u>(૬) પોતાના આત્માને શુદ્ધસ્વભાવમાં સ્થિર કરવો, તે સ્થિતીકરણ અંગ છે.</u>

“જે સ્વરૂપથી ચ્યુત થતા આત્માને સ્વરૂપમાં સ્થાપે, તેને સ્થિતિકરણ ગુણ હોય છે.” અન્યમતની વાત સાંભળી ધર્મી જીવ સ્વરૂપમાં મૂંઝાય નહિ પણ પોતાને વધારે સ્થિર કરે છે. રાગાદિના પરિણામ થાય ત્યારે પોતાને સમજાવે છે કે હે

આત્મા ! હવે રાગાદિથી વિરામ પામ ને સ્વભાવમાં સ્થિર થા. આવી રીતે પોતાના આત્મામાં સ્થિર થવું તે સ્થિતીકરણ અંગ છે.

## (૭) પોતાના શુદ્ધસ્વભાવ પ્રત્યે અનુરાગ રાખવો તે વાત્સલ્યગુણ છે

જે પોતાના સ્વરૂપ પ્રત્યે વિશેષ અનુરાગ રાખે તેને વાત્સલ્યગુણ હોય છે.

ધર્મી જીવ પોતાના સ્વરૂપ પ્રત્યે વાત્સલ્યભાવ રાખે છે. જેમ ગાયને વાછરડા ઉપર પ્રેમ છે તેમ પોતાના સ્વરૂપ પ્રત્યે તેને પ્રેમ છે. પણ શુભરાગનો તેને પ્રેમ હોતો નથી.

કોઈ પ્રશ્ન કરે કે : સાધર્મીને જમાડવા તે સ્વામીવાત્સલ્ય ખરું ને ?

સમાધાન :—ભાઈ સ્વ વાત્સલ્ય વિના તે શુભરાગને સ્વામીવાત્સલ્ય વ્યવહારે પણ કહેવાય નહિ. ચૈતન્ય સ્વામીનો પ્રેમ કરવો—તે સ્વામીવાત્સલ્ય છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે આ તો પૈસા રાખવાનું પણ થયું ને સ્વામીવાત્સલ્ય પણ કહેવાય !

## મમતા તે પાપભાવ છે, મમતાનો ઘટાડો તે પુણ્યભાવ છે. મમતારહિત આત્માની ઓળખાણથી ધર્મ થાય છે.

સમાધાન :—(૧) ભાઈ, એમ નથી. પૈસા રાખવાનો ભાવ તે મમતા છે, પાપ છે, વિકાર છે. તેને તો સ્વામીવાત્સલ્ય હોઈ શકે નહિ. હું પૈસાને રાખી શકું છું એવા ભાવ તે જ મિથ્યાત્વ સહિતનો મમતાભાવ છે. તે મોટો અશુભભાવ છે. તેને પાપ જ બંધાય છે.

(૨) પૈસા પ્રત્યેની મમતા ઘટાડી દેવગુરુશાસ્ત્રાદિ પ્રત્યે વાત્સલ્ય કરે તે શુભભાવ છે. તે પુણ્ય છે. ધર્મ નથી અને તે પુણ્યથી ધર્મ માને તો મિથ્યાત્વનું પાપ સાથે બંધાય છે.

(૩) મમતારહિત મારો સ્વભાવ વીતરાગસ્વરૂપ છે એમ ઓળખાણ કરે તે પોતાના સ્વભાવ પ્રત્યે વાત્સલ્ય છે. તે ધર્મ છે.

## અજ્ઞાની જીવ પરનું કરી શકતો નથી પણ મમતા કરે છે, માત્ર માન્યતા ફેરવવાની જરૂર છે.

અજ્ઞાની જીવ પર વસ્તુનો ધણી થઈ અભિમાન ને મમતા કરે છે. આપણે દુકાને બેસીએ તો ખ્યાલ રહે ને આપણે હાજર ન હતા તો આ બધા રૂપિયા ગયા એમ તે માને છે. પણ ભાઈ, પર વસ્તુમાં તારો અધિકાર નથી. જીવ મમતાના ભાવ કરે છે અથવા તેવા મમતાભાવની રુચિ છોડી સ્વભાવની રુચિ કરી શકે છે.

માટે માન્યતા ફેરવ. ત્રણલોકના નાથ ઘણીવાર મળ્યા પણ તે કોઈ જીવની માન્યતા ફેરવવા સમર્થ નથી. ભગવાનની વાણીમાં એમ આવ્યું કે હે જીવ ! મમતા તે પાપભાવ છે. તારું સ્વરૂપ મમતારહિત છે માટે માન્યતા ફેરવ ! આમ ભગવાનની વાણી સાંભળી વિચાર કરે ને હું તો મમતારહિત છું એવાં શ્રદ્ધા—જ્ઞાન કરે તો ભગવાનની વાણી તેમાં નિમિત્ત કહેવાય. જેની યોગ્યતા છે તેને એવું નિમિત્ત મળ્યા વિના રહેતું નથી.

અહીં વાત્સલ્ય ગુણની વાત ચાલે છે. પોતાના શુદ્ધસ્વભાવ સાથે પ્રેમ રાખે, પોતાના સ્વભાવની પ્રીતિ છોડીને ગુરુમાં ને શુભરાગમાં (અસ્થિરતાની) પ્રીતિ વધી જાય એમ જ્ઞાનીને બનતું નથી.

## (૮) પ્રભાવનાગુણ :

“જે આત્માના જ્ઞાનગુણને પ્રકાશિત કરે—પ્રગટ કરે, તેને પ્રભાવનાગુણ હોય છે.”

પુણ્ય-પાપ રહિત અંતર વિકાસ કરે તે પ્રભાવના ગુણ છે. આત્માની પ્રભાવના બહારમાં હોતી નથી.

## ધર્મી જીવને ચારિત્રનો અલ્પ દોષ હોવા છતાં મિથ્યાત્વનો બંધ નથી. મિથ્યાત્વ એ જ મુખ્ય બંધ છે.

આ બધાય ગુણો તેમના પ્રતિપક્ષી દોષો—શંકા, વાંછા આદિ વડે જ કર્મનો બંધ થતો હતો તેને થવા દેતા નથી. પોતાના સ્વભાવનું ભાન હોય ને આઠે નિશ્ચયગુણ હોવા છતાં પોતાની નબળાઈના કારણે શંકા થાય, ઇચ્છા થાય, ગ્લાનિ થાય, દ્વેષ થાય તો પણ શંકાદિકની નિર્જરા જ થઈ જાય છે. કારણ કે પોતાનો દોષ પરને લીધે માનતો નથી ને દોષને પોતાના સ્વભાવનો માનતો નથી, અલ્પ દોષ છે તે સ્વભાવના આશ્રયે ટળતો જાય છે ને નવો બંધ થતો નથી. કારણ કે બંધ તો પ્રધાનતાથી મિથ્યાત્વની હયાતીમાં જ કહ્યો છે. પુણ્યથી કે દેહાદિની ક્રિયાથી ધર્મ માને તે મિથ્યાભાવ છે, તે જ મોટું પાપ છે. ધર્મી જીવને મિથ્યાત્વનું પાપ હોતું નથી.

## સમ્યગ્દ્રષ્ટિ જીવોને શુભાશુભભાવો તથા કર્મનું સ્વામીપણું નથી, તે માત્ર જ્ઞાતા છે

સિદ્ધાંતમાં ગુણસ્થાનોની પરિપાટીમાં પોતાની નબળાઈ અને કર્મના નિમિત્તે ધર્મી જીવને જે બંધ કહ્યો છે તે પણ નિર્જરા સમાન જ જાણવો કારણ કે

સમ્યગ્દ્રષ્ટિને જેમ પૂર્વે અજ્ઞાનદશામાં બંધાયેલ કર્મ ઉદય આવીને ખરી જાય છે તેમ નવીન બંધાયેલ કર્મ પણ ખરી જાય છે; તેને તે કર્મનું સ્વામીપણું નથી તેથી આગામી બંધરૂપ નથી, નિર્જરારૂપ જ છે.

શ્રેણિક મહારાજા ક્ષાયિક સમકિતી હતા. કાંઈ પણ બાહ્ય ત્યાગ ન હતો. પણ અંતર ભાન હતું. આપઘાતનો વિકલ્પ આવતા હીરાની વીંટી ચૂસીને મૃત્યુ પામ્યા. તો તેમને ભય લાગ્યો, તે તેમના પુત્ર કોણિકને લીધે કે કર્મને લીધે લાગ્યો છે ? ના.

૧. શ્રેણિકને કોણિકને લીધે અથવા કર્મના ઉદયને લીધે ભય લાગ્યો નથી. પોતાના કારણે અસ્થિરતાનો ભય છે, છતાં નિર્ભય સ્વરૂપનું ભાન છે.
૨. કોણિક મારશે તો મારું મૃત્યુ થશે અથવા ઝેર ચૂસી લીધું માટે મૃત્યુ થશે, એમ માનતો નથી. મૃત્યુ જ્યારે થવાનું હશે ત્યારે થશે એવું ભાન છે. વિકલ્પ આપઘાતનો આવ્યો છે એટલો ચારિત્રનો દોષ છે.
૩. કોણિક સ્વતંત્ર, કર્મ સ્વતંત્ર, ઝેર સ્વતંત્ર, પોતાના શરીરની ક્રિયા સ્વતંત્ર છે, એમ જાણે છે, ને અલ્પદ્વેષ ને અલ્પભય સ્વતંત્ર થઈ આવ્યો છે. તે સ્વભાવમાં નથી. હું તો નિર્ભય છું, કોઈ દિવસ મરું તેવો નથી—એવી નિઃશંકતા ખસી નથી એ સમ્યગ્દર્શનની બલિહારી છે.
૪. તે જ સમયે તેનું સમ્યગ્દર્શન ટકેલું છે ને તીર્થંકર નામકર્મની પ્રકૃતિ સમયે સમયે બંધાઈ રહેલ છે. પોતાની જિંદગીમાં વ્રત, તપ, પચ્ચખાણ કર્યા નથી ને છેવટે ચારિત્રનો દોષ—અશુભભાવ આવવા છતાં અખંડ શુદ્ધાત્માની પ્રતીતિ ખસતી નથી. તે સમ્યગ્દર્શનની બલિહારી છે. તેના પ્રતાપે આવતા ભવમાં જગત ગુરુ તીર્થંકર થશે.

ભરત ને બાહુબલી બન્ને ભાઈઓ સમકિતી હતા. સ્વરૂપનું ભાન હોવા છતાં અલ્પ રાગદ્વેષ પોતાના કારણે આવ્યો છે ને લડાઈ લડ્યા છે છતાં પણ તેને પોતાનું સ્વરૂપ માનતા નથી.

અંજના તથા સીતા બન્નેને જંગલમાં જવું પડે છે. એકલા હોવાથી આંસુ આવી જાય છે. આંસુ જડની ક્રિયા છે. અણગમો થાય છે તેને પોતાનો દોષ સમજે છે. આત્મા અણગમા રહિત સચ્ચિદાનંદ પ્રભુ છે તેનું ભાન વર્તે છે. તેથી પુરુષાર્થ ઉગ્ર કરતાં દોષ ટળી જશે.

## <u>સમ્યગ્દ્રષ્ટિ દ્રવ્યકર્મને પારકી થાપણ સમજે છે તેથી તેને કર્મો આગામી બંધનું કારણ થતાં નથી પણ નિર્જરારૂપ થાય છે.</u>

કોઈ સમ્યગ્દ્રષ્ટિને ચોથે ગુણસ્થાને અસ્થિરતાને લીધે લડાઈ આદિના પરિણામ હોય છે. પાંચમે ગુણસ્થાને શ્રાવકને વેપારધંધાનો અશુભભાવ તેમ જ બારવ્રતાદિનો શુભરાગ હોય છે ને મુનિને ૨૮ મૂલગુણ પાલન વગેરેનો શુભરાગ હોય છે. તેવા પરિણામ પોતાની નબળાઈને લીધે થાય છે, તેમાં કર્મ નિમિત્ત છે પણ તેનું સ્વામીપણું તેમને નથી. પુણ્ય-પાપનું તથા કર્મનું સ્વામીપણું નથી. અલ્પ રાગથી બંધન થાય છે પણ તે છૂટી જાય છે. જેવી રીતે કોઈ પુરુષ બીજાના રુપિયા ઉછીના લાવે અથવા દાગીનો લાવે તો તેમાં તેને મમતા નથી કારણ કે તે પારકી થાપણ છે તેમ તે સમજે છે. વર્તમાન તેનાથી જે કામ પતાવવું હોય તે પતાવી લ્યે છે ને તેની મુદત પ્રમાણે તેના ધણીને પાછા આપે છે. હવે જ્યાંસુધી પાછા ન આપે ત્યાંસુધી પોતાની તિજોરીમાં તે પૈસા અથવા દાગીના પડ્યા રહે છે પણ તે પ્રત્યે મમતા નથી. તેથી તે પુરુષને તે દ્રવ્યનું બંધન નથી. ધણીને દઈ દીધા બરાબર જ છે. તેવી જ રીતે જ્ઞાની જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ કર્મને પારકા જાણે છે તેથી તેના પ્રત્યે મમતા નથી. કર્મ તો જડ છે. આત્મા તો ચેતન છે. તે કર્મના નિમિત્તે થતો રાગ તે પણ આત્માનું ખરું સ્વરૂપ નથી. આવું ભાન સમ્યગ્દ્રષ્ટિ દેડકાં, માછલાંને પણ હોય છે. તેમને કર્મો પ્રત્યે મમત્વ નથી માટે તે મોજૂદ હોવા છતાં નિર્જરી ગયા બરાબર છે એમ જાણવું.

## <u>ધર્મી જીવની દ્રષ્ટિ ક્ષેત્ર ઉપર, કર્મ ઉપર કે શુભરાગ ઉપર નથી; પણ શુદ્ધ સ્વભાવ ઉપર જ છે</u>

મહાવિદેહક્ષેત્રમાં સીમંધર આદિ તીર્થંકરો વિચરે છે, સેંકડો કેવળીઓ બિરાજે છે. ત્યાં આ જ ધોખમાર્ગ ચાલી રહ્યો છે. છતાં ત્યાં જવાથી ધર્મ થતો નથી. ત્યાં પણ નરકાદિના ભવ કરનારા જીવો છે. ક્ષેત્રની વિશેષતા નથી. જીવ જે ક્ષેત્રે ને જે કાળે સમજે, તેની વિશેષતા છે ને સમજે ત્યારે આરોપ આપે છે. મહાવિદેહક્ષેત્રમાં કાયમ તીર્થંકરો હોય જ છે. અહીં પણ સારા વખતમાં તીર્થંકર ભગવાન હતા. છેલ્લા મહાવીરપ્રભુ, જંબુસ્વામી આદિ કેવળી ભગવંતો થઈ ગયા. <u>અત્યારે અહીંથી એકાવતારીપણું પ્રાપ્ત થઈ શકે ને મહાવિદેહક્ષેત્રથી કેવળજ્ઞાન થઈ શકે છે.</u> જીવોનો જેવો પુરુષાર્થ. જો પોતામાં પર્યાય પ્રગટ કરે તો નિમિત્ત કહેવાય. ધર્મી જીવોની દ્રષ્ટિ ક્ષેત્ર ઉપર નથી, કર્મ ઉપર નથી, રાગ ઉપર નથી પણ શુદ્ધ સ્વભાવ ઉપર છે. પુણ્ય-પાપના ભાવોને ટાળતા ધર્મી જીવને વાર લાગે પણ તેને રાખવા

જેવા માનતો નથી. તેથી તે ભાવો ટળી જશે ને ધીમે ધીમે શુદ્ધિની વૃદ્ધિ થતી જશે. આવી રીતે ધર્મીને કર્મો હોવા છતાં નિર્જરી ગયા સમાન છે.

## (૧) ધર્મી જીવ જિનવચનમાં નિઃશંક હોય છે

આ નિઃશંકિત આદિ આઠ ગુણો વ્યવહારનયે વ્યવહાર મોક્ષમાર્ગ પર નીચે પ્રમાણે લગાવવા.

(૧) જિનવચનમાં સંદેહ ન કરવો. ભય આવ્યે વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રથી ડગવું નહિ. તે નિઃશંકિતપણું છે. આ વ્યવહાર નિઃશંકિતગુણની વાત ચાલે છે. ભગવાને કહેલી છ દ્રવ્યો ને નવ તત્ત્વોનું સ્વરૂપ પરીક્ષા કરીને નક્કી કરવું. તેમાં સંદેહ કરવો નહિ. જેવી રીતે પતિવ્રતા સ્ત્રી બીજા પતિને ઇચ્છે નહિ તેમ સમકિતી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન સિવાય બીજાને ઇચ્છે નહિ. સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં ને વાણીમાં જે સ્વરૂપ આવ્યું છે તે યથાર્થ છે. તેમાં ધર્મી જીવ શંકા કરે નહિ.

## મિથ્યાદ્રષ્ટિ ને રાગી અલ્પજ્ઞ જીવોએ કહેલું જીવ-અજીવનું સ્વરૂપ વિપરીત છે

આ વીતરાગનો માર્ગ છે. ગણધરો તે માર્ગે ચાલી રહ્યા છે. ઇંદ્રો તેનો આદર કરે છે. જેવી રીતે આંધળો માણસ કહે કે આકાશમાં ૧૦૮ બગલા મેં ઊડતા જોયા તો તેની વાત ખોટી છે કેમ કે તેને આંખ જ નથી તો આકાશમાં આટલા બગલા ઊડે છે તે વાત ક્યાંથી લાવ્યો ? તેમ સર્વજ્ઞ ભગવંતોને કેવળજ્ઞાનરૂપી ચક્ષુ ઊઘડી ગયાં છે. તેવાં ચક્ષુ મિથ્યાદ્રષ્ટિ અલ્પજ્ઞ ને રાગી જીવોને ઊઘડ્યાં નથી ને કહે કે જીવનું સ્વરૂપ આવું છે ને પુદ્ગલનું સ્વરૂપ આવુ છે, તે વાત તેમની ખોટી છે.

## રાગી દેવ દેવીઓની માન્યતા તે સ્થૂલ મિથ્યાત્વ છે ધર્મી જીવ તેની શ્રદ્ધા કરતો નથી.

અજ્ઞાની જીવો જૈન સંપ્રદાયમાં હોવા છતાં લૌકિક ખાતર પણ કુદેવાદિને માને તે મોટી ભ્રમણા છે. બીજને દિવસે બીજને પગે લાગે, અક્ષય ત્રીજને દિવસે ગળમાણું પીએ, ગણેશ ચોથને દિને ગણેશને સ્થાપે ને લાડવા ઝારે, નાગપાંચમને દિને નાગને પૂજે, સાતમને દિવસે ટાઢું ખાય ને શીતળાને પગે લાગે. આઠમને દિવસે નૈવેદ્ય કરે, સોમવારે શંકરને પગે લાગે. શનિવારે હનુમાનને તેલ ચડાવે, અંબાજી, રાંદલ, સુરધન, મેલડી, પીર વગેરેને માને, તે તો સ્થૂલ ગૃહીત મિથ્યાત્વ

છે. આવા કુદેવાદિને તો ધર્મીજીવ માને જ નહિ પણ જૈન સંપ્રદાયમાં વિપરીત પ્રરૂપણા કરનારને પણ માને નહિ. આમ તેને નિઃશંકતા વર્તે છે.

## ધર્મી જીવ દીકરાની ગંભીર માંદગીના પ્રસંગે પણ કુદેવાદિની શ્રદ્ધા કરતો નથી પણ નિઃશંક રહે છે

એક ગામમાં વીસ વરસનો જુવાન દીકરો માંદો પડતાં તેની માએ તેના બાપને અમુક કુદેવાદિની બાધા રાખવાનું કહ્યું કે જેથી છોકરો સાજો થઈ જાય. તેના બાપે કહ્યું કે તારો દીકરો છે એમ મારો ય દીકરો છે. આપણે ત્યાં આવી બાધા હોઈ શકે નહિ. આયુષ્ય હશે તો છોકરો જીવશે. છતાં તારે બાધા રાખવી હોય તો "સૌભાગ્યનો ચૂડલો પહેલો ભાંગી નાખ" પછી તારે જે બાધા રાખવી હોય ને જે કરવું હોય તે કરજે. (મારા જીવતાં બાધા રખાશે નહિ) જુઓ, તે પુરુષની નિઃશંકતા. ઘરના બૈરાને સ્પષ્ટ કહી દીધું. આમ ધર્મી જીવ પ્રતિકૂળતામાં સંયોગો વખતે પણ સાચા દેવની શ્રદ્ધામાંથી ડગતો નથી. ઇંદ્રો ચળાવવા આવે તો પણ સર્વજ્ઞની શ્રદ્ધામાંથી ધર્મી પાછો પડે નહિ. આ વીતરાગનો માર્ગ છે. આવી નિઃશંકતા હોય છે. જેને વ્યવહારે પણ આવી શ્રદ્ધા નથી ને કુદેવાદિને માનતા હોય તે પછી પોષધ કરે, પ્રતિક્રમણ કરે, પૂજા કરે તો પણ હજી તેના વ્યવહારધર્મના પણ ઠેકાણાં નથી માટે જીવે સર્વજ્ઞદેવ તથા તેમણે કહેલાં તત્ત્વો વિષે પ્રથમ નિઃશંક થવું જોઈએ.

*

# પ્રસાદ નં. ૨૫૯

## સમયસાર ગાથા ૨૩૬

*(અષાડ સુદ ૧૪, મંગળવાર, ૨૦૦૭)*

આ નિર્જરા અધિકાર છે. સમ્યગ્દ્રષ્ટિને સમયે સમયે શુદ્ધતા વધે છે. તેને નિઃશંકિત વગેરે નિશ્ચયગુણ પ્રગટ્યા છે ને વ્યવહાર આઠ ગુણો પણ હોય છે. તેમાં પહેલો નિઃશંકિત ગુણ કહેવાઈ ગયો છે.

## (૨) પરમતની તથા સંસારસંબંધી ઇચ્છા ન કરવી તથા વ્યવહાર મોક્ષમાર્ગથી ડગવું નહિ, તે વ્યવહાર નિષ્કાંક્ષિતપણું છે.

"સંસાર, દેહ, ભોગની વાંછાથી તથા પરમતની વાંછાથી વ્યવહાર મોક્ષમાર્ગથી ડગવું નહિ તે નિષ્કાંક્ષિતપણું છે."

ધર્મી જીવને સંસાર સંબંધી ભોગની વાંછા નથી. આ પદાર્થો મને મળો એવી ભાવના તે કરતો નથી તેમ જ વીતરાગ માર્ગ સિવાય જેટલા અન્યમત છે તેની પણ ઇચ્છા કરતો નથી. અન્ય મતવાળા જેને મહાત્મા કહેતા હોય તે મહાત્મા પણ કાંઈક ઠીક કહેતા હશે અથવા તેમાં પણ કાંઈક આદરવા જેવું હશે, એમ ધર્મી માનતો નથી. વળી વીતરાગના મત અનુસાર સત્યમાર્ગ નિર્ગ્રંથ આ એક જ છે ને સમ્યગ્દર્શન થયા પછી મુનિપણું ધારણ કરે તેને વસ્ત્રનો રાગ હોય નહિ કારણ કે શરીર ઉપરની આસક્તિ ઘણી ઓછી થઈ ગઈ છે. વસ્ત્રસહિત મુનિપણું માને નહિ. આ પ્રમાણે વ્યવહાર મોક્ષમાર્ગથી ડગવું નહિ તે વ્યવહાર નિષ્કાંક્ષિતપણું છે.

## (૩) અપવિત્ર વસ્તુ પ્રત્યે ગ્લાનિ ન થવી તે વ્યવહાર નિર્વિચિકિત્સગુણ છે.

"અપવિત્ર, દુર્ગંધવાળી—એવી એવી વસ્તુઓના નિમિત્તે વ્યવહાર મોક્ષમાર્ગની પ્રવૃત્તિ પ્રત્યે ગ્લાનિ ન કરવી તે નિર્વિચિકિત્સા છે."

મુનિના શરીરની દશા નગ્ન હોય છે. કદાચ મેલું પણ હોય છે. તો તેમના શરીર પ્રત્યે દુર્ગંછા કરે નહિ. વળી કોઈ બગડેલી ચીજ હોય, શરીર સડી ગયું હોય તો દુર્ગંછા ન કરવી. કારણ કે પુદ્‌ગલોનો સ્વભાવ પૂરાવું ને ગળવું છે. આમ મેલી ચીજો પ્રત્યે ગ્લાનિ ન કરવી તે વ્યવહાર નિર્વિચિકિત્સા ગુણ છે.

## (૪) દેવગુરુશાસ્ત્રના સ્વરૂપમાં મૂઢતા ન કરવી તે વ્યવહાર અમૂઢદ્રષ્ટિ અંગ છે.

“દેવ, ગુરુ, શાસ્ત્ર લોકની પ્રવૃત્તિ અન્યમતાદિકના તત્ત્વાર્થનું સ્વરૂપ— ઇત્યાદિમાં મૂઢતા ન રાખવી, યથાર્થ જાણી પ્રવર્તવું તે અમૂઢદ્રષ્ટિ છે.”

**દેવનું સ્વરૂપ :** ધર્મી જીવ દેવના સ્વરૂપમાં મૂઢતા રાખતો નથી. જે ક્ષુધા, તૃષા વગેરે અઢાર દોષ રહિત છે. જેને વીતરાગદશા વર્તે છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જે જાણે છે તે સર્વજ્ઞદેવ છે. વળી બીજા જીવો ધર્મ પામે તો ઠીક એવી ઇચ્છા ભગવાનને નથી તથા જેવી સભા તેવો ઉપદેશ આપે એવું પણ તેમને નથી. ભગવાનને તો ઇચ્છારહિત ઓમધ્વનિ અક્રમ નીકળે છે. ભગવાન બીજાને તારતા નથી. જે જીવો પોતાના પુરુષાર્થથી તરે છે તેને નિમિત્ત કહેવાય છે. ઘણા જીવો રાગી દેવોને પરમેશ્વર કહે છે પણ ધર્મી જીવ તેવા દેવોને માની મૂઢતા કરતો નથી.

**ગુરુનું સ્વરૂપ :** સમ્યગ્દર્શન સહિત વીતરાગી નિર્ગ્રંથ દશાના ધારક મુનિઓ હોય છે. ઘડીમાં છઠ્ઠે ને ઘડીમાં સાતમે ગુણસ્થાને ઝૂલતા હોય છે. ત્રણ કષાય ટળી ગયા છે ને ઘણો અલ્પ રાગ રહ્યો છે. શરીર ઉપર રાગ છૂટી જતાં નગ્ન દશા વર્તે છે. ઘડીમાં શરીર, મન, વાણીથી રહિત આત્મસ્વભાવનો અનુભવ થાય છે. ઘડીમાં ઉપદેશનો, આહારનો વિકલ્પ ઊઠે છે. એવી મહા નિર્ગ્રંથદશા મુનિની વર્તે છે. વળી બાહ્યથી શરીરની નગ્નદશા હોય પણ સમ્યગ્દર્શન ન હોય તો પણ તેને મુનિપણું નથી માટે યથાર્થ પરીક્ષા કરવી. ધર્મી જીવ ગુરુના સ્વરૂપમાં મૂઢતા કરતો નથી.

**શાસ્ત્રનું સ્વરૂપ :** સર્વજ્ઞદેવની ઓમ ધ્વનિમાં આવેલો સાર જેમાં છે તે અનેકાંત સ્વરૂપને બતાવતો હોય, વીતરાગતાનાં પોષક હોય તે શાસ્ત્રો સાચાં છે. બે પૈસાની તાવડી લેવા જાય તો પણ ત્રણ ટકોરા મારીને લ્યે છે તેમ દેવગુરુશાસ્ત્રના સ્વરૂપની પરીક્ષા કરવી, આંધળી શ્રદ્ધાથી માનવું નહિ. ધર્મી જીવ શાસ્ત્રના સ્વરૂપ વિષે મૂઢતા કરતો નથી.

**લોકની પ્રવૃત્તિ :** ઘણા મોટા માણસો ઈશ્વરની પ્રાર્થના કરે છે માટે ભગવાનની પ્રાર્થના કરવાથી કાંઈ મળી જતું હશે તેમ ધર્મી શંકા ન કરે. આટલા બધા માણસો માને છે ! શું હશે ! એમ શંકા પડે નહિ. કોઈ નિંદા—પ્રશંસા કરે તો તેથી મૂંઝાઈને ડગી જતો નથી. લાખો માણસો વિપરીત માન્યતાવાળા હોય, લોકો ધર્મીને વિષે ઘણી જાતની વાત કરતા હોય, કોઈએ પુણ્યમાં ધર્મ માન્યો, કોઈએ ક્રિયામાં માન્યો, કોઈ પીર પયગંબરને માનતા હોય તેથી કરીને ધર્મી મૂંઝાય નહિ.

કારણ કે સતને સંખ્યાની જરૂર નથી. સત્ય એક જ છે. કીડીનાં નગરાં ઘણાં હોય તેથી કીડી માણસ ન થાય તેમ અન્યમતને માનવાવાળાની સંખ્યા ઘણી મોટી હોય તો પણ ધર્મી મૂંઝાય નહિ. જૈનના નામે સંપ્રદાયમાં ઘણા ગોટા ચાલે છે. વીતરાગ દેવ, ગુરુ, શાસ્ત્રનું સ્વરૂપ શું છે તે બરાબર પરીક્ષા કરી વિચારવું જોઈએ. કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ ન હોય, વિચાર વિરોધ હોઈ શકે પણ વ્યક્તિવિરોધ ન હોય.

**અન્યમતાદિકના તત્ત્વાર્થનું સ્વરૂપ :** અન્યમતો જીવ—અજીવનું સ્વરૂપ બીજી રીતે કહેતા હોય. છ દ્રવ્ય ને નવ તત્ત્વોને માનતા ન હોય તો ધર્મી જીવ મૂંઝાય નહિ. છ દ્રવ્યો ને નવતત્ત્વો જિનેશ્વર ભગવાને કહેલા છે તે બરાબર હશે કે નહિ તેવી શંકા કરી અન્યમતે કહેલાં તત્ત્વના સ્વરૂપ પ્રત્યે મૂઢતા કરે નહિ પણ દેવગુરુશાસ્ત્રનું સ્વરૂપ યથાર્થ જાણે, નવતત્ત્વનું સ્વરૂપ યથાર્થ જાણે, તેમાં ભૂલ ન કરે. તે વ્યવહાર અમૂઢદ્રષ્ટિ છે.

## (૫) ધર્મી જીવના અલ્પ દોષને ગૌણ કરવો અને વ્યવહાર મોક્ષમાર્ગની પ્રવૃત્તિને વધારવી તે વ્યવહાર ઉપગૂહન અથવા ઉપબૃંહણ અંગ છે.

''ધર્માત્માને કર્મના ઉદયથી દોષ આવી જાય તો તેને ગૌણ કરવો અને વ્યવહાર મોક્ષમાર્ગની પ્રવૃત્તિને વધારવી તે ઉપગૂહન અથવા ઉપબૃંહણ છે.''

ધર્મી જીવને કોઈવાર નબળાઈને લીધે ક્રોધ, માન, લોભ આદિના પરિણામ થઈ જાય તો તેને ગૌણ કરે. એટલા ખાતર તેનો અનાદર કરે નહિ. વ્યવહારમાર્ગની પ્રવૃત્તિ વધે તેમ કરવું, તે ઉપગૂહન અથવા ઉપબૃંહણ અંગ છે.

આમ કહ્યું છે તેથી ગમે તેવા મોટા દોષ હોય તો પણ તેને ગૌણ કરવા એમ નથી. સાધુ નામ ધરાવી, મહાવ્રતની પ્રતિજ્ઞા કરી સ્ત્રી સાથે પ્રેમ રાખે અથવા ઉપદેશને નામે રાગપૂર્વક એકાંતમાં પરિચય કરે ને કહે કે અમો બૈરાંને ઉપદેશ આપીએ છીએ, તો તેવા જીવનો દોષ ઘણો મોટો છે. તે પોતાને તથા બીજાને છેતરે છે; માટે તેવા દોષ ઢાંકવા નહિ. અહીં જે દોષ ઢાંકવાના કહ્યા તે તો કોઈ અલ્પ ક્રોધ, માન, લોભાદિ હોય તેની વાત છે. ઋષભદેવ ભગવાન સાથેના ૪૦૦૦ સાધુ શિથિલ થઈ ગયા. નગ્ન ન રહી શક્યા, પાંદડાંના ચીર પહેરવા માંડ્યા ને કંદમૂળ ખાવા લાગ્યા તેથી દેવોએ આવીને કહ્યું કે આવો આચાર મુનિપણાને શોભે નહિ માટે તમો આ વેશ છોડી દો. આ વેશમાં મુનિપણું ન હોઈ શકે. જો તમો નહિ છોડો તો અમો દંડ આપશું. આમ દેવોની ધમકીથી તેઓએ મુનિપણું છોડી દીધું. એટલે જે દોષ તે તે ભૂમિકાની હદ બહારનો હોય તે ચલાવી શકાય નહિ. અહીં તો

ધર્માત્માએ પોતાની ભૂમિકા જાળવી રાખી હોય પણ કોઈ અલ્પ દોષ થઈ જાય તો બીજો તેને ઢાંકે ને વ્યવહાર મોક્ષમાર્ગની પ્રવૃત્તિ વધારે તેને વ્યવહાર ઉપગૂહનગુણ કહે છે.

## (૬) ધર્મી જીવને શિથિલ દેખી તેને વ્યવહાર મોક્ષમાર્ગમાં સ્થિર કરવો તે વ્યવહાર સ્થિતીકરણ અંગ છે.

"વ્યવહાર મોક્ષમાર્ગથી ચ્યુત થતા આત્માને સ્થિર કરવો તે સ્થિતિકરણ છે."

કોઈ જીવ જૈનધર્મથી શિથિલ થતો હોય તો બીજો ધર્મી જીવ તેને કહે કે ભાઈ, આવો માર્ગ ફરી મળવો મુશ્કેલ છે વગેરે પ્રકારે સમજાવે. સામો જીવ પાત્ર હોય ને સમજે તો આ જીવના શુભભાવથી તે વ્યવહાર મોક્ષમાર્ગમાં સ્થિર થયો કહેવાય છે. આ ભાવ શુભ છે. તેને વ્યવહાર સ્થિતિકરણ અંગ કહે છે.

## (૭) દેવગુરુશાસ્ત્ર તથા સાધર્મી પ્રત્યે પ્રીતિ રાખવી તે વ્યવહાર વાત્સલ્ય અંગ છે.

"વ્યવહાર મોક્ષમાર્ગમાં પ્રવર્તનાર પર વિશેષ અનુરાગ હોવો તે વાત્સલ્ય છે."

જે જીવો સર્વજ્ઞદેવે કહેલા વીતરાગી ધર્મની આસ્થાવાળા છે તેના પ્રત્યે પ્રીતિભાવ રાખવો તે વાત્સલ્ય છે. કુટુંબ, દીકરા, દીકરીના ઉપર પ્રેમ હોય, તેનાં કરતાં વિશેષ પ્રેમ સાધર્મી પ્રત્યે હોય છે. સ્વભાવનો પ્રેમ રાખીને વાત છે. શુદ્ધસ્વભાવના ભાનસહિત વીતરાગ ન થાય ત્યાંસુધી સાધર્મી પ્રત્યે અનુરાગ આવે છે ને અન્યમતીઓ તરફ મધ્યસ્થ રહે છે.

જેવી રીતે વાછરડા ઉપર ગાયને નિઃસ્વાર્થ પ્રેમ હોય છે તેમ ધર્મી જીવને સાધર્મી ભાઈઓ—બેનો પ્રત્યે નિઃસ્વાર્થ વાત્સલ્ય હોય છે. પણ તે શુભભાવથી ધર્મ માને તો પોતાનો ધર્મ રહેતો નથી. મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે. તેને વાત્સલ્ય અંગ પ્રગટતું નથી. નિશ્ચયના ભાનસહિત દેવ-ગુરુ-શાસ્ત્ર તથા સાધર્મી પ્રત્યે પ્રીતિ હોવી તે વ્યવહાર વાત્સલ્ય અંગ છે.

## (૮) ધર્મની પ્રભાવના અર્થે જિનમંદિરો બનાવતાં આદિ શુભભાવને વ્યવહારપ્રભાવના અંગ કહે છે.

"વ્યવહાર મોક્ષમાર્ગનો અનેક ઉપાયો વડે ઉદ્યોત કરવો તે પ્રભાવના છે."

પોતાના શુદ્ધ સ્વભાવના ભાન સહિત રાગવાળી ભૂમિકામાં ધર્મની પ્રભાવના વધે તે ખાતર જિનમંદિર બનાવવાં, વરઘોડા કાઢવા વગેરેનો શુભભાવ આવે છે. તે પ્રભાવના છે છતાં તેનાથી ધર્મ થશે તેમ ધર્મી માનતો નથી તેમ જ મંદિર વગેરે જડ પદાર્થોની અવસ્થા આત્મા કરી શકે છે તેમ પણ તે માનતો નથી. છતાં વીતરાગ ન થાય ત્યાંસુધી શુભભાવ આવ્યા વિના રહેતો નથી. આ વ્યવહાર પ્રભાવના અંગ છે.

**"નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટે ત્યારે સાચા દેવગુરુશાસ્ત્રની જે શ્રદ્ધા હોય એમ નિશ્ચય ને વ્યવહારના આઠે અંગોને ધર્મી જીવ જેમ છે તેમ જાણે છે."**

આ પ્રમાણે આઠે ગુણોનું સ્વરૂપ વ્યવહારનયને પ્રધાન કરીને કહ્યું. અહીં નિશ્ચય પ્રધાન કથનમાં તે વ્યવહારસ્વરૂપની ગૌણતા છે. સમ્યગ્જ્ઞાનરૂપ પ્રમાણદ્રષ્ટિમાં બન્ને પ્રધાન છે. જેમ છે તેમ જ્ઞાન કરે છે. સ્યાદ્વાદમતમાં કાંઈ વિરોધ નથી. ધર્મી જીવ દરેક ભૂમિકાનું જેમ છે તેમ યથાર્થજ્ઞાન કરે છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધારૂપી બારદાનમાં આત્માનાં શ્રદ્ધા—જ્ઞાનરૂપી અનુભવ માલ ન હોય. કોઈ કહે કે આઠ વ્યવહાર ગુણો કહ્યા, તે ન હોય તો વાંધો નહિ પણ અમોને આઠે અંગ નિશ્ચય પ્રગટી ગયા છે ને સમ્યગ્દર્શન પ્રગટી ગયું છે, એમ કહેનારો જૂઠો છે. જેને આઠ વ્યવહારઅંગનાં ઠેકાણાં નથી તે બારદાન બતાવે છે કે અંદર આત્માની શ્રદ્ધા ખોટી છે. માટે કુદેવાદિને માનનાર જીવને સમ્યગ્દર્શન કદી પણ પ્રગટ થાય નહિ. જેને દેવ ને ગુરુની શ્રદ્ધામાં વાંધા છે તે જીવને દેવમૂઢતા ને ગુરુમૂઢતા રહેલી છે. આઠ વ્યવહારઅંગનાં ઠેકાણાં નથી તેને નિશ્ચય સમકિત પ્રગટ થઈ શકે નહિ. હા, આત્માનું ભાન થાય એટલે તુરત જ મુનિપણું લઈ લ્યે એવો નિયમ નથી. ગૃહસ્થાશ્રમમાં રહે અને પોતાને પોતાની ભૂમિકા અનુસાર માને ને મનાવે પણ વસ્ત્રપાત્રનો રાગ હોય ને મુનિપણું મનાવે તે ચારિત્રનો અનાદર કરે છે. મહા સંતમુનિઓ, બાહ્ય અભ્યંતર નિર્ગ્રંથ મુનિઓ સમ્યગ્દર્શન સહિત હોય છે. જેના રોમરોમમાં વૈરાગ્ય વર્તે છે, મહાન જોગી જેવા દેખાતા હોય, જેની બહારથી મુખમુદ્રા જોતાં જ અંતર વીતરાગી આત્માનો ખ્યાલ આવી જાય એવા મહામુનિઓ તે ગુરુપદને લાયક છે. જેને ઇંદ્રો પૂજે છે, ગણધરો નમસ્કાર મંત્રમાં णमो लोए सव्वसाहूणं પદમાં નમસ્કાર કરે છે. હે સાધુ, હે સંત ! તારા ચરણમાં મારો નમસ્કાર છે. ગણધરોનો નમસ્કાર પહોંચે તે સાધુદશા અલૌકિક છે. આમ ધર્મી જીવને દેવગુરુશાસ્ત્ર વગેરેની યથાર્થ શ્રદ્ધાનાં આઠે અંગ હોય છે એટલે જેમ કેસરને માટે બારદાન મજબુત ડબો હોય છે તેમ સમ્યગ્દ્રષ્ટિ જીવને આઠે વ્યવહાર

નિઃશંકાદિ ગુણો હોય છે. આવી રીતે સમ્યગ્જ્ઞાન જેમ છે તેમ જાણે છે. સ્યાદ્વાદ મતમાં કાંઈ વિરોધ નથી.

હવે, નિર્જરાનું યથાર્થ સ્વરૂપ જાણનાર અને કર્મના નવીન બંધને રોકી નિર્જરા કરનાર જે સમ્યગ્દ્રષ્ટિ તેનો મહિમા કરી નિર્જરા અધિકાર પૂર્ણ કરે છે :—

**કળશ ૧૬૨**

**અર્થ** :—એ પ્રમાણે નવીન બંધને રોકતો અને (પોતે) પોતાના આઠ અંગો સહિત હોવાના કારણે નિર્જરા પ્રગટવાથી પૂર્વબદ્ધ કર્મોને નાશ કરી નાખતો સમ્યગ્દ્રષ્ટિ જીવ પોતે અતિરસથી (અર્થાત્ નિજરસમાં મસ્ત થયો થકો) આદિ—મધ્ય—અંત રહિત (સર્વવ્યાપક, એકપ્રવાહરૂપ ધારાવાહી) જ્ઞાનરૂપ થઈને આકાશના વિસ્તારરૂપી રંગભૂમિમાં અવગાહન કરીને (અર્થાત્ જ્ઞાન વડે સમસ્ત ગગનમંડળમાં વ્યાપીને) નૃત્ય કરે છે.

## ધર્મી જીવને શુદ્ધ ચૈતન્યની દ્રષ્ટિ હોવાથી તે પૂર્વ કર્મોનો નાશ કરે છે ને તેનું જ્ઞાન શુદ્ધતા પામી વૃદ્ધિ પામે છે

ધર્મી જીવ કેવો હોય છે ? ધર્મીની દ્રષ્ટિ શુદ્ધ ચિદાનંદ આત્મા ઉપર છે. આત્મા મન, વાણી, દેહથી જુદો છે. જાણનાર—દેખનાર છે, વિકારથી રહિત છે. એવી દ્રષ્ટિના કારણે ગૃહસ્થદશામાં હોવા છતાં મિથ્યાત્વાદિનો બંધ થતો નથી. જેથી નવીન બંધને રોકે છે એમ કહ્યું છે. (અલ્પબંધનની વાત ગૌણ છે) ને નિઃશંકાદિ આઠગુણો પ્રગટ થયેલા હોવાથી તેને નિર્જરા થાય છે. પૂર્વ કર્મોનો નાશ થાય છે ને પોતાના આત્મરસમાં મસ્ત રહે છે. પુણ્ય-પાપના ભાવોમાં કે નિમિત્તમાં રસ નથી. આત્મા ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ છે. આદિ-મધ્ય-અંત રહિત, એક પ્રવાહરૂપ ધારાવાહી જ્ઞાનથી પ્રકાશી રહ્યો છે. કુટુંબને જાણનાર, નિમિત્તોને જાણનાર, પુણ્ય-પાપના ભાવોને જાણનાર છે. આ ધર્મી જીવનું લક્ષણ છે.

## જેમ આકાશ ક્ષેત્રે વ્યાપક છે તેમ આત્મા જ્ઞાને વ્યાપક છે એટલે પોતામાં રહીને બધાને જાણે તેવો છે

જેવી રીતે આકાશ આખા લોકાલોકમાં વ્યાપેલું સર્વવ્યાપક છે તેમ જ્ઞાનસ્વભાવી આત્મા બધાને જાણી લ્યે છે. રાગને નિમિત્તને બધાને જાણે છે. નરકમાં હોય કે તિર્યંચ હોય, મનુષ્ય હોય કે દેવ હોય—બધા સંયોગોનો સમ્યગ્દ્રષ્ટિ જાણનાર છે. કોઈ ચીજનો કર્તા-હર્તા નથી. જે ક્ષેત્રે જે કાળે જે ચીજનો સંયોગ થવાનો હશે તે થશે. જગતની ચીજો ક્રમબદ્ધ પરિણમે છે. તે બધાને ધર્મી જીવ જાણે છે. આકાશક્ષેત્રે વ્યાપક છે. આત્મા જ્ઞાને વ્યાપક છે. પોતામાં રહી સર્વચીજોને

જાણે તેવો છે. આકાશની અપેક્ષાએ ગમે તે બાહ્ય ક્ષેત્રમાં ધર્મી જીવ હોય તોપણ તે પોતાના સ્વક્ષેત્રમાં છે. જેવી રીતે આખું નાટક રાત્રીના ૧૦ થી ૨ સુધીમાં બતાવી ને પુરું કરવામાં આવે છે તેમ અહીં સમયસારમાં નાટકના રૂપે જીવનું અનાદિ અનંતસ્વરૂપ બતાવવામાં આવેલ છે. તેથી નૃત્ય કરે છે એવો શબ્દ વાપરેલ છે. અનાદિનો કોણ છે ? શુદ્ધ ચિદાનંદ સ્વરૂપી આત્મા છે. વિકાર શું છે ? એક સમયની ભૂલ છે. ભૂલ કેમ ટળે ? સંયોગો ને વિકારનો જ્ઞાતાદ્રષ્ટા રહે તો. જ્ઞાન નાચે છે એટલે શુદ્ધ થાય છે. અસંખ્ય પ્રકારના શુભાશુભરાગો હોય છે. નિમિત્તો પણ અનેક પ્રકારના હોય છે તેને જાણી લ્યે છે. આવો આકરો રોગ કેમ ? આવો અશુભરાગ કેમ ? એવો પ્રશ્ન ઊઠતો નથી. ધર્મી તેને માત્ર જાણી લ્યે છે. વળી પરપદાર્થને ગ્રહવું-મૂકવું તો આત્મામાં છે જ નહિ પણ રાગદ્વેષ છોડવાનું પણ આત્મામાં નથી. રાગનો જાણનાર છે. જ્ઞાતાદ્રષ્ટામાં સ્થિર રહેતાં રાગ છૂટી જાય છે. વળી શરૂઆતમાં મારા જ્ઞાન માટે ગુરુ હતા ને પછી મને જ્ઞાન થયું એમ પણ નથી. શરૂઆતમાં આત્મા, વિકાસ થવામાં આત્મા ને પૂર્ણ થવામાં પણ આત્મા. આમ પોતાના આત્માને ઓળખતો ધર્મી જીવ નિર્જરા કરે છે.

*

# પ્રસાદ નં. ૨૬૦

## સમયસાર કળશ ૧૬૨

*(અષાડ સુદ ૧૫, બુધવાર, ૨૦૦૭)*

## બધી વસ્તુને જાણનારું જ્ઞાન છે એવી કબૂલાત પ્રથમ કરવી જોઈએ

આત્માનો મૂળ સ્વભાવ જ્ઞાતાદ્રષ્ટા છે, પર્યાયમાં વિકાર જણાય છે તે આત્માનું ખરું સ્વરૂપ નથી. શરીર વગેરે પર છે. આત્મા જાણનાર છે એવી દ્રષ્ટિ કરવી તે ધર્મ છે. કોઈ કહે કે અરૂપી આત્મા તો દેખાતો નથી તો પછી કેવી રીતે નક્કી કરવો ? તેનું સમાધાન :—ભાઈ, આ પુસ્તક દેખાય છે તે કોણે જાણ્યું ? પુસ્તકને ખબર છે કે હું પુસ્તક છું ? અંદર ઉઘાડરૂપ જ્ઞાન ન હોય તો આ શું છે એમ કોણ નક્કી કરત ? અનાદિકાળથી જીવ બીજી બધી વસ્તુની હયાતી કબૂલ રાખે છે પણ પોતાની હયાતી કબૂલ રાખતો નથી. માટે પ્રથમ તો બધી વસ્તુને જાણનારું જ્ઞાન કબૂલવું જોઈએ.

જ્ઞાનની કબૂલાત કર્યા પછી વિચાર કરવો કે આ જે જ્ઞાનનો વિકાસ દેખાય છે તે ક્યાંથી આવે છે ? પરમાંથી આવે છે ? ના, પરમાંથી જ્ઞાન આવતું નથી ને જે પૂર્વપર્યાય ઓછા વિકાસવાળી હતી તેમાંથી વધારે થાય ? વળી તે તો વ્યયરૂપ છે. વધારે વિકાસનું કારણ ઓછા વિકાસવાળી પૂર્વ પર્યાય નથી પણ અંતર જ્ઞાનશક્તિ ધ્રુવ પડી છે તેમાંથી સમયે સમયે વિકાસ વ્યક્ત થાય છે.

## જે જ્ઞાન પદાર્થોની અવસ્થા જેમ છે તેમ જાણે, તે જ્ઞાન સમ્યક્ છે

કોઈપણ અવસ્થા પૂર્વમાં જેવી થઈ હતી તેમ જ્ઞાને જાણ્યું. વર્તમાન અવસ્થા જેવી થાય છે તેમ જ્ઞાન જાણે ને જેવી થશે તેમ જ્ઞાન જાણે. રોટલી કરતી વખતે આઠ વરસની સાચી દ્રષ્ટિવાળી દીકરી જાણે છે કે આ પિંડો પહેલા લોટરૂપે હતો, વર્તમાનમાં પિંડો છે ને હવે પછી તે પહોળો થઈને રોટલીની અવસ્થારૂપ થશે. આમ રોટલીની ત્રણે કાળની અવસ્થાનું તેને જ્ઞાન વર્તે છે. તેવી જ રીતે પૂર્વે અમુક પ્રકારનો રાગ હતો એમ જ્ઞાન જાણે. વર્તમાનમાં અમુક રાગ છે એમ જાણે—એમ રાગનું જ્ઞાન સ્વભાવના ભાનસહિત કરે તો યથાર્થ છે.

## જે જીવ પરની અવસ્થાનો તથા રાગનો ધણી થાય છે તથા પરથી જ્ઞાન થયું માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે

૧. મિથ્યાદ્રષ્ટિ જીવ જ્ઞાનને સ્વતંત્ર નહિ માનતાં પરને લીધે જ્ઞાન થયું માને છે. જ્ઞેયો આવ્યાં માટે જ્ઞાન થયું એમ માને છે તે ભ્રાંતિ છે.

૨. લોટની ગોરણારૂપ અવસ્થા ને રોટલીરૂપ અવસ્થા તેના પરમાણુના કારણે થાય છે એમ નહિ માનતાં રોટલી જીવથી થઈ, વેલણથી થઈ, ચકલાથી ને લોઢીથી થઈ એમ માનવું તે બધી ભ્રાંતિ છે. પરમાણુના સ્વભાવને નહિ જોતાં સંયોગોને જુએ છે તે ભ્રાંતિ છે. તેવી રીતે બધે સમજવું.

૩. દયાદાનાદિ ભાવો થાય તેને જાણવા જોઈએ, તેને બદલે મારાથી તે થયા એમ માની તેમાં જે અટકે એ જ ભ્રાંતિ છે.

હું જાણનાર છું તેવી પ્રતીતિ નહિ કરતાં આત્મા આખો રાગદ્વેષરૂપ થઈ ગયો તેવી પ્રતીતિ કરે છે ને પરની અવસ્થા મારાથી થાય છે એમ માને છે, તે ભ્રાંતિ ને પાખંડ છે.

## જ્ઞાની જીવને શંકાદિકૃત નવીન બંધ થતો નથી

સમ્યગ્દ્રષ્ટિને શંકાદિકૃત નવીન બંધ થતો નથી. કોઈ રૂપિયા આદિની પ્રવૃત્તિ થાય તો ધર્મી જીવ જાણે છે કે પૂર્વ પુણ્યના નિમિત્તે મળ્યા છે તેનો તે જ્ઞાતા રહે છે. હું જ્ઞાતા હઈશ કે મારી હોશિયારીથી આ રૂપિયા આવતા હશે તેવી શંકા તેને પડતી નથી. ભગવાન વીતરાગે કહેલું સાચું હશે કે અન્યમતવાળાએ કહેલું સાચું હશે તેમ શંકા પડતી નથી. વળી કોઈ સભામાં મને વાંચતા આવડે ને મોટો વક્તા થાઉં તો ઠીક, એવી ઇચ્છા ધર્મીને હોતી નથી કારણ કે તેને પોતાના સ્વભાવની મોટપ છે.

## અજ્ઞાની જીવ પરની વાંછા કરતો બંધની સૃષ્ટિ ઉત્પન્ન કરે છે

અજ્ઞાની જીવ માને છે કે આવું રૂપાળું શરીર હોય તો ઠીક, હજારો માણસો મારું વ્યાખ્યાન સાંભળતાં હોય તો ઠીક. પોતે જ્ઞાતા રહે તો ઠીક એમ નહિ માનતાં હું મોટો ઉપદેશક થાઉં તો ઠીક ને તે માટે વક્તાપણું શીખે છે કે જેથી લોકો મારી વાહવાહ બોલે. વળી કંઠ સારો હોય ને હાર્મોનિયમ વગાડતાં આવડતું હોય તો સભાના બધા માણસો સ્તબ્ધ થઈ જાય ને મારા સામું બધા જોયા કરે કે મારી વાહવાહ બોલે, એમ પર પદાર્થોની સન્મુખ જોતો, પરની અવસ્થા ઇચ્છતો,

પ્રશંસામાં અટકતો ને ઇચ્છતો પોતાના જ્ઞાતાસ્વભાવને ભૂલી જાય છે. આમ દ્રષ્ટિ વિપરીત હોવાથી બંધની સૃષ્ટિ ઉત્પન્ન થાય છે.

## જ્ઞાનીને પરની ઇચ્છા નથી. ઇચ્છારહિત સ્વભાવદ્રષ્ટિનું જોર છે તેથી નિર્જરા થાય છે

ધર્મી જીવને પર પદાર્થોની વાંછા હોતી નથી. પર પદાર્થો સામે જોવાને બદલે જ્ઞાતા સ્વભાવમાં ઢળું તો મારી ઇચ્છા તૂટી જાય–તેવી ભાવના ધર્મી કરે છે. અસ્થિરતાનો ભાવ થઈ આવે છે તે પર પદાર્થો મેળવવા થતો નથી પણ પોતાની નબળાઈથી થાય છે. તેનો પણ જ્ઞાતા રહે છે. જ્ઞાનીને ધંધા વેપાર વગેરે હોય છે પણ તેની ઇચ્છા લંગડી થઈ ગઈ છે. કારણ કે પરને લીધે ઇચ્છા થઈ એમ તે માનતો નથી ને સ્વભાવમાં ઇચ્છા નથી તેથી ઇચ્છાની મર્યાદા આવી જાય છે. તેને જાણે છે. હું અનંત શક્તિઓથી પરિપૂર્ણ છું—આમ હોવાથી જ્ઞાનીને નિઃશંકતા છે, નિઃકાંક્ષિતપણું છે, ગ્લાનિ નથી, મૂઢતા નથી તેથી નિર્જરા થાય છે.

## અજ્ઞાની જીવ પરને પ્રભુતા આપતો, સ્વની પ્રભુતા ચૂકતો સંસારમાં રખડે છે.

અજ્ઞાની જીવ તો પરને મોટો બનાવે છે. નામું ન આવડે તો શીખવા માટે ભિખારીવેડા કરે છે. તારે નામાની કળા જોઈએ છે કે ચૈતન્યની ? પણ અજ્ઞાનીને અંતરકળાની રુચિ થતી નથી. આ પુસ્તક—પાનાં વાંચતાં આવડે તો આપણી વાહવાહ કહેવાય. તો તારે પાનાં વાંચવાં છે કે આત્મા વાંચવો છે ? હું પંડિત છું એમ કોઈની પાસે કહેવડાવવું છે કે આત્માની પંડિતાઈ કરવી છે ? ઓછું વાંચતાં આવડે કે વધારે વાંચતા આવડે, તેની સાથે આત્મજ્ઞાનને સંબંધ નથી. અનંત શક્તિનો પિંડ પરમેશ્વર છો, તારે બીજી ચીજની જરૂર પડે તેમ નથી. દરેક ગુણ પોતાની પ્રભુતાથી ભરેલો છે. એક ગુણ બીજા ગુણને પ્રભુતા આપતો નથી. તો પછી ગુણોનો પિંડ એવો આત્મા બીજા આત્માને પ્રભુતા કેમ આપે ? ન જ આપે. એવું જે માનતો નથી તે મિથ્યાદ્રષ્ટિ છે. તે સંસારમાંથી છૂટવા ઇચ્છતો નથી.

## ધર્મી જીવને જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિના કારણે સમ્યક્જ્ઞાન ધારાવાહીપણે વહે છે તેથી ગમે તે ક્ષેત્રમાં હોય તોપણ શુદ્ધતા વધે છે.

ધર્મી જીવ પરને પ્રભુતા આપતો નથી. તેને નિર્જરાનો ઉદય થાય છે. એટલે ધર્મનો ઉદય થાય છે. જેટલી સિદ્ધિ મેળવવી છે તે બધી મારી શક્તિમાં પડી છે. તેમાંથી ધર્મ પ્રગટે છે. પુણ્ય-પાપનો ઉદય કહ્યો નથી પણ ધર્મનો ઉદય થાય છે એમ કહ્યું છે. તેથી પૂર્વે બાંધેલાં કર્મો નાશ પામે છે. જેવી રીતે હાથીના બહારના દાંત ચાવવામાં કામ આવતા નથી તેમ બહારના સંયોગો—પુણ્ય, કીર્તિ વગેરે અંતર શક્તિમાં કામ આવે એમ નથી. ધર્મીની દ્રષ્ટિ જ્ઞાયક સ્વભાવ ઉપર છે તેથી ચૈતન્યનું પૂર, જ્ઞાનદર્શન શક્તિઓનું પૂર વહ્યા કરે છે. ક્ષણે ક્ષણે વહ્યા કરે છે. જે જ્ઞાન સ્વભાવ શક્તિના આધારે પ્રગટ્યું છે તેમાં તૂટ પડે નહિ. જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની શક્તિમાં જ્ઞાનનું પૂર વહ્યા કરે છે. તે સમ્યગ્જ્ઞાનના પૂરને નિમિત્તના કે પુણ્યના ટેકાની જરૂર નથી. ધર્મી જીવ ધારાવાહી જ્ઞાનરૂપી રસનું પાન કરે છે. જેમ દારૂ પીધેલો માણસ નૃત્યના અખાડામાં નૃત્ય કરે છે તેમ નિર્મળ આકાશરૂપી રંગભૂમિમાં એટલે આકાશના ગમે તે ક્ષેત્રમાં જાય, ગમે ત્યાં જન્મે, તોપણ જ્ઞાનની એકતા ધારાવાહીરૂપે વહે છે. અજ્ઞાનીને અજ્ઞાનની ધારા વહે છે, જ્ઞાનીને જ્ઞાનની ધારા વહે છે ને શુદ્ધતા વધતી જાય છે.

## જ્ઞાનીને અલ્પ રાગદ્વેષને લીધે બંધ હોવા છતાં નિર્જરા કેમ કહો છો?

પ્રશ્ન : (૧) અજ્ઞાની જીવ વ્રત, તપ કરે ને શરીર જીર્ણ થાય તોપણ તેને નિર્જરા થતી નથી પણ બંધ થાય છે અને જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં હોય છતાં તેને ક્ષણે ક્ષણે નિર્જરા થતી જાય છે ને બંધ થતો નથી એમ તમે કહેતા આવ્યા છો પરંતુ શાસ્ત્રમાં અવિરત સમ્યગ્દ્રષ્ટિ વગેરેને બંધ કહેવામાં આવ્યો છે. ચોથે ગુણસ્થાને આત્માનું ભાન હોય પણ આસક્તિ છૂટી નથી. અનંતાનુબંધી કષાય તૂટી ગયો છે પણ ત્રણ કષાય બાકી છે. શુભાશુભભાવ પણ હોય છે ને તેથી શાસ્ત્રમાં તેને બંધ કહ્યો છે. પાંચમે ગુણસ્થાને વેપારધંધા વગેરેના પરિણામ હોય. મુનિને પણ અલ્પ રાગ હોય છે. દસમા ગુણસ્થાન સુધી રાગનો સદ્ભાવ હોય છે ને બંધન છે એમ કહ્યું છે.

(૨) વળી ઘાતિકર્મોનું કાર્ય આત્માના ગુણોનો ઘાત કરવાનું છે. સમ્યગ્દ્રષ્ટિને સર્વદર્શી શક્તિ ઉઘડી નથી, તેમાં દર્શનાવરણીય નિમિત્ત છે. નીચેની ભૂમિકામાં મતિશ્રુતજ્ઞાન હોય છે. કોઈને અવધિ અથવા મનઃપર્યયજ્ઞાન હોય છે— એમ જ્ઞાન હીણું છે ને તેમાં જ્ઞાનાવરણીય નિમિત્ત છે. વળી અનંત સુખ પ્રગટ નથી

ને તેમાં ચારિત્રમોહ નિમિત્ત છે. પોતાનું અનંતવીર્ય પ્રગટ નથી ને તેમાં અંતરાયકર્મ નિમિત્ત છે. આ પ્રમાણે ગુણોનો ઘાત વિદ્યમાન છે.

(૩) જ્ઞાની પોતાના કારણે શુભાશુભભાવોમાં પણ જોડાય છે ને તેમાં ચારિત્ર મોહનીય કર્મ નિમિત્ત છે. તેથી તેને નવીન બંધ પણ થાય છે. છતાં તમો કહો કે તેને બંધ નથી પણ સમયે સમયે નિર્જરા થાય છે, તો તેનું કારણ શું ?

(૪) સમ્યગ્દ્રષ્ટિને રાગદ્વેષનાં પરિણામ છે છતાં તમો બંધ કેમ કહેતા નથી પણ નિર્જરા કહો છો? તો મિથ્યાદ્રષ્ટિને મિથ્યાત્વ ને અનંતાનુબંધીનો ઉદય હોવા છતાં તેને બંધ નથી એમ પણ કેમ ન મનાય ? જ્ઞાનીને મોહ હોવા છતાં બંધ નથી, તો અજ્ઞાનીને પણ મિથ્યાત્વ હોવા છતાં બંધ નથી, એમ કેમ માનતા નથી ?

## સમ્યગ્દ્રષ્ટિને લડાઈના પરિણામ હોવા છતાં શ્રદ્ધા ખોટી નથી, આત્માનું સમ્યક્ભાન છે તેથી તેને મુખ્યપણે બંધ નથી પણ નિર્જરા છે એમ કહ્યું છે.

**સમાધાન :—**બંધ થવામાં મુખ્ય કારણ ઊંધી શ્રદ્ધા ને અનંતાનુબંધી કષાયના પરિણામ છે. સમ્યગ્દ્રષ્ટિને તેનો અભાવ છે. રાગરહિત, સયોગરહિત જ્ઞાતાદ્રષ્ટાનું ભાન વર્તે છે. અલ્પ રાગછે તેના જ્ઞાતા છે. એક રજકણના કે રાગના સ્વામી નથી. ઋષભદેવ ભગવાનનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હતું. તેમાંથી ૮૩ લાખ પૂર્વ વરસ સંસાર અવસ્થામાં રહ્યા. છતાં સમ્યક્ભાન હતું. જ્ઞાનીને બંધનાં મુખ્ય કારણ મિથ્યાત્વ તથા અનંતાનુબંધીનો અભાવ છે. તેથી તેને મુખ્યપણે બંધનો અભાવ છે ને નિર્જરા થાય છે એમ કહ્યું છે.

## સમ્યગ્દ્રષ્ટિને અલ્પ બંધ હોવા છતાં મિથ્યાદર્શનનો અભાવ હોવાથી અનંત સંસારના કારણરૂપ બંધ થતો નથી.

સમ્યગ્દ્રષ્ટિને પોતાની નબળાઈને કારણે રાગદ્વેષ વર્તે છે ને નિમિત્તરૂપે ચારિત્રમોહનીય કર્મ છે. તેથી પોતાને અનંત સુખ પ્રગટ્યું નથી તથા મિથ્યાત્વ—અનંતાનુબંધી અને તેની સાથે રહેનારી અન્ય પ્રકૃતિઓ સિવાય ઘાતિકર્મોની પ્રકૃતિઓનો અલ્પ સ્થિતિ અનુભાગવાળો બંધ તેમ જ બાકીની અઘાતિકર્મોની પ્રકૃતિઓનો બંધ થાય છે. ૮ કર્મની પ્રકૃતિઓ ૧૪૮ છે તેમાંથી ૪૧ પ્રકૃતિનો બંધ કદી પણ થતો નથી. અસ્થિરતાના અલ્પ રાગદ્વેષને લીધે ચારિત્ર મોહનીયકર્મની પ્રકૃતિઓ બંધાય તો અલ્પ સ્થિતિ—અનુભાગવાળી બંધાય છે. મિથ્યાદ્રષ્ટિને ૭૦

ક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિવાળો મોહનીયકર્મનો બંધ પડે છે. તેવો બંધ જ્ઞાનીને પડતો નથી. અનંત સંસારનું કારણ તો મિથ્યાત્વ-અનંતાનુબંધી જ છે. આ પરવસ્તુ મેં છોડી ને ગ્રહણ કરી એવા મિથ્યાભાવ ને તેની સાથે રહેલો કષાય જ અનંત સંસારનું કારણ છે. તેથી મિથ્યાદ્રષ્ટિને બંધનો અભાવ કહી શકાતો નથી ને જ્ઞાની થતાં તેને પર પદાર્થના તથા રાગના કર્તૃત્વરૂપી મિથ્યાભાવનો અભાવ છે તેથી તે પ્રકારનો બંધ થતો નથી.

## મિથ્યાત્વરૂપી મૂળ કપાયા પછી અસ્થિરતારૂપી પાંદડાં મર્યાદિત સમયમાં નાશ પામે છે ને વીતરાગતા પ્રગટે છે

જ્યાં આત્મા જ્ઞાની થયો ત્યાં અન્ય અલ્પ બંધની ગણતરી કોણ કરે ? વૃક્ષનું મૂળ કપાતાં ઘણાં પાંદડાં હોય તો પણ થોડા વખતમાં સુકાઈ જાય છે. મૂળ સાજું હોય ને પાંદડાં તોડી નાખે તોપણ પાંદડાં ફરી પાંગરી જાય છે. તેમ ચૈતન્ય વસ્તુ સ્વતંત્ર છે, રાગ સ્વતંત્ર છે. પર વસ્તુ સ્વતંત્ર છે. એક એક આત્મા સ્વતંત્ર, રાગરહિત શુદ્ધ સ્વભાવી છે—એવા ભાન વિના તપ ને ક્રિયાકાંડ કરી પાંદડાં તોડે તોપણ મિથ્યાત્વનું મૂળ સાજું હોવાથી વૃક્ષની જેમ સંસાર ફાલ્યો ફુલ્યો રહે છે ને તેથી મિથ્યાદ્રષ્ટિને બધી પ્રકૃતિનો બંધ છે.

જગતે વસ્તુસ્વરૂપનો વિચાર કર્યો નથી. અજ્ઞાની કમાણી કરે, જલસા કરે, પૈસાની મીઠાશ માનીને આકુળતા વેદે છે. પરની મોટપે પોતાની મોટપ માને છે ને પરની હીણપે પોતાની હીણપ માને છે પણ પૈસા, બૈરાં, છોકરાં, શરીર, કર્મથી જુદો છે, વિકારથી રહિત છે એમ પોતાના જ્ઞાનસ્વભાવનો મહિમા લાવે તો બીજા બધાનો મહિમા ઉડી જાય. સાચું ભાન થતાં તેને સંસારની અવધિ આવી જાય છે ને વીતરાગતા પ્રગટે છે.

## પૈસા સુખનું કારણ નથી, પૈસાનો અભાવ દુઃખનું કારણ નથી. અજ્ઞાન જેવું દુઃખ નથી ને જ્ઞાન જેવું સુખ નથી

આ અધ્યાત્મશાસ્ત્રમાં સામાન્યપણે જ્ઞાની—અજ્ઞાની હોવા વિષે જ પ્રધાન કથન છે. સાચી દ્રષ્ટિવાળાને બંધ થતો નથી ને ખોટી દ્રષ્ટિવાળો મુનિ હોય તોપણ તેને બંધન થાય છે એમ પ્રધાન કથન છે. જ્ઞાની થયા પછી (ગૃહસ્થ હોય તોપણ) જે કાંઈ કર્મ રહ્યાં હોય તે સહજ જ મટતાં જવાનાં. નીચેનાં દ્રષ્ટાંત પ્રમાણે જ્ઞાનીનું

સમજવું. કોઈ પુરુષ દરિદ્ર હોવાથી ઝુંપડીમાં રહેતો હતો. તેને ભાગ્યના ઉદયથી ધનસહિત મોટા મહેલની પ્રાપ્તિ થઈ તેથી તે મહેલમાં રહેવા ગયો.

(૧) પ્રથમ તો જે જીવને આ દ્રષ્ટાંત સાંભળીને જ પૈસાના ગલગલિયાં થાય ને વિચારે કે આપણને પણ આવો મહેલ મળી જાય તો કેવું સારું, તે તો સ્થૂલ અજ્ઞાની છે.

(૨) વળી કોઈ બીજો જીવ જંગલમાં જતાં ખાણમાં અથવા ભોંયરામાં રૂપિયાની પ્રાપ્તિ થાય ને વિચારે કે આ રૂપિયા મને તો ઠીક પણ જગતના ગરીબોને કામ લાગશે તો એમ માનનાર મૂઢ છે. ગરીબ માણસ દુઃખી છે, તે પૈસાના અભાવે દુઃખી નથી, પૈસાનો અભાવ દુઃખનું કારણ હોય તો સિદ્ધો, કેવળીઓ અને મુનિઓને પૈસાનો અભાવ વર્તે છે તો તેઓ બહુ દુઃખી હોવા જોઈએ; પણ તેઓ તો સુખી છે. માટે પૈસાનો અભાવ દુઃખનું કારણ નથી.

(૩) પૈસા વગર મને ન ચાલે તથા પૈસામાં સુખ છે એવી માન્યતા—અજ્ઞાનભાવ તે દુઃખનું કારણ છે ને પૈસારહિત—વિકારરહિત શુદ્ધસ્વભાવનું જ્ઞાન તે સુખનું કારણ છે—તેથી જ્ઞાની પૈસાને જ્ઞેય તરીકે જાણે છે પણ સ્વ તથા પરને કોઈને પણ લાભ—નુકશાનનું કારણ માનતા નથી.

## અજ્ઞાનીના વ્રત, તપ ને ક્રિયાકાંડરૂપી કાંકરાથી ચૈતન્યરૂપી હીરાની પ્રાપ્તિ થતી નથી.

એક માણસ ઝવેરીને ત્યાં જતો આવતો. તેને લાગ્યું કે હીરાની કિંમત બહુ છે, હીરાની ખબર નહિ તેથી નદીમાંથી ઝીણા ઝીણા ચકચકતા પત્થર દોઢશેર જેટલા ભેગા કર્યા. પછી ઝવેરીને ત્યાં ગયો ને પૂછ્યું કે આ હીરાની શું કિંમત આવશે ? ઝવેરીએ કહ્યું કે આ હીરા નથી, ઝીણા ચમકવાળા પત્થર છે. હીરાની કિંમત તો ન આવે પણ હીરાને જોખવાના કાટલા માટે પણ કામ આવે એવા નથી માટે ફેંકી દેવા પડશે. તેમ જ્ઞાનીના બહારના શુભભાવો જોઈને અજ્ઞાનીએ વિચાર્યું કે જ્ઞાની શુભભાવો કરે છે તો જરૂર તેમાં ધર્મ થતો હશે—તેમ વિચારી દયાદાનના પરિણામ તથા વ્રત, તપ, ક્રિયાકાંડ કરીને સુકાઈ ગયો. જ્યાં ધર્મી ગુરુ પાસે પરીક્ષા કરાવી ત્યાં ગુરુએ કહ્યું કે આત્માના ભાન વિના તારાં બધા વ્રત-તપ-ક્રિયાકાંડ ફોક છે. પથરા ફેંકી દેવા લાયક છે. પાંચીકાને હીરાની કિમત મળતી નથી તેમ અજ્ઞાન ક્રિયાકાંડ ફેંકી દેવા લાયક છે એટલે ધર્મ માની કરવા જેવા નથી, તેનાથી ધર્મની કિંમત મળતી નથી.

## સાચી શ્રદ્ધા થતાં જીવ પોતાના ચૈતન્ય સ્વભાવરૂપી મહેલનો ધણી થાય છે ને ક્રમે કરીને વીતરાગદશા પ્રાપ્ત કરી પરમ આનંદને અનુભવશે.

અહીં તો દ્રષ્ટાંત જ્ઞાનીમાં ઉતારવાનું છે. અનાદિથી જીવ શરીરથી, પૈસાથી, પુણ્યથી લાભ માની રાંકાવેડા કરતો હતો. તે દરિદ્ર હતો પણ સદ્‌ગુરુનો યોગ મળ્યો ને પોતે પુરુષાર્થ કર્યો. ખોટી દ્રષ્ટિ છોડી રાગરહિત શુદ્ધ ચૈતન્ય સ્વભાવરૂપી મહેલને પોતાનો માનવા લાગ્યો. દ્રષ્ટાંત :

જો કે તે મહેલમાં ઘણા દિવસનો કચરો ભર્યો હતો તોપણ જે દિવસે તેણે આવીને મહેલમાં પ્રવેશ કર્યો તે દિવસથી જ તે મહેલનો ધણી બની ગયો, સંપદાવાન્ થઈ ગયો. હવે કચરો ઝાડવાનો છે તે અનુક્રમે પોતાના બળ અનુસાર ઝાડે છે. જ્યારે બધો કચરો ઝડાઈ જશે અને મહેલ ઉજ્જવળ બની જશે ત્યારે તે પરમાનંદ ભોગવશે ! તે મુજબ જ્ઞાનીમાં સમજવું.

અનાદિથી અજ્ઞાની પરમાં સુખ માનતો. તેને હવે ભાન થયું છે કે અહો ! જ્ઞાનદર્શનચારિત્રનો પિંડ, વિકારરહિત સંપદાવાન મારો આત્મા છે. એવું ભાન થતાં ચૈતન્યરૂપી મહેલનો સ્વામી થયો. પુણ્ય-પાપના ભાવોમાં, પૈસામાં મોટાઈ માની ભિખારાપણું કરતો, તે જ દરિદ્રપણું હતું. ધર્મી જીવ સ્વભાવની રુચિ થતાં ચૈતન્યનો સ્વામી થયો. હવે જ્યારે સ્વામી થયો ત્યારે પૂર્વે અજ્ઞાનદશામાં બાંધેલાં કર્મ પડેલાં છે. પોતાના શુદ્ધ ચૈતન્યના ભાન ને સ્થિરતા દ્વારા ધર્મની વૃદ્ધિ કરશે ને વીતરાગતા વધારશે ને અશુદ્ધતાનો નાશ થશે, તેથી કર્મોનો ક્રમે ક્રમે નાશ થશે ને સર્વથા વીતરાગદશા, કેવળજ્ઞાન થતાં સર્વે કર્મોનો ક્ષય થશે ને પરમ આનંદ, પવિત્ર દશા—મોક્ષદશાના આનંદને અનુભવશે.

*

# પ્રસાદ નં. ૨૬૧

## સમયસાર કળશ ૧૬૨

*(અષાડ વદ ૧, ગુરુવાર, ૨૦૦૭)*

## શુદ્ધ ચૈતન્યસ્વભાવ અને વિકારની એકત્વ બુદ્ધિરૂપી મૂળ ગાંઠને સમ્યગ્જ્ઞાન વડે કાપી નાખવાથી ચોરાશીના અવતારરૂપી વેલાનો નાશ થાય છે.

આ જગતમાં મિથ્યાત્વ જેવું કોઈ પાપ નથી. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છે તેમાં વિકાર નથી. શુભાશુભ પરિણામો બધા વિભાવભાવ છે, અનિત્ય છે. તે વિકારી ભાવને ત્રિકાળ નિરુપાધિ સ્વભાવભાવ સાથે એક કરવા તથા શરીરની ક્રિયા હું કરી શકું છું—એવો મિથ્યાભાવ કરવો એ જ સંસારનું મૂળ છે. વિકારને શુદ્ધસ્વભાવથી ભેદ પાડી સાચી સમજણ કરી પોતાના જ્ઞાતા સ્વભાવ સાથે એકત્વ કરે તે સમ્યક્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. તેના વડે સંસારની મૂળ ગાંઠ નાશ પામે છે. આખા ખેતરમાં ચીભડાનો વેલો પથરાયો હોય, તેનું મૂળ શોધી તેને કાપી નાખે તો તે કરમાઈ જાય છે તેમ ચોરાશીના અવતારના વેલા ફાટ્યા છે. તે વેલાનું મૂળ મિથ્યાત્વ છે. તેને સમ્યગ્જ્ઞાન વડે કાપી નાખવાથી સંસારનો અંત આવે છે.

## જે જ્ઞાન પરપદાર્થમાં ને પુણ્યમાં એકત્વ કરતું તે જ્ઞાન પલટીને પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવ સાથે એકત્વ કરે તે અંતર્જ્ઞાન ક્રિયા છે. તે જ ધાર્મિક ક્રિયા છે.

મિથ્યાદ્રષ્ટિ આ વસ્તુ ત્યાગું ને આવી ક્રિયા કરું તો ધર્મ થાય એમ માની પોતાના જ્ઞાતા સ્વભાવને ચૂકીને દરિદ્રી થઈ રહ્યો હતો ને નરક નિગોદાદિ ચારે ગતિમાં રખડતો. પણ પુરુષાર્થ દ્વારા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ રત્ન ચિંતામણી તેને પ્રાપ્ત થયું એટલે કે અંતર જ્ઞાને પલટો ખાધો. બહારમાં જીવ મરે કે ન મરે તેનાથી પુણ્ય-પાપ નથી. પોતાના પરિણામથી પુણ્ય-પાપ છે. પરના કારણે પુણ્ય-પાપ કે ધર્મ નથી. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છે. એવા ભાન સહિત ચૈતન્ય મહેલનો સ્વામી થયો. અનંત શક્તિનો આખો પ્રભુ મળ્યો—ખ્યાલમાં આવી ગયો. આમ અનંતા ગુણોનો આદર થવો—એ જ અનંત સંસારને કાપે છે ને મોક્ષને પમાડે છે. આનું નામ અંતરક્રિયા, ધાર્મિક ક્રિયા છે.

**ટીકા :—**આ પ્રમાણે નિર્જરા રંગભૂમિમાંથી બહાર નીકળી ગઈ.

**<u>ભાવાર્થ :—</u>**એ રીતે, નિર્જરા કે જેણે રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો, તે પોતાનું સ્વરૂપ પ્રગટ બતાવીને બહાર નીકળી ગઈ. ।।૨૩૬।।

હવે આ અધિકારની બધી ગાથાનો ટૂંકસાર પંડિત જયચંદ્રજી નીચેના કાવ્યમાં કહે છે.

**સમ્યક્વંત મહંત સદા સમભાવ રહૈ દુઃખ સંકટ આયે,**
**કર્મ નવીન બંધૈ ન તવૈ અર પૂરવ બંધ ઝડે વિનભાયે,**
**પૂરણ અંગ સુદર્શનરૂપ ધરૈ નિત જ્ઞાન બઢૈ નિજ પાયે,**
**યોં શિવ મારગ સાધિ નિરંતર આનંદરૂપ નિજાતમ થાયે.**

## <u>સમ્યગ્દ્રષ્ટિને શુદ્ધ ચૈતન્ય લક્ષ્મીની પ્રાપ્તિ થઈ છે માટે સંસારમાં હોવા છતાં તે મહાત્મા છે.</u>

સાચી દ્રષ્ટિવાળો જીવ શુદ્ધ આત્માનું ભાન હોવાના કારણે મહાત્મા છે. મિથ્યાઅવસ્થામાં દેહની ક્રિયા ને પુણ્યની ક્રિયાને પોતાની માનીને પોતાનું જ્ઞાન સંકોચ પામતું પણ પર પદાર્થની ક્રિયા આત્મા કરી શકતો નથી. શુભાશુભ ભાવો વિકાર છે તેનાથી રહિત આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એમ ભાન થતાં ભિખારી વેડાનો નાશ થયો ને આત્મ લક્ષ્મીની પ્રાપ્તિ થઈ, માટે તે મહાત્મા છે તે સંસારમાં હોવા છતાં મહાત્મા છે.

## <u>સમ્યગ્દ્રષ્ટિ લડાઈના સંયોગોમાં દેખાતા હોય તો પણ તે સમભાવમાં વર્તે છે ને મિથ્યાદ્રષ્ટિ મુનિ અનુકંપાના ભાવમાં હોય તો પણ વિષમ ભાવમાં વર્તે છે.</u>

ધર્મીજીવ અનુકૂળતામાં સુખ માનતો નથી ને પ્રતિકૂળતામાં દુઃખ માનતો નથી. તેને સદા સમભાવ વર્તે છે. સમકિતી રાજાને કદાચિત લડાઈના અશુભ પરિણામ હોય તે વખતે તે હુકમ કરે કે દુશ્મનને મારો; તો તે વખતે પણ તેને સમભાવ વર્તે છે કારણ કે તેને આત્માનું ભાન છે. આત્મા શરીરાદિની ક્રિયા કરી શકતો નથી. કોઈ જીવને મારી શકતો નથી. પોતાના કારણે અલ્પદ્વેષ છે તેનો જ્ઞાતા છે. પોતાનું શુદ્ધ સ્વરૂપ તો દોષરહિત છે આવા ભાનને લીધે તેને સમભાવ વર્તે છે. મિથ્યાદ્રષ્ટિ મુનિ ૨૮ મૂળગુણનું પાલન કરતો હોય, અનુકંપાનો ભાવ કરતો હોય ને જીવ બચતો દેખાતો હોય તો પણ તે જીવની રક્ષા કરી શકું છું એવી તેને માન્યતા હોવાથી તે અજ્ઞાની છે, તેને વિષમભાવ વર્તે છે, તેને એક પણ કર્મનો નાશ થતો નથી. તે અનંત સંસારી રહે છે.

## સમ્યગ્દ્રષ્ટિ જીવને શુદ્ધતા વધે છે ને ક્રમે કરીને પૂર્ણ આનંદ દશા–મોક્ષદશાને પામે છે

સમ્યગ્દ્રષ્ટિ જીવની દ્રષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર છે તેથી તેને નવાં કર્મો બંધાતા નથી ને પૂર્વે બાંધેલા કર્મો વગર પ્રયત્ને ટળી જાય છે એટલે કે શુદ્ધ ચૈતન્ય ઉપર તેની દ્રષ્ટિ હોવાથી કર્મો એની મેળે ખરી જાય છે. નવો બંધ પડતો નથી. ધર્મી જીવે નિઃશંકતા આદિ આઠ ગુણો જે કહેવાઈ ગયા તે ધારી રાખ્યા છે તેથી તેને પોતાના જ્ઞાનમાં એકાગ્રતા વધતી જાય છે. પુણ્ય-પાપના વિકારી ભાવો વધતા નથી પણ અશુદ્ધતા ટળતી જાય છે ને શુદ્ધતા વધતી જાય છે. આ પ્રમાણે ધર્મી જીવે કલ્યાણમાર્ગ ને મોક્ષમાર્ગ સાધ્યો છે ને ક્રમે કરી આગળ વધીને પોતાના આનંદ સ્વરૂપ—નિજ આત્મસ્વરૂપમાં પરિપૂર્ણ સ્થિરતા કરીને નિરંતર આનંદને અનુભવશે એટલે કે પૂર્ણ પવિત્રદશા—મોક્ષને પામશે.

આમ આ સમયસાર ગ્રંથની આત્મખ્યાતિ નામની ટીકાની પંડિત જયચંદ્રજી કૃત ભાષા વચનિકામાં છઠ્ઠો નિર્જરા અધિકાર પૂર્ણ થયો.

*

# ૭ બંધ અધિકાર

**રાગાદિકથી કર્મનો બંધ જાણી મુનિ રાય,**
**તજે તેહ સમભાવથી, નમું સદા તસુ પાય.**

વચનિકાકાર પંડિત જયચંદ્રજી આ અધિકાર શરૂ કરતાં મંગલિક કરે છે.

## “શુદ્ધ ચૈતન્યના ભાનને એકાગ્રતાથી બંધનને છોડે છે એવા મહામુનિને નમસ્કાર.”

બંધનનું કારણ મિથ્યાત્વ, રાગ, દ્વેષ છે. બીજું કોઈ કારણ નથી. પુણ્ય-પાપ સાથે એકત્વ બુદ્ધિ કરવી તે બંધન છે. રાગ વિકાર છે, રાગની રુચિને અહીં રાગ કહ્યો છે. **રાગ તે ચારિત્રનો દોષ છે પણ રાગની રુચિ અથવા પ્રીતિ તે મિથ્યાત્વનો દોષ છે.** રાગ તો શ્રાવકને તેમ જ મુનિઓને પણ હોય છે. પણ આ શુભરાગ ઠીક છે એવી જે ભ્રાન્તિ, એ જ અનંત સંસારનું કારણ છે. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે તેમ નહિ માનતાં પુણ્ય-પાપથી લાભ છે એવી માન્યતા તે કર્મ બંધનનું કારણ છે, એમ મુનિઓ જાણે છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવના ભાનને એકાગ્રતા દ્વારા—સમભાવ

દ્વારા, બંધનને તજે છે (બંધ થતો નથી) એવા મહા મુનિઓના ચરણકમળમાં હું નમસ્કાર કરું છું.

પ્રથમ ટીકાકાર અમૃતચંદ્ર આચાર્ય ભગવાન કહે છે કે હવે બંધ પ્રવેશ કરે છે. જેમ નૃત્યના અખાડામાં વેશ લઈને નાટકિયા પ્રવેશ કરે છે તેમ રંગભૂમિમાં બંધતત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે.

ત્યાં પ્રથમ જ સર્વ તત્વોને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે, તે બંધને દૂર કરતું પ્રગટ થાય છે; એવા અર્થનું મંગળરૂપ કાવ્ય કહે છે :—

## શ્લોક ૧૬૩

**અર્થ :—**જે (બંધ) રાગના ઉદયરૂપી મહારસ (દારૂ) વડે સમસ્ત જગતને પ્રમત્ત (–મત્તવાલું, ગાફેલ) કરીને, રસના ભાવથી (અર્થાત્ રાગ રૂપી ઘેલછાથી) ભરેલાં મોટા નૃત્ય વડે ખેલી (નાચી) રહ્યો છે એવા બંધને ઉડાડી દેતું—દૂર કરતું, જ્ઞાન ઉદય પામે છે. કેવું છે જ્ઞાન ? આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે. પોતાની જાણનક્રિયા રૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે. ધીર છે, ઉદાર (અર્થાત્ મોટા વિસ્તારવાળું, નિશ્ચળ) છે, અનાકુળ (અર્થાત્ જેમાં કાંઈ આકુળતાનું કારણ નથી એવું) છે, નિરુપાધિ (અર્થાત્ પરિગ્રહ રહિત, જેમાં કાંઈ પરદ્રવ્ય ગ્રહણ-ત્યાગ નથી એવું) છે.

## "શુદ્ધ સ્વભાવ ને વિભાવની એકત્વ બુદ્ધિરૂપી દારૂ વડે બધા અજ્ઞાની ગાફેલ બન્યા છે."

અનંત સંસારનું બંધન કેમ છે ? આત્માનો વિકાસ કેમ રોકાણો છે ? શુદ્ધ ચૈતન્ય સ્વભાવ અવસ્થામાં કેમ રૂંધાણો છે ? તેના બારણાં કેમ બંધ છે ? તે બતાવે છે. ચૈતન્ય ૠદ્ધિ અંતરમાં છે. બહારથી લાવવી પડતી નથી. જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવને ચૂકીને પરમાં સુખ માની જે લાગણીઓ ઊઠે છે તે વિભાવને તથા શુદ્ધ સ્વભાવને એક માનવો તે મિથ્યાત્વ છે. તે મિથ્યાત્વરૂપ દારૂના રસથી જ્ઞાની સિવાયનું સમસ્ત જગત ગાંડુ બન્યું છે. ચૈતન્ય સ્વભાવમાં વિકાર નથી છતાં સ્વભાવમાંથી રાગ થાય છે તેવી બુદ્ધિને રાગ રસ કહે છે. આવી રાગની એકત્વબુદ્ધિથી દુનિયા મસ્ત થઈ રહી છે. રાગરૂપી ઘેલછા સંસારનું મૂળ છે. મોહી જીવો મોહમાં નાચી રહ્યાં છે. ચૈતન્ય સ્વભાવ અબંધ છે, તેમ નહિ માનતાં શરીરાદિની ક્રિયા મારાથી થાય છે એવી માન્યતાને તથા વસ્તુ સ્વભાવમાંથી વિકાર આવે છે એવી બુદ્ધિને ઘેલછા કહે છે.

## "અજ્ઞાની જીવો પર્યાય બુદ્ધિની ઘેલછાથી નાચી રહ્યા છે."

પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે સ્વરૂપનો વિકાસ થાય છે. આત્મા તો મોક્ષની પર્યાય પ્રગટ કરે તેવો છે. બંધનભાવ પ્રગટ કરે તેવો આત્મા નથી. આત્મામાં સિદ્ધ થવાની તાકાત છે, તેનું જેને ભાન નથી ને બાહ્યથી ધર્મ માને છે તે અજ્ઞાની છે. સ્વભાવ બુદ્ધિ કરતો નથી ને પર્યાય બુદ્ધિ કરે છે. આવો જીવ મુનિ થાય, શરીરના કટકા થવા છતાં ગુસ્સો ન કરે, ઉપવાસ કરે, ભિક્ષા લ્યે તો હાથમાં ઊભા ઊભા લ્યે, કાંઈ પરિગ્રહ ન રાખે, ઉત્કૃષ્ટ શુભભાવ કરી નવમી ગ્રૈવેયક જાય છે છતાં શુદ્ધ સ્વભાવની ખબર નથી તેથી રાગના રસમાં ઘેલછાથી નાચી રહ્યો છે. સંસારમાં રખડ્યા કરે છે. મોટા નૃત્ય વડે નાચી રહ્યો છે એટલે કે તીવ્ર પર્યાયબુદ્ધિ કરીને અનંત અવતાર ધારણ કરીને મિથ્યાત્વ રૂપી દારૂની ઘેલછામાં નાચી રહ્યો છે.

## "જીવ અજ્ઞાનદશામાં આકુળતાને વેદે છે જ્ઞાનદશામાં અનાકુળ અમૃતરસને આસ્વાદે છે."

હવે સમ્યક્જ્ઞાન ઉદય પામે છે ને મિથ્યાત્વના બંધને ઉડાડે છે—દૂર કરે છે. જ્ઞાન ઉદય પામે છે—પ્રગટ થાય છે તેથી મિથ્યાત્વ ઉત્પન્ન થતું નથી—તેને ઉડાડી દીધું એમ કહેવામાં આવે છે. કેવું છે જ્ઞાન ? આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે. જેવો સિદ્ધ ભગવાનને નિરાકુળ શાંતિનો અનુભવ છે તેવો અંશે અનુભવ સમ્યક્દ્રષ્ટિને થાય છે. અજ્ઞાન દશામાં પુણ્ય-પાપનો અનુભવ કરતો તે ઝેરનું ભોજન હતું. સમ્યક્દર્શન થતાં—ધર્મની પહેલી કળા ખીલતાં શાંત અનાકુળ રસનો અનુભવ કરે છે. આત્માના આનંદનો ખોરાક લ્યે છે. અજ્ઞાનદશામાં રોટલાંને લાડવામાં આનંદ માનતો, ત્યાં પણ લાડવા લઈ શકતો નથી તેમ જ છોડી શકતો નથી. પણ અજ્ઞાન, રાગ ને દ્વેષ, ખાતો ને હાલકલોલક થતો. તે હવે ચૈતન્યનો અનુભવ થવા લાગ્યો. શુદ્ધ સ્વભાવ સાથે એકતા થઈ, આકુળતા વ્યય થઈ, અનાકુળતા પ્રગટી તે ધર્મ ક્રિયા છે.

## "તિર્યંચનો જીવ પણ સમ્યક્જ્ઞાન થતાં સિદ્ધના જેવો અંશે આનંદ અનુભવે છે."

આજે ભગવાન મહાવીરનો દિવ્યધ્વનિનો દિવસ છે. વીતરાગ ભગવાને જ્ઞાનમાં જેવું જોયું તેવું તેમની વાણીમાં આવ્યું. સ્વભાવદ્રષ્ટિ કરતાં અંતરઆનંદનો

અનુભવ થાય છે. આવો અનુભવ સમ્યગ્દ્રષ્ટિ તિર્યંચને પણ થાય છે. સમ્યગ્દ્રષ્ટિ હાથી, પચીશમણ ખોરાક ખાતો દેખાતો હોય પણ અંતરમાં તો તે આત્માના રસને ખાઈ રહ્યો છે. શ્રી રામચંદ્રજીના ભાઈ ભરતજીએ વૈરાગ્ય પામીને દીક્ષા લીધી ત્યારે જે હાથી ઉપર બેસીને તેઓ ગયા હતા તે હાથીને જાતિસ્મરણજ્ઞાન થાય છે. પૂર્વભવનો ભરત સાથેનો સંબંધ યાદ આવે છે, વૈરાગ્ય પામે છે, ઉપવાસ કરે છે, પછી પ્રજાજનો તેને પારણું કરાવે છે. આ હાથીને સમ્યક્જ્ઞાન થયું છે. હાથીનું શરીર તો ઉપરનું ચામડું છે. અંદર ચૈતન્ય સ્વરૂપ આત્મા બિરાજે છે ને પોતાની પર્યાયને સ્વભાવ સાથે એકત્વ કરી સિદ્ધના જેવો અંશે અનુભવ તે જીવ કરે છે.

## "જ્ઞાતાદ્રષ્ટા આત્માને જાણવારૂપ ક્રિયા એ એક જ ધાર્મિક ક્રિયા છે તેનાથી શુદ્ધતા વધે છે ને મોક્ષ પમાય છે."

(૧) પુણ્ય-પાપ તે હું નહિ, હું તો જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વરૂપી છું—એ રૂપે પરિણમવું એ જાણનક્રિયા છે, તે ધાર્મિક ક્રિયા છે.

(૨) પર પદાર્થના ગ્રહણ-ત્યાગ તે આત્માની ક્રિયા નથી.

(૩) શુભાશુભ ભાવો કરવા એ પણ આત્માની ક્રિયા નથી.

(૪) શુભાશુભ ભાવો છોડવા એ પણ આત્માની ક્રિયા નથી. પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમાં સ્થિર રહેતાં શુભાશુભ ભાવો ઉત્પન્ન થતા નથી, તેને શુભાશુભભાવો છોડ્યા એમ કહેવામાં આવે છે.

(૫) વળી કેટલાકને એમ થઈ ગયું છે કે આત્મા શુદ્ધ છે એ આપણે સાંભળ્યું. હવે આપણે સમજી ગયા છીએ, એમ માની સ્વચ્છંદ સેવે છે—તે પણ અટકેલા છે.

(૬) અજ્ઞાની જીવો ધર્મને દુઃખદાયક માને છે અથવા ચારિત્રને કષ્ટદાયક માને છે; તે ભ્રમણા છે. ધર્મ કષ્ટદાયક હોઈ શકે નહિ.

(૭) શુદ્ધ સ્વભાવના ભાન સહિત જે જાણન ક્રિયા પ્રગટ થાય છે તે સહજ છે—સ્વાભાવિક છે. આમ સાચું જ્ઞાન પોતાની જાણન ક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે એટલે કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયની નિર્મળતા વધે છે તેને બંધ થતો નથી પણ મોક્ષદશા થાય છે.

*

# પ્રસાદ નં. ૨૬૨

## સમયસાર કળશ ૧૬૩

*(અષાડ વદ ૨, શુક્રવાર, ૨૦૦૭)*

## અજ્ઞાની જનોને ગાફેલ કરતા બંધને દૂર કરતું સમ્યગ્જ્ઞાન કેવું છે?

આ શ્લોકમાં પ્રથમ બંધની વાત કરી કે અજ્ઞાની જીવો મોહથી ગાંડા થયા છે. તેઓ ઉપાધિભાવને નિરુપાધિ સ્વભાવ સાથે એકત્વબુદ્ધિ કરે છે, તે મિથ્યાત્વરૂપી દારૂ છે. તેનાથી બધા અજ્ઞાની ગાંડા થઈ ગયા છે. એવા બંધને સમ્યગ્જ્ઞાન દૂર કરે છે. કેવું છે તે જ્ઞાન ?

૧. તે જ્ઞાન આનંદરૂપી અમૃતનું કાયમ ભોજન કરનારું છે.

૨. જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવનાં શ્રદ્ધા—જ્ઞાન થયાં તે પોતાની જાણનક્રિયા છે. પુણ્ય-પાપના વિકારી ભાવો કૃત્રિમ છે, તે ઉપાધિભાવ છે. જાણનક્રિયા સહજ છે કારણ કે તે આત્માના સ્વભાવનું પરિણમન છે. સમ્યગ્જ્ઞાન જાણનક્રિયાને સહજ વ્યક્ત કરી રહ્યું છે.

૩. સમ્યગ્જ્ઞાન ધીર છે, કાયમ રહેનારું છે. પુણ્ય-પાપના ભાવો કાયમ રહેતાં નથી. એક પછી એક ફર્યા કરે છે—અસ્થિર છે. જ્ઞાન પોતાના શુદ્ધ સ્વભાવ ઉપર ઢળેલું છે તેથી ધીર છે.

૪. સમ્યગ્જ્ઞાન ઉદાર છે એટલે મોટા વિસ્તારવાળું, નિશ્ચળ છે. કોઈથી ડગે નહિ તેવું છે. એક ધારાવાહી ચાલે તેવું છે. શરીરની ક્રિયા હું નહિ, વિકાર હું નહિ, હું તો શુદ્ધ સ્વભાવી છું એવું ભાન થતાં, જ્ઞાનની પર્યાય અચ્છિન્ન ને ધારાવાહીપણે પ્રગટે છે. કદી ખૂટે નહિ તેવું છે.

૫. સમ્યગ્જ્ઞાન અનાકુળ છે. જ્ઞાન થતાં કોઈપણ જાતનો ખેદ થતો નથી. આકુળતા થતી નથી. જ્યાંસુધી મિથ્યાજ્ઞાન હતું ત્યાંસુધી પરપદાર્થમાં એકત્વબુદ્ધિ કરી આકુળતા થતી હતી. સમ્યગ્જ્ઞાન થતાં પરદ્રવ્યની અવસ્થાને જાણે છે તેથી તેને ગમે તે પર્યાયો થાય તોપણ ખેદ પામતું નથી. આકુળતા રહિત છે.

૬. સમ્યગ્જ્ઞાન નિરુપાધિ છે. આત્મા પરવસ્તુને ગ્રહે ને છોડે તેવું આત્મસ્વભાવમાં છે જ નહિ કારણ કે પરવસ્તુનો ત્રણેકાળ આત્મામાં અભાવ છે તેથી સમ્યગ્જ્ઞાન પરવસ્તુને માત્ર જાણે છે. પરવસ્તુનાં ગ્રહણ-ત્યાગ તો આત્મામાં નથી જ, પણ રાગનાં ગ્રહણ-ત્યાગ પણ આત્માના સ્વભાવમાં નથી. રાગને

આત્મા ગ્રહે તો આત્માનો સ્વભાવ થઈ જાય. વળી રાગને છોડું ને સ્વભાવને ગ્રહું એવો વિકલ્પ પણ આત્મસ્વભાવમાં નથી. શુદ્ધ જ્ઞાતા સ્વભાવમાં એકતા થતાં રાગ ઉત્પન્ન જ થતો નથી. તેને સ્વભાવને ગ્રહ્યો ને રાગ છોડ્યો એમ કથન કરવામાં આવે છે. આથી જ્ઞાન નિરુપાધિ છે.

આવું જ્ઞાન બંધને ઉડાડે છે એટલે દૂર કરે છે એટલે કે જ્ઞાનનો ઉદય થતાં બંધ થતો જ નથી, ને મુક્તિ પમાડે છે.

## અજ્ઞાની જીવ શરીરની ક્રિયાથી ને શુભભાવથી ધર્મ માને છે.

અજ્ઞાની જીવોને જ્ઞાનક્રિયાની ખબર નથી તેથી અમુક જગ્યાએ સ્થિર બેઠા માટે સામાયિક થઈ એમ તેઓ માને છે. પણ ભાઈ, શરીરને સ્થિર બેસાડી શકું છું—એવું અભિમાન તે જ મોટું મિથ્યાત્વશલ્ય છે. તે મિથ્યાત્વશલ્ય ગયા વિના સામાયિક હોઈ શકે નહિ. અજ્ઞાની જીવો કહે છે કે ભગવાને કહ્યું છે કે **ज्ञानक्रियाभ्याम् मोक्षः** તો શાસ્ત્રનું જાણપણું તે જ્ઞાન ને શરીરાદિની ક્રિયા થાય—પૂજા—પાઠ કરવા, જાત્રા કરવી, સામાયિક કરવી તે ક્રિયા છે—એમ બન્ને થઈને મોક્ષ થાય છે. આમ અજ્ઞાની માને છે પણ તે માન્યતા ભૂલભરેલી છે.

## ક્રિયા ત્રણ પ્રકારની છે :
## (૧) જડની ક્રિયા (૨) વિકારી ક્રિયા (૩) જ્ઞાનક્રિયા

પ્રથમ તો ક્રિયા ત્રણ પ્રકારની છે :

૧. શરીરાદિ જડ પદાર્થોની ક્રિયા સ્વતંત્ર થઈ રહી છે. તેને આત્મા કરી શકતો નથી. આ ક્રિયાથી પુણ્ય, પાપ કે ધર્મ કાંઈ નથી.

૨. આત્મા પોતાની પર્યાયમાં મિથ્યાભાવ તથા રાગ ને દ્વેષ કરે છે, તે વિકારી ક્રિયા છે. આ ક્રિયા તે સંસાર છે.

૩. આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે—એવું જ્ઞાન તે જ્ઞાનક્રિયા છે. તે જ ધાર્મિકક્રિયા છે. આ ક્રિયાથી આત્માની શુદ્ધતા થાય છે.

અજ્ઞાની પરને લીધે કાર્ય માને છે તથા રાગને પોતાનો સ્વભાવ માને છે તેથી તે ત્રણે ક્રિયાને ઉથાપે છે ને જ્ઞાની બધી અવસ્થાને જેમ છે તેમ જાણે છે. માટે તે ત્રણે ક્રિયાને સ્થાપે છે.

આમ આત્માનું સાચું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન ને આત્મામાં રાગરહિત લીનતા તે ક્રિયા—આ જ્ઞાનક્રિયાથી મોક્ષ થાય છે એમ ભગવાને કહ્યું છે.

આમ વસ્તુસ્વરૂપ જાણ્યા વિના સામાયિક ને કાયોત્સર્ગ હોઈ શકે નહિ ને જે આ વસ્તુ જાણે છે તે સમ્યક્પ્રકારે પોતામાં સમતાભાવ ઉત્પન્ન કરે છે, તે સામાયિક છે. ને શરીર, દ્રવ્યકર્મ ને ભાવકર્મરૂપ કાયા ઉપરથી લક્ષ ખસેડી સ્વભાવમાં લીન થાય છે તે કાયોત્સર્ગ છે. આમ સમ્યગ્જ્ઞાન મુક્તિ પમાડે છે.

**ભાવાર્થ :**—બંધતત્ત્વે રંગભૂમિમાં પ્રવેશ કર્યો છે. તેને ઉડાડી દઈને જે જ્ઞાન પોતે પ્રગટ થઈ નૃત્ય કરશે તે જ્ઞાનનો મહિમા આ કાવ્યમાં પ્રગટ કર્યો છે. એવા અનંત જ્ઞાનસ્વરૂપ જે આત્મા તે સદા પ્રગટ રહો.

હવે, બંધતત્ત્વનું સ્વરૂપ વિચારે છે; તેમાં પ્રથમ બંધના કારણને સ્પષ્ટ રીતે કહે છે :—

## ગાથા ૨૩૭—૨૪૧

**જેવી રીતે કો પુરુષ પોતે તેલનું મર્દન કરી,**
**વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી. ૨૩૭.**
**વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને,**
**ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૩૮.**
**બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,**
**નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ થાય શું કારણે ? ૨૩૯.**
**એમ જાણવું નિશ્ચય થકી—ચીકણાઈ જે તે નર વિષે,**
**રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૦.**
**ચેષ્ટા વિવિધમાં વર્તતો એ રીત મિથ્યાદ્રષ્ટિ જે,**
**ઉપયોગમાં રાગાદિ કરતો રજ થકી લેપાય તે. ૨૪૧.**

**અર્થ :**—જેવી રીતે કોઈ પુરુષ (પોતાના પર અર્થાત્ પોતાના શરીર પર) તેલ આદિ સ્નિગ્ધ પદાર્થ લગાવીને અને બહુ રજવાળી (ધૂળવાળી) જગ્યામાં રહીને શસ્ત્રો વડે વ્યાયામ કરે છે અને તાડ, કમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને છેદે છે, ભેદે છે, સચિત્ત તથા અચિત્ત દ્રવ્યોનો ઉપઘાત (નાશ) કરે છે. એ રીતે નાના પ્રકારનાં કરણો વડે ઉપઘાત કરતા તે પુરુષને રજનો બંધ (ધૂળનું ચોંટવું) ખરેખર કયા કારણે થાય છે તે નિશ્ચયથી વિચારો. તે પુરુષમાં જે તેલ આદિનો ચીકાશભાવ છે, તેનાથી તેને રજનો બંધ થાય છે એમ નિશ્ચયથી જાણવું, શેષ કાયાની ચેષ્ટાઓથી નથી થતો. એવી રીતે બહુ પ્રકારની ચેષ્ટાઓમાં વર્તતો મિથ્યાદ્રષ્ટિ (પોતાના) ઉપયોગમાં રાગાદિ ભાવોને કરતો થકો કર્મરૂપી રજથી લેપાય છે—બંધાય છે.

## તેલમર્દન એક જ રજબંધનું કારણ છે પણ ભૂમિ, વ્યાયામના પ્રયોગો, જુદાં જુદાં આસનો, વૃક્ષાદિનું કાપવું રજબંધનું કારણ નથી.

**ટીકા :—**ખરેખર આ જગતમાં "આ" શબ્દ વિદ્યમાનતા બતાવે છે. બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા એવું નથી. જગત હયાતી ધરાવે છે. આત્મા, પુદ્ગલો વગેરે પદાર્થો અનાદિઅનંત છે. તેમાં એક તેલ ચોપડેલ માણસ બહુ રજથી ભરેલી ભૂમિમાં ઊભો હોય, મગદળ વગેરેથી વ્યાયામ કરતો હોય, અનેક પ્રકારની શારીરિક ક્રિયા ઊઠ—બેસ આદિ કરતો હોય, સચેત લીલોતરી તથા સૂકા વાંસ આદિ કાપતો હોય તે જીવને રજ ચોંટે છે તો તે રજબંધનું કારણ શું ?

૧. રજથી ભરેલી ભૂમિ રજબંધનું કારણ હોય તો તે ભૂમિમાં રહેલા તેલ ચોપડ્યા વગરના પુરુષોને પણ રજ ચોંટવી જોઈએ, પણ તેઓને રજ ચોંટતી નથી માટે તેવી ભૂમિ રજબંધનું કારણ નથી.

૨. મગદળ વગેરે કસરતના પ્રયોગ રજબંધનું કારણ હોય તો બીજા તેલ ચોપડ્યા વગરના પુરુષો જે શસ્ત્રથી કસરત કરતા હોય તેમને પણ રજ ચોંટવી જોઈએ. પણ તેઓને રજ ચોંટતી નથી માટે જુદા-જુદા શસ્ત્રથી વ્યાયામ, તે રજબંધનું કારણ નથી.

૩. અનેક પ્રકારના આસનો—શરીરની ઊઠ—બેસ રજબંધનું કારણ હોય તો તેલ ચોપડ્યા વગરના પુરુષો કે જે આસનો કરતા હોય તેમને પણ રજ ચોંટવી જોઈએ. પણ તેઓને રજ ચોંટતી નથી માટે જુદાંજુદાં કરણો, આસનો રજબંધનું કારણ નથી.

૪. લીલોતરી કાપવી, વાંસની છોલું કાપવી વગેરે સચેત-અચેતનો ઘાત રજબંધનું કારણ હોય તો તેલ ચોપડ્યા વગરના પુરુષો જે સચેત-અચેતનો ઘાત કરતા હોય તેમને પણ રજ ચોંટવી જોઈએ પણ તેઓને રજ ચોંટતી નથી. માટે સચેત-અચેત વસ્તુનો ઘાત રજબંધનું કારણ નથી.

આથી ન્યાયના બળથી જ સિદ્ધ થયું કે તે પુરુષે જે તેલ શરીરમાં મર્દન કરી રાખ્યું છે, તે તેલ મર્દન જ રજ ચોંટવાનું કારણ છે. તેમાં બીજું કોઈ કારણ નથી.

## પોતાનો જ્ઞાતાસ્વભાવ ચૂકીને રાગની સાથે એકત્વબુદ્ધિ કરવી તે જ બંધનું કારણ છે, બીજું કોઈ કારણ નથી

તેવી રીતે મિથ્યાદ્રષ્ટિ જીવ પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકીને દયાદાનાદિ ભાવો સાથે એકત્વ કરતો, આ ભાવો મારા છે એમ મીઠાશને વેદતો બંધનને પામે

છે. અશુભરાગ મારી ફરજ છે, શુભરાગ કરવો જોઈએ વગેરે પ્રકારે રુચિપૂર્વકનો વિકારીભાવ તે અનંત સંસારની જડ છે. અહીં નબળાઈથી થતા અલ્પ રાગદ્વેષની વાત ગૌણ છે. દેહની ક્રિયા પોતાની માને તે તો સ્થૂલ મિથ્યાત્વ છે. અહીં તો પોતાના શાંત, ધીર સ્વભાવના પ્રવાહમાં વિકારી પર્યાયને એકમેક કરતા મિથ્યાત્વ અને અજ્ઞાનની વાત છે. મૂળ ગાથામાં "सयाई उवओगे कुव्वंतो ઉપયોગમાં રાગાદિ કરતો." પોતાનો ઉપયોગ તો જાણવા-દેખવાનો છે, તે ચૂકીને પુણ્ય મેં કર્યું, દયાદાન મેં કર્યા એમ માનતો બંધનને પામે છે.

(૧) લોક કે જે કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો છે ને જેમાં જીવ રહેલો છે તે કર્મબંધનું કારણ નથી કારણ કે તે પરવસ્તુ છે.

(૨) વળી તે મન, વચન, કાયાની ક્રિયા કરતો—અહીં ક્રિયા કરતો કહ્યું છે એટલે આત્મા મન, વચન, કાયાની ક્રિયા કરી શકે છે એમ ન સમજવું. જ્ઞાની કે અજ્ઞાની કોઈ જડની ક્રિયા કરી શકતો નથી પણ તેવા પ્રકારની જડની ક્રિયામાં દેખાતો—એવો અર્થ સમજવો. શરીર ઊંચું-નીચું થાય, કાયાથી લીલોતરી હણાતી હોય, વચનની ક્રિયા થતી હોય, મનનું જોડાણ પણ હોય—તે બધી જડની ક્રિયા છે, તે બંધનું કારણ નથી. આ સાંભળીને કોઈ કહે કે ત્યારે અમો ગમે તેમ ક્રિયા કરીએ તો પાપ ન લાગેને ? ભાઈ, તું કોઈ પણ જાતની શરીરાદિની ક્રિયા કરી શકતો નથી પછી આમ કરું તો પાપ ન લાગેને ? એ પ્રશ્ન જ રહેતો નથી અથવા બહારના કોઈ પદાર્થોમાં દાખલો—મંદિર બંધાવું તો પુણ્ય થશે ને પૈસાને રાખી મૂકું તો પાપ થશે—પણ તે ક્રિયા તું ક્યાં કરી શકે છે ? તે ક્રિયા તારાથી થતી નથી તો પછી તે ક્રિયાથી પુણ્ય-પાપ થાય—એ પ્રશ્ન જ રહેતો નથી.

(૩) હાલવું, ચાલવું, ઊઠવું, બેસવું વગેરે અનેક પ્રકારના કરણ પણ બંધનું કારણ નથી. તે બધી જડની અવસ્થા છે.

(૪) ચેતન—અચેતનનો ઘાત કરતો—વાંસ કાપતો હોય, લીલોતરી શાક સુધારતો હોય, ઢોર લીલુંછમ ઘાસ ખાતો હોય તો તે ઘાત પણ બંધનું કારણ નથી. કેમ કે જીવ પર વસ્તુનો ઘાત કરી શકતો નથી. હવે ત્યાં વિચારો કે બંધનું કારણ કયું છે ?

## જો કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો લોક બંધનું કારણ હોય તો સિદ્ધને બંધનો પ્રસંગ આવે

(૧) પ્રથમ, સ્વભાવથી જ જે બહુ કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલો છે એવો લોક બંધનું કારણ નથી. જો તે બંધનું કારણ હોય તો જીવને સદાય બંધ થયા જ કરે

કારણ કે કર્મયોગ્ય પુદ્ગલો તો જગતમાં સદાય છે. વળી તે બંધનનું કારણ હોય તો જ્યાં સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં પણ કર્મયોગ્ય પુદ્ગલો તો છે તો તેમને પણ બંધ થવો જોઈએ. પણ તેમને બંધ થતો નથી માટે કર્મયોગ્ય પુદ્ગલો બંધનું કારણ નથી.

## જો મન-વચન-કાયાનો યોગ બંધનું કારણ હોય તો યથાખ્યાત સંયમીને બંધનો પ્રસંગ આવે

(૨) કાયાની ચાલવા વગેરેની ક્રિયા, મનનું અંદર જોડાણ થવું, વાણી બોલવાની ક્રિયા—તે ક્રિયાસ્વરૂપ યોગ બંધનું કારણ નથી. જો તે યોગ બંધનું કારણ હોય તો યથાખ્યાત સંયમીઓને બંધનો પ્રસંગ આવે; પણ તેઓ તો અકષાયી છે. મનવચનકાયાનો યોગ વર્તે છે છતાં તેમને તેનાથી બંધ નથી. માટે નક્કી થાય છે કે મનવચનકાયાનો યોગ બંધનું કારણ નથી.

## જો અનેક પ્રકારનાં કરણો બંધનું કારણ હોય તો કેવળીને બંધનો પ્રસંગ આવે

(૩) વળી અનેક પ્રકારનાં કરણો—જેવાં કે શરીરનું હાલવું, ચાલવું, પદ્માસન રહેવું, પાંચ ઇંદ્રિયોનું હોવું તે બંધનું કારણ નથી. જો તેનાથી બંધ થતો હોય તો કેવળી ભગવાન વિહાર કરે છે તો તેમને પણ બંધ થવો જોઈએ પણ તેમને બંધ થતો નથી. શરીરની કોઈ પણ ક્રિયાથી બંધ નથી. અજ્ઞાની કે જ્ઞાની કોઈને પણ શરીરના હાલવા—ચાલવાથી બંધન નથી. અજ્ઞાની માને છે કે પર વસ્તુની ક્રિયાથી બંધ થાય છે. લાખો રૂપિયા ખરચવાની ક્રિયાથી પુણ્ય માને છે, જીન—પ્રેસ વગેરેની ક્રિયાથી રાવી આવી સમજી પાપ માને છે પણ તે અજ્ઞાનભાવ છે. પરની કે શરીરની ક્રિયાથી બંધ નથી.

*

# પ્રસાદ નં. ૨૬૩

## સમયસાર ગાથા ૨૩૭ - ૨૪૧

*(અષાડ વદ ૩, શનિવાર, ૨૦૦૭)*

## અજ્ઞાની જીવો બંધનું સ્વરૂપ યથાર્થ જાણતા નથી તેથી પર પદાર્થોને લીધે બંધન માને છે

આત્માને કર્મબંધનું કારણ મિથ્યાભાવ છે. પોતાના મોઢા ઉપર કાળો ડાઘ પડ્યો હોય તે જોવા માટે અરીસામાં જુએ છે. અરીસામાં ડાઘનું પ્રતિબિંબ જોઈને તે અરીસાને સાબુથી ધોવા માંડે તો પોતાના મોઢા ઉપરનો ડાઘ જતો નથી પણ પોતાના મોઢા ઉપર પડેલા ડાઘને ધુએ તો ડાઘ જાય. તેમ આત્મામાં બંધન જ્યાં થાય છે ત્યાંથી તેને કાઢવા પ્રયત્ન કરે, પણ બંધન બીજે માની—કલ્પના કરી બંધન છોડવા માગે તો બંધન છૂટતું નથી પણ બંધન ક્યાં ને કેવી રીતે થાય છે તેનું યથાર્થ સ્વરૂપ જાણે—તે બંધન તોડવાનો ઉપાય છે. અનાદિકાળથી જીવે પરવસ્તુને બંધનું કારણ માન્યું છે ને તેથી અજ્ઞાનભાવે તેને છોડીને મુનિ થઈ જાય એટલે માને છે કે મને બંધન છૂટી ગયું. પણ ભાઈ, એ પરપદાર્થ બંધનનું કારણ નથી. જો તે બંધનનું કારણ હોય તો મૃત્યુ વખતે બધું અહીં પડ્યું રહે છે. તો તેની માન્યતા મુજબ દરેક જીવની મૃત્યુ થતાંની સાથે મુક્તિ થઈ જવી જોઈએ. જ્યાં સુધી બહારના પદાર્થોને બંધનું કારણ માને ત્યાંસુધી તેને છોડવા—મૂકવાના રાગમાં જ રોકાયા કરશે ને તેથી અજ્ઞાન ચાલુ રહેશે.

જેમ પાણીનો શીતળસ્વભાવ છે ને ઉષ્ણતા તેની ઉપાધિ છે, તે તેનું ખરું સ્વરૂપ નથી તેમ દયા, દાન, કામક્રોધના ભાવ ઉપાધિભાવો છે, તે આત્માનું ખરું સ્વરૂપ નથી છતાં તેને આત્માનું ખરું સ્વરૂપ માની તેની સાથે એકત્વબુદ્ધિ કરવી તે બંધનું કારણ છે. આમ બંધનું કારણ યથાર્થ જાણે તો બંધને ટાળવાનો પ્રયત્ન કરે. હવે અહીં ટીકામાં કહેવાઈ ગયું છે કે (૧) કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક બંધનું કારણ નથી. (૨) મન, વચન, કાયાનો યોગ બંધનું કારણ નથી. (૩) કરણો બંધનું કારણ નથી.

## (૪) સચેત-અચેત વસ્તુનો ઘાત બંધનું કારણ નથી

આજે ચોથી વાત—સચિત્ત તથા અચિત્ત વસ્તુઓનો ઘાત પણ બંધનું કારણ નથી. સચેત વનસ્પતિ કપાય અથવા કોઈ જીવડું પગ નીચે આવતાં એના આયુષ્યના ક્ષયના કારણે મરી જાય તો તે બંધનું કારણ નથી. નિર્ગ્રંથ મુનિ ઈર્યા

સમિતિના પાલનમાં તત્પર છે. તેવા મુનિના પગ નીચે કોઈ જીવડું આવી જાય ને આયુષ્યના ક્ષયના કારણે મરી જાય. હવે જો જીવનો ઘાત બંધનું કારણ હોય તો તે જીવડું મરવાનું પાપ મુનિને લાગવું જોઈએ, પણ તેનું પાપ મુનિને લાગતું નથી કારણ કે તેને મારવાનો ઇરાદો નથી. ન્યાયની કોર્ટમાં લૌકિકમાં પણ મારવાના ઇરાદા ઉપર શિક્ષા કરવામાં આવે છે. જીવ મર્યો ન હોય પણ મારવાનો ઇરાદો હોય તો તે શિક્ષાને પાત્ર બને છે ને જીવ મરવા છતાં મારવાનો ઇરાદો ન હોય તો તે શિક્ષાને પાત્ર બનતો નથી.

## પર જીવનું રક્ષણ કરી શકતો હોય તો સ્ત્રી, કુટુંબાદિનું તથા પોતાનું રક્ષણ કેમ કરતો નથી ?

અહીં પ્રશ્ન કરે છે કે :—જીવોની જતના કરવી કે નહિ ?

**સમાધાન :—**પર જીવોની જતના એટલે રક્ષણ, આ આત્મા કરી શકતો નથી. પર જીવોને બચાવવાની કે મારવાની તાકાત આત્મામાં નથી છતાં હું પરની રક્ષા કરી શકું છું એવો ભાવ—તે જ અજ્ઞાનભાવ છે. જો પરની રક્ષા કરી શકતો હોય તો સગાંવહાલાંના મરણ વખતે તેની રક્ષા કરી કેમ બચાવી દેતો નથી ? પોતાના શરીરના વિયોગના વખતે પોતાની રક્ષા કેમ કરતો નથી ? તે તો બધા ચાલ્યા જાય છે. વળી જો જીવ પર જીવને મારી શકતો હોય તો જેટલા દુશ્મન હોય તેને બધાને એક સાથે કેમ મારતો નથી ? પણ જીવ માત્ર અભિમાન કરે છે. પરની પર્યાયનું હું રક્ષણ કરી શકું છું કે તેને મારી શકું છું એમ માનવું એ જ ભ્રાંતિ છે.

## રાગદ્વેષ વગેરે ઉપાધિભાવને નિરુપાધિ જ્ઞાનસ્વભાવ સાથે એક કરવા તે જ બંધનું કારણ છે

લોકો જેને મરવું કહે છે તે શું છે ? કોઈ વસ્તુનો અભાવ થાય છે ? જે વસ્તુ હોય તેનો નાશ થાય ? ન જ થાય. કોઈ વસ્તુનો નાશ થતો નથી. આત્માની અવસ્થામાં પણ ફેરફાર થાય છે. પણ આત્મા મરતો નથી. લોકો શરીરના સંયોગને જન્મ કહે છે ને વિયોગને મરણ કહે છે. આત્મા સત્ પદાર્થ તો કાયમ રહે છે ને તેની સાથે એક પછી એક અવસ્થાનું પલટવું તેની યોગ્યતાને કારણે થયા કરે છે. કોઈ જીવ કોઈ બીજા જીવથી હણાતો નથી. આત્માનું લક્ષણ ઉપયોગ—જ્ઞાન છે. છતાં તેમ નહિ માનતાં ઉપયોગમાં રાગાદિનું કરવું એટલે રાગ તે જ આત્મા છે એમ માનવું તે અજ્ઞાન છે ને તે જ બંધનું કારણ છે. પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ

ચૂકીને આ પદાર્થને આમ કર્યું હોત તો ઠીક થાત, એવા રાગદ્વેષ વગેરે ઉપાધિભાવને નિરુપાધિ સ્વભાવ સાથે જોડવા—તે જ બંધનું કારણ છે, બીજું કોઈ બંધનું કારણ નથી.

## અનાદિકાળથી જીવ પોતાનો જ્ઞાનસ્વભાવ ચૂકીને રાગદ્વેષમાં અટકી હેરાન થઈ રહ્યો છે.

**ભાવાર્થ :—**જેવો વસ્તુનો સ્વભાવ છે તેવા સ્વભાવને જે જ્ઞાનનો અંશ જુએ છે તેને નિશ્ચયનય કહે છે. અહીં નિશ્ચયનયને મુખ્ય કરીને કથન છે. જ્યાં કોઈ પણ જાતની બાધા વિના ન્યાયથી સિદ્ધિ થાય તે નિશ્ચય છે એટલે કે યથાર્થ છે. બંધનું કારણ વિચારતાં યુક્તિપૂર્વક સિદ્ધ થાય છે કે જીવે પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવના આશ્રયે પોતાનો વિકાસ કરવો જોઈએ, તેને બદલે અજ્ઞાન રાગદ્વેષમાં અટકવું તે જ બંધ છે. આત્માને જ્ઞાનસ્વભાવવાળો નહિ માનતાં તેને વિકારવાળો જે માને તે મિથ્યાદ્રષ્ટિ છે. જડ પદાર્થોને તથા રાગને ખબર નથી, તેનામાં જ્ઞાન નથી પણ જાણનારો આત્મા છે—આ શરીર જડ છે, આ પર છે, આ રાગ ને દ્વેષ છે, હું જ્ઞાન છું—એમ પોતાને પરથી ભિન્ન જાણવો જોઈએ. તેને બદલે રાગદ્વેષ તે જ હું છું એમ અજ્ઞાની માને છે. अपनेको आप भूलके हेरान हो गया પરવસ્તુને પોતાની માની, વિકારને પોતાનો માની ભ્રમણા પોતે ઊભી કરી બંધને પામે છે. તે ભૂલ પોતે પોતાના સામર્થ્યથી ટાળે તો ટળે એમ છે. બીજો કોઈ ટાળવા સમર્થ નથી.

## પૂર્વે નહિ પ્રાપ્ત કરેલ એવા શુદ્ધ સ્વભાવનું ભાન થવું મોંઘું છે

અનંતકાળમાં અનંત ભવો કર્યા પણ અનંત જ્ઞાન દર્શન શક્તિનો પિંડ ભગવાન આત્મા છે એવું તારું સ્વરૂપ હજી સુધી તું સમજ્યો નથી માટે તું પોતે મોંઘો છો. જે વસ્તુ ઘણીવાર મળી હોય તે મોંઘી ન કહેવાય. અનાજ, કપડાં, પૈસા, મનુષ્યના ભવ, દેવના ભવ ઘણીવાર મળ્યા માટે તે મોંઘા નથી. શુભાશુભ ભાવો ઉત્કૃષ્ટ કર્યા છે માટે તે પણ મોંઘા નથી. સંયોગો ને સંયોગી ભાવો અનંતીવાર પ્રાપ્ત કર્યા માટે તે મોંઘા નથી પણ તેનાથી રહિત શુદ્ધ ચૈતન્યસ્વભાવનું ભાન થવું તે મોંઘું છે કારણ કે અત્યારસુધી એક સમય માત્ર પણ તેની પ્રાપ્તિ થઈ નથી. તેથી અહીં કહ્યું કે મિથ્યાદ્રષ્ટિ જીવ રાગદ્વેષ મોહભાવોને પોતાના માને છે તે જ બંધનું કારણ છે. તે સિવાય બીજાં—બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક, મન-વચન-કાયાના યોગ, અનેક કરણો તથા ચેતન-અચેતનનો ઘાત-બંધનાં કારણ નથી; વળી જો બહારના સંયોગો બંધનું કારણ હોય તો ગરીબ માણસને

બંધ ઓછો થાય ને લાખ રૂપિયાવાળાને બંધન ઘણું થાય. જાડા શરીરવાળા પાસે ઝાઝા પરમાણુ છે તો તેને ઝાઝું બંધન થવું જોઈએ ને પાતળા શરીરવાળાને ઓછું થાય. પણ એમ હોઈ શકે નહિ. માટે બંધન કેમ થાય છે તે સમજવું જોઈએ.

કોઈ ચોર ચોરી કરીને જાય છે. પોલીસ પાછળ પડે છે. પકડાઈ જવાના ભયે રસ્તામાં કોઈ મુનિ ધ્યાનમાં હતા તેની પાસે તે ચોરીના માલનું પોટલું તેણે મૂકી દીધું ને પોતે ભાગી ગયો. ચોરીના માલનો સંયોગ મુનિ પાસે દેખાય છે, તો શું તેનું પાપ મુનિને લાગે ? ન જ લાગે. માટે બહારના સંયોગોથી બંધ નથી. જો કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલા લોકને લીધે બંધ હોય તો સિદ્ધોને બંધનો પ્રસંગ આવે, જો મનવચનકાયાના યોગને લીધે બંધ હોય તો યથાખ્યાત ચારિત્રવાળાને બંધનો પ્રસંગ આવે, જો કરણ (શરીરનું હાલવું) ને લીધે બંધ હોય તો કેવળીને બંધનો પ્રસંગ આવે, જો ચેતન અચેતનના ઘાતથી બંધ હોય તો સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓને બંધનો પ્રસંગ આવે છે. પરંતુ તેમને તો બંધ થતો નથી. તેથી આ હેતુઓમાં (–કારણોમાં) વ્યભિચાર આવ્યો માટે બંધનું કારણ રાગાદિક જ છે, એ નિશ્ચય છે.

## અવિરત સમ્યગ્દ્રષ્ટિ તથા શ્રાવકો સર્વથા બંધરહિત નથી છતાં અંતરંગની અપેક્ષાએ તો તેઓ પણ નિર્બંધ જ જાણવા.

અહીં સમિતિરૂપે પ્રવર્તનારા મુનિઓનું નામ લીધું અને અવિરત, દેશવિરતનું નામ ન લીધું. અવિરત = પરપદાર્થથી અને વિકારથી રહિત આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ છે એવું ભાન છે પણ હજી રાગદશા વર્તે છે. ભ્રાંતિથી નિવર્ત્યો છે પણ આસક્તિથી નિવર્ત્યો નથી. આસક્તિથી નિવર્ત્યો હોય તો વીતરાગ થઈ જાય. આસક્તિ છૂટી નથી પણ આત્માનું ભાન છે. તેને અવિરત સમ્યગ્દ્રષ્ટિ કહે છે. ને દેશવિરત તે શ્રાવકપણું છે. આત્માના ભાન સહિત અંશે સ્થિરતા છે. અલ્પ રાગદ્વેષ છે ને એટલું બંધન છે; તેથી સર્વથા બંધના અભાવની અપેક્ષામાં તેમનું નામ ન લીધું. બાકી અંતરંગની અપેક્ષાએ તો તેઓ પણ નિર્બંધ જ જાણવા. કારણ કે તેમની દ્રષ્ટિ શરીર, મન, વાણી, કર્મ તેમ જ શુભાશુભ ભાવ ઉપર નથી. અલ્પ રાગદ્વેષ છે તેનું સ્વામીપણું નથી. આત્મા તો જ્ઞાતાદ્રષ્ટા છે એવાં શ્રદ્ધા—જ્ઞાનના કારણે નિર્બંધ જાણવા.

## સમ્યગ્દ્રષ્ટિઓને ચૈતન્ય તથા વિકાર વચ્ચે વિવેક વર્તે છે ને અબંધ સ્વભાવ ઉપર દ્રષ્ટિ છે તેથી નિર્બંધ છે

એક ડોસીને દીકરી ઉપર બહુ પ્રેમ હતો પણ વહુ સાથે બને નહિ. એકવાર દીકરાએ તેની માને કહ્યું કે બેન માટે રૂા. ૨૫૦૦નો દાગીનો ને બૈરા માટે રૂા. ૨૫૦૦નો દાગીનો બનાવીએ. દીકરાએ તો સરખે ભાગે દાગીનો બનાવવાનું કહ્યું પણ માજીએ વિચાર્યું કે બેનને આપશું તો તે તેને ઘેર લઈ જશે ને વહુને આપશું તે ઘરમાં રહેશે—એમ વિચારી દીકરાને કહ્યું કે બેનને હમણાં બહુ જરૂર નથી તેને માટે રૂા. ૫૦૦નો બનાવો ને વહુ માટે ૪૫૦૦નો બનાવો. દીકરાને વિચાર થયો કે વહુ સાથે બનતું નથી છતાં ૪૫૦૦નો દાગીનો બનાવવાનું કહે છે. તેનું કારણ એ છે કે તે ઘરમાં રહે તેમ છે. જુઓ, વહુ સાથે નહિ બનવા છતાં ઘરમાં દાગીનો રહેશે તેમ ધારી ૪૫૦૦નો દાગીનો બનાવવાનું કહ્યું ને દીકરી પારકે ઘેર લઈ જશે એમ ધારી ૫૦૦નો બનાવવા કહ્યું. જુઓ, મમતાના પરિણામમાં પોતાની મૂડી ઘરમાં રહે તેવો વિવેક રાખે છે. તો ધર્મના પરિણામમાં પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ સ્વઘરમાં રહે તેવો વિવેક રાખવો જોઈએ. અજ્ઞાનીને વિવેક વર્તતો નથી. પરપદાર્થો મારા ને શુભભાવ મારા માનીને અવિવેક વર્તે છે પણ જ્ઞાનીને વિવેક વર્તે છે. શરીર, કુટુંબાદિ બધા પર છે, તેના પ્રત્યેનો અશુભરાગ ને દેવગુરુશાસ્ત્ર પ્રત્યેનો શુભરાગ—બન્ને વિકાર છે. તે મારા સ્વભાવની મૂડી નથી માટે રાખવા જેવી નથી. જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે શક્તિમાં મારી મૂડી છે માટે તે રાખવા જેવી છે. આવો વિવેક વર્તે છે. વર્તમાન રાગદ્વેષ હોવા છતાં અબંધ સ્વભાવ ઉપર દ્રષ્ટિ છે તેથી તેઓને અંતરંગની અપેક્ષાએ નિર્બંધ જાણવા.

*

# પ્રસાદ નં. ૨૬૪

## સમયસાર કળશ ૧૬૪

*(અષાડ વદ ૪, રવિવાર, ૨૦૦૭)*

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે.

### કળશ ૧૬૪

**અર્થ :—**કર્મબંધ કરનારું કારણ નથી બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક, નથી ચલનરૂપ કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ), નથી અનેક પ્રકારનાં કરણો કે નથી ચેતન-અચેતનનો ઘાત. 'ઉપયોગભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે તે જ એક (–માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ–) ખરેખર પુરુષોને બંધનું કારણ છે.

### કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક, યોગનું કંપન, સચેત-અચેતનો ઘાત બંધનું કારણ નથી

૧. આત્માને બંધનું કારણ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક નથી. જો તે કારણ હોય તો સિદ્ધ છે ત્યાં પણ આ કર્મયોગ્ય પરમાણું છે, તો તેમને પણ બંધ થવો જોઈએ.

૨. મન-વચન-કાયાની ક્રિયારૂપ યોગ બંધનું કારણ નથી. પ્રદેશ કંપન થવું તેને યોગ કહે છે. યથાખ્યાતચારિત્રવાળાને મનવચનકાયાનો યોગ છે છતાં બંધન નથી માટે યોગ બંધનું કારણ નથી.

૩. અનેક પ્રકારની શરીરની ચેષ્ટા, ઊઠવું-બેસવું વગેરે બંધનું કારણ નથી. કેવળી ભગવાન વિહાર કરે છે છતાં બંધ નથી માટે કરણો બંધનું કારણ નથી.

૪. ચેતન-અચેતનનો ઘાત બંધનું કારણ નથી. ભાવલિંગી મુનિઓ વિહાર કરતા હોય ને ઈર્યા સમિતિનું પાલન કરતા હોવા છતાં કોઈ જીવડું પગ નીચે આવીને મરી જાય તો તે બંધનું કારણ નથી. કારણ કે મુનિનો જીવને મારવાનો ભાવ નથી.

પ્રશ્ન :—આમ હોય તો જીવદયા કેવી રીતે રહેશે ?

સમાધાન :—જીવ જ્ઞાતાદ્રષ્ટાસ્વરૂપ પોતે છે—એવા સ્વભાવમાં એકતા થવી ને પુણ્ય-પાપના વિકારને આત્મા સાથે એક ન માનવા, તે જ જીવદયા છે.

## રાગાદિ પરિણામની જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ સાથે એકત્વબુદ્ધિ તે બંધનું કારણ છે.

રાગાદિક સાથે એકત્વબુદ્ધિ કરવી તે બંધનું કારણ છે. ઉપર કહ્યા પ્રમાણે પર વસ્તુઓ તો બંધનું કારણ નથી પણ રાગાદિ સાથે એકત્વબુદ્ધિ કરવી, તે જ બંધનું કારણ છે. સ્વભાવની રુચિનો અભાવ અને પર્યાયબુદ્ધિનો સદ્ભાવ—તે બંધનું કારણ છે. પરપદાર્થના ત્યાગથી ધર્મ નથી, પરપદાર્થના ગ્રહણથી બંધ નથી. રાગનું અરાગી સ્વભાવ સાથે એકત્વ કરવું તે જ મિથ્યાત્વ છે. પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ છે. उपयोगभू છે. ઉપયોગનો ધરનાર છે. તેમ નહિ માનતાં રાગનો ધરનાર માનવો એ જ પર્યાયબુદ્ધિ છે. અજ્ઞાની જીવ માને છે કે શ્રવણ કર્યું માટે જ્ઞાન થયું એ જ ભ્રાંતિ છે. પોતાના જ્ઞાતાસ્વભાવના આશ્રયે જ્ઞાન થાય છે તેમ માન્યતા કરી સ્વભાવ સાથે એકતા કરવી જોઈએ, તેને બદલે રાગમાંથી જ્ઞાન આવે છે એમ માની રાગ સાથે એકત્વ કરે છે. પ્રથમ શુભરાગ કરું, પછી ધર્મ પામીશ તેમ માનનાર જીવ રાગને ધર્મનું સાધન માને છે પણ સ્વભાવને સાધન માનતો નથી. આત્મા સ્વસંવેદ્ય છે, રાગરહિત અનુભવવા યોગ્ય છે તેમ જે માનતો નથી તે જીવ વિકારની રુચિવાળો હોવાથી ક્રમે કરીને નિગોદમાં જશે. આત્માનું લક્ષણ જ્ઞાન છે. તેનું લક્ષણ રાગ નથી. જ્ઞાન વડે આત્મા પ્રગટ થાય છે. તેમ નહિ માનતાં રાગથી પ્રગટશે તેમ માને છે. તે જ અજ્ઞાન છે. વળી કેટલાક અજ્ઞાની દલીલ કરે છે કે ગૌતમ ગણધરને પણ ભગવાન મહાવીર ઉપર રાગ હતો. ભાઈ, ગૌતમને તું ઓળખતો નથી. ભગવાનના કારણે રાગ નથી. સ્વભાવમાં રાગ નથી. તેમને ભેદવિજ્ઞાન હતું. અલ્પ રાગ પોતાના કારણે હતો, તે સ્વભાવના પુરુષાર્થ દ્વારા ટાળી વીતરાગ થયા છે. આવા ખોટા અર્થ કાઢી જે જીવ પ્રશસ્ત રાગથી ચૈતન્યને લાભ માને છે, તે જીવ રાગના ઉપદ્રવથી લાભ માને છે પણ નિરુપદ્રવી સ્વભાવથી લાભ માનતો નથી—તે જ મિથ્યાબુદ્ધિ છે. જ્યાં પરથી, કર્મથી કે ભગવાનથી રાગ થાય તેની તો વાત છે જ નહિ પણ વ્યવહાર રત્નત્રયના પરિણામથી આત્માને લાભ થાય એવી માન્યતા પણ બંધનું કારણ છે.

**ભાવાર્થ :—**અહીં નિશ્ચયનય એટલે શુદ્ધસ્વભાવને જોનારા જ્ઞાનના અંશથી મિથ્યાત્વના રાગદ્વેષને બંધનું કારણ કહ્યું છે.

યથાર્થ દ્રષ્ટિવાળો જીવ પોતાના જાણવા-દેખવાના ઉપયોગમાં રાગનું કર્તૃત્વ કરતો નથી. જાણવા-દેખવાના સ્વભાવને તથા રાગને પૃથક્ જાણે છે. તેનો સ્વામી થતો નથી. પોતાના ચૈતન્યનો સ્વામી રહે છે. તેથી તેને પૂર્વે કહેલી ચેષ્ટાથી બંધ થતો નથી. એમ હવે કહે છે :—

## ગાથા ૨૪૨—૨૪૬

**જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વ દૂરે કરી,**
**વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨.**
**વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરી અને**
**ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૪૩.**
**બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,**
**નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ નહિ શું કારણે ? ૨૪૪.**
**એમ જાણવું નિશ્ચય થકી—ચીકણાઈ જે તે નર વિષે,**
**રજબંધકરણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫.**
**યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દ્રષ્ટિ જે,**
**રાગાદિ ઉપયોગે ન કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.**

**અર્થ :—**વળી જેવી રીતે—તે જ પુરુષ, સમસ્ત તેલ આદિ સ્નિગ્ધ પદાર્થોને દૂર કરવામાં આવતાં. બહુ રજવાળી જગ્યામાં શસ્ત્રો વડે વ્યાયામ કરે છે અને તાડ, તમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને છેદે છે, ભેદે છે, સચિત્ત તથા અચિત્ત દ્રવ્યોનો ઉપઘાત કરે છે; એ રીતે નાના પ્રકારનાં કરણો વડે ઉપઘાત કરતા તે પુરુષને રજનો બંધ ખરેખર કયા કારણે નથી થતો, તે નિશ્ચયથી વિચારો. તે પુરુષમાં જે તેલ આદિનો ચીકાશભાવ હોય તેનાથી તેને રજનો બંધ થાય છે, એમ નિશ્ચયથી જાણવું, શેષ કાયાની ચેષ્ટાઓથી નથી થતો. (માટે તે પુરુષમાં ચીકાશના અભાવના કારણે જ તેને રજ ચોંટતી નથી.) એવી રીતે બહુ—પ્રકારના યોગોમાં વર્તતો સમ્યગ્દ્રષ્ટિ ઉપયોગમાં રાગાદિકને નહિ કરતો થકો કર્મરજથી લેપાતો નથી.

## જે પુરુષે તેલ ચોપડ્યું નથી તેને રજનો બંધ થતો નથી

ટીકા :—જેવી રીતે જે પુરુષ પ્રથમ તેલને લીધે રજબંધને પામતો હતો, તે જ પુરુષ, તેલ આદિ સર્વ ચીકાશને દૂર કરવામાં આવતાં, તે સ્વભાવથી જ બહુ રજવાળી ભૂમિમાં હોવા છતાં અનેક પ્રકારના શસ્ત્રથી વ્યાયામ કરતો છતાં, ઇંદ્રિયોની ક્રિયા તથા શરીરની ઊઠ—બેસ અથવા આસનાદિ ક્રિયા કરતો છતાં, વૃક્ષ વગેરે સચેત્ત તથા અચેત પદાર્થોને ઘાતવા છતાં, તેને રજ ચોંટતી નથી કારણ કે તેને તેલ આદિની ચીકાશનો અભાવ છે.

## સમ્યગ્દ્રષ્ટિને જ્ઞાન ને રાગની એકત્વબુદ્ધિનો અભાવ છે તેથી બાહ્ય સંયોગો હોવા છતાં તે બંધાતો નથી.

સમ્યગ્દ્રષ્ટિ જીવને અલ્પ રાગદ્વેષાદિ હોવા છતાં તેને તે પોતાના માનતો નથી, તેનો પણ તે જ્ઞાતાદ્રષ્ટા રહે છે. તે બાહ્યક્રિયામાં ઊભેલો દેખાય છતાં તેને બંધ થતો નથી. સમકિતી પણ અનેક કર્મયોગ્ય પુદ્ગલોથી ભરેલા લોકમાં છે. મન-વચન-કાયાની ક્રિયા કરતો, અનેક પ્રકારની શરીરની ક્રિયામાં દેખાતો છતાં તેમ જ લીલોતરી આદિ સચેત તથા અચેત વસ્તુનો ઘાત કરતો હોવા છતાં કર્મથી બંધાતો નથી, કારણ કે તેને બંધનું કારણ જે રાગમાં જોડાણ તેનો અભાવ છે. પર જીવની હું દયા પાળી શકું છું એમ તે માનતો નથી. શુભથી લાભ માનતો નથી. તેને હાસ્ય, રતિ, અરતિના પરિણામ હોય છે પણ પોતાના ચૈતન્યસ્વભાવમાં તેને ખતવતો નથી. રાગને રચતો નથી પણ શુદ્ધતાને રચે છે. અજ્ઞાની જીવો પૂછે છે કે જ્ઞાનીની બાહ્ય ક્રિયામાં કાંઈ ફેર દેખાય કે નહિ? ભાઈ, જ્ઞાની, અજ્ઞાનીના જેવી જ બાહ્ય ક્રિયામાં દેખાતો હોય પણ તેના અભિપ્રાયમાં ઘણો આંતરો છે. અજ્ઞાનીને તેની ખબર પડે નહિ. વળી મન, વચન, કાયાની ક્રિયાને કરતો વગેરે લખ્યું છે તો કોઈ જીવ કાયાની ક્રિયા કરી શકતો તો નથી જ પણ જ્ઞાની તેવી ક્રિયામાં ઊભો છે એમ અજ્ઞાની દેખે છે તેથી તેની ભાષામાં સમજાવ્યું છે. તેવી શરીરાદિની ક્રિયામાં જ્ઞાની હોવા છતાં જ્ઞાનીને કર્મબંધ થતો નથી. શસ્ત્રોના નિમિત્તે કે શરીરના નિમિત્તે જીવ હણાતો હોય તોપણ જ્ઞાનીને બંધ થતો નથી કારણ કે તેની દ્રષ્ટિમાં ફેર છે. તે પોતાના જ્ઞાનસ્વભાવને રાગથી ભિન્ન માને છે, વિકાર સાથેની એકત્વબુદ્ધિ તે બંધનું કારણ છે. સમ્યગ્દ્રષ્ટિને રાગ તથા પુણ્ય સાથે એકત્વબુદ્ધિપૂર્વકનું જોડાણ નથી. (અસ્થિરતાનું જોડાણ ગણ્યું નથી) પણ જ્ઞાતાસ્વભાવ સાથે જોડાણ છે તેથી તેને બંધ નથી.

## નિરુપાધિ સ્વભાવ સાથે ઉપાધિભાવની એકતા કરવી તે સંસાર છે ને બેનો વિવેક કરવો તે સંસારનો અભાવ છે.

મારાથી પરની અવસ્થા થાય છે. અશુભરાગથી દુકાનની વ્યવસ્થા બરાબર ચાલે છે. આટલા પૈસા હોય તો મને ઠીક પડે, પર જીવને બચાવી શકું છું, બંધ કરી શકું છું એવો ભાવ કરનાર જીવ તો સ્થૂલ મિથ્યાદ્રષ્ટિ છે. તે નિશ્ચયથી આત્મઘાતિ છે. તેને જ્ઞાતાસ્વભાવની ખબર નથી. અહીં તો પરપદાર્થની વાત લીધી નથી. અંતરમાં પુણ્ય-પાપના ભાવો થાય છે—તેની રુચિ ને સ્વભાવની અરુચિ, તે જ સંસાર છે ને તે બેની એકતા તૂટી તે સંસારનો અભાવ છે. ત્રિકાળ

નિરુપાધિ સ્વભાવને ઉપાધિભાવથી લાભ માનવો તે જ સંસાર છે ને ચૈતન્યસ્વભાવ સાથે જોડાણ કરવું તે જ સંસારનો અભાવ છે.

## સમ્યગ્દ્રષ્ટિ કદાચ લડાઈના પ્રસંગમાં દેખાતો હોવા છતાં કર્મરજથી લેપાતો નથી.

સમ્યગ્દ્રષ્ટિ જીવ અસ્થિરતાના રાગદ્વેષનો જ્ઞાતા છે. તેને રાગનો આદર નથી. તે અંતર્મુખ જોડાણ કરે છે ને રાગ સાથે જોડાણ કરતો નથી. તેને અંશબુદ્ધિ ટળીને અંશીબુદ્ધિ થઈ છે. રાગબુદ્ધિ ટળીને અરાગબુદ્ધિ થઈ છે ને પર્યાયબુદ્ધિ ટળીને સ્વભાવબુદ્ધિ થઈ છે. ભરત ચક્રવર્તી છ ખંડ સાધવા ગયેલ ત્યારે ૬૦,૦૦૦ વર્ષ થયાં. તેમને મળવા માટે તેમની માતાની ઇચ્છા થઈ તેથી તેઓ વિમાનમાં બેસીને મળવા જાય છે. લશ્કરના માણસોએ વિમાન જોતાં વિચાર્યું કે કોઈ દુશ્મન હશે કારણ કે માતાના આવવાના ખબર ન હતા. ભરતરાજા પણ તલવાર લઈને બહાર નીકળે છે ને કોણ છે ? અત્યારે અમારી સામે કોણ લડવા આવ્યો છે ? પણ જ્યાં ખબર પડ્યા કે માતાજી પધાર્યા છે ત્યાં તુરત તેમની સામે જઈને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરે છે ને કહે છે કે માતાજી આગળથી ખબર આપ્યા હોત તો અમો બહુમાન કરત વગેરે પ્રકારે વિનય કરે છે. જુઓ દ્વેષના કાળે દ્વેષ થઈ આવ્યો છે ને બોલે છે કે અમારા જેવા ચક્રવર્તી સામે કોણ લડવા આવ્યું છે ? તલવાર વીંઝતા દેખાય છે. શરીરની ચેષ્ટા ને વાણી એવી દેખાય છે. તેઓ માતાને કહે છે કે તમારાં તો અમો ઘણાં માન કરત. ખબર આપ્યા વિના તમો આવ્યા. અમારી ભક્તિ સામે પણ જોયું નહિ. જુઓ આ રાગ ! રાગના કાળે રાગ થઈ આવ્યો છે ને દેહની ક્રિયા ને વાણી એવી દેખાય છે છતાં તે રાગ ને દ્વેષનો સંબંધ આત્માના સ્વભાવ સાથે કરતા નથી. દેહની ક્રિયાના તથા રાગદ્વેષ વગેરે બધાના જ્ઞાતા છે. જ્ઞાની પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકતો નથી. રાગદ્વેષ સાથે એકત્વબુદ્ધિ કરતો નથી. આમ સ્વભાવબુદ્ધિ હોવાના કારણે તેને નિર્જરા થાય છે. મિથ્યાત્વાદિનો બંધ થતો નથી.

**ભાવાર્થ :—**સમ્યગ્દ્રષ્ટિને પૂર્વોક્ત સર્વ સંબંધો હોવા છતાં પણ રાગના સંબંધનો અભાવ હોવાથી કર્મબંધ થતો નથી. આના સમર્થનમાં પૂર્વે કહેવાઈ ગયું છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે.

## કળશ ૧૬૫

અર્થ :—માટે તે (પૂર્વોક્ત) બહુ કર્મથી (કર્મયોગ્ય પુદ્‌ગલોથી) ભરેલો લોક છે તે ભલે હો, તે મન-વચન-કાયાના ચલનસ્વરૂપ કર્મ (અર્થાત્ યોગ) છે તે પણ ભલે હો, તે (પૂર્વોક્ત) કરણો પણ તેને ભલે હો અને તે ચેતન-અચેતનનો ઘાત પણ ભલે હો, પરંતુ અહો ! આ સમ્યગ્દ્રષ્ટિ આત્મા રાગાદિકને ઉપયોગભૂમિમાં નહિ લાવતો થકો, કેવળ (એક) જ્ઞાનરૂપે થતો—પરિણમતો થકો, કોઈપણ કારણથી બંધને ચોક્કસ નથી જ પામતો. (અહો ! દેખો ! આ સમ્યગ્દર્શનનો અદ્‌ભુત મહિમા છે.)

## સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાનરૂપે પરિણમે છે, રાગ સાથે એકત્વબુદ્ધિ કરતો નથી તેથી બંધને પામતો નથી.

જુઓ, અહીં સમ્યગ્દર્શનનો અદ્‌ભુત મહિમા બતાવે છે. કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક ભલે હો તે આત્માને બંધનું કારણ નથી. મનવચનકાયાની ક્રિયા હો, ઇંદ્રિયો હો ને સચેત—અચેતનો ઘાત હો પણ તે આત્માને બંધનું કારણ નથી. અહીં કોઈ પૂછે છે કે મુનિ થઈને સચેત—અચેતનો ઘાત ભલે હો એમ કેમ કહ્યું છે ? સમાધાન :—ભાઈ, આત્માનો અને શરીરનો વિયોગ જે કાળે થવાનો હશે તે કાળે થશે, અમો તેને જીવાડી કે મારી શકતા નથી—એમ કહેવાનો આશય છે. એટલે ઘાતનો પ્રસંગ બનવા છતાં સમ્યગ્દ્રષ્ટિને એકત્વબુદ્ધિ નથી તેથી તેને બંધ થતો નથી ને નિગોદના જીવને બાહ્યથી કોઈ સંયોગો નહિ દેખાવા છતાં પણ રાગ સાથે એકત્વબુદ્ધિ હોવાથી તે બંધને પામે છે. જ્ઞાની રાગ ને દ્વેષની પોતાના સ્વભાવ સાથે એકતા કરતો નથી. તે રાગાદિને અંતરભૂમિકામાં નહિ લાવતો, અંતરમાં જ્ઞાનસ્વભાવ સાથે એકતા પામતો, ધર્મક્રિયા કરી રહ્યો છે. અહો ! આશ્ચર્ય બતાવે છે. આચાર્ય ભગવાન ઢંઢેરો પીટીને કહે છે કે સમ્યગ્દ્રષ્ટિ જીવ પુણ્ય-પાપ સાથે એકતા કરતો નથી પણ ચૈતન્ય સ્વભાવ સાથે એકતા કરે છે. માત્ર જ્ઞાનરૂપે પરિણમે છે, તેથી કોઈ પણ કારણથી બંધદશાને પામતો નથી. ધ્રુવમ્ એટલે ચોક્કસ બંધને પામતો નથી. ફરે નહિ તેવી વાત છે. અંતરમાં ભેદજ્ઞાન વર્તે છે. આ વાત સ્વચ્છંદી થવા માટે નથી પણ સ્વભાવબુદ્ધિ કરી અંતર પરિણમન કરવા માટે છે. અનંતાગુણોના પિંડસ્વરૂપ જ્ઞાતાસ્વભાવનો આદર કરી અંતર પરિણમન કરવા માટે છે. અનંતગુણોના પિંડસ્વરૂપ જ્ઞાતાસ્વભાવનો આદર વર્તે છે ને વિકારનો આદર નથી. આનું નામ સમ્યગ્દર્શન છે. અહો ! દેખો ! આ સમ્યગ્દર્શનનો મહિમા છે.

*

# પ્રસાદ નં. ૨૬૫

## સમયસાર કળશ ૧૬૫

*(અષાડ વદ ૫, સોમવાર, ૨૦૦૭)*

## પરજીવના જ્ઞાનથી હિંસા નથી માટે “પરને મારી શકું” એવા મિથ્યાત્વ સહિત હિંસાના ભાવ કરી સ્વચ્છંદી થવું યોગ્ય નથી.

અહીં સમ્યગ્દ્રષ્ટિનું અદ્‌ભુત માહાત્મ્ય કહ્યું છે. તેને વિભાવ સાથે એકત્વબુદ્ધિ નથી પણ જ્ઞાનસ્વભાવ સાથે એકતા છે તેથી કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક, મન, વચન, કાયાનો યોગ અને સચેત–અચેતનો ઘાત, બંધનાં કારણ નથી એમ કહ્યું છે. આથી એમ ન સમજવું કે પર જીવની હિંસાથી બંધ કહ્યો નથી. માટે સ્વચ્છંદી થઈ હિંસાના ભાવ કરવા, પર જીવની હિંસાથી = એટલે પરજીવની હિંસા જીવ કરી શકે છે એમ તો સમજવાનું નથી. તે જીવના આયુષ્ય પૂર્ણ થવાના કારણે આત્મા ને શરીર જુદા પડે છે. પણ તેથી કરીને “તેને હું મારી શકું છું”—એવા મિથ્યાત્વ સહિતના હિંસાના ભાવ કરી સ્વચ્છંદી થવું યોગ્ય નથી. અહીં આશય એ છે કે “પર જીવોને હું મારી શકું છું” એવો મિથ્યાભાવ જેને નથી એટલે કે અબુદ્ધિપૂર્વક કદાચિત્ સામા જીવના આયુષ્ય પૂરું થવાના કારણે ઘાત પણ થઈ જાય તો તેનાથી બંધ થતો નથી કારણ કે પર જીવના ઘાતથી બંધ થતો નથી. પરંતુ બુદ્ધિપૂર્વક એટલે કે “પર જીવને હું મારી શકું છું” એવી બુદ્ધિ જ મુખ્ય બંધનું કારણ છે. આવા બુદ્ધિપૂર્વક મારવાના ભાવ થશે ત્યાં પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમાં રાગની સાથે એકત્વબુદ્ધિ થશે અને તેથી ત્યાં હિંસાથી = પોતાના ખોટા અભિપ્રાયથી બંધ થશે જ. પછી સામો જીવ મરે કે ન મરે તેની સાથે સંબંધ નથી પણ પોતાનો અભિપ્રાય સ્વચ્છંદી છે માટે બંધ થશે જ.

## પરને જીવાડવાનો ભાવ મિથ્યાત્વ છે તો પછી પરને મારવાનો અભિપ્રાય જરૂર મિથ્યાત્વ જ છે.

વળી એક જીવ બીજા જીવને જીવાડી શકતો નથી છતાં ડોક્ટર કહે કે અમોએ દરદીને બચાવ્યા. રાજા કહે કે અમોએ પ્રજાને જીવાડી. પુરુષો કહે કે અમો બૈરાં છોકરાને જીવાડીએ છીએ. શેઠ કહે કે અમો નોકરને જીવાડીએ છીએ. મીલવાળા કહે કે અમો મજુરોને નભાવીએ છીએ—એ બધી ભ્રમણા છે. પરજીવોને જીવાડવું એ તારા હાથની વાત નથી. તે તે આત્માઓ તેના પુણ્ય ને આયુષ્યના

કારણે નભીને જીવી રહ્યા છે. છતાં અજ્ઞાની જીવ માને છે કે આટલા જીવોની દયા મેં પાળી ને મેં આટલા જીવો બચાવ્યા, તે ભ્રમણાને મિથ્યાત્વ છે. સામો જીવ એના કારણે બચે છે. ત્યારે આ જીવના અનુકંપાના ભાવ હોય તે નિમિત્તથી બોલાય છે કે આ જીવે આને બચાવ્યો. જેમ નેવા ચુએ છે એમ બોલાય છે. ખરેખર વરસાદનું પાણી ચુએ છે, નેવા ચુતા નથી પણ બોલવાની રીત છે તેમ આણે આટલાને નભાવ્યા તે બોલવાની કથન પદ્ધતિ છે. અનુકંપાનો ભાવ થાય છે તે શુભ ભાવ છે—પુણ્ય છે પણ અનુકંપાથી બીજો જીવ બચ્યો માને તો મિથ્યાત્વનો બંધ પડે છે.

જે જીવ એમ માને છે કે પરજીવને હું બચાવી શકું છું, તે જીવ પરની પર્યાયનો કર્તા થાય છે. જેમ જગતમાં અજ્ઞાની લોકો જગતનો કર્તા ઈશ્વર માને છે તેમ અહીં જૈન નામ ધરાવી પરની પર્યાયનો કર્તા થાય, તે પણ એટલો જ અજ્ઞાની છે.

જ્યાં જીવને જિવાડવાનો અભિપ્રાય હોય ત્યાં પણ તે અભિપ્રાયને સાચી દ્રષ્ટિથી મિથ્યાત્વ કહ્યું છે. તો બીજા જીવને મારવાનો અભિપ્રાય મિથ્યાત્વ કેમ ન હોય ? એટલે કે પરને મારી શકવાનો અભિપ્રાય જરૂર મિથ્યાત્વ છે. માટે કથનને નય વિભાગથી યથાર્થ સમજી શ્રદ્ધાન કરવું. એટલે કે પરને જીવાડી—મારી શકવાનો અભિપ્રાય મિથ્યાભાવ છે. આત્મા તો જ્ઞાતા સ્વરૂપ છે. તે પરને જીવાડી–મારી શકતો નથી. પરનો તેમ જ રાગનો જ્ઞાતા છે–એવો અભિપ્રાય તે નિશ્ચય છે ને તે વખતે રાગનું તથા પર પદાર્થનું નિમિત્ત–નૈમિત્તિક સંબંધથી કથન કરવું તે વ્યવહાર છે. પરંતુ સ્વભાવદ્રષ્ટિની શ્રદ્ધા નહિ રાખતાં પરને જીવાડી ને મારી શકવાનો ભાવ કરવો ને કહેવું કે મને બંધ નથી એમ માનવું તે સર્વથા એકાંત છે. તેમ માનનાર જીવ મિથ્યાદ્રષ્ટિ છે.

હવે ઉપરના ભાવાર્થમાં કહેલો આશય પ્રગટ કરવાને વ્યવહાર નયની પ્રવૃત્તિ કરાવવાને કાવ્ય કહે છે.

## શ્લોક ૧૬૬

અર્થ :—તથાપિ (અર્થાત્ લોક આદિ કારણોથી બંધ કહ્યો નથી અને રાગાદિથી જ બંધ કહ્યો છે તોપણ) જ્ઞાનીઓને નિરર્ગળ (–મર્યાદા રહિત, સ્વચ્છંદપણે) પ્રવર્તવું યોગ્ય નથી કહ્યું, કારણ કે તે નિરર્ગલ પ્રવર્તન ખરેખર બંધનું જ ઠેકાણું છે. જ્ઞાનીઓને વાંછા વિના કર્મ (કાર્ય) હોય છે, તે બંધનું કારણ કહ્યું નથી. કેમ કે જાણે પણ છે અને (કર્મને) કરે પણ છે—એ બન્ને ક્રિયા શું વિરોધરૂપ નથી ? (કરવું અને જાણવું નિશ્ચયથી વિરોધરૂપ જ છે.)

## "જ્ઞાતાપણે રહેવું તેને તથા પર પદાર્થના કરવારૂપ અભિપ્રાયને—બન્નેને વિરોધ છે."

લોક, શરીરની ક્રિયા, શસ્ત્રો, સચેત અચેતનો ઘાત વગેરે કારણોથી બંધ કહ્યો નથી અને રાગ સાથેની એકત્વબુદ્ધિથી જ બંધ કહ્યો છે. તોપણ જ્ઞાનીઓને સ્વચ્છંદપણે પ્રવર્તવું યોગ્ય નથી. જડની પર્યાયમાં પ્રવર્તવાની વાત નથી. કારણ જડમાં આત્મા પ્રવર્તી શકતો નથી. ઇન્દ્રિયો આત્માથી ભિન્ન છે. વિકાર અંશ છે ને આત્મા વિકાર રહિત ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છે—એવી દ્રવ્ય દ્રષ્ટિ છોડી, પરને મારી શકું છું એવો મિથ્યાત્વનો રાગ કરી સ્વચ્છંદી થવું યોગ્ય નથી. જ્ઞાનીઓને અલ્પ રાગદ્વેષ થાય છે, તેની તેને રુચિ નથી. તેમ જ સંયોગોની રુચિ નથી ને રાગદ્વેષ થાય છે તેને પોતાના જ્ઞાન સ્વભાવ સાથે એકત્વ કરતા નથી પણ જુદા જાણે છે. જ્ઞાનીને સ્વભાવ સાથે એકત્વ વર્તે છે તેથી તેમને રાગની રુચિ નહિ હોવાના કારણે તેને બંધ થતો નથી પણ તેમને રાગની સાથે એકત્વ બુદ્ધિ કરી સ્વચ્છંદે પ્રવર્તવાનું કહ્યું નથી. કેમ કે જાણે પણ છે ને કરે પણ છે એ બન્ને વિરોધ રૂપ જ છે. અહીં કરવું કહ્યું છે એટલે જડની પર્યાયને કરવાનો પ્રશ્ન નથી. "પોતે જાણે છે અને શરીરની કે મકાનની ક્રિયા કરે છે."—એ બે વાતને વિરોધ છે એમ અહીં કહેવું નથી. પણ પોતે જાણે પણ છે અને શરીરની કે મકાનની ક્રિયા કરી શકવાનો ભાવ કરવો એ બે વાતને વિરોધ છે. પોતે જ્ઞાતાદ્રષ્ટા રહે છે એવો જાણવા દેખવાનો ભાવ રાખવો ને પરનું કરી શકું છું એવો મિથ્યાત્વનો રાગ કરવો—એ બે ભાવને વિરોધ છે, પરની ક્રિયા સાથે વિરોધ છે એમ સમજવું નહિ. કારણ અજ્ઞાની અજ્ઞાનભાવ કરે તોપણ પરની ક્રિયા તો કરી શકતો નથી. માટે તેનો પ્રશ્ન નથી પણ જ્ઞાતાભાવ ને પરના કરવારૂપ મિથ્યાભાવ એ બન્નેને વિરોધ છે.

## "સમ્યગ્દ્રષ્ટિ ને જ્ઞાતા સ્વભાવ તથા રાગ વચ્ચે વિવેક વર્તે છે."

સમ્યગ્દ્રષ્ટિ જીવોને સાધક અવસ્થામાં રાગ થાય છે. જો રાગ સર્વથા ન હોય તો વીતરાગ થઈ જાય.

(૧) સમ્યગ્દ્રષ્ટિને જે રાગ થાય છે તે પર વસ્તુ મેળવવા માટે રાગ થતો નથી તેમ જ પર વસ્તુને લીધે રાગ થયો, તેમ તે માનતો નથી.

(૨) સમ્યગ્દ્રષ્ટિને રાગ થાય છે તેથી તે રાગને લીધે સામા પદાર્થોની ક્રિયા બદલી જશે એમ સમ્યગ્દ્રષ્ટિ માનતો નથી.

(૩) રાગ ગમે તે હોય પ્રશસ્ત હોય તો પણ કરવા જેવો છે એમ માનતો નથી.

(૪) રાગ તે વિકાર છે ને હું તો વિકાર રહિત જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપ છું, એમ બન્ને વચ્ચે વિવેક વર્તે છે.

ભરત મહારાજા ઘણા વૈભવશાળી હતા ને જાતજાતના ભોજન લેતા હતા છતાં રાગ આવ્યો માટે ચીજો આવે છે એમ માનતા નથી. રાગ આવ્યો માટે ખાવાની જડની ક્રિયા ભજે છે એમ માનતા નથી. વળી તેમને અનુકંપાનો ભાવ પણ આવે છે, તો અનુકંપાથી જીવ બચે છે એમ માનતા નથી ને સામો દુ:ખી જીવ જોયો માટે અનુકંપા થઈ એમ માનતા નથી. લીલોતરીનું શાક છરીથી કપાતું હોય ત્યારે પોતે તે ક્રિયાના જ્ઞાતા રહે એવો ભાવ જ્ઞાનીને હોય છે. પણ હું છું તો છરી ચાલે છે એવો ભાવ જ્ઞાનીને હોતો નથી. જાણનાર રહે ને જડની ક્રિયા તે રૂપ થવાની હોય તો સાથે દેખાય, તેને વિરોધ નથી. જાણનાર ક્રિયા ને જડની ક્રિયાને વિરોધ નથી પણ જાણનાર ક્રિયા ને જડનું કરી શકું છું એવા ઉંધા ભાવની ક્રિયા ને વિરોધ છે. એવો વિરોધીભાવ સમ્યગ્દ્રષ્ટિને હોતો નથી. ભરત રાજાને ૯૬૦૦૦ સ્ત્રીઓ હતી છતાં પણ તે સ્ત્રીઓ મારી છે ને તેથી મને સુખ છે એવો અભિપ્રાય નથી. કોઈ પૂછે કે એવો અભિપ્રાય નથી તો શું કામ લગ્ન કરે છે ? ભાઈ, લગ્ન સંબંધી રાગ તે ચારિત્ર દોષ છે. મિથ્યાત્વનો દોષ નથી. આમ જ્ઞાતા રહેતી વખતે પરનું કર્તૃત્વપણાનું અભિમાન સાથે હોતું નથી. જડની ક્રિયા તો જડના કારણે તે વખતે હોય છે.

## “અજ્ઞાની જીવ પરપદાર્થની અવસ્થા કરવારૂપ મિથ્યાભાવ કરે છે તો વ્યવહાર પ્રવૃત્તિ નિમિત્ત કહેવાય છે.”

**ભાવાર્થ :—**પહેલા કાવ્યમાં લોક, શરીરની ક્રિયા વગેરેને બંધના કારણ ન કહ્યાં. ત્યાં એમ ન સમજવું કે બાહ્ય વ્યવહાર પ્રવૃત્તિને બંધનાં કારણોમાં સર્વથા જ નિષેધી છે એટલે તેનો અર્થ એમ છે કે જગતમાં શરીરની ક્રિયા વગેરે જે કહ્યાં તે બધાં નિમિત્તો છે ખરાં,તે નિમિત્તોનો નિષેધ નથી પણ તે પદાર્થો નિમિત્ત એવું નામ ક્યારે પામે છે ? પરને હું મારી શકું છું એવી એકત્વબુદ્ધિનો રાગ કરે, તો તે પદાર્થને નિમિત્ત કહેવાય છે. તે નિમિત્તો જગતની વસ્તુ છે, તેનો નિષેધ નથી. પરને હું મારી—બચાવી શકું છું—એવા અજ્ઞાનભાવ પૂર્વક મારવા—બચાવવાના ભાવ જીવ કરે છે ત્યારે સામા જીવને મારવા—બચાવવારૂપ શરીરની ક્રિયા બાહ્ય—વ્યવહાર પ્રવૃત્તિ નિમિત્ત છે. આમ રાગાદિ પરિણામને બાહ્ય વ્યવહાર પ્રવૃત્તિ—શરીરની ચેષ્ટા વગેરે નિમિત્ત ભૂત છે. તે નિમિત્તપણાનો નિષેધ નથી પણ નિમિત્ત કહ્યું માટે નિમિત્તથી કાર્ય થાય છે, એમ સમજવું નહિ એક જીવના ભાવથી બીજો

જીવ મર્યો ત્યાં જીવ મર્યો માટે બંધ થયો, એમ નથી ને જીવને બંધ થયો માટે જીવ મર્યો એમ પણ નથી. પણ જીવ મિથ્યાત્વના રાગાદિ પરિણામ કરે છે તો જીવનું મરવું નિમિત્ત કહેવાય છે.

## "જ્ઞાની જીવ પરનો તથા રાગનો જ્ઞાતા છે તેથી બંધ નથી તેથી વ્યવહારપ્રવૃત્તિ તેને નિમિત્ત કહેવાતી નથી."

જ્ઞાની પરના કરવારૂપ રાગાદિ પરિણામ કરતો નથી તેથી તેને બાહ્ય પ્રવૃત્તિ—શરીરની ચેષ્ટા આદિ નિમિત્ત કહેવાતા નથી. પરને લીધે રાગ નથી, તેમ મારા સ્વરૂપમાં રાગ નથી. હું તો પરની ક્રિયાનો તેમ જ અલ્પ રાગનો જ્ઞાતા છું— એવા જ્ઞાનમય ભાવમાં બાહ્ય પ્રવૃત્તિ નિમિત્ત કહેવાતી નથી. જ્ઞાનીને રાગની ઇચ્છા નથી પણ માત્ર જ્ઞાતા છે. તેથી જ્ઞાનીને બંધ નથી માટે તેને બાહ્ય પ્રવૃત્તિ નિમિત્ત કહેવાતી નથી.

## "જ્ઞાનીએ સ્વચ્છંદે પ્રવર્તવું યોગ્ય નથી કારણ પરનું કરવારૂપ ભાવ બંધનું કારણ છે."

આમ સમ્યગ્દ્રષ્ટિને બંધ નથી તેથી પોતાનો જ્ઞાતા સ્વભાવ છોડી પરને મારી શકું છું, પરનું કરી શકું છું એવી માન્યતા કરી રાગ સાથે એકત્વબુદ્ધિ કરવી યોગ્ય નથી. ચૈતન્ય સ્વભાવની હદ છોડી પરનું કર્તૃત્વ સ્વીકારવું યોગ્ય નથી કારણ કે મર્યાદારહિત પ્રવર્તવું તે તો બંધનું જ ઠેકાણું છે. પોતાનો જ્ઞાનસ્વભાવ જાણવાની હદમાં મર્યાદિત છે. પરના કરવાપણારૂપે કે રાગરૂપે થવારૂપ જ્ઞાન સ્વભાવની મર્યાદા નથી. જ્ઞાનસ્વભાવની મર્યાદા તો જાણવાની છે. માટે આવી મર્યાદા ઓળંગીને પરના કરવારૂપ ભાવને સ્વચ્છંદ કહ્યો છે ને તે બંધનું ઠેકાણું છે.

## "જે જાણે છે તેને બંધ થતો નથી ને જે પરને કરવારૂપ અભિમાન કરે છે તેને બંધ થાય છે."

"જાણવામાં અને કરવામાં પરસ્પર વિરોધ છે." અહીં 'કરવામાં' શબ્દ વાપરેલ છે, તેનો ખાસ અર્થ સમજવો. પર પદાર્થની ક્રિયાને 'કરવું' એમ અહીં કહેવું નથી પણ પર પદાર્થની ક્રિયા આત્મા કરી શકે છે એવો ભાવ કરવો—તેને અહીં કરવું એમ કહ્યું છે. દ્રષ્ટાંતો :—

એક જીવને મંદિર બનાવવાનો ભાવ થયો. હવે તેમાં પોતે જ્ઞાતાદ્રષ્ટા રહેવું ને મંદિરની ક્રિયા કરવી અથવા બીજા મકાનોની ક્રિયા કરવી તે બેને વિરોધ છે એમ કહેવું નથી કારણ કે જડની ક્રિયા તો આત્મા કરી શકતો નથી, તેની ક્રિયા કરવાનો પ્રશ્ન જ નથી પણ મંદિર તથા મકાન હું કરી શકું છું, ભાષા બોલી શકું છું, મૂર્તિને લાવી શકું છું એવા પરની ક્રિયા કરવારૂપ અભિપ્રાય ને જ્ઞાતારૂપ અભિપ્રાય—એ બેને વિરોધ છે. જ્ઞાતાને જડની ક્રિયાનો અહીં પ્રશ્ન નથી. જડની ક્રિયા તો જડના કારણે ત્યાં થતી દેખાય. તો જ્ઞાતારૂપ ક્રિયા ને જડની ક્રિયા, એ બેને વિરોધ નથી. અજ્ઞાની કહે છે કે તમો જાણો છો એમ કહો છો ને ચોવીસે કલાક બધું કરો છો, ભાઈ પરની ક્રિયા તો જ્ઞાની કે અજ્ઞાની કરી શકતો નથી. જડની ક્રિયા થાય છે તેને જ્ઞાની જાણે અથવા હું જડની ક્રિયા કરી શકું છું એવું અજ્ઞાની અભિમાન કરે, સમકિતી બધી ક્રિયાને જાણે છે. સમકિતી બાઈ હોય તો રસોઈની ક્રિયાને જાણે છે પણ આવડત હતી માટે રસોઈની—જડની ક્રિયા થઈ એમ માનતી નથી. જ્ઞાતા રહેવું અને રસોઈની ક્રિયા થવું એવો મેળ સાથે બને ખરો પણ જ્ઞાતા રહેવું ને રસોઈની ક્રિયા કરવારૂપ અભિમાન કરવું—એ બેને વિરોધ છે, બન્ને ભાવો સાથે હોઈ શકે નહિ. માટે જે જીવ જ્ઞાતા રહેશે, તેને બંધ નહિ થાય ને જે પરના કરવારૂપ રાગ કરશે તેને અવશ્ય બંધ થશે.

## “બાહ્ય પદાર્થોથી નિવૃત્તિ લેવી તેને અજ્ઞાની નિવૃત્તિ કહે છે તે નિવૃત્તિ નથી પણ અજ્ઞાન ભાવ છે.”

(૧) અજ્ઞાની જીવ માને છે કે પરની ક્રિયાથી મને બંધ છે તેથી તે જડની ક્રિયાથી છૂટવા માગે છે. દુકાનની ક્રિયામાં, મકાનો બનાવવાની ક્રિયામાં, દાળભાતની ક્રિયામાં હું ન હોઉં તો સારું એમ અજ્ઞાની ઇચ્છે છે. ક્યાંથી તારે છૂટવું છે ? મકાન, દુકાન, અનાજ વગેરેથી તું છૂટેલો જ પડ્યો છે પણ પરથી મારે છૂટવું છે ને પરથી છૂટું તો મને નિવૃત્તિ ને સુખ મળે, એવાં ભાવ તું કરે છે, માટે ખોટો અભિપ્રાય છોડ. પરના કરવારૂપ અથવા છોડવારૂપ ભાવ થયો છે—તે બંધનભાવ છે ને બંધનભાવ તું કરે છે તો તે પદાર્થો—બાહ્ય પ્રવૃત્તિ નિમિત્ત થાય છે. ત્રણે કાળે વસ્તુ સ્થિતિ આમ છે. આત્મા જાણનાર, દેખનાર નિરુપાધિ સ્વભાવ છે. તેવા ભાવને તથા પરને કરું છું એવા ભાવને વિપરીતતા છે.

(૨) અજ્ઞાની જીવ માને છે કે બાહ્ય કુટુંબ કબીલાથી નિવર્ત્યો માટે નિવર્ત્યો છું. દેશમાં આ માણસ નિવૃત્તિ લઈને આવ્યો તો ઠીક થયું, દેશનો ઉદ્ધાર થયો.

ત્યાં માને છે કે જગતના કામ હું કરું છું, તે જગતનું તું શું કરી શકે છે. જગતની કોઈ પર્યાયને કરી શકતો નથી. અભિમાન કરે છે માટે તે નિવર્ત્યો નથી.

(૩) બાપે દીકરા પાસે દુકાનેથી નિવૃત્તિ લીધી છે પણ માને છે કે મારે કરવું છે તે હવે દીકરો કરે છે. જો દીકરો દુકાનેથી નિવૃત્તિ લઈ લ્યે તો પછી ઘરમાં બધા માણસોને મુશ્કેલી પડશે. એક તો દુકાનનું કામ આત્મા કરી શકે, એવું અભિમાને રાખે છે ને દીકરાના પર પદાર્થના કર્તાપણાના અભિપ્રાયને અનુમોદન આપે છે. છોકરો આ બધું છોડી દે તો કેમ ચાલે ? આમ બાહ્યથી નિવૃત્તિ લીધી દેખાતી હોય છતાં જેને પરના કર્તૃત્વનો અભિપ્રાય છે, તે જીવે નિવૃત્તિ લીધી નથી.

બાહ્ય પદાર્થોની ક્રિયામાં જીવ દેખાતો હોય તો અજ્ઞાની તેને પ્રવૃત્તિ કહે છે ને બાહ્ય પદાર્થોની ક્રિયામાં જીવ ન દેખાતો હોય તો અજ્ઞાની તેને નિવૃત્તિ કહે છે. તે બધો ભ્રમ છે.

## "પરની ક્રિયા આત્મા કરી શકતો નથી એવા ભાનસહિત જ્ઞાતા રહેવું તે મિથ્યાત્વથી નિવૃત્તિ છે."

આ બધી ભ્રમણા છે. પરનું હું કરી શકું છું એવું અભિમાન તે જ મિથ્યાત્વની પ્રવૃત્તિ છે, પરનું હું કરી શકતો નથી, પરની ક્રિયા પરના કારણે થાય છે, હું તો પરનો તથા રાગનો જાણનાર છું એવું ભાન થતાં મિથ્યાત્વભાવથી નિવૃત્તિ છે. નિવૃત્તિનું માપ બાહ્ય પદાર્થો ઉપર નથી કારણ કે સમકિતી ઘણા સંયોગોમાં હોય છતાં મિથ્યાત્વભાવથી નિવર્ત્યો છે ને દ્રવ્યલિંગી ને બાહ્ય સંયોગો નથી છતાં મિથ્યાત્વભાવથી નિવર્ત્યો નથી. સમ્યગ્દ્રષ્ટિ બહારના પદાર્થોથી છૂટવા માગતો નથી કારણ કે તે તો છૂટા પડેલા જ છે તેનાથી છૂટવાનું છે જ નહિ; મિથ્યાત્વભાવથી છૂટવાનું છે. માટે જો જ્ઞાતા રહેશે તો બંધ થશે નહિ ને પરનો કર્તા થશે તો બંધ થશે.

## "પરના કરવારૂપ અજ્ઞાનમય ભાવ તે મિથ્યાદ્રષ્ટિનો અધ્યવસાય છે ને તે બંધનું કારણ છે."

જે જાણે છે, પરની ક્રિયાનો જાણનાર રહે છે, તે પરના કરવારૂપ ભાવ કરતો નથી અને જે પરની ક્રિયા કરવારૂપ ભાવ કરે છે તે જાણતો નથી. કારણ કે પરના

કરવારૂપ રાગ તે કર્મનો રાગ છે. રાગ છે તે અજ્ઞાન છે ને અજ્ઞાન બંધનું કારણ છે. આવા અર્થનું કાવ્ય કહે છે.

## શ્લોક ૧૬૭

**અર્થ :—**જે જાણે છે તે કરતો નથી અને જે કરે છે તે જાણતો નથી. જે કરવું તે તો ખરેખર કર્મરાગ છે અને રાગને (મુનિઓએ) અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે. તે (અજ્ઞાનમય અધ્યવસાય) નિયમથી મિથ્યાદ્રષ્ટિને હોય છે અને તે બંધનું કારણ છે.

અહીં કરતો નથી એનો અર્થ એમ સમજવો કે જાણે છે, તે પરની ક્રિયા કરવારૂપ અભિમાન કરતો નથી પણ પરની ક્રિયા કરતો નથી એમ ન સમજવું, કારણ પરની ક્રિયા કોઈ કરી શકતું નથી અને પરની ક્રિયા મારાથી થાય છે એવો જે ભાવ કરે છે તે જીવ જ્ઞાતા સ્વભાવને જાણતો નથી. પરનું કરવારૂપ અભિમાન કરવું તે કર્મનો રાગ—પરના કર્તાપણાનો રાગ છે ને તે રાગને સ્વભાવ સાથે જોડવો તેને અજ્ઞાનમય અધ્યવસાય કહ્યો છે. તે અજ્ઞાનમય અધ્યવસાય નિયમથી મિથ્યાદ્રષ્ટિને હોય છે ને તે બંધનું કારણ છે.

*

# પ્રસાદ નં. ૨૬૬

## સમયસાર કળશ ૧૬૭

*(અષાડ વદ ૬, મંગળવાર, ૨૦૦૭)*

## જે જીવ પરની ક્રિયાનો જ્ઞાતા રહે છે તે પરની ક્રિયા કરી શકવાનું અભિમાન કરતો નથી.

"આ શરીર મન, વાણી, કુટુંબ, કબીલા, મકાન પર છે. મારી ચીજ નથી. તેની ક્રિયા હું કરી શકતો નથી. હું તો જાણનાર–દેખનાર છું."—એમ જે જીવ જાણે છે તે જીવ પરની ક્રિયા હું કરી શકું છું એવો ભાવ કરતો નથી. કરતો નથી એટલે કે શરીરની ક્રિયા, ખાવાની ક્રિયા, થડે બેસવાની ક્રિયા કરતો નથી એમ ન સમજવું. કારણ કે તે ક્રિયા તો આત્મા કરી શકતો જ નથી કારણ કે તે તો પરપદાર્થ છે. તેની ક્રિયા તેના કારણે થાય છે. માટે તેનો તો પ્રશ્ન જ નથી. જે જીવ જ્ઞાતાદ્રષ્ટારૂપ થઈને જાણે છે, તે જીવ શરીર મન વાણી આદિની ક્રિયા હું કરી શકું છું એવો ભાવ કરતો જ નથી.

## જે જીવ પરની ક્રિયા કરી શકવાનું અભિમાન કરે છે, તે જીવ જ્ઞાતાદ્રષ્ટા રહેતો નથી.

જે કરે છે તે જાણતો નથી. 'જે કરે છે' એટલે કે પરની ક્રિયા કરે છે, પરને મારી શકે છે—એવો અર્થ ન સમજવો. કારણ કે જ્ઞાની કે અજ્ઞાની પરની ક્રિયા કરી શકતો જ નથી. પરંતુ "હું છું તો દુકાનની વ્યવસ્થા ચાલે છે" એવો ભાવ કરે છે. બોલવાની, ખાવાપીવાની ક્રિયા મારી ક્રિયા છે, હું દ્વેષ કરું તો બીજાને મારી શકું, હું ધ્યાન રાખું તો છોકરાને ઠેકાણે પાડી શકું એવા ભાવ કરવા, અનુકૂળ શબ્દો બોલીને પૈસા મેળવી શકું એવો ભાવ કરવો, ધ્યાન રાખે તો પૈસા ભેગા થાય ને ધ્યાન ન રાખે તો પૈસા ભેગા ન થાય એવા ભાવ કરવા—તેને અહીં 'કરે છે' એમ કહેવામાં આવ્યું છે. આવો પરની ક્રિયા કરવારૂપ મિથ્યાભાવ જે જીવ કરે છે, તે પોતાના જ્ઞાનસ્વભાવને જાણતો નથી કારણ કે પોતાનો સ્વભાવ તો બધી અવસ્થાને જાણવાનો છે, તેને તે જાણતો નથી.

## પરનું કરી શકું છું એવો ભાવ અજ્ઞાનમય અધ્યવસાય છે ને તે બંધનું કારણ છે

જે કરવું તે તો ખરેખર કર્મરાગ છે. પરની ક્રિયા કરી શકું છું એવો ભાવ તે તો ખરેખર રાગનો રાગ બતાવે છે, પણ આત્માની રુચિ બતાવતો નથી. વિકારની રુચિ એ જ અજ્ઞાનમય અધ્યવસાય છે. અજ્ઞાની જીવ કહે કે અમોએ પચીસ હજાર રૂપિયા ખરચી દીકરાને ભણાવ્યો ને લગ્ન કરી દીધા—એમ પરની પર્યાયને પોતાના રાગની સાથે એક કરતો અજ્ઞાન અને રાગદ્વેષ સેવે છે. વૃદ્ધો માને કે નાના હતા ત્યાંસુધી અમોએ તેનું કર્યું ને વૃદ્ધ થયા ત્યારે તે અમારું કરે. અત્યારે આ જીવની દયા પાળશું તો આવતા ભવે તે આપણી દયા પાળશે. છોકરાને ઠેકાણે પાડી દઉં, મકાનોની વ્યવસ્થા કરી દઉં, શેઠિયા કહે કે નોકરને કબજામાં રાખી દઉં, ઇત્યાદિ. તેમ જ અમે સાધુ છીએ, બીજાને ઉપદેશ આપી સમજાવી દઉં ને શિષ્યો વધારી શકું એ બધી માન્યતા અજ્ઞાનમય ભાવની છે. અજ્ઞાનીજીવ ભાવમાં હાલકલોલક થાય છે ને પોતાની કલ્પનાથી પરનાં કાર્ય થાય એમ માનતો રાગ સાથે એકત્વબુદ્ધિ કરે છે. પોતાના જ્ઞાતા સ્વભાવમાંથી જ્ઞાનની પર્યાય કરવી જોઈએ, તેને બદલે અજ્ઞાનમય ભાવ કરે છે. આવો અજ્ઞાનમય અધ્યવસાય નિયમથી મિથ્યાદ્રષ્ટિને હોય છે અને તે બંધનું કારણ છે. ॥૨૪૨—૨૪૬॥

હવે મિથ્યાદ્રષ્ટિના આશયને ગાથામાં સ્પષ્ટ રીતે કહે છે :—

### ગાથા ૨૪૭

**જે માનતો—હું મારું ને પર જીવ મારે મુજને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૪૭.**

અર્થ :—જે એમ માને છે કે "હું પર જીવોને મારું છું (–હણું છું) અને પરજીવો મને મારે છે" તે મૂઢ (–મોહી) છે, અજ્ઞાની છે અને એનાથી વિપરીત (અર્થાત્ આવું નથી માનતો) તે જ્ઞાની છે.

## પરજીવોને હું મારી શકું છું એવા અજ્ઞાનમય ભાવવાળો જીવ મિથ્યાદ્રષ્ટિ છે.

આ મીઠાના પૃથ્વીકાયના જીવ, પાણીના જીવ, વાયરાના જીવ, અગ્નિના જીવ, વનસ્પતિકાયના જીવ, કીડી, કાગડા, નારકી, ઢોર, મનુષ્ય વગેરે એકેન્દ્રિયથી લઈ પાંચ ઇંદ્રિયોવાળા સુધીના જીવોને હું હણી શકું છું એ માન્યતા અજ્ઞાન છે. તૂરિયાની છાલમાં રાઈ જેટલી કટકીમાં અસંખ્ય જીવો વનસ્પતિનાં છે, તેને

ચપ્પુવતી હું હણી શકું છું, એ માન્યતા મૂઢની છે. અમુક ઢોરને પ્રતિકૂળતા ઊપજાવી મારા ખેતરમાં રહેવા દઈશ નહિ એ માન્યતા અજ્ઞાન છે. માટી ખોદતાં નીચે સચેત માટી નીકળે છે. તેમાં પૃથ્વીના જીવ છે, પાણીમાં ઉપર દેખાય છે તે શરીર છે, અંદર સૂક્ષ્મ જીવ છે. અગ્નિમાં જીવ છે, વાયરામાં જીવ છે; તે જીવોના શરીરને આત્માનુ છૂટા પડવું તે તેના આયુષ્યને આધીન છે, છતાં પરને મારી શકું છું એવા અભિપ્રાયવાળો જીવ, તે જીવોની પર્યાય પોતાને આધીન માને છે. તેને આત્માના ધર્મની ખબર નથી. તે જ અજ્ઞાનભાવ છે.

## પર જીવો મને મારી શકે છે એવા અજ્ઞાનમય ભાવવાળો જીવ મિથ્યાદ્રષ્ટિ છે.

વળી વીંછી ને સર્પ મને મારી નાખશે, બહારના તોફાની માણસો છરો મારી મને મારી નાખશે. બંદૂકની ગોળી મને મારી નાખશે એવો ભાવ અજ્ઞાનમય છે. આત્મા કદી મરતો નથી. આત્મા ને શરીરને છૂટા પાડવારૂપ કાળ પાક્યો નથી એટલે કે આયુષ્ય છે ત્યાંસુધી કોઈનો ભાર નથી કે તે આત્મા ને શરીરને વિયોગરૂપ કરી શકે છે. ગોળીથી કે તલવારથી શરીર છૂટું પડતું નથી પણ તેના આયુષ્ય મુજબ છૂટું પડે છે. તલવારના પડવાથી આત્માના કટકા થતા નથી, શરીરના કટકા પણ થતા નથી. કટકારૂપ અવસ્થા થવાની યોગ્યતાના કારણે શરીરના કટકા થાય છે, તલવારને લીધે નહિ. કેમ કે જો તલવાર આકાશના કટકા કરી શકે તો આત્માના કટકા કરી શકે. મરવું એટલે પર્યાય બદલવી. તે પર્યાયો દ્રવ્યના કારણે બદલાય છે. પરના કારણે બદલાતી નથી. છતાં પર જીવોથી મારો ઘાત થશે ને હું મરી જઈશ, એમ અજ્ઞાની માને છે.

હું પર જીવોને મારી શકું છું અને પર જીવો મને મારી શકે છે એવો અધ્યવસાય—એકત્વબુદ્ધિ નક્કી અજ્ઞાનભાવ છે. આ અધ્યવસાય જેને છે, તેને સ્વ-પરની જુદાઈની ખબર નથી. અજ્ઞાન એ જ મોટામાં મોટું પાપ છે ને તેથી તેવો જીવ નિયમથી મિથ્યાદ્રષ્ટિ છે.

## પરને હું મારી શકતો નથી ને પર મને મારી શકતા નથી એવો જ્ઞાનમય ભાવવાળો જીવ સમ્યગ્દ્રષ્ટિ છે.

જે જીવને આવો અજ્ઞાનભાવ નથી તે જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દ્રષ્ટિ છે. પર જીવોને હું મારી શકતો નથી, કારણ કે તે તો તેના કારણે જીવી—મરી રહ્યા છે. પર

જીવો મને મારી શકતા નથી કારણ કે મારું આયુષ્ય મારા કારણે છે. હું તો ચૈતન્યસ્વભાવી છું. કોઈ જીવને મારવાનો ભાવ હોય પણ મારનારનો ભાર નથી કે તે તેના આયુષ્ય પૂર્ણ થયા પહેલાં મારે, તેની આયુષ્ય—સ્થિતિ પૂર્ણ થતાં મરશે— આવું ધર્મીને ભાન છે. "મને આ જીવ મારી નાંખશે" તેવો ભાવ પોતાની હિંસા કરી રહ્યો છે. પણ તેવો અજ્ઞાનમયભાવ જ્ઞાનીને નથી. હું તથા બીજા જીવો પોતાનું આયુષ્ય પૂરું થતાં મરે છે, પરને લીધે મરતા નથી. એવું જેને ભાન છે તે જ્ઞાની છે.

## અજ્ઞાનમય ભાવવાળો જીવ રૂઢિ મુજબ સામાયિક કરવા છતાં જતરડામાંથી તાર નીકળે તેમ મિથ્યાત્વમાંથી ભીંસાઈને નીકળે છે.

**ભાવાર્થ :**—પર જીવોને હું મારું છું ને પર જીવો મને મારે છે—એ અજ્ઞાનભાવ છે. એવા આશયવાળો જીવ મિથ્યાદ્રષ્ટિ છે. આવો અજ્ઞાનીજીવ સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ કરે તોપણ કાંઈ ધર્મ થતો નથી. વીજળી ચમકારા મારે, કાંઈક બહારવટીયાની અફવા સાંભળે, રાતે ચોર નીકળે, ત્યાં તો બધા પ્રસંગે જાણે તેઓ મારી નાખશે ને હું મરી જઈશ એમ કલ્પના કરે છે. એક પથરણે ચાર ચાર સામાયિક કરે છે, છતાં મારું આયુષ્ય પૂરું થયા વિના કોઈ મને મારી નાખવા સમર્થ નથી એવી શ્રદ્ધા થઈ નથી. જેમ સોનીના જતરડામાંથી તાર ભીંસાઈને નીકળે છે તેમ આ જીવ કહેવાની સામાયિક કરતો હોવા છતાં મિથ્યાત્વથી ભીંસાઈ રહ્યો છે. ચોર દેખતાં જ રાડ નાખે છે. હાય આ હથિયાર ને ધારિયાં મને મારી નાખશે. ચોર કહે કે ઊભા રહો શેઠ. ત્યાં જ શેઠના હાંજા ગગડી જાય છે. હું ચોરને ઓળખી ગયો છું એવી તેને ખબર પડી ગઈ છે એટલે હવે તે મને જીવતો રહેવા દેશે નહિ. મને જરૂર મારી નાખશે. જુઓ, જીવે અજ્ઞાનમય સામયિકો કરી પણ પોતાના આયુષ્યનો પણ ભરોસો નથી, તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે.

જે જીવ એમ સમજે છે કે પર જીવો મને મારતા નથી, હું પરને મારતો નથી, મરવું આયુષ્ય પૂરા થવાને આધીન છે—આમ જેને જ્ઞાનમયભાવ વર્તે છે તે સમ્યગ્દ્રષ્ટિ છે.

## નિશ્ચયનયથી જીવ પોતાના ભાવનો કર્તા છે

નિશ્ચયનય એટલે પદાર્થના સાચા સ્વરૂપને જાણનારું જ્ઞાનનું પડખું. તેનાથી જોવામાં આવે તો કર્તાનું સ્વરૂપ એ છે કે પોતે સ્વાધીનપણે જે ભાવરૂપે અજ્ઞાનપણે અથવા જ્ઞાનપણે પરિણમે, તે ભાવનો પોતે કર્તા કહેવાય છે. પરમાર્થે

કોઈ કોઈનું મરણ કરતું નથી. પરથી મારું મરણ થશે ને મારાથી પરનું મરણ થશે એમ જે માને છે તે મૂઢ છે. સિંહ, વાઘ દેખીને ફડક ફડક થાય ને મારી નાખશે એવો ભય કરે છે પણ ચૈતન્ય શુદ્ધ સ્વભાવમાં રાગનો પ્રવેશ નથી તો પછી શસ્ત્રનો તથા સિંહનો પ્રવેશ હોય જ ક્યાંથી? પણ અજ્ઞાનીને આ વાત બેસતી નથી, તેથી તે અજ્ઞાની છે ને અજ્ઞાનમય ભાવનો કર્તા થાય છે.

## વ્યવહારનય નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવે છે

નિમિત્ત-નૈમિત્તિક ભાવથી કર્તા કહેવો તે વ્યવહારનયનું વચન છે. એક જીવે બીજાને મારવાનો ભાવ કર્યો ત્યાં બીજા જીવનું આયુષ્ય પૂરું થવાનું હોય તો જ તે મરે છે પણ તેના દેહ છૂટવામાં પેલા જીવનો ભાવ નિમિત્ત છે, તેથી આ જીવે આને માર્યો એમ કથન કરવામાં આવે છે. મરવાની ક્રિયા થાય તે નૈમિત્તિક ને અશુભભાવ કરવાવાળો જીવ નિમિત્ત છે. જેમ દવાની શીશી બોલાય છે. ત્યાં શીશી કાચની છે છતાં સંયોગ બતાવવા દવાની શીશી બોલાય છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા આ જીવે આને માર્યો એમ જ્ઞાન કરવા કથન કરાય છે, પણ તેનાથી મર્યો એ વાત બરાબર નથી. કોઈ પૂછે કે એમ બોલ્યા શું કરવા ? તો કહે કે ભાઈ વાણી બોલે છે, આત્મા બોલતો નથી; આત્મા જ્ઞાન કરે છે. એકને લીધે બીજો મર્યો એવો સિદ્ધાંત ત્યાં સિદ્ધ કરવો નથી પણ નિમિત્તનું જ્ઞાન કરાવવું છે. આવી રીતે યથાર્થ રીતે અપેક્ષા સમજી, જ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન છે.

હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે, તેના ઉત્તરરૂપે ગાથા કહે છે :—

## ગાથા ૨૪૮—૨૪૯

**છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,**
**તું આયુ તો હરતો નથી, તે મરણ ક્યમ તેનું કર્યું ? ૨૪૮.**
**છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,**
**તે આયુ તુજ હરતા નથી, તો મરણ ક્યમ તારું કર્યું ? ૨૪૯.**

અર્થ :—(હે ભાઈ ! 'હું પર જીવોને મારું છું' એમ જે તું માને છે તે તારું અજ્ઞાન છે.) જીવોનું મરણ આયુકર્મના ક્ષયથી થાય છે એમ જિનવરોએ કહ્યું છે. તું પર જીવોનું આયુકર્મ તો હરતો નથી, તો તેં તેમનું મરણ કઈ રીતે કર્યું ?

(હે ભાઈ ! પર જીવો મને મારે છે એમ જે તું માને છે તે તારું અજ્ઞાન છે.) જીવોનું મરણ આયુકર્મના ક્ષયથી થાય છે એમ જિનવરોએ કહ્યું છે; પર જીવો તારું આયુકર્મ તો હરતા નથી, તો તેમણે તારું મરણ કઈ રીતે કર્યું ?

## જીવનું મરણ આયુકર્મના ક્ષયથી થાય છે. જીવનું આયુષ્ય હોય તો કોઈ મારી શકવા સમર્થ નથી

ટીકા :—હવે આ ગાથામાં અજ્ઞાનનું કારણ બતાવી શાંતિનો ઉપાય બતાવે છે. પર સામે જોવું છે કે તારા સામે જોઈશ ? ''એક જીવ બીજાને મારી શકે'' એ માન્યતા અનાદિથી ભ્રમણા છે. કોઈ કોઈથી મરે તો કોઈ દુશ્મનને રહેવા જ ન દ્યે. પણ એ વાત બરાબર નથી. સૌ આયુકર્મના કારણે મરે છે, એક જીવ બીજાથી મર્યો એમ બોલવાની રીત છે.

### उपादान विधि निरवचन, है निमित्त उपदेश

દરેક પદાર્થનું પરિણમન સ્વતંત્ર છે. નિમિત્તો તેનું પરિણમન બદલાવતા નથી. આ નિમિત્તથી આમ થયું એમ કહેવામાં આવે છે. વસ્તુસ્વરૂપ એમ નથી.

પ્રથમ તો જીવોને આત્મા ને શરીરનો વિયોગ જેને મૃત્યુ કહે છે તે ખરેખર પોતાના આયુકર્મને આધીન છે. એમ ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં જાણનાર દેવાધિદેવ સર્વજ્ઞ ભગવાન કહે છે. કોઈના રાગથી અથવા છરીથી કોઈ મરતો નથી. કોઈ માણસને પાણીમાં ગૂંગળાવે તો મરી જાય ?—તેના આયુક્ષય વિના તે મરતો નથી. પરમાણુની પર્યાય પરમાણુથી થાય છે. આત્માની પર્યાય આત્માથી થાય છે. પર જીવને મારવાની તાકાત આત્મામાં નથી. કોઈ માણસ ગોળી મારે, પણ સામા જીવનું આયુ પૂરું ન થયું હોય તો ગોળી લાગતી નથી, નિશાન છટકી જાય છે, ને આયુ પૂરું થવાનું હોય તો ગોળી લાગે છે. પણ જીવોને વિશ્વાસ બેસતો નથી, એ જ અજ્ઞાનભાવ છે.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે :—તો પછી દવા શું કામ કરે છે ? ડોક્ટર પાસે શું કરવા જાય છે ? ઘરમાં બેસી રહે ને ?

સમાધાન :—બેસે કોણ ? આત્મા આત્મામાં બેઠેલો છે. રાગ વખતે રાગ થાય છે. દવાના રજકણો આયુષ્ય વધારી દેતા નથી ને દવા લેવા છતાં આયુષ્ય ન હોય તો દરદી મરી જાય છે, ડોક્ટર દરદીને જીવાડી શકતો નથી.

સ્વ આયુકર્મના ક્ષયના અભાવમાં મરણ થવું અશક્ય છે. સર્પ નીકળે, વીજળી ઝબકારા મારે, તલવાર પડે, સર્પ કરડે, પણ કોઈની તાકાત નથી કે

જીવના આયુનો એક સમય પણ ઓછો કરી શકે. કારણ કે પોતાનું આયુકર્મ પોતાના ઉપભોગથી જ એટલે તેના સ્વકાળે ક્ષય પામે છે. માટે કોઈ પણ રીતે નિશ્ચયથી કે વ્યવહારથી ત્રણેકાળ એક જીવ બીજાનું મરણ કરી શકે નહિ.

## હું પરને મારું છું ને પર જીવો મને મારે છે એવો અધ્યવસાય નિશ્ચિતપણે અજ્ઞાન છે.

અજ્ઞાની જીવોને આ વાત બેસતી નથી. દુશ્મન દેખતાં કહેશે કે જલદી કરો દુશ્મન મારી નાખશે, દવા જલદી લાવો નહિતર છોકરો મરી જશે—એમ અજ્ઞાન કરે છે. માતા માને છે કે છોકરાને ભીનામા સુવડાવું તો શરદી લાગશે ને મરી જશે તેથી તેને સૂકામાં સુવડાવી પોતે ભીનામાં સુવે છે. જગતમાં માતાનો ઉપકાર બહુ માને, પણ ભાઈ, માતા જીવાડી શકતી નથી. આયુ હોય તો જીવે છે. દુશ્મન આવે તો કિલ્લામાં ઘુસી જાઓ તો બચી જવાશે, સર્પ નીકળે તો બીજાને કરડશે ને મારી નાખશે, એવો અજ્ઞાનીને ભય રહેલો છે. પરંતુ ભાર નથી સર્પનો કે જીવના આયુક્ષય વિના મારી શકે. પણ જીવ ત્રાસ પામી ડરે છે. વળી સર્પને 'મોટો જીવ' કહે છે. અરે ! તું મોટો કે સર્પ મોટો ? ને ઊંચાઈમાં મોટો ગણતો હોય તો ઊંટ ઘણા મોટા છે, ઊંટને મોટો કહેતો નથી. સર્પને તેનો ત્રાસ—ભયને લીધે 'મોટો જીવ' કહે છે. તેને વીતરાગ માર્ગની ખબર નથી. જે ક્ષણે દેહ છૂટવાનો છે તે છૂટવાનો છે. સર્પ મરણ કરાવતો નથી પણ અજ્ઞાની જીવને તે વાત બેસતી નથી.

## આત્મામાં અનાદિથી દેહનો મોટો પક્ષઘાત છે.

પ્રશ્ન :—સર્પ નીકળે ત્યારે શું હાથ જોડીને બેસી રહેવું ?

સમાધાન :—હાથ કોનો છે ? આત્માને હાથ જ નથી. તેથી હાથ જોડવા ને બેસી રહેવાનો પ્રશ્ન રહેતો જ નથી. જડની પર્યાય જડના કારણે થાય છે. પોતાના કારણે સર્પ બહાર મૂકી આવવાનો રાગ ઊઠે તે જુદી વાત છે પરંતુ કોઈપણ વખતે આત્મા શરીરાદિની ક્રિયા કરી શકતો નથી. આત્મામાં દેહનો અનાદિથી મોટો પક્ષઘાત છે માટે હાથ ચલાવી શકતો નથી ને પરનું કરી શકતો નથી. હું જાણનાર દેખનાર છું ને આયુક્ષય વિના કોઈ મરતું નથી, એમ નહિ માનતા "હું પર જીવોને મારું છું ને પર જીવો મને મારે છે" એવા અધ્યવસાય નિશ્ચિતપણે અજ્ઞાન છે.

## એક જીવ બીજા જીવને મારી શકતો નથી એ નિશ્ચયનયથી કથન છે એટલે કે તે વાત યથાર્થ છે.

**ભાવાર્થ :**—જીવની જે માન્યતા હોય તે માન્યતા પ્રમાણે જગતમાં બનતું ન હોય તો તે માન્યતા અજ્ઞાન છે. પોતાથી પરનું મરણ થતું નથી ને પરથી પોતાનું મરણ થતું નથી, છતાં અજ્ઞાની જીવ વૃથા એવું માને છે તેથી તે અજ્ઞાન છે, આત્માની શાંતિ માટે નિષ્ફળ છે. કેટલાક જીવ લડાઈમાં યોજના ઘડે છે કે આ દુશ્મનનો સંહાર કેવી રીતે કરવો ? આમ યોજના કરવી ને તેમ યોજના કરવી વગેરે પ્રકારે કલ્પના કરે છે. આવી યોજના આકાશમાં પ્રદેશો આડાઅવળા કરવા સમાન છે. એટલે તે બધા અજ્ઞાનભાવ છે. એક જીવ બીજાથી મરતો નથી, તેના આયુક્ષયથી મરે છે એ કથન નિશ્ચયનું એટલે ખરેખર છે. વ્યવહારથી ઘીનો ઘડો બોલાય છે પણ ઘડો ઘીનો નથી, પણ માટીનો છે, તેમ એક જીવે માર્યો એમ બોલાય પરંતુ વસ્તુસ્થિતિ એમ નથી. એક જીવ બીજા જીવને મારી શકતો નથી, એ નિશ્ચય છે.

*

# પ્રસાદ નં. ૨૬૭

## સમયસાર ગાથા ૨૪૯

*(અષાડ વદ ૭, બુધવાર, ૨૦૦૭)*

## નિમિત્તનૈમિત્તિક ભાવથી એક જીવે બીજાને માર્યો એમ કહેવું તે વ્યવહાર છે.

એક જીવ બીજા જીવને મારી શકતો નથી છતાં આ પ્રાણીને હું જીવતો રહેવા ન દઉં, હું એને મારી શકું છું એ ભાવ અજ્ઞાન છે. કારણ કે તેની માન્યતા પ્રમાણે બનતું નથી. જીવ ઊંધા ભાવ કરે છે તે જ અનંત સંસારનું કારણ છે. તેનો વ્યવહાર આ પ્રમાણે છે. પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક ભાવથી પર્યાયના ઉત્પાદ-વ્યય થાય, તેને જન્મ-મરણ કહેવામાં આવે છે. એક જીવ મૃત્યુ પામે તે નૈમિત્તિક છે ને તે પર્યાય છૂટવા વખતે બીજો પદાર્થ નિમિત્ત છે. આમ નિમિત્ત-નૈમિત્તિક ભાવથી જન્મ મરણ થાય છે એમ કહેવું તે વ્યવહાર છે. તીર્થંકરની માતા તીર્થંકર ભગવાનને જન્મ આપે ત્યારે ઇંદ્રો કહે કે હે માતા ! તું તો જગતમાતા છે. ત્રણ લોકના રત્નને તેં જન્મ આપ્યો છે. ત્યાં તીર્થંકરરૂપે અવતરવાની તે જીવની યોગ્યતા છે. તેમાં માતાનું શરીર, તે આત્માના સંયોગરૂપે જન્મ આપવામાં નિમિત્ત છે તેથી નિમિત્તનો ઉપચાર કરી કથન કરે છે. શ્રેણિક રાજાનું મૃત્યુ પોતાનું આયું પૂરું થતાં થયું છે પણ ઝેરના નિમિત્તનું જ્ઞાન કરાવવા ઝેરથી મૃત્યુ થયું એમ કહેવાય છે. ભરત તથા બાહુબલની લડાઈ વખતે લોકોએ કહ્યું કે માણસો મરી જશે માટે તમો બે ભાઈઓ લડો. તમો ચરમશરીરી છો તમો મરવાના નથી. ત્યાં પણ કોઈથી કોઈ મરવાના ન હતા પણ મરે તો નિમિત્ત કહેવાય. ડોક્ટરના હાથે ઓપરેશન કરતાં દરદી મરી ગયો ત્યાં દરદી પોતાના આયુક્ષયના કારણે મર્યો છે પણ ડોક્ટરના નિમિત્તનું જ્ઞાન કરાવવા ડોક્ટરથી મર્યો એમ કહેવામાં આવે છે. ત્યાં જેના નિમિત્તથી પર્યાયનો વ્યય થાય તેને વિષે એમ કહેવામાં આવે છે કે આ જીવે આને માર્યો—તે વ્યવહાર છે.

## નિશ્ચય તથા વ્યવહાર નયોને યથાયોગ્ય સમજવા

અહીં એમ ન સમજવું કે વ્યવહારનો સર્વથા નિષેધ છે. મરવા વખતે કોણ નિમિત્ત હતું તેનું જ્ઞાન જ ન કરાવાય ને નિમિત્તનૈમિત્તિક ભાવથી બોલાય જ નહિ, એમ નથી. નિમિત્તથી કોઈ બોલે તે માટે જુઠો છે એમ નથી. નિમિત્તથી જીવ મરી ગયો એમ માને તો પણ જૂઠો છે. પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા વ્યવહારનો નિષેધ

નથી. એટલા પૂરતો વ્યવહાર છે ખરો. જેઓ નિશ્ચયને જાણતા નથી તેમનું અજ્ઞાન મટાડવા અહીં કથન કર્યું છે કે જીવ મરે છે તે પોતાના કારણે મરે છે. બીજાથી મરતો નથી. તે જાણ્યા પછી બન્ને નયોને અવિરોધપણે જાણી યથાયોગ્ય માનવા. એક જીવ બીજા જીવને નિશ્ચયથી મારે નહિ પણ વ્યવહારથી મારે છે એમ માને તે તો વિરોધ આવ્યો, યથાયોગ્ય ન થયું પણ જીવ પોતાના કારણે મરે છે. બીજાએ માર્યો નથી તે નિશ્ચય ને જેણે મારવાનો ભૂંડો ભાવ કર્યો તે જીવ નિમિત્ત છે એમ જ્ઞાન કરવું તે વ્યવહાર છે. આમ યથાયોગ્ય સમજવું.

ફરી પૂછે છે કે (મરણનો અધ્યવસાય અજ્ઞાન છે એમ કહ્યું ને જાણ્યું હવે) મરણના અધ્યવસાયનો પ્રતિપક્ષી જે જીવનનો અધ્યવસાય તેની શી હકીકત છે, તેનો ઉત્તર કહે છે :—

## ગાથા ૨૫૦

**જે માનતો—હું જિવાડું ને પર જીવ જીવાડે મુજને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૦.**

અર્થ :—જે જીવ એમ માને છે કે હું પર જીવોને જિવાડું છું અને પર જીવો મને જીવાડે છે, તે મૂઢ (–મોહી) છે, અજ્ઞાની છે અને આનાથી વિપરીત (અર્થાત્ જે આવું નથી માનતો, આનાથી ઊલટું માને છે) તે જ્ઞાની છે.

## પર જીવોને હું બચાવી શકું છું એવો અધ્યવસાય જે કરે છે તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે.

**ટીકા :—**અજ્ઞાની જીવો માને છે કે પર જીવોને મેં બચાવ્યા. પાણીમાં જીવ તણાતો હતો તેને મેં બચાવ્યો એમ માનવું તે અજ્ઞાનભાવ છે. નિર્ધન હોય કે સધન હોય, યુવાન હો કે વૃદ્ધ હો, સવાર હોય કે સાંજનો વખત હોય, જડની પર્યાય ગમે તે હોય, ચોથો આરો હોય કે પાંચમો આરો હોય, તેની સાથે સંબંધ નથી પણ જીવની રુચિ પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ તરફ છે કે પરનું કરી દઉં, પરને જિવાડી દઉં એવા એકત્વબુદ્ધિના શુભ ને અશુભભાવ ઉપર છે—તે ખાસ મુદ્દો છે. પોતાના જ્ઞાનસ્વભાવનાં શ્રદ્ધા—જ્ઞાનથી નિર્મળ શક્તિ વધે છે, તેમ નહિ માનતાં પોતાને શુભભાવવાળો માનવો ને "હું હતો તો આ જીવ બચી ગયો" એમ માનવું તે ભ્રાંતિ છે.

વસ્તુ ત્રણે કાળ છે. દ્રવ્ય, ગુણ, પર્યાય સત્ છે. તે પર્યાયનો કર્તા કોઈ બીજો આત્મા હોય તો પર્યાય સત્ રહેતી નથી ને એમ માનતાં દ્રવ્યના અભાવનો પ્રસંગ આવે છે. જેમ ઈશ્વરને જગતકર્તા માનનાર અજ્ઞાની છે તેમ હું પર જીવને જિવાડી શકું છું તેમ માનનાર એના જેવો જ અજ્ઞાની છે. મીલવાળા કહે કે અમે નોકરને

નભાવીએ છીએ. નોકર કહે કે અમારા પરસેવાના પૈસા શેઠ ખાય છે—એમ માનનાર બન્ને અજ્ઞાનભાવ કરે છે. ધર્મના નામે જીવો કહે છે કે અમોએ અગ્નિના, વાયરાના, ઢોર વગેરેના જીવોને બચાવ્યા, અનાથ છોકરાને બચાવ્યા, દરિદ્રીઓને આશ્રય આપ્યો, આમ અભિમાન કરે છે. આવો ભાવ અજ્ઞાનભાવ છે.

## પર જીવો મને જીવાડે છે એવો અધ્યવસાય જે કરે છે તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે.

બીજો જીવ માને છે કે પર જીવો મને નભાવે છે. છોકરામાં ને વહુમાં કાંઈ ખામી નથી એમ ઘરડા માવતર બોલે છે. કારણ કે ઊંડે ઊંડે માન્યતા છે કે તેઓને આધારે હું વૃદ્ધાવસ્થામાં નભી રહ્યો છું. વૃદ્ધો કહે કે ભાઈ, અમોને પાલવજો, છોકરો કહે કે બાપા, અમોને તમો જિવાડો છો ને સંભાળ રાખો છો. પર ઉપરની દ્રષ્ટિના કારણે તેની ભાષા પણ એવી નીકળે છે કે તેમાં ઓશિયાળાપણું દેખાઈ આવે છે. તેઓ મોટા રાંકા ને ભિખારી છે. જાણનાર–દેખનારપણે રહેવાને બદલે પરની પર્યાયના કર્તા થાય છે, તે ચોક્કસ અજ્ઞાન છે. હું પોતે જિવાડું છું ને પરથી જીવું છું—એવો જેને એકત્વબુદ્ધિનો અધ્યવસાય છે, તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે.

## બધા જીવો પોતાના આયુષ્યના કારણે જીવે છે એમ જાણી જે જીવ મિથ્યા અધ્યવસાય કરતો નથી પણ જ્ઞાતા રહે છે તે સમ્યગ્દ્રષ્ટિ છે.

પર જીવોને હું જિવાડી શકું નહિ કારણ કે પર જીવો તેના આયુષ્યના કારણે જીવી રહ્યા છે ને પર જીવો મને જિવાડી શકતા નથી. કારણ કે હું મારા કારણે જીવી રહ્યો છું. એવું જેને સાચું જ્ઞાન વર્તે છે તે સમ્યગ્દ્રષ્ટિ છે. આયુષ્યમાં એક સમયમાત્રનો ફેરફાર ઇંદ્ર, નરેંદ્ર કે સાક્ષાત્ જિનેંદ્ર ભગવાન પણ કરી શકતા નથી. એવો જ અબાધિત વસ્તુનો સ્વભાવ છે એમ જાણીને જે જીવ જ્ઞાતા રહે છે તે સમ્યગ્દ્રષ્ટિ છે.

**ભાવાર્થ :—**અજ્ઞાની જીવો માને છે કે અમો બીજાને નભાવીએ છીએ. નોકરીમાં આજીવિકા મને મળે છે તેથી હું જીવું છું. ડોક્ટરો ને વૈદ્યો કહે કે અમો દરદીને જીવાડીએ છીએ, એ બધો અજ્ઞાનભાવ છે. કોણ કોને જિવાડે ને કોણ કોને મારે ? એ બધી ભ્રમણા છે. એક જીવને જિવાડું છું એવો જેનો અભિપ્રાય છે તે અનંતા જીવોને જિવાડી શકું છું એમ માની રહ્યો છે. ને એક જીવથી હું જીવું છું એમ માનનાર અનંતા જીવોથી જીવી રહ્યો છે એમ માને છે. એમ માનનારની દ્રષ્ટિ પરાધીન છે. તે આત્માના સ્વરૂપને જાણતો નથી ને વીતરાગદેવને માનતો નથી.

તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે. પણ જેને એવું અજ્ઞાન નથી ને સૌ સૌના કારણે જીવે છે એવી દ્રષ્ટિ છે, તે જીવ સમ્યગ્દ્રષ્ટિ છે. ॥૨૫૦॥

હવે પૂછે છે કે આ (જીવનનો) અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે ? તેનો ઉત્તર કહે છે :—

## ગાથા ૨૫૧—૨૫૨

**છે આયુઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,**
**તું આયુ તો દેતો નથી, તે જીવન ક્યમ તેનું કર્યું ? ૨૫૧.**
**છે આયુઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,**
**તે આયુ તુજ દેતા નથી, તો જીવન ક્યમ તારું કર્યું ? ૨૫૨.**

અર્થ :—જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવો કહે છે; તું પર જીવોને આયુકર્મ તો દેતો નથી તો (હે ભાઈ !) તેં તેમનું જીવિત (જીવતર) કઈ રીતે કર્યું ?

જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવો કહે છે; પરજીવો તને આયુકર્મ તો દેતા નથી. તો (હે ભાઈ !) તેમણે તારું જીવિત કઈ રીતે કર્યું ?

## પોતાના પરિણામ અનુસાર બાંધેલા આયુકર્મ ઉદયથી જ દરેક જીવ જીવે છે માટે કોઈ કોઈને પણ જિવાડી શકતું નથી

**ટીકા :—**પ્રથમ વાત એમ છે કે જીવોને જીવન તેના આયુકર્મના ઉદયથી છે. આત્મા ને શરીરનો સંયોગ રહેવો તેને અહીં જીવિત કહ્યું છે. ખરેખર તો આયુકર્મથી પણ આત્મા જીવતો નથી. પોતે પોતાના કારણે જીવે છે પણ શરીર ને આત્મા સાથે રહે છે તેમાં આયુકર્મ નિમિત્ત છે એટલે આયુકર્મથી જીવે છે એમ કહ્યું છે. અહીં તો એમ બતાવવું છે કે બીજો જીવ કાંઈ ફેરફાર કરી જિવાડે તેમ બની શકે નહિ. પણ સૌ પોતાના આયુષ્યના કારણે જીવે છે. ઇંદ્ર કે જિનેંદ્ર એક સમયનું પણ આયુષ્ય આપી શકે એમ નથી. લોકમાં પણ કહે છે કે પાંચમની છઠ થાય તેમ નથી. તેનો અર્થ એ છે કે આયુષ્ય પ્રમાણે જીવ જીવે છે. કારણ કે પોતાના આયુકર્મના ઉદયના અભાવમાં જીવિત કરાવું અશક્ય છે. માણસો પણ કહે છે કે અમોએ ઘણી દવા કરી પણ ફેર પડ્યો નહિ. વળી પોતાનું આયુકર્મ બીજાથી બીજાને આપી શકાતું નથી. પોતાનું આયુકર્મ તો પૂર્વે જેવા ભાવ પોતે કરેલ હોય છે તેવું બંધાયું હોય છે. માટે કોઈ પણ રીતે બીજો બીજાનું જીવન કરી શકે નહિ. અજ્ઞાની માને છે કે દવા બરાબર કરી માટે દરદી જીવ્યો. માવજત સરખી કરી તેથી જીવ્યો. તે અજ્ઞાનભાવ છે, તેવો જીવ નિયમથી મિથ્યાદ્રષ્ટિ છે.

પ્રશ્ન :—સાત કરણે આયુષ્ય તૂટે છે એમ શાસ્ત્રમાં કથન આવે છે ને ?

## કોઈ જીવનું આયુષ્ય તૂટતું નથી પણ નિમિત્ત બતાવવા એમ કથન કરેલ છે.

**સમાધાન :—**કોઈનું આયુષ્ય તૂટતું નથી. પણ જુદાજુદા પ્રકારનાં નિમિત્તો બતાવવા એમ કહેવાય છે. આ જીવ સર્પદંશથી, અકસ્માતથી, અકાળ મૃત્યુ પામ્યો તે નિમિત્ત બતાવવા માટે છે.

(૧) જે એમ માને છે કે ઝેરી સર્પ વગેરે નિમિત્તો આવ્યાં માટે જીવ મરી ગયો તે મિથ્યાદ્રષ્ટિ છે.

(૨) જીવનું મરણ પોતાના આયુક્ષયના કારણે થાય ત્યારે ઝેરી સર્પ અગર અકસ્માત વગેરે જે કારણો અગર નિમિત્તો હોય. તે હતાં જ નહિ—એમ માનનાર પણ મિથ્યાદ્રષ્ટિ છે.

કાર્તિકેય અનુપ્રેક્ષામાં કહ્યું છે કે જે જીવનું જે સંયોગે, જે ક્ષેત્રે, જે સમયે મરણ થવાનું હોય છે, તે જીવનું તે સંયોગે, તે ક્ષેત્રે, તે સમયે મરણ અવશ્ય થાય છે. તેમાં ઇંદ્ર, નરેંદ્ર, જિનેંદ્ર કોઈ ફેરફાર કરવા સમર્થ નથી. પદાર્થોનું સ્વરૂપ જ આવું છે. સમ્યગ્દ્રષ્ટિના આશ્વાસન માટે નથી. જે સંયોગો, જે ક્ષેત્ર જે સમયે આવવાનાં છે તે આવવાનાં જ છે. સંયોગો ફરશે નહિ, દ્રષ્ટિ ફેરવ. આમ સાચી દ્રષ્ટિ કરવી તે સમ્યગ્જ્ઞાન છે ને જે ઊંધો ભાવ કરે છે તે મિથ્યાદ્રષ્ટિ છે.

## નિશ્ચય ને વ્યવહાર બન્ને નયો યથાયોગ્ય સમજવા.

ભાવાર્થ :—જીવની જે માન્યતા હોય તે માન્યતા પ્રમાણે જગતમાં બનતું ન હોય તો તે માન્યતા અજ્ઞાન છે. પોતે બીજાને જિવાડી શકતો નથી, બીજો પોતાને જિવાડી શકતો નથી છતાં જે જીવ વૃથા એવું માને છે તે અજ્ઞાની છે. આ કથન નિશ્ચયનયની પ્રધાનતાથી છે. વ્યવહાર આ પ્રમાણે છે. જીવ પોતાના કારણે જીવે છે તે નૈમિત્તિક ને બીજો પદાર્થ છે તે નિમિત્ત છે. આમ નિમિત્તનૈમિત્તિક ભાવથી કહેવામાં આવે છે. ત્યાં જેના નિમિત્તથી જીવ્યો હોય ત્યાં આણે આને જિવાડ્યો એમ કહેવામાં આવે છે. સમ્યગ્દ્રષ્ટિની ભાષામાં પણ એમ આવે કે એક બીજાની ઓથે જીવીએ છીએ—એવી ભાષા કદાચિત હોય પણ પરને જિવાડું છું અથવા પરથી જીવું છું એવા અભિપ્રાયપૂર્વક રાગ નથી. આયુષ્ય સાંધી શકાતું નથી છતાં વ્યવહારથી એમ બોલાય કે ડોક્ટરે દરદીને ઉગારી લીધો. અહીં એમ ન સમજવું કે

વ્યવહારથી આ પ્રમાણે બોલવાનો નિષેધ છે. નિમિત્તનું જ્ઞાન કરાવવાનો નિષેધ નથી પણ મારાથી આ જીવ બચ્યો—એવું અજ્ઞાન મટાડવા નિશ્ચયથી કથન કરેલ છે. તે જાણ્યા પછી બન્ને નયોને અવિરોધપણે, જેમ છે તેમ જાણવા. પોતાના કારણે જીવે છે તે નિશ્ચય છે ને નિમિત્તથી જીવ્યો એમ કહી નિમિત્તનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે.

દુઃખસુખ કરવાના અધ્યવસાયની પણ આ જ ગતિ છે એમ હવે કહે છે :—

## ગાથા ૨૫૩

**જે માનતો—મુજથી, દુઃખી સુખી હું કરું પર જીવને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૩.**

અર્થ :—જે એમ માને છે કે મારા પોતાથી હું (પર) જીવોને દુઃખી—સુખી કરું છું, તે મૂઢ (–મોહી) છે, અજ્ઞાની છે અને આનાથી વિપરીત તે જ્ઞાની છે.

## હું પરને સુખી દુઃખી કરું છું ને પર મને સુખી દુઃખી કરે છે એવો અજ્ઞાનભાવ કરનાર જીવ મિથ્યાદ્રષ્ટિ છે

પર જીવોને હેરાન કરું ને દુઃખી કરું એમ માનવું તે અજ્ઞાનભાવ છે. આ જીવને આટલી દવા આપી, પૈસા આપ્યા તેથી તે સુખી થયો એ માન્યતા મૂઢની છે. પરને સુખીદુઃખી કરવાની તાકાત આત્મામાં છે જ નહિ. તલવાર મારવાથી જીવ દુઃખી થતો નથી. જીવ તેના અજ્ઞાનભાવથી ને નિમિત્તરૂપે અશાતાના ઉદયથી દુઃખી છે, પણ પરથી દુઃખી નથી. ગજસુકુમાર મુનિને તેનો સસરો સોમલ માથે અગ્નિ મૂકીને દુઃખ આપે છે તેથી મુનિ દુઃખી થાય છે ? ના. મુનિ જરાપણ દુઃખી નથી. અશાતાના ઉદયને તથા શરીરની અવસ્થાને જાણે છે. છઠ્ઠે ગુણસ્થાને કદાચિત્ અલ્પ દ્વેષ થાય તો તેના જ્ઞાતા છે પણ અજ્ઞાની જીવ જ્યાં ત્યાં ઓશિયાળાપણું કરે છે. દાક્તર આવતાં દરદી માને કે આ પરમેશ્વર આવ્યો, મને સુખી કરશે ને દાક્તર માને કે આ બે ઈંજેક્શન રામબાણ છે, હવે દરદી જીવી જશે. જુઓ, એકબીજા પર સાથેની એકત્વબુદ્ધિમાં તલ્લીન છે. મેં આને રોટલા દીધા, મદદ કરી—એમ શુભભાવમાં જોર આપી, મારે લીધે તે સુખી થયો એમ માની ભ્રાંતિને સેવે છે. આવી રીતે પરને સુખી કરી શકું છું ને પરથી હું સુખી થાઉં છું એવી માન્યતા મૂઢની છે—અજ્ઞાનીની છે અને જે જીવ એમ માનતો નથી પણ માને છે કે મારા શાતા કે અશાતાના ઉદય અનુસાર સામગ્રી મળે છે, પરમાં સુખ નથી. હું તો જ્ઞાતાસ્વરૂપ છું, એમ માનનાર જ્ઞાની છે.*

# પ્રસાદ નં. ૨૬૮

## સમયસાર ગાથા ૨૫૩

*(અષાડ વદ ૮, ગુરૂવાર, ૨૦૦૭)*

## પરને સુખીદુઃખી કરૂં છું ને પરથી સુખી–દુઃખી થાઉં છું એવો અજ્ઞાનભાવ કરનાર જીવ મિથ્યાદ્રષ્ટિ છે.

આ બંધ અધિકાર છે તેમાં બંધન કેમ થાય છે તે બતાવે છે. પર જીવોને હું દુઃખી તથા સુખી કરી શકું છું. દયા, દાનના ભાવ કરી બીજાને સુખી કરૂં, બીજાને છરી મારી દુઃખી કરૂં, પ્રતિકૂળતા આપી સુખી રહેવા ન દઉં, રાજા સારો હોય તો પ્રજા સુખી ને પ્રજા સારી હોય તો રાજા સુખી. રાજ્યની વ્યવસ્થા સારી હોય તો અનાજ વગેરેની વ્યવસ્થા સારી થાય, નહિતર લોકો ભૂખે મરે. ભાગીદાર સારો હોય તો સુખી થવાય. દીકરા સારા હોય તો સુખી થવાય. સારો મુનિમ પાંચસોનો પગાર લઈ પાંચ હજાર રળી દેતો હોય તો સુખી થવાય—આ બધો ભ્રમણાનો ભાવ છે. સામો જીવ સુખદુઃખની કલ્પના કરે છે. તે પોતાના અજ્ઞાનના કારણે કરે છે પણ પરપદાર્થોને લીધે સુખદુઃખ નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. તેની સાથેની એકતાબુદ્ધિ છોડીને પરને સુખીદુઃખી કરૂં ને પરથી સુખી-દુઃખી થાઉં—એ જ અધર્મભાવ ને અજ્ઞાન છે.

## જડની ક્રિયા જીવ કરી શકતો નથી ને જડની ક્રિયાથી તથા દાનના શુભભાવથી બીજો જીવ સુખી થતો નથી.

પ્રશ્ન :—અમારે દયાદાનના કુણાભાવ કરી અમારા હાથે રૂપિયા આપીને બીજાને સુખી ન કરવા ?

સમાધાન :—હાથ આત્માનો નથી. તેથી આત્મા હાથની ક્રિયા કરી શકતો નથી તેમ જ રૂપિયા આત્મા ગણી શકતો નથી, આપી શકતો નથી, આત્મા જાણે કે આમ થયું, રાગ આવ્યો, રૂપિયાની ક્રિયા થઈ વગેરે પ્રકારે જાણે, પણ તે ક્રિયા થાય તેથી બીજો જીવ સુખી થાય તેમ બનતું નથી. એક જીવને રૂપિયા ને લાડવા બન્ને મળ્યા હોય તો પણ બીજી કલ્પના ઊભી કરીને દુઃખી થાય છે ને લાડવામાં સુખની કલ્પના ઊભી કરે છે, તે પણ દુઃખ છે.

૧) જીવના શુભભાવથી પૈસાની ક્રિયા બનતી નથી કારણ કે પૈસા પરવસ્તુ—જડ છે.

૨) જીવના શુભભાવથી બીજો જીવ સુખી થતો નથી કારણ કે સામો જીવ જેવી કલ્પના કરે તે પ્રમાણે તે સુખી કે દુઃખી થાય છે. (સંસારમાં જેને લોકો સુખ કરે છે તેની વાત છે.)

૩) જીવના અશુભભાવથી બીજો જીવ દુઃખી થતો નથી.

પર જીવો આત્મામાં પેસતા નથી ને આત્મા પર જીવોમાં પેસતો નથી. લોકો કહે છે કે જગડુશાએ દુકાળમાં ઘણાં માણસોને સુખી કર્યા. ભાઈ, એ તો તેનો દાનનો—ઉદારતાનો ભાવ બતાવે છે. પણ તેનાથી જડની ક્રિયા થઈ ગઈ ને તેના કારણે જીવ સુખી થયા એમ નથી. છતાં તેના વડે બીજો જીવ સુખી થયો એમ માનવું તે ત્રિકાળ સત્ વસ્તુનું ખૂન કરવા બરાબર છે. જડ જડના કારણે જાય છે ને બીજો જીવ પોતે પોતાની કલ્પના અનુસાર સુખ-દુઃખ માને છે છતાં જીવ વિરુદ્ધ માન્યતા કરે છે તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે અને જે જીવ પરથી સુખ-દુઃખ માનતો નથી ને પરને સુખી દુઃખી કરું છું એમ માનતો નથી એટલે ખોટો અધ્યવસાય કરતો નથી, તે જીવ સમ્યગ્દ્રષ્ટિ છે.

## અમુક વનસ્પતિની બાધા રાખી માટે અમુક વનસ્પતિના જીવો દુઃખી ન થયા ને અમુક ત્રાસ પામ્યા–તે ભાવ અજ્ઞાન છે.

**ભાવાર્થ :—**એક જીવે પ્રતિજ્ઞા લીધી કે પાંચ સિવાય બીજાં શાક ખપે નહિ તો બીજા વનસ્પતિના જીવને દુઃખ ન દીધું ને ? ને જે શાક લીધું તે શાકના જીવને તો ત્રાસ થાય ને ? ભાઈ, ત્રાસ પરને લીધે નથી. અમુક બંધી લીધી માટે તેટલા જીવ તો દુઃખી ન થયા એ વગેરે માનવું તે બધી ભ્રમણા છે. શાકના એક કટકાને લાવવાની કે કાપવાની કે તે જીવને મારવાની તાકાત આત્મામાં નથી. કોઈને લીધે કોઈ સુખી-દુઃખી નથી. બીજો જીવ પોતાના અજ્ઞાનના કારણે સુખી-દુઃખી છે અથવા ત્રાસ પામે છે.

## ઝાડથી મુસાફરોને શાતા નથી ને મુસાફરોને શાતા મળી માટે ઝાડને પુણ્ય બંધાય એ માન્યતા અજ્ઞાનભાવ છે

વળી એક જીવ કહે કે ઝાડ નીચે કેટલાય માણસો વિસામો લ્યે છે ને તેથી તે માણસોને શાતા મળે છે. તે શાતાના કારણે ઝાડને ઘણું પુણ્ય બંધાય છે. જુઓ અજ્ઞાન ! ઝાડનો એકેન્દ્રિય જીવ અરૂપી ને તેનું શરીર રૂપી છે. તેના કારણે બીજા જીવોને શાતા થાય ને તે શાતાથી ઝાડના જીવને પુણ્ય બંધાય, એમ માનવું તે બધો અજ્ઞાનભાવ છે. સારા ભાઈઓ હોય તો સુખી કરે, ખરાબ હોય તો દુઃખી કરે,

મેં આટલી સેવા કરી તો જીવ બચી ગયો. આમ હું પરને સુખી-દુઃખી કરું છું ને પર મને સુખીદુઃખી કરે છે એમ માનવું તે અજ્ઞાન છે. એ જેને છે તે અજ્ઞાની છે—મિથ્યાદ્રષ્ટિ છે. જેને એ અજ્ઞાન નથી તે જ્ઞાની છે—સમ્યક્ દ્રષ્ટિ છે. ॥૨૫૩॥

હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છે :—

## ગાથા ૨૫૪—૨૫૬

**જ્યાં કર્મ ઉદયે જીવ સર્વે દુઃખિત તેમ સુખી થતાં,**
**તું કર્મ તો દેતો નથી, તે કેમ દુઃખિત—સુખી કર્યા ? ૨૫૪.**
**જ્યાં કર્મઉદયે જીવ સર્વે દુઃખિત તેમ સુખી બને,**
**તે કર્મ તુજ દેતા નથી, તો દુઃખિત કેમ કર્યો તને ? ૨૫૫.**
**જ્યાં કર્મઉદયે જીવ સર્વે દુઃખિત તેમ સુખી બને,**
**તે કર્મ તુજ દેતા નથી, તો સુખિત કેમ કર્યો તને ? ૨૫૬.**

અર્થ :—જો સર્વ જીવો કર્મના ઉદયથી દુઃખી—સુખી થાય છે અને તું તેમને કર્મ તો દેતો નથી, તો (હે ભાઈ !) તેં તેમને દુઃખી—સુખી કઈ રીતે કર્યા ?

જો સર્વ જીવો કર્મના ઉદયથી દુઃખી-સુખી થાય છે, અને તેઓ તને કર્મ તો દેતા નથી, તો (હે ભાઈ !) તેમણે તને દુઃખી કઈ રીતે કર્યો ?

જો સર્વ જીવો કર્મના ઉદયથી દુઃખી-સુખી થાય છે, અને તેઓ તને કર્મ તો દેતા નથી, તો (હે ભાઈ !) તેમણે તને સુખી કઈ રીતે કર્યો ?

## જીવોને સુખ-દુઃખ ખરેખર પોતાના કર્મના ઉદયથી (નિમિત્તથી) જ થાય છે, પરને લીધે થતું નથી.

ટીકા :—મુદ્દાની વાત એ છે કે જીવોને સુખ-દુઃખ ખરેખર પોતાના કર્મના ઉદયને લીધે થાય છે. એક જીવ બીજાને સુખી-દુઃખી કરી શકતો નથી. બીજાને સુખી-દુઃખી કરવાનો ભાવ કરે પણ ભાવ કર્યો માટે બીજો સુખી-દુઃખી થાય તેમ બનતું નથી. બીજાના સુખ-દુઃખનું કારણ તેનાં કર્મો છે. હવે અહીં સુખ-દુઃખની વાત કરી છે તે લૌકિક સુખની વાત સમજવી. બીજું કર્મોના ઉદયને લીધે સુખ-દુઃખ થાય છે એમ કહ્યું છે ત્યાં પણ કર્મોના ઉદયને લીધે ખરેખર સુખ-દુઃખ નથી. પોતાના અજ્ઞાનના કારણે જ સુખ-દુઃખની કલ્પના ઊભી કરે છે પણ કર્મના નિમિત્તે અનુકૂળ અથવા પ્રતિકૂળ સંયોગો મળે છે. લોકો અનુકૂળતાવાળાને સુખી અને પ્રતિકૂળતાવાળાને દુઃખી કહે છે ને પોતે પણ અનુકૂળ—પ્રતિકૂળ સંયોગોમાં સુખ-દુઃખ માને છે ને તે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો મળવામાં પોતાના કર્મનો ઉદય

નિમિત્ત છે પણ બીજાના કર્મનો ઉદય નિમિત્ત નથી. અજ્ઞાની જીવે પૂર્વે કર્મો બાંધેલાં તે જ્યારે ઉદયમાં આવે ત્યારે અશાતાને લીધે રોગ થાય ને કોઈ સેવા ન કરે તો કહે કે હેરાન હેરાન થઈ ગયા. શાતાને લીધે પૈસા મળે તો કહે કે અમે સુખી થયા. એમ અજ્ઞાની શાતા–અશાતાના સંયોગોમાં સુખ-દુઃખની કલ્પના કરે છે. પણ સંયોગો તે કલ્પના કરાવતા નથી. તે સંયોગોમાં પોતાના કર્મ નિમિત્ત છે પણ બીજા જીવનાં કર્મો નિમિત્ત નથી તેથી બીજા જીવનાં કર્મથી જુદું બતાવવા પોતાના કર્મોથી સુખી દુઃખી છે એમ આરોપ આપેલ છે. કર્મ તો જડ છે તેનાથી સુખ-દુઃખ નથી પણ અજ્ઞાનને કારણે સુખ-દુઃખ છે. તે સુખ-દુઃખમાં પોતાનું કર્મ નિમિત્ત છે પણ બીજા જીવનું કર્મ નિમિત્ત નથી, એ અહીં ખાસ બતાવવું છે.

## ઇંદ્રો સુખ આપી શકતા નથી, ને દુશ્મનો દુઃખ આપી શકતા નથી.

એક જીવે બીજાને રોટલા અથવા પૈસા આપવાનો ભાવ કર્યો પણ તે સામા જીવનો પુણ્યનો ઉદય હોય તો રોટલા ને પૈસાની ક્રિયા બને, એક જીવે બીજાને તલવારથી મારવાનો ભાવ કર્યો પણ બીજાના પાપનો ઉદય હોય તો તલવારની ક્રિયા થાય એવો જડની ક્રિયાને તથા સામાનાં પુણ્ય-પાપ કર્મના ઉદયને નિમિત્તનૈમિત્તિક સંબંધ છે. તે જીવના સુખ-દુઃખમાં તેનાં કર્મો નિમિત્ત છે. પણ પહેલા જીવના ભાવો નિમિત્ત નથી. સામા જીવના પુણ્ય-પાપ વિના તેનું કાંઈ પણ બની શકતું નથી. કારણ કે પોતાના કર્મના ઉદયના અભાવમાં સુખ-દુઃખ થવા અશક્ય છે. ઇંદ્રોનું આયુષ્ય બહું મોટું હોય છે ને અચ્યુત દેવલોકના ઇંદ્રનું આયુષ્ય ૨૨ સાગરોપમનું છે. તેઓને અવધિજ્ઞાન હોય છે. ઉપયોગ મૂકે તો ઘણા પૂર્વ ભવોને યાદ કરી શકે છે ને તેથી જાણી શકે છે કે એ પૂર્વના ભવોમાં આ જીવો મારા માતા પિતા અથવા મિત્ર હતા. તે માતા-પિતા-મિત્રનો જીવ પરિભ્રમણ કરતાં કરતાં પાપના ઉદયે કોઈ વખતે બકરી થયો હોય તેને કતલખાને મારવા લઈ જતા હોય. ઇંદ્ર ઉપયોગ મૂકે તો જાણે કે તે પૂર્વે પોતાના માતાપિતાનો જીવ છે. છતાં તે બકરીનાં પુણ્ય વિના ઇંદ્ર તેને મદદ પહોંચાડી શકે કે બચાવી શકે નહિ. તે જીવનાં પુણ્ય વિના ઇંદ્રને એવો વિકલ્પ પણ ઊઠે નહિ. કોઈ દેવને પૂર્વના તેના ભવમાં કોઈ દુશ્મને વાઘના અવતારમાં હેરાન કરેલ હોય તેને અત્યારે કોઈ ભવમાં જુએ તો પણ તેના (દુશ્મનના જીવના) પાપના ઉદય વિના કોઈ દેવ અશાતા પહોંચાડી શકે નહિ.

આમ વસ્તુસ્થિતિ છે છતાં જગતના અજ્ઞાની જીવો કહે કે આને લીધે અમે સુખી થયા પણ ભાઈ, તારાં પુણ્ય વિના અનુકૂળતા મળે તેમ નથી ને અશાતાના

સંયોગો તારા પાપ વિના મળે તેમ નથી. પણ જે જીવને પુણ્યની શ્રદ્ધા નથી તેને ધર્મની શ્રદ્ધા તો ક્યાંથી હોય ? ન જ હોય.

લોકમાં જે કહેવત છે કે "દાણે દાણે ખાનારનું નામ છે." તેનો અર્થ એ છે કે જે જીવને જે દાણો એટલે અનાજ, કપડાં, રૂપિયા વગેરે જે સંયોગરૂપે મળવાના છે તે જ મળવાના છે. તેને કોઈ દુશ્મન અટકાવી શકે નહિ. ને જે પદાર્થો સંયોગરૂપે મળવાના નથી તેને કોઈ ઇંદ્ર આપી દ્યે એમ પણ બની શકતું નથી. અજ્ઞાની જીવ કહે છે કે અમે સામા જીવને કષ્ટ આપી શકીએ, વળી પૈસા મળે તો કહે કે અમે અમારી હોંશિયારીથી આટલા બધા પૈસા રળી આવ્યા. પણ ભાઈ, એક રજકણ પણ પુણ્ય વિના આવતું નથી ને એક રજકણ પાપ વિના જતું નથી.

## જુઓ, ત્રણ ખંડના પ્રતાપશાળી શ્રીકૃષ્ણ વાસુદેવ પણ અશુભનો ઉદય આવતાં પોતાના માબાપને બચાવી શક્યા નહિ.

એક બાઈ સાડા ત્રણ વર્ષ થયા દર્દથી પીડાતી હતી. પથારીવશ રહેતી પીડાનો પાર નહિ. ઘરના માણસો સેવા કરીને થાકી ગયા. બાઈ કહે કે અરેરે ! મારી સેવા કરનાર કોઈ નથી પણ પુણ્ય પ્રમાણે સંયોગો મળે છે. એકનું પુણ્ય બીજાને અપાતું નથી તેનું તેને ભાન નથી. શ્રીકૃષ્ણ વાસુદેવ હતા ને તેમના ભાઈ બળદેવ હતા. વાસુદેવ ત્રણખંડના ધણી હતા ને આઠ હજાર દેવ તેમની સેવા કરતા ને આંખ કડક કરે ત્યાં વિકરાળ સિંહ પણ ગલુડિયા જેવો થઈ જાય ને નોકરો તેમને ખમાખમા કરતા. દ્વારિકાને રત્નના કાંગરા હતા ને સોનાના ગઢ હતાં. જ્યાં સુધી પુણ્યનો ઉદય હતો ત્યાંસુધી બધું ઠીક દેખાતું પણ જ્યાં પુણ્યનો ઉદય મટીને પાપનો ઉદય આવ્યો ત્યાં દ્વારિકા સળગી. તેઓ બચવા માટે બહાર જાય છે ને પોતાના માબાપને બહાર કાઢવા પ્રયત્ન કરે છે. દરવાજા પાસે પહોંચ્યા ત્યાં આકાશવાણી થાય છે કે "માબાપને કાઢી શકશો નહિ, તેઓ બચશે નહિ. દરવાજો હમણાં પડી જશે. તમે નીકળી જશો." ત્રણખંડના યોદ્ધા વાસુદેવ શ્રીકૃષ્ણ જેની સામે પ્રતિકૂળ માણસ નજર પણ સહન ન કરી શકે તેવા મહાપ્રતાપી પરુષ પણ તેના માબાપને બચાવી ન શક્યા. બધા દેવો ભાગી ગયા. અગ્નિને ઓલવવા પાણી નાખે ત્યાં તો તેનું તેલરૂપે પરિણમન થઈ જાય છે. જુઓ, પાપકર્મનો ઉદય આવતાં કોઈ ફેરવી શકે છે ? છતાં અંતરભાન વર્તે છે કે સંયોગો ફેરવવા કોઈ સમર્થ નથી. અમે તો જ્ઞાનસ્વભાવી છીએ. સમકિતી હતા ને એકાદ બે ભવે મોક્ષે જવાના છે. જાણે છે કે હમણાં પાપનો ઉદય વર્તે છે.

## કૂતરો લાકડીને બટકું ભરે છે. લાકડી મારનારને જોતો નથી તેમ અજ્ઞાની બાહ્ય સંયોગોને જોઈ રાગદ્વેષ કરે છે પણ સંયોગોનું કારણ જોતો નથી.

પોતાનું કર્મ બીજાથી બીજાને આપી શકાતું નથી કારણ કે પોતાનું કર્મ પોતાના પરિણામથી જ ઉપાર્જિત થાય છે. એક કુટુંબમાં એકને રોગ થાય ને બીજો નીરોગી હોય, નીરોગી લાડવા જમતો હોય ને રોગી જોઈ રહે અને ખાય તો ઊલટી થાય ને વધારે રોગી થાય. આમ શાતા-અશાતા તે પ્રારબ્ધનું ફળ છે. ઘરના બૈરાં પતિને કહે કે તમે બહુ માંદા છો. તમારા પછી કોણ જાણે અમારું શું થશે ? તમારા પછી હું દુઃખી થઈ જઈશ. આમ પરને આધીન સુખ-દુઃખની કલ્પના કરે છે ને સંયોગો પ્રત્યે રાગદ્વેષ કરે છે. સિંહને ગોળી લાગે તો તે ગોળી મારનાર સામે જુએ છે ને કૂતરાને કોઈ લાકડી મારે તો તે લાકડીને બટકા ભરે છે પણ લાકડી મારનારને જોતો નથી. તેમ અજ્ઞાની જીવ સંયોગો સામે જોઈ રાગદ્વેષ કરે છે પણ સંયોગોના કારણભૂત પોતે અજ્ઞાનથી ઉત્પન્ન કરેલા શાતા–અશાતાનાં કર્મ છે તેની સામે તે જોતો નથી. તે કર્મ થવામાં પોતાના પરિણામ નિમિત્ત છે પણ બીજાના પરિણામ નિમિત્ત નથી, એમ બતાવવું છે.

માટે કોઈ પણ રીતે બીજો બીજાને સુખ દુઃખ કરી શકે નહિ. 'કોઈ પણ રીતે' માં બધા સંજોગો આવી જાય છે. અપજશ કર્મનો ઉદય હોય તો ગામમાં હો હા થાય ને પોતાની નિંદા થાય પણ ભાઈ, કોણ કોની નિંદા કરે છે ? અશુભકર્મના ઉદય વિના આવું બની શકતું નથી, ને અશાતાના ઉદય વિના કોઈ દુઃખ આપી શકતું નથી. છતાં જે જીવો માને છે કે હું પર જીવોને સુખી દુઃખી કરું છું ને પર જીવો મને સુખી-દુઃખી કરે છે, એવો અધ્યવસાય—એકત્વબુદ્ધિ ચોક્કસ અજ્ઞાન છે.

## નિમિત્ત-નૈમિત્તિક ભાવથી એક જીવને બીજા જીવો સુખદુઃખનો કરનાર કહેવો તે વ્યવહાર છે–કથનમાત્ર છે. નિશ્ચયથી વસ્તુસ્વરૂપ એમ નથી.

**ભાવાર્થ :—**જીવના જેવો અભિપ્રાય હોય તેવા અભિપ્રાય પ્રમાણે જગતમાં કાર્ય ન બને તો તે આશય અજ્ઞાન છે. પરને સુખી દુઃખી કરું છું ને પર મને સુખી દુઃખી કરે છે તે તો અભિપ્રાય અજ્ઞાનીનો છે. સર્વ જીવો પોતપોતના કર્મના ઉદયથી સુખી-દુઃખી થાય છે ત્યાં એમ માનવું કે હું પરને સુખી-દુઃખી કરું છું ને પર મને સુખી-દુઃખી કરે છે તે ભાવ અજ્ઞાન છે. પણ કોઈ જીવે દાનનો ભાવ કર્યો ને સામાના પુણ્યનો ઉદય હોય ને સંયોગો મળે તો આ જીવે દાનમાં કપડાં ને પૈસા આપ્યા તેથી આટલા જીવો સુખી થયા એમ બોલાય છે. નિમિત્ત નૈમિત્તિક ભાવના

આશ્રયે કોઈને સુખદુઃખનો કરનાર કહેવો તે વ્યવહાર છે. સંયોગો કર્મ અનુસાર મળવા કાળે મળે છે ને તે વખતે જીવ પોતાને સુખી માને તે નૈમિત્તિક છે ને તેમાં જીવના કરુણાના ભાવ ને સંયોગો તે નિમિત્ત છે. આમ નિમિત્તનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે. પણ નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ કાર્ય થતું નથી. પદાર્થ લાવ્યા લવાય નહિ, છોડ્યા છોડાય નહિ. સ્વભાવદ્રષ્ટિથી અજ્ઞાનભાવ છોડી શકે છે પણ અજ્ઞાનભાવ છોડે અથવા અજ્ઞાનભાવ રાખે તેથી કાંઈ સંયોગોમાં ફેરફાર થઈ શકે નહિ. નિશ્ચયથી તો પરનું કાંઈ કરી શકાય નહિ પણ વ્યવહારથી તો કરી શકાય, એવો એનો અર્થ નથી પણ નિમિત્તનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે. તે નિશ્ચયદ્રષ્ટિમાં ગૌણ છે.

*

# પ્રસાદ નં. ૨૬૯

## સમયસાર કળશ ૧૬૮

*(અષાડ વદ ૯, શુક્રવાર, ૨૦૦૭)*

અર્થ :—આ જગતમાં જીવોને મરણ, જીવિત, દુઃખ, સુખ—બધુંય સદૈવ નિયમથી (–ચોક્કસ) પોતાના કર્મના ઉદયથી થાય છે. બીજો પુરુષ બીજાનાં મરણ, જીવન, દુઃખ, સુખ કરે છે—આમ જે માનવું તે તો અજ્ઞાન છે.

### દરેક જીવને જીવન-મરણ, સુખ-દુઃખ પોતાના કર્મ અનુસાર થાય છે.

અનંતકાળથી બંધન કેમ છે તે બતાવે છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો પોતાના આયુષ્યકર્મનો ક્ષય થતાં મરે છે ને આયુષ્યનો ઉદય હોય ત્યાં સુધી જીવે છે. બીજો જીવ તેને મારી કે જીવાડી શકતો નથી. સુખ-દુઃખના સંયોગો પોતાના પૂર્વ પ્રારબ્ધ એટલે શાતા–અશાતાના ઉદય અનુસાર મળે છે. લોકો કહે કે અમારે આટલી પેદાશ છે તેથી હમણાં ઠીક છે અથવા હમણાં બધા માંદા છે તેથી હેરાન થઈ ગયા—આવી રીતે અજ્ઞાની જીવ અનુકૂળ સંયોગોમાં સુખ ને પ્રતિકૂળ સંયોગોમાં દુઃખ માને છે, તે અજ્ઞાનભાવ છે. પણ તે સંયોગોની પ્રાપ્તિ થવી તે તો તેના કર્મ અનુસાર છે, બીજો જીવ તેને અનુકૂળતા કે પ્રતિકૂળતા આપી શકતો નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે બીજા માણસો દુઃખી થતા હોય તો અમારે શું હાથ જોડીને બેસી રહેવું ?

### એક જીવ બીજા જીવને સુખ કે દુઃખ આપે છે<br>એમ માનવું તે અજ્ઞાન છે.

**સમાધાન :**—આત્માને હાથ જ નથી, પછી હાથ જોડીને બેસી રહેવાનો પ્રશ્ન રહેતો નથી. હાથ, પગ, શરીર, પરમાણુ માટી છે. મેં આને મારા હાથે પાળી–પોષીને મોટો કર્યો. દુઃખીમાંથી સુખી કર્યો એમ અજ્ઞાની માને છે. પણ ભાઈ, શરીર ને રૂપિયા તારી મૂડી નથી, તે પારકી થાપણ છે. તો પછી તું કેવી રીતે તે આપી શકે ? ન જ આપી શકે. માટે ભાઈ, ધીરો થા. કોઈ કોઈને મારવા—જીવાડવા સમર્થ નથી. લોકો કહે કે પરની દયા પાળવી તે ધર્મ છે. અહીં કહે છે કે પરની દયા પાળી શકું છું—એ માન્યતા જ અધર્મ છે. કોઈ કહે કે અમે સમાજની સેવા

કરીએ છીએ પણ એમ માનવું તે અજ્ઞાન છે કેમ કે કોઈ કોઈની સેવા કરી શકતું નથી. માત્ર રાગ કરે છે. પણ રાગથી પરમાં કાર્ય થાય એમ માનવું તે મૂઢતા છે. માટે એક જીવ બીજાને મરણ, જીવન, સુખ, દુઃખ આપે છે એમ માનવું તે અજ્ઞાન છે.

## કળશ ૧૬૯

અર્થ :—આ (પૂર્વે કહેલી માન્યતારૂપ) અજ્ઞાનને પામીને જે પુરુષો પરથી પરનાં મરણ, જીવન, દુઃખ, સુખ દેખે છે અર્થાત્ માને છે, તે પુરુષો—કે જેઓ એ રીતે અહંકાર—રસથી કર્મો કરવાના ઇચ્છક છે (અર્થાત્ હું આ કર્મોને કરું છું—એવા અહંકારરૂપી રસથી જેઓ કર્મ કરવાની—મારવા જિવાડવાની, સુખી દુઃખી કરવાની—વાંછા કરનારા છે) તેઓ—નિયમથી મિથ્યાદ્રષ્ટિ છે, પોતાના આત્માનો ઘાત કરનારા છે.

## પરને જિવાડી શકું, મારી શકું, સુખી દુઃખી કરી શકું એમ માનનાર જીવ આત્મઘાતી છે.

હું બીજાને જિવાડી શકું છું, પરની દયા પાળી શકું છું, સુખી-દુઃખી કરી શકું છું, હીણા કરી શકું છું તેની આબરૂને અણઆબરૂ કરી દઉં—એવી બધી માન્યતા મિથ્યાત્વ છે. પરથી પોતાનું જીવન-મરણ ને પોતાથી પરનું જીવન-મરણ માને છે તે અજ્ઞાનભાવ છે. પરથી મને સુખ-દુઃખ ને મારાથી પરને સુખ-દુઃખ થાય છે એમ જે માને છે તે મિથ્યા અભિમાન છે. હું આને જિવાડું કે આને મારી શકું એવો અભિપ્રાય મિથ્યા છે. બીજાઓ સુખ તથા જીવતર આપી શકે છે. શેઠિયા પાંચસોનો પગાર આપે છે તો નભીએ છીએ નહિતર ભૂખે મરી જાત, એમ માનનાર જીવ આત્માને માનતો નથી. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છે. પુણ્ય પાપરહિત છે, પરનું કરી શકતો નથી છતાં પરની દયા કરી શકું છું. સુખી દુઃખી કરી શકું છું. બીજા મને સુખી દુઃખી કરી શકે એમ માનનાર જીવ आत्महनो અર્થાત્ આત્મઘાતી છે—પોતાનો ખૂની છે. બીજા જીવો તેના પોતાના કારણે સુખી-દુઃખી થઈ રહ્યા છે કે જીવી—મરી રહ્યા છે. છતાં પરની દયા પાળનારો અજ્ઞાની કહે છે કે તે જીવ અહિંસા પાળે છે. અહીં જ્ઞાની કહે છે કે એમ માનનાર જીવ હિંસાનો પાળનાર છે. પર જીવની દયાનો ભાવ આવે તે જુદી વાત છે પણ તે વડે પર જીવ બચ્યો—એમ માનવું તે જ હિંસા છે. પોતાથી પર બચી શકે એમ માને તો મિથ્યા છે. કારણ કે તે જીવો તો પોતાના કર્મ અનુસાર સુખી દુઃખી થાય છે ને જીવે-મરે છે. જો જીવ પરનો તથા શુભ ભાવનો જ્ઞાતા રહે તો તે યથાર્થ છે.

## મિથ્યાદ્રષ્ટિ જીવ પોતાની અનંતજ્ઞાન, દર્શન, આનંદ, વીર્ય શક્તિને હણે છે.

**ભાવાર્થ :**—જેઓ પરને મારવા–જિવાડવાનો તથા સુખ-દુઃખ કરવાનો અભિપ્રાય કરે છે તેઓ મિથ્યાદ્રષ્ટિ છે. તેઓ પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે ને રાગીદ્વેષી મોહી થઈ પોતાથી જ પોતાનો ઘાત કરે છે તેથી હિંસક છે.

(૧) આત્મા જ્ઞાતાદ્રષ્ટા સ્વરૂપી છે એમ નહિ માનતાં પરને સુખી દુઃખી કરું છું એવો અભિપ્રાય પોતાના સ્વરૂપની હિંસા કરે છે. જ્ઞાન, દર્શન, આનંદ, વીર્યને હણે છે.

(૨) પોતાનું જ્ઞાન કરતાં પર પદાર્થો જેમ છે તેમ જણાઈ જાય છે. છતાં પરની અવસ્થાને જેમ છે તેમ નહિ જાણતાં પરનું કરી દઉં એવું અભિમાન કરે છે ને જ્ઞાતા રહેતો નથી, તે પોતાના જ્ઞાન, દર્શન, શક્તિને હણે છે.

(૩) પોતામાં સુખ છે, પર પદાર્થમાં સુખ નથી, એમ હોવા છતાં પરમાંથી સુખ ને આનંદ મેળવી લઉં એમ માનનાર જીવ પોતાના આનંદ, સુખ વગેરે શક્તિને હણે છે.

(૪) પોતાનો પુરુષાર્થ પોતામાં છે, પરનો પુરુષાર્થ પોતામાં કામ આવતો નથી. પોતાનો પુરુષાર્થ પરમાં કામ આવતો નથી છતાં પોતાનો પુરુષાર્થ પરમાં રોકે છે, તે જીવ પોતાની વીર્યશક્તિને હણે છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે પરને બચાવવાનો ભાવ પાપ છે એમ કેટલાક માને છે, તે તેના જેવી આ માન્યતા તો થઈ જતી નથી ને ?

## અનુકંપાના ભાવ પુણ્ય છે, પાપ નથી.

**સમાધાન :**—ના. અનુકંપાના ભાવ, ગાયોને ઘાસ નાખવાના ભાવ શુભ છે—પુણ્ય છે; પાપ નથી. તેમ જ તે ભાવો ધર્મ પણ નથી. પરંતુ મારાથી આ ઘાસ નાખવાની ક્રિયા થઈ શકે છે ને આ અનુકંપાનો ભાવ આવ્યો માટે ગાય બચે છે. અથવા કરુણાના ભાવ કર્યા માટે બીજા જીવો સુખી થયા—એવી મિથ્યા માન્યતાનો નિષેધ કરવામાં આવે છે. કરુણાના ભાવ હોય તે જુદી વાત છે પણ પરની ક્રિયાથી સુખ-દુઃખ માને તે વિપરીત માન્યતા છે, શુભભાવ તે પુણ્ય છે, પાપ નથી તેમ ધર્મ પણ નથી.

હવે આ અર્થને ગાથા દ્વારા કહે છે :—

## ગાથા ૨૫૭—૨૫૮

**મરતો અને જે દુઃખી થતો—સૌ કર્મના ઉદયે બને,**
**તેથી હણ્યો મેં, દુઃખી કર્યો, તુજ મત શું નહિ મિથ્યા ખરે ? ૨૫૭.**
**વળી નવ મરે, નવ દુઃખી બને, તે કર્મના ઉદયે ખરે,**
**મેં નવ હણ્યો, નવ દુઃખી કર્યો તુજ મત શું નહિ મિથ્યા ખરે ? ૨૫૮.**

અર્થ :—જે મરે છે અને જે દુઃખી થાય છે તે સૌ કર્મના ઉદયથી થાય છે; તેથી 'મેં માર્યો, મેં દુઃખી કર્યો' એવો તારો અભિપ્રાય શું ખરેખર મિથ્યા નથી ?

વળી તે નથી મરતો અને નથી દુઃખી થતો, તે પણ ખરેખર કર્મના ઉદયથી જ થાય છે; તેથી "મેં ન માર્યો, મેં ન દુઃખી કર્યો" એવો તારો અભિપ્રાય શું ખરેખર મિથ્યા નથી ?

## પોતાના કર્મ અનુસાર દરેક જીવે છે, મરે છે, સુખી દુઃખી થાય છે.

**ટીકા :—**આયુષ્ય કર્મ પૂરું થતાં દેહનો વિયોગ થાય છે ને આયુષ્ય હોય ત્યાંસુધી દેહનો સંયોગ રહે છે. અશાતાના ઉદયથી દુઃખી થાય છે ને શાતાના ઉદયથી સુખી થાય છે. અહીં આ કથન નિમિત્તથી છે. સુખ-દુઃખમાં નિમિત્ત પોતાના કર્મ છે પણ બીજો જીવ નિમિત્ત નથી એમ બતાવવું છે. છતાં નિમિત્તાધીન દ્રષ્ટિવાળો જીવ એમ કહે કે અમે આમ કર્યું, આને જિવાડ્યો વગેરે બધો ભાવ મિથ્યા છે. કોઈ જીવ હરણને મારવા જાય પણ હરણનું આયુષ્ય હોય તો તેને ગોળી નહિ લાગતાં તે બચી જાય છે ને જોડે મનુષ્ય ઊભો હોય ને તેનું આયુષ્ય પૂરું થવાનું હોય તો ગોળી તેને લાગી જતાં તે મૃત્યુ પામે છે.

## જે જીવ પરનો ઓશિયાળો છે તે મિથ્યાત્વ અને અજ્ઞાનને ઘૂંટે છે.

મેં આને માર્યો, આને જિવાડ્યો, આને અભયદાન આપ્યું, આને સુખી-દુઃખી કર્યો એ માન્યતા મોટામાં મોટું મિથ્યાત્વનું પાપ છે. મારા રાગદ્વેષને લીધે પરમાં કામ થતું નથી. પરને લીધે મારામાં ફેરફાર નથી. હું તો જ્ઞાતાદ્રષ્ટા છું. બધાનો જાણનાર છું એમ નહિ માનતાં ઊંધી માન્યતા કરનાર જીવ મિથ્યાદ્રષ્ટિ છે. બાપા જીવતા હતા ત્યાંસુધી અમારે છત્રરૂપ હતું. બાપા ગયા પછી ભાઈ અમે ઉઘાડા પડી ગયા—એમ વિવેકની બોલણી આવે તે જુદી વાત છે પણ અજ્ઞાની તેમ માની

બેસે છે ને પરાધીન દ્રષ્ટિ સેવે છે. શેઠ મરી જતાં આ મકાન સુના સુના લાગે છે. અમારે કોઈ આધાર રહ્યો નહિ, હુંફ રહી નહિ—આમ જેને પોતાના આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન, આનંદ, વીર્યની ખબર નથી, તે પરનો ઓશિયાળો થઈ મિથ્યાત્વ ને અજ્ઞાનને ઘુંટી રહ્યો છે, તે મિથ્યાદ્રષ્ટિ છે.

**ભાવાર્થ :**—કોઈ કોઈનું માર્યું મરતું નથી, જિવાડ્યું જીવતું નથી. દેવો પણ કોઈ બીજાને જિવાડી શકતા નથી. દેવોને અવધિજ્ઞાન હોવા છતાં કોઈને સુખી-દુઃખી કરી શકતા નથી. તેથી જે મારવા—જિવાડવા, સુખી-દુઃખી કરવાનો અભિપ્રાય કરે છે, તે જીવ મિથ્યાદ્રષ્ટિ જ છે. આ જીવે આને માર્યો વગેરે જે કથન વ્યવહારથી કરવામાં આવે તે ગૌણ છે.

## કળશ ૧૭૦

## જૂઠો અભિપ્રાય બંધનું કારણ છે

**અર્થ :**—મિથ્યાદ્રષ્ટિને જે આ અજ્ઞાનસ્વરૂપ અધ્યવસાય જોવામાં આવે છે તે અધ્યવસાય જ, વિપર્યયસ્વરૂપ (-વિપરીત, મિથ્યા) હોવાથી તે, મિથ્યાદ્રષ્ટિને બંધનું કારણ છે.

જે પરિણામ સ્વ-પરના એકત્વના અભિપ્રાયસહિત હોય અથવા વૈભાવિક હોય, તે પરિણામ માટે અધ્યવસાય શબ્દ વપરાય છે. મિથ્યા નિશ્ચય, મિથ્યા અભિપ્રાય એવા અર્થમાં પણ તે શબ્દ વપરાય છે.

જેની દ્રષ્ટિ વિપરીત છે એવા મિથ્યાદ્રષ્ટિને આ અજ્ઞાનસ્વરૂપ એકત્વબુદ્ધિ જોવામાં આવે છે. તે અધ્યવસાય જ વિપરીત હોવાથી મિથ્યાદ્રષ્ટિને બંધનું કારણ છે. શુભાશુભ ભાવોને અહીં બંધમાં લેવામાં આવ્યા નથી. તે ગૌણ છે પણ પર જીવને સુખી-દુઃખી કરી શકું છું એવો મિથ્યાઅભિપ્રાય તે જ બંધનું કારણ છે. લોકો સમજતા નથી તેથી માને કે આ રોટલા ખાધા ને આટલું છોડ્યું માટે ધર્મ થયો, પણ ભાઈ, હું રોટલા ગ્રહી શકું છું ને છોડી શકું છું—એ માન્યતા જ અજ્ઞાનભાવ છે, તે જ બંધનું મુખ્ય કારણ છે, બીજાં કારણો ગૌણ છે.

**ભાવાર્થ :**—સ્વરૂપથી વિપરીત અભિપ્રાય તે જ મિથ્યાત્વ ને તે જ બંધનું કારણ છે એમ જાણવું. ।।૨૫૭—૨૫૮।।

હવે આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે એમ ગાથામાં કહે છે :—

## ગાથા ૨૫૯

**આ બુદ્ધિ જે તુજ—"દુઃખિત તેમ સુખી કરું છું જીવને,"**
**તે મૂઢ મતિ તારી અરે ! શુભ અશુભ બાંધે કર્મને. ૨૫૯.**

**અર્થ :—**તારી જે આ બુદ્ધિ છે કે હું જીવોને દુઃખી-સુખી કરું છું તે આ તારી મૂઢ બુદ્ધિ જ (મોહસ્વરૂપ બુદ્ધિ જ) શુભાશુભ કર્મને બાંધે છે.

## પરને સુખી-દુઃખી કરી શકું છું એવી એકત્વબુદ્ધિ જ બંધનું કારણ છે.

આ શુભભાવ કરી દાનમાં રૂપિયા આપ્યા. તેને મળવાના ન હતા પણ મેં શુભભાવ કર્યો માટે મળ્યા, આમ શુભભાવથી પુણ્ય બંધાય છે ને તે બંધથી અજ્ઞાની રાજી થાય છે. બંધ થાય છે પણ અબંધ થતો નથી. જિવાડવાના ભાવ કરે તે પુણ્ય બાંધે છે ને મારવાના ભાવ કરે તે પાપ બાંધે છે એટલે કે તે બંધાય છે. પણ અબંધ સ્વભાવી થતો નથી. આત્મા તો જાણનાર–દેખનાર છે. તેવા અબંધ સ્વભાવી આત્માની શ્રદ્ધા કરતો નથી, તે શુભાશુભ કર્મને બાંધે છે.

## પુણ્ય-પાપ ઉપર ગુણ કે અવગુણનું માપ નથી. આત્માની સાચી શ્રદ્ધાવાળો ગુણી છે ને મિથ્યાશ્રદ્ધાવાળો અવગુણી છે.

એક પંડિતનો ટૂંકો પગાર હતો તેથી તેના શેઠે વિચાર્યું કે પંડિતને પૈસાની પ્રાપ્તિ થાય તેમ કરવું. તેથી વિચાર્યું કે અમુક સોદો કરવો ને જો તેમાં લાભ મળે તો પંડિતને આપવા ને નુકશાન જાય તો દુકાન ખાતે માંડી વાળવા. પછી તે સોદામાં આઠ હજાર રૂપિયા મળ્યા ને તે રકમ પંડિતના નામે જમા કરી દીધી. પંડિતને ખબર પડી, પોતાના નામે રૂપિયા જમા કરવાનું કારણ શેઠને તેણે પૂછ્યું. શેઠે જે વાત હતી તે કરી. પંડિતે કહ્યું કે ખોટ જાત તો અમારી પાસે લેવાની તો ન હતી, પરંતુ પંડિતના નામે સોદો કર્યો પણ તેમના નસીબમાં નહિ તેથી કાંઈ લાભ મળ્યો નહિ. તો એવી હીણ પુણ્યપાપની વાત પણ અમારે સાંભળવા મોખ નથી. એવા ઓશિયાળા જીવન ગાળવાની અમારે ઇચ્છા નથી. પુણ્ય-પાપ અમારી ચીજ નથી. જુઓ, લૌકિક સજ્જન ને વ્યવહાર શ્રદ્ધાવાળા પંડિતને પણ આટલું જોર હતું. શેઠની નોકરી મૂકી દીધી. અજ્ઞાની જીવ હોય તો કહે કે શેઠે બહુ મહેરબાની કરી. ધર્મી જીવ પુણ્ય-પાપ ઉપર જોતો નથી કારણ કે તેનાથી મળતા સંયોગો પર વસ્તુ છે. જેને પુણ્ય વધારે છે તે ગુણી છે ને જેને પાપનો ઉદય છે તે અવગુણી છે

એવું ગુણ-અવગુણનું માપ નથી. જ્ઞાનસ્વભાવી આત્માનો વિવેક કરે તે ગુણી છે ને પર સાથે એકત્વબુદ્ધિ કરે તે અવગુણી છે.

## અજ્ઞાનીની દ્રષ્ટિ પર ઉપર ને શુભાશુભભાવ ઉપર જ છે, અબંધ સ્વભાવ ઉપર નથી તેથી તે બંધાય છે

ટીકા :—પર જીવોને હું મારું છું ને નથી મારતો અથવા તેને જતો કરું છું. બીજાને દુઃખી સુખી કરું છું એવા અજ્ઞાનમય અધ્યવસાય મિથ્યાદ્રષ્ટિને જ હોય છે. અબંધસ્વભાવી શુદ્ધ ચૈતન્ય ઉપર તેની દ્રષ્ટિ નથી તેથી પર ઉપર દ્રષ્ટિ જાય છે ને માને છે કે હું પરને સુખી-દુઃખી કરી શકું છું. જ્ઞાનીઓ પણ એવા શબ્દો બોલતા દેખાય કે આણે મને માર્યો, આણે આને જીવતો રાખ્યો પણ અંતરમાં અભિપ્રાય પરને મારવા કે જિવાડવાનો નથી. દ્રૌપદીને પદ્મનાભ રાજા દેવની સહાયથી ધાતકીખંડમાં લઈ જાય છે, ત્યાં દ્રૌપદીને પદ્મનાભ કહે છે કે તમે અમારી સાથે રહો. દ્રૌપદી કહે છે કે છેટે ઊભો રહેજે, નહિતર બળીને ખાખ થઈ જઈશ. મારો ભાઈ શ્રીકૃષ્ણ આવશે તો તને મારી નાખશે. અમે પતિવ્રતા છીએ, અમારે એક પતિ સિવાય બીજો પતિ હોય નહિ. પછી શ્રીકૃષ્ણ—દ્રૌપદીને છોડાવવા પદ્મનાભના રાજ્ય ઉપર ચડી આવે છે ને એક ધનુષ્યનો ટંકાર કર્યો ત્યાં તો પદ્મનાભના હાજાં ગગડી ગયા તેથી દ્રૌપદી પાસે આવીને માફી માગે છે ને કહે છે કે હવે મને બચાવો. દ્રૌપદી કહે છે કે બીજો રસ્તો નથી. બૈરાનો વેશ પહેરી મારી પાછળ થાળ લઈને આવ. શ્રીકૃષ્ણ દ્રૌપદી પાસે આવે છે ને પદ્મનાભને બૈરાના વેશમાં જોઈને કહે છે કે મારા બેન મોઢા આગળ છે, ને તું પાછળ છો ને તે બૈરાંનો વેશ પહેર્યો છે. અમે બૈરા ઉપર હાથ ઉગામતા નથી તેથી જા, તને જતો કરું છું. જુઓ, અહીં શ્રીકૃષ્ણ જ્ઞાની હતા—''તને જતો કરું છું, જીવતો રાખું છું.'' એવા વચન બોલે છે. તે વખતે પણ તેમને ભાન છે કે તે તેના આયુષ્યના કારણે જીવે છે. મારા જતા કરવાથી જીવતો નથી. પણ અજ્ઞાની જીવ હોય તે ત્યાં બોલ્યા પ્રમાણે માની લ્યે છે કે શ્રીકૃષ્ણે બચાવ્યો માટે પદ્મનાભ જીવ્યો નહિતર મરી જાત. અજ્ઞાની જીવ સ્વભાવદ્રષ્ટિ કરવાને બદલે પરને જિવાડું છું—મારું છું એવો અધ્યવસાય કરે છે ને તે અનંત સંસારનું કારણ થાય છે કાંઈ શુભભાવ કરે તો અજ્ઞાની કહે છે કે છેવટે પુણ્ય તો બંધાશે ને ? આમ પુણ્યથી રાજી થનાર જીવને આત્માની ખબર નથી તેથી તે બંધનને પામે છે.

**ભાવાર્થ :—**મિથ્યા અધ્યવસાય બંધનું કારણ છે. ।।૨૫૯।।

*

# પ્રસાદ નં. ૨૭૦

## સમયસાર ગાથા ૨૬૦—૨૬૧

*(અષાડ વદ ૧૦, શનિવાર, ૨૦૦૭)*

હવે અધ્યવસાયને બંધના કારણ તરીકે બરાબર નક્કી કરે છે—કરાવે છે અર્થાત્ મિથ્યા અધ્યવસાય જ બંધનું કારણ છે એમ નિયમથી કહે છે :—

**કરતો તું અધ્યવસાન દુઃખિત—સુખી કરું છું જીવને,**
**તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૦.**
**કરતો તું અધ્યવસાન—મારું જિવાડું છું પર જીવને,**
**તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૧.**

અર્થ :—હું જીવોને દુઃખી—સુખી કરું છું આવું જે તારું અધ્યવસાન, તે જ પાપનું બંધક અગર પુણ્યનું બંધક થાય છે.

હું જિવોને મારું છું અને જિવાડું છું આવું જે તારું અધ્યવસાન, તે જ પાપનું બંધક અગર પુણ્યનું બંધક થાય છે.

## અજ્ઞાનથી જન્મતો રાગમય અધ્યવસાય બંધનું કારણ છે.

**ટીકા :—**''મિથ્યાદ્રષ્ટિને જે આ અજ્ઞાનથી જન્મતો રાગમય અધ્યવસાય છે તે જ બંધનું કારણ છે એમ બરાબર નક્કી કરવું.'' આત્માનો સ્વભાવ જ્ઞાન છે. પર જીવનાં શરીર તથા આત્મા તેના કારણે છૂટા પડે છે પણ મિથ્યાદ્રષ્ટિ તેમ માનતો નથી. પણ તે છૂટા પડવાની ક્રિયા મારાથી થાય છે એમ તે માને છે. જીવ જીવે કે મરે, સુખી થાય કે દુઃખી થાય તેને જાણવાનું કામ આત્માનું છે. પણ મિથ્યાદ્રષ્ટિ કહે છે કે મારે એમ જાણવું નથી. પણ એ કાર્ય મારાથી થાય એમ મારે તો જાણવું છે. જ્ઞાન જાણનાર છે તે પરનાં જીવન, મરણ, સુખ, દુઃખની અવસ્થા તેનાથી થાય છે એમ જાણવું જોઈએ, તેને બદલે તે મારાથી જીવે છે અથવા મરે છે—એમ માનવું તે મિથ્યા અધ્યવસાય છે. તે જ હિંસા છે.

૧. પ્રથમ તો, સુખ-દુઃખ આદિના સંયોગો મળે છે, તે તો જડની પર્યાય જડના કારણે થાય છે.
૨. સંયોગો વખતે તે જીવ સુખ-દુઃખની કલ્પના કરે છે, તે તેની માન્યતાનો દોષ છે.

—એમ નહિ માનતાં ને તેનો જાણનાર નહિ રહેતાં. તે મારાથી થાય છે એમ અજ્ઞાની ભૂલ કરે છે.

જીવ જ્યારે ભગવાનની ભક્તિમાં અથવા પૂજામાં રોકાય છે ત્યારે જ્ઞાનનો સ્વભાવ તે શુભ રાગને, શુભરાગના નિમિત્ત પ્રતિમાને તથા પ્રતિમા ઉપર થતી અભિષેક આદિ ક્રિયાને જાણવાનો છે. રાગ હોય ત્યારે પર ઉપર લક્ષ જાય ને પૂજા વગેરે વખતે જડની ક્રિયા જે થવાની હોય તે થાય છે. તે બધાનું ખરી રીતે જ્ઞાન કરવું જોઈએ. તેને બદલે મિથ્યાદ્રષ્ટિ એમ માન્યતા કરે છે કે આવો શુભરાગ ક્યાંથી આવ્યો ? આને બદલે બીજો રાગ હોવો જોઈએ. આ પ્રતિમા ને આ અભિષેકની ક્રિયા ન હોવી જોઈએ, એમ અધ્યવસાય ઊભો કરે છે. પોતાનો જ્ઞાન સ્વભાવ સ્વ-પર પ્રકાશક છે. તેમાં રાગ ને જડની ક્રિયા જણાઈ જાય છે. તે વખતે તે જ રાગ ને તે જ નિમિત્ત હોય છે છતાં આવો રાગ ને આવી અભિષેકની ક્રિયા હોવી ન જોઈએ કારણ કે સચેત પાણીની હિંસા થાય છે એમ કહી, જે ખોટો આગ્રહ રાખે છે તે હિંસા છે.

તેવી જ રીતે જે જીવ સુખી-દુઃખી થાય છે તે પોતાના કારણે સુખી-દુઃખી થઈ રહ્યો છે. કારણ કે સંયોગો મળવા કર્મને આધીન છે. તે બધા સંયોગોનો તથા તેનાં કર્મના ઉદયનો જાણનાર રહેવો જોઈએ. તેને બદલે હું એને કાંઈક આપીને સુખી કરી દઉં, આમ રાગ કરી પરમાં ફેરફાર કરવા ઇચ્છે છે, તે મિથ્યા અધ્યવસાય છે ને તે જ હિંસા છે.

## અજ્ઞાની જીવ રાગ તથા જ્ઞાનને પરાધીન માને છે ને જ્ઞાનમાં અમુક જ્ઞેયો ને અમુક રાગ ન હો એવો આગ્રહ રાખી જ્ઞાનસ્વભાવનો નકાર કરે છે.

(૧) અજ્ઞાની જીવ એમ માને છે કે નિમિત્ત છે તો મને રાગ થાય છે ને નિમિત્તથી મને જ્ઞાન થાય છે. તે માન્યતા ખોટી છે.

(૨) રાગ આવ્યો માટે પર પદાર્થમાં ક્રિયા થઈ એમ તે માને છે, તે પણ ખોટું છે.

(૩) રાગની મંદતા થઈ માટે સ્વ-પર પ્રકાશક સ્વભાવ ખીલે છે, એ પણ ખોટું છે.

(૪) પોતાના સ્વપર પ્રકાશક જ્ઞાનસ્વભાવના સામર્થ્ય અનુસાર જે જ્ઞેયોને જાણવાની જ્ઞાનના ઉઘાડની લાયકાત છે, તે મુજબ તેવો રાગ ને નિમિત્તો તેના સ્વકાળે હોય છે છતાં અજ્ઞાની જીવ તેવા રાગને અને નિમિત્તોને

જાણવાનો નિષેધ કરે છે. આવો રાગ ને આ નિમિત્તો ન જોઈએ એમ માનવું તે અજ્ઞાનભાવ છે.

(૧) (અ) પ્રથમ તો નિમિત્તો હોય તો જ્ઞાન થાય તે વાત ખોટી છે. કારણ કે સાક્ષાત્ કેવળી ભગવાન પણ આ આત્મા માટે બીજા આત્મા છે, તેનાથી રાગ નથી તેમ જ જ્ઞાન પણ નથી. પોતાના કારણે રાગ ને જ્ઞાન થાય છે.

(બ) રાગની મંદતાને લીધે પરમાં કાર્ય થતું નથી. પરપદાર્થની અવસ્થાઓ તેના કારણે થાય છે. શુભરાગને લીધે પરમાં ફેરફાર થતો નથી.

(ક) પોતાનો જ્ઞાનસ્વભાવ સ્વથી ખીલે છે, તેને બદલે ચારિત્રની વિપરીત અવસ્થાથી જ્ઞાન ખીલે છે—એમ માનવું તે અજ્ઞાન છે.

(ડ) ધર્મી જીવોને શુભ રાગ આવે ને પ્રતિમા ઉપર લક્ષ જાય, ઇંદ્રો પણ નાચી ઊઠે છે ને અનેક પ્રકારનાં નિમિત્તો હોય છે. તે ભક્તિને તથા શરીરની ક્રિયાને તે તે પ્રકારે જાણવાનો આત્માનો સ્વભાવ છે, છતાં જ્ઞાન એનો નિષેધ કરે છે, તે જ મિથ્યા અધ્યવસાય છે. અજ્ઞાની જીવ રાગ ને નિમિત્તોમાં ફેરફાર કરવા માગે છે. ભગવાનની પ્રતિમા તરફ ક્યાં રાગ આવ્યો ? પ્રતિમા ઉપર અભિષેકની ક્રિયા નહિ કરતાં તેને ફેરવું તો ? આ જીવને સુખી-દુઃખી કરું તો ? આમ જ્ઞાનમાં ડખલ કરતો પોતે ચૈતન્યસ્વભાવી છે તેની પ્રતીતિ નહિ કરતાં પોતાની જાણવાની આંખો બંધ કરી દેવી છે ને મારે આ નિમિત્તોને તથા રાગને જાણવાં નથી. આમ જ્ઞાનમાં વિપરીતતા ઊભી કરે છે. શરીરનું જીવવું—મરવું, સંયોગ આવવા વગેરે સ્વતંત્ર નહિ માનતાં તથા જેમ છે તેમ નહિ જાણતાં, પર પદાર્થો સાથે એકત્વબુદ્ધિ કરે છે, તે જ બંધનું કારણ છે. અહીં શુભાશુભ ભાવો આવે છે તેની વાત મુખ્ય નથી. આત્મા અબંધ સ્વભાવી છે, તેની વિશેષતા નહિ કરતાં જ્ઞાન પરની ક્રિયા કરે છે એમ માનવું ને આ રાગ ને આ નિમિત્ત ન હો એમ આગ્રહ રાખવો તે અબંધ સ્વભાવી આત્મામાં બંધ ઉત્પન્ન કરે છે. પછી પુણ્ય હો કે પાપ હો—બન્ને બંધ જ છે. વસ્તુ અબંધ સ્વભાવી છે તેના આશ્રયે અબંધદશા ઉત્પન્ન થઈ જોઈએ, તેને બદલે બંધ ઉત્પન્ન કરે છે.

કોઈ પ્રશ્ન કરે કે : સાધારણ જીવને આ વાત સમજાય નહિ ને પહેલાં જે દયાદાન કરતા, તે પણ કરતાં અટકી જશે તો ?

## જ્ઞાનની રુચિ છોડી સંયોગની ને રાગની રુચિ કરી એકત્વબુદ્ધિનો રાગ કરવો તે જ સંસાર છે.

**સમાધાન :—**પર જીવોની દયા કોઈ પાળી શકતું નથી, તેને ઉગારી કે મારી શકતું નથી. છતાં આને જિવાડું કે મારું એ ભાવ જ પુણ્ય-પાપ બંધનું કારણ છે. અબંધ સ્વભાવી આત્માને ચૂક્યો તેથી બંધ થયો. પરનું કરી શકું છું એવા ભાવમાં ઊંડી માન્યતા એ છે કે શુભભાવ ઠીક છે પણ સ્વભાવ ઠીક નથી. તેવી માન્યતા વિના તે ભાવ આવે નહિ. અબંધસ્વભાવની મુખ્યતા ન રહી તેથી પર્યાયમાં વિકાસ રહ્યો નહિ પણ બંધમાં અટક્યો. એક જીવ બીજા જીવને લીધે છે, એમ માનવું એ જ અજ્ઞાન અધ્યવસાય છે. આ વાત મુનિને માટે નથી પણ અનાદિ અજ્ઞાની માટે છે. જ્ઞાનની રુચિ નહિ રહેતાં સંયોગ ને રાગની રુચિ—તે એકત્વબુદ્ધિનો રાગ, તે જ બંધનું કારણ છે એમ બરાબર નક્કી કરવું જોઈએ.

## પુણ્ય-પાપના કારણો જુદાં જુદાં છે એમ શોધીશ નહિ. બન્ને બંધનું કારણ મિથ્યા અધ્યવસાય એક જ છે.

“અને પુણ્ય-પાપપણે બંધનું બેપણું હોવાથી બંધના કારણનો ભેદ ન શોધવો (અર્થાત્ એમ ન માનવું કે પુણ્યબંધનું કારણ બીજું છે અને પાપબંધનું કારણ કોઈ બીજું છે).”

કોઈ કહે કે અત્યારે આવો ધર્મ હોય ? બીજાનાં દુઃખ ટાળો, સેવા કરો તો ધર્મ થશે એમ જે કહે છે, તે અત્યારે રાગ હો એટલે કે અધર્મ હો એમ ઇચ્છે છે. પ્રથમ કહ્યું કે આત્મા છે ને પર પદાર્થો પણ છે. તેનું ભાન નહિ રહેતાં પરની ક્રિયાનો અહંકાર એ જ મિથ્યાત્વનું કારણ છે ને મિથ્યાત્વ તે બંધનું કારણ છે. બીજાને જિવાડીને સુખી કરું તો પુણ્ય બંધાય ને બીજાને હેરાન કરું તો પાપ બંધાય—એવા બંધનાં કારણનો ભેદ શોધીશ નહિ પણ અભેદ કારણ શોધજે. પરનું હું કરી શકું છું એવો મિથ્યા અહંકારભાવ એ એક જ કારણ છે. સ્વભાવ અબંધ છે પણ અજ્ઞાની જીવ બંધની હોંશ કરે છે. છેવટે પુણ્ય તો બંધાય છે ને ? એમ હોંશ કરે છે. બીજાને જિવાડું, સુખી કરું તેવા ભાવમાં પુણ્ય બંધાય છે ને અબંધ સ્વભાવ રોકાય છે ને બીજાને દુઃખી કરું તેવા ભાવમાં પાપ બંધાય છે ને અબંધ સ્વભાવ રોકાય છે. બંધમાં પુણ્ય, પાપ એવા ભેદ પડે છે પણ બન્નેના કારણમાં ભેદ નથી.

કોઈ પ્રશ્ન કરે છે કે તો પછી અમારે પુણ્ય કરવું કે નહિ ?

## પુણ્યની મીઠાશ મિથ્યાત્વની પુષ્ટી કરે છે ને અબંધ સ્વભાવને લૂંટે છે.

**સમાધાન :—**ભાઈ, પુણ્ય કરવું એવી જેની દ્રષ્ટિ છે તેની દ્રષ્ટિ બંધ ઉપર છે. પુણ્ય એટલે બંધન કરવું કે નહિ ? તેનું જોર બંધન ઉપર છે. અબંધ સ્વભાવદ્રષ્ટિનો અભાવ છે, એ જ મિથ્યાત્વની પુષ્ટી કરે છે. ‘‘ભાઈ, આ ક્રિયા કરો તો પુણ્ય બંધાશે ને પછી સ્વર્ગમાં જઈ ભગવાન પાસે જવાશે.’’ આવી જેને રુચિ છે, તેને સંયોગ તથા પુણ્યની રુચિ છે પણ અબંધ સ્વભાવની રુચિ નથી. જીવ કોઈ કાળે કે કોઈ ક્ષેત્રે જન્મે તેથી કરીને વસ્તુની મર્યાદા ફરી જતી નથી. બંધમાં બેપણું છે. શુભભાવથી જીવને પુણ્ય બંધાય છે ને અશુભભાવથી પાપ બંધાય છે. પણ તેનાં કારણ જુદાં છે એમ નક્કી ન કરવું. પરંતુ એક જ કારણથી બંધન થાય છે એમ નક્કી કરવું. ‘‘પુણ્ય તો બંધાશે ને ?’’ એવી જેની દ્રષ્ટિ છે તેને બંધાવું ઠીક પડે છે. તે અબંધદ્રષ્ટિનો લૂંટનારો છે, તેના જાણવા—દેખવા સ્વરૂપ ચૈતન્ય પ્રાણ લૂંટાય છે. પરની હિંસાને લીધે પાપ નથી તેમ જ પર જીવ બચ્યો કે સુખી થયો તેથી પુણ્ય નથી. પણ ‘‘આ જીવ મારે લીધે સુખી દુઃખી થાય છે’’—એવો જ્ઞાનમાં અભિપ્રાય છે એ જ બંધનું કારણ છે. તે મિથ્યા અધ્યવસાન છે—તે જ સંસાર છે.

પણ અજ્ઞાની જીવો અનેક પ્રકારની ભ્રમણા કરે છે. જેમ કે : દુકાનમાં સારો મુનિમ રાખ્યો હોય તો ઘણો ફેર પડે. પાંચસોનો પગાર લઈ લાખ રૂપિયા કમાઈ આપે એવો છે. આમ ધ્યાન રાખીએ તો ફેર પડે વગેરે પ્રકારે માને છે. ભાઈ, આ તો અધ્યવસાય છે. વાતમાં માલ નથી. જગતના પદાર્થો તેના પોતાના કારણે છે. વળી તેના કારણે તને રાગ થતો નથી. ને સ્વભાવમાંથી રાગ આવતો નથી. તેમ જ નિમિત્ત ને રાગથી તને જ્ઞાન થતું નથી. માટે એકવાર જ્ઞાન સ્વભાવી છો એમ નિર્ણય કર.

## સમ્યગ્દ્રષ્ટિનું જ્ઞાન રાગમાં ને નિમિત્તોમાં નહિ અટકતું ત્રિકાળી જ્ઞાનસ્વભાવને સ્પર્શે છે ને તેથી નિર્મળતા વધે છે એ જ જ્ઞાતાદ્રષ્ટા પ્રાણની અહિંસા છે.

સમ્યગ્દ્રષ્ટિને વસ્તુસ્વરૂપનું ભાન છે. મારો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. જે વખતે જે નિમિત્તો હોય, જે રાગ હોય તેને જાણવાનો મારો સ્વભાવ છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ ભગવાનના અભિષેક વખતે સચેત પાણીથી અભિષેક કરતો હોય તોપણ તેને તે વખતે મુખ્યપણે અહિંસા છે. કારણ કે પાણીની ક્રિયા પુદ્‌ગલના કારણે થાય છે એમ તે માને છે ને નબળાઈના કારણે શુભ રાગ વર્તે છે તેને જાણે છે. રુચિ

સંયોગો ઉપર તેમ જ નબળાઈના રાગ ઉપર નથી, પણ ત્રિકાળી જ્ઞાનસ્વભાવ ઉપર છે. જેમ ફૂલઝરણી અગ્નિને સ્પર્શતાં તેમાંથી ફૂલ ઝરે છે તેમ સમ્યગ્દ્રષ્ટિની પર્યાય ત્રિકાળી જ્ઞાનસ્વભાવને સ્પર્શીને ઝર્યા કરે છે—નિર્મળતા વહ્યા કરે છે. આને જિનેશ્વર ભગવાન અહિંસા કહે છે કારણ કે પોતાના જ્ઞાનપ્રાણને તે જીવતા રાખે છે. જેમ છે તેમ શ્રદ્ધા કરી છે માટે અહિંસા છે.

## મિથ્યાદ્રષ્ટિનું જ્ઞાન આગ્રહ કરી નિમિત્તોને તથા રાગને સ્પર્શે છે પણ જ્ઞાતાસ્વભાવને સ્પર્શતું નથી એ જ જ્ઞાતાદ્રષ્ટા પ્રાણની હિંસા છે.

મિથ્યાદ્રષ્ટિ પોતાના જ્ઞાનમાં ઘાલમેલ કરે છે. ભગવાનની પૂજા વખતે આ અભિષેકનું પાણી ન હો કારણ કે સચેત છે. આ ભગવાનની મૂર્તિનું નિમિત્ત મને ન હો. આ ભગવાન પ્રત્યેનો પૂજાભક્તિનો શુભરાગ ન હો એમ તેનું જ્ઞાન નિમિત્તોને તથા રાગને સ્પર્શે છે ને તેમાં ફેરફાર કરવામાં રોકાય છે ને આ રાગથી ને આ જ્ઞાનથી પરમાં ક્રિયા થાય છે તથા રાગ ને પરપદાર્થથી મારામાં જ્ઞાન થાય છે એમ માનતો સ્વ—પરપ્રકાશક જ્ઞાનસ્વભાવમાં જે જે રાગ અને જે જે નિમિત્તો જાણી લેવાં જોઈએ, તેને નહિ જાણતો સ્વજ્ઞાનસત્તાને નહિ સ્પર્શતો, જ્ઞાનમાં ઘાલમેલ કરતો, રાગને તથા નિમિત્તોને સ્પર્શે છે, એ જ જ્ઞાનસ્વભાવની હિંસા છે કારણ કે ચૈતન્ય પ્રાણ જેવા છે તેવા પોતાની માન્યતામાં રહેવા દીધા નહિ. તે જ હિંસા છે.

## પરને સુખી-દુઃખી કરું છું એમ માનનાર જીવ મિથ્યાદ્રષ્ટ છે.

જે જીવને પરમાં એકત્વબુદ્ધિ છે, પરને સુખી-દુઃખી કરી શકું છું એવી બુદ્ધિ છે તે જીવ પણ પર પદાર્થો સાથે તો એકતા કરી શકતો નથી કારણ કે પર પદાર્થોનો આત્મામાં અભાવ છે પણ ઊંધી માન્યતા ને રાગદ્વેષ સાથે એકતા કરે છે ને તેથી તે જીવના ચૈતન્યપ્રાણ હણાય છે. आत्महनो આત્માનો હણનાર–ખૂની કહ્યો છે. માટે અહીં આચાર્ય ભગવાન કહે છે કે નક્કી કર કે એકત્વબુદ્ધિ બંધનું કારણ છે. બીજા કોઈ જીવને સુખી કરી દઉં તો પુણ્ય બંધાશે ને બીજાને દુઃખી કરું તો પાપ બંધાશે, એ વાત કાઢી નાખ. નક્કી કર કે પર સાથે એકત્વબુદ્ધિ તે એક જ બંધનું કારણ છે.

## સત્ય વાત બહાર આવવાથી જગત વિરુદ્ધ બોલશે એમ માનનાર પર સાથે એકત્વબુદ્ધિ કરે છે.

લોકો પોકાર કરે છે કે "માર્ગને વિચારો—જવાબદારી સમજો આવી વાત કરવાથી માણસો બીજે રસ્તે ચાલ્યા જશે. આટલું બધું કડક કહેવાતું હશે?" આવી દલીલો આવે છે. પણ ભાઈ, આમ કહેવાથી જગતનું આમ થશે ને આમ ન કહેવાથી જગતને ઠીક પડશે—એ માન્યતા જ પર સાથે એકત્વબુદ્ધિ બતાવે છે. ભાષાથી લોકોને લાભ-નુકશાન થાય એમ માન્યું તે અજ્ઞાનભાવ છે. વળી અમુક ભાષા બોલવી કે ન બોલવી તે આત્માના હાથની વાત નથી. ભાષા ભાષાના કાળે થાય, તેનો તારામાં અભાવ છે. ભાષા ભાષાના યોગે નીકળી આવે છે. વળી લોકો જે કહે છે તે તેના અજ્ઞાનભાવને બતાવે છે. તારી રુચિ ભાષા તરફ, લોકો તરફ ને રાગ તરફ છે ? કે તારી રુચિ જ્ઞાનસ્વભાવ તરફ છે ? એ વિચાર. જ્ઞાનસ્વભાવની રુચિ છોડી પરની રુચિ કરવી એ જ બંધનું કારણ છે.

## એક જીવના પાપ પરિણામનું ફળ બીજા જીવને લાગે એમ માનવું તે સ્થૂલ મિથ્યા અધ્યવસાય છે.

આ જીવને દુઃખી-સુખી કરું, આને નરકમાં નાખી દઉં, ને આ જીવનું સત્યાનાશ કાઢી નાખું–તેવા ભાવ કરે, તેથી પર જીવના સંયોગોમાં ફેરફાર કરી શકતો નથી. એક માણસે મંદિરની ઇંટ બીજા માણસનું મકાન ચણાતું હતું તેમાં નાખી દીધી. એવા આશયથી કે સામા માણસને તેના મકાનમાં મંદિરની ઇંટ નાખ્યાનું પાપ લાગે. જુઓ મિથ્યા અધ્યવસાય ! વળી કોઈ જીવ અનુકંપાબુદ્ધિથી ભૂખ્યા મચ્છીમારને ભૂખ્યો જોઈને ચાર આના આપે તે મચ્છીમારે નાસ્તો નહિ લેતાં માછલાં પકડવાની જાળ લીધી. અજ્ઞાની કહે છે કે મચ્છીમાર જ્યાંસુધી તે જાળમાં માછલાં પકડે ત્યાં સુધી તેનું પાપ ચાર આના દેવાવાળાને લાગે. આમ કોઈકનું પાપ કોઈકને લાગે—એમ માનવું તે બધો સ્થૂળ મિથ્યા અધ્યવસાય છે.

## સ્વભાવદ્રષ્ટિ અબંધનું કારણ છે, પર સાથે એકત્વબુદ્ધિ બંધનું કારણ છે.

સમ્યગ્દ્રષ્ટિને અલ્પ દ્વેષ કહ્યો છે, પણ તે ક્રિયાને કારણે અથવા તે કરવા જેવો છે એમ તે માનતો નથી. ભગવાને વિરોધિની હિંસાની છૂટ આપી છે એમ તે માનતો નથી. જે ક્રિયા થાય છે તેને તથા ચારિત્રના દોષને જાણે છે, અલ્પ નબળાઈને જાણે છે. દ્વેષ હો કે રાગ હો તે ખરેખર બંધનું કારણ નથી. દ્વેષ છે માટે વધારે બંધ છે ને શુભરાગ છે માટે ઓછો બંધ છે એમ છે જ નહિ. શુભાશુભરાગ

વખતે દ્રષ્ટિ કઈ તરફ છે ? જો પર સાથે એકત્વબુદ્ધિ વર્તે છે તો તે ખરેખર બંધનું કારણ છે. ને જો સ્વભાવદ્રષ્ટિ વર્તે છે તો તે અબંધનું કારણ છે.

અહીં આચાર્ય ભગવાન કહે છે કે કોઈ જીવ સેવાના પરિણામમાં હોય ને કોઈ દ્વેષના પરિણામમાં હોય તો તેના સામું જોઈશ નહિ. તેને એકત્વબુદ્ધિ છે કે નહિ તે નક્કી કરજે. બે પ્રકારે જોઈશ નહિ.

''કારણ કે એક જ આ અધ્યવસાય 'દુઃખી કરું છું—મારું છું.' એમ અને સુખી કરું છું, જિવાડું છું'' એમ બે પ્રકારે શુભ-અશુભ અહંકારરસથી ભરેલાપણા વડે પુણ્ય અને પાપ—બન્નેના બંધનું કારણ હોવામાં અવિરોધ છે. (અર્થાત્ એક જ અધ્યવસાયથી પુણ્ય અને પાપ—બન્નેના બંધ થવામાં કોઈ વિરોધ નથી) આ જીવને મેં સુખી કર્યો, આની મેં સેવા કરી, જાનના જોખમે લોકો માટે કેવું કામ કરે છે, લોક માટે અર્પણ થઈ ગયો, પરના લાભ માટે તેમ જ મનુષ્યો કેમ સુખી થાય તેવાં કામ કરે છે—વગેરે પ્રકારે સહેજ અનુકંપાના ભાવને શોધીશ નહિ. તેની બુદ્ધિ ક્યાં કામ કરે છે, તે તપાસજે. પરનું કામ કરી શકું છું એવો ભાવ હોય તો તે જીવ બંધભાવને આમંત્રણ આપતો જાનના જોખમે કામ કરી રહ્યો છે.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે : ફળની આશા રાખ્યા વગર નિષ્કામ સેવા કરીએ તો ?

## <u>નિષ્કામ ભાવે પરની સેવા કરી શકું છું એ જ મોટો સકામ અહંકારયુક્ત મિથ્યા અધ્યવસાય છે.</u>

ભાઈ, પ્રથમ તો પરની સેવા તું કરી શકતો નથી. છતાં પરનું હું કરી શકું છું એ માન્યતા મોટી સકામ છે—અહંકારયુક્ત છે. એ જ સંસારનું બીજ છે. ''સેવાથી પુણ્ય તો બંધાશે ને?'' આમ જે જીવને રાજીપો થાય છે, તે જીવને પુણ્ય એટલે બંધસ્વભાવ વહાલો છે. અબંધસ્વભાવનો પર્યાયમાં વિકાસ થવા દેવો નથી પણ બંધ સ્વભાવમાં સંકોચાયેલી અવસ્થામાં તેને રોકાવું છે. દુનિયામાં લોકો તેને કુણો જીવ કહે છે. તે તો અશુભભાવથી શુભને જુદો પાડવા કહે છે પણ બંધન અપેક્ષાએ તેને પણ સંસાર જ છે માટે પુણ્ય બંધાય કે પાપ બંધાય તેનો પ્રશ્ન નથી, પણ મિથ્યાત્વ છે—તે જ ખરું બંધનું કારણ છે.

## <u>નબળા શરીરે ધર્મ ન થાય એમ માનનાર જીવ શરીર સાથે એકત્વબુદ્ધિ કરે છે એ જ સંસાર છે.</u>

ભગવાન આત્મા અનાકુળ, શાંતરસ છે. તેની રુચિ છોડીને મિથ્યાદ્રષ્ટિ જીવ અહંકારરસથી ભરેલો છે. અમે બીજાને નિમિત્ત થઈએ તો બીજા સુખી થાય, બળવાન જીવ અહિંસાનું પાલન કરી શકે, બોરડી ઉપર બોર પાકે પણ કેરીઓ પાકતી હશે ? તેમ જેનાં શરીર, ઇંદ્રિયો બધું જીર્ણ હોય, પાતળાં હોય, નમાલાં હોય તેવા શરીરે અહિંસા પાકે ? અથવા ધર્મની કેરી પાકે ? આપણી સ્ત્રીઓને ઝાંસીની રાણી જેવી શૂરવીર બનાવવી જોઈએ, કસરત કરવી જોઈએ, મગદળ ઉપાડવા, ચણા ખાવા વગેરેથી તંદુરસ્ત શરીર રહે તો તેવી માતા સારા દીકરાને જન્મ આપે, પણ નબળી ટેંટા જેવી સ્ત્રી હોય તો શૂરવીર પુત્રને જન્મ આપી શકે ?

**<u>સમાધાન :—</u>**ભાઈ, એ દાખલા જ ખોટા છે. માતા ને પુત્રના જીવ જુદા જુદા છે. વળી શરીર નબળું હોય તેને આત્મા સાથે શું સંબંધ છે ? તંદુરસ્ત શરીર હોય તો જ ધર્મ થઈ શકે એવું કાંઈ નથી. કોઈ મુનિનું શરીર જીર્ણ હોય છતાં આત્મપુરુષાર્થ વડે તે કેવળજ્ઞાન પામે. દેવો શરીરને પર્વત સાથે પછાડતા હોય ને આત્મા કેવળજ્ઞાન પામે છે. માટે શરીર સાથે આત્માને કાંઈ સંબંધ નથી. કેવળજ્ઞાન થતાં શરીર પરમ ઔદરિક થઈ જાય છે. પણ અહંકાર રસથી ભરેલો અજ્ઞાની પર પદાર્થો સાથે એકત્વબુદ્ધિ કરે છે. પુણ્ય કે પાપબંધનું કારણ એક જ હોવામાં અવિરોધ છે. પુણ્યમાં ઓછો બંધ ને પાપમાં વધારે બંધ એવું છે જ નહિ. પ્રથમ દ્રષ્ટિનો વિચાર કર પછી વ્યવહારની વાત ખ્યાલમાં આવી જશે. જ્યાં સ્વભાવદ્રષ્ટિ છે ત્યાં બંધન નથી. ને સ્વભાવદ્રષ્ટિ નથી પણ એકત્વબુદ્ધિ છે ત્યાં શુભ હો કે અશુભ હો—બન્નેમાં અવિરોધપણે બંધન છે. બન્નેમાં મિથ્યા અધ્યવસાય સરખો છે ને તે જ સંસારનું કારણ છે.

*

# પ્રસાદ નં. ૨૭૧

## સમયસાર ગાથા ૨૬૦—૨૬૧

*(અષાડ વદ ૧૧, રવિવાર, ૨૦૦૭)*

## આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે.

આત્માના જ્ઞાન દર્શનાદિ ગુણોનું હીણું પરિણમન થવું તેને બંધન કહે છે. આત્મા તો જાણનાર–દેખનાર છે—તેમ ન માનતાં એમ માને કે હું પર જીવને મારી શકું છું કે બચાવી શકું છું, તે માન્યતા જ અજ્ઞાન છે. પર જીવ એના કારણે જીવે છે અને મરે છે, એમ ન માનતાં મારે કારણે જીવે છે અને મરે છે—એમ માનવું તે અધ્યવસાય જ બંધનું કારણ છે. મકાન એને કારણે થાય છે—એમ ન માનતાં મારા કારણે થાય છે, એમ માનવું અને દુકાનનો ધંધો એના કારણે થતો નથી પણ મારા કારણે થાય છે એમ માનવું તે અજ્ઞાનભાવ છે.

હું પરને મારી શકું છું, દુઃખી કરું છું એવા અશુભ અહંકારથી ભરેલો તે અશુભ અધ્યવસાય છે. છરી હાથમાં હોય તો લીલોતરી કપાય એમ અશુભ અહંકારવાળો અશુભ ભાવ છે. દુકાનમાં ધ્યાન રાખે તો બરાબર લાભ ઉઠાવી શકાય, મારી હાજરી ન હોય તો એવી વ્યવસ્થા થાય નહિ, એ બધો મિથ્યાભાવનો અહંકાર છે. પરને સુખી-દુઃખી કરી દઉં એ બન્નેના અહંકારનો મિથ્યાભાવ છે.

શુભાશુભ બન્નેમાં મિથ્યાભાવ હોવાથી અજ્ઞાનપણે બન્ને અધ્યવસાય એક જ છે. માટે એમ ન માનવું કે પુણ્યનું કારણ બીજું છે અને પાપનું કારણ બીજું છે. અજ્ઞાનમય અધ્યવસાય જ બન્નેનું કારણ છે. અજ્ઞાની પૂજા આદિમાં હિંસા થાય છે એમ જુએ છે. પણ પરિણામ સામું જોતો નથી, તેને અશુભ ભાવનો મિથ્યા અહંકાર છે, તે એક જ બંધનું કારણ છે. આત્માએ સ્વજ્ઞેય કરવું જોઈએ, તેને બદલે પરને મારું કે જિવાડું, સુખી, દુઃખી કરું એવો મિથ્યા અહંકાર કરે છે તે એક જ બંધનું કારણ છે.

આ રીતે ખરેખર હિંસાનો અધ્યવસાય જ હિંસા છે એમ ફલિત થયું, એમ હવે કહે છે :—

### ગાથા ૨૬૨

**મારો—ન મારો જીવને, છે બંધ અધ્યવસાનથી,**
**આ જીવ કેરા બંધનો, સંક્ષેપ નિશ્ચયનય થકી. ૨૬૨.**

**અન્વયાર્થ :**—જીવોને મારો અથવા ન મારો—કર્મબંધ અધ્યવસાનથી જ થાય છે. આ નિશ્ચયનયે જીવોના બંધનો સંક્ષેપ છે.

**ટીકા :**—પર જીવોને પોતાના કર્મના ઉદયની વિચિત્રતાના વશે પ્રાણોનો વ્યપરોપ (ઉચ્છેદ, વિયોગ) કદાચિત્ થાઓ, કદાચિત્ ન થાઓ, પણ હું હણું છું એવો જે અહંકાર રસથી ભરેલો હિંસાનો અધ્યવસાય તે જ નિશ્ચયથી હિંસાના અધ્યવસાય કરનારા જીવોને બંધનું કારણ છે. હરણને મારવા ગોળી છોડી પણ અદ્ધર ગઈ ને તેથી હરણ ન મર્યું, છતાં મારવાનો અભિપ્રાય થયો તે જ ખરેખર બંધનું કારણ છે.

ચકલાને બિલાડી લઈ જાય અને એનું આયુષ્ય પૂરું થાય તો તેને કોણ બચાવી શકે ? બચાવવાના ભાવ હોય છતાં મરી જાય તો તેમાં મેં ધ્યાન ન રાખ્યું માટે મરી ગયું, એવો અશુભ ભાવ જ બંધનું કારણ થાય છે, જિવાડવાનો ભાવ હોય અને મરી જાય અને મારવાનો ભાવ હોય ને બચી જાય. વીંછીઆના મહાજને માછલાં બચાવવા ખાતર તળાવમાંથી કૂવામાં નખાવ્યાં પણ પાણી ફેર થતાં બધાં મરી ગયાં. ત્યાં કાંઈ મારવાનો ભાવ ન હતો. તેના મારવાના કાળે કોઈ બચાવી શકે નહિ અને બચવાના કાળે કોઈ મારી શકે નહિ. મરે કે બચે તે તેના કારણે થાય છે, પણ હું આને મારું છું અને બચાવું છું એવો અહંકાર તે બંધનું કારણ છે. પરની હિંસા કે અહિંસા બંધનું કારણ નથી. કેમ કે નિશ્ચયથી પર પ્રાણોનો વ્યપરોપ તે પરથી કરાવો અશક્ય છે અર્થાત્ તે પરથી કરી શકતો નથી.

ખરેખર, પરનાં શરીર અને પરના આત્માનું જુદું થવું તે મારનારના ભાવના કારણે થતું નથી કેમ કે તે તેનાથી જુદો છે તેથી પરના પ્રાણોનો પરથી નાશ થઈ શકતો નથી.

**ભાવાર્થ :**—બીજાના પ્રાણોનો વિયોગ બીજાથી કરી શકાતો નથી. અજ્ઞાની માને છે કે લીલોતરી હણું છું, કાકડીને ખાઉં છું, સચેત મીઠું હું ભરડું છું, એ બધો મિથ્યા અહંકાર છે. કોઈ બાઈ એમ માને કે સ્ત્રીનો અવતાર છે તેને પાંચ પાપ હોયછે. પાણીયારામાં, સૂપડામાં, ઘંટીમાં, ખાંડણિયામાં અને ચૂલામાં પાપ થાય છે. તે પાંચ પાપનાં હથિયાર છે. મોટાં પાપનાં સ્થાનક છે. તેમાં હું છકાયના જીવને મારી શકું છું, એમ માને તે ખરેખર હિંસા છે. ક્રિયા થાય છે તે હિંસા નથી. પરની હિંસા તે પાપ છે એમ કહેવું તે નિમિત્તનું કથન છે. પણ ખરેખર તો અશુભભાવ તથા પરની ક્રિયાનો અહંકાર કરવો તે જ હિંસા છે.

પ્રશ્ન :—કોઈ કહે કે બહારની ક્રિયાનું ધ્યાન રાખવું કે નહિ ?

ઉત્તર :—બહારની ક્રિયા કરવાના ભાવ થાય, તે પણ ક્રિયા આત્મા કરી શકતો નથી.

બીજાના પ્રાણોનો વિયોગ બીજાથી થઈ શકતો નથી. જેમ આકાશના ફુલ હોતા નથી તો તેને તોડવાની વાત હોય નહિ, તેમ પરની ક્રિયા આત્મા કરી શકતો જ નથી. તો ધ્યાન રાખવાની વાત જ ક્યાં રહી ? કેમ કે તેના પ્રાણોનો વિયોગ થવો કે ન થવો તે તેના પોતાના કર્મના ઉદયની વિચિત્રતાના કારણે હોય છે માટે જ એમ માને છે કે—અહંકાર કરે છે કે, ''હું પર જીવને મારું છું''—તેનો તે અહંકારરૂપ અધ્યવસાય અજ્ઞાનમય છે, તે જ હિંસા છે. પ્રાણી મરે એને હિંસા કહી નથી. કોઈ કહે કે પ્રાણી મરે એની હિંસા કોને ખાતે ખતવવી ? તો કહે છે કે તે ક્રિયા તો તેના કારણે થાય છે.

તે વખતે મારવાનો અભિપ્રાય થયો તે ચૈતન્ય પ્રાણનું ખૂન થાય છે. આ રીતે વસ્તુસ્થિતિ છે. પર પ્રાણીનો મરવાનો કાળ હોય, તે વખતે નિમિત્ત હોય તેનું કથન કરવું તેનું નામ વ્યવહાર છે. પણ વ્યવહારથી તે નિમિત્તના કારણે મર્યો છે એમ નથી. વ્યવહારથી બોલાય છે પણ તે પ્રમાણે કોઈ પ્રાણી કોઈને મારી શકતો નથી. પોતે મરવાનો ભાવ કરે અને છતાં બીજો જીવ એના કારણે મરે છે અને મને પાપ નથી, એમ જે માને છે તે એકાંત મિથ્યાદ્રષ્ટિ છે. તેં મારવાનો ભાવ કર્યો તે પાપ જ છે. ખરેખર તે અધ્યવસાય જ હિંસા છે. પોતાના વિશુદ્ધ ચૈતન્ય પ્રાણનો ઘાત છે અને તે જ બંધનું કારણ છે. આ રીતે વસ્તુ સ્થિતિ છે, તે ફરે એમ નથી.

અહીં વ્યવહારનયને ગૌણ કરીને કહ્યું છે એમ જાણવું, માટે તે કથન કથંચિત્ અર્થાત્ અપેક્ષા પૂર્વક છે એમ સમજવું. સર્વથા એકાંત પક્ષ તો મિથ્યાત્વ છે.

હવે હિંસા, અહિંસાની જેમ સર્વ કાર્યોમાં અધ્યવસાયને જ પાપ–પુણ્યના બંધના કારણપણે દર્શાવે છે :—

## ગાથા ૨૬૩—૨૬૪

**એમ અલીક માંહી, અદત્તમાં, અબ્રહ્મને પરિગ્રહ વિષે**
**જે થાય અધ્યવસાન તેથી પાપ બંધન થાય છે. ૨૬૩.**
**એ રીત સત્યે દત્તમાં, વળી બ્રહ્મને અપરિગ્રહે,**
**જે થાય અધ્યવસાન તેથી પુણ્ય બંધન થાય છે. ૨૬૪.**

**અન્વયાર્થ :**—એ રીતે (અર્થાત્ પૂર્વે હિંસાના અધ્યવસાય વિષે કહ્યું તેમ) અસત્યમાં, અદત્તમાં, અબ્રહ્મચર્યમાં અને પરિગ્રહમાં જે અધ્યવસાન કરવામાં આવે

તેનાથી પાપનો બંધ થાય છે અને તેવી જ રીતે સત્યમાં, દત્તમાં, બ્રહ્મચર્યમાં અને અપરિગ્રહમાં જે અધ્યવસાન કરવામાં આવે તેનાથી પુણ્યનો બંધ થાય છે.

**ટીકા :—**(૧) પૂર્વોક્ત રીતે અજ્ઞાનથી આ જે હિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે તે પાપ બંધનું એકમાત્ર કારણ છે અને તેવી જ રીતે અસત્યમાં પણ જે અધ્યવસાય કરવામાં આવે છે તે પાપ બંધનું કારણ છે તે કહે છે :—

## (૨) ભાષામાં જુઠું બોલાય એનાથી પાપ લાગે તે માન્યતા મિથ્યાદ્રષ્ટિની છે.

અજ્ઞાની કહે છે કે ભાષાના કારણે આત્મામાં દોષ થાય અને ભાષા આત્મા કરી શકે છે, તે મિથ્યા અભિપ્રાય જ બંધનું કારણ છે. ભાષામાં જૂઠાપણું કે સત્યપણું છે જ નહિ, પણ ભાષાની પર્યાય મારાથી થઈ તે મિથ્યા અધ્યવસાય જ બંધનું કારણ છે. કારણ કે ભાષા કોઈ આત્મા બોલી શકતો નથી. ભાષા જડના પરમાણુ છે, તેને મેં કરી એમ માને તે મિથ્યાભાવ જ થાય છે. હું જ્ઞાતા છું, જાણનાર છું તેમ ન રહેતાં હું ભાષા બોલ્યો એમ માને છે તે અધ્યવસાન જ પાપ છે. ભાષા પાપનું કારણ નથી. વ્યવહારથી બોલાય કે આવી ભાષા બોલ્યો માટે પાપ લાગ્યું પણ તે ભાષા થઈ ત્યારે ભાવ કેવો હતો, તે જણાવવા માટેનું તે કથન છે એથી કરીને વ્યવહારે ભાષા બોલી શકાય છે—એમ નથી. હિંસાની જેમ અસત્યમાં પણ ભાષા મેં કરી, તે હું જાણનાર છું એમ માનતો નથી, તે પાપનું કારણ છે અને તે જ મિથ્યાત્વ અને સંસાર છે. આવું સાંભળીને કોઈ કહે કે જૂઠું બોલાય તો વાંધો નહિ. તો તેને કહે છે કે જૂઠું બોલવાનો ભાવ કરે છે તે જ બંધન છે.

## (૩) અદત્ત એટલે ચોરી કરવાથી પાપ લાગે તે માન્યતા મિથ્યાદ્રષ્ટિની છે

પાંચ લાખ રૂપિયાની નોટ મારા હાથે મેં લીધી, એ અહંકાર એ જ મિથ્યાત્વનું પાપ છે. હાથ નોટને લઈ શકતો જ નથી. અજ્ઞાની માને છે કે ચાલાકીવાળો માણસ હોય તો ખીસામાંથી નોટ વગેરે ખેંચી લે છે પણ તે વાત જ જૂઠી છે, એ ચોરી કરે છે એનું પાપ એને લાગતું નથી, ચોરી વખતે આ મેં કર્યું એવી માન્યતા છે, તે જડનો સ્વામી થાય છે તેથી તે અધ્યવસાન જ બંધનુંકારણ છે.

આત્માથી ભિન્ન એવા પરમાણુને આત્મા લઈ શકતો જ નથી. ધાડપાડુ કોઈને લૂંટતા જ નથી. ''આ હું લૂંટી શકું છું'' એવો અહંકાર જ પાપ છે. ચીજ આવતી વખતે આ ચીજ મેં લીધી તે માન્યતા જ પાપ છે, તે વસ્તુ તેનાથી લેવાણી જ નથી પણ ભાવ કર્યો છે, નજરે પણ એ જ દેખ્યું છે કે વસ્તુ ક્ષેત્રાંતર થઈ છે, તેના આત્મામાં તે પેસી ગઈ નથી. વળી બીજો એમ માને કે મારા ઘરમાંથી ચોર વસ્તુ લઈ ગયો, તે માન્યતા પણ મૂઢતા છે. એ જ પાપ છે. પર પદાર્થનો અહંકાર તે જ પાપ છે અને સ્વ પદાર્થની દ્રઢતા તે જ ધર્મ છે. પરચીજ લઈ શક્યો તેનું અભિમાન તે જ પાપ છે. તે મોટો ગુનેગાર છે. તે ચોરીના અહંકારથી ભરેલો પાપ ભાવ છે.

હવે બ્રહ્મચર્યની વાત કરે છે. તે તો અજર પ્યાલાની વાત છે.

## (૪) શરીરથી વિષય લેવાય તે આત્મા હતો માટે લેવાણો તે માન્યતા મિથ્યાત્વરૂપી પાપ છે.

શરીરથી વિષય થાય અને આત્મા માને કે હું વિષય લઉ છું, તે મિથ્યાત્વ છે. વિષયના પરિણામ થાય છે તે ગૌણ છે પણ અબ્રહ્મચર્ય શરીરથી થાય, તે મારા આત્માથી લેવાય છે—તે માન્યતા મહાપાપ છે. હું ચૈતન્ય છું તેને ભૂલીને વિષયમાં સ્વાદ આવે છે. તેને અને વિષયની ક્રિયા થાય છે તે મારાથી થાય છે—તે એકત્વ બુદ્ધિ જ મહાપાપ છે. જ્ઞાનીને શરીરની ક્રિયા અબ્રહ્મચર્યની હોય પણ તે ક્રિયા મારાથી થાય છે એમ તે માનતો નથી અને અશુભ રાગ થાય છે, તેને જ્ઞાની જાણે છે. અજ્ઞાની માને છે કે હું ચૈતન્ય છું તો ઇન્દ્રિયોના વિષય લેવાય છે, તે મહાન પાપી છે. અહીં ચારિત્રના દોષથી થતાં પાપને ગૌણ કર્યું છે એટલે કે તે પાપ ઓછું છે. એક આત્મા અનંત પરમાણુના સ્કંધરૂપ શરીરને હલાવે એમ માનવું—તે અધ્યવસાન મહાપાપ છે. રાગથી દેહની ક્રિયા થાય છે એમ જ્ઞાની માનતો નથી. અજ્ઞાની રાગથી દેહની ક્રિયા થાય છે અને ક્રિયાથી પાપ થાય છે. એમ માને છે, તે મિથ્યાત્વનું મહાપાપ છે.

કોઈ કહે કે આવું સાંભળશે તો સ્વચ્છંદી નહિ થઈ જાય ? પણ અહીં તો કહે છે કે કોઈ પણ આત્મા બહારમાં કાંઈ કરી શકતો જ નથી કે જેથી સ્વચ્છંદી થાય. **દ્રષ્ટિ જ્ઞાનની કર અગર તો પરના અહંકારની કર**—એ વાત છે. વસ્તુનું સ્વરૂપ સત્ય આ જ રીતે છે. અજ્ઞાની બીજી રીતે માને એટલે વસ્તુસ્થિતિ ફરે એમ નથી. શરીરની ક્રિયા વિષયની થતી વખતે તે વખતે આત્માના પરિણામ કેવા હતા, તે જણાવવા અર્થે વ્યવહારથી કથન કરવામાં આવે છે કે આ આત્માએ ક્રિયા કરી પણ

અજ્ઞાની તે રાગ અને ક્રિયામાં એકત્વપણું માની શરીરની ક્રિયા મારાથી થાય છે એવું અભિમાન કરે છે, તે જ તેને બંધનું કારણ થાય છે. આ વાત અજ્ઞાની જીરવી શકે નહિ તેથી તે વ્યવહારનાં લાકડાં ખોસે છે કે શરીરથી પણ બ્રહ્મચર્ય પાળે તો ધર્મ થાય એમ તે માને છે અને મનાવે છે.

## (૫) પરિગ્રહ એટલે પૈસો પાપનું કારણ છે એમ જે માને છે તે મિથ્યાદ્રષ્ટિ–પાપી છે

પૈસો પાપનું કારણ નથી પણ પૈસો મેં મેળવ્યો અને મેં વાપર્યો. અમે પૈસાવાળા અને શ્રીમંત છીએ, એ માન્યતામાં એક ફીટીને બે થયો, તે પાપ છે. આત્મા ત્રણ કાળમાં લક્ષ્મીવાળો નથી. આત્મા તો જ્ઞાનવાળો છે. હું પૈસાવાળો છું એમ ધર્મી માનતો નથી.

ચક્રવર્તીને સાત પંચેન્દ્રિય રત્ન હોય છે. એમાં એક સુતાર હોય છે, તેની હજાર દેવ સેવા કરે છે. હુકમ કરે અને અડતાળીશ માળના મહેલ બનાવી આપે. છતાં ધર્મી સમજે છે કે હું એનો માલિક નથી. એક ગાથાપતિ એટલે ખેડૂત તેને હોય છે, તેની પણ એક હજારદેવ સેવા કરે છે. હુકમ કરે તો સવારમાં દાણા વાવે અને થોડા વખતમાં દાણા તૈયાર થઈ જાય. આવું ચક્રવર્તીનું પુણ્ય હોય છે. પણ તે જ્ઞાની છે તેથી જાણે છે કે અમે ચક્રવર્તી નથી પણ આત્મવર્તી છીએ. અજ્ઞાની પૈસો મારો છે એમ એકત્વબુદ્ધિ કરે છે તે જ એને મહાન પાપ છે.

પૈસો તો પાપ નથી પણ પૈસા તરફનો રાગ પણ અલ્પ પાપ છે, તે અહીં ગૌણ છે. પણ પૈસાની વ્યવસ્થા હું કરી શકું છું, હું હતો તો પૈસો આવ્યો—તે માન્યતા જ મુખ્ય પાપ છે. શરીરની ક્રિયાથી કે ભાવથી પૈસો આવે—જાય નહિ, તેની અજ્ઞાનીને ખબર નથી.

અજ્ઞાની પૈસામાં એકત્વબુદ્ધિ કરે છે કે આના હાથમાં દોર આવ્યો ત્યારથી બધા પૈસાને વેડફી નાખ્યા એમ અજ્ઞાની માને છે. રૂપિયાની નોટો આવી હોય અને ધ્યાન ન રાખ્યું માટે છોકરાના હાથમાં આવી ને તેણે અગ્નિમાં નાખી દીધી, એમ અજ્ઞાની માને છે; એવો અભિપ્રાય તે એક જ પાપનું કારણ છે. તે અધ્યવસાય જીવ અને અજીવનું એકત્વપણું કરે છે માટે તે એક જ માત્ર બંધનું કારણ છે.

*

# <u>પ્રસાદ નં. ૨૭૨</u>

## <u>સમયસાર ગાથા ૨૬૩—૨૬૪</u>

*(અષાડ વદ ૧૨, સોમવાર, ૨૦૦૭)*

આત્માને બંધન શેનાથી થાય છે તે કહે છે. આત્મામાં અનંત ગુણો છે. તેનું હીણું પરિણમન થવું અને રાગ તથા પરમાં એકત્વબુદ્ધિ થવી એ મિથ્યાત્વ ભાવ છે, તે સંસાર છે અને બંધનું કારણ છે. તે મિથ્યાત્વ સહિતના હિંસા આદિ પાંચ ભાવો થાય છે, તેની વાત ચાલે છે.

**<u>ટીકા :—</u>**એ રીતે એટલે પૂર્વોક્ત રીતે અજ્ઞાનથી આ જે હિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે (૧) એટલે કે હું પર જીવને મારી શકું છું તે પાપ છે. જીવ મરો કે ન મરો એની સાથે સંબંધ નથી. અને પર જીવને મારવાનો ભાવ થયો તે પણ અહીં ગૌણ છે પણ **<u>પર જીવને હણી શકું છું તેવા અધ્યવસાનને જ ભગવાને મહાન પાપ કહ્યું છે.</u>** કેમ કે પરની પર્યાયને હું કરી શકું છું એવું જે અભિમાન તે જ પાપ છે. પરમાં એકત્વબુદ્ધિ કરતો ભાવ જ પાપ છે. (૨) હું જૂઠું બોલી શકું છું. ભાષાને હું કરું છું. જડનો પર્યાય મારાથી થાય છે તેમ માનનાર જડનો સ્વામી થાય છે. તેથી તે જડની પર્યાયમાં એકત્વબુદ્ધિ કરે છે તે પાપ છે અને તે જ બંધનનું કારણ છે. (૩) એમ અદત્ત એટલે પરની ચીજ હું લઈ શકું છું, તે માન્યતા જ પાપ છે કેમ કે પર ચીજ કોઈ લઈ શકતો જ નથી છતાં અજ્ઞાની પરની ચીજ મેં લીધી એવો મિથ્યા અભિપ્રાય કરે છે. તે પરમાં એકત્વબુદ્ધિ કરે છે તે જ પાપ અને બંધન છે. આત્મા આંગળી પણ ઊંચી કરી શકતો નથી તો પર ચીજ આત્મા લઈ શકે એમ બનતું જ નથી. પણ પર ચીજ હું લઈ શકું છું એ અભિપ્રાય જ પાપ છે. (૪) અબ્રહ્મચર્ય એટલે પુરુષ અને સ્ત્રીનાં શરીર સાથે રમવું અને ક્રિડા કરવી–તે આત્મા છે તો થાય છે એવો દેહની પર્યાય અને આત્માની પર્યાયમાં એકપણાનો ભાવ કરવો તે પાપ છે. આ વાત અલૌકિક છે. વીતરાગનો પંથ કોઈ અપૂર્વ છે. તેનો અંતરદશા વગર પત્તો ખાય એમ નથી. મિથ્યાત્વીની દ્રષ્ટિ પર અને રાગ ઉપર છે. ધર્મીની રુચિ પર ક્રિયા અને રાગ ઉપર નથી પણ સ્વભાવ ઉપર છે. તેને નિમિત્ત અને રાગનો આદર નથી તેથી તેને બંધન થતું નથી. શરીરની અબ્રહ્મચર્યની ક્રિયા જડ કરે છે એમ માનનારની દ્રષ્ટિ શરીર અને રાગ ઉપર છે. તે રાગ અને નિમિત્તમાં એકત્વબુદ્ધિ કરે છે. તે જ મિથ્યાત્વનું મહાન પાપ છે.

(૫) પરિગ્રહ એટલે કે આ પૈસો હું રાખી શકું છું, તે મારી ચીજ છે. પૈસાની પર્યાય જડ છે તે હું કરી શકું છું. વ્યાજ હું ઉપજાવી શકું છું, તેનું રક્ષણ કરી શકું

છું—એવો પરિગ્રહ પ્રત્યેનો એકત્વબુદ્ધિનો ભાવ તે જ મિથ્યાત્વરૂપ મોટું પાપ છે. પૈસા પ્રત્યેનો અશુભરાગ થાય છે તેને અહીં ગૌણ કર્યો છે પણ તેની વ્યવસ્થા હું કરી શકું છું—તેવી માન્યતામાં અને તેના પ્રત્યેના રાગમાં એકત્વબુદ્ધિ કરવી તે જ પાપ છે.

ધર્મીની દ્રષ્ટિ આત્મા ઉપર હોવાથી હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મચર્ય અને પરિગ્રહના પરિણામ થાય તેના ઉપર તેને રુચિ નથી. હું તો અનંત જ્ઞાનાદિ શક્તિનો સાગર છું, તેમ તે માનતો હોવાથી તેને બંધન થતું નથી. તેને અલ્પ હિંસાદિના પરિણામ હોય છે પણ દ્રષ્ટિ એના ઉપર નથી. આત્મામાં અંતરસત્ત્વ પડ્યું છે, એવા સ્વભાવનો હું ધણી છું, એમ માનતાં જ્ઞાનીને બંધન થતું નથી.

અજ્ઞાનીને હિંસા આદિ બધામાં જે અધ્યવસાન કરવામાં આવે તે પાપના બંધનું એકનું એક કારણ છે. અલ્પ રાગાદિના પરિણામ થાય તે ગૌણ છે પણ તે પરની ક્રિયામાં એકત્વબુદ્ધિ તે એક જ બંધનું કારણ અહીં કહ્યું છે. હું આત્મા ચૈતન્ય છું એની બુદ્ધિ છોડીને આ પાંચ પ્રકારના પાપમાં એકત્વબુદ્ધિ કરવી તે એક જ બંધનું કારણ છે. આ રીતે પાંચ પાપની વાત પૂરી થઈ. હવે પુણ્ય એટલે શુભભાવમાં પણ એકત્વબુદ્ધિ કરવામાં આવે તે જ બંધનું કારણ છે, તે કહે છે.

## (૧) અહિંસા : પર જીવને બચાવી શકું છું એવો અધ્યવસાય જ બંધનું કારણ છે.

હું પર જીવની દયા પાળી શકું છું. હું હતો તો તે પ્રાણી બચ્યો, એવો મિથ્યા અભિપ્રાય જ બંધનું કારણ છે એટલે કે પાપ છે. પર જીવને બચાવવાનો શુભ ભાવ થયો તે બંધનું મુખ્ય કારણ નથી પણ એકત્વબુદ્ધિ તે મુખ્ય બંધનું એટલે પાપનું કારણ છે. લોકો કહે છે તે કાંઈ ખરેખર **अहिंसा परमो धर्म** નથી. કેમ કે **પરની દયા પાળી શકું છું એમ માનનાર મોટો હિંસાવાદી છે. દયા પાળવાનો શુભભાવ થયો તે પણ હિંસા છે** કેમ કે આત્માનો સ્વભાવ તે રાગ નથી. અજ્ઞાની રાગ અને પરની ક્રિયામાં ધર્મ માને છે તેથી તેને તે અભિપ્રાય જ બંધનું કારણ છે. પર જીવ મારાથી બચે છે એમ માનવું તે મિથ્યાભ્રમ છે કેમ કે પર જીવની અવસ્થા આત્મા કરી શકતો જ નથી છતાં હું કરી શકું છું એમ માનવું, તે મિથ્યાત્વ છે. **અહીં તો એકત્વબુદ્ધિ કરે છે તે જ પાપ અને હિંસા છે.**

## (૨) સત્ય : હું સત્ય બોલી શકું છું એમ માનનાર મહાન અસત્યવાદી મિથ્યાદ્રષ્ટિ છે.

હું સાચક છું, સત્યવાદી છું એમ માનનાર મૂઢ પાપી છે કેમ કે ભાષાની પર્યાય જડની છે તે મારાથી થાય છે એમ માનનાર ભાષામાં એકત્વબુદ્ધિ કરે છે. ભાષા આત્મા કરી શકતો નથી અને સત્ય ભાષા બોલવાનો ભાવ તે શુભ ભાવ છે. તે પરિણામને અને ભાષાને અજ્ઞાની પોતાના આત્મા સાથે એકત્વ કરે છે, તે મિથ્યાત્વનું પાપ છે. અજ્ઞાની માને છે કે આપણે પરનાં કામ કરવાં પણ ફળની ઇચ્છા રાખવી નહિ. એ માન્યતા કરવાવાળો મહા અસત્યવાદી છે. ભાષા અજીવ જડ છે, તેને આત્મા કરે એમ માનવું તેમાં અજીવને જીવ માનવાનું પાપ લાગે છે. સારી ભાષા કરીએ, સાચું બોલીએ, એમ માનનાર જડની પર્યાયનો સ્વામી થાય છે. એટલે તે વખતે સાચું બોલવાનો જે ભાવ થયો તે પણ આ મહાન જૂઠાણામાં સાંધણમાં જાય છે એટલે કે ગૌણ થઈ જાય છે. પર પદાર્થની પર્યાય પોતાથી થઈ એવો અધ્યવસાય જ મોટું પાપ છે.

આત્મા ચૈતન્ય જ્યોત છે. તેમાં અનંત શક્તિઓ ભરેલી છે. તેનો અનાદર કરી ભાષાની પર્યાયનું અભિમાન થાય છે તે તેને પાયમાલ કરી નાખે છે. અજ્ઞાની માને છે કે હું સત્યના પક્ષનો બેલી છું પણ આત્મામાં ભાષા વર્ગણાના પરમાણુ ભર્યા નથી છતાં સત્યભાષાની અને સત્યભાષા બોલવાના શુભભાવ થયા તેની રુચિ અને સ્વભાવની અરુચિ, તે જ મહાપાપ છે.

આત્મવસ્તુ કોણ છે તેની જગત દરકાર કરતું નથી. આ તો સમજાય એવી વાત છે. અજ્ઞાની માને છે કે મેં ઘણાને પાળી પોષીને મોટા કર્યા છે. પણ તેને કહે છે કે હે ભાઈ, તું રાગ અને પરક્રિયામાં એકત્વ કરે છે તે જ સંસાર અને બંધનું કારણ છે. હું સત્ય બોલી શકું છું એમ માનવું એ જ મિથ્યાત્વ છે. આત્મા ત્રિકાળ ચૈતન્યમૂર્તિ છે તે સત્ય છે. જાણનાર–દેખનાર, વર્તમાન પુણ્ય-પાપ રહિત, પરમ સત્યતત્વ છે. તેનો આદર નહિ અને વર્તમાન રાગનો, જડની પર્યાયનો આદર, તે મહાન અસત્યનું પાપ છે. આ તો અલૌકિક ગાથા છે.

અરે ભગવાન ! તારી રુચિનો વિષય શું છે ? શું રાગનું જ પોષણ છે? જો રાગનું જ પોષણ રહે તો ત્રિકાળ અરાગ સ્વભાવની રુચિ રહે નહિ અને જડની પર્યાયના કાળનો સ્વીકાર કર્યો તેણે ચૈતન્યનો અકાળ માન્યો, તે પાપ છે. તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય નહિ. સત્ય તો તેને કહીએ કે જે ભાષા થઈ તેને જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણે અને ત્રિકાળ સ્વભાવ ચૈતન્યપિંડ છે તેનો આદર કરે. તે સત્ય છે. વર્તમાન સત્યભાષા તે તો પર છે અને બોલવાનો ભાવ થાય તેટલો હું નહિ, હું તો

પરમ ચૈતન્ય જ્યોત છું એવી સ્વભાવની રુચિનું પોષણ અને વિકારની રુચિનો નાશ, તે જ ધર્મ છે. પોતે સમજ્યા વગર સત્ય કેવી રીતે બોલે. છ પદાર્થ સ્વતંત્ર છે તેમ જાણે નહિ અને પોતે ભાવ કરે છે તે સત્ય છે એમ કદી પણ બને નહિ.

કોઈના પાંચ હજાર રૂપિયા રાત્રે ઉછીના લઈ આવ્યો હોય અને પચીશ વર્ષે તે રૂપિયા વ્યાજ સહિત પાછા દેવા જાય. સામા માણસને ખ્યાલ પણ રહ્યો ન હોય. તે વખતે અજ્ઞાની માને છે કે મેં પૂર્વનું દેણું કાપ્યું, હું સત્યવાદી છું એવું તે માને છે. પણ તેને છ દ્રવ્ય એટલે અનંતા આત્માઓ, અનંતાનંત પુદ્‌ગલો, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, અસંખ્ય કાળાણુ અને એક આકાશ–તે બધાં દ્રવ્યો, તેના અનંતા ગુણો અને તેની પર્યાયો સ્વતંત્ર છે. અને એક અંશ જેટલો આખો આત્મા નથી એનો ખ્યાલ આવ્યા વગર સત્ય હોય નહિ. એને યથાર્થ જાણનારને સત્ય હોય છે. અજ્ઞાનીની રુચિ પર ઉપર અને રાગ ઉપર હોય છે, તે ત્રિકાળ સ્વભાવને જાણતો નથી તેથી મહાન પાપી છે.

આત્મા વસ્તુ છે, તેને જાણ્યા વગર સત્ય બોલે, નીતિ રાખે પણ તે શુભભાવને અને આત્માને એકત્વ કરે છે, તેથી તે ભલે લૌકિક નીતિવાળો કહેવાય પણ જૈનની નીતિવાળો તે નથી. ભાષાની ક્રિયા તે હું નહિ અને સત્ય બોલવાના ભાવ જેટલો પણ હું નહિ. હું ચૈતન્ય છું એવું અનેકાંતપણું તે જ સાચી લોકોત્તર નીતિ છે.

કોઈ પાંચ લાખ રૂપિયા આપે અને તે ન લ્યે તો તે ધર્મ નથી. તે ન લેવાની ક્રિયા તો આત્માની નથી પણ તે નહિ લેવાનો શુભભાવ પણ ધર્મ નથી. અજ્ઞાની તે ક્રિયા અને શુભ પરિણામમાં એકત્વબુદ્ધિ કરે છે તેથી તે ધર્મી નથી પણ અસત્યવર્તી–પાપી છે. લોકોત્તર નીતિનો નાશ કરનાર છે. અજ્ઞાની માને છે કે મેં સાચી વાત કરી છે માટે મારા જેવો સાચો કોઈ નથી. તેને અહીં કહે છે કે તું મહાન અસત્યવાદી–પાપી છે.

## (3) દત્ત : હું આજ્ઞા વગર પર ચીજ લેતો નથી એમ માનનાર મહાન ચોરી કરનાર મિથ્યાત્વી—પાપી છે

આ વાત જરા શાંતિથી સાંભળવા જેવી છે. આ હું આજ્ઞા વિના એકચીજ પણ લેતો નથી. રાખોડી જેવી ચીજ પણ લેવી હોય તો આજ્ઞા વિના લેતો નથી. એમ માનનારને આત્મા એક સમયમાં પરિપૂર્ણ છે એનો આદર નથી. તેને વર્તમાન ભાવ થાય છે તેની રુચિ છે માટે તેને ધર્મ થતો નથી. મંદકષાય થયો અને પરની ક્રિયા તો આત્મા કરી શકતો નથી પણ તેનો આદર થયો તે જ પાપ છે.

પર્યાયબુદ્ધિ જ બંધન છે. તેના ઉપરથી દ્રષ્ટિ ઉઠાવ એમ કહે છે. ચોરી કરે કે ન કરે પણ તે બન્નેમાં હું કરી શકું છું એમ માનવું એ જ પાપ છે. પર વસ્તુ લઈ શકું છું અને તે માલિકની આજ્ઞા લઈને લીધી એમ માનનાર મૂઢ છે. કેમ કે તે ચીજ કોઈની માલિકીની નથી. એ ચીજનો માલિક તો તે પુદ્‌ગલદ્રવ્ય પોતે છે. એમ ન માનતાં તે ચીજ કોઈ જીવની માલિકીની છે અને તે મેં આજ્ઞા લઈને લીધી, એ માન્યતા જ મૂઢ જીવની છે. અંતર સ્વભાવ અનંત શક્તિવાન છે તેને તે જાણતો નથી અને તેનો આદર કરતો નથી. તેથી તે પરના આદરવાળો મોટો પાપી છે. બંધના કારણમાં ભેદ શોધીશ નહિ એટલે કે શુભ અને અશુભ–બન્ને ભાવમાં એકત્વબુદ્ધિ તે જ બંધનું કારણ છે. ચોરીમાં અશુભ અને દત્તમાં શુભ થાય એમ શોધીશ નહિ.

હવે ચોથો બોલ બ્રહ્મચર્યનો કહે છે તે કઠણ છે પણ સમજવા જેવો છે. અનાદિકાળથી જીવે સત્ય બ્રહ્મચર્યના સ્વરૂપને જાણ્યું જ નથી તે હવે કહે છે.

## (૪) બ્રહ્મચર્ય : મેં દેહથી બ્રહ્મચર્ય પાળ્યું એમ માનનાર જીવ મિથ્યાદ્રષ્ટિ છે

આ શરીરથી પચીશ વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળ્યું, શરીરની ક્રિડા સ્ત્રી સાથે થવા દીધી નહિ અને તે વખતે તેણે બ્રહ્મચર્યનો શુભભાવ કર્યો છે છતાં તે અજ્ઞાની શરીરની પર્યાયનો સ્વામી થાય છે. તેથી તે મોટો અબ્રહ્મચારી–મિથ્યાદ્રષ્ટિ છે. બ્રહ્મચર્ય પાળવાના ભાવ તો શુભ છે–મંદકષાય છે. તે પરિણામ મારી ચીજ છે અને દેહની ક્રિયા જે સ્ત્રીના સંયોગવાળી થવાની ન હતી તે ન થઈ, તેને મેં થવા ન દીધી તેનું અભિમાન તે બન્નેનું એકત્વ કરે છે તે જ મહાપાપ છે. એટલે કે તે અબ્રહ્મચર્ય છે. આત્મા તો ચિદાનંદ બ્રહ્મસ્વરૂપ છે. તેનો આદર છોડીને કદાચિત્ આખી જિંદગી બહારમાં બ્રહ્મચર્ય પાળે પણ તેને શુભ પરિણામ અને દેહની ક્રિયા ઉપર દ્રષ્ટિ હોવાથી તે મિથ્યાદ્રષ્ટિ–પાપી છે અને સ્વભાવની રુચિ તથા એકાગ્રતા કરે તે પરમ બ્રહ્મચર્ય છે. તેને તે જાણે નહિ અને સ્ત્રીથી ડરતો ફરે, સ્ત્રીનું શરીર અને પુરુષનું શરીર તો જડ છે. તેનો સંયોગ થવો કે ન થવો તે આત્માના અધિકારની વાત નથી. આત્માના અધિકારની વાત તો શુદ્ધ ચૈતન્યનાં નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરવી તે છે. પુણ્યની રુચિ રાખવી અને દેહની ક્રિયાનું અભિમાન કરવું તે અબ્રહ્મચર્ય છે–મિથ્યાત્વ છે.

શરીર તો અજીવ–જડ, રૂપી છે. તેની પર્યાય તો તેના કાળે થઈ તેને બદલે મેં તે પર્યાય થવા ન દીધી. પરના સંગમાં તે પર્યાય ન આવી તે મારા કારણે ન

આવી. એમ માનનાર જડનો સ્વામી થાય છે. મેં બ્રહ્મચર્યના ભાવ કર્યા માટે દેહની ક્રિયા એવી ન થઈ, તે વાત તદ્દન ખોટી છે. જગતને આ વાત કઠણ પડે છે કેમ કે સર્વજ્ઞ કહે છે તે યથાર્થપણે લક્ષમાં આવ્યું નથી. ભગવાન શું કહે છે તે સમજવા માગતો નથી પણ અહીં ઢંઢેરો પીટીને કહે છે કે જે કોઈ શરીરથી મૈથુનની ક્રિયા ન થઈ તે મારા બ્રહ્મચર્યના પરિણામથી થઈ એમ માને તે પરમાં એકત્વબુદ્ધિ કરે છે. તે મિથ્યાત્વનું પાપ છે. હું જાણનાર-દેખનાર છું. તેમાં એકત્વબુદ્ધિ થવી તે જ બ્રહ્મચર્ય છે. ને પરના સંગમાં મારો દેહ ન ગયો એમાં બ્રહ્મચર્ય માની પોતાના સ્વભાવને ભૂલી જાય છે, તે જ મોટું અબ્રહ્મચર્યનું પાપ છે.

મૈથુન નહિ સેવવાનો ભાવ તે શુભભાવ-ચારિત્રનો વિકાર છે. તે શુભભાવના કારણે દેહના સંયોગની ક્રિયા ન થઈ એમ માનનાર પરમાં એકત્વ માને છે. તેને વસ્તુદ્રષ્ટિની ખબર નથી. અજ્ઞાનીઓ એમાં ધર્મ માને છે અને બીજાને મનાવે છે. પણ અહીં તો કહે છે કે શરીરની ક્રિયા વખતે શિયળનો મંદ કષાયનો ભાવ થાય તે પણ ધર્મ નથી. એમાં એકત્વબુદ્ધિ છે તે પાપ છે. મંદ કષાય જેટલો હું નથી. હું તો ચૈતન્ય છું એમ સ્વતત્ત્વનો આદર કરવો તે સાચું બ્રહ્મચર્ય છે. આજની વાત કઠણ છે અને કડક છે પણ પરમ સત્ય છે. સર્વજ્ઞનું સત્ય તત્ત્વ છે. તેને સમજે નહિ તો મિથ્યાત્વ જાય નહિ. આખી જિંદગી બાળબ્રહ્મચારી રહે પણ આવું ભાન ન હોય તો મિથ્યાત્વી રહે. ચક્રવર્તી હોય અને હજારો રાણીઓના સંગમાં દેખાતો હોય છતાં સમ્યગ્દ્રષ્ટિ હોય છે. સમ્યગ્દ્રષ્ટિ જાણે છે કે હજારો સ્ત્રીના સંગમાં આવ્યો જ નથી અને તે સ્ત્રીઓ મારા કારણે નથી. હું ચિદાનંદ અનંત શક્તિથી ભરેલો છું. વિકાર તે હું નહિ એવી સ્વભાવદ્રષ્ટિ તેને ખસતી નથી અને અજ્ઞાની ત્યાગી થયો હોય; પણ મેં સ્ત્રી છોડી અને તેના સંગમાં હું આવ્યો નહિ અને મંદકષાય થયો તે ભાવથી ધર્મ માને છે તેથી તે મિથ્યાદ્રષ્ટિ છે. દેહની ક્રિયા તો એના કારણે થતી નથી અને મંદકષાય તે સ્વભાવ નથી. છતાં એ બન્નેમાં એકત્વબુદ્ધિ કરે છે તે મિથ્યાદ્રષ્ટિ પાપી છે.

## (૫) અપરિગ્રહ : હું પૈસા, કપડાં આદિનો પરિગ્રહ રાખતો નથી એમ માનનાર પરની એકત્વબુદ્ધિવાળો મિથ્યાદ્રષ્ટિ છે

હું કપડું પણ રાખતો નથી, મને અશુદ્ધ વસ્તુ ખપતી નથી, પૈસા રાખતો નથી એમ માનનાર મેં પર ચીજનો ત્યાગ કર્યો છે તે પરના ત્યાગવાળું શુભભાવરૂપી અભિમાન તે પાપનું કારણ છે. પર ચીજ ખપતી નથી, તે પરની સાથે એકત્વબુદ્ધિ કરે છે, તે અધ્યવસાન મહાપાપ છે. અપરિગ્રહના મંદકષાયના

ભાવને અજ્ઞાની ધર્મ માને છે. પરચીજ ન આવી એ વખતે રાગની મંદતા થઈ તેમાં એકતા કરે છે. મેં શુભભાવ કર્યો માટે તે ચીજ છૂટી એમ અજ્ઞાની માને છે. તે એકત્વબુદ્ધિ જ બંધનું કારણ છે.

હું નગ્ન થયો. થોડાં દ્રવ્યો ભોગવવાનાં રાખ્યાં. પાંચ મકાનો રાખ્યાં છે તે માન્યતા જ મૂઢની છે. કેમ કે આત્મા પર પદાર્થને રાખતો કે છોડતો જ નથી પણ આત્મા પરને છોડવાનો અને ભોગવવાનો અભિપ્રાય કરે છે, તે બધામાં અધ્યવસાન માત્ર જ બંધનું કારણ છે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને પરિગ્રહમાં પરની એકત્વબુદ્ધિ કરવી, તે એક જ બંધનું કારણ છે. માટે ધર્મી થવું હોય તો પરની ક્રિયા અને પુણ્ય-પાપની રુચિ છોડવી, તે જ ધર્મનું મૂળ છે. બાકી બીજું બધું પાપનું મૂળ છે.

*

# પ્રસાદ નં. ૨૭૩

## સમયસાર ગાથા ૨૬૩—૨૬૪

*(અષાડ વદ ૧૩, મંગળવાર, ૨૦૦૭)*

અહીં બંધનનો અધિકાર છે. બંધન કોને કહેવાય ? તે કહે છે. આત્મા જાણનાર–દેખનાર છે, ચૈતન્યનો સ્વભાવ જ્ઞાન છે. તે પરમાં એકત્વબુદ્ધિ કરે છે તેથી બંધાય છે. આત્માથી શરીર, કર્માદિ પર પદાર્થો પૃથક્ છે. તેની સાથે એકત્વ માનવું તે જ મિથ્યાભ્રાંતિ અને સંસાર છે. પૈસો, શરીર, કુટુંબ, બીજા જીવો અનેકપણે જુદા વર્તે છે. તે આત્માથી એકપણે વર્તતા નથી છતાં એ મારા અને હું એનો—એમ માનવું તે બંધન છે.

## શુભાશુભ ભાવો થાય તે અલ્પ સ્થિતિવાળા સ્વર્ગ નરકાદિને આપે છે પણ તેની સાથે એકત્વ માનવું તે ત્રિકાળ બંધનનું કારણ છે.

આત્મા ત્રિકાળી છે, પરવસ્તુ ત્રિકાળી છે. એમાં વર્તમાન જરા ભૂલ થવી તે તો આસક્તિની વાત છે. તે તો અલ્પ છે. તેના ફળમાં અલ્પ સ્થિતિવાળા ભાવો મળે પણ તેની સાથે એકત્વબુદ્ધિ કરવી—તે ત્રિકાળ રખડવાનું કારણ છે. ત્રિકાળી આત્મસ્વરૂપને વર્તમાન રાગ જેટલું જે માને છે અને ત્રિકાળી પરવસ્તુ છે તેની સાથે અને તેની પર્યાય સાથે જે એકત્વ માને છે, તેને પરથી જુદું પડવું નથી. જ્ઞાની પોતાને પરથી જુદો જાણે છે એમાં અલ્પ શુભાશુભ ભાવ થાય તે તો અલ્પ બંધન છે, તે અહીં ગૌણ છે. આ વાત તો સમજાય એવી છે પણ મારાથી ન સમજાય એમ અજ્ઞાની માને છે. પણ જો યથાર્થ રુચિ થાય તો જરૂર સમજાય એવી વાત છે. જ્ઞાનનો વધારે ઉઘાડ હોય એની વિશેષતા નથી. અગ્નિથી દાઝી જઈશ એમ માનનાર બાળક હોય કે વકીલ હોય તો પણ તે બન્નેને અગ્નિ પ્રત્યે સરખી અરુચિ હોય છે. ઉઘાડમાં ફરક હોવા છતાં અરુચિમાં ફેર નથી. તેમ વધારે ભણે કે ઓછું ભણે પણ પરથી પૃથક્ મારે થવું છે એવી રુચિમાં વધારે ઉઘાડની જરૂર નથી.

આ આત્મપદાર્થ ચૈતન્યસ્વરૂપી છે અને પરચીજ પૃથક્ છે, તેનો ખ્યાલ જે કરતો નથી, તે પરથી એકત્વ કરે છે તે જ અધર્મ છે અને સંસાર છે.

**ભાવાર્થ :—**જેમ હિંસામાં અધ્યવસાય તે પાપબંધનું કારણ કહ્યું છે તેમ અસત્ય, અદત્ત (વગર દીધેલું લેવું તે, ચોરી),અબ્રહ્મચર્ય અને પરિગ્રહ-તેમનામાં અધ્યવસાય છે.

(૧) પર જીવને આત્મા મારે નહિ કેમકે પર જીવને આત્મા અડતો નથી. તેમની વચ્ચે અત્યંત અભાવ છે છતાં પર જીવને હું મારી શકું છું તેવી એકત્વબુદ્ધિ તે મોટું પાપ છે.

(૨) તેમ ભાષા હું બોલી શકું છું એ અધ્યવસાય મહાપાપ છે. કેમકે ભાષા અને આત્મા પૃથક્ છે. અસત્ય બોલવાનો ભાવ જે અશુભ છે તે અહીં ગૌણ છે. છતાં અજ્ઞાની તેમાં એકત્વબુદ્ધિ કરે છે. તેને ભાષાથી અને પરથી જુદા પડવાનો ભાવ નથી. આત્માની જ્ઞાન કોઠીમાં ભાષાના પરમાણુ પડ્યા નથી છતાં "હું તેને કરું છું" તે જીવને સંયોગથી છૂટવાની ભાવના નથી માટે તે મહા પાપ છે.

(૩) મારો હાથ હળવો છે તેથી પટારામાંથી ચૂપકીથી ચીજ લઈ શકું છું. ચાલાકીથી પર વસ્તુ લઈ શકાય છે. એમ માનનાર પર વસ્તુમાં એકત્વ કરે છે.

(૪) અબ્રહ્મચર્ય એટલે શરીર સંબંધી વિષય–તેનાથી આત્મા જુદો હોવા છતાં દેહની ક્રિયા અબ્રહ્મચર્યની થાય, તે મારાથી થાય છે એમ જે માને છે તેને દેહની રુચિ ખસતી નથી. તેને દેહાધ્યાસ થાય છે. તેને દેહથી છૂટા પડવાની ભાવના નથી. તે એકતાબુદ્ધિ જ મહાપાપ છે.

(૫) પરિગ્રહ–પૈસા આદિ મારા છે અને તે મારે આધીન છે, એ માન્યતા જ મિથ્યાત્વનું પાપ છે. ચક્રવર્તી રાજા જ્ઞાની હોય છે. તેમને છન્નુ કરોડ પાયદળ હોય છે. અલ્પ રાગ હોય છે પણ તેને પોતાનું સ્વરૂપ માનતા નથી. અજ્ઞાની તેમાં એકત્વબુદ્ધિ કરે છે તે બંધન છે.

## વળી જેમ અહિંસામાં અધ્યવસાય તે પુણ્યબંધનું કારણ છે તેમ સત્ય, દત્ત (દીધેલું લેવું તે) બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—તેમનામાં અધ્યવસાય તે પણ પુણ્યબંધનું કારણ છે

**(૧) અહિંસા :—**પરની દયા મેં પાળી, કીડીને ન મારી, માણસને મેં જતો કર્યો. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના બધા પ્રાણીને હું બચાવી શકું છું. બરાબર વ્યવસ્થા કરીએ તો કોઈ જીવ આપણાથી દુભાય નહિ. આમ માનનાર જીવ પર ચીજનો ધણી થાય છે. તેને પરથી જુદાપણાની માન્યતા થતી નથી. તેને પર સાથે એકત્વબુદ્ધિ વર્તે છે. ઘણી સાદી અને સરળ વાત છે. આ વાત આમ જ હોય અને બીજી રીતે ન હોય તેમ જ્ઞાનમાં નક્કી થાય તો પછી જ્ઞાનમાં ઠરી શકે.

જગતમાં અજ્ઞાનીઓ પરોપકારની વાતો કરે છે. તે બધી વાતો ખોટી છે કેમ કે કોઈ કોઈનો ઉપકાર કરી શકતું જ નથી. આખું જીવન પરની સેવામાં અર્પણ કરી દીધું છે એમ માનનારને પરથી છૂટા પડવાની ભાવના નથી. તે માને છે કે

સૂર્ય, વરસાદ, પવન અને મહાન પુરુષો જીવે છે તે બધા પર ઉપકારને માટે છે. શરીરનો ઘસારો ભલે થાય પણ પર ઉપકાર માટે જીવવું થાય તે સારું. પરની અવસ્થા એના કારણે થાય છે છતાં તે પર સાથે એકત્વની ભાવના કરે છે, તેને છૂટા થવાની ભાવના નથી.

**(૨) સત્ય :—**અમે સત્યવક્તા છીએ અમને સભાની દરકાર નથી. જેવું હશે એવું કહીશું, અમે બરાબર સાચું બોલી શકીએ છીએ, એમ માનનાર જડની અવસ્થા અમે કરી શકીએ છીએ એમ માને છે. તેને જડ થવાની ભાવના છે. તે ખરેખર નિગોદની ભાવના કરી રહ્યો છે. ભાષા તો જડ છે. તેને આત્મા કરી શકતો નથી. ભાષા તારું સ્વરૂપ નથી, તે તો જડ છે. તું કોનો પતિ થાય છે ? જડમાં એકત્વબુદ્ધિ થાય તે મહાપાપ છે અને બંધનનું કારણ છે.

**(૩) દત્ત :—**પરની આજ્ઞા વિના કોઈ ચીજ હું લેતો નથી. કિંમત વગરની ચીજ હોય તો પણ આજ્ઞાથી લઉં છું. પર ચીજ પૃથક્ છે તેમ તે માનતો નથી. પર ચીજને આત્મા લઈ શકતો નથી છતાં હું લેતો નથી અને લઉં છું, એવી એકત્વબુદ્ધિ કરે છે, તે પૃથક્ રહેવા માગતો નથી તેથી તેને બંધન થાય છે.

**(૪) બ્રહ્મચર્ય :—**મેં શરીરની અવસ્થા સ્ત્રીના સંગમાં જવા ન દીધી. આમ માનનાર બ્રહ્મચર્ય પાળે છતાં કહેવાય પાપી. આ વાત સમજવા જેવી છે. શરીરથી બ્રહ્મચર્ય રહ્યું અને માને કે મેં બ્રહ્મચર્ય રાખ્યું. તેને બ્રહ્મચર્ય શેનું ? ત્યાંતો કષાયની મંદતા છે પણ સાથે શરીરની એકતાનું પાપ છે—તેની મુખ્યતા છે. અબજો વર્ષ સુધી સ્ત્રીના સંગમાં ન આવે અને જે રીતે રહેવું જોઈએ તે રીતે મેં શરીરને રાખ્યું છે તેમ જે શરીરને માને છે તે જડનો ધણી થાય છે. તે અધ્યવસાન એકત્વબુદ્ધિ હોવાથી પાપ છે, તેને ધર્મ નથી, બ્રહ્મચર્ય નથી.

**(૫) અપરિગ્રહ :—**અમે અશુદ્ધ આહાર લેતા નથી, શુદ્ધ આહાર લઈએ છીએ. તે પરની એકત્વબુદ્ધિવાળો મિથ્યાત્વભાવ છે. તેમાં શુભરાગ હોય તે પુણ્યબંધનું કારણ છે. એટલે કે બંધાય છે પણ છૂટતો નથી. પરની અવસ્થા કોઈ કરી શકતું જ નથી અને પરના કારણે દુઃખ પણ નથી. પરિગ્રહ પૈસાદિ મેં છોડ્યા એમ જે માને છે, તેને પરથી જુદા પડવું નથી. તે એકત્વબુદ્ધિ જ બંધનું કારણ છે. જ્ઞાની અંતરમાં સમજે છે કે પર વસ્તુને હું છોડી શકતો નથી. વર્તમાન અલ્પ રાગ છે, તે પણ જ્ઞાતા ચૈતન્ય સ્વભાવની દ્રષ્ટિ હોવાથી છૂટી જાય છે. પર વસ્તુ તો છૂટેલી જ પડી છે એમ જ્ઞાની માને છે. આ સાચો અપરિગ્રહ છે.

આ રીતે, પાંચ પાપોમાં (અવ્રતોમાં) અધ્યવસાય કરવામાં આવે તો પાપબંધનું કારણ છે અને પાંચ (એકદેશ કે સર્વદેશ) વ્રતોમાં અધ્યવસાય

કરવામાં આવે તે પુણ્યબંધનું કારણ છે. પાપ અને પુણ્ય બન્નેના બંધનમાં અધ્યવસાય જ એક માત્ર બંધકારણ છે. ॥૨૬૩–૨૬૪॥

હવે આ વિષયને સ્પષ્ટ કરે છે. વળી એમ કહેવું શક્ય નથી કે બાહ્ય વસ્તુ તે બીજું પણ બંધનું કારણ છે. (અધ્યવસાય તે બંધનું એક કારણ છે અને બાહ્ય વસ્તુ તે બંધનું બીજું કારણ છે, એમ પણ કહી શકાતું નથી, અધ્યવસાય જ એકનું એક બંધનું કારણ છે, બાહ્યવસ્તુ બંધનું કારણ નથી.) આવા અર્થની ગાથા કહે છે :–

## ગાથા ૨૬૫

**જે થાય અધ્યવસાન જીવને, વસ્તુઆશ્રિત તે બને,**
**પણ વસ્તુથી નથી બંધ, અધ્યવસાનમાત્રથી બંધ છે. ૨૬૫.**

અર્થ :–વળી, જીવોને જે અધ્યવસાન થાય છે, તે વસ્તુને અવલંબીને થાય છે તોપણ વસ્તુથી બંધ નથી, અધ્યવસાનથી જ બંધ છે.

## અધ્યવસાન જ બંધનું કારણ છે; બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી.

ટીકા :–હવે વિષય ઝીણો આવે છે. બધી ગાથાઓ બંધને સાબિત કરે છે. આત્માને ચૂકીને પરમાં એકત્વબુદ્ધિ કરવી તે જ બંધનું કારણ છે અને પાપ છે. અહીં તો કહે છે કે પરનું કોઈ કરી શકતો નથી. જગતમાં પણ કોઈ એવો માણસ નથી થયો કે જે દુનિયાના બધા માણસોએ ખાધું હોય તો હું ખાઉં એમ માને. પણ પોતાને ભૂખ લાગતાં તે ખાઈ લે છે. ગાડા નીચે કૂતરું ચાલતું હોય અને માને કે હું ગાડાને ચલાવું છું. તેમ આખા જગતનું ગાડું ચાલ્યું જાય છે, તે મારે લીધે છે એમ માનનાર અજ્ઞાની મૂઢ છે. છોકરાને કેળવણી આપી માટે પાવરધા થયા તે વાત જ ખોટી છે. અહીં તો કહે છે કે અહિંસા, સત્ય આદિ પરની ક્રિયા આત્માને કોઈ રીતે પુણ્ય અગર પાપના બંધનનું કારણ છે જ નહિ.

## જો આત્મા બાહ્યવસ્તુમાં એકત્વબુદ્ધિ કરે તો તેને કારણ કહેવાય છે

**બાહ્યવસ્તુ બંધનું કારણ નથી** કેમ કે બંધનું કારણ જે અધ્યવસાન તેના કારણપણાથી જ બાહ્યવસ્તુને ચરિતાર્થપણું છે એટલે કે બંધનું કારણ જે અધ્યવસાન તેનું નિમિત્ત થવામાં જ બાહ્યવસ્તુનું કાર્યક્ષેત્ર પૂરું થાય છે. તે કાંઈ બંધનું કારણ થતી નથી. પર પદાર્થ તે હું—એવો અધ્યવસાન જ બંધનું કારણ છે. એવો અધ્યવસાન જો કરે તો પર ચીજને કારણ કહેવામાં આવે છે. આત્મા જ્ઞાન છે અને પરવસ્તુ જ્ઞેય છે. તે જ્ઞેયમાં પોતાપણાનો અધ્યવસાન કર્યો તો તે વસ્તુને

નિમિત્ત કહેવાય છે. પૈસો રાખ્યો કે ખરચ્યો તેથી પાપ કે પુણ્ય નથી પણ તે ચીજને પોતાની માની તો તેને નિમિત્ત કહેવાય છે. બાહ્યવસ્તુ બંધનું કારણ નથી.

## દુકાન છોડી હોય પણ છોકરો કામ ચલાવે તેથી સંતોષ છે એમ માને તે જ બંધનું કારણ છે

મારે દુકાને બેસીને જે કામ કરવું હતું તે છોકરો કરે છે એમ માન્યું તેણે ધંધો છોકરો કરી શકે છે એમ માન્યું ને તેનો સંતોષ વેદે છે, તે મહાપાપી છે. આત્મા પરમાં પ્રવેશ કરી શકતો નથી, તો પરનું કે શરીરનું કામ આત્મા કરી શકે એમ બને નહિ છતાં મૂઢ જીવ માને છે કે પરોપકારનાં કામ અમે કરીએ છીએ. તે પરમાં એકતા કરે છે અને બીજા કરે છે તેમાં પણ એકતા માને છે. પરથી એકત્વ મટતું નથી, તે જ બંધનું કારણ છે. તે ભાવ કરે છે ત્યારે તેમાં નિમિત્ત થાય એવું પર વસ્તુનું કાર્ય છે પણ પર વસ્તુ બંધનું કારણ નથી. ભગવાન મારા અને હું એનો, એ અભિપ્રાય જ પાપ છે. જેમ સ્ત્રીનો આત્મા પર છે તેમ ભગવાનનો આત્મા પણ પર છે એટલે આ આત્માની અપેક્ષાએ તે અનાત્મા છે. છતાં તેનાથી લાભ થાય છે એ અભિપ્રાય જ મોટું પાપ છે. બંધનું કારણ કોઈ પર વસ્તુ નથી પણ તે બંધમાં નિમિત્ત થાય એવું પર વસ્તુનું કાર્ય છે.

અહીં પ્રશ્ન થાય છે કે : જો બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી તો બાહ્ય વસ્તુનો પ્રતિષેધ (નિષેધ) શા માટે કરવામાં આવે છે ? સ્ત્રી છોડો, ધંધો છોડો, પ્રવૃત્તિવાળાં ક્ષેત્રો છોડો, દેશાવર ન જાઓ, બહાર વસ્તુનો સંગ ન કરો, બ્રહ્મચારીએ સ્ત્રીનો સંગ કરવો નહિ વગેરે. જો બાહ્ય વસ્તુના કારણે બંધ થતો ન હોય તો તેનો ત્યાગ કરવાન ઉપદેશ કેમ આપો છો ? મુનિએ નવ વાડે બ્રહ્મચર્ય પાળવું. સ્ત્રી બેઠી હોય તે જગ્યાએ બેસવું નહિ. પરિગ્રહનો પ્રપંચ કરવો નહિ. પોતાના માટે કરેલો આહાર લેવો નહિ. જો બહારની ચીજ બંધનું કારણ ન હોય તો તેનો નિષેધ કેમ કરવામાં આવે છે ?

તેનું સમાધાન :–અધ્યવસાનના પ્રતિષેધ અર્થે બાહ્ય વસ્તુનો પ્રતિષેધ કરવામાં આવે છે.

હેતુ તો પર ચીજની એકત્વબુદ્ધિ છોડાવવાનો છે. પરમાં એકત્વબુદ્ધિ ન કર—એવા ઉપદેશમાં નિમિત્તને છોડ, એમ કહેવામાં આવે છે, ખરેખર પર વસ્તુનો ત્યાગ કોઈ કરી શકતું જ નથી. <u>પર વસ્તુની રુચિ છોડાવવાનો એ ઉપદેશ છે.</u> પર ચીજનો તો આત્મામાં અત્યંત અભાવ છે પણ પોતે પર ચીજના આશ્રયે

એકત્વબુદ્ધિ કરે છે, તેના નિષેધ અર્થે પર વસ્તુને છોડવાનો ઉપદેશ આપવામાં આવે છે.

નિમિત્તથી આત્મામાં બંધન થતું નથી પણ નિમિત્ત તરફનું વલણ છે તે બંધનનું કારણ છે. અહીં તો એકત્વબુદ્ધિ બંધનું કારણ છે તે સાબિત કરવું છે. એકત્વબુદ્ધિ કેમ ટળે તે વાત સંવર, નિર્જરા અને મોક્ષ અધિકારમાં આવે છે. એટલે અહીં તો પર વસ્તુથી બંધન નથી પણ તારા ભાવથી બંધન છે તેમ કહ્યું છે.

અજ્ઞાની એમ કહે છે કે મસની કોઠીમાં રહેવું અને મસનો ડાઘ લાગવા દેવો નહિ એમ કેમ બને ? એમ બાહ્ય વસ્તુના સંગમાં રહેવું અને દોષ થવા ન દેવો એમ કેમ બને ? પણ અહીં તો કહે છે કે તે વાત જ ખોટી છે, પર વસ્તુના સંગથી આત્મામાં બંધન થતું જ નથી.

આત્માને ભૂલીને આ પરવસ્તુ આમ હોય તો ઠીક, પૈસો હોય તો ઠીક, મોટર હોય તો ઠીક, મકાન હોય તો ઠીક, કપડાં સારા હોય તો ઠીક–એમ અજ્ઞાની માને છે. પણ હું મારા આત્માના ઘરમાં સરખો રહું તો ઠીક, એ વાત તેને બેસતી નથી. અજ્ઞાની પર વસ્તુમાં સુખની કલ્પના કર્યા કરે છે પણ પરમાં સુખ નથી. પરમાં સુખ હોય તો જેમ વધારે ચીજ હોય તેમ વધારે સુખ હોવું જોઈએ. ખાવામાં સુખ હોય તો વધારે ખાય તો વધારે સુખ થાય પણ એમ બનતું નથી. તેથી પરમાં સુખ નથી તે નક્કી થાય છે.

નિર્ધનતામાં દુઃખ નથી, સધનતામાં સુખ નથી. પણ હું દીન છું એવી દીનતા કરે છે તે જ દુઃખ છે. અહીં તો શિષ્યના મુખમાં પ્રશ્ન મૂકાયો છે કે પર વસ્તુથી બંધન નથી તો પરવસ્તુને છોડવાનો ઉપદેશ કેમ કરવામાં આવે છે ? તેનું સમાધાન કરે છે કે અધ્યવસાનના નિષેધાર્થે પર વસ્તુનો નિષેધ કરવામાં આવે છે. પણ પર વસ્તુના નિષેધની મુખ્યતા નથી કેમ કે પરવસ્તુ બંધનું કારણ નથી. એકત્વબુદ્ધિ જ બંધનું કારણ છે અને એકત્વબુદ્ધિમાં પર વસ્તુ નિમિત્ત છે પણ જો અધ્યવસાન કરે તો નિમિત્ત છે નહિતર પર વસ્તુ નિમિત્ત પણ કહેવાતી નથી. તેથી પર વસ્તુ છોડવાનું કહ્યું નથી પણ ખરેખર તો અધ્યવસાન છોડવાનો ઉપદેશ છે.

*

# પ્રસાદ નં. ૨૭૪

## સમયસાર ગાથા ૨૬૫

*(અષાડ વદ ૧૪, બુધવાર, ૨૦૦૭)*

આ બંધ અધિકાર છે. આત્માની પર્યાયમાં દોષ થાય કે પરાધીનતા થાય તે બંધન છે. તે પરાધીનતા કેમ થાય છે ? તેને જાણે તો પરાધીનતા ટળે. તે બંધન પર ચીજને લઈને થતું નથી. એટલે પરનું જીવતર થયું માટે પુણ્ય બંધાયું અને પર જીવ મર્યો માટે પાપ બંધાયું, એમ નથી. પણ પર તે હું છું અને પરની જીવવાની અને મરવાની પર્યાય મારાથી થઈ—તે એકત્વબુદ્ધિ જ બંધનું કારણ છે. લોકો અજ્ઞાનથી નિમિત્તના કારણે બંધન માને છે. તો તેને કહે છે કે બંધન તો તારા અધ્યવસાનથી છે, એમ સમજ્યા વગર બંધન તૂટે નહિ માટે બંધનનું સ્વરૂપ કહે છે.

અજ્ઞાની માને છે કે પરનો આશીર્વાદ મળી જાય તો કલ્યાણ થઈ જાય. પણ એ કલ્યાણનો રસ્તો નથા. તારાથી પરને સુખ થાય નહિ અને પર તારું કલ્યાણ કરે નહિ. તારા શ્રાપથી પર રખડે અને પરના શ્રાપથી તું રખડે એમ નથી. આત્મા પર વસ્તુ સાથે એકત્વબુદ્ધિ કરે તો બંધન થાય અને રખડે, પર વસ્તુના કારણે બંધ નથી એમ કહ્યું છે. ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો કે શાસ્ત્રમાં પર પદાર્થના ત્યાગનો ઉપદેશ શા માટે કર્યો છે ? તેનો શો હેતુ છે ? તો કહે છે કે પર પદાર્થમાં એકત્વબુદ્ધિના અધ્યવસાનને છોડાવવા અર્થે પર પદાર્થના નિષેધનો ઉપદેશ છે.

જીવ એકત્વબુદ્ધિરૂપ અજ્ઞાન કરે તો બીજી ચીજ નિમિત્તરૂપે હોય છે. જો બીજી ચીજ ન હોય તો એકત્વ કોની સાથે કરે ? જો પર ચીજના આશ્રય વગર એકત્વબુદ્ધિના અધ્યવસાન થાય તો વાંઝણીના પુત્રને મારવાનો વિકલ્પ થશે, પણ એમ તો બનતું નથી. આત્મા પોતે એકત્વબુદ્ધિ કરે છે તેને આશ્રયભૂત બીજી ચીજ છે. બાહ્ય ચીજના અવલંબન વગર અધ્યવસાન પોતાના સ્વરૂપને પામતું નથી. પોતાના સ્વભાવના આશ્રયે મિથ્યા અધ્યવસાન થાય નહિ. પણ બીજી બાહ્ય ચીજ છે, તેના આશ્રયે અધ્યવસાન થાય છે. પણ તે ચીજ છે માટે અધ્યવસાન થતું નથી.

જો બાહ્યવસ્તુના આશ્રય વિના પણ અધ્યવસાન ઊપજતું હોય તો, જેમ આશ્રયભૂત એવા વીરજનનીના પુત્રના સદ્‌ભાવમાં કોઈને એવો અધ્યવસાય ઊપજે છે કે હું વીરજનનીનાં પુત્રને હણું છું તેમ આશ્રયભૂત એવા વંધ્યાપુત્રના અસદ્‌ભાવમાં પણ કોઈને એવો અધ્યવસાય ઊપજવો જોઈએ કે હું વંધ્યાપુત્રને

હણું છું. પરંતુ એવો અધ્યવસાય કોઈને ઊપજતો નથી. જ્યાં વંધ્યાનો પુત્ર જ નથી ત્યાં તેને મારવાનો અધ્યવસાય જ ક્યાંથી ઊપજે ? ભડનો દીકરો છે તેને હું મારું છું. એ ચીજ છે તેનો આશ્રય કરે છે પણ ચીજ જ ન હોય તો આવો ભાવ ન થાય. પણ તે ચીજના કારણે ભાવ થતો નથી. જો બાહ્ય ચીજના આશ્રય વિના ભાવ થાય તો વાંઝણીના પુત્રને હું હણું છું—એવો અધ્યવસાય થવો જોઈએ પણ તેમ તો થતું નથી. શૂરવીરને મારવાનો અધ્યવસાય કરે છે. તેમાં તે શૂરવીર નિમિત્ત છે પણ વાંઝણીના પુત્રને હું હણું છું, એવો અધ્યવસાન થતો નથી, કેમ કે વસ્તુ વિના એવો અધ્યવસાય થતો નથી. પરવસ્તુ નથી માટે થતો નથી, એમ નથી પણ પોતે અધ્યવસાય કરતો નથી કેમ કે તેને આશ્રયભૂત વસ્તુ નથી.

પરવસ્તુના આશ્રયે અધ્યવસાન થાય છે. મિથ્યા અભિપ્રાય કરનારને પર ચીજ નિમિત્ત થાય છે. અહો ! મારા ચૈતન્ય સ્વભાવને કોઈ પર વસ્તુ શરણભૂત નથી. હું કોના આશ્રયે અધ્યવસાન કરું ? એમ સમજી સ્વઆશ્રય કરે તે વખતે બીજી બાહ્ય ચીજ હોવા છતાં પણ તે અધ્યવસાન કરાવતું નથી માટે પરવસ્તુ બંધનું કારણ નથી પણ પર વસ્તુ નિમિત્ત છે. પરવસ્તુ ન હોય તો અધ્યવસાય થતો નથી. દીકરાનું હું ફરું, સ્ત્રી, કુટુંબ, શરીરનું હું કરું, દેશનું હું કરું, પરને અનુકૂળતા કરું, પરથી અનુકૂળતા લઉં એવો અધ્યવસાય અજ્ઞાની કરે છે ત્યારે પર વસ્તુને નિમિત્ત કહેવાય છે. નિમિત્તનો આશ્રય પોતે કરે છે. શાસ્ત્રમાં લખાણ આવે છે કે નિમિત્ત વગર પણ અધ્યવસાન થાય છે. તેનો અર્થ એવો છે કે ભવિષ્યમાં પૈસા મળશે તો આમ કરીશ એવી કલ્પના કરે છે. તેમાં વર્તમાન બાહ્યવસ્તુ નિમિત્ત ન હોવા છતાં કલ્પનામાં નિમિત્તને યાદ કરીને અધ્યવસાન કરે છે.

અહીં અધ્યવસાનમાં બાહ્ય ચીજને નિમિત્ત કહેલ છે, કર્મને કહ્યું નથી. તેનું કારણ એ છે કે કર્મ સૂક્ષ્મ છે તે દેખાતાં નથી પણ બાહ્યચીજો સ્થૂળ છે તેને લક્ષમાં લઈને અજ્ઞાની અધ્યવસાન કરે છે, તેની મુખ્યતા અહીં લીધી છે. અજ્ઞાની પર ચીજનું હું કરી શકું છું એવો મિથ્યાભાવ કરી પર ચીજમાં એકત્વબુદ્ધિનો બોજો ઉપાડી હેરાન થાય છે. આ રીતે એવો નિયમ થયો કે પર વસ્તુરૂપ આશ્રય વિના અધ્યવસાન હોતું નથી પણ પર ચીજ બંધનું કારણ નથી. ખરેખર તો તારો ભાવ જ બંધનું કારણ છે.

આત્મા છે અને પર વસ્તુ પણ છે. અધ્યવસાન છોડાવવા અર્થે પર વસ્તુ છોડ એમ કહેલ છે, તે નિમિત્તનું કથન છે. એકત્વબુદ્ધિ છોડવાની વાત છે. પરવસ્તુ છોડવાની વાત નથી. કેમ કે આત્મામાં એક પણ પરમાણુને ગ્રહવાનો કે ત્યાગ કરવાનો સ્વભાવ નથી. આત્મામાં એક त्याग उपादान शून्यत्वशक्ति એટલે કે

પરવસ્તુ ત્યાગવી કે ગ્રહવી તેનાથી આત્મા શૂન્ય છે. આત્માએ સ્ત્રીને ગ્રહી નથી કે તેને છોડે, ઘરને ગ્રહ્યું નથી કે તેને છોડે, પણ એકત્વબુદ્ધિ છોડાવવા, વસ્તુને છોડવાનો ઉપદેશ આપવામાં આવે છે તે વ્યવહારનું કથન છે.

બાહ્યવસ્તુ એકત્વબુદ્ધિનું કારણ નથી પણ નિમિત્ત છે. બાહ્યવસ્તુ છૂટતાં એકત્વબુદ્ધિ છૂટે છે એમ પણ નથી. આત્મા જ્યારે એકત્વબુદ્ધિ કરતો નથી ત્યારે પર વસ્તુ છોડી એમ કહેવાય છે. તેમ આત્મા એકત્વબુદ્ધિ કરે છે ત્યારે કોઈ પણ પર વસ્તુને લક્ષમાં લ્યે છે. પૂર્વની વાત યાદ કરે કે જોષીએ કહ્યું હતું કે ભવિષ્યમાં તને પૈસા મળશે, તે વાતને લક્ષમાં લે છે. ભલે અત્યારે બાહ્ય વસ્તુ ન હોય પણ સંસારમાં ઘોડા દોડાવે છે. વીસ વર્ષે તો છોકરો મરી ગયો હોય પણ પાછળ નાનો એક છોકરો હોય તો એકના એકવીસ થશે એમ માની પરમાં એકત્વબુદ્ધિ કરે છે. મારામાં પર વસ્તુ જ નથી અને ક્ષણિક રાગ તે મારું સ્વરૂપ નથી—એમ ન માનતાં પરનો આશ્રય કરી એકત્વબુદ્ધિ કરે છે, તે જ બંધન છે.

હિંસા–અહિંસા આદિની ક્રિયામાં જીવ એકત્વબુદ્ધિ કરે છે; તેમાં પર વસ્તુ નિમિત્ત છે પણ પોતે અધ્યવસાન કરે તો નિમિત્ત કહેવાય છે પણ તે બંધનું કારણ નથી, પણ બંધના કારણનું કારણ છે. આત્માની પર્યાયમાં વિકારભાવની અસ્તિ છે પણ પર પદાર્થનો તો આત્મામાં અભાવ છે. અજ્ઞાની માને છે કે બીજા બધા ભલે હો પણ હું હોત તો મારા બાપને મરવા દેત નહિ. એક ગૃહસ્થ હતો તે કહે છે કે હું હોત તો મારી માને મરવા દેત નહિ, પણ એ તો ખોટું અભિમાન છે. એમ માનનાર મૂઢ છે. બીજો મૂઢ હોય તો પણ એમ કહે કે તમારી ઉણપ જણાતી હતી. મિથ્યાદ્રષ્ટિનો એ મિથ્યા અભિપ્રાય છે. અજ્ઞાની અજ્ઞાનભાવ કરે તો બીજા જીવ અગર બીજા પદાર્થો નિમિત્ત કહેવાય છે.

હજારો લાખો માણસોને મારા ઉપદેશથી લાભ થયો, એમ જે માને છે તે મૂઢ છે. તે તેની યોગ્યતાથી સમજવાને લાયક હતા તો આને નિમિત્ત કહેવાય છે. વ્યવહારથી બોલાય કે આના ઉપદેશથી સમજ્યા, પણ શ્રદ્ધામાં એમ માની લ્યે તો મિથ્યાદ્રષ્ટિ છે. શેઠ દુકાને આવે ત્યારે નોકરો બધા કામ કરવા મંડી જાય તો શેઠનો પ્રભાવ પડે છે એમ નથી. અજ્ઞાની અધ્યવસાય કરે છે ત્યારે પર વસ્તુ નિમિત્ત છે પણ બંધનું કારણ પર વસ્તુ નથી; કેમ કે ઈર્યા સમિતિમાં પરિણમેલા મુનીન્દ્રના પગ વડે હણાઈ જતા એવા ઝડપથી આવી પડતા કાળપ્રેરિત ઊડતા જીવડાની માફક, બાહ્યવસ્તુ–કે જે બંધના કારણનું કારણ છે, તે બંધનું કારણ નહિ થતી હોવાથી, બાહ્યવસ્તુને બંધનું કારણપણું માનવામાં અનૈકાંતિક હેત્વાભાસપણું છે. એટલે કે વ્યભિચાર આવે છે.

જુઓ, આ બંધ અધિકારમાં મુનિની વાત મૂકીને ન્યાય મૂક્યો છે. ત્રણ કષાયનો જેણે અભાવ કર્યો છે. ભાવલિંગી મુનિ છે. વીતરાગતા જેની વધી ગઈ છે. પરને સુખદુઃખ કરી શકું છું એવો અભિપ્રાય ટળી ગયો છે પણ ઈર્યા-સમિતિનો શુભભાવ હજુ વર્તે છે, તે વખતે તે મુનિના પગ તળે ઝડપથી કોઈ તીડ કે ખપેડી જીવડું આવી પડે છે. મુનિ તો પ્રમાદ રહિત છે. પણ સામા જીવની સ્થિતિ પૂરી થવા આવી છે. જીવડું ત્યાં પડેલું છે એમ નથી પણ ઊડતું જીવડું છે. તે ઊડતું જીવડું મર્યું છે ખરું પણ મુનિના ઉપયોગમાં-જ્ઞાનના વેપારમાં શુભભાવ છે **તેથી મુનિને બંધ નથી. જુઓ, અહીં બાહ્ય વસ્તુ તે બંધનું કારણ થતું નથી કેમ કે અહીં મુનિને એકત્વબુદ્ધિ નથી અને પ્રમાદ પણ નથી,** પર વસ્તુ બંધનું કારણ હોય તો બંધ થવો જોઈએ પણ મુનિને બંધ થતો નથી. અધ્યવસાય નથી માટે બંધ થતો નથી. તેથી બાહ્ય વસ્તુથી બંધન થાય—એ નિયમ રહ્યો નહિ. આ રીતે પરવસ્તુને બંધનનું કારણ માનવામાં દોષ આવે છે.

## આમ નિશ્ચયથી બાહ્ય વસ્તુને બંધનું કારણપણું નિર્બાધ રીતે સિદ્ધ થતું નથી

ખરેખર બહારની ચીજ બંધનું કારણ સાબિત થતું નથી. તે ચીજ બંધનું કારણ થાય તો દશ દીકરા હોય તેને ઘણું બંધન થવું જોઈએ, પણ એમ તો થતું નથી. પર ચીજ મારી છે અને હું એનો છું-તે અધ્યવસાન જ બંધનું કારણ છે, માટે બાહ્ય વસ્તુ કે જે જીવને અતદ્‌ભાવરૂપ છે તે બંધનું કારણ નથી; અધ્યવસાન કે જે જીવને તદ્‌ભાવરૂપ છે તે જ બંધનું કારણ છે.

## પરવસ્તુનો આત્મામાં અભાવ છે તેથી તે બંધનું કારણ થાય નહિ

પર જીવ સુખી થાય કે દુઃખી થાય,પર જીવ મરે કે જીવે અને તેને લાભ કે નુકસાન થાય, તે મારા કારણે થાય છે એમ માનવું તે મિથ્યાત્વ છે કેમ કે તે પર ચીજનો ભાવ આત્મામાં નથી, શત્રુમિત્રાદિનો ભાવ આત્મામાં નથી. સ્ત્રી, કુટુંબ, પૈસાનો ભાવ આત્મામાં નથી. છતાં શત્રુને મેં છરા વડે માર્યો. કુટુંબનું મેં રક્ષણ કર્યું તેમ માનવું તે બધો મિથ્યા અભિપ્રાય છે. તે અભિપ્રાયનો આત્મામાં તદ્‌ભાવ છે. પણ પર વસ્તુનો આત્મામાં અતદ્‌ભાવ છે. મન, વચન, કાયા વડે ક્રિયા થાય તેનો આત્મામાં અતદ્‌ભાવ છે. તે મારા વડે થાય છે એવા અધ્યવસાનનો આત્મામાં તદ્‌ભાવ છે.

## અધ્યવસાનનો આત્મામાં તદ્‌ભાવ છે તેથી તે બંધનું કારણ છે

એકેન્દ્રિય લીલોતરી અને છરી વગેરેનો આત્મામાં અતદ્‌ભાવ છે. લીલોતરી કાપવાનું કાર્ય મેં કર્યું એવા અભિપ્રાયનો આત્મામાં તદ્‌ભાવ છે. કેમ કે તે આત્માની પર્યાય છે. પર પદાર્થ આત્મામાં નાસ્તિરૂપ એટલે અભાવરૂપ છે. કર્મનો પણ આત્મામાં અભાવ છે. તેથી તે પણ બંધનું કારણ નથી. પકવાન, તેલ, મસાલો, કપડાં, મોટર, મકાન, શરીર, કર્મ વગેરે બંધનાં કારણ નથી કેમ કે આત્માની પર્યાયમાં એ ચીજ આવી જતી નથી. પણ મિથ્યા અભિપ્રાય, તેનો જીવમાં તદ્‌ભાવ છે. કેમ કે તે આત્માનો ભાવ છે. જીવ–અજીવ અધિકારમાં કહ્યું હતું કે મિથ્યાત્વ અવ્રતાદિ પુદ્‌ગલના પરિણામ છે. એમ જે કહ્યું હતું તે તો દ્રવ્યદ્રષ્ટિ કરાવવા કહ્યું હતું. હું ત્રિકાળ ચૈતન્ય જ્ઞાતા શુદ્ધ છું, વર્તમાન પર્યાયમાં વિકાર થાય છે, તેનું લક્ષ છોડાવવા તેને પુદ્‌ગલના પરિણામ કહ્યા હતા. પર્યાયમાં વિકાર થાય છે તેને ગૌણ કરીને કહેવામાં આવ્યું હતું. પણ અહીં તો કહે છે કે પરથી લાભ–નુકશાન થાય એવી માન્યતાનો મિથ્યા અભિપ્રાય તું કરે છે તો થાય છે. તે તારા હાથની વાત છે. કર્મનો ઉદય આવ્યો માટે થાય છે એમ નથી પણ તેં પોતે ઊભો કર્યો છે તો થયો છે.

## ઇન્દ્રનું ઇન્દ્રાસન કે ભગવાનનું સમવસરણ બંધનું કારણ નથી. એકત્વબુદ્ધિ બંધનું કારણ છે

નિગોદમાં એકેન્દ્રિયનું શરીર મળ્યું છે તે બંધનું કારણ નથી. તે શરીર મારું એવો અભિપ્રાય બંધનું કારણ છે. એવો અધ્યવસાય છોડાવવા બાહ્યવસ્તુને છોડવાનું વ્યવહારથી કહેવામાં આવે છે. પણ પર વસ્તુ બંધનું કારણ નથી. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે પુણ્યને કારણે વૈભવ મળે છે અને વૈભવને લઈને રાગ થાય છે. તેનો અર્થ એવો નથી કે વૈભવ રાગનું કારણ છે. પણ પોતે રાગ કરે તો વૈભવને નિમિત્ત કહેવામાં આવે છે.

લાલ તરબુચ દેખીને ખાવાનો ભાવ થયો, એમ નથી પણ પોતે ભાવ કર્યો તો તે વસ્તુ નિમિત્ત કહેવાય છે. સાઠ વર્ષનો વૃદ્ધ હોય, પચીશ લાખની મૂડી હોય એને ઘેર દીકરો આવે ત્યારે તે સમાચારની રાહ જોઈને બેસે કે દીકરો થશે અને વંશ રાખશે. એવા હોંશનો ભાવ દીકરો કરાવતો નથી પણ મૂઢને ભાન ન રહ્યું કે કોનો વંશ ને કોણ રાખે ? મારો વંશ તો હું રાખું તો રહે એમ છે. પરના આશ્રયે આત્માની પર્યાય થાય નહિ. ચૈતન્યઋદ્ધિને ચૂકીને પરમાં હરખ કરે છે તે મૂઢ છે. તે ભાવનો આત્મામાં તદ્‌ભાવ છે અને છોકરો અતદ્‌ભાવ છે. માટે છોકરો બંધનું

કારણ નથી. આ બંધ અધિકારમાં પર ચીજ બંધનું કારણ નથી એમ સમજાવી પરથી પૃથક્ કરાવે છે.

પર ચીજનો તો આત્મામાં અભાવ છે, તે બંધનું કારણ કેમ હોય ? તો કોઈ કહે કે એ ચીજ આવી ત્યારે એવો ભાવ કેમ થયો ? નિમિત્તને અને ભાવને એક ક્ષણ કેમ છે ? એક કાળે બન્નેની પર્યાય છે માટે પરના કારણે થાય છે એમ જો માનવામાં આવે તો આત્માની પર્યાય રહેતી નથી. અને પરની પર્યાય તારે લઈને માની તો પરની પર્યાય રહેતી નથી. એક સમયની પર્યાયનો અભાવ થતાં ત્રણ કાળની પર્યાયનો અભાવ થાય છે અને પર્યાયનો અભાવ થતાં દ્રવ્યનો અભાવ થાય છે. માટે ધર્મ કરવો હોય તો પરની એકત્વબુદ્ધિ છોડ. સ્વભાવનો આશ્રય કરવાથી તે એકત્વબુદ્ધિ છૂટી જશે. પહેલાં તો બંધન પોતાથી પોતાની પર્યાયમાં થાય છે એમ માનવું જોઈએ. જગતમાં નિમિત્તો અનંતા છે અને તેના ધર્મો પણ અનંતા છે, તે તેનામાં છે. આત્મામાં તેનો અભાવ છે એમ સમજે તો નિમિત્તની દ્રષ્ટિ છોડે અને સ્વભાવની દ્રષ્ટિ કરે તો લાભ થાય.

*

# પ્રસાદ નં. ૨૭૫

## સમયસાર ગાથા ૨૬૫

*(અષાડ વદ ૦)), ગુરૂવાર, ૨૦૦૭)*

ભાવાર્થ :–આ બંધ અધિકારમાં બંધન કેમ થાય છે ? તે કહે છે. આત્મા ધ્રુવ, નિત્ય, શુદ્ધ સ્વભાવી છે. તે પર્યાયમાં પરમાં અટકે છે. પોતાના શાંતિ અને આનંદમાં આવતો નથી. તે ક્યાંક પરને લક્ષમાં લઈને અટકે છે, તે બંધન છે. અહીં જડ બંધનની વાત નથી પણ પોતાના આત્મામાં એકાગ્ર થઈને વિકાસ થવો જોઈએ, એ ન થતાં સંકોચ થઈને પરમાં અટકે છે અને બંધન કરે છે. તેનું કારણ ખરેખર અધ્યવસાન જ છે.

પર પદાર્થની પર્યાયને હું કરું છું અને પરથી મને લાભ–નુકશાન થાય છે. તે બે પદાર્થ વચ્ચેની એકત્વની ગાંઠ છે–તે બંધન છે. આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ આદિની પર્યાય પ્રગટીને વિકાસ થવો જોઈએ પણ તેમ ન થતાં પરમાં એકત્વબુદ્ધિ કરી સંકોચ પામે છે. જે એકત્વબુદ્ધિ થાય છે એમાં પર ચીજ નિમિત્ત છે પણ પરના કારણે બંધન નથી. પર ચીજના અવલંબને અધ્યવસાન થાય છે; એનો અર્થ એ છે કે પર ચીજ અધ્યવસાનમાં નિમિત્ત છે એટલે કે બીજી ચીજ ઉપસ્થિત છે. તેનું જ્ઞાન કરાવે છે પણ તે પર ચીજ બંધન કરાવતી નથી. જો સ્વભાવના આશ્રયે બંધન હોય તો બંધન રહિત થઈ શકે નહિ પણ બંધન થાય છે તે પર ચીજનો આશ્રય કરવાથી થાય છે એમ સાબિત કરે છે.

ભગવાન આત્મા તો ચૈતન્ય જ્યોત છે. શુદ્ધ સ્વભાવી છે. તેના અવલંબને બંધન ન થાય કેમ કે તેના અવલંબને બંધન થાય તો સ્વભાવ અને વિકાર એક થઈ જાય અને એમ થતાં દોષ ટળે નહિ. બંધનનું કારણ તો અધ્યવસાન છે અને નિમિત્ત કે જે બહારની ચીજ છે તેના આશ્રયે અધ્યવસાન થાય છે તેથી તે પર ચીજને અધ્યવસાનનું કારણ કહેવામાં આવે છે. બાહ્ય ચીજ તો આત્મામાં અભાવરૂપ છે પણ અધ્યવસાનનો ત્યાગ કરાવવા અર્થે પર વસ્તુનો ત્યાગ કરો એમ કહેવામાં આવે છે. વસ્તુદ્રષ્ટિ કરાવવા નિમિત્તનું લક્ષ છોડાવે છે. જો બંધનનું કારણ બાહ્ય વસ્તુ કહેવામાં આવે તો વ્યભિચાર આવે છે એટલે કે વાસ્તવિક રીતે બાહ્ય વસ્તુ દોષનું કારણ ઠરતું નથી.

કારણ હોવા છતાં કોઈ સ્થળે કાર્ય દેખાય અને કોઈ સ્થળે કાર્ય ન દેખાય તેને વ્યભિચાર કહે છે અને એવા કારણને વ્યભિચારી–અનૈકાંતિક કારણાભાસ કહે છે. જીવ મરે ત્યારે પાપ લાગે અને ન પણ લાગે તેથી તે વ્યભિચારી દોષ ગણાય.

પૈસો હોય ત્યારે બંધન થાય ને ન પણ થાય, સ્ત્રી હોય ત્યારે નુકશાન થાય અને ન પણ થાય. કારણ હોય છતાં કોઈ વખતે કાર્ય દેખાય અને ન પણ દેખાય–તે વ્યભિચાર છે. ખરેખર કારણ નથી. તે કારણાભાસ છે એટલે કે કારણ જેવું દેખાય છે. જેમ કે શાહુકાર હોય નહિ પણ શાહુકાર જેવો દેખાય, તે ખરેખર શાહુકાર નથી, તેમ કારણાભાસ ખરેખર કારણ નથી. તેનું દ્રષ્ટાંત કહે છે.

કોઈ મુનિ ઈર્યાસમિતિપૂર્વક યત્નાથી ગમન કરતા હોય, તેમના પગ તળે કોઈ ઊડતું જીવડું વેગથી આવી પડીને મરી ગયું તો તેની હિંસા મુનિને લાગતી નથી. અહીં બાહ્યદ્રષ્ટિથી જોવામાં આવે તો હિંસા થઈ પરંતુ મુનિને હિંસાનો અધ્યવસાય નહિ હોવાથી તેમને બંધ થતો નથી. જેમ તે પગ નીચે મરી જતું જીવડું મુનિને બંધનું કારણ નથી તેમ અન્ય બાહ્ય વસ્તુઓ વિષે પણ સમજવું. સ્ત્રી, કુટુંબ, શસ્ત્રો, પૈસો, બીજાનું જીવતર કે બીજાનું મરણ વગેરે આત્માને બંધનું કારણ નથી. આ રીતે બાહ્યવસ્તુને બંધનું કારણ માનવામાં વ્યભિચાર આવતો હોવાથી બાહ્યવસ્તુ બંધનું કારણ નથી એમ સિદ્ધ થયું. વળી બાહ્ય વસ્તુ વિના નિરાશ્રયે અધ્યવસાન થતાં નથી તેથી બાહ્યવસ્તુનો નિષેધ પણ છે.

આ રીતે બંધના કારણપણે નક્કી કરવામાં આવેલું જે અધ્યવસાન તે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી મિથ્યા છે–એમ હવે કહે છે. પરની ક્રિયા કરવાનો અધ્યવસાન, પરની ક્રિયા કરી શકતો નથી માટે તે નિરર્થક છે તે કહે છે.

## ગાથા ૨૬૬

**કરું છું, દુઃખી સુખી જીવને, વળી બદ્ધ—મુક્તિ કરું અરે !**
**આ મૂઢ મતિ તુજ છે નિરર્થક, તેથી છે મિથ્યા ખરે. ૨૬૬.**

અર્થ :–અરે ભાઈ ! "હું જીવોને દુઃખી–સુખી કરું છું, બંધાવું છું તથા મુકાવું છું" એવી જે આ તારી મૂઢ મતિ (-મોહિત બુદ્ધિ) છે, તે નિરર્થક હોવાથી ખરેખર મિથ્યા (-ખોટી) છે.

## ટીકા :—હું પર જીવોને હેરાન કરું છું એ અભિપ્રાય હું આકાશના ફૂલ તોડું છું એવો છે.

તેથી તે અધ્યવસાન નિરર્થક છે, અજ્ઞાન છે. હું પર જીવોને મદદ કરી શકું છું, પૈસા, આહાર, પાણી આપી સુખી કરી શકું છું—તે આકાશના ફૂલ તોડવા જેવો તદ્દન મિથ્યા અભિપ્રાય છે. તે એકલું પાપનું કારણ છે અને હું બીજાને જિવાડી શકું છું અને બીજાથી જીવી શકું છું તે પણ મિથ્યાદ્રષ્ટિનો અભિપ્રાય છે. હું બીજાને લાભ

કરી શકું છું અને બીજો મને લાભ કરી શકે છે એમ અજ્ઞાની મૂઢ માને છે. હું બીજાનો મિત્ર છું અને બીજો મારો મિત્ર છે, હું બીજાનો શત્રુ છું અને બીજો મારો શત્રુ છે–તે બધો અભિપ્રાય મિથ્યા છે.

મારા મન, વચન, કાયાથી જેટલો લાભ પરને આપી શકાય એટલો આપું છું. લોઢાના ચણા જેવા શબ્દોથી હું પર જીવોને દુઃખી કરી શકું છું અને મીઠા શબ્દોથી સુખી કરી શકું છું. તે માન્યતા મિથ્યા છે. તે અભિપ્રાય જ તારો દુશ્મન છે અને તારો સ્વભાવ તે સજ્જન છે. મીઠી વાણી તે તપ છે એમ મૂઢ જીવો માને છે. બીજા જીવોને મેં એવા ઊંધા રસ્તે ચડાવી દીધા કે તે મરીને નરકે જ જવાના અને બીજા જીવોને હું મોક્ષ કરી શકું છું, એમ જે માને છે તે મૂઢ છે. કોઈ બીજા જીવ ઉપર પ્રભાવ પાડે તે માન્યતા જ મૂઢની છે. અજ્ઞાની માને છે કે ઉપદેશ એવો હોય કે બીજાને અસર થાય. મારા ઉપદેશથી પૈસાનો મોટો ખરડો થઈ ગયો અને સ્ત્રીઓએ તો દાગીનાના ઢગલા કર્યા—તે બધી માન્યતા આકાશનાં ફૂલ તોડવા જેવી નિરર્થક છે. કેમ કે વાણી આત્માની નથી અને વાણીથી કોઈ પરને સમજાવી શકતું જ નથી. કેમ કે પરભાવનો પરમાં અભાવ છે. તે ભાવ, પરના ભાવમાં કાંઈ કરી શકતો નથી.

## પરની ક્રિયા કરવાના ભાવનો પરમાં અભાવ હોવાથી પરની ક્રિયા કરી શકતો નથી માટે તે અધ્યવસાન મિથ્યા છે.

જગતની જેટલી વસ્તુ છે તેને મારા પરિણામ દ્વારા સુધારી કે બગાડી શકું છું, તે અધ્યવસાનનો પર ચીજમાં અભાવ છે. તેથી તે પરની ક્રિયા કરી શકતો નથી. છોકરાઓને સ્કોલરશીપ આપીને અભ્યાસમાં આગળ વધારું છું. તે માનેલો અભિપ્રાય પરમાં કાંઈ કરી શકતો નથી. તેથી હું આકાશનાં ફૂલ તોડું છું એવા અધ્યવસાનની માફક તે મિથ્યા છે. બહારવટિયો આવ્યો ત્યારે હાથમાં લાકડી કે બંદુક હોય તો બચી જવાય. તે અભિપ્રાય આકાશનાં ફૂલ તોડવા બરાબર છે. આત્માના અભિપ્રાયથી શરીર નભે–એમ નથી. તરવાર મારવા આવ્યો હતો અને કળા વાપરી માટે બચી ગયો, તે વાત ખોટી છે. કેમ કે તે કળાના ભાવનો શરીરાદિ પરમાં અભાવ છે. સ્ત્રી માને કે મેં કળા વાપરી માટે રસોઈ સારી થઈ છે. તે મૂઢ મતિ છે. વેપારી મોતીના દાણા જેવા અક્ષર કાઢી નામું લખી જાણે છે તે વાત જ ખોટી છે કેમકે તે અક્ષરો પુદ્ગલ પરમાણુથી થાય છે, આત્માથી થતા નથી તેથી તે હું લખી શકું છું એવો ભાવ પરમાં કાંઈ કરી શકતો નથી. માટે તે અધ્યવસાન નિરર્થક છે–મિથ્યા છે. અજ્ઞાનીનો મિથ્યા અભિપ્રાય પર પદાર્થને માટે

નિરર્થક છે. શુદ્ધ આહાર લઈએ તો આપણા પરિણામ શુદ્ધ થાય અને અભક્ષ્ય પેટમાં ન પડે તો પરિણામ સારા રહે, તે અધ્યવસાન આકાશનાં ફૂલ તોડવાની માફક નિરર્થક છે.

શાસ્ત્રમાં પરપદાર્થનાં ત્યાગની વાત આવે છે. તે તો આત્મા સ્વભાવના આશ્રયે એટલે કે જ્ઞાતાના અવલંબને રાગની ઉત્પતિ થવા દેતો નથી, તે વખતે તે પ્રકારની વૃતિ હોતી નથી.એ બતાવવા ખાતર મુનિને અમુક પદાર્થ ખપતા નથી એમ વ્યવહારથી કથન કરવામાં આવે છે. પણ અહીં તો કહે છે કે પર પદાર્થનું કાંઈ પણ કરવામાં તારો ભાવ નિરર્થક છે ત્યારે તે ભાવથી શું થાય છે તે કહે છે :

## પરની એકત્વબુદ્ધિનો ભાવ તે કેવળ પોતાના અનર્થને માટે છે

અધ્યવસાન માત્ર પોતાને જ નુકશાનનું કારણ થાય છે, પરને તો કાંઈ પણ તે કરી શકતો નથી. હાથમાં રોટલો લીધા વિના ખવાય નહિ એમ અજ્ઞાની માને છે પણ તે રોટલાની કે હાથની ક્રિયામાં ખાવાનો અભિપ્રાય કાંઈ કરી શકતો નથી પણ તે ક્રિયા "હું કરી શકું છું" એવો જે અભિપ્રાય, તે પોતાના માટે અનર્થનો કરનાર છે. આકાશનાં ફૂલને તોડવાનું જેમ બની શકતું નથી કેમ કે આકાશનાં ફૂલ જ હોય નહિ તો પછી તેને તોડવાની વાત જ ક્યાં રહી ? એમ પર વસ્તુમાં આત્માના અધ્યવસાનનો અભાવ છે, તેથી તે પરમાં કાંઈ કરી શકતો નથી પણ પોતાનામાં ઊંધો અભિપ્રાય કરે છે. તે પોતાને અનર્થ નથી કરતો, એમ નથી એટલે કે પોતાને અનર્થ કરે છે.

કોઈ કહે કે આ વાત અભિમાન ટાળવા માટે કહી હશેને ? એટલે કે વસ્તુસ્વભાવ બીજો હશેને ? તો તેને કહે છે કે અનાસક્તિ ભાવે કામ કરવાં તે વાત જ ખોટી છે. પરનાં કામ કરી શકીએ છીએ—એમ માનવું તે જ મોટું અભિમાન છે. વસ્તુનો સ્વભાવ જ એવો છે કે પરભાવનો પરમાં અભાવ હોવાથી પરની ક્રિયા કરી શકતો જ નથી. તેથી જ્ઞાનીને પરનું કામ કરી શકું છું—એવો અભિપ્રાય હોતો નથી. આસક્તિનો વિકલ્પ હોય છે પણ તેને અહીં ગણવામાં આવ્યો નથી.

## ભાવાર્થ :—જે પોતાની પ્રયોજનભૂત ક્રિયા કરી શકતું નથી તે નિરર્થક છે

અજ્ઞાની માને છે કે વાડ વગર વેલો ચડે નહિ પણ પોતાની તાકાતથી વેલો ચડે છે, તેની તેને ખબર નથી. વળી તે માને છે કે હું પરને જિવાડી શકું છું, મારી

શકું છું, સુખી-દુઃખી કરી શકું છું. પણ તે પરપદાર્થ સાથેનો એકત્વબુદ્ધિનો ભાવ પરભાવનું કાંઈ પણ કરી શકવાને અસમર્થ હોવાથી આકાશનાં ફૂલની માફક નિરર્થક છે.

કોઈ કહે કે આકાશનાં ફૂલ તોડવાનો વિકલ્પ કોઈને આવતો નથી. પણ પરને સુખી-દુઃખી કરવાનો વિકલ્પ તો આવે છે; તો તેની જેમ નિરર્થક કેમ હોય ? તો તેને કહે છે કે અહીં તો દાખલાનો અંશ લેવાનો છે. જેમ આકાશનાં ફૂલ તોડી શકાતાં નથી તેમ પરની ક્રિયા કોઈ કરી શકતું નથી. એટલો સિદ્ધાંત છે. જેમ આકાશનાં ફૂલ જગતમાં વસ્તુ જ નથી. તેમ કોઈ પરનું કરી શકે એવી વસ્તુ જ નથી, અવસ્તુ છે. પરનું કરી શકું છું એવા અભિપ્રાયની અસ્તિ છે, પણ તે માત્ર પોતાને જ નુકશાન કરે છે. પરનું કાંઈ કરી શકતો નથી માટે પરને માટે નિરર્થક છે.

## મિથ્યા અભિપ્રાયનો વિષય જ જગતમાં નથી કેમ કે તેના અભિપ્રાય પ્રમાણે એવી કોઈ ચીજ જગતમાં નથી.

હું બીજાને સુખી-દુઃખી કરી શકું છું, એવું જ્ઞેય જ જગતમાં નથી એટલે મિથ્યા અભિપ્રાયનો વિષય જ જગતમાં નથી. જેનો વિષય નથી તે નિરર્થક છે. તે જેવા પરિણામ કરે છે એવી ચીજ જગતમાં નથી. આકાશનાં ફૂલ સુગંધી હતાં, તેને મેં દેખ્યાં એમ કોઈ કહે તો તે વાત ખોટી છે. આકાશને ફૂલ જ ન હોય તો તે સુગંધી હતા, તે વાત જ ખોટી છે. તેવું જ્ઞેય જ જગતમાં નથી. તેમ મિથ્યા અભિપ્રાયનો જે વિષય છે તેવો સામા પદાર્થમાં પર્યાય જ નથી. અજ્ઞાનીએ માનેલા જ્ઞાનનો વિષય જ જગતમાં નથી તેથી તે મિથ્યા અભિપ્રાય મહાન પાપનું કારણ છે.

*

# પ્રસાદ નં. ૨૭૬

## સમયસાર ગાથા ૨૬૬ (ભાવાર્થ)

*(શ્રાવણ સુદ ૧, શુક્રવાર, ૨૦૦૭)*

આત્માને પર સાથે એકત્વબુદ્ધિ તે એક જ બંધનું કારણ છે. જે એમ માને છે કે હું પર જીવને જિવાડી–મારી શકું છું, સુખી-દુઃખી કરી શકું છું, પ્રશંસા–નિંદા કરીને ઊંચો અને નીચો લાવી શકું છું અને બીજાને સુધારી–બગાડી શકું છું, તે અભિપ્રાય પરમાં કાંઈ કરી શકતો નથી માટે તે અભિપ્રાય નિરર્થક છે.

હું એક મહીને પાંચસો રળી શકીશ ઇત્યાદિ અભિપ્રાય વ્યાજબી નથી. તે અભિપ્રાય પોતાની અર્થક્રિયા કરનારો નથી તેથી તે બધા પરિણામો નિરર્થક છે. તે અભિપ્રાય પ્રમાણે જગતમાં વિષય નથી. કેમ કે તે અભિપ્રાયથી સામેની ચીજની પર્યાય થતી નથી. તેથી તે અભિપ્રાયનો વિષય સામે નથી. અજ્ઞાનીની માન્યતા, ''હું પરને કરી શકું છું,''–તે છે, પણ તે માન્યતા પ્રમાણે સામે ક્રિયા થતી નથી, માટે તે માન્યતાનો વિષય જ જગતમાં નથી. જ્ઞાનીને પરની ક્રિયા કરવાનો વિકલ્પ થાય છે, પણ તે સમજે છે કે આ ક્રિયા મારાથી થતી નથી, તેના કારણે ક્રિયા થાય છે. જે વિકલ્પ થયો તે અસ્થિરતાનો છે. આમ જ્ઞાનીનો અભિપ્રાય સત્ય હોવાથી જ્ઞાનીના અભિપ્રાય પ્રમાણે સામે જ્ઞેય છે, પણ અજ્ઞાનીના અભિપ્રાય પ્રમાણે જ્ઞેય નથી તેથી મિથ્યા અભિપ્રાયનો વિષય જ જગતમાં નથી તેમ કહ્યું છે.

## અજ્ઞાનીના અભિપ્રાય પ્રમાણે પદાર્થનું પરિણમન થતું નથી માટે મિથ્યા અભિપ્રાયનો વિષય જ જગતમાં નથી

કોઈ જીવ માને છે કે હું બીજાને અનુકૂળતા આપી શકું છું, હું એને આહારપાણી આપી શકું છું, તો તે અભિપ્રાય બરાબર નથી કેમ કે તે પ્રમાણે તે જીવના કારણે આહારપાણી તથા સામા જીવની અવસ્થા થતી નથી. માટે તે અભિપ્રાયનો વિષય નથી એમ કહ્યું. આ વાત એવી છે કે એમ ને એમ માની લે તો કામ લાગે એમ નથી. પોતે અંતરમાં વિચાર કરીને ન્યાયથી સમજે તો સમજાય એવી છે અને પોતે સમજે તો એના આત્માને લાભનું કારણ થાય એમ છે. હું આ જીવને પાળી પોષીને મોટો કરી શકું છું. હું છોકરાને પૈસા ખરચીને કેળવણી અપાવી શકું છું અને કેળવણી આપીએ તો છોકરા સુધરે નહિતર સુધરે નહિ, એવો અભિપ્રાય નિરર્થક છે. કેમ કે તે અભિપ્રાયનો વિષય જ જગતમાં નથી. તે

અભિપ્રાય, આકાશનાં ફૂલ ચૂંટવાના અભિપ્રાય સમાન મિથ્યા છે; તેથી તે અભિપ્રાય નિરર્થક છે અને પોતાના આત્મા માટે અનર્થનો કરનાર છે.

## મિથ્યા અભિપ્રાય પરને માટે નિરર્થક છે અને પોતાને માટે અનર્થ કરનાર છે

હું ઇચ્છા કરું તો પાંચ મણની ગુણ ઉપાડી શકું, હું પાંચ લાખનું વ્યાજ ઊપજાવી શકું, તે રૂપિયા અને વ્યાજ બન્ને રાખી શકું છું તે અધ્યવસાન પરના પર્યાયમાં કાંઈ કરી શકતું નથી માટે તે પરિણામનો વિષય જગતમાં નથી, તેથી તે નિરર્થક છે. પરપદાર્થમાં ક્રિયા થાય છે, તે જ્ઞાનનો વિષય થાય છે પણ તે ક્રિયા મારાથી થાય છે—એવો વિષય સામે નથી માટે મિથ્યા અભિપ્રાયનો વિષય જગતમાં નથી એમ કહ્યું છે. હું બરાબર નિશાન તાકીને મારી શકું છું તે મિથ્યાદ્રષ્ટિનો મિથ્યા અભિપ્રાય છે. કેમ કે તે પર્યાય થવી કે ન થવી તે તે પદાર્થને આધીન છે. આ જીવના અભિપ્રાયને આધીન નથી છતાં તે જીવ મિથ્યા અભિપ્રાય કરે છે. જો વસ્તુસ્વરૂપ યથાર્થ સમજાય તો પરની ક્રિયાના કર્તાપણાનું અભિમાન રહે નહિ. કોઈપણ પદાર્થની ક્રિયા થવી તે આ જીવને આધીન નથી માટે આનો પરના કર્તાપણાનો અભિપ્રાય પરને માટે નિરર્થક છે અને પોતાના બંધનને માટે સાર્થક છે.

કોઈ એમ માને કે ચોપાનિયાં છાપીને હું સામા માણસને એવો હલકો પાડી દઉં કે તેનો કોઈ આદર કરે નહિ અને સામો માણસ એમ માને કે આણે મારી નિંદા કરી તેથી હું સમાજમાં હલકો પડી ગયો. તો તે બન્નેનો અભિપ્રાય મિથ્યા હોવાથી નિરર્થક છે. કેમ કે કોઈના પરિણામ કોઈને હેરાન કરી શકતા નથી. આમ જાણીને પરની રુચિ છોડ અને સ્વભાવની રુચિ કર. સ્ત્રી, કુટુંબ, પૈસા વગેરે હોય તો મને ઠીક પડે છે, પાંચ ઇન્દ્રિયના વિષયો બરાબર હોય તો મને સારું પડે, એવું જગતમાં છે જ નહિં. છતાં અજ્ઞાની એવો મિથ્યા અભિપ્રાય ઊભો કરે છે. આત્માનું સુખ તો ચૈતન્ય જ્ઞાતા શુદ્ધ સ્વભાવી છે. તેમાં છે, પરમાં નથી. આમ જો સમજે તો તે જ્ઞાનનો વિષય યથાર્થ જગતમાં છે અને સુખ માટે રાગને અને પરવસ્તુને કલ્પે તો તે નિરર્થક છે. તે સુખને માટે યથાર્થ નથી.

અહીં તો કહે છે કે હું મુનિ થયો અને નગ્નદશા મેં કરી એવો અભિપ્રાય નિરર્થક છે. તે મિથ્યા અભિપ્રાય પોતાને સંસારમાં રખડવા માટે સાર્થક છે. આ અમૃતચંદ્રાચાર્યદેવની ટીકા છે. એમાં મિથ્યા અભિપ્રાય પરનું કરવામાં નિરર્થક છે તો પોતાનું નુકશાન કરવામાં સાર્થક છે—એમ અનેકાંતનું સ્વરૂપ બતાવ્યું છે.

જ્ઞાનીને લડાઈનો ભાવ હોય અને વિરોધીની હિંસાનો ભાવ પણ હોય પરંતુ તે ભાવને જ્ઞાની આદરણીય માને નહિ અને તે ભાવના કારણે બહારની ક્રિયા થાય છે એમ પણ માને નહિ. અલ્પ રાગ થાય છે તેને અહીં ગૌણ કર્યો છે.

જીવ પર જીવને સુખી-દુઃખી આદિકરવાની બુદ્ધિ કરે છે પરંતુ જીવો તો પોતાના કર્યા દુઃખી–સુખી થતા નથી તેથી તે બુદ્ધિ નિરર્થક છે અને નિરર્થક હોવાથી મિથ્યા છે. એટલે ખોટી છે. અજ્ઞાની આખો દિવસ પરની ક્રિયાનો કર્તા થાય છે. ઘઉંમાંથી કાંકરાં હું કાઢું છું એવા અભિપ્રાયનો વિષય જ નથી. સામે વસ્તુ હોવા છતાં જેવો અજ્ઞાની માને છે તેવો પદાર્થ નથી. કેમ કે તે કાંકરા તેના સ્વકાળે તેનાથી સ્વયં નીકળે છે માટે તે મિથ્યા અભિપ્રાયનો વિષય જ નથી; તે અભિપ્રાય પ્રમાણે નથી, માટે વિષય નથી.

અજ્ઞાનીની માન્યતાથી આ વાત ઊંધી છે. એને એમ લાગે છે કે કેરી આંબા ઉપરથી તોડે અને કહે છે કે અમે તોડતા નથી; પણ તેનાથી આ વાત પકડાતી નથી કે કેરી એના કાળે તૂટી છે, જીવના પરિણામ કેરીને અડ્યા નથી, તો તે પરિણામથી કેરી કેમ તૂટે ? આ વાત અજ્ઞાનીને ખ્યાલમાં આવતી નથી.

કોઈ કહે કે જ્યારે આત્મા પરની ક્રિયા કરી શકતો નથી તો ધંધાની નિવૃત્તિ એના કાળે થવાની હશે ત્યારે થશે, તો તેને આચાર્યદેવ કહે છે કે એવો નિર્ણય બરાબર હોય તો બધી વાતમાં એમ જ રાખતાં દ્રવ્યદ્રષ્ટિ થયા વગર રહે નહિ. તેને સ્વચ્છંદતા હોય નહિ. ॥૨૬૬॥

હવે પૂછે છે કે અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું કઈ રીતે નથી ? તેનો ઉત્તર આપે છે :–

## <u>ગાથા ૨૬૭</u>

**સૌ જીવ અધ્યવસાનકારણ કર્મથી બંધાય જ્યાં**
**ને મોક્ષમાર્ગ સ્થિત જીવો મુકાય, તું શું કરે ભલા ? ૨૬૭.**

**<u>અર્થ :—</u>**હે ભાઈ ! જો ખરેખર અધ્યવસાનના નિમિત્તે જીવો કર્મથી બંધાય છે અને મોક્ષમાર્ગમાં સ્થિત મુકાય છે, તો તું શું કરે છે ? (તારો તો બાંધવા–છોડવાનો અભિપ્રાય વિફળ ગયો.)

અહીં આ ગાથામાં બાંધવા અને છોડવાની મુખ્યતાથી વાત કરી છે. સુખ-દુઃખાદિની વાત પહેલાં આવી ગઈ છે. હે ભાઈ ! સામો પ્રાણી પોતાના મિથ્યા અભિપ્રાયથી બંધાય છે અને પોતાનાં શ્રદ્ધા–જ્ઞાનાદિ કરીને મુક્ત થાય છે તો તું તેને શું કરે ? માટે તારો બાંધવા–મુકાવાનો અભિપ્રાય નકામો જાય છે.

**<u>ટીકા :—</u>**"હું બંધાવું છું–મુકાવું છું" એવું જે અધ્યવસાન છે તેની પોતાની અર્થક્રિયા જીવોને બાંધવા–મુકવા તે છે. બીજા જીવોને હું એવી સલાહ આપું કે તું હેરાન–હેરાન થઈ જાય અને હું બીજાને મોક્ષમાર્ગ આપી શકું છું એ અભિપ્રાય તદ્દન મિથ્યા છે–નિરર્થક છે. કોઈ એમ માને છે કે આપણે કોઈની સાથે વેર હોય તો તેનું મકાન ચણાય એમાં દેરાસરની ઇંટ લાવીને મૂકી દેવી. પછી તે મકાન ચણાય એટલે એનું નખોદ નખ્ખોદ જાય. તે અભિપ્રાય મિથ્યા છે. કોઈ કહે છે કે ભગવાને તીર્થંકર ગોત્ર બાંધ્યું ત્યારે એવી ભાવના કરી હતી કે "સંસારના બધા જીવોનો હું મોક્ષ કરી દઉં" તો તે વાત ખોટી છે. ભગવાન પર જીવનો મોક્ષમાર્ગ કરી દઉં એમ માનતા ન હતા. અસ્થિરતાનો વિકલ્પ ઊઠ્યો છે, તેના જાણનાર હતા. બીજાને બાંધવા અને છોડવાનો અભિપ્રાય નિરર્થક છે, કેમ કે તે અધ્યવસાનથી બીજો બંધાતો નથી અને બીજો મુકાતો પણ નથી.

બીજાને બંધાવું અને મુકાવું તેવા અભિપ્રાયનો આશય એ છે કે બીજા જીવો આના અભિપ્રાયથી બંધાય અને મુકાય, પણ તેમ બનતું નથી. કોઈ માણસની ભૂલ થઈ હોય અને સામા માણસ પાસે ક્ષમા માગવા જાય, પણ સામો માણસ કહે કે તને ક્ષમા નહિ આપું, હું વ્યંતર થઈને વેર લઈને છૂટકો કરીશ—એવો અભિપ્રાય તે કરે તેથી કાંઈ ક્ષમા માગનાર માણસ હેરાન થતો નથી. એ તો ક્ષમા માગીને–પોતાના ભાવ ફેરવીને છૂટી જાય છે. એક મચ્છીમાર હતો. એણે મને ભૂખ લાગી છે એમ કોઈ શેઠને કહ્યું. શેઠ પાસે તે વખતે બીજું કાંઈ સાધન ન હતું પણ અનુકંપા આવી એટલે ખાવાનું ખરીદવા માટે પૈસા આપ્યા. હવે તે પૈસા લઈને મચ્છીમાર જાળ લે અને માછલાં મારે તો એમાં શેઠને પાપ લાગતું નથી. શેઠે તો કરુણાબુદ્ધિથી પૈસા આપ્યા હતા તેથી તેને પાપ થતું નથી.

પરંતુ જીવ તો આ અધ્યવસાનનો સદ્‌ભાવ હોવા છતાં પણ પોતાના સરાગ, વીતરાગ પરિણામના અભાવથી નથી બંધાતો અને નથી મુકાતો; અને પોતાના સરાગ–વીતરાગ પરિણામના સદ્‌ભાવથી તે અધ્યવસાનનો અભાવ હોવા છતાં પણ બંધાય છે અને મુકાય છે.

અજ્ઞાનીને બીજાને બંધાવું એ અધ્યવસાન હોવા છતાં સામા જીવને સરાગ પરિણામનો અભાવ હોય તો તે જીવ બંધાતો નથી અને અજ્ઞાનીનો અભિપ્રાય સામા જીવને મુકાવું એવો હોવા છતાં પણ તે સાંભળનાર જીવ પોતે વીતરાગ પરિણામ, કરતો નથી તો તે મુકાતો નથી એટલે કે અધ્યવસાન કરનારના પરિણામ, પર જીવને બંધાવા મુકાવાના હોવા છતાં સામા જીવના પરિણામ બંધાવા મુકાવાના ન હોય તો તેથી બંધાતો મૂકાતો નથી, માટે તું બીજાને હેરાન

કરવાનો અને બીજાને સમજાવી દેવાનો અધ્યવસાન ન કર. કેમ કે તારા અધ્યવસાનથી તે બંધાતો નથી અને સમજતો પણ નથી.

જ્ઞાનીને પરને હું બંધાવું એવો અભિપ્રાય નહિ હોવા છતાં અજ્ઞાની પોતાના અજ્ઞાનના કારણે બંધાય છે. અને જ્ઞાનીને બીજાને સમજાવી દઉં એવો અભિપ્રાય નહિ હોવા છતાં સામો જીવ પોતાના વીતરાગ ભાવના પરિણામથી મુકાય છે. સમવસરણમાં દ્રવ્યલિંગી મુનિ ધ્વનિ સાંભળતો હોય પણ તે મિથ્યાદ્રષ્ટિ મુનિ પોતાનો અભિપ્રાય છોડતો નહિ હોવાથી બંધાય છે. બંધાવા–મૂકાવા વિષે ચાર બોલ છે.

(૧) અજ્ઞાની અધ્યવસાન કરે કે પરને બંધાવું પણ બીજો જીવ પોતાના સરાગ પરિણામ વિના બંધાતો નથી માટે તે અધ્યવસાન પરમાં અકિંચિત્કર છે.

(૨) અજ્ઞાનીનો અભિપ્રાય બીજાને મુકાવી દઉં એટલે કે મોક્ષ કરાવી દઉં એવો હોવા છતાં પણ સામો જીવ વીતરાગ પરિણતિ કરતો નથી તો તે મુકાતો નથી માટે તે મુકવાનો અભિપ્રાય પરને માટે અકિંચિત્કર છે.

(૩) ધર્મીને, બીજા જીવને બંધાવું એવો અભિપ્રાય નથી છતાં અજ્ઞાની પરમાં એકત્વબુદ્ધિ કરીને બંધાય છે.

(૪) ધર્મીને બીજા જીવને મુકાવું એવો અભિપ્રાય નથી છતાં સામો જીવ પોતાનાં વીતરાગ પરિણામથી મુકાય છે.

આ રીતે અજ્ઞાનીનો અભિપ્રાય બીજાને બંધાવું એવો હોવા છતાં પણ જીવ પોતાના અજ્ઞાન ભાવ વિના બંધાતો નથી. અને અજ્ઞાનીને, બીજાને છોડાવું એવો અધ્યવસાન હોવા છતાં સામો જીવ પોતાના અજ્ઞાનભાવથી બંધાય છે. માટે કોઈના અધ્યવસાનથી કોઈ બંધાતું અને મૂકાતું નથી. આથી નક્કી થાય છે કે પરની ક્રિયા બધી સ્વતંત્ર છે. માટે પરમાં અકિંચિત્કર હોવાથી અર્થાત્ પરમાં કાંઈ નહિં કરી શકાતું હોવાથી આ અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું નથી અને તેથી તે મિથ્યા જ છે.

મૂળ પાઠમાં “**त्वं किं करोमि**” શબ્દ પડ્યો છે. એમાંથી અમૃતચંદ્ર આચાર્યે કાઢ્યું છે કે આ અધ્યવસાન પરની ક્રિયામાં અકિંચિત્કર છે. **किंचित्**–જરાપણ. **अकर**–કરી શકે નહિ. પરમાં જરા પણ કરી શકે નહિ અને સ્વમાં ઊંધું અને સઘળું બધું કરી શકે છે. વસ્તુસ્થિતિ શું છે ? એ સમજ્યા વગર અજ્ઞાની લોકો ઊંધે રસ્તે ગાડાં ચલાવી રહ્યાં છે. વસ્તુસ્થિતિ ખ્યાલમાં આવે અને રુચિને પલટાવે તો લાભ થાય એમ છે. જરા ધીરો થાય તો પોતાના પરિણામ ફેરવી આત્માની શાંતિ મેળવી શકે છે. આત્મા સ્વમાં સંપૂર્ણ કરી શકે છે અને પરમાં જરાપણ કરી શકતો નથી.

શરીર, કર્મ વગેરેમાં કાંઈ કરી શકતો નથી, કેમ કે તે પર છે. જેવા ભાવ કરીએ એવા કર્મો કરીએ છીએ એ વાત ખોટી છે. કેમ કે કર્મોથી પણ જીવનો ભાવ અકિંચિત્કર છે. એમ પરથી દ્રષ્ટિ ઉઠાવે તો પોતા તરફની દષ્ટિ થાય, આત્મા કાંઈ કરી શકતો નથી. એનો અર્થ એવો નથી કે તે પોતાના પરિણામ પણ કરી શકતો નથી; પણ પરમાં કાંઈ કરી શકતો નથી. માટે પરનું હું કરી શકું છું—એ અધ્યવસાન મિથ્યા છે.

*

# પ્રસાદ નં. ૨૭૭

## સમયસાર ગાથા ૨૬૭

*(શ્રાવણ સુદ ૨, શનિવાર, ૨૦૦૭)*

## જે હેતુ કાંઈ પણ ન કરે તે અકિંચિત્કર કહેવાય છે

હું બીજાને સુખી-દુઃખી કરી શકું છું. હેરાન કરી શકું છું કે મુક્ત કરી શકું છું તે અધ્યવસાન પરમાં કોઈ કરી શકતો નથી તેથી તે મિથ્યા છે. નિમિત્ત ઉપાદાનમાં કાંઈ ન કરી શકે, એમ સાંભળતાં અજ્ઞાનીનાં માથાં ફરી જાય છે. અહીં તો મૂળપાઠમાં છે કે આત્મા શરીરનું કાંઈ કરી શકે નહિ. આ કાંઈ એકલા સિદ્ધની વાત નથી પણ જેને શરીરનો સંયોગ છે તે પણ શરીરનું કાંઈ કરી શકતો નથી. અજ્ઞાની પણ કરી શકતો નથી. અજ્ઞાનીની માન્યતા છે કે હું પર દ્રવ્યનું કરી શકું છું. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે તો બે વસ્તુ જ જુદી રહેતી નથી. કુંભાર ઘડાની અવસ્થા વખતે હોય છે પણ કુંભાર ઘડાનો કર્તા નથી એમ જ્ઞાની જાણે છે. અજ્ઞાનીનો અધ્યવસાય પરમાં કાંઈ કરી શકતો નથી. અને જો તે અધ્યવસાન પરનું કાંઈ કરે તો તે નિમિત્ત કહેવાય નહિ, પણ ઉપાદાન થઈ જાય. જો નિમિત્ત ઉપાદાનનું કરે અને ઉપાદાન નિમિત્તનું કરે તો બે વસ્તુ જ રહેતી નથી.

અજ્ઞાની એમ માને છે કે નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ થતું નથી. એની હા પાડનાર ભોળવાઈ ગયા છે. લાખ વરસ સુધી ખાણમાં માટી પડી રહે પણ કુંભાર આવ્યા વગર ઘડો થતો નથી. ઉપાદાનમાં અનેક પર્યાયરૂપ થવાની શક્તિ છે પણ જ્યારે ઘડો થાય ત્યારે નિમિત્તની જરૂર પડે છે એમ અજ્ઞાની માને છે. અહીં તો કહે છે કે નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય તો નિમિત્તની નિમિત્તતા રહેતી નથી. વળી નિમિત્તથી કાર્ય થયું માને તો ઉપાદાનથી કાર્ય ન થયું, તો ઉપાદાનપણું પણ રહેતું નથી. એમ બન્ને દ્રવ્યનો અભાવ થાય છે.

કોઈ એમ કહે કે આત્મા વાણી કરી શકતો નથી અને વાણીથી સમજાતું નથી. તો પછી તમો આત્મ-ધર્મમાં એમ કેમ લખો છો કે પ્રત્યક્ષ સદ્ગુરુની વાણી સાંભળ્યા વગર સમજાય નહિ માટે સૌએ સૌનગઢ આવી વાણીનો લાભ લેવો. તમારે એમ છાપવું કે સોનગઢ આવવાથી કે વાણી સાંભળવાથી સમજાતું નથી. આમ અજ્ઞાની દલીલ કરે છે. તેને કહે છે કે ઇચ્છાએ ભાષામાં કાંઈ કર્યું એમ કહેવામાં આવે તો ઇચ્છા અને ભાષા બે ભિન્ન રહેતા નથી. તેથી બન્નેનો અભાવ થાય છે. નિમિત્તના કાર્યને અને ઉપાદાનના કાર્યને કાળભેદ નથી. પહેલાં નિમિત્ત

અને પછી ઉપાદાન એમ નથી. વાણીના નિમિત્ત વખતે સમજનારની યોગ્યતાના કારણે સમજનાર સમજે છે પણ નિમિત્ત આવ્યું માટે તે સમજે છે એમ નથી.

એક આત્માને બીજો કોઈ દુઃખી કે સુખી કરી શકતો નથી પણ કર્મના ઉદયે દુઃખી–સુખી થાય છે. એનો અર્થ એ છે કે કર્મના કારણે સુખી-દુઃખી નથી પણ બીજાં સ્થૂળ નિમિત્તોથી જુદો પાડવા, કર્મથી દુઃખી–સુખી થાય છે એમ કહેવાય છે. ખરેખર તો પોતાની યોગ્યતાથી દુઃખી–સુખી થાય છે. ભાઈ! જરા ધીરો થઈને સાંભળ તો ખરો ! કર્મ ઉપર દોષ નાખવાની આટલી બધી પરાધીનતા ક્યાંથી આવી ? પોતે અપરાધ કરે છે તો કર્મ વગેરેને નિમિત્ત કહેવાય છે. આત્મા સામાન્ય છે. તેનું વિશેષ જો પરથી થાય તો આત્માનું વિશેષ શું ? આત્માનો ત્રિકાળ સ્વભાવ તે સામાન્ય છે અને વર્તમાન પર્યાય થાય છે, તે તેનું વિશેષ છે. તે વિશેષ તો બીજાથી થાય તો વિશેષ વગરનું સામાન્ય થતાં, સામાન્ય તથા વિશેષ–બન્નેનો અભાવ થાય. પણ વિશેષ વગરનું સામાન્ય હોય નહિ. જ્ઞાન સામાન્ય અને વિશેષ–બન્નેને સ્વીકારે તે સમ્યગ્જ્ઞાન કહેવાય.

આત્માનો ભાવ પરમાં કાંઈ કરી શકતો નથી. અજ્ઞાની માને છે કે ઉપાદાન નિમિત્તની અપેક્ષા રાખે છે. શ્રીમદે કહ્યું છે કે "ઉપાદાનનું નામ લઈ એ જે તજે નિમિત્ત"—એનો અર્થ તમે યથાર્થ કરતા નથી. તેને કહે છે કે ભાઈ રે ! નિમિત્તની અપેક્ષા રાખે છે એનો અર્થ એવો નથી કે નિમિત્ત ઉપાદાનમાં કાંઈ કરે છે. કર્મ તો પુદ્ગલની મૂર્ત પર્યાય છે. તે નિમિત્ત થઈને આત્માની વિકારી અમૂર્ત પર્યાયને કરે તો આત્મા મૂર્ત થઈ જાય અને કર્મ મૂર્ત છે તે નિમિત્ત છે, તે નિમિત્તનું કાર્ય છોડી દઈને અમૂર્તનું કામ કરે તો તે મૂર્ત પણ અમૂર્ત થઈ જાય. એ રીતે બન્ને વસ્તુનો અભાવ થાય.

આ રીતે કર્મ મૂર્ત છે તે અમૂર્ત આત્માની પર્યાયને કરી શકતું નથી અને કર્મનો જેવો ઉદય હોય એવો વિકાર પણ આત્મામાં થતો નથી. પરમાં કાંઈપણ ન કરે તેને અકિંચિત્કર કહેવાય છે. બીજાની મુક્તિ કે સંસાર મારાથી થાય—એવો અભિપ્રાય પરમાં અકિંચિત્કર છે. જ્ઞાનીને તેવો અભિપ્રાય હોતો નથી. સામેનો જીવ પોતાની રાગની રુચિએ અજ્ઞાનથી બંધાય છે. વળી જ્ઞાનીને "બીજાને સમ્યગ્દર્શન પમાડી દઉં" એવો અધ્યવસાય પણ હોતો નથી. સામેનો જીવ પોતાની વીતરાગ પરિણતિથી મોક્ષ પામે છે.

અજ્ઞાનીનો અધ્યવસાય હોય કે હું આને હેરાન કરી નરકમાં નાખી દઉં અને આને સમજાવીને મુક્ત કરી દઉં. પણ સામા જીવને રાગની અને નિમિત્તની રુચિ ન હોય તો તે બંધાતો નથી અને અજ્ઞાનભાવ કરે તો તે મૂકાતો નથી. તેથી નક્કી

થાય છે કે અધ્યવસાન પરમાં અકિંચિત્કર છે તેથી તે સ્વ–અર્થ ક્રિયા કરનારું નથી. પોતાના પ્રયોજનને સાધતું નથી માટે તે મિથ્યા છે.

આ બે ગાથામાં બહુ સરસ વાત કરી દીધી છે. ગાથા ૨૬૬માં અધ્યવસાય પરમાં કાંઈ કરી શકતો નથી માટે નિરર્થક છે, અને પોતાના માટે નુકશાન કરનાર છે અને આ ગાથામાં અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરતું નથી કેમ કે તે પરમાં અકિંચિત્કર છે—એમ આ ગાથામાં મહાન સિદ્ધાંત કહી દીધો છે.

હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનની સૂચનિકારૂપે શ્લોક કહે છે :—

## કળશ ૧૭૧

## અધ્યવસાનથી મોહિત થયો થકો અજ્ઞાની આત્મા પોતાને સર્વરૂપ કરે છે

**અર્થ :**—આ નિષ્ફળ એટલે નિરર્થક અધ્યવસાનથી એકત્વબુદ્ધિમાં મૂર્છાઈ ગયો થકો અજ્ઞાની પોતાને સર્વરૂપ કરે છે. એટલે કે જગતના બધા પદાર્થને પોતાના માને છે. મારાથી કોઈ ચીજ નથી, એમ તે માનતો નથી. જગતમાં કોઈ વસ્તુ એવી નથી કે જે મારાથી ન થાય. બધામાં હું......હું...... ને હું......એમ તે માને છે.

**ભાવાર્થ :**—આ આત્મા મિથ્યા અભિપ્રાયથી ભૂલ્યો થકો ચતુર્ગતિ સંસારમાં જેટલી અવસ્થાઓ છે, જેટલા પદાર્થો છે તે સર્વરૂપ પોતાને થયેલો માને છે; તે પોતાના શુદ્ધ સ્વરૂપને ઓળખતો નથી, હું ચૈતન્ય છું. જે રાગ થાય છે તે દોષ છે, તે મારો સ્વભાવ નથી અને પરની ક્રિયા હું કરી શકતો નથી, એમ અજ્ઞાનીએ કદી માન્યું નથી.

હવે આ અર્થને સ્પષ્ટ રીતે ગાથામાં કહે છે :–

## ગાથા ૨૬૮—૨૬૯

**તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્યપાપ વિવિધ જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૮.**
**વળી એમ ધર્મ અધર્મ, જીવ, અજીવ, લોક અલોક જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૯.**

**અર્થ :**—જીવ અધ્યવસાનથી તિર્યંચ, નારક, દેવ અને મનુષ્ય એ સર્વ પર્યાયો તથા અનેક પ્રકારનાં પુણ્ય અને પાપ–એ બધારૂપ પોતાને કરે છે. વળી

તેવી રીતે જીવ અધ્યવસાનથી ધર્મ–અધર્મ, જીવ–અજીવ અને લોક–અલોક–એ બધારૂપ પોતાને કરે છે.

**ટીકા :—**જેવી રીતે આ આત્મા ક્રિયા જેનો ગર્ભ છે, એવા હિંસાના અધ્યવસાનથી પોતાને હિંસક કરે છે અને અન્ય અધ્યવસાનથી પોતાને અન્ય કરે છે; તેવી જ રીતે ઉદયમાં આવતા નારકાદિના અધ્યવસાનથી પોતાને નરકાદિ કરે છે. હિંસા આદિનાં અધ્યવસાનો રાગદ્વેષના ઉદયમય એવી હણવા આદિની ક્રિયાઓથી ભરેલાં છે, અર્થાત્ તે ક્રિયાઓ સાથે આત્માનું તન્મયપણું હોવાની માન્યતારૂપ છે.

હિંસા, અસત્યાદિનાં અધ્યવસાનથી આત્માની શાંતિ ફાટે નહિ પણ અજ્ઞાનરૂપી ક્રિયાનું પેટ ફાટે છે. એમાં ધર્મ નથી. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના બધા જીવોને હું મારી શકું છું, એવો અધ્યવસાન પોતાને હિંસક કરે છે. ''હું હતો તો આ એકેન્દ્રિય આદિના જીવો મર્યા'' એવા એકત્વ પરિણામથી પોતાની હિંસા થાય છે. પરજીવની હિંસા તો કોઈ કરી શકતો જ નથી.

## (૧) મિથ્યાદ્રષ્ટિ હિંસા આદિનાં અધ્યવસાનથી પોતાને હિંસક કરી રહ્યો છે.

હું જ્ઞાતા છું, ચૈતન્ય સ્વરૂપી છું એને ભૂલીને અજ્ઞાની જીવ મર્યો, જીવ મર્યો એવી ભાષા કર્યા કરે છે. મીઠાના સચેત જીવોને મેં હણ્યા, સચેત પાણી, અગ્નિના જીવ વગેરેની મેં હિંસા કરી. અજ્ઞાનીને ક્ષણે ક્ષણે એવો જ ભાસ થયા કરે છે. કીડી મરી ગઈ, કાગડો, પતંગિયાં વગેરે મરી ગયાં એમ માનીને હિંસક બને છે. એમાંથી તે નવરો થતો નથી, પણ તેના હેતુથી પરમાં કાંઈ થતું નથી, મૂઢ વિકલ્પથી હિંસાને પોતાની માનીને હિંસક થઈ રહ્યો છે. આવા અધ્યવસાનના ગર્ભમાં પરની ક્રિયાનું અભિમાન છે. આત્માના નિમિત્તથી પરજીવો મરે એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ જ નથી, તેના આયુષ્ય કર્મના ક્ષયના કારણે સામો જીવ મર્યો ત્યારે આ જીવનું નિમિત્ત હતું તેમ જાણવું—તે નિમિત્ત નૈમિત્તિક સંબંધ કહેવાય.

આ વાત અજ્ઞાનીને બેસતી નથી. પણ પરની હિંસા હું કરી શકું છું એમ તે માને છે, તેમાં મિથ્યાત્વભાવ પડ્યો છે.

પ્રશ્ન :–આવું સાંભળીને કોઈ હિંસા છોડશે નહિ તો ?

ઉત્તર :–હે ભાઈ, પરની હિંસા કોઈ કરી શકતું જ નથી તો પછી તે નહિ છોડે એવો પ્રશ્ન જ ક્યાં રહે છે ? પરની હિંસા કરતો હોય તો છોડેને ? આત્મા જ્ઞાતા છે

તે પરને બચાવી શકતો નથી અને મારી પણ શકતો નથી. અલ્પ રાગ થાય છે તે દોષ છે, તે મારો સ્વભાવ નથી એમ જાણવું તે ખરેખર અહિંસા છે.

આ રીતે અસત્ય, અદત્ત, અબ્રહ્મચર્ય અને પરિગ્રહનાં અધ્યવસાનો કરી અજ્ઞાની પોતાના આત્માને અસત્યાદિરૂપ કરે છે.

## (૨) અહિંસા આદિનાં અધ્યવસાનથી અજ્ઞાની અહિંસા આદિરૂપ પોતાને કરે છે

અહિંસાના શુભ પરિણામરૂપ અધ્યવસાનથી અજ્ઞાની પોતાને અહિંસક કરે છે. તે શુભ પરિણામરૂપ પોતાને બનાવી દે છે. વિકારી પરિણામનો ચૈતન્યમાં રંગ ચડાવે છે. પણ હું જ્ઞાતા છું, શુદ્ધ સ્વભાવી છું—એનો રંગ ચડાવતો નથી, એવી રીતે સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના પરિણામમાં એકત્વ બુદ્ધિ કરીને તેને પોતા રૂપ કરે છે. સત્યાદિના અધ્યવસાનોમાં સત્યાદિની ક્રિયામાં તન્મયપણું માને છે.

## (૩) ઉદયમાં આવતા નારકના અધ્યવસાનથી પોતાને નારકી કરે છે

અજ્ઞાનીને નારકીનું શરીર કર્મના ઉદયે મલ્યું ત્યાં તો હું નારકી છું એમ એને થાય છે. બ્રહ્મદત્ત ચક્રવર્તી અહીંથી મરીને બીજે સમયે નારકી થયો. ત્યાં કર્મના ઉદયમાં અને શરીર વગેરેમાં પોતાને નારકી માને છે અને અશુભ કર્મને લઈને નારકીમાં ગયો, એમ જે માને છે તે પણ પોતાને નારકી મનાવી રહ્યો છે. શ્રેણિક રાજા, અહીંથી મરીને નરકમાં ગયા છે. તે પોતે કર્મને લઈને ગયા છે—એમ માનતા ન હતા પણ પોતાની પર્યાયની યોગ્યતાના કારણે ગયા છે. તે યોગ્યતા વર્તમાન પર્યાયમાં છે. તેની પણ મુખ્યતા નથી. તેની મુખ્યતા થાય તો તે પોતાને નારકી માની રહ્યો છે. તે હું આત્મા ચૈતન્ય છું એમ તે માનતો નથી, જે જીવ પોતાને નારકી માને તે મિથ્યાદ્રષ્ટિ છે. જ્ઞાની પોતાને નારકી માનતા નથી. શાસ્ત્રમાં લખાણ આવે કે કર્મના ઉદયના કારણે જીવ નરકમાં જાય છે. તે વ્યવહારનું કથન છે. મૂઢ જીવ તે લખાણનો અર્થ સમજ્યા વગર કર્મને અને નારકીના શરીરને પોતાનું માની તે રૂપે પોતાને કરે છે. જ્ઞાની તો કર્મના ઉદયને અને શરીરને તો પોતાનું માનતા નથી પણ પોતાની યોગ્યતા છે, તેની પણ મુખ્યતા તેમને કદી થતી નથી, દ્રવ્યદ્રષ્ટિમાં તે પર્યાયનો સ્વીકાર હોતો નથી,

કેમકે પર્યાય તે આત્માનું આખું સ્વરૂપ નથી, જે જીવ બંધની યોગ્યતાને સ્વીકારે તે પણ મિથ્યાદૃષ્ટિ છે એમ કહ્યું છે.

## (૪) ઉદયમાં આવતા તિર્યંચના અધ્યવસાનથી પોતાને તિર્યંચ કરે છે.

એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પશુઆદિ બધા તિર્યંચ છે, તેમાં નિગોદનું શરીર ધારણ કરતાં અવ્યક્તપણે પોતે નિગોદ થઈ ગયો છે, એમ તે માને છે, નિગોદની અવસ્થા એક સમયની છે, તે યોગ્યતા ત્રિકાળી સ્વભાવમાં નથી, છતાં તે રૂપે પોતાને માને છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વાયુ, વનસ્પતિ આદિમાં જે જે શરીર ધારણ કરે છે. ત્યાં તે રૂપે પોતાને માને છે. બે ઇન્દ્રિય આદિમાં બધે મિથ્યાત્વભાવ કરી રહ્યો છે તે પરને પોતારૂપ કરતો ભાવ એક જ પ્રકારનો છે. ઘોડો થાય તો ઘોડો અને ગાય થાય તો ગાય, હાથી થાય તો હાથીરૂપ પોતાને કરે છે અને ઘોડો, ગાય કે હાથીની ગતિ પ્રમાણે થવાની આત્માની યોગ્યતા તે પણ એક સમય પૂરતી છે. ત્રિકાળી નથી છતાં મૂઢ તે રૂપ પોતાને કરે છે. પોતાના ત્રિકાળી સ્વભાવને ચૂકીને તે-તે શરીરની ક્રિયા મારાથી થાય છે એમ તે માને છે. અહીંથી જીવ બંધાવા-મૂકાવાનો અભિપ્રાય લઈને જાય છે. તેથી જ્યાં જાય છે ત્યાં પોતાપણું કરે છે અને તે અભિપ્રાય તે ઘૂંટી રહ્યો છે. તેનાથી તે છૂટકો નથી.

જીવ ગાય થાય ત્યાં પોતાને ગાયરૂપ માન છે. કસાઈ કાપવા આવે તો મને કાપી નાખે છે. હું કપાઈ જાઉં છું એવા અધ્યવસાનના ગર્ભમાં મિથ્યાત્વ ફાટે છે, ઘોડા, હાથી આદિની ભાષા જુદી જુદી હોય છે તે બધા તે ભાષા અમારાથી થાય છે, એમ માને છે.

## (૫) ઉદયમાં આવતા મનુષ્યના અધ્યવસાનથી પોતાને મનુષ્ય કરે છે.

મનુષ્ય દેહ મળતાં જાણે હું મનુષ્ય જ છું, સ્ત્રીનું શરીર મળે તો જાણે હું સ્ત્રી જ છું અને પુરુષનું શરીર મળે તો હું પુરુષ છું, એમ કર્મના ઉદયે મનુષ્યના શરીરનો સંયોગ મળે છે તેમાં અજ્ઞાની પોતાપણું કરે છે અને મનુષ્યગતિમાં જવાની યોગ્યતા પોતાની પર્યાયમાં છે, તે પર્યાય પણ એક સમયની છે. ત્રિકાળી સ્વભાવને ચૂકીને વર્તમાન ક્ષણિક પર્યાયમાં એકત્વબુદ્ધિ કરે છે તે મિથ્યાદ્રષ્ટિ છે. આ અજ્ઞાનની ક્રિયામાં મિથ્યા અધ્યવસાન છે માટે તે દ્રષ્ટિ છોડવાની જરૂર છે કેમકે તેનાથી બંધન થાય છે.

# પ્રસાદ નં. ૨૭૮

## સમયસાર ગાથા ૨૬૮—૨૬૯

*(શ્રાવણ સુદ ૩, રવિવાર, ૨૦૦૭)*

આ બંધ અધિકારમાં બંધનનું સ્વરૂપ બતાવતાં કહે છે કે આત્માને જેવો માને એવી એની ભાવના કરે. આત્મા પોતે કાયમના સ્વભાવે પરિપૂર્ણ છે અને અવસ્થાએ પણ નિમિત્ત અને સંયોગના આશ્રય વગરનો છે. એવો આત્માને જે ન માને તેને બંધન થાય છે. આત્મા જાણનાર-દેખનાર છે, પરમાત્માને જે શક્તિનું પ્રગટપણું છે, તે બધી શક્તિનું મૂળ આત્મા છે. એવી દ્રષ્ટિનું તથા સ્વતંત્રતાનું જેને ભાન નથી એને બંધન થાય છે. જેવી રુચિ હોય તે પ્રમાણે વર્તન થાય છે. જેનું જ્ઞાન અને રુચિ ખોટી, તેનું વર્તન પણ ખોટું હોય છે. અબંધસ્વભાવની જેને રુચિ નથી, તેનું જ્ઞાન અને વર્તન પણ મિથ્યા હોય છે.

**ટીકા :—**આ આત્મા-ક્રિયા જેનો ગર્ભ છે, મિથ્યા અભિપ્રાય જેનું પેટ છે એવા હિંસાના અધ્યવસાનથી હિંસા આદિવાળો છે. આ શરીર તે હું, મનુષ્ય તે હું, રાગ તે હું-તે માન્યતા મિથ્યાત્વ છે, તે સંસાર છે.

(૧) કોઈની હિંસા કરવાની તાકાત મારામાં નથી એવી જેને શ્રદ્ધા નથી, "તે હું પરને મારી શકું છું" એમ માને છે ને તે જ બંધન છે. તે જીવ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જીવની હિંસા કરનાર હું છું એવા અભિપ્રાયવાળો હિંસક છે. હું પરને મારી શકું છું એવા અભિપ્રાયમાં તે પોતાના અસલી સ્વભાવને ભૂલી જાય છે. આ જીવ મર્યો એમ અજ્ઞાનીને ભાસ્યા કરે છે પણ હું ચૈતન્ય જ્ઞાતા છું એમ તેને ભાસતું નથી. પર જીવ મારાથી મર્યો એવા અધ્યવસાનવાળો જીવ પોતે અંદરથી મરી જાય છે, કેમ કે હું જાણનાર છું એમ તેને ભાસતું નથી. કોઈ પણ વસ્તુ સ્વભાવ વગરની હોય—એમ બને નહિ. આત્મા ચૈતન્ય સ્વભાવી છે એમ ન માનતાં "હું રાગીદ્વેષી છું" તે ભાવ જ પોતે હિંસક છે.

(૨) અહિંસાના અધ્યવસાનથી અહિંસાના શુભભાવવાળો પોતાને કરે છે. મેં આ જીવની દયા પાળી, મેં જીવનદાન આપ્યું એમ માની અહિંસક એટલે કે શુભ રાગવાળો જીવને કરે છે. હું પરની દયા પાળનારો છું એમ માનનાર પોતાને મિથ્યાત્વ અને રાગવાળો કરે છે. જે ત્રિકાળી વસ્તુમાં નથી તેવો પર્યાયમાં બનાવે છે, તે જ બંધન છે. વળી અન્ય અધ્યવસાનોથી પોતાને અન્ય ભાવોરૂપ કરે છે. અસત્યાદિ, સત્યાદિ ભાવોરૂપ પોતાને કરે છે. મેં તો આજે આ કામો કર્યાં, ચોવીસે કલાક બીજાનાં કામો કરું છું તેમ માનનાર અહિંસાના સ્વરૂપને સમજતાં નથી. જેમ

સિંહને ગધેડાનું રૂપ આપે તેમ અજ્ઞાની પરોપકારનાં કામો અમે કર્યાં એવું આત્માનું રૂપ બનાવે છે. તે બંધન છે.

(૩) નારકના અધ્યવસાનથી પોતાને નારક બનાવે છે. બંધનના ભાવોની વૃત્તિ ઉઠાવી તેને પોતાનું સ્વરૂપ માને છે. નારકી તે હું એમ માનનારને અબંધસ્વભાવની દૃષ્ટિ રહેતી નથી.

(૪) તિર્યંચગતિના ઉદયમાં ગાય, સિંહ, ભેંસ, હાથી આદિના શરીરમાં પગ તે હું, સૂંઢ તે હું, પૂંછડું તે હું એમ પર સાથેના એકપણાની શ્રદ્ધા કરે છે– તે અધ્યવસાન બંધન છે. તેને હું ચૈતન્ય છું એવી શ્રદ્ધા રહેતી નથી.

## (૫) માણસનું શરીર મળતાં હું માણસ છું એમ માની અજ્ઞાની તેમાં એકત્વબુદ્ધિ કરે છે તે મિથ્યાત્વ છે.

અમે માણસ છીએ. જેવાં કાંમો બીજી ગતિમાં ન થઈ શકે એવાં પરનાં કામો કરીને ઊંચે આવવું જોઈએ. માટે પોતાની શક્તિ પ્રમાણે બીજાને મદદ કરવી. મનુષ્યનો દેહ મળ્યો છે તે પરનાં કામો કરે તો કામનો ગણાય એમ અજ્ઞાની પોતાના ચૈતન્ય સ્વભાવને ભૂલીને મનુષ્ય શરીરમાં એકત્વબુદ્ધિ કરે છે. આ આત્મા મનુષ્ય ત્રણ કાળમાં થયો જ નથી. શરીર તો હાડકાં વગેરે પુદ્‌ગલનું છે અને મનુષ્યપણાની પર્યાયની યોગ્યતા એક સમયની છે. તે આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. "હું ચૈતન્ય જ્ઞાતા છું" એમ ભૂલીને–મનુષ્ય તે હું–એમ માનનાર મનુષ્યનું આચરણ કરે છે તે મિથ્યાદ્રષ્ટિનો મિથ્યાભાવ છે. તે અનંત સંસારમાં રખડે છે. મનુષ્યદેહ મળ્યો તેના કારણ અમે છીએ એમ પૂર્વના મનુષ્યના ભાવને પોતાના કરે છે. અજ્ઞાની પોતાને દશાશ્રીમાળી અગર તે જાતમાં જન્મ્યો હોય એવો માને છે પણ આત્મા વાણિયો જ નથી તો પછી દશાશ્રીમાળી વગેરે ક્યાંથી હોય? કેમકે તે તો શરીરનું નામ છે. પણ શરીરને શરીર પણ કેવી રીતે કહેવું અને હાથને હાથ કેવી રીતે કહેવો? શરીર અને હાથ ઔપચારિક નામ છે. ખરેખર તે શરીર અને હાથ નથી તે તો પુદ્‌ગલોની પર્યાય છે. છતાં તેને અજ્ઞાની પોતાના માને છે તે ક્ષણે ક્ષણે બંધાય છે, મૂકાતો નથી.

મારો સ્વભાવ ભવ વિનાનો અને ભય વિનાનો છે એટલે કે નિર્ભવ અને નિર્ભય છે. જાણનાર-દેખનાર ન રહેતાં હું પરનું કરી દઉં એ માન્યતા મિથ્યા છે. સિદ્ધ સ્વરૂપ જ પોતાનું પદ છે, એને બદલે હું મનુષ્ય શરીરવાળો છું, એમ માનનાર મૂઢદ્રષ્ટિ છે.

## (૬) ઉદયમાં આવતા દેવના અધ્યવસાનથી પોતાને દેવ કરે છે.

અમે દેવ છીએ, એમ દેવનું શરીર મળતાં પોતાને દેવગતિવાળો માને છે. દયા, દાન, વ્રતાદિ કરીને દેવ થઈશું અને પછી ત્યાંથી ભગવાનના દર્શન કરશું–એમ જેની ભાવના છે તે દેવગતિને ઇચ્છે છે. પણ પોતે ભગવાન છે તેની રુચિ કરતો નથી. તેથી પર ભગવાન પાસે એને જવું છે. સમવસરણમાં જઈને પણ અને દેવ થઈને પણ પોતાની પ્રભુતાને માનતા નથી. તે સંયોગ અને વિકારની પ્રભુતાને સ્વીકારે છે. તે દેવનો અધ્યવસાય કરીને પોતાને દેવ માને છે. દેવ થાય છે તે કર્મના ઉદયને કારણે થાય છે. તે કર્મને અને સંયોગને મૂઢ પોતાના માને છે. તે બંધન છે.

## (૭) ઉદયમાં આવતા સુખાદિ પુણ્યના અધ્યવસાનથી પોતાને પુણ્યરૂપ કરે છે.

અમે પુણ્યવંત છીએ એમ માનનાર પુણ્યના ફળને પોતાનું માને છે. અમે સુખી છીએ, પૈસા, સ્ત્રી, કુટુંબ વગેરેની હૂંફે જે જીવે છે તે મૂઢ છે. પરપદાર્થને દેખીને અમે સુખી છીએ એમ માનનાર પોતાના આત્મામાં સુખ છે એને દેખતો નથી અને માનતો નથી.

પુણ્ય તે રાગ છે એમાં સુખ નથી.શરીરાદિ પરવસ્તુમાં પણ સુખ નથી. અજ્ઞાની પરમાં સુખ માની મિથ્યા અધ્યવસાન કરે છે.પુણ્ય અને રાગને પોતાનાં માને છે.શાંતિ અને સુખ ચૈતન્ય સ્વભાવમાં છે એને માનતો નથી. પુણ્ય ભાવથી સુખી થઈશું અને તે કરતાં કરતાં ધર્મને રસ્તે જઈશું—એમ માનનાર પુણ્યને પોતાનું માને છે. આત્માના સ્વભાવને લૂંટીને તે અવસ્થા થાય છે તેથી તે પાપ છે, ખરેખર પુણ્ય નથી.

શુભભાવ તે વિકાર છે તે કરતાં કરતાં આગળ વધશું–એમ માનનાર નિર્વિકાર શુદ્ધ સ્વભાવથી આગળ વધાય છે એમ માનતો નથી ને પુણ્યની સામગ્રીમાં ઉત્સાહ વર્તે છે તેને ચૈતન્યની રુચિ નથી. આત્મા રજકણને પણ મેળવી શકતો નથી અને તે રજકણ એટલે પરવસ્તુમાંથી સુખ પણ મળતું નથી તે અજીવતત્ત્વ છે, જીવત્ત્વ નથી અને પુણ્ય તે આસ્રવતત્ત્વ છે. જેમ પાણીનું કાયમનું સ્વરૂપ તો શીતળ છે. તેને વર્તમાન ઉષ્ણતાના કારણે ઉષ્ણ માની લે તો તે પાણીના સ્વરૂપને સમજતો નથી તેમ આત્મામાં પુણ્ય ભાવ થાય તેનાથી સામગ્રી મળે, તેમાં સુખ માને તો તે આત્માના ત્રિકાળી સ્વરૂપને સમજતો નથી.

પોતાના ધ્રુવ સ્વભાવને ન માનતાં ક્ષણિક પુણ્યને પોતાનું માની અનાદિથી ભ્રમિત થઈને દુઃખી થઈ રહ્યો છે.

અમે પુણ્યવાળા છીએ, આબરૂવાળા છીએ, લક્ષ્મીવાળા છીએ એમ માનનારને આત્મા સ્વરૂપલક્ષ્મીવાળો જ્ઞાનાનંદનો સાગર છે–એ વાત બેસતી નથી. તેને આત્માની રુચિ નથી એટલે પુણ્યની સામગ્રીમાં પોતાપણું માની બેસે છે. પુણ્યને ધારણ કરવાવાળો છું એમ તે માને છે, પણ પુણ્યને જાણવાવાળો છું—એમ તે માનતો નથી. આખી જિંદગી ધંધો કરીને પૈસા ભેગા થયા તેને અજ્ઞાની પુણ્યશાળી માને છે, તે મૂઢ છે. આત્મા પુણ્યશાળી નથી. આત્મા જ્ઞાન-દર્શન આદિ શક્તિવાળો છે. સંયોગ અને પરિણામ કેવા છે તેનું જ્ઞાન કરાવવા વ્યવહારથી એમ કહેવાય છે કે આ પુણ્યવાળો છે પણ યથાર્થમાં આત્મા પુણ્યવાળો નથી.

## (૮) ઉદયમાં આવતા દુઃખાદિ પાપના અધ્યવસાનથી પોતાને પાપરૂપ કરે છે

પાપના ફળ બહારમાં આવે તો અજ્ઞાની માને કે અમે પાપી છીએ, આત્મા તો આનંદમય શીતળ સ્વભાવી છે. આત્માની પર્યાયમાં જે દુઃખ દેખાય છે, તે આત્માનો સ્વભાવ નથી. આત્મા તો ધ્રુવ ચૈતન્ય જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમય છે. વર્તમાન પર્યાયમાં દુઃખ દેખાય છે એટલો આત્મા નથી. તે દુઃખ તો ક્ષણિક છે, તે સ્વભાવ નથી. એમ અજ્ઞાની માનતો નથી તેથી તેનું મિથ્યાત્વ જતું નથી.

અરતિ, શોક આદિ પાપનો ઉદય આવે ત્યારે દુઃખી દુઃખી છું એમ અજ્ઞાની માને છે, પણ તે તારું ત્રિકાળી સ્વરૂપ નથી અને તેટલો જ તું નથી. જ્ઞાતાસ્વભાવની તે રુચિ કરે તો દુઃખની દુઃખની અવસ્થા રહે નહિ. ક્ષણિકને આખો માનવો તે જ મિથ્યાત્વ છે. ક્ષુધા લાગે, તૃષા લાગે, રોગ આવે ત્યારે હુ રોગી વગેરે થઈ ગયો છું એમ જે માને છે તેને શરીરથી છૂટું થવું ગમતું નથી. તે પોતે અસંગતત્વ છે અને શુદ્ધ છે તેના લક્ષે શુદ્ધ થવા માગતો નથી. હજાર સોનાની લગડીઓ એકસરખી હોય અને તે બધી લગડીઓ ઉપર જુદી જુદી જાતનાં કપડાં–હલકાં, ભારે, માણસની છાપવાળાં કે ઢોરની છાપવાળાં બાંધે તો તે લગડીઓનું રૂપ બદલી જતું નથી. લગડી તો એવી ને એવી રહે છે. તેમ આત્મા ચૈતન્ય જ્ઞાતા એકરૂપ છે તે અનેક પ્રકારનાં સંયોગમાં અને અનેક પ્રકારના પરિણામમાં અનેકરૂપ થતો નથી, તે તો એવો ને એવો રહે છે. અજ્ઞાની પાપનાં ફળમાં એકત્વબુદ્ધિ કરે છે પણ જ્ઞાતા રહેતો નથી. પર વસ્તુ આત્મામાં પેસતી નથી છતાં તેને જે પોતારૂપ

માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે. તે વ્રતાદિ કરે તો પણ તેના આત્માને કાંઈ લાભ થતો નથી.

કોઈ ભાંડ બહુરૂપીના વેશ ધારણ કરે–હાથી થાય, કૂતરો થાય, અનેક જાતના વેશ ધારણ કરે પણ પોતે ભાંડ છે, તે ભૂલીને હું હાથી કે કૂતરો થઈ ગયો છું—એમ માનતો નથી. ભાંડની જેમ નારકી, ઢોર, મનુષ્ય, દેવાદિના ભવો કરતાં જાણે હું મનુષ્યાદિ થઈ ગયો છું એમ અજ્ઞાની માને છે, જ્ઞાની એમ માનતો નથી. જેમ અનેક ઢેઢ ભંગીના સંગમાં આવતાં હું વાણિયો છું એમ વાણિયો ભૂલતો નથી. તેમ જ્ઞાની અનેક સંયોગમાં હોવા છતાં પણ પોતાને ભૂલતો નથી. અજ્ઞાની માને છે કે હું જડનો એટલે પૈસા, શરીર વગેરેનો સદ્‌ઉપયોગ કરી શકું છું, એમ તે જડનું રૂપ ધારણ કરે છે. તે ચૈતન્યને ભૂલી જાય છે માટે તે મિથ્યાદ્રષ્ટિ છે.

## (૯) જાણવામાં આવતો જે ધર્મ (અર્થાત્ ધર્માસ્તિકાય) તેના અધ્યવસાનથી પોતાને ધર્મરૂપ કરે છે

હવે આ વિષય જરા ઝીણો આવે છે. અહીં ધર્માસ્તિકાયની વાત કરે છે. સર્વજ્ઞ ભગવાન વસ્તુના સ્વરૂપને જેમ છે તેમ યથાર્થ કહી શકે છે. જે સર્વજ્ઞ નથી તે વસ્તુના સ્વભાવને બરાબર કહી શકતા નથી. સર્વજ્ઞની વાણીમાં જગતનાં તત્ત્વોનું સ્વરૂપ જેવું આવ્યું તે પ્રમાણે જગતનાં તત્ત્વો છે. હવે વસ્તુનો સ્વભાવ તો વસ્તુના કારણે છે. તેને કોઈ કરી શકે નહિ પણ વસ્તુની પર્યાય થાય છે તેને પણ કોઈ કરી શકે નહિ. જેમ લીમડામાંથી આંબો ફાટે એવો અનુભવ કોઈને નથી કેમ કે તે તેના સ્વભાવને ઉલ્લંઘતો નથી; તેમ વસ્તુ ને એની પર્યાય તેના સ્વભાવને કદી ઉલ્લંઘતી નથી. જુવાર વાવી હોય તો જુવાર થાય પણ બાજરો થાય નહિ, તેમ ચૈતન્ય ફાટીને જડ થાય નહિ. એમ સર્વજ્ઞોએ વસ્તુના સ્વભાવને યથાર્થ જાણ્યો છે. છ દ્રવ્યો છે તેમાં એક ધર્માસ્તિકાય દ્રવ્ય છે.

પોતાનો સ્વભાવ ચૈતન્ય છે તેને જે જાણતો નથી, તે ધર્માસ્તિકાયને પોતારૂપ કરે છે. તે કેવી રીતે પોતાનું માને છે તે કહે છે. પોતે ધર્માસ્તિકાયનો વિકલ્પ ઉઠાવીને સ્વાધ્યાય કરી તે વખતે જે રાગ થયો તેને પોતાનો માને છે. તે રાગને લાભનું કારણ માને છે તેથી ધર્માસ્તિકાય દ્રવ્યને પણ પોતાનું માને છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને ધર્માસ્તિકાય તેનું જ્ઞેય છે, એમ ન જાણતાં શાસ્ત્રમાં ધર્માસ્તિકાયનું સ્વરૂપ લખેલ હોય તેને જાણવાનો વિકલ્પ કરે છે, તે રાગ છે. સ્વભાવને ચૂકીને તે રાગને પોતાનો માને છે. તેથી તે રાગનું નિમિત્ત એવા ધર્માસ્તિકાયને પણ પોતાનું માને છે એમ કહેવામાં આવ્યું છે.

સર્વજ્ઞ ભગવાને છ દ્રવ્યો જોયાં છે એમાં ધર્માસ્તિકાય એક દ્રવ્ય છે. તેનો હું વિકલ્પ કરું તો મને તેનું જ્ઞાન થાય અને તે ધર્મદ્રવ્ય છે તો મને જ્ઞાન થાય છે– એમ માનનાર ધર્મદ્રવ્યને પોતાનું માને છે. ચૌદ રાજલોક પ્રમાણે ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય છે. આત્માનો સ્વભાવ સ્વ–પર પ્રકાશક છે, હું ધર્માસ્તિકાયનો વિચાર કરું તો મારું જ્ઞાન ખીલે એમ માનનાર તે પરને પોતાનું માને છે. તેનો ઘણો વિકલ્પ કરું તો જ્ઞાન ઘણું વધી જાય એમ અજ્ઞાની માને છે. જ્ઞાન ખીલવાનો ઉપાય તો અંતરમાં વલણ કરવું તે છે. તેને બદલે પરવસ્તુમાં એકાગ્રતા કરું તો મારું જ્ઞાન ખીલે એમ માનનાર પર જ્ઞેયને પોતાનું માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે.

*

# પ્રસાદ નં. ૨૮૦

## સમયસાર ગાથા ૨૬૮—૨૬૯ ટીકા

*(શ્રાવણ સુદ ૫, મંગળવાર, ૨૦૦૭)*

આ આત્માને બંધન કેમ થાય છે ? તે અધિકાર ચાલે છે. આત્માનો સ્વભાવ તો ત્રિકાળ જ્ઞાનાનંદ શુદ્ધ છે છતાં પર્યાયમાં પરની સાથે એકત્વબુદ્ધિ કરે છે, તેને અહીં બંધન કહ્યું છે. મિથ્યાત્વના બંધનને જ અહીં મુખ્યપણે બંધન ગણ્યું છે. પર પદાર્થની ક્રિયા મારાથી થાય અને પર પદાર્થની ક્રિયાથી મારામાં લાભ-નુકશાન થાય—એમ બે પદાર્થની એકત્વબુદ્ધિ કરવી તે જ બંધન છે.

હું પરની હિંસા કરી શકું છું, તે અધ્યવસાન મિથ્યા છે કેમ કે પરજીવની હિંસા આત્મા કરી શકતો નથી. તે જીવનો તેના દેહ સાથેનો સંયોગ એના કારણે છૂટે છે, તેને બદલે “હું તે કરી શકું છું” એ મિથ્યા અભિપ્રાય છે. (૨) હું પર જીવને બચાવી શકું છું, પર આત્મા અને તેના શરીરનો સંયોગ હું રાખી શકું છું, તે મિથ્યા અધ્યવસાન છે. (૩) નારકીનું શરીર મળતાં હું નારકી છું એવો અધ્યવસાન કરે છે. પણ હું જીવ છું એમ અજ્ઞાની માનતો નથી. આત્મા કદી નારકીના શરીરવાળો છે જ નહિ છતાં તેને પોતાનું માને છે તે મિથ્યા અધ્યવસાન છે. (૪) તિર્યંચ એટલે ઢોરના ભવમાં ગાયનું શરીર મળે તો હું ગાય છું. કૂતરાનું શરીર મળે તો હું કૂતરો છું પણ હું ચૈતન્ય છું એમ અજ્ઞાની માનતો નથી. તેથી તેને મિથ્યા અધ્યવસાન છે. (૫) હું મનુષ્ય છું. મનુષ્યના દેહની ક્રિયા હું કરી શકું છું, હું હતો તો શરીર ચાલ્યું, એવી એકત્વબુદ્ધિ કરે છે, તે જ બંધ છે. (૬) હું દેવ છું, સ્વર્ગમાં ઉત્પન્ન થનારો હું છું એમ માનનારની દ્રષ્ટિ શરીર ઉપર છે પણ આત્મા ઉપર નથી. પરની સાથેની એકત્વબુદ્ધિનો તેનો આ અધ્યવસાય મિથ્યાત્વને પામે છે. (૭) હું પુણ્યરૂપે ઉત્પન્ન થાઉં છું, એ બંધ પર્યાયમાં એકત્વબુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે. તે પર્યાયને આખો આત્મા માને છે. સ્વભાવને માનતો નથી. (૮) આત્મા પાપભાવરૂપે થનારો છે, પણ “જ્ઞાતાપણે રહેનારો છે” એમ જે માનતો નથી તે પણ વિકારમાં એકત્વબુદ્ધિ કરનાર મિથ્યાદ્રષ્ટિ છે.

હું પુણ્ય-પાપરૂપે કે મનુષ્યાદિરૂપે છું એવો જેને આભાસ છે, તેને હું ચૈતન્ય જ્ઞાતા ત્રિકાળ શુદ્ધ સ્વભાવી છું—એવો ભાસ થતો નથી. આ દ્રષ્ટિના વિષયની વાત છે. સવારમાં પ્રવચનસારમાં નયોની વાત ચાલે છે. એ જ્ઞાનપ્રધાનથી વાત છે. એમાં તો વિકારનો કરનાર આત્મા છે એમ કહ્યું છે અને અહીં તો કહે છે કે

વિકારનો અંશ પણ આત્માનો નથી. એમ અહીં દ્રષ્ટિનો વિષય વર્ણવ્યો છે. તેથી સવાર કરતાં જુદી વાત છે.

## (૯) ધર્મદ્રવ્ય જ્ઞાનનું જ્ઞેય છે. તે જ્ઞેયના વિચારથી જ્ઞાન ખીલે છે એમ માનનાર ધર્મદ્રવ્યને પોતારૂપ કરે છે.

હવે જ્ઞાનમાં આવતા ધર્માસ્તિકાયની વાત કરે છે. ચૌદ રાજલોક પ્રમાણે ધર્માસ્તિકાય નામનો એક પદાર્થ છે, તે જ્ઞાનનું જ્ઞેય છે. તે જ્ઞેયનો વિચાર કરતાં જે વૃત્તિ ઊઠી, તેનાથી મારા સ્વભાવને લાભ થશે અને તે પદાર્થથી મારો જ્ઞાન પ્રકાશ ખીલશે—તે મિથ્યાબુદ્ધિ છે. ચૈતન્યનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ અનાદિનો છે. તેને ભૂલીને ધર્માસ્તિકાય સંબંધીના શુભ વિકલ્પથી આત્માનું જ્ઞાન ખીલે એમ જે માને, તે ધર્માસ્તિકાયને પોતારૂપ કરે છે. સ્વભાવની અરુચિ કરીને ધર્મદ્રવ્યની રુચિ કરી—તે જ મિથ્યાત્વનું પાપ છે.

આત્માનો સ્વભાવ ધર્માસ્તિકાયને જાણવાનો છે. તેને બદલે તેનો વિકલ્પ ઉઠાવી લાભ માનવો, તે જ મિથ્યા અધ્યવસાન છે. ધર્મદ્રવ્યને જૈન સિવાય અન્ય કોઈ માનતા નથી પણ અહીં તો ધર્મદ્રવ્યને માનીને તેનાથી લાભ માને છે, તેની વાત ચાલે છે. પોતાની સન્મુખતા છોડીને પરથી લાભ માને તે મિથ્યાદ્રષ્ટિ છે. પોતે જ્ઞાતા ચૈતન્ય સ્વભાવી છે. તેનો જ્ઞાનસ્વભાવ આત્મામાં છે. એને બદલે પરનો વિચાર કરવાથી પોતાને જ્ઞાનપ્રકાશ ખીલે —એમ માનનાર મૂઢ છે. અહીં કોઈની હિંસા કરવાનો તો ભાવ કર્યો નથી પણ પરથી લાભ માનતાં પોતાની હિંસા તેને થઈ રહી છે. આત્માનો સ્વભાવ જ્ઞાન છે. તે નિમિત્ત કે સંયોગના આશ્રયે પ્રગટ થતો નથી, એમ ન જાણતાં ધર્માસ્તિકાયના વિચારથી પ્રગટ થાય—એમ માનવું તે મિથ્યા અધ્યવસાન છે.

## (૧૦) જાણવામાં આવતા અધર્મ દ્રવ્યના અધ્યવસાનથી પોતાને અધર્મ દ્રવ્યરૂપ કરે છે.

પુદ્ગલ અને ચેતન સ્વયં ગતિપૂર્વક સ્થિતિ કરે છે ત્યારે તેને નિમિત્ત એક અધર્માસ્તિકાય દ્રવ્ય છે, તે લોકાકાશ પ્રમાણ છે. તે અધર્માસ્તિકાયનો વિચાર કરતાં મારું જ્ઞાન ખીલે છે એમ માનનાર પોતાનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે તે પોતાથી ખીલે છે એમ માનતો નથી. તે પોતાને અધર્માસ્તિકાયરૂપ કરે છે. તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે. તે અજીવ પદાર્થ છે છતાં તેનાથી આત્માનું જ્ઞાનખીલે છે એમ માને છે, તે જીવ-અજીવને એકત્વ કરનારો અધ્યવસાન છે. તે જ બંધન છે, સંસાર છે.

## (૧૧) જાણવામાં આવતા અન્ય જીવના અધ્યવસાનથી પોતાને અન્ય જીવરૂપ કરે છે.

ત્રિલોકીનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ ભગવાન છે. એના તરફના વલણથી આત્માને જ્ઞાન પ્રગટ થશે અને ધર્મ થશે, એમ માનનાર સર્વજ્ઞદેવમાં એકત્વબુદ્ધિ કરે છે. જાણવામાં આવે છે કે આ સર્વજ્ઞદેવ છે. તે જ્ઞાનનું જ્ઞેય છે. છતાં તેને જ્ઞેયપણે ન રાખતાં, તેના તરફનો રાગ કરું તો મને લાભ થશે એમ માનનાર સર્વજ્ઞદેવને પોતારૂપ કરે છે. જ્ઞાનની મૂડી તો આત્મામાં છે. તેને ભૂલીને જ્ઞાન સર્વજ્ઞથી ખીલે, એમ જે માને છે; તે સર્વજ્ઞના આત્માને અને પોતાના આત્માને એક માને છે. સ્ત્રી, કુટુંબ આદિની શ્રદ્ધા તો છોડી હોય પણ સુદેવાદિની શ્રદ્ધા કરું તો તેનાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય, એમ જે માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે. તે સર્વજ્ઞદેવ કે જે પોતાથી અન્ય જીવ છે, તેને પોતારૂપ કરે છે તે અધ્યવસાન મિથ્યા છે.

## જ્ઞાનમાં ગુરુ જણાતાં એનાથી મને લાભ થશે એમ માનનાર અન્ય જીવને પોતારૂપ કરે છે.

આત્માના જ્ઞાનમાં જણાય કે આ ગુરુ છે પણ તેને જાણતાં મારું જ્ઞાન એનાથી ખીલશે અને એની ઉપાસના કરવાથી મને લાભ થશે, એમ જે માને છે તે સ્વસન્મુખ થવાથી જ્ઞાન પ્રગટ થાય—એમ માનતો નથી. દેવગુરુથી મારું કલ્યાણ થશે, તેનાથી મને લાભ થશે એમ માનનાર બહિર્મુખ દ્રષ્ટિવાળો છે. દેવગુરુનું બહુમાન કરતાં મારું કલ્યાણ એનાથી થશે એમ માને છે પણ પોતાની ચૈતન્ય શક્તિથી કલ્યાણ થશે—એમ જે માનતો નથી, તે અન્ય જીવને પોતારૂપ કરે છે.

## સ્ત્રી, કુટુંબાદિની અનુકૂળતા હોય તો ધર્મ થાય એમ માનનાર અન્ય જીવને પોતારૂપ કરે છે.

સ્ત્રી, પુત્ર વગેરે કુટુંબીજનો મને અનુકૂળ છે માટે મને ધર્મ થશે, એ માન્યતા મૂઢ જીવની છે. તે જીવ પોતાની શાંતિ અને સ્વભાવ પરમાંથી આવશે એમ માને છે તેથી મિથ્યાદ્રષ્ટિ છે. તેણે ખરેખર આત્મધર્મને અનંતકાળથી એક ક્ષણ પણ સાંભળવાની દરકાર કરી નથી. મિથ્યાદ્રષ્ટિ જીવ આ રીતે અન્ય જીવને પોતાનું સ્વરૂપ માની રહ્યો છે. જે પરથી લાભ માને છે તે પોતાથી લાભ થાય એમ માનતો નથી. બહાર અનુકૂળ સામગ્રી હોય તો ધર્મ થાય અને પ્રતિકૂળ હોય તો ધર્મ ન થાય, તે પરને અને આત્માને એક માને છે, તે જ સંસાર છે.

કુગુરુનો આશીર્વાદ મળે તો પછી ધર્મ થાય, એમ માનનાર પર જીવોને પોતારૂપ કરે છે. પર જીવ પોતામાં પ્રવેશ કરી શકતો નથી છતાં આ રીતે અનંત જીવોને તે પોતાના કરે છે. ભગવાને નિગોદના શરીરમાં અનંતા જીવો કહ્યા છે. એવી કબૂલાત તો કરી પણ સર્વજ્ઞે અનંતા જીવો જોયા છે અને કહ્યા છે માટે અનંતા જીવો છે એમ નથી. અને જીવો છે માટે જ્ઞાન છે એમ પણ નથી. છતાં તે જીવો છે માટે મારું જ્ઞાન છે એમ અજ્ઞાની માને છે, તે પર અનંતા જીવોને પોતારૂપ કરે છે. આત્માની સ્વ-પર પ્રકાશક શક્તિ છે તે પોતાથી પ્રગટ થાય છે તેને તે જાણતો નથી. અહીં અનંતા જીવો છે માટે તેની દયા પાળવી એ વાત કહેવી નથી પણ તે અનંતા જીવો છે તો જ્ઞાન છે, એમ જે માને છે, તે મિથ્યાદ્રષ્ટિ છે એમ કહેવું છે. જ્ઞેયની અનંતતાએ જ્ઞાનની અનંતતા છે એમ નથી. પણ જ્ઞાનની અનંત જ્ઞેયને જાણવાની શક્તિ છે. છતાં જે જીવ જ્ઞેયથી જ્ઞાન થાય એમ માને, તે અન્ય જીવને અને આત્માને એક કરે છે.

## <u>જેવું જ્ઞેય હોય તે પ્રમાણે જ્ઞાન થાય છે<br>છતાં જ્ઞેયથી જ્ઞાન છે, એમ નથી.</u>

ત્રાજવાના એક પલ્લામાં પાંચ મણ ચોખાની ગુણ હોય અને સામેના પલ્લામાં પાંચ મણ તોલા મૂક્યાં હોય. બન્ને સરખાં હોવા છતાં તોલાના કારણે માલ નથી અને માલના કારણે તોલા નથી. તેમ જ્ઞેય પ્રમાણે જ્ઞાન હોય છતાં જ્ઞેયના કારણે જ્ઞાન થતું નથી. જો કોઈ જ્ઞેયના કારણે જ્ઞાન માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે. જે લોકો નિગોદના શરીરમાં અનંતા જીવો છે એમ માનતા નથી, તેની તો અહીં વાત નથી પણ તે અનંતાજીવો છે માટે મને તે અનંતા જીવોનું જ્ઞાન થયું છે એટલે કે તેની અનંતતાથી મારી અનંતતા છે એમ જે માને છે, તે પોતાની અનંતતાને ચૂકે છે. મારો જ્ઞાનસ્વભાવ પરને લીધે નથી એમ તે માનતો નથી. તે પોતાના આત્માનો અનાદર કરીને પર જીવને પોતાના માને છે તેથી તેને મિથ્યાત્વનું પાપ લાગે છે.

<u>નિશ્ચયથી જ્ઞાન સ્વને જાણે છે ને એમાં પર જણાઈ જાય છે. એટલે પરને જાણવું તે વ્યવહાર છે.</u> છતાં પર જ્ઞેયથી જ્ઞાન થાય છે, એમ જે માને છે, તે આત્માને પરરૂપ કરે છે. જે એમ માને છે કે શ્રોતા ઘણા હોય તો જ્ઞાન વધારે ખીલે, તે જીવ મૂઢ છે કેમ કે તે શ્રોતાના કારણે પોતાનું જ્ઞાન ખીલવવા માગે છે. પણ અંતરના અવલંબને મારું જ્ઞાન ખીલે એમ તે માનતો નથી. વળી તે કહે છે કે પૈસા વગેરે તો દાનમાં દેવાથી ખૂટી જાય પણ જ્ઞાનદાન તો પરને દેવાથી વધે છે. જેમ

જેમ બીજાની સાથે વધારે ચર્ચા કરીએ તેમ તેમ જ્ઞાન વધે. તે પરથી મારું જ્ઞાન ખીલે—એમ માને છે. તે પણ અન્ય જીવને પોતારૂપ કરે છે.

આ વિષય શાંતિથી વિચારવા જેવો છે. અનંતકાળથી પરનું કરી કરીને પરથી શાંતિ લેવા માગે છે પણ તે તો રાગ છે. તેનાથી આત્માની શાંતિ થાય એમ માને છે, તે પોતાના સ્વભાવનો ખૂની છે. પરથી ત્રણકાળમાં લાભ થતો નથી. અજ્ઞાની કહે છે કે મેં તમોને ઉપદેશ આપ્યો તેનાથી તમોને જે લાભ થયો તેમાં મારો હિસ્સો છે અને તમે સમજ્યા તો અમને કાંઈક ભાતું આપો એટલે કે કાંઈક બાધા લ્યો તો અમોને લાભ થાય, એમ મૂર્ખાઈ કરીને પરથી લાભ માને છે. તે પર જીવને અને પોતાના આત્માને એક કરે છે. આત્માની પૃથક્તાને તે જાણતો નથી. પર ચીજ હોય છે ખરી પણ જો તેના સામું જોવાથી જ્ઞાન પ્રગટે તો પોતા સામું જોવાનું રહેતું નથી. માટે જે વિધિ છે અને જે વસ્તુસ્થિતિ છે તે ખ્યાલમાં ન આવે તો લાભ થાય નહિ. વસ્તુસ્થિતિ ફરે એમ નથી. માટે પ્રથમ વસ્તુસ્થિતિ ખ્યાલમાં લેવી જોઈએ. અહીં તો જ્ઞાનને જ્ઞાનરૂપ કરવાની વાત છે. પોતા સિવાય અન્ય દેવ, ગુરુ કે સ્ત્રી, પુત્રાદિથી આત્માને લાભ થાય એમ માનનાર અન્ય જીવોને અને પોતાના આત્માને એક કરે છે. બન્ને પૃથક્ છે અને તે માનતો નથી માટે તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે.

## (૧૨) જાણવામાં આવતા પુદ્ગલના અધ્યવસાનથી પોતાને પુદ્ગલરૂપ કરે છે.

ભગવાનની પ્રતિમા અચેતન જડ છે, પુદ્ગલ છે, તેને જોવાથી મને જ્ઞાન થશે એમ જે માને છે તે જડને આત્મા માને છે. જ્ઞાની તે પ્રતિમાને પોતારૂપ કરતો નથી કેમ કે જ્ઞાનીને ચૈતન્ય સ્વભાવની દ્રષ્ટિ છે. સ્વભાવદ્રષ્ટિ હોવા છતાં હજુ રાગ છે ત્યાં સુધી પ્રતિમાદિ ઉપર લક્ષ ગયા વગર રહે નહિ. પણ તે રાગ, પ્રતિમાના કારણે થાય છે એમ જ્ઞાની માનતો નથી. પ્રતિમા છે માટે રાગ, થાય છે અને પ્રમોદ આવે છે—એમ જે માને છે તે પુદ્ગલદ્રવ્યને પોતારૂપ કરે છે.

રાગ હોય ત્યારે એવું નિમિત્ત હોય છે, પણ એ ચીજને લઈને રાગ થાય છે એમ જ્ઞાની માનતો નથી. કોઈ કહે કે દેવદર્શનથી સમ્યગ્દર્શન થાય છે એમ શાસ્ત્રમાં આવે છે ને ?–તેનો અર્થ એવો છે કે સમ્યગ્દર્શન આત્મા પ્રગટ કરે છે તે પહેલાં તેનું લક્ષ ક્યા નિમત્ત ઉપર હતું–તે નિમિત્તનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કહેવામાં આવે છે કે દેવ દર્શનથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. પણ ખરેખર તેનાથી

આત્માને સમ્યગ્દર્શન થાય છે, એમ નથી. પ્રતિમાથી લાભ માને તે પુદ્‌ગલદ્રવ્યને અને આત્માને એક કરે છે.

## સમ્મેદશિખરાદિની જાત્રાથી જ્ઞાન ખીલે અને ધર્મ થાય એમ જે માને છે તે પુદ્‌ગલને પોતારૂપ કરે છે.

સમેતશિખર, શેત્રુંજય અને ગિરનાર તે પુદ્‌ગલ દ્રવ્યની પર્યાય છે. તેનાથી મારા ચૈતન્યની અવસ્થા ખીલે અથવા શાંતિ મળે એમ માનનાર પુદ્‌ગલદ્રવ્યને અને આત્માને એક કરે છે. જ્ઞાનીને અલ્પ રાગ છે ત્યાં સુધી તેવા પ્રકારના રાગના પરિણામ હોય છે ખરા, પણ તે જાણે છે કે આત્માનો સ્વ–પરપ્રકાશક જ્ઞાનસ્વભાવ પોતાથી છે, તે જાત્રા કરવાથી ખીલતો નથી પણ તે મારા જ્ઞાનનું જ્ઞેય છે. એ વખતની જ્ઞાનની લાયકાત તે જ જ્ઞેયને જાણવાની છે ત્યારે તેવું નિમિત્ત હોય છે. અજ્ઞાની તે નિમિત્તના કારણે પોતાનું જ્ઞાન માને છે. તે આત્માના સ્વભાવને ભૂલે છે, તે મોટું શલ્ય છે.

## દિવ્યધ્વનિ સાંભળવાથી આત્મામાં જ્ઞાન થાય એમ માનનાર પુદ્‌ગલદ્રવ્યને પોતારૂપ કરે છે.

સાક્ષાત્ ત્રિલોકીનાથ તીર્થંકરનો દિવ્યધ્વનિ પણ આત્માના સમ્યગ્જ્ઞાનને પ્રગટ કરતો નથી. છતાં અજ્ઞાની તે દિવ્યધ્વનિમાંથી અથવા તો ગુરુની વાણી સાંભળવાથી જ્ઞાન ખીલે અને આત્માનો વિકાસ થાય, એમ માને છે તે પુદ્‌ગલદ્રવ્યને પોતારૂપ કરે છે. તે સાંભળવાથી જ્ઞાન થયું, એમ કહેવાય છે, તે તો વ્યવહારનયનુ કથન છે. ભગવાનની વાણી પણ પુદ્‌ગલદ્રવ્યની પર્યાય છે. તે પુદ્‌ગલથી આત્માને લાભ થતો નથી. અજ્ઞાની એમ કહે કે વાણીથી લાભ થતો નથી તો વાણી સાંભળવા શા માટે જાય છે? તેનો ઉત્તર : ખરેખર તો વાણી સાંભળવા કોઈ જતુ નથી અને કોઈ આવતું નથી પણ તે પ્રકારનો રાગ હોય છે તે વખતે વાણીનું નિમિત્ત હોય છે પણ વાણીથી જ્ઞાન થતું નથી.

શાસ્ત્રથી જ્ઞાન થતું નથી. સમયસાર વાંચવાથી જ્ઞાન વધી ગયું, એમ માનનાર પુદ્‌ગલને પોતારૂપ કરે છે. કેમ કે શાસ્ત્ર પુદ્‌ગલદ્રવ્યની પર્યાય છે. કોઈ કહે કે જો શાસ્ત્રથી જ્ઞાન થતું નથી તો સમયસાર કેમ વાંચો છો ? પદ્મપુરાણાદિ કેમ વાંચતા નથી ? તેને કહે છે કે શાસ્ત્ર તો તેના સ્વકાળે આવવાનું હોય તે આવે છે, તેને કોઈ લાવતું નથી. જ્ઞાનીને તે વાંચવાનો રાગ હોય છે તે વખતે તે શાસ્ત્ર

નિમિત્ત હોય છે, પણ તેનાથી જ્ઞાન થાય તેમ તે માનતા નથી. અજ્ઞાની પર ચીજ ઉપર જોર આપે છે તે યથાર્થ નથી. સ્વ ઉપર જોર આપવું જોઈએ અને તેથી જ્ઞાન ખીલે છે. શાસ્ત્રથી જ્ઞાન ખીલતું નથી.

અજ્ઞાની એમ માને છે કે પ્રસન્નચંદ્ર રાજર્ષિએ માથું મૂંડાવ્યું હતું તો કેવળજ્ઞાન થયું. કેમ કે માથા ઉપર હાથ મૂકતાં તેને ખ્યાલ આવ્યો કે હું મુનિ છું, પણ મસ્તક મૂંડાવ્યાથી કેવળજ્ઞાન થયું નથી. શરીરની નગ્નદશા વગેરે પુદ્ગલદ્રવ્યની પર્યાય છે. તેનાથી જીવની પર્યાય ઊઘડે, એમ માનનાર પુદ્ગલદ્રવ્યને પોતારૂપ કરે છે. પોતે આત્મા નક્કોર ભૂમિકાવાળો છે. અંદર સ્વભાવનો ખજાનો ખૂટે એવો નથી, તેને મૂઢ જોતો નથી. તે મૂઢ પુદ્ગલથી આત્માની પર્યાય ખીલે એમ માને છે. સાત્ત્વિક ખોરાક લેવામાં આવે તો સાત્ત્વિક બુદ્ધિ થાય અને પછી તેનાથી ધર્મ થાય. સાત્ત્વિક દૂધ કે બદામની પર્યાય પુદ્ગલની છે, તેનાથી લાભ માનનાર તેને અને આત્માને એકરૂપ કરે છે. અન્ન તેવું મન એમ કહેવાય છે. તે નિમિત્તનું કથન છે.

પુદ્ગલ તો જ્ઞાનનો વિષય છે પણ તે છે માટે જ્ઞાન ખીલે છે એમ નથી. શરીર મજબુત હોય તો ધર્મ થાય એમ નથી. જો શરીરને કારણે ધર્મ થતો હોય તો સમુદ્રમાં હજાર જોજનનાં માછલાં થાય છે, તેને કેવળજ્ઞાન થવું જોઈએ પણ એમ બનતું નથી. માટે શરીર સાધન નથી પણ અંતર સન્મુખ થવું તે સાધન છે. આત્મા પોતે પોતાના સ્વભાવને ચૂકીને જીવાદિ છ દ્રવ્યોને પોતારૂપ કરે છે તે બંધ છે. આવું બંધનું સ્વરૂપ જાણે તો પર્યાયબુદ્ધિ ટાળી સ્વભાવબુદ્ધિ કરે એને ધર્મ થાય છે.

*

# પ્રસાદ નં. ૨૮૨

## સમયસાર ગાથા ૨૬૮-૨૬૯

*(શ્રાવણ સુદ ૭, ગુરૂવાર, ૨૦૦૭)*

આત્માને ભાવબંધ કેમ થાય છે ? એટલે કે આત્માનો નિર્બંધ સ્વભાવ કેમ ઢંકાય છે ? આત્માનો નિર્મળ સ્વભાવ છે, તેની દ્રષ્ટિ નહિ રાખતાં પરની ક્રિયા મારાથી થાય છે, તે માન્યતા જ બંધભાવ છે. પરની એકત્વબુદ્ધિને અહીં બંધન કહ્યું છે. હું પરને મારી શકું છું, જિવાડી શકું છું. સુખ-દુઃખ આપી શકું છું. લાભ-નુકશાન કરી શકું છું—તે બધો બંધનભાવ છે. એ રીતે પુણ્ય-પાપ થાય તેની જેને રુચિ છે, તે પણ મિથ્યા અધ્યવસાન બંધનું કારણ છે. અબંધ દ્રષ્ટિ વડે મારી ખીલવટ થવી જોઈએ તેમ ન માનતાં પરની સાથે એકત્વ કરે છે તે બંધન છે.

જાણવામાં આવતા પુદ્‌ગલના અધ્યવસાનથી પુદ્‌ગલને પોતારૂપ કરે છે તે વાત અહીં ચાલે છે. શરીર, વાણી, મન, કર્મ વગેરે પુદ્‌ગલ જ્ઞાનમાં જણાય છે. છતાં તે હોય તો મને ઠીક પડે ને તેનાથી મને લાભ થાય—એવો અભિપ્રાય સ્વભાવની એકતાનો નાશ કરે છે અને પરમાં એકત્વબુદ્ધિ કરે છે. સારું સંઘયણ હોય તો ધર્મ થાય એમ માનનાર પરમાં એકત્વબુદ્ધિ કરે છે.

## (૧૩) જાણવામાં આવતા લોકાકાશના અધ્યવસાનથી પોતાને લોકાકાશરૂપ કરે છે.

શાસ્ત્રમાં લોકાકાશનું વર્ણન આવે છે. તે સાંભળીને તેનો વિકલ્પ ઉઠાવે ને તેનાથી મને સમ્યગ્જ્ઞાન થશે એમ જે માને છે, તે લોકાકાશને પોતારૂપ કરે છે. જમીનનો દસ્તાવેજ કરાવે છે ત્યારે આકાશ અને પાતાળ સુધીનો બધો હક અમારો છે તેમ લખાવે છે. તે પણ આકાશને પોતારૂપ કરે છે. તેને સ્વભાવની બુદ્ધિ રહેતી નથી. વળી આત્માના પ્રદેશ જેટલા લોકાકાશના પ્રદેશો છે તેવો વિકલ્પ કરી આત્માને લાભ માનવો, તે પણ આત્માનો અનાદર છે. આત્મા છ દ્રવ્યોનો વિચાર કરે છે તે પણ રાગ છે અને બંધન છે. જ્ઞાનીને છ દ્રવ્યના વિચાર આવે પણ તેમાં તેને એકત્વબુદ્ધિ નથી. પોતાના સ્વભાવને ભૂલીને તે વિકલ્પમાં પોતાપણું કરતો નથી. અજ્ઞાની કોઈપણ પરચીજ એવી નથી કે જેને તે પોતાપણે કરતો નથી. એક પોતાના આત્માને તે પોતાપણે કરતો નથી. પરવસ્તુ પોતાપણે થતી નથી તેમ પોતે પરપણે થતો નથી છતાં અજ્ઞાની પોતાને પોતારૂપ માનતો નથી અને પરને પરરૂપ માનતો નથી. તે તેનો અભિપ્રાય મિથ્યા છે ને તે બંધન છે.

## (૧૪) જાણવામાં આવતા અલોકાકાશના અધ્યવસાનથી પોતાને અલોકાકાશરૂપ કરે છે.

અલોકાકાશ છે તેનો વિચાર કરતાં તે આકાશ અનંત, અનંત છે, તેનો પાર નથી. એવા વિચારમાં રાગ થાય છે, તે વિચાર કરતાં આત્માનું જ્ઞાન ખીલે છે એમ અજ્ઞાની માને છે. તે અલોકાકાશને પોતારૂપ કરે છે. મારી અનંતતા છે, મારી પ્રભુતા ત્રિકાળ પડી છે—તેની પ્રતીતિ છોડીને તે અલોકાકાશનો મહિમા કરે છે. તેથી તેને મિથ્યાત્વ થાય છે. જેનાથી સ્વભાવદ્રષ્ટિ પ્રગટ થાય છે એવું અંતરવલણ છોડી, વિકલ્પ અને સંયોગોના જોરે સ્વભાવ પ્રગટશે એમ જે માને છે, તે મિથ્યા અભિપ્રાય અલોકાકાશને પોતારૂપ કરે છે.

## આ રીતે અજ્ઞાની આત્મા અધ્યવસાનથી પોતાને સર્વરૂપ કરે છે.

અજ્ઞાની જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં સર્વને પોતારૂપ કરે છે. સમેતશિખર જાય ત્યાં ભગવાનનાં પગલાં જોઈને તે માને છે કે અહો ! અમે ન્યાલ થઈ ગયા. સ્વભાવને ભૂલી ને તે પરમાં કલ્યાણ માની રહ્યો છે. અજ્ઞાની માને છે કે સમેતશિખર અને શેત્રુંજયની જાત્રા કરે તે ત્રીજે ભવે મોક્ષમાં જાય છે. જેમાંથી મોક્ષમાર્ગ અને મોક્ષની પર્યાય પ્રગટ થાય છે એવા આત્મસ્વભાવનો તે અનાદર કરે છે અને પરનો આદર કરે છે તે મિથ્યાત્વ છે.

**ભાવાર્થ :—**આ અધ્યવસાન અજ્ઞાનરૂપ છે તેથી તેને પોતાનું પરમાર્થસ્વરૂપ ન જાણવું. તે અધ્યવસાનથી જ આત્મા પોતાને અનેક અવસ્થારૂપ કરે છે. અર્થાત્ તેમનામાં પોતાપણું માની પ્રવર્તે છે. કાયમી આત્માનું જે સ્વરૂપ છે તેને ચૂકીને પરમાં એકત્વ કરે છે, તેને આત્માનું ભાન નથી. પરદ્રવ્યથી એટલે દેવગુરુશાસ્ત્રથી, પરક્ષેત્ર એટલે સમેતશિખરાદિથી, પરકાળ એટલે ચોથો આરો વગેરેથી અને પરભાવથી એટલે શુભાશુભભાવથી આત્માનું કલ્યાણ થશે, એવો અધ્યવસાન તે આત્માનું પરમાર્થ સ્વરૂપ નથી. તે તો સ્વભાવભાવને રોકનાર છે. મૂળ પાઠમાં **सव्वे करेई** શબ્દ પડ્યો છે એટલે અજ્ઞાની આત્મા પોતાને સર્વરૂપ કરે છે. જ્ઞાની પોતે જ્ઞાયક છે. એમાં સર્વસ્વપણું કરે છે એ સિવાય કોઈ આત્મા પરનું તો કાંઈ કરી શકતો જ નથી. અજ્ઞાની પોતાની પ્રભુતાને ભૂલીને પરમાં એકત્વબુદ્ધિ કરે છે તે બંધ છે.

હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનની સૂચનિકારૂપે શ્લોક કહે છે :—

## કળશ ૧૭૨

**અર્થ :—**વિશ્વથી (સમસ્ત દ્રવ્યોથી) ભિન્ન હોવા છતાં આત્મા જેના પ્રભાવથી પોતાને વિશ્વરૂપ કરે છે એવો આ અધ્યવસાય—કે જેનું મોહ જ એક મૂળ છે તે—જેમને નથી તે જ મુનિઓ છે.

આ કળશમાં બંધતત્ત્વ શું છે ? તે વર્ણવે છે. અહીં વિશ્વ એટલે બધાં દ્રવ્યો આત્માથી ભિન્ન છે. સમસ્ત પુણ્ય-પાપ—દયા, દાન, હિંસા આદિના ભાવો છે તે પણ વિશ્વ છે, તે પર દ્રવ્ય જ છે. કેમકે સ્વરૂપમાં ટકે એવું એનું સ્થાન નથી. પરને મારવાનો–જિવાડવાનો ભાવ, સુખ-દુઃખાદિ દેવાનો ભાવ, અને અન્ય જીવો તથા પુદ્‌ગલો વગેરેની અવસ્થાને જે પોતાની માને છે તે જ મોહનું મૂળ છે. અહીં કાળ દ્રવ્ય લીધું નથી કેમ કે પર દ્રવ્યની જે જે અવસ્થા છે તે બધી તેનો સ્વકાળ છે. તે બધી અવસ્થાને આત્મા પોતારૂપ કરે છે એટલે એમાં કાળનો સમાવેશ થઈ જાય છે. એટલે કોઈ દ્રવ્યને પોતાપણે કર્યા વગર અજ્ઞાની રહેતો નથી. આત્મા તે બધા પદાર્થોથી જુદો હોવા છતાં પોતાને તે દ્રવ્યોરૂપે કરે છે. તે પરની એકત્વબુદ્ધિરૂપ અધ્યવસાનનો પ્રભાવ છે.

હું બીજાને લાભ—નુકશાન કરી શકું છું એનો અર્થ એ થાય છે કે મારી પર્યાય ત્યાં જઈ શકે છે. એટલે પોતાને તે દ્રવ્યરૂપે કરે છે. વજ્રકાયથી કેવળજ્ઞાન થાય એમ માનનાર પરદ્રવ્યરૂપ પોતાને કરે છે. શુભરાગની પર્યાયથી પણ મોક્ષ ન થાય તો શરીરનાં હાડકાંથી મોક્ષ થાય એમ કદી બનતું જ નથી. પરને પોતારૂપ કરવાના અધ્યવસાનનું કારણ મોહભાવ છે. અજ્ઞાની પોકાર કરે છે કે આ એકાંત થાય છે, પણ આચાર્ય ભગવાન કહે છે કે, પોકાર કરો તો કરો, પણ વસ્તુસ્થિતિ જ એવી છે એમાં અમે શું કરીએ ? પરનું એકત્વ તે જ મિથ્યા અભિપ્રાય છે. એવો અભિપ્રાય જેને નથી તે સમ્યગ્દ્રષ્ટિ છે—મુનિ છે. પરની એકત્વબુદ્ધિ તે સંસાર છે અને પૃથક્‌બુદ્ધિ તે સમ્યગ્દર્શન છે.

વ્યવહાર છે તો નિશ્ચય છે એમ જે માને છે, તે વ્યવહાર અને નિશ્ચય બન્નેને રાખતો નથી. તે બન્નેને એક કરે છે તે મિથ્યાદ્રષ્ટિ છે. નિમિત્ત—પરવસ્તુ હોય છે પણ નિમિત્ત હોય તો ઉપાદાનમાં કાર્ય થાય—એમ માનનાર બેને એક કરે છે. તે બેમાં એકપણાનો પ્રભાવ અજ્ઞાનીએ પોતે ઊભો કર્યો છે. તેનું મોહ એક જ કારણ છે. તે જેને નથી તે સમ્યગ્દ્રષ્ટિ છે. શુભ વિકલ્પ છે તો શુદ્ધતા પ્રગટ છે, એમ જે

માને છે તે બેમાં એકપણું કરે છે, તેને પૃથક્પણું રહેતું નથી. વિકલ્પ તો જ્ઞાનનું જ્ઞેય છે—એમ પૃથક્પણું કરે, તે સમ્યગ્દ્રષ્ટિ મુનિ છે.

આ અધ્યવસાય જેમને નથી તે મુનિઓ કર્મથી લેપાતા નથી—એમ હવેની ગાથામાં કહે છે. અહીં મુનિઓની પ્રધાનતાથી કથન કરેલ છે પણ સમ્યગ્દ્રષ્ટિની વાત પણ પેટામાં આવી જાય છે.

## ગાથા ૨૭૦

**એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતા નહિ જેમને,**
**તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.**

**અર્થ :—**આ (પૂર્વે કહેલાં) તથા આવાં બીજા પણ અધ્યવસાન જેમને નથી, તે મુનિઓ અશુભ કે શુભ કર્મથી લેપાતા નથી.

અહીં કહે છે કે પરની સાથે એકત્વબુદ્ધિ જેને નથી એટલે પરને હું લાભ—નુકશાન કરી દઉં, આદિ જે અધ્યવસાન જેમને નથી, તે મુનિઓ લેપાતા નથી, અસ્થિરતાના કારણે રાગદ્વેષ થાય એની વાત અહીં નથી પણ દ્રષ્ટિની મુખ્યતાની વાત છે. સ્વભાવદ્રષ્ટિમાં અલ્પ બંધનને બંધન ગણ્યું નથી.

ટીકા :—આ જે ત્રણ પ્રકારનાં અધ્યવસાન છે તે બધાંય પોતે અજ્ઞાનાદિરૂપ અર્થાત્ અજ્ઞાન, મિથ્યાદર્શન અને અચારિત્રરૂપ હોવાથી શુભાશુભ કર્મબંધનાં નિમિત્ત છે. પ્રથમ અધ્યવસાનને મિથ્યાત્વ કહ્યું હતું. અહીં અધ્યવસાનને ત્રણ પ્રકારથી કહે છે.

## હું પર જીવોને હણું છું ઇત્યાદિ અધ્યવસાન છે કેમ કે જ્ઞપ્તિ ક્રિયાવાળા આત્માનો અને હનનાદિ ક્રિયાનો ભેદ તે જાણતું નથી

હું પર જીવોને હણું છું ઇત્યાદિ જે આ અધ્યવસાન છે તે અજ્ઞાનમય છે; તેથી તે અધ્યવસાનવાળા જીવને સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે એવા આત્માને અને રાગદ્વેષના ઉદયમય એવી હનનાદિ ક્રિયાઓનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે.

આ આત્મા છે તેની સતરૂપ એટલે અસ્તિત્વરૂપ, અહેતુક એટલે સ્વયંસિદ્ધ જ્ઞપ્તિ એટલે જાણનક્રિયા છે. જે પર્યાય પરને લક્ષે થાય છે તે સતરૂપ, અહેતુક જાણનક્રિયા નથી. દ્રવ્યગુણની વાત નથી પણ પર્યાયની વાત છે. હું પરને બચાવી શકું છું, મારી શકું છું. સુખદુઃખ આપી શકું છું એવી પરની એકત્વબુદ્ધિ છે, તે અજ્ઞાન છે અને તે એક સમયનો પર્યાય છે. હું પરને લાભ કરું ને પર મને લાભ

કરે એવો અજ્ઞાનભાવ તે માયા છે એમ નથી, પણ આત્માની પર્યાયમાં તે ભાવ થાય છે. તે અજ્ઞાનમય છે. પર છે તો સમ્યગ્જ્ઞાનની પર્યાય છે એમ માનવામાં આવે તો સતરૂપ ક્રિયા રહેતી નથી અને નિમિત્ત અથવા વિકારને લીધે અવિકારી ક્રિયા થાય છે એમ માને તો અહેતુક ક્રિયા રહેતી નથી. પરથી પર્યાય પ્રગટે છે એમ જે માને છે તે અહેતુક સતરૂપ, પરની અપેક્ષા વગરની, પોતાની સ્વયંસિદ્ધ એક જાણનક્રિયા છે, એને માનતો નથી.

આત્માની જ્ઞપ્તિ એક ક્રિયા છે. વિકલ્પ અનેકરૂપ ક્રિયા છે. તે બન્ને ક્રિયાનું ભિન્નપણું છે તેમ જે જાણતો નથી તે અજ્ઞાનભાવ છે. આ ગાથામાં તો પર્યાય, દ્રવ્ય અને ગુણ તે ત્રણ પ્રકારે સતરૂપ, અહેતુક છે. તે પરથી એટલે બહારના કારણથી નથી તેમ કહે છે. તેમાં અહીં પ્રથમ પર્યાયની વાત કરે છે. આત્માની પર્યાય તો સતરૂપ, અકારણીય, જાણવાની એક જ ક્રિયા છે. એટલે દયાદાનાદિની ક્રિયા આત્માની છે જ નહિ. અહીં પુણ્ય પાપ કે રાગવાળો આત્મા છે એમ કહ્યું નથી ચૈતન્ય ત્રિકાળી આત્માના આશ્રયે પ્રગટેલી પર્યાયને અહીં સતરૂપ, અહેતુક, જ્ઞપ્તિ એક ક્રિયા છે એમ કહ્યું છે. નિર્વિકલ્પ, શાંતરૂપ જાણવાની એક જ ક્રિયા આત્માની છે.

અહીં તો ઘણું સિદ્ધ કર્યું છે, પહેલાં ન હતું અને પછી થયું એમ નથી કેમ કે તો સતરૂપ ક્રિયા રહેતી નથી અને તેનું કોઈ કારણ માનવામાં આવે તો તે ક્રિયા અહેતુક રહેતી નથી એટલે સતરૂપ અને અહેતુક જે ક્રિયા છે તે મુક્તિમાર્ગ છે. આ રીતે અહીં ક્રિયા સ્થપાય છે. અજ્ઞાની માને છે કે ક્રિયા ઉથાપાય છે. પણ જડની ક્રિયા જડમાં છે. વિકારની ક્રિયા બંધનરૂપ છે અને જ્ઞપ્તિ ક્રિયા તે સ્વભાવ છે—મુક્તિમાર્ગ છે, એવી જ્ઞપ્તિ ક્રિયાવાળો આત્મા છે અને રાગદ્વેષના ઉદયથી થયેલી પરની હિંસા આદિ હું કરું છું એ વિકારી ક્રિયા છે. આત્મા અને વિકારી ક્રિયાનો ભેદ જે જાણતો નથી, તે અધ્યવસાન અજ્ઞાનમય છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવી આત્મા કે જેની જ્ઞપ્તિ એક ક્રિયા છે. તે દયાદાનાદિની ક્રિયામાં એકપણું માને તો બેનું પૃથક્પણું રહેતું નથી. દયાદાનાદિની ક્રિયા આત્માની નથી કેમકે જ્ઞપ્તિ ક્રિયામાં રાગની ક્રિયા નથી છતાં બેને એક માને તો પૃથક્તા રહેતી નથી.

## જ્ઞપ્તિ ક્રિયા અને વિકારી ક્રિયાનો ભેદ જે જાણતો નથી તે અજ્ઞાન છે.

એક આંગળી છે તે બીજી આંગળીને કારણે છે એમ માનવું, તે પહેલી આંગળીને ભિન્ન માનતો નથી. તે આંગળી નિરપેક્ષ સાબિત થતી નથી. તે પોતાના

કારણે છે એમ માને તો પૃથક્તા રહે છે. તેમ સ્વાભાવિક જ્ઞપ્તિક્રિયા અને વિકારની ક્રિયા બન્નેને એકરૂપ માનવામાં આવે તો બન્ને ક્રિયાની પૃથક્તા સાબિત થતી નથી. તે પરની ક્રિયાનો એકત્વભાવ છે. તે જ અજ્ઞાન છે. જ્ઞપ્તિ ક્રિયા સતરૂપ અને અહેતુક છે. હિંસા, ચોરી, અબ્રહ્મચર્ય આદિના પરિણામ તે રાગદ્વેષના ઉદયમય છે. તે વિકાર અને જ્ઞપ્તિ ક્રિયાવાળા આત્માના લક્ષણના ભેદને જે જાણતો નથી તેને ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી તે અધ્યવસાન અજ્ઞાન છે. જેને આત્માનું ભાન નથી તે આત્માને અજ્ઞાનપણે જડ બનાવે છે. અબંધ સ્વભાવી આત્મા છે કે જેની સત્, અહેતુક, જ્ઞપ્તિ જ એક ક્રિયા છે એવા આત્મા સાથે એકત્વ કરવું જોઈએ, તેને બદલે વિકારમાં એકત્વ કરે છે તે અજ્ઞાન છે.

બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાન (અલ્પજ્ઞતા) રહે છે, તે અજ્ઞાનની અહીં વાત નથી. તે તો જ્ઞાનની અલ્પતા બતાવે છે. વિપરીતતા બતાવતું નથી. અહીં તો જે જ્ઞાનમાં વિપરીતતા છે, તે જ્ઞાન અજ્ઞાન છે એટલે મિથ્યાત્વ સહિતના જ્ઞાનની વાત છે. અહેતુક જ્ઞપ્તિક્રિયાવાળા આત્માને તે જાણતો નથી.

## જ્ઞપ્તિક્રિયાવાળો આત્મા છે એવી જેને શ્રદ્ધા નથી તે મિથ્યાદર્શન છે.

ભિન્ન આત્માનું અદર્શન (અશ્રદ્ધાન) હોવાથી તે અધ્યવસાન મિથ્યાદર્શન છે. અનંતકાળથી વસ્તુ કઈ રીતે છે એને ખ્યાલમાં લીધી નથી. હનનરૂપ ક્રિયા કે જે રાગદ્વેષમય છે—તે ક્રિયા અને આત્માની જ્ઞપ્તિક્રિયા—બન્નેનું ભિન્નપણું માનતો નથી અને એકપણું માને છે, તે શ્રદ્ધાન મિથ્યાદર્શન છે.

## ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી તે અધ્યવસાન અચારિત્ર છે.

હું પર જીવને હણું છું કે બચાવું છું ઇત્યાદિ પરિણામોનું અને આત્માની જ્ઞપ્તિક્રિયાનું ભિન્નપણું જાણ્યા વિનાની શ્રદ્ધા તો મિથ્યાદર્શન છે. તે બેને પૃથક્ જાણતો નથી. એ બન્ને હોય તો મારું આચરણ થાય એમ માનનાર જુદું આચરણ કરતો નથી. શુદ્ધ આહાર આવે તો મનશુદ્ધિ થાય. "પાણી એવી વાણી" અને "અન્ન તેવું મન" એમ પર પદાર્થની એકત્વબુદ્ધિ અજ્ઞાની કરે છે. વળી પરને બચાવવાનો ભાવ અને આત્માનો જ્ઞપ્તિરૂપ ભાવ એ બેની વહેંચણી કરતાં તેને આવડતું નથી તેથી તેનું આચરણ પણ અનાચરણરૂપ હોવાથી અચારિત્ર છે.

જ્ઞપ્તિક્રિયાથી આત્મા અભેદ છે અને પુણ્ય પાપાદિ વિકલ્પની ક્રિયાથી આત્મા ભિન્ન છે. તેને જે એક માને છે તે અનાચારી આત્મા છે. અજ્ઞાની વ્રતાદિ ક્રિયામાં આત્માનું આચરણ માને છે. તેને જ્ઞાન, દર્શન આદિ આચાર રહેતો નથી.

પરથી ચૈતન્યને લાભ માન્યો, તેને સ્વભાવનો આચાર પ્રગટ્યો નથી, તેને અનાચાર પ્રગટ્યો છે. તે અચારિત્ર છે. પરનું કરી શકતો નથી છતાં હું કરી શકું છું એવા અધ્યવસાનને અજ્ઞાન, અદર્શન અને અચારિત્ર છે એમ કહ્યું. તેને સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર હોતું નથી.*

# પ્રસાદ નં. ૨૮૩

## સમયસાર ગાથા ૨૭૦

*(શ્રાવણ સુદ ૮, શુક્રવાર, ૨૦૦૭)*

## આત્મા અબંધસ્વભાવી હોવાથી તેના લક્ષે બંધ થાય નહિ.

અનાદિથી અજ્ઞાની આત્મા પોતાના સ્વભાવને ચૂકીને પરને હું હણું છું, પરને હું બચાવું છું એ આદિ અધ્યવસાન કરે છે તે જ બંધ છે. પરને હું સુખીદુઃખી કરી શકું છું, પરને બંધાવું—મૂકાવું છું એ અધ્યવસાન છે. રાગ-દ્વેષના ઉદયમય ક્રિયા છે. શરીર, વાણી, મન આદિ પરની ક્રિયા તો જડ છે. છતાં હું એને કરી શકું છું, એમ માનવું તે અભ્યંતર મિથ્યાત્વરૂપ બંધનની ક્રિયા છે. આત્માની સત્, અહેતુક, જ્ઞપ્તિરૂપ એક ક્રિયા છે તે અવિકારી છે અને પરનું હું કરી દઉં એ વિકારી ક્રિયા છે. સ્વભાવના લક્ષે ઉત્પન્ન થયેલી ક્રિયા સતરૂપ છે. તે કોઈ પરના કારણથી ઉત્પન્ન થયેલી નથી. જાણવાના પરિણમનરૂપ ક્રિયા અને હનનાદિરૂપ વિકારી ક્રિયાનો તફાવત જાણ્યા વિના એકત્વબુદ્ધિ કરે છે, તે આત્માની સતરૂપ અહેતુક ક્રિયાને જાણતો નથી તે અજ્ઞાન છે.

## (૧) સ્વભાવની ક્રિયા અને રાગદ્વેષની ક્રિયાનો ભેદ જાણતો નથી તે અજ્ઞાન છે

આત્માની સતરૂપ અહેતુક જ્ઞપ્તિક્રિયા અને રાગદ્વેષના ઉદયવાળી ક્રિયા એક સમયે સાથે હોય નહિ. સમ્યક્ ક્રિયા વખતે મિથ્યાત્વની ક્રિયા હોય નહિ. સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થતી અવિકારી જ્ઞપ્તિની ક્રિયા અને રાગદ્વેષની ક્રિયાની ભિન્નતા જે જાણતો નથી, તે અજ્ઞાન છે અને રાગદ્વેષથી ભિન્ન જ્ઞપ્તિક્રિયા જેનું લક્ષણ છે એવા આત્માને શ્રદ્ધતો નથી, એ મિથ્યાદર્શન છે. જેને પર તરફનું વલણ છે તેને સ્વભાવનું વલણ હોતું નથી. તે પરમાં એકત્વબુદ્ધિ કરે છે તે મિથ્યાદર્શન અને અનાચરણરૂપ અચારિત્ર છે.

## સત્ રૂપ, અહેતુક જ્ઞપ્તિ એક જ આત્માની ક્રિયા છે, પુણ્યની ક્રિયા આત્માની નથી.

અહીં જ્ઞપ્તિરૂપ ક્રિયા છે તે એક જ આત્માની ક્રિયા છે એમ કહ્યું છે અને પ્રવચનસાર ગાથા ૧૭૨માં અલિંગગ્રહણના ૧૯મા બોલમાં આવ્યું છે કે વીતરાગી

પર્યાયનો અંશ અને ત્રિકાળી ધ્રુવ અંશ, તે બે એક થતા નથી એટલે કે પરપદાર્થ અને વિકાર તો આત્મા સાથે એક થતા નથી પણ મોક્ષમાર્ગરૂપ પર્યાય અને ધ્રુવસ્વભાવ બે અંશો એકરૂપ થતા નથી. તું આત્મા ચૈતન્ય સ્વરૂપી ભગવાન છો, તેને ભૂલીને પર તરફ વલણ કરી રહ્યો છો. હવે સ્વ તરફ રુચિ કર અને તેનું પોસાણ કરીને શરૂઆત તો કર કે ચૈતન્ય સ્વભાવી વસ્તુ છે, તેના આશ્રયે થયેલી અવિકારી ક્રિયા અને રાગદ્વેષની વિકારી ક્રિયા તે બન્ને ભિન્ન છે. વિકારી ક્રિયા વખતે નિર્વિકારી ક્રિયા હોય નહિ. આત્મા ધ્રુવ ચૈતન્યસ્વભાવી વસ્તુ છે અને પર્યાય એક સમયનો અંશ છે, તે અંશ કાયમરૂપે થતો નથી અને કાયમી સ્વભાવ પર્યાયરૂપે થતો નથી. બન્ને આત્માના અંશો છે. ધ્રુવ અંશ દ્રવ્યાર્થિકનયનો વિષય છે અને પર્યાય અંશ તે પર્યાયાર્થિક નયનો વિષય છે. તે એક થતા નથી. નિર્દોષ પર્યાય છે. 'છે' તે સામાન્ય છે માટે છે—એમ નથી. વસ્તુનો ઊઘડેલો અંશ અને કાયમી અંશ તે બન્ને સ્વતંત્ર છે. તે એકબીજારૂપે થતા નથી તો પછી ચાલુ કાળની પરની પર્યાયને હું કરું—એવો મિથ્યા અધ્યવસાન છે, તે આત્માના સ્વભાવની સાથે એકમેક થાય એમ બનતું જ નથી, એટલે કે જ્ઞપ્તિરૂપ ક્રિયા અને પરનું કરવારૂપ અધ્યવસાન–તે બન્ને એક થતા નથી. તે બન્નેની જુદાઈ ન જાણવી તે અજ્ઞાન છે અને મિથ્યાત્વરૂપ બંધન છે.

આત્માએ અનંતકાળમાં અનંતા ભવો નરકના કર્યા, નિગોદના કર્યા. ત્યાં માથું ઊંચે થતું ન હતું. પણ જ્યાં માણસનો ભવ મળ્યો ત્યાં અભિમાને ચડી ગયો. ભણતરના ડહાપણે ચડ્યો, પણ હું આત્મા છું તેને સમજવાની દરકાર કરી નહિ. અનંત ભવમાં અનંત આકુળતા સહન કરી, દુઃખના દરિયા ડહોળ્યા પણ સમજવાનાં ટાણાં આવ્યાં ત્યારે દરકાર કરતો નથી. આ ઉપદેશ પંચમકાળના પ્રાણીઓ માટે હોવા છતાં અજ્ઞાની મૂઢ તેનો નકાર કરે છે. કુંદકુંદાચાર્ય ભગવાને સમયસારની પહેલી ગાથાથી ઉપાડ્યું છે કે હું સિદ્ધ છું અને તમે બધા સિદ્ધ છો, નકાર કરીશ નહિ, હા પાડજે. અમે સિદ્ધને નમનારા છીએ, એટલે કે સિદ્ધને હૃદયમાં રાખનારા છીએ. સિદ્ધના પાડોશી છીએ એટલે કે સિદ્ધ જ છીએ. આવું સાંભળીને શિષ્ય નકાર કરતો નથી પણ હકાર લાવે છે. તેને આચાર્યદેવ સંભળાવે છે કે અમો સિદ્ધસ્વભાવી ચૈતન્ય છીએ, એમ સિદ્ધની સ્થાપના કરીએ છીએ. પંચમકાળ છે એટલે ક્રમે ક્રમે સિદ્ધદશા થશે પણ સિદ્ધદશાથી ઓછી વાત કરવી, તે અમારી પાસે નથી. આવાં ટાણાં આવ્યા અને સ્વરૂપને સમજવાની દરકાર ન કરે, તેનું કલ્યાણ થતું નથી.

હું છું તો વેપાર ચાલે છે, હું છું તો જીવ બચે છે, એ મિથ્યાત્વરૂપી ક્રિયા છે; તેનાથી જાણનક્રિયાવાળો આત્મા ભિન્ન છે. આત્મા સિદ્ધની જાતનો છે. સિદ્ધ શું કરે

? માત્ર જાણે જ. તું સિદ્ધનો વારસદાર છો એમ જિજ્ઞાસા લાવીને માન કે હું સિદ્ધ છું એમ નક્કી કરીને સાંભળ ! એ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

આત્માની જ્ઞપ્તિ એક જ ક્રિયા છે. તે સતરૂપ, અહેતુક, પરની અપેક્ષા વગરની છે. તે પહેલા બોલની વાત ચાલે છે. અનાદિથી અજ્ઞાની પરની પર્યાય હું કરી શકું છું એવા ભાવને ઘૂંટ્યા કરે છે. પરની દયા પાળી દઉં, પરને દાન આપી દઉં, પણ એ પરની પર્યાય છે. તે એના સ્વકાળે થયા કરે છે કારણ કે વસ્તુ પરિણામ વિના હોય નહિ તેથી તે પરિણામ આત્માનો આધાર રાખતા નથી. અંશ વિનાનો અંશી હોય નહિ. આત્મા ચિંતા કરે તો પરનો અંશ એટલે કે પર્યાય રહે એમ બનતું નથી. આવું સત્ય, તેની પહેલે ધડાકે હા પાડવી જોઈએ. હું આને બચાવું એ માન્યતા ખોટી છે. કેમકે કોઈપણ ચીજ તેના અંશ એટલે પરિણમન વિના રહેતી નથી. હું હતો તો પરવસ્તુનું પરિણમન થયું એમ માનવામાં આવે તો તે પોતાની સતરૂપ, અહેતુક જ્ઞપ્તિ ક્રિયા છે તેને હણી નાખે છે.

## (૨) સતરૂપ અહેતુક જ્ઞાયક આત્માનો અને કર્મોદય જનિત નારક આદિ ભાવોના ભેદ જાણતો નથી તે અજ્ઞાન છે

વળી હું નારક છું ઇત્યાદિ અધ્યવસાન છે તે અજ્ઞાનમય છે. તેથી તે અધ્યવસાનવાળા જીવને સતરૂપ, અહેતુક જ્ઞાયક જેનો એક ભાવ છે એવા આત્માનો અને કર્મોદયજનિત નારક આદિ ભાવોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે.

અજ્ઞાની જે જે ગતિમાં ગયો ત્યાં ત્યાં તે ગતિવાળો હું છું એમ માને છે. તે પર વસ્તુમાં એકત્વભાવ કરે છે. એટલે આ બીજા બોલમાં દ્રવ્યની વાત છે. પહેલા બોલમાં પર્યાયની વાત હતી. દેવની ગતિ મળે તો હું દેવ છું, નરકગતિમાં હું નારક છું અને મનુષ્યગતિમાં હું માણસ—પુરુષ સ્ત્રી આદિ છું, હું બાળક છું, હું પંડિત છું, હું મૂર્ખ છું, હું દરિદ્રી છું, હું સધન છું એમ જે માને છે તે જીવ હું સતરૂપ, અહેતુક, જ્ઞાયકભાવ છું એને ચૂકી જાય છે તેથી તે પરની સાથે એકત્વ કરે છે માટે અજ્ઞાનમય છે.

ભગવાન આત્મા કેવો છે ? સતરૂપ, અહેતુક એક જ્ઞાયકભાવ છે. એટલે કે એનું કોઈ કારણ નથી, કોઈ ઈશ્વરે એને બનાવ્યો નથી, જાણનાર જ જેનો એક સ્વભાવ છે. તેને ભૂલીને હું રાજા છું, હું રંક છું એમ પરને પોતારૂપ માની રહ્યો છે, તે અજ્ઞાનભાવ છે. તેણે મિથ્યાજ્ઞાનનો વિષય કલ્પ્યો છે એટલે સામો વિષય જ એવો નથી. હું કાયમનો, અકારણીય, સહજ જાણવા—દેખવાના સ્વભાવવાળો છું,

તેનો અને કર્મથી ઉત્પન્ન થયેલો નારક આદિનો ભાવ, તે બે ભાવનો ભેદ જે જાણતો નથી તે અજ્ઞાની છે.

અજ્ઞાની મૂઢ આત્માની રુચિવાળો જીવ જુવાનીમાં વિષય આદિમાં સુખની કલ્પના કરે છે, તેને વિષય વગર ચાલતું નથી. લોહી ચટકા ભરે છે પણ આત્માની જુવાનીની ખબર એને નથી. સમ્યગ્દર્શનરૂપી ધર્મદશા તે જુવાનીનો કાળ છે અને કેવળજ્ઞાન તે વૃદ્ધાવસ્થા છે. આત્મા દેવ, નારકી, મનુષ્યાદિ નથી. તે પર્યાયબુદ્ધિ છોડાવવાની અહીં વાત છે. આચાર્યદેવ કહે છે કે જાણનાર–દેખનાર ભાવ છે, તેની ખબર તો લે. એ સિવાય બીજાની ખબર લેવામાં તેં ઘણોકાળ ગાળ્યો. તારી ખબર તેં ખબરદારે લીધી નહિ. કેમ કે તે સતરૂપ, અહેતુક, જ્ઞાયકભાવ તારો સ્વભાવ છે તેનો અને નારકાદિ ભાવનો ભેદ જાણ્યો નથી. કપડું લેવા જાય તો ત્યાં ભેદ જાણે છે, દાણા લેવા જાય તો ભેદ પાડે કે આ દાણો જોઈએ છે પણ આત્મા જ્ઞાયકભાવ પરથી ભિન્ન છે–તેનો ભેદ જાણતો નથી. તે અજ્ઞાન છે અને તે પ્રમાણે માનતો નથી માટે મિથ્યાદર્શન છે. ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી મિથ્યાચારિત્ર છે. મનુષ્યની ફરજ છે કે આટલાં પરના આચરણ કરવાં પડે એમ અજ્ઞાની માને છે પણ તે બધાં અનાચરણ છે કેમ કે તે આત્માના ભાવથી ઊંધું આચરણ છે. જ્ઞાનીને આસક્તિભાવ હોય છે, તેને અહીં ગૌણ કર્યો છે. અહીં અજ્ઞાન તથા અદર્શન સહિત જે અનાચરણ છે તેને બંધન કહ્યું છે.

હવે ત્રીજો બોલ કહે છે. પહેલા બોલમાં જ્ઞપ્તિરૂપ ક્રિયા એટલે પર્યાયની વાત કરી, બીજા બોલમાં જ્ઞાયકભાવમાં દ્રવ્યની વાત કરી. હવે જ્ઞાનગુણ જેનું રૂપ છે એ ત્રીજા બોલમાં કહે છે. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સતરૂપ અને અહેતુક છે. તેને કોઈ પરનું કારણ નથી. પરનું કારણ માને તો મિથ્યાત્વ છે.

## (૩) સતરૂપ, અહેતુક જ્ઞાન જ જેનું રૂપ છે એવા આત્માનો અને જ્ઞેય એવાં ધર્માદિ દ્રવ્યોનો ભેદ જાણતો નથી તે અધ્યવસાન અજ્ઞાનમય છે

આ ધર્મદ્રવ્ય જણાય છે ઇત્યાદિ જે અધ્યવસાન છે, તે પણ અજ્ઞાનમય છે; તેથી તે અધ્યવસાનવાળા જીવો સતરૂપ, અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે એવા આત્માનો અને જ્ઞેયરૂપ એવાં ધર્માદિક રૂપોનો વિશેષ નહિ જાણવાને લીધે ભિન્ન આત્માનું અજ્ઞાન હોવાથી, તે અધ્યવસાન પ્રથમ તો અજ્ઞાન છે અને ભિન્ન આત્માનું અદર્શન હોવાથી, તે અધ્યવસાન મિથ્યાદર્શન છે. અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી, તે અધ્યવસાન અચારિત્ર છે.

સર્વજ્ઞ ભગવાને ધર્માસ્તિકાય પદાર્થ પોતાના જ્ઞાનમાં જોયો છે અને આત્માના જ્ઞાનમાં પણ તે જણાય છે. આ પદાર્થનું શાસ્ત્રદ્વારા જ્ઞાન થતાં અજ્ઞાની માને છે કે આ ધર્મદ્રવ્ય છે તો મારું જ્ઞાન ખીલે છે. જ્ઞાનમાં ધર્મદ્રવ્ય જણાય છે, એમ તે માને છે પણ પોતાનો ચૈતન્ય સ્વભાવ છે તે જણાય છે એમ તે માનતો નથી. હવે પોતાનો જ્ઞાનસ્વભાવ જ એવો છે કે સ્વને જાણતાં પર જણાઈ જાય છે. પણ ધર્માસ્તિકાય છે માટે મને જ્ઞાન થાય છે એમ નથી. કોઈ કહે કે ધર્માસ્તિકાય છે જ નહિ તો તેની વાત જૂઠી છે. ધર્મ ને અધર્મ દ્રવ્ય છે, તે જ્ઞેય છે. જ્ઞેયનો નકાર કરતાં પોતાના જ્ઞાનનો નકાર થાય છે. પણ અહીં એની તો વાત જ નથી. અહીં તો કહે છે કે શાસ્ત્રમાં કહ્યું છે કે ધર્માસ્તિકાય છે માટે જણાય છે તો જ્ઞાન ધર્માસ્તિકાયનું થઈ જાય, પણ જ્ઞાન તો આત્માનું છે. તેથી ધર્માસ્તિકાયનું જ્ઞાન થાય છે એમ માનનાર આત્માનું જ્ઞાન છે એમ માનતો નથી અને જ્યારે જ્યારે ધર્માસ્તિકાયનો વિચાર કરે છે ત્યારે તેનું જ્ઞાન થાય છે અને અધર્માસ્તિકાયનો વિચાર કરે છે ત્યારે અધર્માસ્તિકાયનું જ્ઞાન થાય છે એમ માનનાર આત્માનું જ્ઞાન સતરૂપ અહેતુક છે તેને માનતો નથી. ધર્માસ્તિકાયથી જ્ઞાન થાય છે એનો વિચાર કર્યો માટે જ્ઞાન પ્રગટ્યું એમ માને તો જ્ઞાન અકારણીય છે, એ રહેતું નથી.

## <u>જ્ઞાન સતરૂપ અને અહેતુક છે તેને કોઈ પરનું કારણ નથી એમ જે માનતો નથી તેને ધર્મદ્રવ્ય આદિથી ભિન્ન એવા આત્માનું અજ્ઞાન છે</u>

ધર્મદ્રવ્ય જણાય છે. આકાશાદિ પણ જણાય છે પણ એને લઈને જ્ઞાન નથી. આ પુણ્ય-પાપના ભાવ થાય છે, તે જણાય છે. પણ તે છે માટે જણાય છે એમ નથી. કેમ કે જ્ઞાન અકારણીય છે. સર્વજ્ઞ ભગવાન ઉપર મારી નજર ગઈ અને વિકલ્પ ઊઠ્યો માટે મારું જ્ઞાન ખીલ્યું એમ માનનાર જ્ઞાન સતરૂપ અને અહેતુક છે તેમ માનતો નથી. સિદ્ધ છે, મુનિઓ છે તે જ્ઞાનમાં જ્ઞેય થાય છે. તેનુ જ્ઞાન પહેલાં ન હતું અને પછી થયું. એમ માને તો સતરૂપ અને અકારણીય જ્ઞાન રહેતું નથી. જ્ઞાન તો સતરૂપ અકારણીય છે, આ સત્પંથ છે. એ પંથે ન જાય અને અસતના પંથે જાય તો સત્યની પ્રાપ્તિ થાય નહિ. જેમ લસણ ખાતાં ખાતાં કસ્તુરીનો ઓડકાર આવે નહિ તેમ અસત્યના રાહે સત્યપંથે જવાય નહિ. જ્ઞાન સતરૂપ અહેતુક છે. તે ચૈતન્યપૂર જ્ઞાન એક જ આત્માનો સ્વભાવ છે. ગુરુ મળ્યા તો જ્ઞાન થયું તો જ્ઞાન અકારણીય સત્ રહેતું નથી. બહુ દેશાટન કરીએ તો જ્ઞાન ખીલે, બહારમાં ઘણું જુએ તો જ્ઞાન ખીલે તેમ માનનાર જ્ઞાનને અહેતુક સત્ માનતો નથી.

સમેતશિખરાદિ જુદાં જુદાં તીર્થસ્થાને જઈએ અને પંડિતોને તથા ત્યાગીઓને મળીએ તો જ્ઞાન વધે, એમ માનનાર જ્ઞાન સત્ અકારણીય છે તેમ માનતો નથી. સતરૂપ અહેતુક જ્ઞાન તારું રૂપ છે. તે બહાર ભટકવાથી આવતું નથી. બહારના કારણે જ્ઞાન વધે એમ માને તો મિથ્યાત્વરૂપ ભાવ થાય છે. અહો ભગવાન ! તારા જ્ઞાનનિધિનો ભરોસો નહિ અને બહારના સંગ પ્રસંગનો ભરોસો કરે છે, તે અજ્ઞાન છે. કોઈ કહે કે બાહુબળજીની પ્રતિમા જોવાથી આત્માને શાંતિ થઈ, તો તેને કહે છે કે તે શાંતિ ક્યાંથી આવી ? તે શાંતિ ક્યાં રહેતી હશે ? જેને પ્રતિમાજી જોવાથી શાંતિ માની તેને શાંતિ ક્યાંથી આવે છે, તેની ખબર નથી. અજ્ઞાની માને છે કે ભગવાનની પ્રતિમા અને શાસ્ત્રોને જોવાથી અમારા અંતરકબાટ ખૂલી ગયા પણ તું ચૈતન્ય છો. તેનો સતરૂપ અહેતુક જ્ઞાનગુણ છે. તેને દેખીને તારું જ્ઞાન ખીલે નહિ તો તારા જ્ઞાનગુણને અને પરને તું જુદા પાડતો નથી. જાત્રામાં ઉઘાડા પગે જાય અને ઘણું સહન કરે તો જ્ઞાન ખીલે, એમ માનનાર બહારના પદાર્થ સાથે એકત્વબુદ્ધિ કરે છે.

સુખની કલ્પના વખતે જે તેનું જ્ઞાન થાય છે, તે કલ્પનાના કારણે થાય છે એમ અજ્ઞાની માને છે અને ઘણું દુઃખ સહન કરીએ તો જ્ઞાન વધે એમ તે માને છે. પણ સુખદુઃખની કલ્પનામાં જ્ઞાન ભર્યું નથી. પણ તારું જ્ઞાન તો સતરૂપ અહેતુક છે. જુદી જુદી પર્યાય જણાય છે, તે પોતાના ક્ષયોપશમના કારણે જણાણી છે. તેને પણ અહીં ભિન્ન ગણી છે, કેમ કે તે યોગ્યતા જેટલો જ જીવ નથી.

મુનિઓ ધ્યાનમાં બેઠા હોય છે ત્યારે તેમનું જ્ઞાન ખીલે છે, તે પરના કારણે ખીલતું નથી. પોતાના જ્ઞાયક સ્વભાવ ઉપર લક્ષ છે. પ્રમત્ત કે અપ્રમત્તનો વિકલ્પ પણ હું નથી. માત્ર જ્ઞાયકદ્રવ્ય ઉપર દ્રષ્ટિ પડી છે, તેના જોરે જ્ઞાનખીલે છે. તેને બદલે પરના કારણે જ્ઞાન ખીલે, એમ માનનાર પરમાં એકત્વબુદ્ધિ કરે છે. ભક્તિમાં આવે કે હે ભગવાન ! આપ પુષ્ટ આલંબન છો, પણ તે તો નિમિત્તનાં કથન છે. ભગવાન તો પર છે અને પરના કારણે જ્ઞાન કે સુખ માને તો તે અકારણીય રહેતું નથી. ભગવાનનો તો જ્ઞાનમાં અભાવ છે, તો તે અભાવ ભાવને મદદ કરે એમ બને નહિ.

કોઈ કહે કે મારું જ્ઞાન કાળને લઈને થાય, સિદ્ધને પણ કાળને લઈને પરિણમવું પડે છે એમ માનનાર આત્માનું જ્ઞાન સતરૂપ અહેતુક છે, તેને માનતો નથી. ઘણાં પુસ્તકોનો અભ્યાસ કરે માટે જ્ઞાન ખીલે એમ પણ નથી. સ્વાધ્યાયકાળે શુભ વિકલ્પ શાસ્ત્રાદિનો હોય છે ખરો, પણ અહેતુક જ્ઞાન તેના વડે ખીલે એવું નથી. સંસારના પદાર્થોથી તો જ્ઞાન ખીલે નહિ પણ અહીં તો કહે છે કે અહેતુક જ્ઞાન શાસ્ત્રના કારણે પણ થાય નહિ. એકવાર વસ્તુના સ્વભાવને તારા ખ્યાલમાં

ખબરું તો લે. જગતમાં બેન—દીકરીની પાંચ વરસ સુધી ખબર ન લીધી હોય તો કાગળ આવે કે હવે તો ખબર લ્યો. તો તેની ખબર લ્યે. પણ આ અનાદિકાળનો ચૈતન્ય અહેતુક છે, તેની તો ખબર લેતો નથી. અનંતકાળમાં આત્મવસ્તુની ખબર લીધી નહિ. અકારણી જ્ઞાન પરના કારણથી ખીલે તેવું નથી, એમ એક વખત હા તો પાડ, ના પાડીશ તો અંદરમાં પેસી શકીશ નહિ.

અહીં તો કહે છે કે નિમિત્તો, શાસ્ત્ર વગેરે બધાં જ્ઞેયો છે, તેનાથી જ્ઞાન થતું નથી કેમ કે જ્ઞાન અકારણીય છે. એમ ન જાણતાં ધર્માસ્તિ આદિથી મારું જ્ઞાન થાય, એમ જાણે તે ભિન્ન આત્માને જાણતો નથી તેથી તે અજ્ઞાન છે. ભિન્ન આત્માનું અદર્શન હોવાથી તે મિથ્યાદર્શન છે. અને ભિન્ન આત્માનું અનાચરણ હોવાથી તે મિથ્યાચારિત્ર છે. એનું નામ જ મિથ્યાત્વભાવ છે. આ સમસ્ત અધ્યવસાનો બંધનાં નિમિત્ત છે.

સતરૂપ અહેતુક જ્ઞાનસ્વભાવને બતાવનાર શ્રી સદ્‌ગુરુદેવનો જય હો!

*

# પ્રસાદ નં. ૨૮૪

## સમયસાર ગાથા ૨૭૦ ટીકા

*(શ્રાવણ સુદ ૯, શનિવાર, ૨૦૦૭)*

આ અધિકાર આત્મામાં બંધન કેમ થાય છે ? તેનો છે. તે બંધનની વાત કરતાં આ ગાથાનો મૂળભાવ તેવું બંધન કોને થતું નથી એ વાત પણ સાથે સાથે કહે છે.

આ આત્માની જાણવાની ક્રિયા સ્વતંત્ર છે. તે કોઈપણ પરની અપેક્ષા રાખતી નથી—એમ ન માનતાં અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય આદિના વિકલ્પ કરું તો મારા આત્માને લાભ થાય, તે મિથ્યાત્વરૂપી બંધન છે. આત્માની અહેતુક ક્રિયા રાગના ત્યાગવાળી છે. તે ક્રિયા પરથી થાય એવો પરાધીન આત્મા નથી. ચૈતન્ય સ્વરૂપી આત્માની જ્ઞપ્તિરૂપ ક્રિયા અહેતુક છે, તે પરથી પ્રગટે એવી નથી. એમ જેને ભાન નથી તેને મિથ્યાત્વનું બંધન થાય છે.

વળી સતરૂપ અહેતુક જ્ઞાયક ભાવ છે, તે પરના કારણે નથી. નારક, મનુષ્યાદિ ભાવના કારણે આત્માનો જ્ઞાયક ભાવ પ્રગટે એમ નથી એટલે કે હું નારકી છું, હું દેવ છું અથવા તો નારકી, દેવ આદિ છે એવી શ્રદ્ધા કરું તો મારો જ્ઞાયક સ્વભાવ પ્રગટે એવો નથી. છતાં નારકાદિભાવની શ્રદ્ધાથી મારું કલ્યાણ થશે એમ માને, તે નિરપેક્ષ જ્ઞાયક ભાવને માનતો નથી. આ બીજા બોલમાં ત્રિકાળી દ્રવ્યરૂપ જ્ઞાયકભાવની વાત છે.

ત્રીજા બોલમાં જ્ઞાનગુણની વાત કરે છે. આત્માનો જ્ઞાનગુણ પરાધીન નથી. બહારનાં શાસ્ત્રો આદિના વિકલ્પ કરવાથી જ્ઞાનગુણ ખીલે એવો નથી છતાં પરનું જ્ઞાન કરવાથી મારું જ્ઞાન ખીલે એમ માને તો તે મિથ્યાત્વભાવ છે. આ રીતે ત્રણ પ્રકારથી આત્મા નિરપેક્ષ અહેતુક, દ્રવ્ય, ગુણ અને પર્યાયવાળો છે—એમ જે માનતો નથી, તેને ભિન્ન આત્માનું જ્ઞાન નથી, તેની શ્રદ્ધા નથી અને તેનું આચરણ નથી. તેથી તેને અજ્ઞાન, અદર્શન, અચારિત્રરૂપ બંધનભાવ છે.

હવે આ ગાથાનો ભાવ કહે છે કે એવો અધ્યવસાન જેને નથી તેને બંધન નથી.

માત્ર જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી તે જ કોઈક (વિરલ) મુનિકુંજરો સતરૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા છે, સતરૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે અને સતરૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે, એવા ભિન્ન

આત્માને એટલે કે સર્વ અન્ય ભાવોથી જુદા આત્માને જાણતા થકા; સમ્યક્પ્રકારે દેખતા થકા (શ્રદ્ધતા થકા) અને અનુચરતા થકા, શુભાશુભ ભાવથી લેપાતા નથી.

હું પર જીવને બચાવી શકું છું, સત્ય બોલું છું, આજ્ઞા વિના કોઈ ચીજ લેતો નથી અને હું શરીરથી બ્રહ્મચર્ય પાળું છું અને પર વસ્તુનો મેં ત્યાગ કર્યો છે—એવા વિકલ્પો હું ઉઠાવું તો મારી જ્ઞપ્તિક્રિયા ખીલે એવો અધ્યવસાન મુનિને હોતો નથી. નિમિત્તના કારણે મારું જ્ઞાન ખીલશે એવી એકત્વબુદ્ધિ જેને નથી. નારક આદિ ભાવોનો વિકલ્પ કરું તો મારો જ્ઞાયકભાવ ખીલે અને છ દ્રવ્ય જે જ્ઞેય છે, તેનું જ્ઞાન કરવાથી મારો જ્ઞાનગુણ ખીલે એમ જે માનતા નથી તે કોઈ વિરલ મુનિકુંજર છે એટલે કે મુનિઓમાં હાથીસમાન છે.

## જ્ઞપ્તિ જેની ક્રિયા છે એવા ભિન્ન આત્માનું જ્ઞાન હોવાથી મુનિ શુભાશુભ કર્મથી લેપાતા નથી.

આત્મવસ્તુ વ્યવહારના કારણે ખીલે એવી નથી. વ્યવહાર હોય તો નિશ્ચય પ્રગટ થાય એમ માનવામાં આવે તો તે બન્ને ભિન્ન રહેશે નહિ. શરીરની ક્રિયા કે જે જડની ક્રિયા છે અને શુભભાવની ક્રિયા કે જે રાગની ક્રિયા છે, તે ક્રિયાની અપેક્ષા જ્ઞપ્તિ ક્રિયા કે જે અહેતુક છે તે રાખતી નથી. આત્માની ધાર્મિક ક્રિયા પરની ક્રિયાથી ભિન્ન છે એમ જ્ઞાની જાણે છે.

(૧) શરીર, મન, વાણી આદિની ક્રિયા છે, તે જડની ક્રિયા છે.

(૨) અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આદિ શુભભાવ તે વિભાવની ક્રિયા છે.

(૩) જાણવા–દેખવાની સતરૂપ અહેતુક ક્રિયા છે તે આત્માની સ્વાભાવિક ધાર્મિક ક્રિયા અથવા તો મોક્ષમાર્ગની ક્રિયા છે.

આમ ત્રણ પ્રકારની ક્રિયા છે. શરીરની ક્રિયાથી શુભભાવ થાય એમ માનવામાં આવે તો જડની ક્રિયા અને શુભભાવની ક્રિયા બે ભિન્ન રહેતી નથી અને શુભભાવની ક્રિયાથી ધાર્મિક ક્રિયા થાય એમ માનવામાં આવે તો શુભભાવ તથા જ્ઞપ્તિક્રિયા ભિન્ન રહેતી નથી. અજ્ઞાની આ બધી ક્રિયાને ઉથાપે છે અને જ્ઞાની ત્રણે ક્રિયાને જેમ છે તેમ જાણે છે. તેથી જ્ઞાનીને બંધ થતો નથી. જગતના જીવો મૂઢપણે માને છે કે બહારની ક્રિયાથી અથવા શુભભાવની ક્રિયાથી ધર્મ પ્રગટે છે; પણ એમ નથી.

## જ્ઞાયક જેનો એક ભાવ છે એવા ભિન્ન આત્માનું જ્ઞાન હોવાથી મુનિ કર્મથી લેપાતા નથી.

આત્માનો ત્રિકાળી જાણવા–દેખવાનો સ્વભાવ છે. તે ભાવ, પરભાવને લીધે નથી તેમ જ તે પરનો ભાવ પણ નથી. પરથી જુદા જ્ઞાયક સ્વભાવી આત્માનું ભાન થયા વગર નિશ્ચયથી કે વ્યવહારનું પણ સાચું જ્ઞાન થતું નથી. મુનિઓ પોતાના જ્ઞાયક સ્વભાવને અકારણીય એટલે કે પરના કારણથી પ્રગટે એમ માનતા નથી તેથી મુનિઓ કર્મથી લેપાતા નથી.

## અહેતુક જ્ઞાન જેનું એક રૂપ છે એવા આત્માનું ભાન હોવાથી મુનિઓ શુભાશુભ કર્મથી લેપાતા નથી.

જ્ઞાનમાં ક્ષણે ક્ષણે નવી નવી દશા પ્રતિભાસે છે. પરનાં જુદાં જુદાં કાર્યો જણાય છે. છતાં તેના કારણે જ્ઞાન થતું નથી. કેમ કે સતરૂપ અહેતુક જ્ઞાન જેનું એક રૂપ છે એવો આત્મા છે. સર્વજ્ઞ ભગવાનને કેવળજ્ઞાનની શક્તિ ખીલી છે. તે અંતરના અવલંબને ખીલી છે. એમ ન માને ત્યાં સુધી તેને ભગવાનના ગુણ ગાતા પણ આવડતા નથી. ચૈતન્ય આત્માનું જ્ઞાન પરના અવલંબન વગરનું છે, તેને જાણ્યા વગર ભગવાનની સ્તુતિ કરે અને શુભભાવ હોય તો પુણ્યબંધન થાય છે. પણ અબંધ સ્વભાવ પ્રગટતો નથી. ધર્મી જીવ આત્માને અકારણીય માને છે. જ્ઞાન અને જ્ઞપ્તિક્રિયા પણ નિરપેક્ષ છે. આ રીતે આત્મા સતરૂપ, અહેતુક ક્રિયા, ભાવ અને જ્ઞાનવાળો છે. તે જ્ઞપ્તિ, ભાવ અને ગુણ એક સમયે છે. પહેલાં પછી નથી. તે ત્રણે અકારણીય, સ્વતંત્ર, સ્વયંસિદ્ધ છે. એવો અહેતુક આત્મા સર્વ પર દ્રવ્યથી ભિન્ન છે. વ્યવહાર, નિમિત્ત, રાગ વગેરે પણ પરદ્રવ્યો છે એમ સાબિત થાય છે. તે કોઈ આત્માનું કામ કરે છે એમ નથી. જો કામ કરે છે એમ માનવામાં આવે તો નિમિત્ત, રાગ વગેરે ભિન્ન રહેતા નથી, વ્યવહાર અને નિશ્ચય બન્નેનો નાશ થાય છે.

અહીં તો કહે છે કે ધીરો થા ! વસ્તુની સ્થિતિ જ આવી છે તો કોના પાસે તું પોકાર કરીશ ! કોઈ ઢેઢનું નામ ભગવાન પડ્યું હોય અને પછી તેની ભક્તિ કરે તો કાંઈ વળે નહિ. તેમ ભગવાનનું સ્વરૂપ જાણ્યા વિના પ્રાર્થના કરે તો એને આત્માનું કલ્યાણ થાય નહિ. અન્ય દ્રવ્યોથી જુદો અને પોતાના વિકારભાવથી પણ જુદો આત્મા છે, એમ સમજે તો ધર્મ થાય તેમ છે. અજ્ઞાની પોકાર કરે છે કે આ બધું ઊડી જાય છે. પણ આત્મવસ્તુ સ્વતંત્ર છે તેને પરને લીધે કહેવી તે ખોટો કકળાટ છે. પરને લઈને વસ્તુ માનવામાં આવે તો બધું ઊડી જાય છે, એકેય વસ્તુ રહેતી નથી. આચાર્ય ભગવાને સ્વતંત્ર ઢંઢેરો પીટીને બંધ અધિકારમાં આ ગાથા

મૂકી છે કે પરની સાથે એકત્વબુદ્ધિનો ભાવ જેના હૃદયમાં નથી પણ સ્વતંત્ર ભાવ જેના હૃદયમાં વસ્યો છે તેને અમે મુનિ કહીએ છીએ.

અજ્ઞાનીને પોતાની શક્તિનો ભરોસો આવતો નથી. સર્વજ્ઞ ભગવાને જે શક્તિનો વિકાસ કર્યો છે તે બધી મારામાં છે. એવો વસ્તુનો સ્વભાવ છે. તે પરના કારણથી પ્રગટ થતો નથી એવો ભરોસો તેને થતો નથી અને તેથી તેને પરથી ભિન્ન એવા આત્માની શ્રદ્ધા પણ થતી નથી. જેટલી નિર્મળ પર્યાય પ્રગટ કરવા માગું છું તે બધી આત્માથી પ્રગટ થાય છે એમ તે માનતો નથી. તે મિથ્યાદર્શન છે. અહીં તો કહે છે કે પરથી ભિન્ન એવા આત્માને શ્રદ્ધે છે તે મુનિ છે. પણ તે પરથી આત્મામાં પર્યાય થાય છે એમ શ્રદ્ધતો નથી. નિમિત્ત હોય છે પણ એના કારણે પર્યાય થાય છે, એમ તે માનતો નથી. પણ મુનિ જ્ઞપ્તિક્રિયા, જ્ઞાયકભાવ તથા જ્ઞાનગુણ જેનું એકરૂપ છે એવા આત્માને અનુસરે છે પણ રાગ કે નિમિત્તને અનુસરતા નથી.

મુનિ કેવા હોય છે ? સ્વચ્છ અને સ્વચ્છંદપણે ઉદયમાન અર્થાત્ સ્વાધીનપણે પ્રકાશમાન એવી અખંડ અંતર્જ્યોતિને અજ્ઞાન આદિરૂપપણાનો અત્યંત અભાવ હોવાથી અર્થાત્ અંતરંગમાં પ્રકાશની જ્ઞાનજ્યોતિ જરા પણ અજ્ઞાનરૂપ મિથ્યાદર્શનરૂપ અને અચારિત્રરૂપ નહિ થતી હોવાથી, શુભ કે અશુભ કર્મથી મુનિ લેપાતા નથી.

આત્મા સ્વચ્છ છે. તેની શુદ્ધ જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિની પર્યાય પ્રગટી, તેમાં એક અંશ પણ રાગનો નથી. વળી તે પર્યાય સ્વચ્છંદી છે એટલે કે કોઈ નિમિત્ત કે વિકારને તે ગણતી નથી. વ્યવહાર રત્નત્રય કે દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તે તે પર્યાય પ્રગટે એવી નથી. તે સ્વાધીનપણે પ્રકાશમાન થાય છે. આ રીતે ધર્મ સ્વચ્છંદી છે. તેવો ધર્મ જેને પ્રગટ થયો છે એવા મુનિઓ વીતરાગને પણ ગણતા નથી. વીતરાગ હોય તો મારી ધર્મની પર્યાય પ્રગટે એમ જ્ઞાની જાણતો નથી. તત્ત્વાર્થસૂત્રમાં આવે છે કે મુનિ જ્ઞાન વગેરેનો વિનય કરે છે. ત્યાં તો નિમિત્તનું કથન છે.

આત્મામાં અમંદપણે એટલે ઉગ્ર પુરુષાર્થથી સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રની પર્યાય પ્રગટ થઈ, તે હવે પાછી હેઠે પડે એવી નથી. અંતરજ્યોતિરૂપ અકારણીય ક્રિયા પ્રગટી તેમાં અજ્ઞાન આદિનો અભાવ છે. નિર્મળ ક્રિયામાં શુભરાગનો અભાવ છે. સ્વભાવભાવમાં વિકારભાવનો અત્યંત અભાવ છે. પર્યાયમાં શુભભાવ થાય છે તેની ગૌણતા છે. જરાપણ અજ્ઞાનરૂપ, અદર્શનરૂપ અને અચારિત્રરૂપ તે નિર્મળ પર્યાય થતી નથી તેથી તે મુનિઓ શુભ કે અશુભ કર્મથી લેપાતા નથી એટલે કે મુનિઓનો અબંધ સ્વભાવ વિકાસ પામતો જાય છે.

સાંભળ ભાઈ ! અંતરના વલણ વગર શુદ્ધતા પ્રગટ થતી નથી. પર પદાર્થને અને વિકારભાવનો આત્મામાં અત્યંત અભાવ છે અને આત્મામાં પોતાની શક્તિઓનો સદ્‌ભાવ છે. સમ્યગ્જ્ઞાન બન્ને નયનું યથાર્થ જ્ઞાન કરે છે કે પર્યાયમાં વિકાર છે અને ત્રિકાળી સ્વભાવમાં વિકાર નથી. પણ સમ્યગ્દર્શનમાં તો સ્વભાવની મુખ્યતા હોય છે. સ્વભાવમાં બાધકપણું એટલે કે રાગ નથી. તે આત્માનો સ્વભાવ જ નથી. તેથી સ્વભાવમાં રાગનો અત્યંત અભાવ છે એમ કહ્યું છે.

અહીં તો કહે છે કે મુનિને કોઈ જાતનો બંધ નથી. આસક્તિનો ભાવ પોતાના પુરુષાર્થની નબળાઈના કારણે દશમા ગુણસ્થાન સુધી અમુક પ્રકારનો રહે છે, તે બંધને અહીં ગણ્યો નથી. કેમ કે ક્ષણેક્ષણે અબંધ સ્વભાવ પ્રગટ થતો જાય છે. મુનિ ભાવલિંગી સંત છે. તેમને ત્રણે અંશો સાથે પ્રગટ્યા છે તેથી મુનિદશાની અહીં વાત કરેલ છે. આ રીતે સ્વભાવના અંશો પ્રગટ્યા છે તે વખતે પંચમહાવ્રતાદિના શુભભાવ અને શરીરાદિની નગ્નદશા હોય છે. અજ્ઞાની બહારથી મુનિપણું માને છે. પણ ધર્મીને તો અંતરમાં ધારાવાહી અતૂટક શુદ્ધપરિણામ હોય છે.

**ભાવાર્થ :—આ જે અધ્યવસાનો છે તે હું પરને હણું છું એ પ્રકારના છે. હું નારક છું એ પ્રકારના છે તથા હું પર દ્રવ્યને જાણું છું એ પ્રકારના છે.** હું હોઉં તો નગ્નદશા થાય, નિમિત્ત હોય તો ઉપાદાનમાં કામ થાય, હું શુદ્ધ આહાર લઈ શકું છું, હું પરિગ્રહને છોડી શકું છું એ આદિ અધ્યવસાન છે તે મિથ્યાત્વ છે. તથા હું નારકી છું, મનુષ્ય છું અને પરદ્રવ્યને હું જાણું છું, પરદ્રવ્ય છે તો હું જાણું છું તે અધ્યવસાની છે. તેઓ જ્યાંસુધી (૧) આત્માનો અને રાગાદિકનો (૨) આત્માનો ને નરકાદિ કર્મોદયજનિત ભાવોનો તથા (૩) આત્માનો ને જ્ઞેયરૂપ અન્યદ્રવ્યોનો ભેદ ન જાણ્યો હોય ત્યાંસુધી પ્રવર્તે છે. તેઓ ભેદજ્ઞાનના અભાવને લીધે મિથ્યાજ્ઞાનરૂપ છે. મિથ્યાદર્શનરૂપ છે અને મિથ્યાચારિત્રરૂપ છે—એમ ત્રણ પ્રકારે પ્રવર્તે છે.

નિમિત્ત અને ઉપાદાન બે છે. એને બેરૂપ રાખે તો સમ્યક્ કહેવાય અને બે છે તેને એક કરે તો તે મિથ્યાત્વ છે. અશુદ્ધ ઉપાદાનની પર્યાયથી શુદ્ધ ઉપાદાન પર્યાય થાય તો બે ભિન્ન રહેતા નથી. બંને પૃથક્ રાખવા તે ધર્મ છે.

ત્રણલોકના નાથ તીર્થંકરદેવ મળે તો પણ તેનાથી તારું કલ્યાણ નથી. એમ બે દ્રવ્યનું પૃથક્પણું કહેવામાં આવે ત્યારે અજ્ઞાનીને એમ થાય છે કે અરે ! અમારું બધું ચાલ્યું જાય છે. સ્વ અને પર એમ બે છે. એને એક કરે તો મિથ્યાત્વ થાય છે, નિશ્ચય અને વ્યવહાર તે બે છે એટલે કે અનેક છે, તેને એક કરે તો એકત્વબુદ્ધિ થાય છે. અજ્ઞાની પોતાની ઊંધી પક્કડને પકડી રાખે છે, પણ સ્વનો આશ્રય ન કરે ત્યાંસુધી તેની એક પણ વાત સાચી નથી. જ્ઞાન, જ્ઞાયક, ક્રિયા એમ એક સમયમાં ત્રણે સ્વતંત્ર છે—એમ જાણે તો વસ્તુસ્થિતિનું યથાર્થ જ્ઞાન કર્યું કહેવાય.

અક્રમ સ્વભાવને લક્ષમાં લીધા વગર પર્યાય ખીલે નહિ. ક્રમબદ્ધ પર્યાય ફરે નહિ એનો અર્થ એ છે કે ક્રમ ઉપરથી દ્રષ્ટિ છોડ અને અક્રમ સ્વભાવની દ્રષ્ટિ કર. આત્મા અનંત શક્તિનો પિંડ છે તે પરની એકત્વબુદ્ધિ કરતાં સ્વરૂપને ચૂકી જવાય છે. મુક્તિની પર્યાય બહારથી આવતી નથી. સ્વભાવની સ્વતંત્રતા ન જાણે તે પરમાં એકત્વ માન્યા વગર રહે નહિ. માટે જો કેવળજ્ઞાન પ્રગટ કરવું હોય તો નિરપેક્ષ દ્રવ્ય, ગુણ, પર્યાય છે એની પ્રતીતિ કર. એ સિવાય પત્તો ખાય એમ નથી.

## મુનિઓને પરની એકત્વબુદ્ધિ નથી તેથી સમ્યગ્દર્શનાદિરૂપ થયા થકા તે કર્મથી લેપાતા નથી.

પરની એકત્વબુદ્ધિરૂપ અધ્યવસાન જેમને નથી તે મુનિકુંજરો છે. તેઓ આત્માને સમ્યક્ જાણે છે, સમ્યક્ શ્રદ્ધે છે અને સમ્યક્ આચરે છે. તેથી અજ્ઞાનના અભાવથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ થયાથકા કર્મોથી લેપાતા નથી. અહીં ભાવલિંગી મુનિકુંજરો મલપતા હાથીની જેમ મોક્ષમાર્ગે ચાલ્યા આવે છે. એમની બીજી કોઈ ગતિ નથી. જેમને નિમિત્ત અને વિકારની એકત્વબુદ્ધિ નથી અને નિર્મળ જ્ઞાનજ્યોતિરૂપ એવા આત્માની શ્રદ્ધા છે અને રમણતા છે તે જ મુનિ છે. તે અબંધ સ્વભાવનો વિકાસ કર્યા વગર રહેતા નથી એટલે કે તેમને <u>જ્ઞાનદર્શન ચારિત્રની પર્યાય પ્રગટ થયા વગર રહેતી નથી. મુનિ લેપાતા નથી એટલે તેમને જે અપ્રતિહત ભાવ પ્રગટ્યો છે તેનો નાશ થતો નથી. કેવળજ્ઞાન લીધે જ છૂટકો છે, તે પાછા પડતા નથી.</u>

અહો ! મુનિને બંધ થતો નથી. એમ અહીં કહે છે તો પછી મુનિ અગિયારમા ગુણસ્થાનોથી પડે છે એ વાત ક્યાંથી આવી ? કેમ સંભારી ? જેને પડવાની વાત સાંભરે છે—યાદ આવે છે, તેને સ્વભાવ યાદ આવતો નથી. અજ્ઞાની એમ માને છે કે અત્યારે ભલે પુરુષાર્થ હોય પણ પાછળથી નબળો ભાવ થાય તો ? પણ ચૈતન્ય સ્વભાવમાં નબળાઈ છે જ નહિ. એની એને ખબર નથી. અંતરમાં તો ચૈતન્ય પૂરનો પ્રવાહ પડ્યો છે તેથી તે પાછો પડે એવો નથી. નબળો પર્યાય થતો નથી. અને હીણો પડતો નથી. અબંધ સ્વભાવમાં સંદેહ નથી. વસ્તુનો નાશ થાય તો પર્યાયનો નાશ થાય પણ એમ બનતું નથી. વસ્તુસ્વભાવના લક્ષે પ્રગટ થયેલી પર્યાય નાશ પામતી નથી. આત્મા અકારણીય છે. તો તે પરના કારણે પાછો પડે એમ બનતું નથી. <u>ભવિષ્યમાં પર્યાય નબળી પડશે એમ કહેનાર ભવિષ્યમાં કહેતો નથી પણ વર્તમાનમાં કહે છે. તેને વર્તમાનમાં સ્વભાવ ભરચક ચૈતન્યથી ભરેલો</u>

છે એની રુચિ થઈ નથી. જો રુચિ હોય તો પર્યાયમાં મંદતા થશે એવા ભાવનો અવકાશ જ નથી.

અહીં પંચમકાળના મુનિઓ લેપાતા નથી એમ કહ્યું છે. કોઈ એમ કહે કે પંચમ કાળના મુનિઓ તો સ્વર્ગમાં જાય છે ને ? તો કહે છે કે મુનિઓ સ્વર્ગમાં જતા નથી. એટલે કે ખરેખર તો પોતાના આત્માને છોડીને પર ક્ષેત્રમાં જતા નથી, પોતાના આત્મામાં જ રહે છે. જેને વસ્તુદ્રષ્ટિ થઈ તે પોતાના સ્વભાવને છોડતા નથી. અહીં ભગવાન પાસે ભગવાનના વિરોધીને સંભારે છે. આ વાત ક્યાંથી લાવ્યો ? આત્મા દ્રવ્ય, ગુણ, પર્યાયથી સતરૂપ, અહેતુક ચૈતન્ય સ્વભાવી છે. જ્ઞપ્તિક્રિયાવાળો, જ્ઞાયકભાવવાળો અને જ્ઞાનવાળો છે. તેવા આત્માને કોઈ બહારનું કારણ મળે અને હીણો પાડે એમ બનતું નથી. જ્ઞાની અબંધ સ્વભાવમાંથી ખસતો નથી, તેને અબંધ સિવાય બીજી ચીજની પ્રાપ્તિ થતી નથી.

વસ્તુ એક સમયમાં અનંતશક્તિનો ભંડાર છે. તે પોતે પરથી અભાવસ્વભાવરૂપ છે. એટલે કે વિરોધી ભાવનો આત્મામાં અભાવ છે. તેથી સ્વભાવથી વિરુદ્ધ ભાવ સાંભળવાનો સ્વભાવદ્રષ્ટિવાળાને મોખ નથી. કેવળી ભગવાનની સત્ય વાણી હોય છતાં તેને સાંભળવાના વિકલ્પનો અભાવ છે એમ જ્ઞાની જાણે છે. તો પછી ઊંધું કહેનારાની તો વાત જ શું કરવી ? અપ્રતિહતભાવે ઊપડેલો મુનિ હોય કે જ્ઞાની હોય, તેને હલકી વાત કહેનારાનું સાંભળવાનો અવકાશ પણ નથી કેમ કે સ્વભાવમાં નબળાઈ છે જ નહિ. તેથી મુનિને બંધ થતો નથી અને તેઓ કર્મથી લેપાતા નથી.

*

# પ્રસાદ નં. ૨૮૫

## સમયસાર ગાથા ૨૭૧ બંધ અધિકાર

*(શ્રાવણ સુદ ૧૦, રવિવાર, બપોર, ૨૦૦૭)*

હવે અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે અધ્યવસાન શબ્દ વારંવાર કહેતા આવ્યા છો તો તે અધ્યવસાન શું છે ? તેનું સ્વરૂપ બરાબર સમજવામાં નથી આવ્યું. આમ પૂછવામાં આવતા અધ્યવસાનનું સ્વરૂપ ગાથામાં કહે છે. ગમે તેટલું વાંચે અને સાંભળે પણ જો અંતરમાં પ્રશ્ન ઊભો ન થાય તો સમજવું કે તે કાંઈ સમજ્યો નથી. એક છોકરાને તેના બાપે પુસ્તક વાંચવા આપેલ અને તે પુસ્તક વાંચી લીધા બાદ તેના બાપે પ્રશ્ન કર્યો કે તારે કાંઈ પૂછવું છે ? છોકરો કહે કે તમોએ વાંચવાનું કહ્યું છે, તે બરાબર જ હોય, એમાં શંકા કરવાની રહેતી નથી. પછી એના બાપે ફરી વખત વાંચવાનું કહ્યું અને ફરી વખત પૂછ્યું; તો એ જ જવાબ મળ્યો. પછી ત્રીજી વખત વાંચ્યા પછી છોકરાએ કહ્યું કે આમાં તો અનેક પ્રશ્નો ઊઠે છે ત્યારે એના બાપને લાગ્યું કે હવે આ પુસ્તકમાં શું કહેવા માગે છે તે સમજ્યો છે. એમ અહીં શિષ્યે વાત પકડી છે તો તેને પ્રશ્ન થયો છે. જે સમજી ગયો હોય તેને પ્રશ્ન ન ઊઠે અથવા તો બિલકુલ સમજ્યો જ ન હોય તેને પ્રશ્ન ન ઊઠે. અહીં તો કાંઈક એના ખ્યાલમાં આવ્યું છે અને પ્રશ્ન ઊઠ્યો છે, તેને જવાબ આપે છે.

### ગાથા ૨૭૧

**બુદ્ધિ, મતિ, વ્યવસાય, અધ્યવસાન વળી વિજ્ઞાન ને**
**પરિણામ, ચિત્ત ને ભાવ—શબ્દો સર્વ આ એકાર્થ છે. ૨૭૧.**

**અર્થ :—**બુદ્ધિ, વ્યવસાય, અધ્યવસાન, મતિ, વિજ્ઞાન, ચિત્ત, ભાવ અને પરિણામ—એ બધા એકાર્થ જ છે. (–નામ જુદાં છે, અર્થ જુદાં નથી).

**ટીકા :—**સ્વ-પરનો અવિવેક હોય ત્યારે જીવની અધ્યવસિતિ માત્ર તે અધ્યવસાન છે. આત્મા સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે અને જડ પુદ્‌ગલાદિ સ્વ નથી પણ પર છે. તેના ભેદજ્ઞાનનો અભાવ છે. મારે લઈને પરમાં અને પરને લઈને મારામાં લાભ થાય–એવી એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વ છે અને તે જ અધ્યવસાન છે. હું હોઉં તો કર્મ બંધાય અને કર્મ ઉદયમાં આવે ત્યારે રાગ થાય, તેને સ્વ-પરના એકપણાની માન્યતા છે. સ્વ-પરની જુદાઈનું તેને જ્ઞાન નથી.

## (૧) સ્વ-પરની એકત્વબુદ્ધિરૂપ જીવની અધ્યવસિતિમાત્ર તે અધ્યવસાન છે.

શરીર હતું તો હું અહીં આવ્યો અને આત્મા હતો તો શરીર આવ્યું. તે અધ્યવસાન છે. સ્વ ચૈતન્ય શુદ્ધ છે અને કામ, ક્રોધ, દયા, દાનાદિના ભાવો તે પર છે. તેનાથી આત્માને લાભ થાય, એ માન્યતા સ્વ—પરની એકત્વબુદ્ધિ છે. એકમાં બીજાની માન્યતારૂપ પરિણતિ તે અધ્યવસિતિમાત્ર છે. તે મિથ્યાત્વરૂપ અધ્યવસાન છે. હું છું તો મકાન થાય છે. હું દુકાનનો બરાબર ખ્યાલ રાખું છું માટે પૈસા પેદા થાય છે અને પૈસા હોય તો ધર્મ થાય. એમ અજ્ઞાનથી સ્વ-પરની જુદાઈ માનતો નથી તે અધ્યવસાન છે. આત્માની ઇચ્છાથી આહાર પાણી દેવાયા અને આહારપાણી દેવાયા માટે ઇચ્છા થઈ તે જીવની અધ્યવસિતિમાત્ર અધ્યવસાન છે. નબળાઈના કારણે આસક્તિનો ભાવ થાય તેની અહીં વાત નથી. અહીં તો એકત્વબુદ્ધિના અધ્યવસાનની વાત છે.

અજ્ઞાની એમ માને છે કે મારી પાછળ કોઈ સાચવનાર નથી. દીવા પાછળ અંધારું છે. પણ તેને ખબર નથી કે તું હો તો પણ બહારનું કાંઈ તારાથી થતું નથી. માટે પરનું હું કરી શકું છું તે મિથ્યા માન્યતા છે. તેને ભગવાન અધ્યવસાન કહે છે. સમાધિશતકની ગાથા ૧૦૩માં આવે છે કે પૂર્વે બાંધેલા કર્મોથી રાગદ્વેષ ઉત્પન્ન થાય છે અને રાગદ્વેષના કારણે મન-વચન-કાયાની ક્રિયા થાય છે અને તેનાથી આત્માના પ્રદેશો ચંચળ થાય છે અને તે ચંચળતાથી શરીરમાં વાયુ ચાલે છે, તે વાયુથી શરીર પોતાનું કામ કરે છે. આ બધું કથન નિમિત્તથી છે. શરીર ચાલે તો વાયુને નિમિત્ત કહેવાય. વાયુ ચાલે તો પ્રદેશોની ચંચળતાને નિમિત્ત કહેવાય છે. પણ એકબીજાના કારણે એકબીજામાં કાંઈ થાય એમ બનતું નથી. લખાણ પ્રમાણે એનો અર્થ કરીને એકબીજામાં કામ કરે છે એમ માને તે મૂઢ છે. તેને અહીં મિથ્યાત્વ કહે છે. જો એકબીજામાં કામ કરે તો પર્યાય સ્વતંત્ર રહેતી નથી.

## (૨) સ્વ-પરની એકતારૂપ બોધનમાત્રપણાથી બુદ્ધિ છે તે જ અધ્યવસાન છે.

જે બુદ્ધિનો વ્યાપાર સ્વ-પરની એકતામાં જ લગાવ્યા કરે, તે બુદ્ધિને મિથ્યાત્વ કહે છે. એનો જ બોધ કર્યા કરે. શાસ્ત્ર વાંચી વાંચીને એવી બુદ્ધિ કાઢે કે ‘‘એક પદાર્થથી બીજા પદાર્થની પર્યાય થાય’’—એમ માને છે તે અધ્યવસાન છે. તેને જ બુદ્ધિ કહે છે. મારે કરવું હતું તે બીજાએ કર્યું. એમ પરમાં બુદ્ધિને કેળવે છે.

તે બુદ્ધિ બહારમાં ઘણી ઊઘડી હોય, એમાં એકબીજાની સહાય કેમ થાય વગેરેમાં બુદ્ધિને રોકે છે, તેવી બુદ્ધિને અહીં મિથ્યાત્વ કહ્યું છે.

## (૩) પરની એકત્વબુદ્ધિરૂપ વ્યવસાનમાત્રપણાથી વ્યવસાય છે તે જ અધ્યવસાન છે.

વ્યવસાય એટલે કામમાં લાગ્યા રહેવું તે. સવારથી સાંજ સુધી દુકાનનો વ્યવસાય આપણે ન કરીએ તો કોણ કરે ? એમ સ્વ-પરની એકત્વબુદ્ધિનો વ્યાપાર આખો દિવસ કરવો તેને વ્યવસાય કહે છે. કામમાં લાગ્યા રહીએ તો કામ કામને શીખવે. વૈદું, રસોઈ, વેપાર, વકીલાત વગેરેના કામમાં લાગ્યા રહીએ તો કામનો નિવેડો—પાર આવે, એમ માનનાર આત્માનો અનાદર કરનાર મહા મિથ્યાદ્રષ્ટિ છે. અજ્ઞાની કહે છે કે "ફરે તે ચરે અને બાંધ્યો ભૂખે મરે" એમ કહેવત છે. તેનો આધાર લઈને કામનો વિચાર કરે તો પાંચ પચીશ રૂપિયા કમાય. આ બધો મિથ્યાદ્રષ્ટિનો ખ્યાલ છે. કેમ કે આત્મા જ્ઞાનસ્વરૂપી છે. તે પરમાં કાંઈ કરતો નથી. પરની ક્રિયા એના કાળે થવાની હોય તે થાય છે. વિકલ્પ આવે તે વાત જુદી છે. પણ પરનાં કામ આત્માથી સુધરે એમ જ્ઞાની માનતો નથી. કોઈ કહે કે ચૂલે દૂધ મૂક્યું હોય અને ધ્યાન ન રાખીએ તો ઉભરાઈ જાય. ચૂલે કઢી મૂકી હોય તો ધ્યાન રાખવું કે નહિ ? તેને કહે છે કે ભાઈ, ધીરો થા ! તારી પર્યાયના ભાવથી પરમાં કાંઈ થતું નથી. છતાં એમાં ધ્યાન રાખવાથી અને એમાં લાગ્યા રહેવાથી તે કામ થાય, એમ માનવું તે મિથ્યાત્વ છે. નબળાઈના કારણે જ્ઞાનીને વિકલ્પ થઈ જાય છે પણ તેને પરની ક્રિયા કરવાનો અભિપ્રાય નથી. જો અસ્થિરતાનો વિકલ્પ ન હોય તો કેવળી હોય પણ સાધકદશામાં વિકલ્પ નબળાઈને કારણે આવે છે. જ્ઞાનીને કાચી રોટલી થાળીમાં આવે તો કાઢી નાખવાનો ભાવ થાય; પણ થવાનું હોય તે થાય છે એમ તે સમજે છે. દ્રષ્ટિ ફેરે ફેર છે. જ્ઞાની જાણનાર રહે છે. અજ્ઞાની પરનો વ્યવસાય કરવો, પરમાં લાગ્યા રહેવું જોઈએ એમ માને છે, તે એકત્વબુદ્ધિ છે.

## (૪) સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય ત્યારે જીવની મનનમાત્રપણાથી મતિ છે, તે મિથ્યાત્વ છે

પરને જાણવાની ઇંતેજારીરૂપ મનન કર્યું હોય તો કામ સારું થાય એમ મૂઢ માને છે. બહારનાં કામનું ખૂબ મનન કર્યું હોય તો ખૂબ કામ લાગે તેને મતિ કહે

છે. આ રીતે અજ્ઞાની પરનું મનન કરી રહ્યો છે. તેને કહે છે કે એકવાર નવરો તો થા ! પરથી તો નવરો છે જ પણ ભાવથી નવરો થવાનું કહે છે. છોકરાનું શું થશે ? એમ મનન કર્યા કરે. પણ મરી ગયા પછી શું થાય છે ? તે તેના કારણે નભે છે. **જીવ પરમાં ફોતરું પણ ફેરવી શકતો નથી.** છતાં પણ પરથી હું અને મારાથી પર—એમ મનન કરે છે. શાસ્ત્રનું મનન કરીને પણ એકત્વબુદ્ધિ કાઢે છે, તે અધ્યવસાન જ મતિ છે.

વેપાર, કારીગરી, વકીલાત વગેરેનું મનન કરવાથી પોતાની મતિ ખીલે—એમ માનનારે પાપના વ્યાપારથી જ્ઞાનની ખીલવટ માની, તે મિથ્યાત્વ છે. કેમ કે તે ઉઘાડ તો પૂર્વનો લબ્ધરૂપ હતો તે થયો છે. તેને બદલે પાપભાવથી થયો એમ માને છે. ચૈતન્ય સ્વભાવ પરથી ભિન્ન છે; તેનું મનન કરતો નથી અને વ્રતના વિકલ્પોનું મનન કર્યા કરે અને માને કે મને ધર્મ થયો, તો તે એકત્વબુદ્ધિ છે. આ ખપે ને આ ન ખપે, શુદ્ધ આહારપાણી આદિનું મનન કર્યા કરે અને માને કે તેનાથી મને ધર્મ થશે, તે પુણ્યભાવ સાથે એકત્વબુદ્ધિ છે—તે મિથ્યાત્વ છે. તેને વસ્તુનું ભાન નથી. પરની ક્રિયાથી દોષ આવ્યો—એવું જેનું મનન છે, તે મતિ જ અધ્યવસાન છે અને તે જ મિથ્યાત્વ છે.

## (૫) સ્વને ચૂકીને એકલી પરને જાણવાની ક્રિયા તે વિજ્ઞાન છે, અને તે જ અધ્યવસાન છે.

જે માત્ર પરને જાણવાની ક્રિયા કર્યા કરે, તે પોતાના આશ્રયે શુદ્ધજ્ઞપ્તિની ક્રિયા ખીલે એમ માનતો નથી. તે વર્તમાન વિજ્ઞાન કરે છે, તે મિથ્યાત્વ છે. અજ્ઞાની કહે છે કે વિજ્ઞાનવાળાએ બહુ શોધ કરી છે. એરોપ્લેન બનાવ્યા, અણુબોંબ બનાવ્યા અને હજુ તો ઘણું વિજ્ઞાન વધશે પણ તે મિથ્યાત્વ છે. કેમ કે તે બધું તેના પરાવર્તનના કાળે થાય છે. એને બદલે તેના વિજ્ઞાનથી થયું એમ માને છે, તે સ્વ-પરની એકત્વબુદ્ધિ છે. ફોનોગ્રાફ બનાવવાવાળાએ ત્રણ દિવસ એકાંતમાં બેસીને વિજ્ઞાનની શોધ કરી તો અત્યારે ફોનોગ્રાફનો આટલો ફેલાવો થયો એમ મૂઢ માને છે, તે જ મિથ્યાત્વ છે કેમ કે ફોનોગ્રાફ તે જડની ક્રિયા છે. જ્ઞાન ઘણું વધ્યું માટે એની ક્રિયા થઈ એમ માનવું, તે સ્વ-પરની એકત્વબુદ્ધિરૂપ અધ્યવસાન જ મિથ્યાત્વ છે.

## (૬) સ્વ-પરની એકત્વબુદ્ધિમાં ચેતવું તે ચેતનમાત્રપણાથી ચિત્ત છે તે જ અધ્યવસાન છે.

આખો ચેતન પરમાં ચેતાઈ ગયો છે. શરીરમાં આ દવા આવશે તો આમ થશે અને આમ કાળજી રાખશું તો શરીર સારું રહેશે—એમ ચોવીસે કલાક રોકાઈને જાગૃતિકાળ પરમાં ગાળ્યો, તે મિથ્યાત્વ છે. અજ્ઞાની પોતાના ચિત્તને પર પદાર્થમાં રોકે છે. સાંજે શું ખાવું, સવારે શું ખાવું, કેમ વ્યવસ્થા રાખવી—એમાં ચેતનાને રોકવી તે ચિત્ત છે. તે પરથી લાભ માને છે માટે એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વ છે.

## (૭) પર સાથેના એકત્વનો અધ્યવસાન તે ચેતનના ભવનમાત્રપણાથી ભાવ છે.

પરનું કામ મારાથી થાય અને મારું કામ મારાથી થાય, તે મિથ્યાત્વ છે. પણ મારું કામ પરથી ન થાય અને પરનુ કામ હું કરી શકું નહિ પણ એના કાળે એની પર્યાય થવાની હોય તે થાય છે, એમ જાણવું તે જ્ઞાતાનો અપૂર્વ ભાવ છે. દયા, દાન, ભક્તિ, પૂજા આદિમાં ભવન થવું તે પરમાં ભવાઈ ગયો છે. તેને સ્વભાવનુ ભાન રહેતું નથી. હું ચૈતન્ય છું, મારું જ્ઞાન શરીર મારામાં છે, તેને ભૂલીને પરમાં ભવન કરી રહ્યો છે. આવા અધ્યવસાનને ભાવ કહે છે.

આ જીવે અનંતા ભવો કર્યા. ચકલાના ભવમાં ટેં ટેં કરીને મર્યો. ત્યાં કોણ શરણ છે ? અહો, જગતની દશા તો જુઓ ! માણસ થાય ત્યારે જાણે ચકલો થયો જ નથી અને અક્કડ થઈને ફૂલ્યો ફાલ્યો ફરે છે પણ મનુષ્યપણામાં સત્ય સાંભળવાનાં ટાણાં મળ્યાં તો સાંભળતો નથી. જેની શરીર ઉપર દ્રષ્ટિ છે તેનું ભવન પરમાં થઈ રહ્યું છે. નિવૃત્તિ લેવાનું કહે તો નિવૃત્તિ લે નહિ. તેને પરમાં રોકાઈ રહેવું ગમે છે. તેને ચાર ગતિમાં રોકાઈ રહેવું ગમે છે. પણ સંસાર તો અશરણ છે. જેમ હરણને સિંહ થાપો મારે તો ત્યાં તેને કોણ શરણ છે ? એવા અનંતા ભવો કર્યા. કેમ કે તું આદિ વગરનો છે. અનાદિથી અત્યારસુધીનો કાળ ક્યાં ગાળ્યો ? તેથી નક્કી થાય છે કે જીવે અનંતા ભવો કર્યા છે. એ ભવોમાંથી છૂટવું હોય તો આ સિવાય બીજો એકેય ઉપાય નથી.

આત્મા ચૈતન્ય સ્વભાવી છે. એનું ભવન છોડીને પરમાં ભવન કરે છે તેનો એકપણ ભવ ઓછો થતો નથી. તેને આત્માનો ઉપદેશ આપવામાં આવે તો ગણકારે નહિ, રાજા થયો હોય અને સત્તાપ્રિય પ્રકૃતિ હોય, મોટર કે ઘોડાગાડીને બજારમાં પોતે ચલાવતો નીકળે તો એને એમ લાગે કે બસ હું રાજા છું. એમ

વર્તમાનમાં પરનું ભવન કરી રહ્યો છે, તે અધ્યવસાન જ ભાવ છે. ત્યાં આખો ચેતન રોકાઈ ગયો છે. તે પર સાથે એકત્વ કરનારો મિથ્યાદ્રષ્ટિ છે. અજ્ઞાની આખો દિવસ પરની વાતોમાં રસ લઈને રોકાઈ રહે છે. શુભભાવનું પણ ભવન કરે છે પણ અંતર આત્માના ભાન વિના એ બધું નકામું છે. પોતાના ભાવને પરમાં રોકી રાખે અને તેનાથી આત્માને લાભ માને—તે ભાવ મિથ્યા અધ્યવસાન છે, તેથી મિથ્યાત્વ છે.

## (૮) ચૈતન્ય સ્વભાવી આત્માને ભૂલીને પરમાં ચેતનનું પરિણમનમાત્ર તે પરિણામ છે

અજ્ઞાની પર સન્મુખતામાં પરિણમી રહ્યો છે. ભાષાના પરિણામ મારાથી થયા અને એના કારણે મારા પરિણામ થયા—એમ માનવું તે અધ્યવસાન છે. આમ આઠ બોલની વાત કરી. આ આઠ બોલમાં આખી દુનિયાના ભાવોને ઉતાર્યા છે. આ આઠ બોલના નામ જુદાં જુદાં છે. પણ અધ્યવસાનનો અર્થ તો બધાનો એક છે. **સ્વ-પરની એકત્વ માન્યતા—તે જ આ આઠ બોલમાં કહી છે.**

ભાવાર્થ :—આ જે બુદ્ધિ આદિ આઠ નામોથી કહ્યા, તે બધાય ચેતન આત્માના પરિણામ છે. જ્યાંસુધી સ્વ-પરનું ભેદજ્ઞાન ન હોય ત્યાં સુધી જીવને જે પોતાના ને પરના એકપણાના નિશ્ચયરૂપ પરિણતિ વર્તે છે, તેને બુદ્ધિ આદિ આઠ નામોથી કહેવામાં આવે છે. અજ્ઞાની માને છે કે આવડત વગર ધાનનું ધૂળ કરીને ખાય છે અને આવડત હોય તો ધૂળનું ધાન કરીને ખાય. તેને કહે છે કે ધીરો થા ! તારા સ્વભાવને સંભાળ ! પરની સંભાળથી કાંઈ તારા આત્માનું કલ્યાણ થાય એમ નથી. વળી અજ્ઞાની શાસ્ત્ર ભણીને પણ એમાંથી કર્મના કારણે વિકાર થાય, એમ કાઢે છે, તે મિથ્યાદ્રષ્ટિ છે. તે અધ્યવસાન જ મોટું પાપ છે.

*

# પ્રસાદ નં. ૨૮૬

## સમયસાર કળશ ૧૭૩

*(શ્રાવણ સુદ ૧૧ સોમવાર, બપોરે, ૨૦૦૭)*

ગાથા ૨૭૨ની શરૂઆત કરતા પહેલાં, આ કળશમાં બંધ અધિકારનો સાર કહે છે કે આ અધ્યવસાન ત્યાગવા યોગ્ય કહ્યાં છે તેથી એમ સમજાય છે કે વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે. અને નિશ્ચયનું ગ્રહણ કરાવ્યું છે. શ્રી અમૃતચંદ્ર આચાર્યે ન્યાય કાઢ્યો છે કે પરની એકત્વબુદ્ધિનો ત્યાગ કરાવ્યો છે એટલે પરાશ્રિતરૂપ વ્યવહારનો ત્યાગ કરાવ્યો છે અને નિશ્ચય એવા સ્વભાવનો આશ્રય કરાવ્યો છે. તેવા અર્થનું, આગળના કથનની સૂચનારૂપ કાવ્ય કહે છે :—

## કળશ ૧૭૩

જુઓ, આ બંધ અધિકાર છે તેના સારરૂપ આ કળશ છે. બંધન આત્મામાં થાય છે તેનું કારણ અધ્યવસાન છે. આત્મા જ્ઞાયક શુદ્ધ સ્વરૂપી છે તે સ્વને જાણતાં પરને જાણે ખરો, પણ પરને બંધન કે મુક્તિ કરાવે કે પરને સુખ-દુઃખ આપે, એવો સ્વભાવ આત્માનો નથી.

અર્થ :—આચાર્યદેવ કહે છે કે : સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે તે બધાંય અધ્યવસાન જિન ભગવાનોએ પૂર્વોક્ત રીતે ત્યાગવા યોગ્ય કહ્યાં છે. તેથી અમે એમ માનીએ છીએ કે પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે.

## જિનેન્દ્ર ભગવંતોએ અધ્યવસાનની જેમ બધોય વ્યવહાર છોડાવ્યો છે કેમ કે વ્યવહાર અધ્યવસાનની જેમ પરાશ્રિત છે.

પરને જિવાડી શકું છું, મારી શકું છું, લાભ-અલાભ કરી શકું છું, બંધન-મુક્ત કરી શકું છું—એ બધો અભિપ્રાય ત્યાગવા યોગ્ય છે. એટલે કે પરની એકત્વબુદ્ધિ છોડવા યોગ્ય છે. આત્મા સિવાય પર ચીજને કરવા—મૂકવાનો અભિપ્રાય કરવો તે બધો પરાશ્રય ભાવ છે. પરમાં લાભ માનવો તે અધ્યવસાય છોડાવ્યો છે અને પરાશ્રયરૂપ વ્યવહારથી કોઈને લાભ નથી માટે તે પણ બધોય છોડાવ્યો છે. શુભભાવથી આત્માની મુક્તિ થતી નથી માટે તે પણ બધોય છોડાવ્યો છે. શુભભાવથી આત્માની મુક્તિ થતી નથી માટે તેને અહીં છોડાવ્યો છે. સવારે પ્રવચનસારમાં નય અધિકારમાં શુભ અનુષ્ઠાનની પ્રધાનતાથી સિદ્ધિ થાય છે એમ

આવ્યું હતું. ત્યાં તો આત્માની પર્યાયમાં શુભભાવ થાય છે અને અશુભ એટલો ટળી ગયો છે—એવી પર્યાયનું જ્ઞાન કરાવવા કહ્યું હતું.

આ અધિકારમાં ઘણી વાત કરી છે. તેનો સાર કહે છે કે પર ચીજ નિમિત્ત અને તેના આશ્રયે થતો વિકાર, બધો છોડાવ્યો છે. એટલે કે વિકાર અને નિમિત્ત તરફનું લક્ષ છોડ કેમ કે વિકલ્પ ઊઠે એનાથી કલ્યાણ થાય, નિમિત્ત અનુકૂળ હોય તો લાભ થાય અને પ્રતિકૂળ નિમિત્તને દૂર કરું તો ઠીક થાય—એ બધી માન્યતા મિથ્યાત્વ છે. તે મોટી ભ્રમણારૂપ થાય છે ને અનંત સંસારનું કારણ છે. વ્યવહારનો આશ્રય પર છે તેથી વ્યવહારના આશ્રયવાળાને સ્વઆશ્રય થતો નથી. પર જેનો આશ્રય છે એવો વ્યવહાર—તેને છોડાવ્યો છે. પંચમહાવ્રતના પરિણામ દેવ-ગુરુ-શાસ્ત્રના લક્ષે થતો શુભભાવ—તે બધો વ્યવહાર છોડાવ્યો છે. ચૈતન્યસ્વરૂપ જે સ્વ છે, તેને છોડીને પરના આશ્રયે ગમે તેવો શુભભાવ હોય તો તે પર છે. તેવો વ્યવહાર સઘળોય છોડાવ્યો છે. ભગવાને એમના જ્ઞાનમાં વ્યવહારથી લાભ થાય એવું જોયું નથી. માટે વ્યવહારનો ત્યાગ કરવાનું કહ્યું છે.

આત્મામાં પરના આશ્રયે જેટલો ભેદ પડે એનો ત્યાગ કરાવ્યો છે એટલે વ્યવહારને જ છોડાવ્યો છે. પર જેનો આશ્રય છે એવી એકત્વબુદ્ધિથી લાભ થાય એમ ભગવાને કહ્યું નથી. શાસ્ત્રમાં શુભભાવને કારણ કહેલ છે તે તો અશુભથી બચ્યો એટલો લાભ છે તે બતાવવા શુભભાવની મુખ્યતાથી વાત કરી હોય છે. કોઈ એમ કહે કે વ્યવહારી તે સમ્યક્ત્વી અને સમ્યક્ત્વી તે વ્યવહારી છે, પણ અહીં તો કહે છે કે વ્યવહારી તે મિથ્યાત્વી છે. વ્યવહાર એટલે પરનો આશ્રય, ને તેનાથી લાભ માનવો તે મિથ્યાત્વ છે.

સમ્યગ્દર્શનનો વિષય નિશ્ચય એકરૂપ ત્રિકાળ સ્વભાવ છે. સર્વજ્ઞ ભગવાન આદિ પરદ્રવ્યો, સમેતશિખર, મહાવિદેહ આદિ ક્ષેત્ર અને ચોથો કાળ વગેરે પરકાળનો આશ્રય કરવો તે વ્યવહાર છે. તેનાથી આત્માને કિંચિત્ પણ લાભ નથી માટે છોડ તે વ્યવહાર ને છોડ, તેનો આશ્રય છોડ, એમ ભગવાને કહ્યું છે. પંચમહાવ્રતના પરિણામ અને વ્યવહાર રત્નત્રયના ભાવ થાય છે તેનાથી સ્વમાં આશ્રય થતો નથી. જેમા અંશે પણ રાગ, ભેદ અને નિમિત્તનો આશ્રય છે તે વ્યવહાર છે. જેટલા વ્યવહારના ભેદ છે તેટલા મિથ્યાત્વના ભેદ છે. નિશ્ચય સ્વભાવના આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા જેટલી થાય છે તેટલો ધર્મ છે. પણ પરના આશ્રયે લાભ માને તો મિથ્યાત્વ છે. આ વાત સાંભળીને ચારે તરફ અજ્ઞાનીઓનો પોકાર ઊઠ્યો છે. અહીં તેને કહે છે કે ભગવાને સઘળો વ્યવહાર છોડાવ્યો છે એટલે કે નિમિત્તનું લક્ષ છોડાવ્યું છે. અજ્ઞાની એમ માને છે કે વ્યવહાર હોય તો નિશ્ચય થાય. પણ પરના આશ્રયે લાભ થતો નથી. સ્વના આશ્રયે લાભ

થાય છે એવું ઘોલન કરવામાં પણ શુભભાવ તો થાય છે છતાં જ્યાંસુધી નિશ્ચયદ્રષ્ટિ ન થાય ત્યાંસુધી આત્માને લાભ થાય એમ નથી.

ચૈતન્ય જ્ઞાતા ધ્રુવ પદાર્થ છે તેના અવલંબને જ શુદ્ધતા પ્રગટે છે. પંચાસ્તિકાયમાં વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય કહ્યું છે. તે તો અહીં નિશ્ચય પ્રગટ કરે ત્યારે નિમિત્તરૂપે કેવો ભાવ હોય છે તેનું જ્ઞાન કરાવવા નિમિત્તથી વાત કરેલ છે પણ વ્યવહાર ખરેખર સાધન નથી. બનારસીદાસે સમયસાર નાટકમાં આ કળશનો પદ્યાનુવાદ કર્યો છે તેમાં નીચે પ્રમાણે કહ્યું છે :—

**बंधद्वार ।**

**असंख्यात लोक पखांन जे मिथ्यात्व भाव,**
**तेई विवहार भाव केवली—उकत हैं ।**
**जिन्हकौ मिथ्यात गयौ सम्यक दरस भयौ,**
**ते नियत—लीन विवहारसौं मुकत हैं ।।**
**निरविकलप निरुपाधि आतम समाधि,**
**साधि जे सुगुन मोख पंथ कौं ढुकत हैं ।**
**तेई जीव परम दसा मैं थिररूप ह्वैकै,**
**धरममै धुके न करमसौं रुकत हैं ।।३२।।**

નિમિત્તથી અને વ્યવહારથી લાભ થાય એના અસંખ્યાત ભેદ છે. તેટલા અસંખ્યાત ભેદ વ્યવહારના છે. અહીં વ્યવહાર અને મિથ્યાત્વ વચ્ચે ભેદ પાડ્યા નથી. જેટલા વ્યવહારના પ્રકાર છે તેટલા મિથ્યાત્વના પ્રકાર છે. વ્યવહારનય ત્યાગવા યોગ્ય અને નિશ્ચયનય ગ્રહણ કરવાયોગ્ય છે. એમ માને તો બે નય રહે છે. પણ બેયને આદરણીય માને તો બન્ને રહેતા નથી. પરના આશ્રયે કિંચિત્ પણ લાભ થાય એમ માને તો મિથ્યાત્વ થાય છે. વસ્તુસ્વભાવનો આશ્રય કરે તો નિર્મળ પર્યાય થાય છે. અજ્ઞાનીઓનો પોકાર છે કે વ્યવહારથી નિશ્ચય થાય અને નિમિત્તથી ઉપાદાનમાં લાભ થાય એમ કેમ માનતા નથી ? અહીં વીતરાગ કહે છે કે વ્યવહારથી લાભ માને તો મિથ્યાત્વ છે. ધર્મ કરવો હોય તેને કહે છે કે તારે શું જોઈએ છે ? વસ્તુસ્થિતિ જેમ છે તેમ સમજવી છે કે રખડવું છે ? ધર્મ કરવો હોય તો સ્વના આશ્રયે લાભ માન અને રખડવું હોય તો પરના આશ્રયે લાભ માન. આ આત્મબાદશાહ તો સ્વનો આશ્રય લ્યે તો તેની બાદશાહી રહે છે પણ પરનો આશ્રય કરે તો તે દીનતા છે. જેમ સીદી બાદશાહ ભીખ માગવા આવે છે, તે હોય ભિખારી

છતાં તેને સીદી બાદશાહ કહેવામાં આવે છે. તેમ ચૈતન્ય પરના આશ્રયે લાભ માને તે ભિખારીને બાદશાહ કહેવા જેવું છે.

આત્મા ત્રણલોકનો નાથ છે. જેટલી પૂર્ણદશા થાય છે, તે બધીને અંદરમાં સંઘરીને તે બેઠો છે. તે આત્મા પરના આશ્રયે લાભ માને તે જ મિથ્યાત્વ છે. સર્વ વસ્તુનું લક્ષ છોડાવ્યુ છે. એમાં કોઈ વસ્તુ બાકી રહેતી નથી. અહીં શુભ રાગને પણ પર અને વ્યવહાર કહેલ છે. દ્રવ્યસંગ્રહમાં ત્રણ પ્રકાર લીધા છે. (૧) પરવસ્તુ તે તો પર છે એટલે વ્યવહારનય (૨) આત્માની પર્યાયમાં થતો રાગ તે અશુદ્ધ નિશ્ચય અને (૩) વીતરાગભાવ તે શુદ્ધ નિશ્ચયનય—એમ ત્રણ પ્રકાર લીધા છે અને અહીં બે પ્રકાર છે. સ્વ તે નિશ્ચયનય અને વિકાર તથા નિમિત્ત આદિ પર તે વ્યવહાર છે. તે પરનો બધો વ્યવહાર ભગવંતોએ છોડાવ્યો છે. આત્મા સિવાય દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો શુભભાવ અને સ્ત્રીકુટુંબાદિ પ્રત્યેનો અશુભભાવ—તે બધા ભાવને છોડાવ્યો છે.

ત્રણ લોકના નાથ તીર્થંકરદેવે પરની એકત્વબુદ્ધિ છોડાવવા પરનો આશ્રય છોડાવ્યો છે. બે પદાર્થની એકતા કરવી તે અધ્યવસાન છે, પણ પરના આશ્રયે પુણ્ય-પાપ આદિના ભાવો કરે છે–તેને પણ અહીં છોડાવ્યા છે. અશુદ્ધનયને અહીં વ્યવહાર કહ્યો છે. ભગવાન કહે છે કે પરના આશ્રયે લાભ માને તો મિથ્યાત્વ થાય છે. કેમ કે જેટલો જ્ઞાનનો વિકાસ કરવો છે અને તેમાં રમણતા કરવી છે તે અને તે સિવાયની બીજી અનંતી શક્તિ સ્વમાં ભરી પડી છે. તેના આશ્રયે લાભ થાય છે, એમ તે માનતો નથી. અહીં તો "સવિ જીવ કરું શાસનરસી" એટલે કે બધા ધર્મ પામી જાઓ—એવા વિકલ્પને પણ અહીં છોડાવ્યો છે. વ્યવહારનય જ્ઞાન કરવા માટે છે પણ વ્યવહારનય આદરણીય નથી. એક સમયમાં ત્રણકાળ, ત્રણ લોકના દ્રવ્ય, ગુણ, પર્યાયનો જેણે પત્તો મેળવ્યો છે એટલે કે બધા પદાર્થોને જેઓ જાણે છે એવા સર્વજ્ઞ પરમાત્માએ કહ્યું છે કે પર જેનો આશ્રય છે એવો વ્યવહાર છોડવા જેવો છે. કેમ કે તેનાથી આત્માને લાભ થતો નથી પણ ઊલટું નુકશાન થાય છે.

હવે ભગવાને તો કહ્યું છે કે જેટલો પરનો આશ્રય કરે છે તે નુકશાન કરે છે તો પછી એવો વિકલ્પ ક્યાંથી આવ્યો કે તેનાથી લાભ થાય? માટે તે વિકલ્પ છોડવા જેવો છે. સમ્યગ્જ્ઞાન, શ્રદ્ધા અને રમણતા કરવા માટે તે વિકલ્પ છોડાવવામાં આવ્યો છે. જેમ કોઈ છોકરાને એનો બાપ કહે કે ભાઈ, તું ઘર બહાર નીકળીશ નહિ કેમ કે બહારમાં સર્પાદિનો ભય છે. તેમ અહીં આચાર્યદેવ કરુણાબુદ્ધિથી કહે છે કે સ્વને ચૂકીને પરનો આશ્રય કરીશ નહિ. કેમ કે એ ભાવથી પરને લાભ થતો નથી અને તને પણ લાભ થતો નથી. આ રીતે એકત્વબુદ્ધિનો આશ્રય છોડાવ્યો છે. તું પરનું તો કરી શકતો નથી પણ તારી ભૂમિકામાં જે દયા,

દાન, પૂજા, ભક્તિ આદિના ભાવ થાય છે, તે ભાવથી–નથી તને લાભ કે નથી પરને લાભ માટે પરાશ્રિત એવા વ્યવહારને પણ છોડાવ્યો છે.

આ વાતની રુચિ કરવા જેવી છે. તેવો ભાવ પ્રથમ થવો તેને વ્યવહાર કહેવામાં આવે છે પણ સ્વનો આશ્રય કરે તો સાચો વ્યવહાર કહેવાય. જેમ સૂર્ય ઊગે ત્યારે અંધારાનો નાશ થાય છે તેમ સર્વજ્ઞ ભગવાનરૂપી જ્ઞાનસૂર્ય ઊગે ત્યારે સંપૂર્ણ અજ્ઞાનનો નાશ થાય છે. તે સર્વજ્ઞ ભગવાન કહે છે કે સઘળો વ્યવહાર પરાશ્રિત હોવાથી ત્યાગવાયોગ્ય છે. તો પછી અહો સત્પુરુષો, આ સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરીને શુદ્ધ જ્ઞાનઘન નિજ મહિમામાં કેમ સ્થિરતા પામતા નથી ? સમજવાના કામી પુરુષોને અહીં સત્પુરુષો કહ્યા છે. એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે અંગીકાર કરો, જો ક્યાંક પરથી લાભ થશે એવી માન્યતા રહી એટલે કે વ્યવહારની મીઠાશ રહી ગઈ, તો તારો વ્યવહાર કદી ટળશે નહિ.

જ્યારે પરથી લાભ-નુકશાન થતું નથી અને રાગ થાય તેનાથી સ્વ-પરને લાભ નથી–તો હવે તમે નિશ્ચયનો આશ્રય કેમ કરતા નથી ? અનંતગુણનો પિંડ એવો આત્મા તે જ નિશ્ચય છે. તે નિશ્ચયને જ અંગીકાર કરવાનું કહ્યું છે. 'જ' શબ્દ સમ્યક્ એકાંતપણું બતાવે છે. શાસ્ત્રમાં હજારો વાત વ્યવહારથી કહેવામાં આવે કે પરંપરાએ વ્યવહાર નિશ્ચયનું સાધન છે. તો ત્યાં સમજવું કે નિશ્ચય આદરણીય છે અને શુભ ભાવ જેટલો થાય તે બંધન છે. અહીં શુદ્ધ જ્ઞાનઘન છે તે નિજ છે અને અશુદ્ધ વિકાર તે પર છે. તેથી નિજ સ્વભાવનો મહિમા કરી સ્થિરતા કરવાનું કહ્યું છે.

અહીં આચાર્ય ભગવાનને આશ્ચર્ય થાય છે કે અહો સત્પુરુષો ! નિશ્ચયને ખીલે કેમ બંધાતા નથી ? જેમ કોઈ કહે કે ઘોડાને ખીલે કેમ બાંધતો નથી ? તેમ અહીં કહે છે કે અરેરે ! આત્મા શુદ્ધ જ્ઞાનઘન છે, એના ખીલે કેમ બંધાતા નથી ? એટલે કે નિશ્ચયનો આશ્રય કેમ કરતા નથી ? તમો ત્રિકાળ સ્વભાવ છે તેનો આદર કરો અને વ્યવહાર વચમાં આવે તેનો આદર ન કરો ! સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તેને માટે પ્રથમની વાત આ છે. જેને પરની વાત કરવી હોય અને અનંતકાળથી રખડે છે એમ રખડવું હોય, તેને આ વાત રુચે નહિ. ઉત્કૃષ્ટ શુભ ભાવ કર્યો ને તેનાથી લાભ માન્યો માટે અનંતકાળથી આ જીવ રખડ્યો છે. અજ્ઞાનીને વ્યવહારની વાત આવે ત્યાં મીઠાશ આવે છે એટલે કે એને વ્યવહાર ગમે છે. તેને અંતર આત્મતત્ત્વનો મહિમા આવતો નથી. તેને બહારનું માહાત્મ્ય છૂટતું નથી. સ્વ આત્મતત્ત્વની શ્રદ્ધા—જ્ઞાન અને રમણતા કરવી તે જ ધર્મ છે. આ સિવાય ધર્મનો બીજો કોઈ માર્ગ નથી. આ તો અલૌકિક વાત છે એટલે કે લોકોથી જુદી વાત છે. એકવાર આત્માનો મહિમા કરીને પરનો મહિમા છોડ તો ખરો! પરનું તો થયા કરે

છે. તે પરનાં કામ તારાથી થતાં નથી માટે પરની કલ્પના છોડ તો તારા આત્માને લાભ થશે. આમ હોવા છતાં પણ સત્પુરુષો પરના વિકલ્પો કેમ છોડતા નથી ? તેનું આશ્ચર્ય આચાર્ય ભગવાનને લાગે છે.

ભાવાર્થ :—જિનેશ્વરદેવે અન્ય પદાર્થોમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાન છોડાવ્યાં છે તેથી આ પરાશ્રિત વ્યવહાર જ બધોય છોડાવ્યો છે એમ જાણવું. પરપદાર્થથી પોતાને લાભ—નુકશાન થાય એમ જે માને છે તે પર પદાર્થને પોતાના માન્યા વિના રહે નહિ. પરમાત્માએ આત્મા સિવાય બધા પર પદાર્થોનો આશ્રય છોડાવ્યો છે. સાક્ષાત્ તીર્થંકરદેવ હોય તો તેઓ પણ પર છે માટે તેનો પણ આશ્રય છોડાવ્યો છે. કેમ કે પરાશ્રયભાવ તે જ સંસાર છે. માટે શુદ્ધ જ્ઞાનઘન સ્વરૂપ પોતાના આત્મામાં સ્થિરતા રાખો–એવો શુદ્ધ નિશ્ચયના ગ્રહણનો ઉપદેશ આચાર્યદેવે કહ્યો છે. પહેલેથી જ શુદ્ધના વલણની હા તો પાડ અને તેનું ઘૂંટણ કરતો જા કે એક શુદ્ધ આત્મતત્ત્વ જ આદરણીય છે. એ સિવાય બીજો કોઈ માર્ગ નથી. માટે વ્યવહારને છોડ.

આ રીતે ભગવાને અધ્યવસાન છોડાવ્યાં છે. તો હવે સત્પુરુષો નિશ્ચયને નિષ્કંપપણે સ્વીકાર કરી સ્વરૂપમાં કેમ નથી ઠરતા—એ અમને અચરજ છે. આચાર્ય ભગવાન આમ કહે છે. ગુરુ આમ કહે છે તેવો વિકલ્પ તો આવે છે, પણ તેનાથી આત્માને લાભ થતો નથી. છતાં વ્યવહારથી લાભ માનો છો તે જ અમને અચરજ થાય છે. વ્યવહારની વાત આવે ત્યાં રાજી થાય અને નિશ્ચયને ગ્રહણ કરતા નથી. એ જ અમને અચરજ થાય છે. તે બધો હરખસન્નિપાત છે. તે મરવા માટે આવે છે. ગાંડપણ છે તેનાથી તારી શાંતિ હણાઈ જાય છે, માટે વ્યવહાર કરવા જેવો નથી.

અરે ભાઈ ! તને શુદ્ધ આત્માની વાત કરીએ છીએ તો ઉત્સાહ આવતો નથી અને વ્યવહારની વાત આવે ત્યાં ઘોડો થાય છે. તને આ શું થયું છે ? અરે ભાઈ, તારા આરા આવશે નહિ, માટે વ્યવહારની રુચિ છોડ અને નિશ્ચયને ગ્રહણ કર. આ વ્યવહાર છોડવાનું કેવળીને કહેતા નથી કેમ કે તેને વ્યવહાર નથી. પણ સ્વભાવથી ખસીને શુભભાવ થાય છે તેને કહે છે કે ભાઈ, તે શુભભાવની રુચિ છોડ, નહિતર સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા થશે નહિ. ઘણા લોકો કહે છે કે આત્મા દેખાતો નથી એ સિવાય બહારનું બધું દેખાય છે. તેને કહે છે કે એવી પરાશ્રિત બુદ્ધિ છોડ. જે જાણનાર તે દેખાય નહિ અને નહિ જાણનારને દેખે–તે અજ્ઞાનબુદ્ધિ છે. જાણનારની ભૂમિકાનો આશ્રય કરતો નથી અને રાગાદિનો આશ્રય કરે છે, તે મિથ્યાત્વ છે. એમ કહીને તેની રુચિને અહીં છોડાવી છે અને સ્વભાવની રુચિ કરાવી છે.*

# <u>પ્રસાદ નં. ૨૮૭</u>

## <u>સમયસાર ગાથા ૨૭૨</u>

*(શ્રાવણ સુદ ૧૨, મંગળવાર, બપોર, ૨૦૦૭)*

આગળ કળશ ૧૭૩માં જે કહેવાયું છે તે વાતને આ ગાથામાં વિશેષ સ્પષ્ટ કરે છે :–

**વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી;**
**નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્ત કરે નિર્વાણની. ૨૭૨.**

અર્થ :—એ રીતે (પૂર્વોક્ત રીતે) (પરાશ્રિત એવો) વ્યવહારનય, નિશ્ચયનય વડે નિષિદ્ધજાણ; નિશ્ચયનયને આશ્રિત મુનિઓ નિર્વાણને પામે છે.

### <u>વ્યવહારનય તો જ્ઞાનનો અંશ છે પણ તે પરનો—વિકારનો આશ્રય કરે છે તેથી તેનો નિષેધ કરવામાં આવ્યો છે.</u>

નય છે તે તો જ્ઞાનનો ભાગ છે. પણ વ્યવહારનય દયા, દાન આદિ પરનો આશ્રય કરે છે તેથી જ્ઞાન અને રાગને એક ગણીને તેનો નિષેધ કર્યો છે. ચૈતન્ય સ્વભાવનો આશ્રય છોડીને જે જ્ઞાન પરનો આશ્રય કરે છે, તે વિકાર છે. તે વિકારનો નિષેધ કરવામાં આવતાં તેને જાણનાર એવા જ્ઞાનનો પણ નિષેધ કર્યો છે. **<u>પર પદાર્થને જાણતાં ખરેખર તો જ્ઞાન જ ખ્યાલમાં આવે છે પણ તેને ખ્યાલમાં ન લેતાં વિકારનો આશ્રય કરે છે તે વ્યવહારનય છે.</u>** જે વિકાર થાય છે તે પરાશ્રિત છે. તેથી તેનું જ્ઞાન કરનાર જ્ઞાનના ભાગને પણ પરાશ્રિત કહ્યો છે. દયા, દાન, ભક્તિ, પૂજા આદિનો શુભ વિકલ્પ પરના આશ્રયે ઉત્પન્ન થાય છે માટે તે શુભભાવને જાણનાર જ્ઞાનના અંશને વ્યવહારનય કહે છે. તે વ્યવહારનયનો—નિષેધ કરવામાં આવ્યો છે. સ્વલક્ષે એટલે કે નિશ્ચયના આશ્રયે, વ્યવહાર એટલે શુભભાવ ઉત્પન્ન થતો નથી—તેને નિષેધ કરવામાં આવ્યો છે એમ કહેવાય છે. જે અત્યારસુધીમાં નિર્વાણપદને પામ્યા છે, તે નિશ્ચય એવા ત્રિકાળી શુદ્ધસ્વભાવના આશ્રયે જ પામ્યા છે. વળી તેના જ આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન તથા સ્થિરતા થાય છે. આ ગાથામાં મુક્તિ પામ્યા છે એમ મુનિની પ્રધાનતાથી વાત કરેલ છે, પણ જે કોઈ સમ્યગ્દર્શનાદિ પામે છે તે પણ સ્વના આશ્રયે જ પામે છે એવો નિયમ છે. માટે પરાશ્રિત એવા વ્યવહારને છોડાવ્યો છે.

**<u>ટીકા :</u>** આત્માશ્રિત તે નિશ્ચયનય છે અને પરાશ્રિત તે વ્યવહારનય છે.

આત્મા એક સમયમાં સામાન્ય ધ્રુવચૈતન્ય એકરૂપ છે. તેનો આશ્રય કરે એટલે કે વિકાર, ભેદ વગેરેનો આશ્રય ન કરે, તેને નિશ્ચયનય કહે છે. સાચું જ્ઞાન

તો સ્વના આશ્રયે થાય છે પણ પરાશ્રયે થતું નથી. આત્મા જ્ઞાયક સ્વરૂપ છે, તેને વીતરાગી શુદ્ધ જ્ઞાન-શ્રદ્ધાની પર્યાય થાય છે તે ત્રિકાળના આશ્રયે થાય છે. તેને જ અહીં નિજ આત્મા ગણ્યો છે. તેવા આત્માનો આશ્રય કરે તે નિશ્ચયનય છે. કામ, ક્રોધ, દયા, દાનાદિના જે ભાવો થાય છે, તે પરને આશ્રયે થાય છે, તેને વ્યવહારનય કહેવાય છે. આ વાત સમજ્યા વગર ઉપર ટપકે સાંભળે તો ધર્મ થાય એમ નથી. આત્મા પૈસા રળી શકે કે વાપરી શકે એવો ભાવ કરવો અથવા તો રાગ કરવો તે બધો ભાવ પરના આશ્રયે થાય છે. જે ભક્તિ, પૂજા, વ્રતાદિનો વિકલ્પ ઊઠે તે પણ પરાશ્રિત છે માટે વ્યવહારનય છે. તે વર્તમાનને જાણનાર વર્તમાન જ્ઞાન છે. **જે વર્તમાન જ્ઞાનનું પડખું ત્રિકાળી સ્વભાવ હું ચૈતન્ય છું એને પકડે તે નિશ્ચયનય છે.** જે કોઈ એમ કહે કે વ્યવહારનયથી નિશ્ચયનય પમાય છે, તેને કહે છે કે બન્ને નયના વિષય જુદા છે. એક આદરણીય છે અને બીજો ત્યાગ કરવાયોગ્ય છે, તે કહે છે.

## પરાશ્રિત સમસ્ત અધ્યવસાન બંધનું કારણ હોવાને લીધે મુમુક્ષુને તેનો નિષેધ કરતા એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહાર નયનો જ નિષેધ કરાયો છે.

પરનું હું કરી શકું છું—એવી એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વ છે. કેમ કે પરપદાર્થ તે પરિણામી તેના પરિણામ વિના હોય નહિ, બદલનારો પદાર્થ તેની બદલતી અવસ્થા વિના હોય નહિ. તેના પરિણામ તારા કારણે થાય એમ બને નહિ. માટે ધીરો થા અને શાંત થઈને જો કે વસ્તુસ્થિતિ શું છે ? અનાદિથી પરને હું કરું, સ્ત્રીનું કરું, પૈસાનું કરું એમ પરાશ્રિત ભાવ કરી રહ્યો છો, તે હવે ભગવાન ! તું શાંત થા ! જેટલી પરમાં એકત્વબુદ્ધિ કરે છે એ અધ્યવસાન બધો મિથ્યાત્વભાવ છે. સ્વ—પરની ભિન્નતાને ભૂલીને તેની એકતારૂપ માન્યતા તે અધર્મ અને બંધનું કારણ છે. અજ્ઞાની માને છે કે પરનાં કામ હમણાં કરી નાખીએ, આપણાથી શું ન થાય ? આકાશ પાતાળને એક કરી નાખીએ—એમ અજ્ઞાની મૂઢ જીવ માને છે. તેને કહે છે કે એ માન્યતાને છોડ. આકાશ પાતાળનું જ્ઞાન એક સમયમાં કરી શકે છે પણ આકાશ પાતાળને ફેરવી શકતો નથી. આત્માનો પર્યાય અને પરનો પર્યાય એક કાળે વર્તે છે. તે બન્ને પર્યાયમાં એકતા કરી રહ્યો છે. તે જ મિથ્યાત્વ છે. એવા અધ્યવસાનનો ત્રિલોકનાથ તીર્થંકરદેવે નિષેધ કર્યો છે કેમ કે તે પરની પર્યાય તારાથી થતી નથી.

સ્વરૂપ સુખના કામી એવા મુમુક્ષુને કહે છે. જેને ભૂખ લાગી હોય તેને અન્ન આપે છે, જેને તૃષા લાગી હોય તેને પાણી આપે છે, જેને તૃષા લાગી નથી એને

પાણી આપતા નથી. એટલે કે જેને સમજવું છે તેને કહે છે કે સ્વનો આશ્રય કર અને પરનો આશ્રય છોડ. કેમ કે તારાથી પરમાં કાંઈ થતું નથી. એમ કહીને પરના આશ્રયે થતા ભાવને છોડાવ્યો છે. તારાથી પરમાં કાંઈ ન થાય, માટે પરનું કરવારૂપ માન્યતાને તું છોડ એટલે કે પરની સામે જો નહિ એમ કહે છે. હવે **ભક્તિ, પૂજા, વ્રતાદિના ભાવો થાય છે તે એકત્વબુદ્ધિ નથી છતાં એકત્વબુદ્ધિની જેમ તે ભાવ પણ પરાશ્રિત હોવાથી તેને પણ છોડાવ્યો છે**. આ રીતે એકત્વબુદ્ધિનો નિષેધ કરાવતાં પરના આશ્રયે થતાં ભાવનો પણ નિષેધ છે એમ સમજાય છે. અહીં તો આચાર્ય ભગવાન કહે છે કે પરની પર્યાય થાય છે તે સ્વતંત્ર છે. તેનું તું કરી શકતો નથી માટે તેવી માન્યતાનો નિષેધ કરાવ્યો છે. તેમાં તેના આશ્રયે થતા ભાવનો નિષેધ કરાવ્યો છે તો તારે શરૂઆતથી શાંતિની જરૂર હોય તો સ્વનો આશ્રય કરવા જેવો છે. ત્રણ લોકના નાથ ફરમાવે છે કે **એક તણખલાના બે કટકા કરવાની તાકાત આત્મામાં નથી** તો પરનું કરવાની એકત્વબુદ્ધિ છોડ અને તે છોડાવતાં પરના આશ્રયે થતો ભાવ પણ છોડાવ્યો છે. આ વાત મુમુક્ષુને માટે કહે છે. પરનું કરવાની તાકાત તારામાં નથી પણ કેવળજ્ઞાનરૂપી સૂર્ય પ્રગટ કરવાની તાકાત તારામાં છે. એવા પોતાના સ્વભાવની સંભાળ લ્યે તો પરની ક્રિયા કરવાના ભાવનો નિષેધ થઈ જાય અને પરાશ્રિત એવો રાગભાવ પણ ન થાય. આ રીતે ભગવાનની વાણીમાં મર્મ નીકળ્યો છે. તારી પ્રભુતા તારામાં છે. બહારથી તે આવે એમ નથી. સ્વભાવનાં શ્રદ્ધા—જ્ઞાન અને રમણતા કર તો પ્રભુતા ઊછળે એમ છે.

## અધ્યવસાન પરાશ્રિત છે તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે તેમાં તફાવત નથી.

પરનું હું કરી શકું છું, સુખી-દુઃખી કરી શકું છું તે અધ્યવસાન છે. તેને છોડાવતાં પરાશ્રિત એવા વ્યવહારને પણ છોડાવ્યો છે કેમ કે અધ્યવસાનમાં જેમ પરનો આશ્રય છે તેમ શુભભાવ—દયાદાનાદિમાં પણ પરનો આશ્રય છે માટે અધ્યવસાનમાં અને વ્યવહારમાં કાંઈ તફાવત નથી. ચૈતન્યદળ છે તેનો આશ્રય કરવો તે સમ્યક્ત્વ છે અને પરાશ્રિતભાવ—એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વ છે. પરનું કરું તે ભાવ મિથ્યાત્વ છે અને નિમિત્તના લક્ષે થતો રાગભાવ તે વ્યવહાર છે. તે બન્નેમાં પરનો આશ્રય હોવાથી સરખા છે. માટે વીતરાગદેવે સઘળો વ્યવહાર છોડાવ્યો છે.

આત્મા દયા, દાન આદિનો વિકલ્પ કરે અને પરનો આશ્રય કરે એમાં કાંઈ તફાવત નથી માટે બન્નેને છોડાવ્યા છે. આ વાતની હા તો પાડ ! આત્મામાં અંદરમાં મૂડી પડી છે, તે બહારથી આવે એમ નથી માટે બહારમાં પરનો આશ્રય

કરવા જેવો નથી. અજ્ઞાનીને એમ લાગે છે કે આ કોઈ મુનિની કે કેવળીની વાત કરતા હશે પણ આ વાત તો જે મુમુક્ષુ અર્થાત્ આત્માનો ઇચ્છક છે તેને કહેવાય છે. તારા આત્મામાં અનંતાગુણો ભર્યા પડ્યા છે. તેના ગાણાં ગવાય છે. તારી પોતાની જે અનંત શક્તિ છે તેની સંભાળ કર અને પરાશ્રિત ભાવને છોડ.

## આ વ્યવહારનય નિષેધવાયોગ્ય જ છે કારણ કે આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ મુક્ત થાય છે.

આત્મામાં થતાં શુભભાવનો નિષેધ કરાય છે. એટલે કે સ્વભાવનો આશ્રય કર તો શુભભાવનો નિષેધ થાય છે. તેનું જ્ઞાન કરાવે છે. કેમ કે શુભભાવ થતાં કર્મનું ચક્ર બદલે છે પણ ધર્મનું ચક્ર એનાથી ખીલતું નથી. આત્માના ભાન વિના શુભભાવ ખરેખર થતો નથી. સ્વભાવને ચૂકીને પરમાં એકત્વબુદ્ધિ કરે છે તે તો છોડાવી છે. કેમ કે તે બંધનું કારણ છે. તેવી રીતે પરાશ્રિત એકાંત ભાવ બંધનું કારણ છે, પણ તે મુક્તિનું કારણ નથી. માટે તેનો પણ નિષેધ કર્યો છે. પંચાસ્તિકાયમાં શુભભાવને સાધન કહ્યું છે. તે તો ચૈતન્યસ્વભાવનું ભાન થયું છે પણ રાગ સર્વથા ટળ્યો નથી અને શુભરાગ થયો છે તેનું જ્ઞાન કરાવે છે પણ ખરેખર શુદ્ધતા તો જેટલો રાગ ટળ્યો છે એટલી જ થઈ છે. આ રીતે વ્યવહારનય નિષેધવા યોગ્ય છે. કેમ કે આત્માનો આશ્રય કરનારની મુક્તિ જ થાય છે.

ભગવાનના જ્ઞાનમાં વસ્તુસ્વભાવ એવો ભાસ્યો છે કે તેનો આશ્રય કરનારાઓ જ કર્મથી મુકાય છે. એટલે કે સ્વભાવનો આશ્રય કરવાથી મિથ્યાત્વથી મુકાય છે. સમ્યગ્જ્ઞાન થતાં મિથ્યાજ્ઞાનથી મુકાય છે અને સ્વભાવની સ્થિરતાથી અવ્રતાદિના રાગથી મુકાય છે. આ રીતે આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારા બંધથી મુકાય છે. સ્વભાવના આશ્રયે બંધન તૂટે છે અને પરના આશ્રયે એકત્વબુદ્ધિ કરવાથી બંધન થાય છે. આમ બે વાત કરી છે. આ સિવાય ત્રીજી વાત વચલી કોઈ કરી નથી.

## પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો એકાંતે નહિ મુક્ત એવો અભવ્ય પણ કરે છે.

વ્યવહારથી ધર્મ થાય એવો પોકાર કરનારને આચાર્યદેવ અહીં જવાબ આપે છે કે સાંભળ ભાઈ, જગતનો કોઈ પદાર્થ તને શરણભૂત નથી. બધા પડ્યા રહેશે અને વ્યવહાર કરનારા પણ રહી જશે. સર્વજ્ઞ ભગવાન કે જેમને અનંત ચક્ષુ અસંખ્ય પ્રદેશે ખૂલી ગયા છે. એમના જ્ઞાનમાં એમ આવ્યું છે કે પરાશ્રિત એવા વ્યવહારનયનો આશ્રય કરનાર એવા અભવ્યની ત્રણકાળમાં મુક્તિ થતી નથી.

વ્યવહાર તો અભવ્ય પણ કરે છે તો તેં શું નવું કર્યું ? મગની જાતમાં એક કોરડુ મગની જાત થાય છે. તે લાખો મણ પાણીમાં બાફે તો પણ બફાય નહિ, ભરડ્યે ભૂકો થાય. એમ ક્રિયાકાંડી બહારનો વ્યવહાર કરીને સુકાઈ જાય, નગ્ન થાય, ભિક્ષા માટે મૌન રહે પણ તેને પરાશ્રિતપણું—મિથ્યાત્વ ખસતું નથી. અભવ્ય કે જેની ત્રણ કાળમાં મુક્તિ નથી એણે જે કર્યું તે તું કરે છે, તો તેં ભવી થઈને નવું શું કર્યું ? આચાર્ય ભગવાન કહે છે કે તું મારી પાસે સાંભળવા આવ્યો અને હવે વ્યવહારથી લાભ માન–એમ બને નહિ.

અભવ્ય દ્રવ્યલિંગી મુનિ થાય, મોરપીંછી ને કમંડળ રાખે, નગ્નપણું હોય, છ છ મહિનાના ઉપવાસ કરે, પણ અંતરમાં ઊંડે ઊંડે પરનો આશ્રય ખસતો નથી. દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિનો રાગ થાય તેનાથી ધર્મ થશે અને તે ધર્મનું કારણ છે—એવું શલ્ય તેને ખસતું નથી. તે દ્રવ્યલિંગી પૂર્ણ વ્યવહારનો આશ્રય કરે છે. છતાં તેને મુક્તિનું કારણ એવું સમ્યગ્દર્શન પણ થતું નથી. કુંદકુંદાચાર્યદેવ તો તેને અભવ્ય કહે છે. કેમ કે ત્રણે કાળે ધર્મ ન પામે એવા, લાયક નથી એવા જીવો ભગવાને જોયા છે. તે જીવો વ્યવહારનો આશ્રય કરે છે પણ તે વડે એની મુક્તિ થતી નથી. તો તેવો વ્યવહાર કરવાથી તારી મુક્તિ થાય એ વાત લાવ્યો ક્યાંથી ? પંચમહાવ્રત આદિનો શુભ ભાવ હોય અને સત્ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા પણ હોય તે જીવને મિથ્યાત્વ મંદ હોય છે પણ મિથ્યાત્વનો અભાવ તે કરતો નથી. કેમ કે પરના આશ્રયે વિકલ્પ ઊઠે એનાથી લાભ થાય છે, તે વાત તેને અંતરથી ખસતી નથી. તેથી વ્યવહારનો આશ્રય છોડાવ્યો છે એટલે કે નિશ્ચય એવા ત્રિકાળી ચૈતન્ય સ્વભાવી આત્માનો આશ્રય કરતાં વિકારનો આશ્રય છૂટી જાય છે–તેને છોડાવ્યો છે એમ કહેવાય છે.

**<u>ભાવાર્થ :</u>**—આત્માને પરના નિમિત્તથી જે અનેક ભાવો થાય છે, તે બધા વ્યવહારનયના વિષય હોવાથી વ્યવહારનય પરાશ્રિત છે. અને જે એક પોતાનો સ્વાભાવિકભાવ છે, તે જ નિશ્ચયનયનો વિષય હોવાથી નિશ્ચયનય આત્માશ્રિત છે. અધ્યવસાન પણ વ્યવહારનયનો જ વિષય છે. તેથી અધ્યવસાનનો ત્યાગ તે વ્યવહારનયનો જ ત્યાગ છે. વ્યવહારે વ્યવહાર ઉપાદેય છે એટલે કે નિશ્ચયે તે ઉપાદેય નથી. કેમ કે વ્યવહારનય નુકશાન કરનાર છે પણ લાભ કરનાર નથી. જે કાંઈ અવસ્થામાં પ્રગટ કરવું છે એટલે કે જ્યાં અજ્ઞાન છે ત્યાં જ્ઞાન કરવું હોય તો, જેમાં તે હોય તેના સામું જો, તો એમાંથી નીકળે. વસ્તુ કે જે અનંતશક્તિનો ભંડાર છે એમાંથી જ્ઞાન પ્રગટ થશે. તે બહારથી આવે એમ નથી. આ એક જ ઉપાય છે, બીજા કોઈ ઉપાયથી તે પ્રગટ થાય એમ નથી. તેથી પ્રથમની ગાથાઓમાં જે

અધ્યવસાનના ત્યાગનો ઉપદેશ આપ્યો છે, તે વ્યવહારનયના જ ત્યાગનો ઉપદેશ છે.

આ પ્રમાણે નિશ્ચયનયને પ્રધાન કરીને વ્યવહારનયના ત્યાગનો ઉપદેશ કર્યો છે. તેનું કારણ એ છે કે : જેઓ નિશ્ચયના આશ્રયે પ્રવર્તે છે તેઓ જ કર્મથી છૂટે છે અને જેઓ એકાંતે વ્યવહારના જ આશ્રયે પ્રવર્તે છે તેઓ કર્મથી કદી છૂટતા નથી. અહીં એમ કહે છે કે આત્મા શુદ્ધ ચૈતન્ય છે તેનાં શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા કરે છે તે છૂટે છે, બીજા છૂટતા નથી. બંધ અધિકારની આ ગાથામાં બંધથી કોણ છૂટે છે તે વાત કરી છે. તે યથાસ્થાને કરી છે. ધર્મદ્રષ્ટિએ શુભાશુભ બન્ને વિકારનો નિષેધ છે. અને જેઓ વ્યવહારથી લાભ માની એકાંતે પ્રવર્તે છે તે "હું ચૈતન્ય શુદ્ધ જ્ઞાયક છું" એની રુચિ કરતા નથી. તે ત્રણ કાળે બંધનથી છૂટતા નથી.

મુક્તિના માર્ગ બે નથી. બાળક માટે જુદો અને પંડિત માટે જુદો—એમ નથી. માર્ગ તો એક જ છે. માટે આ વાત સાંભળીને શુદ્ધ જ્ઞાયકનું લક્ષ કર અને પરાશ્રિત ભાવને છોડ. આત્માના માહાત્મ્યની વાત શાસ્ત્રમાં આવે તેની હા ન પાડે તો અંતરનું વીર્ય ઊછળે નહિ અને અહિંસા, સત્ય, બ્રહ્મચર્યાદિ ભાવ કે જે પરાશ્રિત છે તેની એકત્વબુદ્ધિ કરે તો તેને બંધન થાય છે તેથી અહીં અધ્યવસાનની જેમ પરાશ્રિતભાવ પણ છોડાવ્યો છે. જે જીવો પુણ્યના આશ્રયે ધર્મ માને છે, તે કદી મિથ્યાત્વથી છૂટતા નથી. કદી અજ્ઞાનથી છૂટતા નથી અને કદી દોષથી છૂટતા નથી એટલે કે તે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રને પામતા નથી માટે સ્વાશ્રિત એવા નિશ્ચયનયને ગ્રહણ કરવાથી આત્માની મુક્તિ થાય છે.

*

# પ્રસાદ નં. ૨૮૮

## (બંધ અધિકાર)

### સમયસાર ગાથા ૨૭૩

*(શ્રાવણ સુદ ૧૩, બુધવાર બપોર, ૨૦૦૭)*

બંધન કેમ થાય છે ? તે વાત કરતાં ગાથા ૨૭૨માં શું આવ્યું હતું તે કહે છે. આત્મા જ્ઞાન દર્શનાદિ અનંત શક્તિનો પિંડછે. તે આત્મતત્ત્વ, પરથી ભિન્ન છે તેથી પરનું હું કરી શકું છું એવી એકત્વબુદ્ધિ અને પરના આશ્રયે થતો શુભાશુભભાવ તે બંધન છે અને અધર્મ છે. જે ભાવે બંધન થાય છે તે ભાવે ધર્મ થતો નથી અને જે ભાવે ધર્મ થાય છે એ ભાવે બંધન થતું નથી. આત્મા જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધ સ્વભાવી છે. તેને જાણ્યા વિના એકલો પરના આશ્રયે દયા, દાન, પૂજા, વ્રતાદિનો ભાવ થાય તેનાથી ધર્મ માનતો હોય તો તે ભાવ તો અભવ્ય પણ કરે છે. છતાં તેની મુક્તિ થતી નથી માટે તે ભાવ મુક્તિનું કારણ નથી.

જેમ કોરડુ મગને પાણીમાં બાફે તો તે ઓગળે નહિ. તેનો ભૂકો કરીને પાપડ બનાવો તો થાય, પણ આખા ઓગળે નહિ. તેમ જીવની એક એવી જાત થાય છે કે બહારની ક્રિયા—ઉપવાસ, વ્રત, પૂજા આદિ કરે ને તેમાં ધર્મ માને છે. તેથી તેને ધર્મ થતો નથી. અત્યારે તો આ જગતમાં શુભભાવથી અને દેહની ક્રિયાથી ધર્મ થાય છે એમ ઉપદેશ ચાલે છે, તે ચાલતી વાતમાં આ વાત અથડામણ ઊભી કરે એવી છે. તેને કહે છે કે અનાદિથી પરના આશ્રયે ધર્મ થાય એમ માને છે પણ એનાથી ધર્મ થતો નથી. સ્ત્રી, કુટુંબ, પૈસા વગેરેના આશ્રયે થતો અશુભભાવ તે પાપ છે અને દેવ-ગુરુ-શાસ્ત્રના લક્ષે થતો શુભભાવ તે પુણ્ય છે. તે બન્ને બંધનભાવ છે. તેવા ભાવો ધર્મમાં બિલકુલ મદદ કરતા નથી. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ કે જેઓ એક સમયમાં બધું જાણે છે તેમના જ્ઞાનમાં એવું આવ્યું છે કે પરના આશ્રયે જેટલી વૃત્તિ ઊઠે છે તે બંધનું કારણ છે. આત્મસ્વભાવ ધ્રુવ છે, તેને પકડે નહિ તો ત્રણકાળમાં કોઈને ધર્મ થતો નથી એટલે ભગવાને વ્યવહારનો નિષેધ કરાવ્યો છે તો પછી નિમિત્તથી અને સંયોગથી ધર્મ થાય, એ વાત રહેતી નથી.

હવે પૂછે છે કે અભવ્ય જીવ વ્યવહારનયનો કઈ રીતે આશ્રય કરે છે? એટલે કે અભવ્યજીવે એવો કઈ જાતનો વ્યવહાર કર્યો કે તેને ધર્મ ન થયો ? આત્મા જ્ઞાતા સ્વભાવી છે તેને જાણવાને નાલાયક અને પુણ્યના પરિણામમાં એકત્વબુદ્ધિ કરવાને લાયક એવા જીવને અભવ્ય કહે છે. શાસ્ત્રમાં તો બે નયની વાત ચાલે છે.

## ગાથા ૨૭૩

### જિનવરકહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ—શીલને
### કરતાં છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ છે. ૨૭૩.

અર્થ :—જિનવરોએ કહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ, શીલ, તપ કરતાં છતાં પણ અભવ્ય જીવ અજ્ઞાની અને મિથ્યાદ્રષ્ટિ છે.

જુઓ આ ગાથા બહુ સરસ છે. બંધન કેમ થાય છે ? તે કહે છે. પરનો આશ્રય કરે છે. તે વિકાર છે અને તેનાથી બંધન થાય છે માટે વિકાર ધર્મનું કારણ નથી. અનાદિથી અજ્ઞાની માને છે કે શુભભાવ જે વિકાર છે તેનાથી ધર્મ થાય પણ અહીં સર્વજ્ઞ પરમાત્મા પરમ સત્ય જાહેર કરે છે કે તું ધીરો થા ! જો તું એમ કહેતો હો કે વ્રત, તપ, જપ, શીલાદિથી મુક્તિ થાય છે તો અમે તને કહીએ છીએ કે સર્વજ્ઞે કહેલાં વ્રત, તપાદિ અભવ્ય કરે છે છતાં તેની મુક્તિ થતી નથી. સર્વજ્ઞ સિવાય અલ્પજ્ઞાનીએ એટલેકે અજ્ઞાનીએ કહેલાં વ્રત, તપની તો અહીં વાત નથી કેમ કે તે વડે તો ઉત્કૃષ્ટ શુભભાવ પણ થતો નથી તો પછી તે તો મુક્તિનું કારણ થાય જ નહિ. પણ અહીં તો સર્વજ્ઞ પરમાત્માએ કહેલી વિધિ પ્રમાણે વ્રતાદિ પાળે તો શુભભાવ થાય પણ તેને ધર્મ થતો નથી.

## સર્વજ્ઞે કહેલાં વ્રત, તપાદિ પાળે છતાં અભવ્યને મુક્તિ થતી નથી માટે વ્યવહારથી ધર્મ થતો નથી.

અહીં કહે છે કે આત્મજ્ઞાન વગર સર્વજ્ઞ વીતરાગદેવે કહેલાં વ્રતાદિ પણ બંધનું કારણ છે. પૂર્ણસ્વરૂપ ચૈતન્ય જ્ઞાયક હું છું—એવું જાણ્યા પછી તુરત વીતરાગ થઈ જતો નથી. વચમાં પંચમહાવ્રતાદિના શુભભાવ આવે છે, એની વાત કરે છે કે એવો શુભભાવ અજ્ઞાનીએ અનંતવાર કર્યો છે. એ સિવાયના શુભભાવ કરે તો નવમી ગ્રૈવેયક સુધી જાય નહિ. સર્વજ્ઞ પરમાત્માએ હુકમ કર્યો છે કે **"હું જાણનાર છું એવા આત્માને જાણ"** અને જ્યાંસુધી એમાં સ્થિરતા ન થાય ત્યાં સુધીમાં જે રાગ આવે છે તેને જાણ કે એવી ક્રિયા અનંતીવાર અભવીએ કરી, તે ભાવથી સ્વર્ગમાં જાય પણ એની મુક્તિ થઈ નથી.

જેમ કોઈ માણસ કેસર લેવા જાય ત્યારે બરણી લઈ જાય છે પણ કોથળો લઈ જાય નહિ. એમ વીતરાગનું બારદાન એવો જે વ્યવહાર તે પણ બીજા કરતાં જુદી જાતનો હોય છે. "હું ચૈતન્ય જ્ઞાતા છું" એને જાણે નહિ અને સર્વજ્ઞે કહેલો વ્યવહાર પાળે તો તેને ધર્મ થાય નહિ પણ ચાર ગતિમાં રખડે. જેમ કે બરણી તો લઈ જાય પણ પૈસા આપે નહિ તો કેસર આવે નહિ એટલે એકલા બારદાનની પણ કિંમત નથી અને કેસર લાવતી વખતે બરણી સિવાય બીજું હલકું બારદાન

પણ ન હોય એટલે કે વીતરાગદશા પ્રગટે ત્યારે એનો વ્યવહાર પણ સર્વજ્ઞે કહેલો જ હોય છે. હવે જે આત્મસ્વભાવને જાણે નહિ, તે સર્વજ્ઞે કહેલો પંચમહાવ્રતાદિ વ્યવહાર કે જે રાગ છે તેમાં મશગુલ છે. સર્વજ્ઞના વાડામાં આવીને શુભભાવ કરે છે પણ ચૈતન્ય નિર્વિકલ્પ સ્વભાવી છે–એને જાણે નહિ અને દયા દાનાદિ પુણ્યભાવમાં ધર્મ માને, તે અભવી જેવો છે. તે પાપ કરતો હતો એમાંથી પુણ્ય કરવા લાગ્યો એટલે ખુશી ખુશી થઈ જાય છે પણ તે તો અધર્મ છે. તે એમ માને છે કે પુણ્ય કર્યાં હશે તો ભગવાન પાસે જઈશું પણ અહીં પુણ્યથી ધર્મ માને છે તે ભગવાનની વિરુદ્ધ વર્તી રહ્યો છે તો ભગવાન પાસે જઈને શું કરવાનો હતો ? તે બધું અજ્ઞાન છે.

**ટીકા :—**શીલ અને તપથી પરિપૂર્ણ, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ પ્રત્યે સાવધાની ભરેલું, અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર અભવ્ય પણ પાળે છે.

જુઓ, અહીં પરિપૂર્ણ વ્યવહારની વાત કરી છે. સર્વજ્ઞ સિવાય આવો વ્યવહાર હોય નહિ. ગાથામાં જિનવરે કહેલાં વ્રતાદિની વાત હતી. ટીકામાં અમૃતચંદ્રાચાર્યે પરિપૂર્ણ શબ્દ વાપરીને કહ્યું કે સર્વજ્ઞ સિવાય વ્યવહારની પરિપૂર્ણતા હોય નહિ. એટલે ગાથામાં જિનવરે કહેલાં શબ્દમાંથી પરિપૂર્ણતાની વાત કરી છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો સ્વીકાર કરે, એને જ શુભભાવની ઉત્કૃષ્ટતા છે પણ એનાથી ધર્મ થાય નહિ. એ સિવાય અન્ય ધર્મમાં આવો વ્યવહાર પણ હોતો નથી એટલે કે આવું પુણ્ય તેમને થતું નથી.

**શીલ :—**એવો રૂડો કોમળ સ્વભાવ હોય કે કોઈનો વાંક કાઢે નહિ છતાં તે મિથ્યાદ્રષ્ટિ છે. કેમકે પરના આશ્રયે વિકલ્પ ઉઠાવી ધર્મ માને છે. તે કહે છે કે ભાઈ, જતું કરતાં શીખો. કોઈ ગાળો દેતું હોય તો જતું કરવું. ભગવાન ભગવાન કરો એમ કહે પણ એ બધો શુભભાવ છે, ધર્મ નથી. ચૈતન્ય જ્ઞાયકરૂપ છે એને જાણ્યા વિના એકલો શુભભાવ જ કરે છે, તેને જગતના અજ્ઞાની લોકો પણ કહે કે આ જીવમાં ઘણી રૂડી પ્રકૃતિ છે. કષાય ઘણો મંદ છે. આવું શીલ પાળે પણ સર્વજ્ઞ પરમાત્મા કહે છે કે આવો વ્યવહાર પાળે તોપણ તેને ધર્મ થતો નથી કેમ કે તે શુભભાવથી ધર્મ માને છે. તો પછી બીજા અન્યની તો વાત જ શી કરવી ? આ જીવને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની તો રુચિ છે પણ હું જ્ઞાયક છું એની રુચિ નથી. તેથી જેમ અભવ્યને ધર્મ થતો નથી તેમ આને પણ ધર્મ થતો નથી.

**તપ :—**અજ્ઞાની તપમાં પરિપૂર્ણ હોય છે. અનશન એટલે ઉપવાસ બારબાર મહિનાના કરે અત્યારે વરસીતપ કરે છે. તે તો ભાન વિનાની લાંઘણ છે પણ અહીં તો ભગવાને કહેલી વિધિ પ્રમાણે બારમહિના સુધી આહારનો વિકલ્પ ન

કરે, એવો શુભભાવ હોય, પરિપૂર્ણ એટલે વીતરાગે કહેલી વિધિ પ્રમાણે ઉપવાસ બરાબર કરે પણ ભાન નથી કે આ શુભભાવ છે તે રાગ છે પણ ધર્મ નથી. જ્ઞાયક સ્વભાવને જાણ્યા વિના જેટલો વિકલ્પ થાય તે રાગ છે પણ ધર્મ નથી. જ્ઞાયક સ્વભાવને જાણ્યા વિના જેટલો વિકલ્પ થાય તે રાગ છે તે ધર્મનું કારણ નથી. સમ્યગ્દ્રષ્ટિ આત્માના ભાન સહિત હોય છે. તેને આહાર નહિ લેવાની વૃત્તિ ઊઠે છે પણ તેનો આદર કરતો નથી પણ તેને જાણે છે.

જિનવરે કહેલાં વ્રતાદિ પાળે છે એમ કહીને મીઠી શિખામણ આપી છે. જ્ઞાનની એક સમયની પર્યાયમાં ત્રણ કાળ—ત્રણ લોકને જાણવાની જેની શક્તિ છે એવા ભગવાને કહેલ વ્યવહાર તપને બરાબર પાળે પણ તે શુભભાવ છે, ધર્મ નથી. ઘરમાં બાપ હસતો હોય તો એને દેખીને બાળક પણ હસવા માંડે પણ તે બાળકને ખબર નથી કે આ કેમ હસે છે ? એના બાપને ખબર છે. તેમ સર્વજ્ઞ ભગવાન વ્યવહારની વાત કરે કે જ્ઞાનીને આવો વ્યવહાર હોય છે. તો તે વ્યવહાર દેખીને અજ્ઞાની પણ એવો વ્યવહાર કરવા લાગી જાય, પણ તે શા હેતુથી છે એની એને ખબર નથી. જ્ઞાનીને તો વ્યવહાર શા માટે આવે છે અને અજ્ઞાની તે કેમ કરે છે—એ બેયનો અજ્ઞાનીને પત્તો લાગતો નથી.

**(૧) અનશન :—**અભવ્યે અનંતીવાર ઉપવાસ બાર બાર મહિનાના કર્યા અને ભવ્ય જીવે પણ અનંતીવાર કર્યા પણ તેનાથી નિર્જરા કે ધર્મ થયો નહિ કેમ કે શુભભાવથી ધર્મ માને છે. હવે થોડા વખતમાં પર્યુષણ શરૂ થશે. એમાં ગામોગામ ઉપવાસ કરશે અને માનશે કે અમને નિર્જરા થાય છે. અજ્ઞાનીને નિર્જરા થતી નથી. હા, કાળની નિર્જરા થાય છે. એટલે કે એનો એટલો કાળ નકામો જાય છે. અહીં તો કહે છે કે વીતરાગની આજ્ઞાવાળો તપ અભવી કરે છે પણ તે મિથ્યાદ્રષ્ટિ છે કેમ કે તેની દ્રષ્ટિ પર ઉપર છે. આ લીધું અને આ મૂક્યું. તેનાં ગ્રહણ-ત્યાગ ઉપર દ્રષ્ટિ છે પણ આત્મા પરનાં ગ્રહણ ત્યાગ વગરનો છે અને જે વૃત્તિ પરને છોડવા—મૂકવાની ઊઠે છે, તે પણ આત્મામાં નથી, એની એને ખબર નથી. ખરેખર તપ તો એને કહે કે જેમાં આત્માના આનંદનો અનુભવ હોય. પણ એની તો એને ખબર નથી.

**(૨) અવમૌદર્ય :—**આયંબિલ કરે ત્યારે દશ—બાર ચીજ ખાય અને બીજા દિવસોમાં બેચાર ચીજ ખાય, એની તો અહીં વાત નથી. પણ અહીં તો કહે છે કે એક કણિયો ખાય અને ઊઠી જાય એટલે ઊણોદરીમાં પરિપૂર્ણ વીતરાગે કહ્યું હોય તેવું પાળે પણ તે તો જડની ક્રિયા છે. તેનાથી આત્માને કાંઈ લાભ થાય નહિ. ચૈતન્ય સ્વભાવને ભૂલીને સુકાઈ જાય તો પણ અંશે ધર્મી થાય નહિ. જેટલો બને એટલો ઓછો આહાર લ્યે તેને ઊણોદરી કહે છે. ખોરાક ઓછો ખાવામાં પરિપૂર્ણ

એવા શુભભાવ કરે તોપણ પુણ્ય થાય છે પણ આત્મા કોણ છે એની ખબર નહિ હોવાથી **'મેં આજે ઊણોદરી કરી છે'** એમ આહાર નહિ ખાવાની એકત્વબુદ્ધિ કરે છે તે મિથ્યાદ્રષ્ટિ છે. એને ધર્મ થતો નથી.

**(૩) વૃત્તિ પરિસંખ્યાન :—**આહારની વૃત્તિને સંકોચે છે—અમુક ચીજ ખપે અને અમુક જગ્યાએ ખપે એવો નિયમ કરે છે. વીતરાગ ભગવાને કહેલાં નિયમ પ્રમાણે બરાબર પાળે. તે ક્રિયાકાંડમાં મશગુલ રહે છે તે શુભભાવ છે પણ અજ્ઞાની એનાથી ધર્મ થશે એમ માને છે.

**(૪) રસપરિત્યાગ :—**ઇન્દ્રિયો ઉપરના રાગનું દમન કરવા માટે ઘી, દૂધ, દહીં, તેલ, મીઠાઈ, લવણ વગેરે રસોનો ત્યાગ કરવાનો ભાવ કરે, તે શુભભાવ છે. મિઠાઈ વગેરે તો જડ પદાર્થો છે. લૂખો આહાર લ્યે, રસ ખપે નહિ પણ તે પર પદાર્થમાં જેની એકત્વબુદ્ધિ છે, તેને આખો આત્મા ખપતો નથી. પચીસ વર્ષ થયાં ઘી ખાધું નથી. આખી જિંદગી દૂધ ખાધું નથી—એમાં ધર્મ માને તે અભવ્ય જેવો છે. અભવ્યમાં અને એનામાં કાંઈ ફેર નથી કેમ કે બન્ને પરાશ્રિત એવા વ્યવહારથી ધર્મ માને છે માટે મિથ્યાદ્રષ્ટિ છે.

**(૫) વિવિક્ત શય્યાસન :—**એકાંત નિર્દોષ સ્થાનમાં રહે અને પ્રમાદ રહિત સૂવા—બેસવાની વૃત્તિમાં રોકાય, ધ્યાન કરવા બેસી જાય પણ આત્મા તે જડસ્થાનથી જુદો છે એની ખબર નહિ હોવાથી એકલો શુભ કરે પણ ધર્મ થાય નહિ તે પણ અભવ્યની જેમ મિથ્યાદ્રષ્ટિ છે.

**(૬) કાયક્લેશ :—**અંગૂઠા ઉપર શરીરને રાખે, મયુરાસન કરે, મોરની જેમ શરીરને રાખે જગતના લોકોને એમ લાગે કે અહો આ તો મહા તપસ્વી છે. બાર બાર વર્ષ સુધી જંગલમાં રહે. વીતરાગે કહેલો વ્યવહાર—કાયક્લેશની ઉગ્રતા વેઠતો હોય તે બધો પુણ્યભાવ છે. પણ એવો પુણ્યભાવ જેમાં નથી એવા આત્માને તે જાણતો નથી માટે મિથ્યાદ્રષ્ટિ છે.

આ રીતે છ પ્રકાર બાહ્ય તપના કહ્યા. હવે અભ્યંતર તપના છ પ્રકારની વાત કરે છે.

**(૭) પ્રાયશ્ચિત્ત :—**ઉંદરડી ભૂલથી કચરાઈ ગઈ હોય અને જરા પાપ લાગ્યું તો પાંચ ઉપવાસનું પ્રાયશ્ચિત્ત લ્યે. સાધુ થયો અને જરા પણ દોષ લાગે તો તુરત પ્રાયશ્ચિત્ત લ્યે. ભગવાને કહ્યા પ્રમાણે પરિપૂર્ણ પ્રાયશ્ચિત્ત લ્યે પણ તે બધો શુભભાવ છે, ધર્મ નથી તેમ જે જાણતો નથી તે વ્યવહારનો આશ્રય કરે છે માટે મિથ્યાદ્રષ્ટિ છે.

**(૮) વિનય :—**સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરે, કુદેવાદિનો વિનય કરે નહિ, આજ્ઞાથી રહે, પુસ્તક લ્યે તો વિનય કરે. વીતરાગથી વિરુદ્ધ કહેનારનો વિવેક

ન કરે પણ સાચાનો વિનય કરે પરંતુ એ વિનયમાં ધર્મ માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે. કેમ કે પરને અનુસરતી વૃત્તિ તે વ્યવહાર છે. તેને ધર્મ માને તો તે સ્વસન્મુખપણું રહેતું નથી. આત્મસ્વભાવ જાણે તો દેવ-ગુરુ-શાસ્ત્રાદિના શુભરાગને વ્યવહારથી વિનય કહેવાય. વીતરાગે કહ્યા પ્રમાણે વિનય કરે તથા જેવું પુણ્ય બંધાય એવું પુણ્ય અન્યના વિનયમાં બંધાય નહિ તો તે વડે ધર્મ તો ક્યાંથી થાય ? સર્વજ્ઞે કહેલા નગ્ન મુનિ સિવાય અન્ય ગુરુને માને તેને તો ગાઢ મિથ્યાત્વ હોય છે. અહીં તો સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે વિનય કરે પણ એમાં ધર્મ માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે એની વાત છે. પરિપૂર્ણ વિનય કરે પણ તે શુભભાવ છે. આ સિવાય બીજો વ્યવહાર કરે તો ત્યાં નિશ્ચય તો નથી પણ સાચો વ્યવહાર પણ નથી. એટલે કે ધર્મ તો નથી પણ ઊંચું પુણ્ય પણ એનાથી થતું નથી. અભવ્ય આવો વિનય કરે છે છતાં પણ પર ઉપર તેની દ્રષ્ટિ પડી છે તેથી તેને સમ્યગ્દર્શન થતું નથી. માટે વ્યવહાર છોડવા જેવો છે.

**(૯) વૈયાવૃત્ય :—**ધર્મીને વૈયાવૃત્ય કરવાનો ભાવ તે શુભભાવ છે. મુનિને અથવા સમ્યક્દ્રષ્ટિને શરીરમાં રોગાદિ હોય તે વખતે તેની સેવા કરવાનો ભાવ કરે તે શુભભાવ છે. પણ તે ભાવમાં ધર્મ માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે. રાત દિવસના ઉજાગરા કરે અને વીતરાગે કહ્યા પ્રમાણે વૈયાવૃત્ય કરે પણ તે ભાવ પરાલંબી છે માટે વ્યવહાર છે. તે વ્યવહારથી ધર્મ માને તો તેને સ્વાવલંબીપણું રહેતું નથી.

**(૧૦) સ્વાધ્યાય :—**સવાર—સાંજ વાંચ્યા કરે, વીતરાગે કહ્યા પ્રમાણે શાસ્ત્રની સ્વાધ્યાય કરે પણ આત્માના સ્વભાવને જાણે નહિ તો તે શુભ છે ને તેના આશ્રયે ધર્મ માને તો મિથ્યાદ્રષ્ટિ છે. અજ્ઞાની કહે છે કે આ બધું ઊડી જાય છે. તેને કહે છે કે ભાઈ, ધીરો થા. આ બધી વિકલ્પ અને લાગણીની વાત થાય છે. એનાથી ત્રણકાળમાં ધર્મ થાય નહિ. અભવી આવો ભાવ કરે છે પણ તેને ધર્મ થતો નથી તેમ તું પણ આ ભાવથી ધર્મ માનીશ તો રખડપટી મટશે નહિ.

**(૧૧) વ્યુત્સર્ગ :—**મિથ્યાશલ્ય રહિત આત્મા શું ચીજ છે એની ખબર વિના કાયાની ક્રિયાને મેં રોકી એમ માની એક પથરણે છ છ સામાયિક કરે પણ કાયા વગરનો આત્મા છે અને સૂક્ષ્મ કાર્મણ શરીર છે તેનાથી પણ ભિન્ન આત્મા છે, તેને જાણ્યા વગર કાયોત્સર્ગથી ધર્મ થતો નથી. કેમકે તેમાં પરાશ્રિતપણું છે. વીતરાગે કહ્યા પ્રમાણે કાયાને સ્થિર રાખે તો તેમાં શુભભાવ છે. આવો શુભભાવ વીતરાગ સિવાય અન્યમાં હોય નહિ પણ તે પરાશ્રિત હોવાથી તેનાથી ધર્મ થતો નથી.

**(૧૨) ધ્યાન :—**કેટલાક કલાકો સુધી એક જગ્યાએ બેસી જાય અને ધારાવાહી ધ્યાનમાં બેસે. જડનું ધ્યાન કરે. પણ વસ્તુની જાતની ખબર હોય નહિ.

ચૈતન્ય આત્મા પરથી ભિન્ન છે, તેની ખબર વગર સાચું ધ્યાન હોય નહિ. વિકલ્પ હોય તે તો શુભભાવ છે. તેને ધર્મ માને તો મિથ્યાત્વ થાય છે. અભવ્ય આવું ધ્યાન કરે છે પણ તે પરાશ્રય હોવાથી તેની મુક્તિ થતી નથી.

આ રીતે શીલ અને તપમાં પરિપૂર્ણ એવા વ્યવહારનયનો આશ્રય કરનાર અભવ્ય મિથ્યાદ્રષ્ટિ છે. તેને ધર્મ થતો નથી, તેવી રીતે ભવીજીવને પણ આવો વ્યવહાર કરે તો તે વ્યવહારથી ધર્મ થતો નથી એમ સમજવું.

*

# પ્રસાદ નં. ૨૮૯

## (બંધ અધિકાર)

### સમયસાર ગાથા ૨૭૩ ટીકા

*(શ્રાવણ સુદ ૧૪, ગુરૂવાર બપોર, ૨૦૦૭)*

આત્મામાં જેટલો પરાશ્રિતભાવ થાય છે તે બંધન છે. તેનાથી ધર્મ માને તો તે મિથ્યાત્વ છે. અહીં દ્રષ્ટાંત અભવ્ય જીવનું આપ્યું છે. તે વ્યવહાર પુણ્યનાં આચરણ કરે છે પણ તેને ધર્મ થતો નથી, તેવી રીતે ભવ્ય જીવ પણ એવું આચરણ કરે તો તેને પણ ધર્મ થાય નહિ. અભવ્યને વિકારથી ધર્મ ન થાય અને ભવ્યને વિકારથી ધર્મ થાય એમ બે સિદ્ધાંત નથી. ધર્મીને પૂર્ણ વીતરાગદશા ન થઈ હોય ત્યાંસુધી શુભભાવ હોય છે પણ તેનાથી ધર્મ થતો નથી.

આજનો દિવસ રક્ષાનો છે. શ્રાવણ સુદ ૧૫નો આજે ભાગ છે. ઘણાં વર્ષો પહેલાંની શ્રાવણ સુદ ૧૫ની વાત છે. વિષ્ણુકુમારમુનિને રાગ થયો તે દ્રષ્ટાંત સાથે મેળ છે. ધર્માત્માને શુભરાગ હોય છે પણ તે મર્યાદામાં હોય છે તે વાત સાથે આજના અધિકારને મેળ છે તે કહે છે.

ઉજ્જન નગરીનો રાજા ધર્મનો દ્વેષી ન હતો પણ એના ચાર મંત્રીઓ હતા તે ધર્મના દ્વેષી હતા. એક વખત અકંપનાચાર્ય મુનિ પોતાના સ્વરૂપમાં રમણતા કરતાં ગામોગામ વિચરતાં સાતસો શિષ્ય સાથે તે નગરીની બહાર આવ્યા. ગામના માણસો ઉત્સાહથી વંદન કરવા જાય છે. રાજાને ખબર પડી ત્યારે તેણે મંત્રીને પૂછ્યું કે આ શું છે ? મંત્રીએ કહ્યું કે કોઈ નાગા મુનિ આવ્યા છે તેને પૂજવા જાય છે. એમ જરા દ્વેષથી જવાબ આપ્યો પણ રાજા કહે કે આપણે પણ વંદન કરવા જઈએ. અહો, મુનિનું સ્વરૂપ કેવું હોય તેનો ખ્યાલ આપે છે. આત્માના ભાનસહિત જેવા માતાએ જન્મ્યા એવી દશા જેની થઈ ગઈ હોય છે. રાગનું અને નિમિત્તનું લક્ષ છૂટી ગયું હોય છે. સ્વનું અવલંબન વર્તે છે અને રાગથી લૂખી દશા થઈ ગઈ હોય છે. મહામુનિની આવી દશા હોય છે એવા અકંપનાચાર્ય સાતસો મુનિ સાથે નગરની બહાર આવ્યા છે. તેમને ખ્યાલ આવ્યો કે આજે કાંઈક ઉપસર્ગ જેવું લાગે છે.

આચાર્યે બધા મુનિઓને સંબોધીને કહ્યું કે રાજા વગેરે આવે ત્યારે કોઈએ બોલવું નહિ એટલે બધા મુનિઓ ધ્યાનમાં બેસી ગયા. રાજા આવ્યો. તેની સાથે મંત્રીઓ પણ હતા. બધા મુનિઓ ધ્યાનમાં હતા. મંત્રીએ રાજાને કહ્યું કે જુઓ, કોઈએ આદર પણ કર્યો નહિ, કોઈએ જવાબ આપ્યો નહિ. મૂઢ જેવા છે. એમ

રાજાને મંત્રીએ ભંભેર્યો. ત્યાંથી પાછા ફરતાં રસ્તામાં એક શ્રુતસાગર નામના મુનિ જે ગામમાં ભિક્ષા માટે ગયેલ, તેમને આ વાતની ખબર નહિ, એ મુનિને જોઈને મંત્રીએ રાજાને કહ્યું કે જુઓ, આ બળદ જેવો પેટ ભરીને ચાલ્યો આવે છે, મૂર્ખ છે, એવા શબ્દો સાંભળીને મુનિને વિકલ્પ આવ્યો કે આવી રીતે ધર્મની નિંદા થાય તે ઠીક નહિ. એની સાથે ધર્મચર્ચા કરું. મુનિએ મંત્રીને કહ્યું કે શાસ્ત્રાર્થ કરવો હોય તો ભલે. મુનિની સાથે શાસ્ત્રાર્થ કરતાં ચારે મંત્રીઓ હારી ગયા. એટલે અંતરમાં તે મંત્રીઓને દ્વેષ વધી ગયો. એમણે રાત્રે વિચાર કર્યો અને મુનિને મારવા નીકળ્યા. અહીં મુનિએ આચાર્ય પાસે આવીને બધી વાત કરી. આચાર્યે કહ્યું કે હે મુનિ, તમોએ જે જગ્યાએ ચર્ચા કરી હતી ત્યાં પાછા જાઓ અને ધ્યાન કરીને ઊભા રહેજો. મુનિ ત્યાં ગયા. મંત્રીઓએ તેમને જોયા. ચારે જણાએ મુનિને મારવા માટે તલવાર ઉગામી પણ મુનિનું આયુષ્ય હતું તો એ ગામની દેવી આવી અને મંત્રીઓ તલવાર સહિત ત્યાં થંભી ગયા. સવાર સુધી મંત્રીઓને એમને એમ થંભેલા જોઈને ગામમાં ઘણી હીલણા થઈ. રાજાએ મંત્રીઓને દેશનિકાલ કર્યા. એ રીતે મંત્રીઓ તરફથી થનારો ઉપદ્રવ ટળ્યો.

મંત્રીઓ ત્યાંથી હસ્તિનાપુરમાં આવ્યા. ત્યાંના રાજાના દુશ્મનોને આ મંત્રીઓએ જીત્યા એટલે રાજા એમના ઉપર ખુશી થયો અને કહ્યું કે હે મંત્રીઓ ! તમારે જોઈએ તે માગો. મંત્રીઓએ કહ્યું કે અમારે હમણાં કાંઈ જોઈતું નથી, વખત આવશે એટલે માગી લઈશું. હવે તે નગરની બહાર આ અકંપનાચાર્ય સાતસો શિષ્ય સહિત પધાર્યા છે, એમ મંત્રીને ખબર પડી એટલે તેમણે રાજા પાસે પોતે આપેલ વચન પ્રમાણે સાત દિવસનું રાજ્ય માગી લીધું. રાજાને ખબર નહિ. પાછળથી ખ્યાલ આવ્યો પણ હવે ફરાય નહિ. મંત્રીઓએ યજ્ઞ શરૂ કર્યો અને જ્યાં મુનિઓ હતા તેને ફરતી ચોતરફ આગ લગાડી અને બાજુમાં પશુઓનો યજ્ઞ શરૂ કર્યો અને ધૂણી કરી ઉપસર્ગ કર્યો.

એક મુનિ હતા, તેમને ખબર પડી કે હસ્તિનાપુરમાં મહાસંતોને અત્યારે ઉપસર્ગ છે એવા શબ્દો નીકળી ગયા. તે શબ્દો બાજુમાં ઊભેલા શ્રાવકે સાંભળ્યા અને પૂછ્યું કે એનો ઉપાય શું ? તેમણે કહ્યું કે અમુક પહાડ ઉપર વિષ્ણુકુમાર મુનિ છે. તેને વૈક્રિય લબ્ધિ પ્રગટી છે, તે મુનિ આવે તો રક્ષા થાય. શ્રાવક વિષ્ણુકુમાર મુનિ પાસે ગયો અને લબ્ધિની વાત કરી, તો હાથ લંબાવતા ઘણો લાંબો થયો. મુનિને લબ્ધિ હતી પણ તેની તેમને ખબર પણ ન હતી કેમ કે એમનું લક્ષ એ ઉપર હતું નહિ.

વિષ્ણુકુમાર મુનિને વાત્સલ્યભાવ થયો. વામનબ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું અને વેદવાણી ઉચ્ચારતા હસ્તિનાપુરમાં આવે છે. એ જોઈને મંત્રી ખુશી થઈ ગયા અને

કહ્યું કે માગો, માગો. તે બ્રાહ્મણરૂપધારી મુનિએ કહ્યું કે મારે તો ધ્યાન કરવા થોડી જમીન જોઈએ તો ત્રણ ડગલાં જમીન આપો. કોઈને એમ લાગે કે આ માયા છે. પણ અંતરમાં ભાન છે. સમ્યગ્દર્શન છે. મુનિની આ ક્રિયા નથી. એટલે મુનિપણું રહ્યું નથી. શુભરાગ આવ્યો છે પણ સમ્યગ્દર્શન ટળ્યું નથી. પોતાને લબ્ધિ પ્રગટી છે એટલે મોટું રૂપ ધારણ કર્યું. બે ડગલામાં તો જગ્યા ખાલી રહી નહિ. એટલે રાજાએ કહ્યું કે પ્રભુ ક્ષમા કરો. આ રીતે મુનિઓનો ઉપસર્ગ મટ્યો તેથી શ્રાવણ સુદી ૧૫નો દિવસ રક્ષાના દિવસ તરીકે ઉજવાય છે. આ પ્રસંગ બનવાનો હતો એમાં વિષ્ણુકુમારને નિમિત્ત કહેવાય છે પણ મુનિપણામાં આવો ભાવ હોય નહિ. તેથી પછી પ્રાયશ્ચિત લઈને ફરી મુનિ થયા છે અને એમણે પોતાનું કામ સુધાર્યું. હજારો વર્ષથી આ રક્ષાનો દિવસ ઉજવાય છે. એ દિવસે આત્મામાં સ્વરક્ષણ થાય એવું કરવું. આ રીતે રક્ષાદિન ઊજવવો. હવે ચાલુ બંધ અધિકારની વાત કરે છે.

## ટીકા :—શીલ તપમાં પરિપૂર્ણ, ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ પ્રત્યે સાવધાની ભરેલું અને અહિંસાદિ પાંચમહાવ્રતરૂપ વ્યવહાર ચારિત્ર અભવ્ય પણ કરે છે છતાં તે મિથ્યાદ્રષ્ટિ છે.

કેટલાક એમ માને છે કે કષાય મંદ કરીએ, વ્રત પાલન કરીએ તો ધર્મ થાય એને ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે કે જેમ ઝેર પીધે કસ્તુરીનો ઓડકાર આવે નહિ તેમ વિકારભાવ કરતાં નિર્વિકાર થવાય નહિ. ઘણા લોકો શુભભાવને પહેલું પગથિયું કહે છે પણ શુભભાવ ખરેખર પગથિયું જ નથી. એનાથી તો નીચે ઊતરાય છે. એટલે કે બંધન થાય છે. શુભભાવને અને આત્માને અત્યંત અભાવ છે, તે કહે છે. પ્રથમ તો આત્માની પર્યાયને અને જડની પર્યાયને અત્યંત અભાવ છે. કેમ કે જડની પર્યાય ત્રણકાળમાં ચૈતન્યની થાય નહિ અને ચૈતન્યની અવસ્થા જડની ત્રણકાળમાં થાય નહિ. હવે જડ-જડની અવસ્થામાં અન્યોન્ય અભાવ છે. કેમ કે કોઈ વખતે એના જેવી અવસ્થા થાય છે. આ રીતે વ્યવહાર ગ્રંથમાં અભાવની વાત આવે છે. અધ્યાત્મગ્રંથમાં અભાવની વાત કરે છે.

## ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે તેને અને રાગને અત્યંત અભાવ છે.

આત્મા ધ્રુવ ચૈતન્ય પદાર્થ છે એની પર્યાયમાં શુભભાવ થાય તેને અને સ્વભાવને અત્યંત અભાવ છે. કેમ કે શુભભાવ ત્રણકાળમાં ત્રિકાળી સ્વભાવરૂપે થતો નથી અને ત્રિકાળી સ્વભાવ ત્રણકાળમાં શુભભાવરૂપે થતો નથી માટે એ બેમાં

અત્યંત અભાવ છે. આમ હોવાથી આત્માને શુભભાવ લાભ કરે એમ માનવું તે મિથ્યાત્વ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર અને શરીર વગેરેનો તો આત્મામાં અત્યંત અભાવ છે. એટલે તે પરચીજથી આત્મામાં ધર્મ થાય એમ બનતું નથી. એ ઉપરાંત પુણ્યપાપ પર્યાયમાં થાય છે, તે ત્રિકાળ સ્વભાવમાં નથી, તો તેવા વ્યવહારથી પણ ધર્મ થતો નથી. અભવ્ય જીવ પરનો આશ્રય લ્યે છે તેથી તેને બંધન ને સંસાર છે, તો પછી ભવી માટે બીજો નિયમ હોય એમ બને નહિ.

એક તો ઘણા જીવોને પુણ્યની રુચિ છે અને કહેનારા પણ એવા મળી જાય તેથી તે વડે ધર્મ થાય એમ તેઓ માને છે. પણ અહીં તો કહે છે કે એવા શુભભાવ તો અભવ્ય પણ કરે છે તો તેં નવું શું કર્યું ? અહીં અભવ્યનું દ્રષ્ટાંત છે. તે શીલમાં પરિપૂર્ણ, સમિતિ—ગુપ્તિમાં સાવધાન, દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર વગેરે પાળે, કષાય મંદ, મિથ્યાત્વ મંદ, એવો શુભભાવ કરે કે ભગવાને કહેલા વ્યવહારમાં ભૂલ પડે નહિ પણ તે બધો અધર્મ છે. આત્મા ચૈતન્યધ્રુવ પદાર્થ છે. તેની તેને ખબર નથી એટલે તેને ધર્મ થતો નથી.

અભવીને ધર્મ થાય નહિ અને ભવીને વ્યવહારથી ધર્મ થાય એ વાત લાવ્યો ક્યાંથી ? લોકો કહે છે કે પ્રથમ વ્યવહાર કરો પણ ચૈતન્યસ્વભાવ શું છે એને જાણ્યા વગર સાચો વ્યવહાર હોતો નથી. વ્યવહારનો પોકાર કરનાર અભવ્યની જોડે ઊભો રહે એવો છે. જેમ રોતી હતી અને પિયરિયાં મળ્યાં એટલે એક બાઈ હતી. તે રોતી હતી ને એમાં એના પિયરનો કોઈ માણસ મળ્યો એટલે પોક મૂકી, હું બહુ દુઃખી છું. એવી રીતે અજ્ઞાની ધર્મ કરવા નીકળ્યો. તે શુભભાવથી ધર્મ થાય એમ કહેતો તો હતો જ અને એમાં કુગુરુ મળ્યા એટલે એણે કહ્યું કે દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રતાદિથી ધર્મ થાય એટલે ખુશી ખુશી થઈ જાય. પણ એ તો ઘરમાંથી બહાર નીકળ્યો એટલે લૂંટાણો છો. પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય, વ્યવહાર તે સાધન ને નિશ્ચય તે સાધ્ય છે એમ મિથ્યાદ્રષ્ટિ માનતો જ હતો અને એવું કહેનારા મળ્યા એટલે ઝૂકી ગયો.

અહીં તો આચાર્યદેવ કહે છે કે જિનવરે કહેલો વ્યવહાર તે પણ બંધનું કારણ છે એટલે કે સર્વજ્ઞ વીતરાગ વ્યવહારને બંધ કહે છે. જ્ઞાનાચાર એટલે શાસ્ત્રો ભણ્યા ભણ કરે પણ આત્માને જાણે નહિ તો તે અક્ષરમ્લેચ્છ છે એમ કહ્યું છે. તે શાસ્ત્રનો વિકલ્પ પણ વ્યવહાર છે. તેનો સ્વભાવમાં અત્યંત અભાવ છે. માટે તેનાથી લાભ થાય નહિ. પ્રવચનસારમાં આવે છે કે "પ્રચંડ કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરીને" તેનો અર્થ એવો છે કે પ્રથમ દેવ-ગુરુ-શાસ્ત્રાદિનો રાગ હતો તેનો અભાવ કર્યો છે. નિમિત્ત-ઉપાદાનની સંધિ છે પણ તેથી કરીને શુભભાવથી આત્મામાં ધર્મ થાય છે એમ નથી.

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર પાળે તે તો વિકલ્પ છે, રાગ છે. તે એકાંતે બંધનું કારણ છે. આત્માનું ભાન થયા પછી પણ તે પ્રકારના વિકલ્પો થાય તે પણ બંધન જ છે, બે માર્ગ નથી. અભવ્યનો તો દાખલો આપ્યો છે. કેમ કે તેનો બંધ ત્રિકાળ રહેવાનો છે. તે પરાશ્રિતભાવ કરે છે પણ સ્વાશ્રિતભાવ કરતો નથી માટે તેને સંસાર છે છતાં તે પરાશ્રિતભાવથી કોઈ ધર્મ માને, તો તે ભવી હોય તો પણ આત્મઘાતક છે.

## ત્રણ ગુપ્તિમાં સાવધાનપણું

સર્વજ્ઞે કહ્યા મુજબ મન, વચન અને કાયાને ગોપવે છે એટલે કે અશુભ ન કરે પણ શુભભાવ કરે. તેના ઉપર જેનું લક્ષ છે તેને સ્વભાવની ખબર નથી. તે બધો બંધભાવ છે. શુભભાવનો અબંધ સ્વભાવમાં અત્યંત અભાવ છે. તત્ત્વાર્થ સૂત્રમાં ત્રણ ગુપ્તિને સંવરનું કારણ કહ્યું છે એટલે કે ''હું જ્ઞાયક ત્રિકાળ ચૈતન્યબિંબ છું''—એવી જેને દ્રષ્ટિ છે તેને જે શુભભાવ થાય છે તેને ઉપચારથી સંવર કહેલ છે. પણ ત્રણ ગુપ્તિરૂપ શુભભાવને જ જે ધર્મ માને તે તો મિથ્યાદ્રષ્ટિ છે.

ઘણા લોકો એમ કહે છે કે આ આત્માની ઊંચી કક્ષાની વાત છે તે અમારાથી સમજાતી નથી. તો હવે અમોને બીજો કોઈ શુભભાવનો રસ્તો બતાવો ને ! એટલે કે આ વાત ન સમજાય તો અમારે શું કરવું ? તેને કહે છે કે જેને એકડા બગડાનું જ્ઞાન ન હોય તેણે પ્રથમ તે શીખવા જોઈએ. તેમ જેને આત્માની સમજણ ન હોય તેણે પ્રથમ આત્માની સમજણ કરવી જોઈએ, પરની રુચિ છે તેને પ્રથમ ફેરવવી જોઈએ.

હવે કોઈ એમ કહે કે વાત્સલ્યરૂપી શુભભાવ તો ધર્મનું અંગ છે માટે કરવો જોઈએ ને? તો તેને કહે છે કે એમ નથી. વિષ્ણુકુમારમુનિને શુભભાવ આવેલો પણ તેઓ જાણતા હતા કે એ મારો દોષ છે. પણ અત્યારે શુભભાવ વર્તે છે તેનું જ્ઞાન કરે છે. જ્ઞાનીને પણ અશુભભાવથી બચવા શુભભાવ આવે છે પણ તેને કલ્યાણનું કારણ માનતા નથી. એકલા ઉપાદાનથી કામ થાય એમ માનવામાં આપત્તિ આવે છે. લાકડાની પેટી બનાવવી હોય તો સુતાર અને વાંસલો ન હોત તો ન થાત. તેને કહે છે કે લાકડાની પેટીરૂપ અવસ્થા સુતાર અને વાંસલાના નિમિત્તથી થઈ નથી કેમ કે જો તેનાથી થઈ હોત તો તે નિમિત્ત દૂર થતાં પેટીનો અભાવ થઈ જાત પણ નિમિત્ત છૂટી જતાં પણ પેટીની અવસ્થા ટકી રહે છે. માટે નિમિત્ત હોય તે વખતે પણ ઉપાદાનની અવસ્થા તો ઉપાદાનથી જ થઈ છે. અહીં તો આચાર્ય

ભગવાન કહે છે કે ત્રણ ગુપ્તિરૂપ શુભભાવના કારણે સમ્યગ્દર્શનાદિ ધર્મ થતો નથી. અજ્ઞાની તેના કારણે ધર્મ માને છે, તે પણ અભવ્યની જેમ મિથ્યાદ્રષ્ટિ છે.

## પાંચ સમિતિમાં સાવધાનપણું

અભવી મિથ્યાદ્રષ્ટિ પાંચ સમિતિ એવી પાળે કે કોઈ કીડી, મકોડીનો પગ પણ ન દુભાય, જોઈને બરાબર ચાલે. ભાષા વિચારીને બોલે, નિર્દોષ આહાર લ્યે એટલે કે દોષ રહિત તથા અંતરાય રહિત આહાર લ્યે. ચીજવસ્તુ લેવા—મૂકવામાં રાગ ઘણો મંદ હોય. પણ એ બધો શુભભાવ છે. વીતરાગ કહે છે કે તેવા વ્યવહારમાં સાવધાની રાખે છે છતાં તે બંધનમાં ઊભો છે. અનંતીવાર એવો વ્યવહાર પાળ્યો પણ ધર્મ થયો નથી કેમ કે પર ઉપર દ્રષ્ટિ છે. તે વ્યવહારથી ધર્મ માનનાર અભવ્ય જેવો મિથ્યાદ્રષ્ટિ છે.

## અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર પાળે

આ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહાદિ પાંચમહાવ્રત સાધારણ નથી. છકાયના કોઈ જીવને મારવાનો ભાવ કરે નહિ, તે દયાનો ભાવ છે. તે શુભભાવ છે. તે ખરેખર અહિંસા નથી. આત્માના સ્વભાવને સમજ્યા વગર શુભભાવ કરે તે અહિંસાના સાચા સ્વરૂપને સમજતો નથી. છ કાયના જીવને દુભાવે નહિ તે શુભભાવ છે. તે અહિંસા નથી પણ આત્માની હિંસા છે. અભવ્ય સત્યવ્રત બરાબર પાળે, ચોરી ન કરે, બ્રહ્મચર્ય નવ નવ કોટીએ પાળે, અપરિગ્રહ એટલે કાપડનો તાણોવાણો પણ ન રાખે, જંગલમાં રહે, તે બધો વ્યવહાર પુણ્યનું કારણ છે. વ્યવહાર ચારિત્રને કોઈ મુક્તિનું કારણ કહે તો તે અભવ્ય છે. તે ધર્મનું પગથિયું નથી પણ સંસારમાં રખડવાનું પગથિયું છે. ચૈતન્યથી વિરુદ્ધભાવ હોય તે ચૈતન્ય અમૃતને લૂંટનાર છે. માટે તે વ્યવહારચારિત્ર વિષ છે. પરલક્ષે શુભભાવ થાય તે પહેલું પગથિયું નથી. આત્મસ્વભાવની રુચિપૂર્વક આત્માની વાત સાંભળે તે શુભભાવ છે માટે લક્ષ ફેરવવું તે પહેલું પગથિયું છે.

કોઈ કહે કે વ્યવહાર પહેલો હોય છે. તેને કહે છે કે વ્યવહાર અનાદિનો છે તે પહેલો કહેવો કોને ? **નિશ્ચય પ્રગટ થયા વગર સાચો વ્યવહાર હોતો જ નથી.** સમયસાર ગાથા ૪૧૩માં કહ્યું છે કે જેઓ ખરેખર હું શ્રમણ છું, શ્રાવક છું એમ દ્રવ્યલિંગમાં મમકાર વડે મિથ્યા અહંકાર કરે છે, તેઓ અનાદિરૂઢ (અનાદિકાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ વર્તે છે. તે નિશ્ચયનય પર નહિ ચડેલા પરમાર્થ સત્યને અનુભવતા નથી.

આ રીતે શુભભાવ અનાદિથી ચાલ્યો આવે છે તેને પહેલો કહેનાર કોણ છે ? નિશ્ચયે નિર્દોષ કર્યો ત્યારે તેને વ્યવહાર કહેવાયો છે. જો પહેલો વ્યવહાર કહેવામાં આવે તો તે કોનો વ્યવહાર કહેવાથી કહેવાય? નિશ્ચય તો પ્રગટ થયો નથી. માટે નિશ્ચયદ્રષ્ટિ કરે તો પછી જે શુભભાવ હોય છે તેને વ્યવહાર કહેવામાં આવે છે. સંસારનો અભાવ તે મુક્તિનું કારણ છે. હું ચૈતન્ય શુદ્ધ છું એને જે દેખતા નથી, તે અજ્ઞાનમાં ઊભા છે.

કોઈ કહે કે અત્યારસુધી અનંતકાળમાં જે વ્યવહાર કર્યો હશે એમાં વ્યવહાર કાંઈક ઓછો કર્યો હશે. એટલે કે હજુ વ્યવહાર કરવાનો બાકી રહી ગયો હશે માટે મુક્તિ થઈ નથી. તો તેને કહે છે કે વ્યવહાર તો બંધનું કારણ છે. તો જેટલો વ્યવહાર ઓછો કર્યો એટલે બંધ ઓછો રહી ગયો. હવે વધારે વ્યવહાર કરો તો એટલો બંધ વધે તેમ છે. બંધથી મુકિત કદી થાય નહિ. પંચાસ્તિકાયમાં વ્યવહાર સાધન અને નિશ્ચય સાધ્ય કહ્યું છે. એમાં શુભભાવને ધર્મનું કારણ કહ્યું છે. પણ એનો અર્થ એવો નથી કે પરવસ્તુ અને શુભભાવના કારણે ધર્મ થાય. પણ અશુભરાગ ટળે છે અને શુભરાગ થાય છે એના ઉપર દ્રષ્ટિ નથી, સ્વભાવ ઉપર દ્રષ્ટિ છે એનાથી ધર્મ થાય છે ત્યારે શુભભાવને આરોપ આપે છે. એકલા રાગ ઉપર દ્રષ્ટિ છે એને કિંચિત્ પણ ધર્મ થતો નથી.

આત્મવસ્તુ કોણ છે એની પ્રતીતિ વિના ચારિત્ર હોય નહિ. પંચમહાવ્રત પાળે છતાં અભવ્ય ચારિત્રરહિત છે. કેમ કે તે અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ છે. તે રાગ અને પુણ્યથી ધર્મ માને છે તેથી તે નિશ્ચયચારિત્રના કારણરૂપ શ્રદ્ધાજ્ઞાનથી રહિત છે.

*

# પ્રસાદ નં. ૨૯૦

## (બંધ અધિકાર)

### સમયસાર ગાથા ૨૭૩

*(શ્રાવણ સુદ ૧૫, શુક્રવાર બપોર, ૨૦૦૭)*

અભવ્ય જીવને મુક્તિ કેમ થતી નથી અને એકલો બંધ કેમ થાય છે? એનું દ્રષ્ટાંત આપીને કહે છે કે અભવ્ય જીવ વ્યવહારનયનો આશ્રય કરે છે માટે તેની મુક્તિ થતી નથી. આ બંધ અધિકાર છે. તેમાં આત્માની શાંતિ કેમ લૂંટાય છે તે કહે છે. જગતના લોકો શાંતિ માટે ઝાંવા નાખે છે. પૈસાથી સુખી થઈએ, શરીરથી સુખ લઈએ, કુટુંબાદિથી સુખી રહીએ—એમ અનેક પ્રકારથી માને છે. સારા નોકર રાખીને સુખી થઈએ, મોટરમાં બેસીને સુખી થઈએ—એમ સુખ માટે પરમાં ઝાંવા મારે છે. તે બધો પાપભાવ છે અને ધર્મના બહાને વ્રત, શીલ, તપાદિમાં સંતોષ માની તેમાં કલ્યાણ થાય એમ માને છે. તે બન્ને એક જ જાતિ છે. બેમાંથી એકેયમાં શાંતિ નથી. એકવાર વિચાર તો કર કે તીર્થંકરદેવે જેટલો વ્યવહાર કહ્યો છે એટલો અભવ્ય પાળે છે છતાં એનું કલ્યાણ થતું નથી. અભવ્યને કલ્યાણ થતું નથી તો ભવીને કલ્યાણ વ્યવહારથી થાય—એમ બને નહિ. અભવ્ય જીવને <u>તે અભવ્ય છે માટે કલ્યાણ થતું નથી—એમ નથી પણ વર્તમાન પર્યાયમાં પરનો આશ્રય છોડતો નથી માટે એને ધર્મ થતો નથી. તેથી અભવ્યનું દ્રષ્ટાંત આપ્યું છે. અભવ્ય જીવ પોતે રાગ અને વ્યવહારની રુચિ છોડતો નથી માટે તે અભવ્ય રહે છે.</u> એ રીતે ચૈતન્ય શુદ્ધ આત્માની રુચિ ન કરતાં જે વ્યવહારની રુચિ કરે છે, પુણ્યની રુચિ કરે છે તે મિથ્યાદ્રષ્ટિ છે.

અભવ્યથી ભવ્યજીવો અનંતગુણા છે. તે ભવ્યજીવો પણ જ્યાંસુધી પરાશ્રિત વ્યવહારથી લાભ થાય એવી દ્રષ્ટિ રાખે છે ત્યાં સુધી સંસારમાં રખડે છે અને જેટલા ધર્મ અને મુક્તિને રસ્તે ગયા છે, તે બધા અંતર્મુખ દ્રષ્ટિથી ગયા છે. દેવાધિદેવ તીર્થંકર ભગવાને ફરમાવ્યું છે કે વ્યવહારથી ધર્મ થાય એમ માને તે મિથ્યાદ્રષ્ટિ છે.

દયા, દાન, વ્રત, પૂજા આદિના ભાવો થાય તેની મીઠાશ અજ્ઞાનીને બહુ લાગે છે પણ ધીરો થઈને જુએ તો ખ્યાલ આવે કે એમ છે નહિ. સ્વભાવની વાત સાંભળીને પહેલાં હા તો પાડે. એ સિવાય આરો આવે એમ નથી. જેને વ્યવહારની વાતની મીઠાશ લાગે છે તે ઝેર પીએ છે. અહીં સર્વજ્ઞદેવ કહે છે કે તે મૂઢ છે. તેને આત્માની ખબર નથી તેથી તેને ચારિત્ર હોતું નથી. નગ્ન દિગંબર દશા હોય, એક

મોરપીંછી ને કમંડળ હોય, મહિને મહિને જંગલમાંથી ભિક્ષા માટે આવે પણ જ્ઞાતાની રુચિ નથી તો તે મૂઢ છે, ક્રિયા કરીને મરી જાય છતાં એક ભવ પણ ઘટે નહિ.

## અનેકાંતના ન્યાયબાણ વડે મોહરૂપી રિપુનો નાશ થાય છે.

જુઓ, શ્રી સમંતભદ્રાચાર્યે શ્રેયાંસનાથ ભગવાનની સ્તુતિ કરતાં કહ્યું છે કે અનેકાંતના ન્યાયબાણ વડે એટલે કે ઉપાદાનથી કાર્ય થાય અને નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય ન થાય, નિશ્ચયથી કલ્યાણ થાય અને વ્યવહારથી ન થાય—એમ અનેકાંતના ન્યાયબાણ વડે મોહને તોડીને આપ કેવળજ્ઞાન પામ્યા છો અને અમે પણ પામવાના છીએ. હે ભગવાન ! અનેકાંતના જ્ઞાન વડે એકાંતનો નિષેધ કરીને જ્ઞાનાવરણીય આદિ કર્મોનો આપે નાશ કર્યો છે એટલે કે આપને મોહ ઉત્પન્ન થતો નથી. એ રીતે સમ્યગ્જ્ઞાનના ન્યાય વડે અમે પણ મોહને નાશ કરવાના છીએ. આત્મવસ્તુ જ ત્રિકાળ ધ્રુવ અક્રિય પદાર્થ છે એને પુણ્યાદિની ક્રિયાથી ધર્મ થતો નથી. કેમ કે અભવ્ય જીવ પણ એવી ક્રિયા કરે છે.

અજ્ઞાનીને પરાશ્રિતભાવમાં ખ્યાલ પડે છે કેમ કે અનાદિકાળથી તે કરતો જ આવ્યો છે. એમાં જ રુચિ કરીને તે તેમાં ધર્મ માની રહ્યો છે પણ હું ચૈતન્ય જ્ઞાયક છું એની એને ખબર નથી. તે બધા બંધનભાવને પામે છે. તું પણ વ્યવહારથી લાભ માનીશ તો અભવીમાં ને તારામાં કાંઈ ફેર નથી.અજ્ઞાની ક્રિયાકાંડમાં આખો દિવસ રોકાઈ રહે છે અને જો એમાં કાંઈ પણ ફરક પડે તો કલુષિત પરિણામ કરે છે. તો જેમ અભવ્યને નિશ્ચય ચારિત્રનું કારણ એવાં સમ્યગ્જ્ઞાન અને શ્રદ્ધા નથી, એમ તેને પણ નથી. એટલે સમ્યક્ શ્રદ્ધા અને જ્ઞાન વગર સમ્યક્ ચારિત્ર હોતું નથી. પણ એનો અર્થ એવો નથી કે શ્રદ્ધાના કારણે ચારિત્ર પ્રગટે છે કેમ કે બધા ગુણો ભિન્ન ભિન્ન છે.

**ભાવાર્થ :—**અભવ્ય જીવ મહાવ્રત-સમિતિ-ગુપ્તિરૂપ ચારિત્ર પાળે તો પણ નિશ્ચય સમ્યગ્જ્ઞાન-શ્રદ્ધાન વિના તે ચારિત્ર, ''સમ્યક્ચારિત્ર'' નામ પામતું નથી; માટે તે અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ અને નિશ્ચારિત્ર જ છે. અભવ્ય જીવ એટલે કે ધર્મ તથા મોક્ષને માટે નાલાયક એવો જીવ દોષ રહિત, મૌનપણે આહાર લ્યે અને વ્યવહારચારિત્ર પાળે પણ આત્મા પરથી ભિન્ન છે એવાં શ્રદ્ધા-જ્ઞાન તેને નથી તેથી તેને ચારિત્ર હોતું નથી એટલે કે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ત્રણમાંથી એકેય તેને હોતું નથી. અજ્ઞાની ઊંધે માર્ગે ચાલી રહ્યો છે તેને શું કહેવું ? અજ્ઞાની જીવો

થોરના ખોખાની બંદુક કરીને દારૂગોળો નાખીને ફોડે તે પોતાને બાળીને ખાખ કરી નાખે છે. તેમ અજ્ઞાની પોતાને ઊંધા ભાવથી હણે છે.

હવે શિષ્ય પૂછે છે કે—અભવ્યને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે; છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો ? અજ્ઞાનીને અચારિત્રવાળો કહો પણ અજ્ઞાની કેમ કહો છો ? તેને આચારાંગાદિ અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે.

## ગાથા ૨૭૪

**મુક્તિ તણી શ્રદ્ધારહિત અભવ્ય જીવ શાસ્ત્રો ભણે,**
**પણ જ્ઞાનની શ્રદ્ધારહિતને પઠન એ નહિ ગુણ કરે. ૨૭૪.**

**અર્થ :—**મોક્ષને નહિ શ્રદ્ધતો એવો જે અભવ્ય જીવ છે તે શાસ્ત્રો તો ભણે છે, પરંતુ જ્ઞાનને નહિ શ્રદ્ધતો એવા તેને શાસ્ત્રપઠન ગુણ કરતું નથી.

જેમ ગધેડાના માથે ચંદનનાં લાકડાં ભર્યાં હોય તો તેનો આનંદ ગધેડાને આવતો નથી પણ ઊલટો તેને બોજો લાગે છે, તેમ અજ્ઞાનીને શાસ્ત્રપઠનથી કાંઈ લાભ નથી. ગધેડાની માફક તે માત્ર બોજો ઉપાડે છે.

**ટીકા :—**પ્રથમ તો મોક્ષને જ અભવ્ય જીવ, પોતે શુદ્ધ જ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે નથી શ્રદ્ધતો. તેથી જ્ઞાનને પણ તે શ્રદ્ધતો નથી. અહીં તો અભવ્યનું દ્રષ્ટાંત છે. આત્મા દયાદાનાદિ રહિત છે કેમ કે જ્ઞાનમય આત્મામાં તેનો અત્યંત અભાવ છે. આત્મામાં વ્યવહાર આદિ વિકલ્પોનો પણ અત્યંત અભાવ છે. જેમ ગળપણમય ગોળ છે તેમ જ્ઞાનમય આત્મા છે. તેની શ્રદ્ધા વગર શાસ્ત્ર ગોખ્યા કરે તેથી તેનું કલ્યાણ થતું નથી. કેમ કે જ્ઞાનમય આત્માને ન માનતાં તે પુણ્યવાળો આત્મા માને છે. તેને નવતત્ત્વ પણ રહેતાં નથી. પુણ્યતત્ત્વ તો આસ્રવતત્ત્વ છે અને આસ્રવને રોકવો તે સંવર તત્ત્વ છે. રાગદ્વેષમાં અટકવું તે બંધતત્ત્વ છે. તેનાથી છૂટી જવું તે મોક્ષતત્ત્વ છે. એમ નવતત્ત્વ પૃથક્ પૃથક્ છે એને તે માનતો નથી. અભવ્યજીવ પોતે શુદ્ધ જ્ઞાનમય આત્માને શ્રદ્ધતો નથી માટે તેણે અભવ્યપણું ટકાવી રાખ્યું છે. શુભભાવના અત્યંત અભાવવાળો આત્મા છે—એ વાત તેને બેસતી નથી તેથી તે મોક્ષને શ્રદ્ધતો નથી માટે જ્ઞાનને પણ શ્રદ્ધતો નથી.

અજ્ઞાની કહે છે કે સિદ્ધમાં જઈને અમારે શું કરવું ? કેમ કે ત્યાં લાડી, વાડી, ગાડી વગેરે કોઈ કાંઈ હોય નહિ. વળી એ ભગવાન કોઈનું કાંઈ ન કરે તેથી તે અમારે શું કામના ? એમ જે માને છે તે જૈન સંપ્રદાયમાં આવેલો ભવી હોય કે અભવી હોય પણ તે મિથ્યાદ્રષ્ટિ છે. તેને મોક્ષની શ્રદ્ધા નથી. જ્ઞાનદશા પરિપૂર્ણ થાય છે, તે જ મોક્ષ છે તે વાત એને રુચતી નથી. આટલો વ્યવહાર હોય તો ઠીક

એમ માનનાર જ્ઞાનપરિણતિને માનતો નથી અને જ્ઞાનને ન માનતાં તે આત્માને પણ માનતો નથી.

અનંતા સિદ્ધો છે તે કોઈ પરનું કાંઈ કરતા નથી. પૂર્વે તેઓ સંસારમાં હતા તે વખતના તેમના અનંતા કુટુંબીઓ નરકાદિમાં દુઃખી થઈ રહ્યા હોય તેને જાણે છે. છતાં કોઈનું રક્ષણ કરતા નથી અને તે ચારિત્ર લીધા પછી શાસનનો વિકલ્પ હતો તે તોડીને સ્વભાવમાં ઠર્યા અને કેવળજ્ઞાન થયું પછી શાસન સામું જોતા નથી. જે જીવ રાગથી કલ્યાણ થાય એમ માને છે તે રાગ વગરનો મોક્ષ અને રાગ વગરનો આત્મા છે, એને માનતો નથી. તારે ભગવાન થવું છે ? તો કોના આશ્રયે થવું છે ? વ્યવહારના આશ્રયે થવું હોય તો વ્યવહારનો બોજો માથે લેવો પડશે. પણ એમ તો બનતું નથી માટે વ્યવહારના આશ્રયે કલ્યાણ માને છે તે શુદ્ધ જ્ઞાનને માનતો નથી. નિશ્ચયને જે માનતો નથી તે પૂર્ણ સ્વભાવને માનતો નથી. તેને જ્ઞાન, રાગથી છૂટું પડે એ ગોઠતું નથી. ગયાકાળની વાત સાંભળી હોય તે છોડવી પાલવતી નથી. આત્મવસ્તુ તો મુક્ત જ છે–એવી જેને શ્રદ્ધા નથી, તે સિદ્ધને, આત્મવસ્તુને અને કેવળીને માનતો નથી.

અજ્ઞાની કહે છે કે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે વ્યવહાર સાધન છે પણ એને શાસ્ત્રના લખાણના અર્થની ખબર નથી. એ તો ચૈતન્ય શુદ્ધ જ્ઞાતા હું છું એવું જ્યારે ભાન થાય છે ત્યારે રાગને આરોપ કરવામાં આવે છે. અહીં તો કહે છે કે અગિયાર અંગ ને નવપૂર્વનું જ્ઞાન હોય છતાં પણ મારું જ્ઞાન મારાથી થાય છે પણ શાસ્ત્રથી નથી થતું—એમ જે શ્રદ્ધતો નથી, તે મિથ્યાદ્રષ્ટિ છે. તે જ્ઞાનને શ્રદ્ધતો નથી કેમ કે શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેનો તેને અભાવ છે. આત્મા વ્યવહાર રહિત ચૈતન્ય સ્વભાવી છે, તેનું જ્ઞાન થવું તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે. એને તે સમજતો નથી તેથી તેને ચારે અનુયોગનું ખરેખર જ્ઞાન નથી.

એક અનુયોગ રાગ કરવાનું કહે અને બીજો અનુયોગ રાગ ન કરવાનું કહે તો તે વિરોધ થાય પણ એમ નથી. ચારે અનુયોગનો સાર તો પરથી ભિન્ન જ્ઞાનમય વસ્તુ જે આત્મા છે, તેને બતાવવાનો છે. અહીં પ્રમાણના વિષયની વાત નથી. ત્રિકાળી જ્ઞાનમય આત્મા છે, તે દયા, દાન, ભક્તિ, વ્રતાદિથી પ્રગટ થાય એમ નથી. હજારો પુસ્તકો ભણ્યો હોય પણ એનો સાર અથવા તો ગુણ આવા આત્માને શ્રદ્ધવો તે છે. હું જાણનાર—દેખનાર છું એવું નક્કી ન કરે તો તે શાસ્ત્રને શસ્ત્ર બનાવે છે. આવી ચોખ્ખી વાત કરી હોય પણ પોતે પક્કડ ન મૂકે તો શું થાય ? શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગભાવ છે. પરની ઉપેક્ષા કરવી તે તાત્પર્ય છે, પરની અપેક્ષા કરવી તે શાસ્ત્રનું તાત્પર્ય નથી.

જે ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે એવું શુદ્ધાત્મજ્ઞાન તો, ભિન્ન વસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા અભવ્યને શાસ્ત્રભણતર વડે કરી શકાતું નથી. અર્થાત્ શાસ્ત્રભણતર તેને શુદ્ધ આત્મજ્ઞાન કરી શકાતું નથી માટે તેને શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે; અને તેથી જ્ઞાન—શ્રદ્ધાનના અભાવને લીધે તે અજ્ઞાની ઠર્યો—નક્કી થયો. અજ્ઞાની કહે છે કે બે નયોનું સમકક્ષીપણું માનવું જોઈએ. વ્યવહાર અને નિશ્ચય બન્નેથી લાભ માને તો સમકક્ષીપણું રહેતું નથી. પરની ક્રિયા તો એના કારણે થાય છે અને તે વખતે રાગ હોય છે તેનો પણ જ્ઞાતા રહે અને નિશ્ચયનયનો આદર કરે, તો બન્ને નયોનું સમકક્ષીપણું કહેવાય. વ્યવહારશાસ્ત્રનો સાર પણ આ જ છે. રાગથી લાભ થાય એમ નથી. એનો અર્થ એવો નથી કે રાગ વસ્તુ જ નથી પણ એના આશ્રયે ધર્મ નથી. એમ અભવ્યજીવ અગિયાર અંગ ભણે છતાં શાસ્ત્રને જે કહેવું છે તેને શ્રદ્ધતો નથી માટે તેને જ્ઞાન અને ચારિત્રપણું સાચાં હોતાં નથી.

*

# પ્રસાદ નં. ૨૯૧

## બંધ અધિકાર

### સમયસાર ગાથા ૨૭૪

*(શ્રાવણ વદ ૨, શનિવાર બપોર, ૨૦૦૭)*

આ બંધ અધિકાર છે. એમાં શિષ્યે પ્રશ્ન કર્યો કે અભવ્યજીવને અગિયાર અંગનું જ્ઞાન હોય છે છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો છે ? તેને કહે છે કે આત્મા પરનો આશ્રય કરે છે તે બંધન છે અને અભવ્યજીવ પણ વ્યવહારનો આશ્રય કરે છે માટે તેને બંધન થાય છે પણ ધર્મ થતો નથી. અભવ્યને જ્ઞાન—શ્રદ્ધાન નથી તેથી તેને સમ્યક્ ચારિત્ર પણ હોતું નથી તે વાત કહી.

હવે અભવ્યને સાચું જ્ઞાન કેમ હોતું નથી, તે કહે છે. તે અભવ્યજીવ મોક્ષની શ્રદ્ધા કરતો નથી અને જેટલું શાસ્ત્રનું જ્ઞાન કર્યું છે તે બધું બંધભાવનું જ કર્યું છે. કેમ કે મુક્તિ કેમ થાય તે જ્ઞાન કર્યું નથી. આત્મા રાગ અને વ્યવહારથી રહિત છે, એવા મુક્ત સ્વભાવને તે શ્રદ્ધતો નથી એટલે કે બંધની રુચિ છોડતો નથી. શુદ્ધ જ્ઞાનથી મુક્તિ થઈ શકે છે. તે વાત અભવ્યને કોઈ રીતે બેસતી નથી. આ રીતે જે રાગની રુચિ રાખે છે તે મુક્તિને માનતો નથી અને દેવ-ગુરુ-શાસ્ત્રને પણ માનતો નથી. પરથી ધર્મ ન થાય એ વાત અજ્ઞાનીને કોઈ રીતે બેસતી નથી. જેને રાગની રુચિ છે તેને બંધન જ રુચે છે.

જેને બંધભાવની રુચિ છે તેને મોક્ષની રુચિ હોતી નથી. તેને જ્ઞાન જ હું છું—એ વાત બેસતી નથી. તે શાસ્ત્ર ભણે તો એમાંથી બંધ જ કાઢે છે. એક વાણિયો હતો. તે રાજા સાથે જંગલમાં શિકાર માટે ગયો ત્યાં રાજાએ એક દીપડાને માર્યો પણ દીપડી એના ભોંયરામાં પેસી ગઈ. તેનો એક પગ થોડો બહાર રહી ગયેલ. વાણિયાએ પગ ખેંચીને દીપડીને બહાર કાઢી અને પછી રાજાએ દીપડીને મારી નાખી. હવે આ વાણિયો થઈને વાઘરીનાં કામ કરે, તે વાણિયો કહેવાય નહિ. એમ જે જીવ શાસ્ત્રો વાંચીને એમાંથી પરાણે ખેંચીને રાગથી ધર્મ થાય, એમ કાઢે તે અભવ્ય જેવો છે. વાણિયો વાઘરી જેવો ધંધો કરતો તેમ આ અભવ્ય જેવાં કામ કરે, તે અભવ્ય જેવો છે. જેમ અભવ્ય જ્ઞાનને શ્રદ્ધતો નથી તેમ તે પણ જ્ઞાનને શ્રદ્ધતો નથી. આત્મા પરથી ભિન્ન છે; તે જ્ઞાનમય છે તેને શ્રદ્ધતો નથી તો શાસ્ત્ર ભણવાથી શો લાભ ? કાંઈ લાભ થતો નથી.

શુભભાવને ત્રણ પ્રકારે પાપ કહેવાય છે.

૧. એક તો શુભભાવ થાય છે. એમાં નિમિત્ત મોહકર્મ છે. માટે પાપ છે.

૨. શુભભાવ છે તે પોતે પાપ કર્મ છે, કેમ કે તે આત્માના ગુણોને હણે છે.

૩. ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ, પંચ મહાવ્રત વગેરેનો શુભરાગ છે—તે કેવો છે ? નવાં પાપકર્મનું બંધન થાય છે એમાં તે નિમિત્ત છે એટલે તે પાપ છે.

તે શુભભાવનો આશ્રય કરે છે તેને સ્વભાવનો આશ્રય છૂટે છે અને એ શુભભાવથી લાભ માને તે મિથ્યાત્વ છે એમાં દાખલો અભવ્યનો આપ્યો છે.

આત્મા બંધ રહિત ચૈતન્ય જ્ઞાનમય છે. રાગરહિત, પરરહિત જ્ઞાતાસ્વભાવી છે. તેનો આશ્રય કરવો તે ચારે અનુયોગનું પ્રયોજન છે. આત્મા જ્ઞાનમય છે. એટલે કે રાગમય નથી, વ્યવહારમય નથી પણ શુદ્ધ ચૈતન્યસ્વરૂપી છે. વર્તમાન વર્તમાન કરતાં ત્રિકાળ છે. એટલે ત્રિકાળ નાલાયકપણું તો વસ્તુમાં રહ્યું પણ વર્તમાન પર્યાયમાં પરથી ભિન્ન એવા આત્માને તે માનતો નથી પણ બંધનને જ માને છે. તેથી તેને શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે. જ્ઞાન-શ્રદ્ધાનના અભાવના કારણે તે અજ્ઞાની છે.

દિવ્યધ્વનિનો સાર તો એ છે કે પુણ્ય-પાપ રહિત ચૈતન્યતત્ત્વ છે. એનો વિશ્વાસ કરવો, તે પુરુષાર્થ છે. તે વાત અજ્ઞાનીને રુચતી નથી. વીતરાગને માનનારો છું એમ કહે પણ શાસ્ત્ર વાંચીને એમાંથી રાગની વાત તે કાઢે છે. જેમ વાણિયો વાઘરીનાં કામ કરે એમ આ વીતરાગનું નામ લઈને રાગનું કામ કરે, તે વાઘરી જેવો છે. વાઘરીનાં કામ વાણિયાને શોભે નહિ એમ વીતરાગની વાત કરનારને રાગથી ધર્મ થાય એમ કહેવું તે શોભે નહિ. પણ અજ્ઞાની વીતરાગને સાંભળવા છતાં બંધને જ માને છે, તે મુક્તિને માનતો નથી.

પ્રવચનસાર ગાથા ૬૨માં કહે છે કે :—

**સૂણી "ઘાતિકર્મવિહીનનું સુખ સૌ સુખે ઉત્કૃષ્ટ છે,"**
**શ્રદ્ધે ન તેહ અભવ્ય છે, ને ભવ્ય તે સંમત કરે. ૬૨.**

કેવળી ભગવંતોને જ પારમાર્થિક સુખ છે એવું વચન સાંભળીને જેઓ કદી તેનો સ્વીકાર—આદર—શ્રદ્ધા કરતા નથી તેઓ અભવ્ય છે. કદી મોક્ષ પામતા નથી. એટલે ભગવાન કહે છે કે તે અમારી નાતનો છે. એ જાત જ જુદી છે. છોકરો જ્યારે ઊંધાઈ કરે ત્યારે એનો બાપ કહે કે એ જુદી જાતનો છે. એમ પુણ્ય-પાપ આદિ અમારી જાતના નથી—એમ સાંભળવા છતાં જે આત્માને શ્રદ્ધતો નથી તે અભવ્ય છે. સમયસાર ગાથા ૩૧૭માં કહે છે કે :—

## સુરીતે ભણીને શાસ્ત્ર પણ પ્રકૃતિ અભવ્ય નહિ તજે,
## સાકરરહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૩૧૭.

અભવ્ય જીવ શાસ્ત્રો ભણી ભણીને ગોખ્યા કરે પણ રાગ તે મારું સ્વરૂપ છે એવી પ્રકૃતિને તે છોડતો નથી. જેમ સર્પ દૂધ સાકર ખાય છતાં અંદરથી તેને ઝેર ટળતું નથી, એમ અજ્ઞાની શાસ્ત્રો તથા વીતરાગને સાંભળવા છતાં એમાંથી રાગ અને બંધ કાઢ્યા વગર રહેતો નથી.

આ કાળમાં ધર્મધ્યાન હોઈ શકે નહિ–એમ કહેનારને કુંદકુંદાચાર્યદેવ કહે છે કે તે અભવ્ય છે. તેને શાસ્ત્રનું ભણતર શુદ્ધ જ્ઞાન કરી શકતું નથી. તે દિવ્યધ્વનિ સાંભળે પણ વાણી સાંભળ્યા વગર કોઈને જ્ઞાન થાય નહિ–એમ માને છે પણ પોતાની લાયકાત જ્યારે જ્ઞાન થવાની હોય ત્યારે વાણી નિમિત્ત હોય છે પણ નિમિત્તથી જ્ઞાન થતું નથી, એમ તે માનતો નથી. મુનિપણાની દશા જ્યારે આત્મામાં થાય ત્યારે બાહ્ય નગ્નપણું હોય છે, વસ્ત્ર-પાત્ર હોતાં નથી. તો કાંઈ પરાધીનપણું નથી. આત્મામાં સ્થિરતા કરતાં કરતાં વિશેષ સ્થિરતા જામી એટલે રાગ અને નિમિત્તનો અભાવ થયા વગર રહે નહિ. પણ બહારમાં નિમિત્તનો અભાવ થયો છે માટે વીતરાગદશા થાય છે એમ નથી.

શાસ્ત્રમાં તો એવું લખાણ હોય કે આત્મા પરથી ભિન્ન છે છતાં અજ્ઞાની શાસ્ત્ર ભણીને પોતાની મતિકલ્પનાએ માને છે કે પરવસ્તુ વગર ચાલે નહિ, તે ભિન્ન આત્માને જાણતો નથી. નિમિત્તથી આત્મામાં કાંઈપણ લાભ ન થાય–એમ તે માનતો નથી. કેવળજ્ઞાની જ્ઞાનના પિંડરૂપ થયા છે, તે રાગને લઈને થયા નથી. માટે જે જીવ આત્માને રાગરહિત માનતો નથી તેનામાં શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે. વ્યવહાર વગર નિશ્ચય ન હોય—એમ જે માને છે, તેને જ્ઞાનનો અભાવ છે. આત્મા તો જ્ઞાનનો ગાંગડો છે. તેની પર્યાયમાં શુભભાવ હોય છે ખરો પણ એનાથી આત્માનું સ્વરૂપ ભિન્ન છે, તેને જે જાણતો નથી, તે જ્ઞાનને શ્રદ્ધતો નથી. માટે સાચા જ્ઞાનનો અભાવ હોવાથી તે અજ્ઞાની ઠર્યો.

અગિયાર અંગનું જ્ઞાન હોવા છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો ? તો કહે છે કે શાસ્ત્રે તો એમ કહ્યું છે કે આત્મા રાગરહિત છે, વ્યવહારરહિત છે અને વ્યવહારથી એટલે રાગના આશ્રયે કલ્યાણ ત્રણકાળમાં ન થાય. છતાં અભવી તે શાસ્ત્રના મર્મને સમજતો નથી. અગિયાર અંગમાં ચારે અનુયોગની વાત આવી જાય છે. પણ શાસ્ત્રને શું કહેવું છે ? તે સમજ્યો નહિ માટે તેને શાસ્ત્ર ભણવાનો ગુણ આવ્યો નહિ. માટે સાચા જ્ઞાનનો અભાવ હોવાથી તેને અજ્ઞાન છે.

**ભાવાર્થ :—**અભવ્યજીવ અગિયાર અંગ ભણે તોપણ તેને શુદ્ધ આત્માનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી. તેથી તેને શાસ્ત્રના ભણતરે ગુણ ન કર્યો અને તેથી તે અજ્ઞાની જ છે. અભવી અશુદ્ધતાની રુચિ છોડતો નથી એટલે કે અશુદ્ધથી શુદ્ધ થાય એ વાત મૂકતો નથી. તેથી તે શાસ્ત્રના સારને સમજ્યો નથી તેથી તે અજ્ઞાની છે. આ રીતે ગાથા ૨૭૩માં કહ્યું કે અભવ્ય ચારિત્ર રહિત છે અને ગાથા ૨૭૪માં કહ્યું કે તે અજ્ઞાની છે. હવે તે અશ્રદ્ધાની છે તે કહે છે :—

હવે શિષ્ય પૂછે છે કે—અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે; છતાં તેને શ્રદ્ધાન નથી એમ કેમ કહ્યું ? તેનો ઉત્તર કહે છે :—

## ગાથા ૨૭૫

**તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,**
**તે ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને. ૨૭૫.**

**અર્થ :—**તે (અભવ્ય જીવ) ભોગના નિમિત્તરૂપ ધર્મને જ શ્રદ્ધે છે. તેની જ પ્રતીતિ કરે છે. તેની જ રુચિ કરે છે અને તેને જ સ્પર્શે છે. પરંતુ કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નહિ. (કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નથી શ્રદ્ધતો, નથી તેની પ્રતીત કરતો, નથી તેની રુચિ કરતો અને નથી તેને સ્પર્શતો.)

અહીં કહે છે કે અભવ્ય જીવ જેનાથી બહારના સંયોગો મળે એવા પુણ્યભાવને શ્રદ્ધે છે પણ આત્મા પુણ્યરહિત છે તેને શ્રદ્ધતો નથી. તેને રાગની રુચિ ખસતી નથી. બહારની ક્રિયા ઉપર તેની દ્રષ્ટિ વર્તે છે. અહીં ધર્મને શ્રદ્ધે છે એટલે કે શુભભાવને શ્રદ્ધે છે—એમ કહે છે અને કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને શ્રદ્ધતો નથી એટલે કે કર્મનો ક્ષય તો એના કારણે થાય છે. એમાં નિમિત્તભૂત આત્માનો શુદ્ધભાવ છે, તેને તે શ્રદ્ધતો નથી એમ કહે છે.

**ટીકા :—**અભવ્ય જીવ નિત્યકર્મફળ ચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે પરંતુ નિત્ય જ્ઞાનચેતનામાત્ર વસ્તુને નથી શ્રદ્ધતો કારણ કે તે અભવ્ય સદાય સ્વ-પરના ભેદવિજ્ઞાનને અયોગ્ય છે. રાગનું કંઈક ફળ આવે તો ઠીક—એવી જે રુચિ છે તે પર તરફ જાય છે, તે રુચિ સ્વ તરફ વળતી નથી એટલે કે તે રુચિ સ્વ તરફ વળે તો આત્માને લાભ થાય, એમ અભવ્ય માનતો નથી. કેટલાક લોકો આનંદઘનજીની અનંતનાથપ્રભુની સ્તુતિનો અર્થ પોતાની મતિકલ્પનાએ કરે છે કે ''સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરખો''—આ પદનો અર્થ અજ્ઞાની એમ કરે છે કે જડની એટલે શરીરની ક્રિયા અને શુભભાવની ક્રિયાથી ચારિત્ર થાય છે એટલે ધર્મ થાય છે. પણ એમ નથી. ખરેખર જ્ઞાનની શુદ્ધ–રાગરહિત ક્રિયા છે, તે ચારિત્ર છે. આગલા પદમાં એમણે કહ્યું છે કે :—

**દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે, કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો,**
**શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ ક્રિયા કરે, છાર પર લીંપણું તેહ જાણો.**

આત્માની શ્રદ્ધા વગર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા રહેતી નથી અને આત્મા તો રાગરહિત—પુણ્યરહિત છે. એવી શ્રદ્ધા ન કરે તો ક્રિયાકાંડના થોથા તો રાખ ઉપર લીંપણું કરે એવા છે. લીંપણાના પોડા ઊખડે તેમ શુભ ક્રિયાથી આત્માને લાભ થતો નથી.

અભવ્ય જીવ પર્યાયમાં કાયમનું બહારનું ફળ આવે, એવી માન્યતા કરે છે. તેને કર્મમાંથી ફળ જોઈએ છે, પણ આત્મામાંથી ફળ જોઈતું નથી. તે ચૈતન્યના ફળને શ્રદ્ધતો નથી. તેનું જ્ઞાનનું રોકાવું કર્મના ફળમાં થાય છે પણ હું નિત્ય ચૈતન્ય જ્ઞાનઘન છું—એમાં તેનું રોકાવું થતું નથી. એ માને છે કે દયા, દાન, પૂજા, ભક્તિ આદિ કરશું તો કાંઈક ફળ મળશે. કેમ કે દાડિયાની દાડી પણ જતી નથી. તેની જ્ઞાનચેતના વ્યવહારમાં રોકાય છે. ચેતનાને અહીં વસ્તુ કહી છે. રાગ કરું તો લાભ થાય એમ તે માને છે. પણ સ્વભાવના આશ્રયે લાભ થાય, એમ તે માનતો નથી. વ્યવહારથી બંધન થાય પણ ધર્મ થાય નહિ અને પરના આશ્રયે રાગ થાય પણ વીતરાગતા થાય નહિ. તે સ્યાદ્વાદ છે. આ રીતે પર્યાય પણ અનેકાંત ધર્મવાળી છે. તેને અજ્ઞાની શ્રદ્ધતો નથી. તે વ્યવહારથી ધર્મ માનનારો છે માટે તેને આત્માની શ્રદ્ધા નથી.

અહીં કહે છે કે કર્મ છૂટવાને લાયક હોય તો તેને આત્માના શુદ્ધ પરિણામ નિમિત્ત થાય છે. પણ આત્માના કારણે કર્મ છૂટે એમ નથી પણ કર્મ છૂટે છે, એને ધર્મ નિમિત્ત થાય છે. એનો અર્થ એ થયો કે કર્મ છૂટવાને લાયક ન હોય તો આત્મા તેને નિમિત્ત કહેવાય નહિ. આત્મા જ્ઞાનમાત્ર ભૂતાર્થ છે. અહીં જ્ઞાનમાત્રમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે આવી જાય છે અને વિકાર કે પર વસ્તુનો અભાવ છે—એમ જ્ઞાનમાત્રપણું સૂચવે છે.

છ છ મહિનાના ઉપવાસ કરતો હશે તે શું શ્રદ્ધા વગર કરતો હશે ? એમ કોઈ કહે તો તેને કહે છે કે તેને શ્રદ્ધા તો હોય છે પણ તેને બંધનની એટલે રખડવાની શ્રદ્ધા હોય છે. સંસારમાં રખડવાની ક્રિયા તેને ફળે છે. કેમ કે આત્માનું લક્ષ કરતો નથી. સાચો ધર્મ તો જ્ઞાનમાત્ર છે. તેની રુચિ તેનું જ્ઞાન અને તેની રમણતા છે. પણ અભવ્ય જીવ તેને શ્રદ્ધતો નથી.*

# પ્રસાદ નં. ૨૯૪

## બંધ અધિકાર

### સમયસાર ગાથા ૨૭૫ ટીકા

*(શ્રાવણ વદ ૫, મંગળવાર બપોર, ૨૦૦૭)*

**"અભવ્ય જીવ નિત્ય કર્મ ફળ ચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે પરંતુ જ્ઞાન સ્વભાવને શ્રદ્ધતો નથી."**

આત્માના શુદ્ધ સ્વભાવ સિવાય પર વસ્તુનો આશ્રય લેવો, તે બંધનું કારણ છે. સ્ત્રી કુટુંબાદિના આશ્રયથી પાપ બંધન છે ને કુદેવ-કુગુરુના આશ્રયથી પણ પાપ છે ને સાચા દેવ-ગુરુના આશ્રયથી તથા દયા-દાનના ભાવથી પુણ્ય બંધન છે, પણ નિર્જરા અથવા ધર્મ થતો નથી. અભવીના દ્રષ્ટાંતે ગાથા ૨૭૩માં સમજાવ્યું કે પાંચ મહાવ્રતાદિ પાળવા છતાં ચૈતન્ય સ્વભાવનું ભાન નથી તેથી તેને સમ્યક્ ચારિત્ર નથી. ને ગાથા ૨૭૪માં કહ્યું છે કે શુદ્ધ ચૈતન્યના ભણતર વિના અગિયાર અંગનું ભણતર લાભ કર્તા નથી. હવે આ ગાથામાં પૂછે છે કે અભવ્યને ધર્મની શ્રદ્ધા તો હોય છે છતાં તેને શ્રદ્ધાન નથી, એમ કેમ કહો છો ? ભગવાનની શ્રદ્ધા વિના આ બધું કરતો હશે ? તેનો જવાબ આપે છે કે ભાઈ, તેને ભગવાન આત્માની શ્રદ્ધા નથી પણ રાગ અને વ્યવહારની શ્રદ્ધા છે. અભવ્ય જીવ વ્યવહારનો આશ્રય કરે છે ને દયા-દાનના ફળમાં અનુકૂળતા મળે એમ ભોગને ઇચ્છે છે. જડ વસ્તુમાં શાંતિ ફળે, તેમ શ્રદ્ધે છે. તેનું જ્ઞાન વ્યવહાર ફળમાં રોકાઈ જાય છે—હરખમાં ચેતાઈ જાય છે. પણ હું જ્ઞાન સ્વભાવી છું, જડની ક્રિયા જડના કારણે થાય છે, રાગ મારું સ્વરૂપ નથી. રાગનો તથા જડનો જાણનાર હું જ્ઞાન ચેતના માત્ર છું, એવી શ્રદ્ધા તે કરતો નથી, તેથી અજ્ઞાનીની ક્રિયા બધી સંસાર માટે સફળ છે. અહીં અભવીને સાબિત કરવો નથી પણ વ્યવહારનયનો આશ્રય કરનાર ભવી હોય તો પણ મિથ્યાદ્રષ્ટિ છે, અભવી જેવો છે એમ કહેવું છે. વિકારના આશ્રયે લાભ થશે એમ માને છે, પણ નિર્વિકારી સ્વભાવથી લાભ થશે, તેમ તે માનતો નથી. તેથી તે નિર્વિકારી સ્વભાવ તે સ્વ ને વિકાર તે પર, એમ સ્વ-પર ભેદ વિજ્ઞાનને યોગ્ય નથી.

## "અભવ્યજીવ શુદ્ધ ચૈતન્યના આશ્રયે ભૂતાર્થ ધર્મને શ્રદ્ધતો નથી પણ શુભથી ધર્મ માની અભૂતાર્થ ધર્મને શ્રદ્ધે છે."

"તેથી તે અભવ્યજીવ કર્મથી છૂટવાના નિમિત્તરૂપ જ્ઞાનમાત્ર ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મને નહીં શ્રદ્ધતો. ભોગના નિમિત રૂપ શુભકર્મ માત્ર અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે." પર પદાર્થથી રહિત ને વિકારથી રહિત આત્મા શુદ્ધ જ્ઞાન સ્વભાવી છે–એવા આત્માનાં અંતર પ્રતીતિ, જ્ઞાન ને રમણતા, તે જ જ્ઞાન માત્ર સત્યાર્થ ધર્મ છે. તેનાથી નિર્જરા થાય છે ને કર્મો છૂટી જાય છે તેવો અંતર નિર્મળતારૂપી ધર્મ, જે સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે–તેની શ્રદ્ધા કરતો નથી. પણ દયા-દાનાદિમાં ધર્મ માની વ્યવહારથી નિશ્ચય થશે તેમ માની, શુભ કર્મ માત્ર જ અભૂતાર્થ (ખોટા) ધર્મને શ્રદ્ધે છે. શુભકર્મ માત્ર અર્થાત્ એકલા વ્યવહારને જ શ્રદ્ધે છે ને જ્ઞાનમાત્રને એટલે કે શુદ્ધ સ્વભાવને શ્રદ્ધતો નથી. અહીં કોઈ પૂછે કે, તે જીવ વૈરાગ્યપૂર્વક સાધુપણું લ્યે છે. તેને સંસારના ભોગની ઇચ્છા તો દેખાતી નથી. તે ધર્મ અર્થે કરે છે છતાં ભોગના નિમિત્તરૂપ શુભકર્મ કરે છે એમ કેમ કહો છો ?

**સમાધાન :—**તે મિથ્યાદ્રષ્ટિ જીવે હજારો રાણી છોડી હોય, રાજ્યપાટ છોડ્યું હોય, વૈરાગ્યપૂર્વક દીક્ષા ધારણ કરી હોય ને કહે કે આ સંસાર અસાર છે, એમ વૈરાગ્ય પણ હોય છતાં તેણે વ્યવહારની રુચિ રાખીને સંસાર છોડ્યો છે. હું ચૈતન્ય મૂર્તિ છું એ વાત ગોઠતી નથી. રાગની મંદતા કરી નવમી ગ્રૈવેયકે જાય પણ પુણ્યને વ્યવહારથી ધર્મ માનનારો ભોગ માત્રને જ પામે છે ને કોઈ દેવ થઈને કદાચ ભગવાન પાસે જાય તો પણ વ્યવહારની રુચિ સાથે લઈને ગયો છે તેથી ત્યાં પણ સમકિત પામશે નહિ. વ્યવહારથી ધર્મ માનનારને ભગવાનની વાત ત્રણ કાળમાં બેસશે નહિ એટલે વ્યવહારની રુચિવાળાને આત્મા પ્રાપ્ત જ થશે નહિ પણ સ્વર્ગાદિ સંયોગો અને ભોગનાં નિમિત્તો મળશે. તેથી ભલે સ્થૂળરૂપે ભોગને નહિ ઇચ્છતો હોવા છતાં ભોગના નિમિત્તરૂપ શુભ વિકારનો અનુભવ કરી રહ્યો છે.

## "વ્યવહારની રુચિવાળો જીવ ગ્રૈવેયક સુધીના ભોગ માત્રને પામે છે પરંતુ કર્મથી કદાપિ છૂટતો નથી."

આ પ્રકારે જે જીવ બાર પ્રકારની ભાવનાના રાગમાં, દયાદાનાદિ શુભમાં, ઉપવાસ, આયંબિલાદિ શુભમાં ધર્મ માને છે—તે અભૂતાર્થ ધર્મ એટલે ખોટા ધર્મને શ્રદ્ધે છે. તેની પ્રતીતિ કરે છે, તેની રુચિ કરે છે ને પુણ્યના અનુભવથી વધારેમાં વધારે નવમી ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને પામે છે. ત્રસની પર્યાયની ઉત્કૃષ્ટ સ્થિતિ બે હજાર સાગરની છે તે દરમ્યાન ધર્મ ન પામે તો નિગોદમાં ચાલ્યો જાય

છે. અજ્ઞાની જીવને જ્ઞાન સ્વભાવી આત્માનો અનુભવ નથી પણ વ્યવહાર ને વિકારનો અનુભવ છે, તે જ ભોગ છે. જ્યાં જશે ત્યાં વિકારને અનુભવશે ને કર્મોને બાંધશે પણ કર્મથી કદાપિ છૂટશે નહિ.

અહીં કોઈ પૂછે કે તો પછી આ મંદિરો વગેરે બનાવવાં એ બધું શું ?

**સમાધાન :—**ભાઈ, જડની ક્રિયા જડના કારણે થાય છે, તેને આત્મા કરી શકતો નથી. શુભભાવ થાય છે તેને દોષ જાણી ધર્મી તેનું પણ જ્ઞાન કરે છે. પણ જેને શુભભાવની રુચિ છે, વ્યવહારથી ધર્મી થશે એમ જે માને છે તેને વ્યવહાર ગળે વળગ્યો છે. તેના સંસારનો અંત આવતો નથી. જ્ઞાનમૂર્તિ ચૈતન્ય સ્વભાવને જાણ્યા વિના સંસારનો અંત આવે એમ નથી. પણ અજ્ઞાની જીવ મુનિપણું લઈને ઘણા શુભપરિણામ કરીને નવમી ગ્રૈવેયકે જાય છે ને ૩૧ સાગરની સ્થિતિ સુધી ત્યાં રહે છે. પણ ત્યાં ભોગ માત્રને પામે છે. વિકાર ને વ્યવહારનો જ અનુભવ કરે છે પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી. તેથી તેને સાચા ધર્મનું શ્રદ્ધાન નથી. હું આત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વરૂપી છું. નિશ્ચય સ્વભાવ કે જે વ્યવહાર અને ભેદનો નાશ કરનાર છે —તેની શ્રદ્ધા તેને નથી, તેથી તેની શ્રદ્ધા પણ સાચી નથી.

ગાથા ૨૭૨માં કહેલું કે નિશ્ચયનય વડે વ્યવહારનયનો નિષેધ જાણ, તે ગાથા ૨૭૩–૨૭૪–૨૭૫માં સાબિત કર્યું કે અભવી જીવની ક્રિયા, જ્ઞાનને શ્રદ્ધા ત્રણે ખોટાં છે. અભવીનો તો દાખલો છે પણ એનો અર્થ એ કે વ્યવહારનો આશ્રય લેનારનાં ક્રિયા, જ્ઞાન ને શ્રદ્ધા ત્રણે ખોટાં છે. આમ હોવાથી નિશ્ચય વડે વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે. નિશ્ચયનયનો આશ્રય કરતાં વ્યવહારનયનો નિષેધ થઈ જાય છે. શુદ્ધ સ્વભાવનો આશ્રય કરતાં પુણ્યનો નિષેધ થઈ જાય છે.

પંચાસ્તિકાયમાં વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય—એમ કહ્યું છે. તે તો ઉપચારથી કહેલ છે. તે વ્યવહાર અને શુભ રાગનું જ્ઞાન કરાવવા માટે કહેલ છે. બધાં શાસ્ત્રનો સાર વીતરાગ ભાવ એક જ છે.

**ભાવાર્થ :—**જેમ લાખો મણ લાકડાંની અગ્નિથી ગરમ કરાતા પાણીમાં કોરડું મગ પાકતા નથી તેમ અભવ્ય જીવ કદી પણ મોક્ષને પામતો નથી. તેવી રીતે જે ભવી વ્યવહારની રુચિ કરે છે, તે અભવી જેવા છે, તેનામાં ભેદજ્ઞાનની યોગ્યતા નથી. આત્મા જ્ઞાનસ્વભાવી છે ને શુભરાગ તે વિકાર છે, પર છે—એવા ભેદજ્ઞાનની યોગ્યતા નથી. તેથી કર્મફળ ચેતનાને જાણે છે એટલે કે શુભના ફળમાં સ્વર્ગ મળશે અથવા રાજા થઈશું એવી શ્રદ્ધા કરે છે પણ ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા કરી મોક્ષ ફળશે એવી શ્રદ્ધા તે કરતો નથી. તે જ્ઞાન ચેતનાને જાણતો નથી તેથી શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન તેને નથી. પુણ્યને ધર્મ સમજે છે. પુણ્ય પ્રથમ પગથિયું

છે. કાંઈક વ્યવહાર તો જોઈએ ને ! એમ દયાદાનાદિને તથા વ્રતના પરિણામને ધર્મ સમજે છે તેથી તેના ફળમાં સંયોગો મળે છે ને વધારેમાં વધારે નવમી ગ્રૈવેયક સુધીના ભોગને પામે છે પરંતુ કર્મનો ક્ષય થતો નથી, નિર્જરા થતી નથી. કેટલાક જીવો પરજીવોની સેવા નિઃસ્વાર્થ ભાવે કરવાથી ધર્મ માને છે ને તેમના આશીર્વાદથી કલ્યાણ માને છે. પરની સેવા કરી શકું છું–એ જ મિથ્યાભાવ છે ને વળી ઊંડે ઊંડે માનની મીઠાશ વેદે છે ને કદાચ તેવી મીઠાશ ન હોય તોપણ અનુકંપાના ભાવથી ધર્મ માને છે, તે જ મિથ્યાદ્રષ્ટિ છે. અહીં તો તેની વાત નથી. જૈન સાધુ—દ્રવ્યલિંગી મુનિ કે જેનો વ્યવહાર સાચો છે, તે જીવ વ્યવહારની રુચિ રાખે છે, તેને વ્યવહારનો સૂક્ષ્મ પક્ષ રહી જાય છે. સત્યાર્થ ધર્મની તેને સાચી શ્રદ્ધા નથી તેથી તેને શ્રદ્ધા કહી શકાતી નથી.

આ પ્રમાણે વ્યવહારનયને આશ્રિત અભવ્ય કે ભવ્ય જીવને સમ્યક્—જ્ઞાન—શ્રદ્ધાન નહિ હોવાથી તે મિથ્યાદ્રષ્ટિ છે. પછી ભલે તે શ્રાવક હોય કે મુનિ હોય તોપણ તે મિથ્યાદ્રષ્ટિ છે. તેથી નિશ્ચયનય વડે કરવામાં આવતો વ્યવહાર નિષેધ યોગ્ય જ છે.

## "શુદ્ધ ચૈતન્ય સ્વભાવના અનુભવને ચૂકી શુભરાગનો અનુભવ તે જ ભોગનો અનુભવ છે ને તે જ સંસાર છે."

અહીં એટલું વિશેષ જાણવું કે આ હેતુવાદરૂપ અનુભવ પ્રધાન ગ્રંથ છે. હેતુ આપીને અનુભવથી સિદ્ધ કરવું છે, અભવીને આત્માના અનુભવની ખબર નથી પણ રાગના અનુભવની ખબર છે. તે પરના અનુભવમાં રોકાઈ ગયેલ છે પણ સ્વનો અનુભવ કરતો નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે દ્રવ્યલિંગી મુનિ ભોગની ઇચ્છાથી તપશ્ચર્યા કરે તો નવમી ગ્રૈવેયક સુધી જાય તેવો શુભભાવ બંધાય નહિ ને તે મુનિ તો શુભ ભાવ કરી નવમી ગ્રૈવેયકે જાય છે તો તેને ભોગની ઇચ્છા તો નથી છતાં ભોગના નિમિત્તરૂપ શુભ કર્મ કરે છે, એમ કેમ કહ્યું ?

**સમાધાન :—"હું ચૈતન્ય શુદ્ધ છું"** એવો અનુભવ નથી પણ તેથી વિરુદ્ધ પુણ્યના અનુભવમાં તે રોકાઈ ગયો છે. પુણ્ય તે ભોગ છે એટલે તે પરનો અનુભવ કરી રહ્યો છે. વ્યવહારથી બાહ્યમાં તે નિઃસ્પૃહ લાગે, કષાય મંદતા ઘણી કરે પણ ઉંડે ઉંડે ચૈતન્યના નિર્વિકલ્પ અનુભવ ને પ્રતીત નહિ હોવાથી રાગ અને વ્યવહારનો તેને અનુભવ રહી જાય છે ને શુદ્ધ તરફનો પુરુષાર્થ કરતો નથી. રાગ રહિત ચૈતન્ય સ્વભાવને માનતો નથી એટલે વ્યવહારનો અનુભવ છે પણ

નિશ્ચયનો અનુભવ નથી. હજારો રાણી છોડી છે, મનમાં ભોગની ઇચ્છા નથી; અશુભ ભાવ ન હોય, શુક્લ લેશ્યાના પરિણામ હોય પણ પુણ્યનો અનુભવ કરે છે તેથી તેને ભોગ કહ્યો છે. શરીરના ભોગની વાત નથી, સામગ્રીની વાત નથી. વિકારની રુચિ ને વિકારનો અનુભવ છે, રાગરહિત જ્ઞાતા સ્વભાવ વડે નિશ્ચય સ્વભાવનો અનુભવ કરતો નથી, માટે પરનો અનુભવ છે. તે વિકારનો અનુભવ છે. આ હેતુવાદથી સાબિત કરેલ છે.

અભ્યંતર પુણ્યનો રાગ થયો તે જ કર્મફળ છે પણ સ્વભાવ ફળ નથી. દયા, દાન, વ્રત, પૂજા–ચૈતન્ય દ્રવ્યનું ફલ નથી. સ્વભાવની રુચિ કરતો નથી માટે કર્મ ફલને અનુભવે છે. તે અભોગ સ્વભાવને અનુભવતો નથી.

સ્વ અનુભવની નાસ્તિ એટલે રાગના અનુભવની અસ્તિ છે. પવિત્ર સ્વભાવનો અનુભવ કરતો નથી તેથી ભોગનો અનુભવ કરે છે. ભોગ એટલે કોઈ સામગ્રીના ભોગની વાત નથી પણ શુદ્ધ ચૈતન્ય સ્વભાવને ચૂકીને દયાદાન, વ્રત પૂજામાં શુભરાગ થાય–તેનો અનુભવ, તે જ વ્યવહારનો અનુભવ છે. પુણ્યનો અનુભવ છે તે જ ભોગનો અનુભવ છે ને તે જ સંસારનો અનુભવ છે.

*

# પ્રસાદ નં. ૨૯૫
## બંધ અધિકાર

### સમયસાર ગાથા ૨૭૫

*(શ્રાવણ વદ ૬, બુધવાર બપોર, ૨૦૦૭)*

## "મિથ્યાદ્રષ્ટિ જીવ ભવ્ય કે અભવ્ય વિકારનો અનુભવ કરે છે પણ શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો અનુભવ કરતો નથી."

આ બંધ અધિકાર છે. પરના આશ્રયે દયા–દાન–વ્રત–તપનો ભાવ થાય છે અને તે બંધનનું કારણ છે. અભવ્ય જીવ પર આશ્રયે ધર્મ માની વ્રત, સમિતિ, ગુપ્તિનું પાલન કરે છે. શાસ્ત્રનું ભણતર કરે છે પણ શાસ્ત્રે કહેલો ગુણ—કે હું ચિદાનંદ પવિત્ર છું—એવી દશાને પ્રગટ કરતો નથી પણ બંધ દશાને પામે છે. વ્યવહાર નયનો આશ્રય એ જ સંસારનું કારણ છે. અભવ્યજીવ ભોગના હેતુએ ધર્મ કરે છે. ભોગ એટલે સ્થૂલ રીતે પરસામગ્રીની ઇચ્છા તે તેને નથી પણ મિથ્યાદ્રષ્ટિ ભવ્ય ને અભવ્ય, સૂક્ષ્મ દયા—દાનની વૃત્તિના અનુભવમાં રોકાઈ જાય છે પણ શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો આદર કરી પવિત્રતાને અનુભવતા નથી. તે જ ભોગ છે.

અહીં એટલું વિશેષ જાણવું કે આ હેતુવાદરૂપ અનુભવપ્રધાન ગ્રંથ છે. આગમને અહેતુવાદ કહે છે એટલે કે તેમાં હેતુપૂર્વક સિદ્ધ કરતા નથી. અહીં તો હેતુ આપીને સિદ્ધ કરે છે કે મિથ્યાદ્રષ્ટિ જીવને વ્યવહાર નયનો આશ્રય છે તથા પુણ્યનો અનુભવ લાભદાયક છે એમ માની તેમાં રોકાઈ ગયો છે. વ્યવહારથી કલ્યાણ થશે—એવી સૂક્ષ્મ પક્કડ જતી નથી. અહીં ભવ્ય હો કે અભવ્ય હો, જેને શુદ્ધ ચૈતન્ય અનાકુળ સ્વભાવી આત્માનો અનુભવ નથી તેને રાગનો અનુભવ છે. શાંત અનાકુળ સ્વભાવનો અનુભવ તે નિશ્ચયનયનો આશ્રય છે ને દયાદાન વ્રતની લાગણી-વૃત્તિનો અનુભવ તે વ્યવહાર નયનો આશ્રય છે. આમ જેને વ્યવહાર નયનો આશ્રય છે, તે ભવ્ય કે અભવ્ય બન્ને મિથ્યાદ્રષ્ટિ છે. તેની કરણી બધી ભોગ–નિમિત્ત છે. તેના કારણો ન્યાયથી આપેલ છે. દયા-દાન કંઈક લાભ કરશે એવી ઊંડી પક્કડ જતી નથી તેથી શુભનો અનુભવ કરે છે પણ શુદ્ધનો અનુભવ કરતો નથી.

## "મિથ્યાદ્રષ્ટિ જીવને વ્યવહારનયના પક્ષનો સૂક્ષ્મ આશ્રય રહી જાય છે."

મિથ્યાદ્રષ્ટિ જીવ દલીલ કરે છે ભગવાને નિશ્ચય ને વ્યવહાર બે નય કીધા છે ને ! સમાધાન :—ભાઈ ! વ્યવહારનય જાણવા જેવો કહ્યો છે. દયા—દાન

જાણવા જેવા છે પણ આદરવા જેવા નથી. વ્યવહારનયનો તદ્દન નિષેધ છે ને નિશ્ચયનયનો આદર કહ્યો છે.

વળી અજ્ઞાની કહે છે કે "ભલે નિશ્ચયની વાતો કરો ને ચૈતન્યના આશ્રયે શાંતિ થાય એમ કહો પણ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના ઉત્સાહ વિના શાંતિ મળે ને ચૈતન્યનો આનંદ આવે ખરો?" એમ પરદ્રવ્યના ગુણનો ભાવવાળો રહે છે. આમ તેને પરના આશ્રયે રાગનો સૂક્ષ્મ પક્ષ રહી જાય છે. દયાદાનના પરિણામ જાણવા માટે કહ્યા હતા, તેને બદલે અજ્ઞાની દયા-દાનના અનુભવમાં રોકાઈ જાય છે. આવો મિથ્યાદ્રષ્ટિ જીવ મુનિ થાય ને બ્રહ્મચર્યથી ચળે નહિ, લીલોતરી હણે નહિ તોપણ તેને સૂક્ષ્મ રાગનો પક્ષ રહી જાય છે. ભગવાને પાંચ સમિતિનું પાલન કરવાનું કહ્યું છે એમ કહી પાંચ સમિતિના પાલનમાં હોંશ રહી જાય છે. ઉંડાણમાં વ્યવહારનો આદર રહી જાય છે.

વળી અજ્ઞાની દલીલ કરે છે કે "શુદ્ધ દશામાં જવું હોય તો અશુભમાંથી કદી શુદ્ધમાં જવાતું નથી પણ અશુભથી બચી શુભ કરે તો શુભમાંથી શુદ્ધમાં જવાય છે માટે શુભમાં કંઈક લાભ જેવું હોવું જોઈએ. કુદેવ-કુગુરુની શ્રદ્ધાના ભાવ કરી શુદ્ધ થવાય? સુદેવાદિના શ્રદ્ધાના શુભભાવો કરીએ તો શુદ્ધમાં જવાય છે માટે શુભમાં કંઈક વજન હોવું જોઈએ." આમ અજ્ઞાની દલીલ કરે છે. તે દલીલમાં શુભના પક્ષનું વજન રહે છે તેથી તેને વ્યવહારનો આશ્રય રહેતો હોવાથી મિથ્યાદ્રષ્ટિ છે. વળી તે કહે છે કે "શાસ્ત્રમાં અભ્યંતર ને બાહ્ય-બે કારણો કહ્યા છે. જો રાગાદિમાં કાંઈપણ કાર્યને મદદ કરવાની તાકાત ન હોય તો તેને બાહ્ય કારણ કેમ કહ્યું? રાગાદિકને શુદ્ધતામાં કારણ કહ્યા છે માટે શુભરાગ શુદ્ધકાર્યને મદદ આપે એવું કંઈક શુભમાં હોવું જોઈએ." આમ અજ્ઞાની દલીલ કરે છે.

તેનું સમાધાન એમ છે કે જીવ પોતે શુદ્ધતા પ્રગટ કરે છે તો શુભને ઉપચારથી કારણ કહેવામાં આવે છે. ઉપચાર અથવા બાહ્ય કારણ એટલે સાચું કારણ નહિ પણ ખોટું કારણ સમજવું. વળી શુદ્ધતામાં સાચા દેવ-ગુરુની શ્રદ્ધા નિમિત્ત હોય છે પણ કુદેવાદિની શ્રદ્ધા નિમિત્ત હોતી નથી, એમ ત્યાં જ્ઞાન કરાવવું છે.

આ વસ્તુને અહેતુવાદરૂપ આગમ સાથે મેળવીએ તો મિથ્યાદ્રષ્ટિ ભવ્ય ને અભવ્ય બન્નેને વ્યવહારનયના પક્ષનો સૂક્ષ્મ કેવલીગમ્ય આશય રહી જાય છે, જે છદ્મસ્થને અનુભવગોચર નથી પણ હોતો, માત્ર સર્વજ્ઞદેવ જાણે છે. બીજા જીવની શું સૂક્ષ્મ ભૂલ છે, તેની સમ્યગ્દ્રષ્ટિને ખબર પડે અથવા ન પણ પડે. કારણ કે કોઈ સમ્યગ્દ્રષ્ટિ પરના પરિણામને જાણી ન પણ શકે અને કોઈ સમ્યગ્દ્રષ્ટિ જીવ સમજવાની યોગ્યતા કરે તો મિથ્યાદ્રષ્ટિના સૂક્ષ્મ પરિણામને જાણી પણ શકે.

## "મિથ્યાદ્રષ્ટિને વ્યવહારનો પક્ષ રહેવાથી તેને સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે."

આ રીતે મિથ્યાદ્રષ્ટિ જીવને કેવળ વ્યવહારનો પક્ષ રહેવાથી સર્વથા એકાંત મિથ્યાત્વ રહે છે. શાસ્ત્રમાં ઉપાદાન કારણ ને નિમિત્ત કારણ બે કહ્યા છે. વ્યવહાર રત્નત્રયને નિશ્ચયનયનું કારણ કહ્યું છે માટે નિમિત્ત કારણમાં અથવા વ્યવહાર રત્નત્રયમાં કંઈક હોવું જોઈએ. આમ અજ્ઞાનીને વ્યવહારનો પક્ષ રહી જાય છે, જે સર્વથા એકાંત પક્ષ છે. આત્મા શુદ્ધ જ્ઞાયક ભાવથી પકડી શકાય છે, પણ દયા-દાન ને વિકલ્પથી તથા વ્યવહારથી પકડી શકાતો નથી. તે અનેકાંત છે. પણ અજ્ઞાની તે માનતો નથી. વ્યવહાર જે નિષેધ કરવા લાયક છે તેને જ આદરણીય માને છે. વ્યવહાર છે તે જાણવા જેવો છે પણ અનુભવ કરવા જેવો નથી પણ વ્યવહારની રુચિવાળો તેની પક્કડ છોડતો નથી. હજારો રાણી છોડીને મુનિ થાય, કોઈનું મન દુભાવે નહિ, સત્ય વચન બોલે, પરિગ્રહ બધો છોડી મુનિ થાય, અગિયાર અંગ ભણે તો પણ તેને સાચી વાત બેસતી નથી.

વળી તે દલીલ કરે છે કે કોઈપણ માલ લાવવો હોય તો બારદાન જોઈએ. બારદાન વગર માલ આવે ? કેસર લાવવું હોય તો કોથળામાં આવે? તેને માટે ટીનનો સારો ડબ્બો જોઈએ. માટે ટીનનો સારો ડબ્બો હોય તો કેસર આવે. એમ મોક્ષમાર્ગને શુદ્ધતારૂપી કેસર લાવવા માટે કુદેવાદિની શ્રદ્ધાનું બારદાન કામ ન આવે? પણ સુદેવાદિની શ્રદ્ધાનું બારદાન જોઈએ. માટે તે બારદાનની જરૂર છે એમ કહી, સુદેવાદિના રાગ ઉપર વજન આપે છે. આમ અજ્ઞાનીની દલીલ છે, પણ તે તો નિમિત્તનું જ્ઞાન કરવા માટે છે. ટીનનો ડબ્બો બારદાનરૂપે હોવા છતાં ડબ્બાની કિંમતથી કેસર આવતું નથી પણ કેસરની કિંમત ભરવાથી કેસર મળે છે. તેમ આત્માના શ્રદ્ધા-જ્ઞાન રૂપી કિંમતથી શુદ્ધતા થાય છે, પણ સુદેવાદિની શ્રદ્ધારૂપી બારદાનથી આત્માની શ્રદ્ધા થતી નથી.

વળી અજ્ઞાની જીવ પાંચ મહાવ્રતના આશ્રયથી મુનિપણું ટકે ને વધે છે– એમ માને છે પણ સ્વયંસિદ્ધ આત્મા જ્ઞાતા છે, ભેદ વિનાનો છે, તેની રુચિ કરતો નથી પણ વ્યવહાર પક્ષની રુચિ કરે છે. ભગવાન બિરાજતા હોય ને દિવ્યધ્વનિ છુટતી હોય ને મધુરીને હિતકર વાણી સંભળાતી હોય તો કેટલો ધર્મ થાય ? આમ અજ્ઞાનીને નિમિત્તનો ને રાગનો પક્ષ રહી જાય છે તેથી તેને સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે.

## રાગને શુદ્ધસ્વભાવ સાથે અત્યંત અભાવ હોવા છતાં અભવી જીવોને રાગનો પક્ષ કદીપણ જતો નથી

નિશ્ચયનયનો વિષય શુદ્ધ સ્વભાવ ને વ્યવહાર નયનો વિષય રાગ છે. તે બંનેને અત્યંત અભાવ છે. પાંચ મહાવ્રતના પરિણામ, બાર અણુવ્રતના પરિણામ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા વગેરે વ્યવહાર રત્નત્રયના પરિણામનો આત્મામાં અત્યંત અભાવ છે; એમ વસ્તુ સ્થિતિ છે. જે વસ્તુ અભાવ સ્વરૂપ હોય તે શુદ્ધ સ્વભાવને શું લાભ કરે? ન જ કરે. છતાં પણ વ્યવહારની રુચિવાળા ભવ્ય કે અભવ્યને વ્યવહાર નયના પક્ષનો આશ્રય મટતો જ નથી. સર્વથા આશ્રય તો શુદ્ધ સ્વભાવનો કરવા જેવો છે, તે વાત કોઈ રીતે તેને બેસતી જ નથી. અજ્ઞાની જીવો કહે છે તમો વ્યવહારનો નિષેધ કરો છો ને નિમિત્તથી કંઈ થતું નથી એમ કહો છો, તેના બદલે નિમિત્તથી ને વ્યવહારથી લાભ થાય તેમ કહો તો નિમિત્ત તથા વ્યવહારને માન્યા કહેવાય! આમ અજ્ઞાની દલીલ કરે છે. પણ ભાઈ! તે બધો અજ્ઞાનભાવ છે. વ્યવહારથી નિશ્ચય થાય તો નિશ્ચય વ્યવહાર એક થઈ જાય છે. રાગરહિત ચૈતન્ય સ્વભાવને પકડ તો તે પળ તારી છે ને દયાદાનને પકડ તો તે પળ તારી નથી એટલે તને હિતકર નથી. આમ હોવા છતાં અજ્ઞાનીને વ્યવહારની રુચિ રહી જાય છે. તેથી સંસારમાં રખડે છે.

આ ચાર ગાથામાં વ્યવહારનયનો નિષેધ કરાવ્યો ને નિશ્ચયનયનો આદર કરાવ્યો. હવે પૂછે છે કે નિશ્ચયનય વડે નિષેધવા યોગ્ય જે વ્યવહારનય અને વ્યવહારનો નિષેધક જે નિશ્ચયનય, તે બંને નયો કેવા છે? એવું પૂછવામાં આવતા વ્યવહાર અને નિશ્ચયનું સ્વરૂપ કહે છે.

### ગાથા ૨૭૬—૨૭૭

**આચાર આદિ જ્ઞાન છે, જીવાદિ દર્શન જાણવું.**
**ષટ્જીવનિકાય ચરિત છે—એ કથન નય વ્યવહારનું. ૨૭૬.**
**મુજ આત્મ નિશ્ચયજ્ઞાન છે, મુજ આત્મદર્શન ચરિત છે,**
**મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર યોગ છે. ૨૭૭.**

**અર્થ :—**આચારાંગ આદિ શાસ્ત્રો તે જ્ઞાન છે એમ વ્યવહારનય કહે છે પણ તે ખરેખર જ્ઞાન નથી પરંતુ તે ભણવા પ્રત્યે રાગની મંદતા કરવી તે પુણ્યબંધનું કારણ છે. વળી જીવ-અજીવ વિગેરે નવ તત્ત્વો તે દર્શન છે એમ વ્યવહારનય કહે છે. પણ તે ખરેખર સમ્યગ્દર્શન નથી. નવ તત્ત્વની શ્રદ્ધામાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આવી જાય છે. તે પરની શ્રદ્ધા છે, રાગ સહિત છે તેથી પુણ્યબંધનું કારણ છે પણ સમકિતનું કારણ નથી. છ જીવનિકાય તે ચારિત્ર છે એમ વ્યવહાનય કહે છે, પણ

તે ચારિત્ર નથી. છ કાયના જીવો ઉપર લક્ષ જવું ને કષાયની મંદતા થવી, તે પુણ્યબંધનું કારણ છે. કોઈ જીવ પરજીવને બચાવી શકતો નથી પણ જે શુભભાવ થાય છે તે પુણ્ય છે, ચારિત્ર નથી.

*

# પ્રસાદ નં. ૨૯૭

## બંધ અધિકાર

## સમયસાર ગાથા ૨૭૬—૭૭ ટીકા

*(શ્રાવણ સુદ ૭, ગુરૂવાર, ૨૦૦૭)*

### "વ્યવહારનય સર્વજ્ઞના શાસ્ત્રના ભણતરને જ્ઞાન કહે છે; કારણ કે તે સમ્યગ્જ્ઞાનમાં નિમિત્ત છે."

આ બંધ અધિકાર છે. સ્વભાવના આશ્રયે અબંધ દશા થાય છે ને પરના આશ્રયે બંધ દશા થાય છે. તેથી નિશ્ચયનય આદરણીય છે અને વ્યવહારનય છોડવા લાયક છે. નિશ્ચયનય નિષેધ કરનાર છે અને વ્યવહારનય નિષેધ્ય છે. તે નિશ્ચયનય અને વ્યવહારનય એ બંનેનું સ્વરૂપ આ ગાથામાં બતાવે છે.

આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે :—ભગવાનની દિવ્ય ધ્વનિમાંથી નિકળેલાં શબ્દો ઉપર લક્ષ કરી, રાગમંદતા કરી જે જ્ઞાનનો ઉઘાડ થાય છે તેને અહીં વ્યવહારે જ્ઞાન કહ્યું છે ને તેને સમ્યગ્જ્ઞાનમાં નિમિત્ત કહ્યું છે. આશ્રય એટલે નિમિત્ત અથવા કારણ કહ્યું છે, તે શબ્દશ્રુત ખરેખર જ્ઞાન નથી. પુણ્યબંધનું કારણ છે પણ અબંધ સ્વભાવનું કારણ નથી તેથી તે વ્યવહાર નિષેધવા લાયક છે. છતાં વ્યવહારનયથી તેને જ્ઞાન કેમ કહ્યું ? જીવને શબ્દોનું નિમિત્ત પામીને જો વિચારે કે હું અખંડ જ્ઞાનસ્વભાવી આત્મા છું, ભગવાનની વાણી પર છે ને તેના પ્રત્યે લક્ષ જાય છે તે રાગ છે તે મારૂં સ્વરૂપ નથી. ભગવાનની વાણીથી તથા રાગથી મને જ્ઞાન થતું નથી. મારા જ્ઞાનસ્વભાવી આત્માથી જ્ઞાન થાય છે—એમ પોતાના જ્ઞાનસ્વભાવી આત્માના આશ્રયે સ્વસંવેદન પૂર્વક ભાવશ્રુતજ્ઞાન પ્રગટ કરે છે તો શાસ્ત્ર ભણતરના રાગ સહિતના જ્ઞાનના ઉઘાડને વ્યવહારે જ્ઞાન કહે છે ને તેને નિમિત્તનો ઉપચાર આવે છે. તેનામાં સમ્યગ્જ્ઞાનમાં નિમિત્ત થવાની યોગ્યતા છે માટે વ્યવહાર કહ્યો છે પણ જીવ પોતામાં સમ્યક્જ્ઞાન પ્રગટ ન કરે તો ગમે તેટલો જ્ઞાનનો ઉઘાડ હોય તોપણ તે વ્યવહાર નામ પામતું નથી.

### સમ્યક્જ્ઞાનમાં સર્વજ્ઞ ભગવાનનાં શાસ્ત્રો નિમિત્ત છે; કુદેવાદિના શાસ્ત્રો નિમિત્ત પણ નથી.

અહીં કોઈ પ્રશ્ન કરે કે આચારાંગ આદિ શાસ્ત્રો વર્તમાનમાં મોજૂદ નથી છતાં તેનું નામ કેમ લખ્યું ? સમાધાન :—અભવીજીવ અથવા મિથ્યાદ્રષ્ટિ અગિયાર

અંગનું જ્ઞાન કરે છે તોપણ નિશ્ચય સમ્યક્જ્ઞાન પ્રગટ કરતો નથી તેથી તેનો ઉઘાડ, વ્યવહાર નામ પામતો નથી. તેથી ઉત્કૃષ્ટ દાખલો આપ્યો છે. આચારાંગાદિનો સાર પરંપરા મુનીઓએ રચેલા ચારે અનુયોગના સમયસાર આદિ શાસ્ત્રમાં આવી જાય છે. પણ અહીં તો ખાસ એ બતાવવું છે કે ભગવાનના શ્રીમુખેથી નીકળેલી વાણી તથા તે વાણી સાંભળીને સંતમુનીઓએ બનાવેલાં શાસ્ત્રો જ સમ્યક્જ્ઞાનમાં નિમિત્તપણાની લાયકાત ધરાવે છે. કુદેવ તથા કુગુરૂની વાણી તથા તેમના શાસ્ત્રો નિમિત્ત પણ નથી. એટલે સનાતન જૈનના શાસ્ત્રો સિવાય બીજાનાં શાસ્ત્રો વાંચી સમ્યક્જ્ઞાન પ્રગટે એમ ત્રણકાળમાં બનતું નથી. તેવા જીવનો વ્યવહાર પણ ખોટો છે. સર્વજ્ઞના શાસ્ત્ર પ્રથમ જ્ઞાની પાસે સાંભળવા જોઈએ. અહીં તો એમ કહેવું છે કે સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રોનું ભણતર પુણ્યબંધનું કારણ છે. તે રાગસહિત હોવાથી નિષેધવા લાયક છે. જીવ જો રાગ રહિત સ્વ-સંવેદન પ્રગટ કરે તો તેને વ્યવહારે જ્ઞાનમાં નિમિત્ત કહેવાય છે.

## (૨) વ્યવહારનય સર્વજ્ઞે કહેલાં નવતત્ત્વોની રાગવાળી શ્રદ્ધાને દર્શન કહે છે; કારણ કે તે નિશ્ચયસમ્યગ્દર્શનનું નિમિત્ત છે

જીવાદિ નવ પદાર્થો દર્શન છે. કારણ કે તે (નવપદાર્થો) દર્શનનો આશ્રય છે. જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ તે જીવ છે, જેમાં જ્ઞાન નથી તે અજીવ છે. સ્વભાવનો આશ્રય ચૂકી પરલક્ષે દયાદાનના શુભભાવ કરવા તે પુણ્ય છે, હિંસા, જૂઠું, ચોરીના અશુભભાવ કરવા તે પાપ છે. બંને આસ્રવ ને બંધનું કારણ છે. સ્વભાવના આશ્રયે સંવર નિર્જરા થાય છે ને પરિપૂર્ણ શુદ્ધતા થતાં મોક્ષ થાય છે. જીવ અજીવનું કંઈ કરે નહિ, અજીવ જીવનું કંઈ કરે નહિ. પરને લીધે પુણ્યપાપ થાય નહિ. વળી પુણ્ય તે બંધ છે. સંવરનું કારણ નથી. સંવર નિર્જરા પોતાના આત્માના આશ્રયે થાય છે. વિગેરે નવતત્ત્વો સ્વતંત્ર જેમ છે તેમ રાગસહિત માનવા તે વ્યવહાર—સમ્યગ્દર્શન છે. તે રાગ છે; પુણ્યબંધનો હેતુ છે. આમ નવતત્ત્વોને રાગસહિત યથાર્થ જાણ્યા પછી રાગરહિત પોતાના શુદ્ધચૈતન્ય સ્વભાવને શ્રદ્ધામાં લ્યે ને નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કરે, તો નવ તત્ત્વની રાગસહિતની શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. જો નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ ન કરે તો નવતત્ત્વની શ્રદ્ધા વ્યવહાર નામ પણ પામતી નથી. નવતત્ત્વની શ્રદ્ધામાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આવી જાય છે. નવતત્ત્વની રાગવાળી શ્રદ્ધા વ્યવહાર છે, તે પુણ્યબંધનું કારણ છે એમ સમજી તે રાગનો નિષેધ કરે ને અખંડસ્વભાવ શ્રદ્ધામાં લ્યે તો નવતત્ત્વની શ્રદ્ધાને વ્યવહાર કહે છે. નવતત્ત્વની શ્રદ્ધા તે જ્ઞાનાવરણીયનો

ક્ષયોપશમ ભાવ છે. નવતત્ત્વની રાગસહિત શ્રદ્ધા તે પુણ્યબંધનું કારણ છે ને નિશ્ચયસમ્યગ્દર્શનનું નિમિત્ત છે.

## નવતત્ત્વોને નહિ માનનાર તથા વિપરીત માનનારની શ્રદ્ધા તો સમ્યગ્દર્શનમાં નિમિત્ત પણ નથી

જે જીવ સર્વજ્ઞે કહેલાં નવતત્ત્વો જ માનતા નથી ને બધા થઈને એક તત્ત્વ માને અથવા એમાંનું એક તત્ત્વ ન માને, તો તેનો વ્યવહાર તો સાચો નથી પણ જૈનમાં આવીને નવતત્ત્વોને સ્વતંત્ર પૃથક્ ન માને ને કર્મ જીવને હેરાન કરે, કર્મથી વિકાર થાય, જીવથી શરીર ચાલે, પુણ્યને નિર્જરાનું કારણ માને વિગેરે પ્રકારે નવતત્ત્વોને પરાધીન માને, તેનો વ્યવહાર પણ સાચો નથી. અહીં તો નવતત્ત્વોને સ્વતંત્ર માને છે, તે રાગવાળી શ્રદ્ધા પુણ્યબંધનું કારણ છે ને નિશ્ચય સમ્યગ્દર્શનમાં નિમિત્ત છે. જે નવતત્ત્વો ન માને, વિપરીત માને અથવા પરાધીન માને તેની શ્રદ્ધામાં નિમિત્તપણાની પણ લાયકાત નથી.

## (૩) વ્યવહારનય છ કાયના જીવોની દયાના ભાવને ચારિત્ર કહે છે કારણ કે તે નિશ્ચયચારિત્રમાં નિમિત્ત છે

''છ જીવનિકાય ચારિત્ર છે; કારણ કે તે (છ જીવનિકાય) ચારિત્રનો આશ્રય છે. એ પ્રમાણે વ્યવહાર છે.''

સર્વજ્ઞ ભગવાને પોતાના જ્ઞાનમાં છકાયના જીવો જોયા છે. પૃથ્વીકાય, અપકાય, તેજકાય, વાયુકાય, વનસ્પતિકાય ને ત્રસકાય એમ છકાયના જીવો છે. ત્રસની અંદર બે ઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના બધા જીવો—મનુષ્ય, તિર્યંચ, દેવ, નારકી આવી જાય છે. છકાયના જીવોની રક્ષા માટે અનુકંપાનો ભાવ થવો, પાંચ મહાવ્રતાદિના પરિણામ શુભભાવ છે. પુણ્યબંધનું કારણ છે. તેનો નિષેધ કરી, સ્વરૂપમાં ઠરી ચારિત્ર પ્રગટ કરે તો તે ચારિત્રમાં નિમિત્ત થાય છે તેથી વ્યવહારનય તેને ચારિત્ર કહે છે. અહીં ઉત્કૃષ્ટ દયાના ભાવને નિમિત્ત તરીકે લીધો છે. શ્રાવકને ત્રસજીવની દયાનો ભાવ હોય, ગૃહસ્થની ભૂમિકાને લીધે એકેન્દ્રિયની દયા પાળી શકતો નથી. પણ મુની તો સર્વસંગ પરિત્યાગી છે તેથી તેમને મહાવ્રત હોય છે. મુનિ જોઈને ચાલે છે કે જેથી કોઈ લીલોતરીનો જીવ પણ હણાય નહિ, વિગેરે ઘણા પ્રકારે છ કાયની દયાનો ભાવ રાખે છતાં મુનિ સમજે છે કે તે દયાના ભાવથી જીવ બચી જાય છે—એમ નથી. તે તો તેના કારણે જીવી રહ્યા છે. એક

બટાટાની કટકીમાં અસંખ્ય શરીરો ને એક શરીરમાં અનંતા નિગોદના જીવો છે ને તે જીવો સિદ્ધના જેવા પરિપૂર્ણ શક્તિએ છે. આમ સાચી સમજણ હોય છે ને શુભરાગની ભૂમિકા વખતે દયાના ભાવને તે નિષેધવા લાયક સમજે છે. કારણ કે તે પુણ્યબંધનું કારણ છે. શુદ્ધતાનું કારણ નથી. તે રાગ જગતના પ્રાણીને ખાતે જાય છે. તે રાગ મારા સ્વરૂપને મદદગાર નથી એમ સમજી દયાના રાગનો નિષેધ કરી, પોતાના સ્વરૂપમાં ઠરે છે ને ચારિત્ર પ્રગટ કરે છે, તો છકાયની દયાના ભાવને નિમિત્ત કહે છે. વ્યવહારનયથી તેને ચારિત્ર કહે છે.

જે છકાયના જીવોને ન માને અથવા શુભભાવથી સામો જીવ બચે છે એમ માને અથવા દયાના ભાવથી ધર્મ થશે એમ માને, તે જીવનો વ્યવહાર પણ સાચો નથી; તેનો શુભભાવ ચારિત્રમાં નિમિત્ત પણ નથી.

જે જીવ આ જગતમાં છકાયના જીવો છે તથા તે દરેક શક્તિએ સિદ્ધ સમાન છે એમ જે વ્યવહારે પણ માનતો નથી, તેનો વ્યવહાર પણ ખોટો છે. વળી જૈનમાં આવી છકાયના જીવને માનવા છતાં મારા શુભભાવથી આ જીવ બચી ગયો, એમ માને છે અથવા તે શુભભાવથી મને ધર્મમાં મદદ થશે, એમ માને તો તેવી માન્યતાવાળા જીવનો વ્યવહાર ખોટો છે. અહીં તો છકાયના જીવો છે એમ માને, શક્તિએ પરિપૂર્ણ પ્રભુ છે એમ માને તેમ જ પોતાની દયાના ભાવથી એ બચતા નથી, તે તો તેના કારણે બચે છે છતાં સ્વરૂપમાં ઠરી ન શકે ત્યાંસુધી દયાનો ભાવ આવે ને દયાના ભાવને ધર્મનું કારણ ન માને, તેવા જીવનો દયાનો ભાવ વ્યવહાર છે. તે પુણ્યબંધનું કારણ છે, નિષેધવા યોગ્ય છે. તે નિષેધીને સ્વરૂપમાં ઠરે છે તો છકાયના જીવની દયાને વ્યવહાર ચારિત્ર કહે છે કારણ કે તે નિશ્ચય ચારિત્રમાં નિમિત્ત છે.

## (૧) "શુદ્ધ આત્માના આશ્રયે સમ્યક્જ્ઞાન છે."

હવે નિશ્ચયનયની વાત કરે છે. અહીં નયની વાત કરી હોવાથી પ્રથમ જ્ઞાનની વાત કર્યા પછી દર્શન ને ચારિત્રની વાત કરે છે. શુદ્ધ આત્મા જ્ઞાન છે. કારણ કે તે (શુદ્ધઆત્મા) જ્ઞાનનો આશ્રય છે. આત્મા અનંત ગુણોનો પિંડ નિર્વિકલ્પ શાંત સ્વરૂપ છે. તેના આશ્રયે થયેલું જ્ઞાન, તે સમ્યક્જ્ઞાન છે. આચારાંગાદિ શાસ્ત્રોનો કહેવાનો ભાવ પણ એ જ હતો કે શુદ્ધ સ્વભાવના આશ્રયે સમ્યક્જ્ઞાન પ્રગટ થાય છે. માટે સમ્યક્જ્ઞાનનું નિશ્ચયકારણ શુદ્ધ આત્મા જ છે. તેથી શુદ્ધ આત્મા જ્ઞાન છે એમ અભેદથી વર્ણન કર્યું છે.

## (૨) શુદ્ધ આત્માના આશ્રયે સમ્યગ્દર્શન છે.

શુદ્ધ આત્મા દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે. પરની અપેક્ષા વિનાના રાગરહિત શુદ્ધ આત્માના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટે છે. નવતત્ત્વની વ્યવહાર શ્રદ્ધા, નિશ્ચય સમ્યગ્દર્શનનો આધાર નથી. રાગવાળી શ્રદ્ધાથી સમ્યગ્દર્શન થતું નથી પણ અજ્ઞાનીજીવો વ્યવહારનયની વાત આવે ત્યાં તેને નિશ્ચયની વાત માની લ્યે છે. બનારસીદાસે કહ્યું છે : ''બે નયના ઝઘડે જગત ભરમાયો.'' અજ્ઞાનીજીવો નયનું સ્વરૂપ સમજે નહિ તેથી ભરમાય છે. સમ્યગ્દર્શનનું કારણ રાગવાળી શ્રદ્ધા નથી પણ શુદ્ધ આત્મા જ કારણ છે.

## (૩-૪-૫-૬) શુદ્ધ આત્માના આશ્રયે ચારિત્ર, પ્રત્યાખ્યાન, સંવર ને યોગ છે.

શુદ્ધ આત્મા ચારિત્ર છે કારણ કે તે ચારિત્રનો આશ્રય છે. રાગરહિત જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમાં રમવું તે ચારિત્ર છે. ચારિત્રનું કારણ છકાયની દયા નથી કારણ કે તે રાગ છે. રાગથી વીતરાગતા પ્રગટે નહિ. ત્રિકાળી શુદ્ધ સ્વભાવના આશ્રયે ચારિત્ર પ્રગટે છે.

શુદ્ધ આત્મા પ્રત્યાખ્યાન છે કારણ કે શુદ્ધ આત્માના આશ્રયે પ્રત્યાખ્યાન હોય છે. વ્યવહાર પ્રત્યાખ્યાનનો વિકલ્પ ઊઠે છે તેમાં પરનો આશ્રય છે, તેને લીધે પ્રત્યાખ્યાન નથી. પણ શુદ્ધસ્વભાવના લક્ષે પ્રત્યાખ્યાન પ્રગટે છે તો વ્યવહાર પ્રત્યાખ્યાનને નિમિત્ત કહેવાય છે માટે પ્રત્યાખ્યાનનું ખરૂં કારણ શુધ્ધ આત્મા છે.

શુદ્ધઆત્મા સંવર છે. કારણ કે શુદ્ધ આત્માના આશ્રયે સંવર પ્રગટે છે. અશુભ આસ્રવ છૂટી શુભ આસ્રવ થાય છે, તે સંવર નથી. પણ શુદ્ધના લક્ષે સંવર પ્રગટે છે ત્યારે શુભ આસ્રવને નિમિત્ત કહેવાય છે. સંવરનું ખરું કારણ શુદ્ધ આત્મા છે.

શુદ્ધ આત્મા યોગ છે. કારણ કે શુદ્ધ આત્માના આશ્રયે ધ્યાન ને સમાધિ થાય છે. પુણ્યપાપ રહિત સ્વભાવમાં એકાગ્રતા તે ધ્યાન છે. ધ્યાનનો વિકલ્પ ઉઠે તે ધ્યાન નથી ને રાગના લક્ષે ધ્યાન થતું નથી. પણ સ્વભાવના લક્ષે ધ્યાન ને સમાધિ થાય છે. માટે યોગનું કારણ શુદ્ધ આત્મા છે. આ પ્રમાણે નિશ્ચયનું સ્વરૂપ કહ્યું.

## "આચારાંગાદિ વિગેરેના આધારે સમ્યક્જ્ઞાન આદિ માનવામાં દોષ આવે છે; માટે વ્યવહાર નિષેધ કરવા જેવો છે."

અહીં કોઈ પૂછે કે નવતત્ત્વ આદિને જાણતો હોય પછી સમ્યગ્દર્શન પ્રગટે છે માટે વ્યવહાર પ્રથમ હોવો જોઈએ ને પછી નિશ્ચય પ્રગટે ને? **સમાધાન :**—જો જીવ પોતામાં નિશ્ચય પ્રગટ કરે તો નવતત્ત્વની શ્રદ્ધા વિગેરેને વ્યવહાર નામ અપાય છે નહિતર નામ પામતું નથી; તે નિશ્ચય પ્રગટે છે ત્યારે વ્યવહાર હોય છે. બંને એકીસાથે છે. નિશ્ચય પ્રગટ્યા વિના વ્યવહાર નામ આપતો નથી. વ્યવહારના લક્ષે નિશ્ચય પ્રગટતો નથી તેથી વ્યવહાર નિષેધવા લાયક છે. આચારઅંગાદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક છે. વ્યભિચારયુક્ત છે. દોષિત છે.

(૧) આચારાંગાદિ શાસ્ત્રના જ્ઞાનનો ઉઘાડ હોવા છતાં શુદ્ધસ્વભાવનો આશ્રય ન હોય તો સમ્યક્જ્ઞાન પ્રગટ થતું નથી માટે શાસ્ત્રજ્ઞાનના આશ્રયે સમ્યક્જ્ઞાન પ્રગટ થાય છે, એમ માનવામાં દોષ આવે છે.

(૨) નવતત્ત્વની રાગવાળી શ્રદ્ધા યથાર્થ હોવા છતાં શુદ્ધસ્વભાવનો આશ્રય ન હોય તો સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી. માટે નવતત્ત્વની રાગવાળી શ્રદ્ધાના આધારે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, એમ માનવામાં દોષ આવે છે.

(૩) છકાયની દયા ઘણી પાળે, જીવોની જતના બરાબર કરે છતાં શુદ્ધ સ્વભાવનો આશ્રય ન હોય તો ચારિત્ર પ્રગટતું નથી. માટે છકાયની દયાના શુભરાગના આધારે સમ્યક્ચારિત્ર પ્રગટ થાય છે, એમ માનવામાં દોષ આવે છે.

આ પ્રમાણે આચારાંગાદિનું જ્ઞાન, નવતત્ત્વની રાગવાળી શ્રદ્ધા તથા છકાયની દયાનો ભાવ તે પુણ્યબંધનું કારણ છે, પણ નિશ્ચયરત્નત્રય પ્રગટવાનું કારણ નથી. તેથી તે રાગ નિષેધવા યોગ્ય છે અને તે રાગને વિષય કરવાવાળો વ્યવહારનય પણ નિષેધ કરવા લાયક છે.

## "નિશ્ચયનયનો વિષય શુદ્ધ સ્વભાવ, રાગાદિ (વ્યવહાર)નો નિષેધ કરે છે."

નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે એટલે કે નિષેધ કરનાર છે. નિશ્ચયનય અને તેના વિષયને અભેદ કરીને અહીં એમ કહેવું છે કે શુદ્ધ આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર વ્યવહારનયના વિષયભૂત રાગાદિ પરિણામનો નિષેધ કરે છે એમ કહેવું તે પણ સમજવા માટે છે. નિષેધ કરવા જાય ત્યાં પણ રાગનું ઉત્થાન થાય છે. શુદ્ધસ્વભાવનો આશ્રય કરતાં રાગ ઉત્પન્ન થતો જ નથી એટલે

રાગનો નિષેધ કરે છે, એમ કથન કરવામાં આવે છે. નિશ્ચયનો—શુદ્ધસ્વભાવનો આદર છે ને વ્યવહારનો—રાગનો આદર નથી તેથી વ્યવહારનો નિષેધ થઈ જાય છે.

## "શુદ્ધ આત્માના આધારે સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્ર માનવામાં દોષ નથી."

નિશ્ચયનય વ્યવહારનો પ્રતિષેધક છે કારણ કે શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે એટલે દોષરહિત છે. શુદ્ધ આત્માને સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રનો આધાર માનવામાં દોષ નથી. કારણ કે શુદ્ધ આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાથી સમ્યગ્દર્શન-જ્ઞાનને ચારિત્ર પ્રગટ થાય છે, તે પ્રગટ ન થાય એમ કદી બને નહિ. આત્મા પરથી જુદો છે ને રાગરહિત છે, એમ પોતાના આત્માના શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન કરે તો નિર્મળતા જરૂર પ્રગટ થાય છે. માટે સમ્યગ્દર્શનાદિને શુદ્ધ આત્માનો આધાર છે—એમ માનવામાં વ્યભિચાર–દોષ નથી.

## "આચારાંગાદિ શબ્દશ્રુતના આધારે સમ્યક્જ્ઞાન પ્રગટતું નથી."

આ વાત હેતુ સહિત સમજાવવામાં આવે છે :—આચારાંગ આદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી. મિથ્યાદ્રષ્ટિ ભવી અથવા અભવી ૧૧ અંગનું જ્ઞાન કરે છે. શાસ્ત્રનું ભણતર કરે છે. આ શાસ્ત્રમાં આ લખ્યું છે ને આમાં આમ લખ્યું છે એમ ચર્ચા કરે પણ પોતાના શુદ્ધ આત્માનો આશ્રય નથી તેથી તેને સમ્યક્જ્ઞાન થતું નથી. એકાંતે શબ્દ વાપરેલ છે. એનો અર્થ એમ છે કે શાસ્ત્રનું જ્ઞાન હોય માટે સમ્યક્દર્શન થાય જ, એમ કાંઈ નથી. મિથ્યાદ્રષ્ટિ જીવ પોતાના આત્માનો આશ્રય કરતો નથી માટે સમ્યક્જ્ઞાન થતું નથી. તેથી શાસ્ત્ર ભણતર જ્ઞાનમાં નિમિત્ત પણ કહેવાતું નથી. જે સાચા શાસ્ત્રનું ભણતર કરતો નથી તે તો ઘણો દૂર છે. તેની અત્રે વાત નથી. શાસ્ત્રનું ભણતર તો વ્યવહાર છે. જો વ્યવહારની હયાતિ નિશ્ચયને પ્રગટ કરી દેતી હોય તો આવો વ્યવહાર અનંતીવાર કર્યો છે, એટલે કે વ્યવહાર તો અનાદિનો છે. નવું શું કર્યું ? સર્વજ્ઞ ભગવાનના શ્રીમુખેથી રાગરહિત વાણી નીકળી, મિથ્યાદ્રષ્ટિ જીવે સાંભળી, જ્ઞાનમાં ધારી રાખી તથા આગમોનું ભણતર કર્યું પણ આત્માનો આશ્રય કર્યો નહિ. તેથી સમ્યક્જ્ઞાન થયું નહિ.

## (૨) નવતત્ત્વની રાગવાળી શ્રદ્ધાના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી.

વળી નવતત્ત્વની રાગવાળી શ્રદ્ધા સમ્યગ્દર્શનનું કારણ નથી. કારણ કે તેના સદ્‌ભાવમાં પણ મિથ્યાદ્રષ્ટિ ભવી તથા અભવી જીવોને શુદ્ધ આત્માનો આશ્રય નથી. તેથી સમ્યગ્દર્શન થતું નથી. પોતે સમ્યગ્દર્શન પ્રગટ કરે ત્યારે રાગવાળી શ્રદ્ધાને નિમિત્ત કહેવાય છે, પણ તેનાથી નિશ્ચય સમ્યગ્દર્શન થતું નથી. કેટલાક લોકો કહે છે કે વ્યવહાર શુદ્ધિથી નિશ્ચયશુદ્ધિ થાય છે પણ એ વાત ખોટી છે.

## (૩) છકાયના જીવની દયાના ભાવને આધારે નિશ્ચયચારિત્ર પ્રગટતું નથી.

છજીવનીકાયની રક્ષાના આશ્રયે ચારિત્ર નથી. કારણ કે તેના સદ્‌ભાવમાં પણ મિથ્યાદ્રષ્ટિ જીવને ચારિત્ર હોતું નથી. અત્યારે જ્યાં જુઓ ત્યાં બાહ્ય વ્રતાદિનું પાલન કરવાનું કહે છે. મિથ્યાદ્રષ્ટિ જીવ મુનિ થાય, છકાયના જીવોની રક્ષા કરે ને મહાવ્રતાદિનું પાલન કરે છતાં રાગરહિત પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ છે તેનું ભાન નથી, તેથી તેને ચારિત્ર નથી. એથી છકાયની રક્ષાનો ભાવ હોય તેથી ચારિત્ર હોય જ—એવો નિયમ નથી. અત્યારે લોકો કહે છે કે આપણે જીવવું હોય તો બીજાને જીવવા દો ને રક્ષા કરો. જીવવું કોને કહે છે ? શરીરનું જીવવું તેને જીવવું કહે છે ને ? શરીરનું ટકવું તે પરની દયાને આધીન નથી તેમ જ પોતાને આધીન પણ નથી. શરીરના જીવતરથી પોતે જીવે છે એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે. આત્મા પોતાના શુદ્ધ ચૈતન્ય પ્રાણથી જીવે છે. પણ અજ્ઞાનીને શુદ્ધચૈતન્યનો આશ્રય નથી તેથી ચારિત્રદશા થતી નથી.

આ પ્રમાણે અજ્ઞાની જીવને વ્યવહાર શ્રદ્ધા—જ્ઞાન ને ચારિત્ર હોવા છતાં સ્વભાવનો આશ્રય નથી તેથી સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર પ્રગટતા નથી. તેથી વ્યવહારને લીધે નિશ્ચય થાય છે, વ્યવહારને લીધે નિશ્ચય ટકે છે ને વ્યવહારને લીધે નિશ્ચય વધે છે—એ અજ્ઞાનીની વાત ખોટી ઠરે છે. માટે વ્યવહાર નિષેધવા યોગ્ય છે.

*

# પ્રસાદ નં. ૨૯૮

## બંધ અધિકાર

## સમયસાર ગાથા ૨૭૬, ૨૭૭ પર પ્રવચન

*(શ્રાવણ વદ ૮, શુક્રવાર બપોર, ૨૦૦૭)*

આ ગાથા બંધ અધિકારની છે. નિશ્ચયનય અને વ્યવહારનયનું સ્વરૂપ કહે છે.

નિશ્ચયનય નિષેધ કરનાર છે ને વ્યવહારનય નિષેધ્ય છે.

પ્રથમ વ્યવહારની વાત કરી. આચારાંગાદિ શાસ્ત્રનું ભણતર હોવા છતાં શુદ્ધ આત્માનો આશ્રય નથી તો સમ્યગ્જ્ઞાન નથી. નવતત્ત્વની રાગવાળી શ્રદ્ધા હોવા છતાં શુદ્ધ આત્માનો આશ્રય નથી તો સમ્યક્—દર્શન નથી, છકાયની દયાનો ભાવ હોવા છતાં શુદ્ધ આત્માનો આશ્રય નથી તો ચારિત્ર નથી. વ્યવહાર પુણ્યબંધનું કારણ છે પણ અબંધ સ્વભાવનું કારણ નથી માટે વ્યવહાર નિષેધવાયોગ્ય છે. હવે નિશ્ચયની વાત કહે છે.

### ‘‘શાસ્ત્ર ભણતરના વિકલ્પમાં અથવા વિકલ્પના અભાવમાં સમ્યક્જ્ઞાન આત્માના આશ્રયે ટકેલું છે.’’

શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે. કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ જ્ઞાનનો સદ્ભાવ છે.

સમ્યક્જ્ઞાનનું કારણ શુદ્ધ આત્મા જ છે, આચારાંગાદિ શાસ્ત્રના ભણતરનો રાગ હોય અથવા તે તરફનો રાગ ન હોય તો પણ સમ્યગ્જ્ઞાનનું કારણ તો આત્મા જ છે.

અહીં કોઈ પૂછે છે કે જો એમ છે તો પછી શાસ્ત્ર ભણવાનું શું પ્રયોજન છે ? ભાઈ, શબ્દશ્રુતના અસદ્ભાવમાં જે લખ્યું છે તેનો અર્થ એમ નથી કે શાસ્ત્રના જ્ઞાનનો અભાવ હોય ને સમ્યગ્જ્ઞાન થઈ જાય. જેમ કોઈ કહે કે જમ્યાં પછી હાથ ધોવા છે, તો પછી પહેલાં જ હાથ ધુવે તો ? ભાઈ, એમ કરીશ તો ભૂખ્યો રહીશ. તેમ અહીં શાસ્ત્ર તરફના વિકલ્પના અભાવની વાત છે ત્યાં પૂછે છે કે શાસ્ત્ર ન ભણીએ તો ? પ્રથમ સર્વજ્ઞે કહેલાં આચારાંગ આદિ શાસ્ત્રનો પૂરો અભ્યાસ હોવો જોઈએ. અજ્ઞાનીના શાસ્ત્ર જ્ઞાનમાં નિમિત્ત નથી. અહીં તો એમ કહે છે કે સર્વજ્ઞની અથવા મુનિની વાણી અથવા શાસ્ત્ર તરફનો રાગ પણ વ્યવહાર છે. તે વ્યવહારનો પણ નિષેધ થાય છે. અહીં તો એમ કહેવું છે કે સમ્યગ્દ્રષ્ટિ જીવ કદાચિત શાસ્ત્ર

ભણવાના વ્યવહારમાં હોય તો પણ તે વખતે તેનું સમ્યક્જ્ઞાન તે ભણતરના આધારે ટકેલું નથી પણ શુદ્ધ આત્માના આશ્રયે ટકેલું છે ને ભણતરના રાગનો અભાવ થઈ ગયો ને સ્વભાવમાં લીન હોય તો પણ તેનું સમ્યક્જ્ઞાન પોતાના શુદ્ધ આત્માના આશ્રયે ટકેલું છે. એ ઉપરથી નક્કી થાય છે કે (બુદ્ધિપૂર્વકનો) વ્યવહાર હોય અથવા ન પણ હોય છતાં નિશ્ચય સ્વભાવ છે તો સમ્યક્જ્ઞાન ટકે છે. વ્યવહાર છૂટી જવા છતાં પણ સમ્યક્જ્ઞાન ટકે છે પણ જો શુદ્ધ સ્વભાવનો આશ્રય છૂટી જાય ને એકલો વ્યવહાર ટકી જાય તો સમ્યક્જ્ઞાન રહેતું નથી.

શિવભૂતિમુનિને શાસ્ત્ર જ્ઞાન ઘણું ઓછું હતું છતાં તેના આધારે તેમનું સમ્યક્જ્ઞાન ન હતું પણ પોતાના આત્માના આધારે સમ્યગ્જ્ઞાન ટકેલું હતું.

## ‘‘નવ તત્ત્વની રાગવાળી શ્રદ્ધાના વિકલ્પમાં અથવા વિકલ્પના અભાવમાં, સમ્યગ્દર્શન તો શુદ્ધ આત્માના આશ્રયે ટકેલું છે.’’

શુદ્ધ આત્મા જ સમ્યગ્દર્શનનો આશ્રય છે કારણ કે જીવ આદિ નવ પદાર્થોના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ દર્શનનો સદ્ભાવ છે. સમ્યગ્દ્રષ્ટિ જીવ સ્વભાવમાં સ્થિર ન હોય ત્યારે તેને નવતત્ત્વની રાગ સહિતની શ્રદ્ધા હોય છે પણ તે રાગવાળી શ્રદ્ધા સમ્યગ્દર્શન થવાનું અથવા ટકવાનું કારણ નથી. સમ્યગ્દ્રષ્ટિ જીવ નવતત્ત્વની શ્રદ્ધાના વિકલ્પમાં હોય કે તે વિકલ્પનો અભાવ કરી અંતર અનુભવમાં હોય–તે બન્ને વખતે સમ્યગ્દર્શનનો આધાર શુદ્ધ આત્મા છે. રાગરૂપી વ્યવહાર હોય કે ન હોય તો પણ આધાર શુદ્ધ સ્વભાવ છે. નવ પદાર્થના અસદ્ભાવનો અર્થ એમ નથી કે તેવી રાગવાળી શ્રદ્ધા ન કરે તેમ જ નવતત્ત્વોને ન માને તો પણ સમ્યક્દર્શન થઈ જાય, એમ કદી બનતું નથી. તેવા જીવનો તો વ્યવહાર પણ સાચો નથી. વીતરાગે કહેલા નવ તત્ત્વો—જીવને જ્ઞાન સ્વરૂપ માને, અજીવને અજીવ માને, બન્ને સ્વતંત્ર છે. દયાદાનના ભાવ શુભ પુણ્ય છે. હિંસા, જૂઠ, ચોરી પાપ છે, બન્ને આશ્રવ અને બંધ છે, સ્વભાવના લક્ષે સંવર, નિર્જરા પ્રગટ થાય છે ને પરિપૂર્ણ શુદ્ધતા થતાં મોક્ષ થાય છે. આવા નવતત્ત્વો સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી. આમ રાગસહિત માને તે તો વ્યવહાર છે. પુણ્યબંધ છે. તે સમ્યગ્દર્શનનું કારણ નથી. તેવી રાગવાળી શ્રદ્ધા હોય અથવા તે પ્રકારનો રાગ ન હોય— બન્ને વખતે સમ્યગ્દર્શનનો આધાર તો સ્વભાવ જ છે.

## છકાયની દયાના રાગ વખતે અથવા રાગના અભાવ વખતે સમ્યક્ચારિત્ર શુદ્ધઆત્માના આશ્રયે ટકેલું છે

શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે કારણ કે છ જીવનિકાયના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ ચારિત્રનો સદ્ભાવ છે.

છજીવની દયાનો ભાવ અથવા પાંચ મહાવ્રતના પરિણામ શુભ છે. તેના આધારે ચારિત્ર નથી. મુનિને સ્વભાવમાં સ્થિરતા ન હોય ત્યારે દયાદિનો અથવા પાંચ મહાવ્રતના પરિણામનો શુભ ભાવ હોય છે પણ તે શુભરાગના આધારે ચારિત્ર પ્રગટતું નથી, તેમ જ ટકતું નથી. તે પરિણામ હોય ત્યારે પણ ને તે પરિણામ ન હોય એટલે સ્વભાવમાં સ્થિર હોય ત્યારે પણ મુનિનું ચારિત્ર તો શુદ્ધ સ્વભાવના આશ્રયે જ ટકેલું છે. છ જીવની કાયના અસદ્ભાવનો અર્થ દયાના વિકલ્પથી રહિતપણું સમજવું, પણ વ્યવહારે છ કાયની દયાનો ભાવ તથા ૨૮ મૂળગુણ વ્યવહારે બિલકુલ માનતો જ ન હોય ને ચારિત્ર પ્રગટી જાય, તેમ કદી બનતું નથી. તેનો તો વ્યવહાર પણ સાચો નથી. અહીં તો મુનિને યોગ્ય વ્યવહાર છે છતાં તેના આધારે ચારિત્ર નથી, એમ બતાવવું છે. શુદ્ધસ્વભાવના આધારે ચારિત્ર છે.

## “નવતત્ત્વ પરાધીન માને તેનો તો વ્યવહાર જ ખોટો છે.”

વસ્તુસ્વભાવ દ્રષ્ટિ છે છતાં અજ્ઞાની જીવ દલીલ કરે છે કે જો તેમાં છકાયની દયાને માનો છો તો પછી મંદિર બનાવતાં પૃથ્વીકાયના તથા જળના જીવોની હિંસા થાય છે. **સમાધાન :—**ભાઈ, તેમાં ત્રણવાત છે, જડની ક્રિયા જડના કારણે થાય છે ને અશુભથી બચવા શુભ થાય છે તે પુણ્ય છે. તે જડની ક્રિયા ને શુભભાવથી રહિત પોતાનો જ્ઞાનસ્વભાવ જુદો છે એ માન્યતા તે ધર્મ છે. એમ ત્રણ વસ્તુ જાણવી જોઈએ. મંદિર બનાવવામાં તેનો અભિપ્રાય હિંસા કરવાનો નથી, પણ શુભભાવ છે. છતાં શુભનો નિષેધ કરી જ્ઞાન કરે છે તે ધર્મ છે. વળી કોઈ જીવ છરીથી શાક કાપે છે તો ત્યાં છરી તો છરીના કારણે ચાલે છે. વનસ્પતિનો જીવ તેના આયુષ્ય ક્ષયના કારણે મરે છે. પોતાને અશુભ ભાવ છે ને તે અશુભથી છરી ચાલે છે એમ માનનાર પાપતત્ત્વને તથા અજીવતત્ત્વને એક માને છે ને અશુભથી શાકના જીવને હણ્યો—એમ માનનાર પાપ તથા જીવ તત્ત્વને એક માને છે. આમ નવતત્ત્વને પરાધીન માનનારની તો વાત નથી, તેનો તો વ્યવહાર પણ ખોટો છે.

જીવ, અજીવની ક્રિયા કરે—એમ ધર્મી માને નહિ. હું કોઈ જીવને બચાવી શકું નહિ તેમ જ મારી શકું નહિ એમ માને, અશુભને અશુભ માને, શુભને શુભ માને. એક પણ તત્ત્વને પરાધીન માને નહિ. નવતત્ત્વને યથાર્થ માને, છકાયને માને

છતાં તે વ્યવહાર છે. વ્યવહારના આશ્રયે નિશ્ચયની હયાતિ નથી. સ્વભાવના આશ્રયે શાંતિ, ધર્મ ને ચારિત્ર છે. ઉપરના ત્રણ ન્યાયોમાંથી નક્કી થયું કે વ્યવહાર હો અથવા ન હો, તેની સાથે સંબંધ નથી. સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રનો સંબંધ શુદ્ધસ્વભાવ સાથે છે.

**ભાવાર્થ :—**આચારાંગ આદિ શબ્દશ્રુત જાણવું, જીવાદિ નવતત્ત્વનું શ્રદ્ધાન કરવું તથા છકાયના જીવોની રક્ષા—એ સર્વ હોવા છતાં અભવ્યને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી હોતાં. અહીં મુનિની વાત કરી છે. શ્રાવક ને ત્રસની દયાનો ભાવ હોય અને મુનિને નિગોદથી માંડીને પંચેન્દ્રિય સુધીના બધા જીવોની દયાનો ભાવ હોય છે. આવું હોવા છતાં પરમાર્થ દ્રષ્ટિ નથી તેથી સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતાં નથી, તેથી વ્યવહાર નય નિષેધ કરવા યોગ્ય છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે—બધો વ્યવહાર ઊડી જાય છે ? **સમાધાન :—**જેવો વ્યવહાર છે તેવો જણાવાય છે. જેની જેટલી હદ હોય તેટલી બતાવવી જોઈએ. શુદ્ધ આત્મા હોય ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય છે તેથી નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે માટે શુદ્ધનય ઉપાદેય કહ્યો છે. એકવાર હા તો પાડ, વસ્તુસ્થિતિ જ આમ છે. વ્યવહાર ભલે હો, પણ તે આદરવા લાયક નથી. વસ્તુ પોતે પોકારે છે કે મારા પોતાના શરણે ધર્મ છે બીજે નથી. અહીં વ્યવહાર જે આત્માની પોતાની પર્યાય છે તે હોવા છતાં તે પર્યાયને નિશ્ચય પર્યાય આધીન નથી તો પછી પરની પર્યાય તારે આધીન થાય ને તારી પર્યાય પરને આધીન થાય એમ ત્રણ કાળમાં બનતું નથી.

હવે આગળની કથનની સૂચનાનું કાવ્ય કહે છે.

## શ્લોક ૧૭૪

અર્થ :—રાગાદિકને બંધનાં કારણ કહ્યા અને વળી તેમને શુદ્ધ ચૈતન્ય માત્ર જ્યોતિથી (અર્થાત્ આત્માથી) ભિન્ન કહ્યા; ત્યારે તે રાગાદિકનું નિમિત્ત આત્મા છે કે બીજું કોઈ ? એવા શિષ્યના પ્રશ્નથી પ્રેરીત થયા થકા આચાર્ય ભગવાન ફરીને આમ (નીચે પ્રમાણે) કહે છે.

શિષ્ય પ્રશ્ન પૂછે છે. જેણે અભ્યાસ કર્યો હોય, ધારણા કરી હોય તે પૂછે. પણ ધારે નહિ તે પૂછે નહિ. અહીં આચાર્ય ભગવાન જે કહે છે તે શિષ્ય ધારી લ્યે છે. રાગદ્વેષ-દયા-દાન વિગેરેને બંધના કારણ કહ્યા ને વળી તેમને શુદ્ધથી જુદા કહો છો તો પછી રાગનું કારણ આત્મા છે કે બીજું ? એમ પ્રશ્ન પૂછે છે. તેનો આચાર્ય ભગવાન જવાબ આપશે કે વસ્તુ સ્વભાવ બંધનું કારણ નથી પણ પર્યાયબુદ્ધિ જ બંધનું કારણ છે. (ગા. ૨૭૬/૨૭૭)

# <u>પ્રસાદ નં. ૨૯૯</u>

## <u>સમયસાર ગાથા ૨૭૮, ૨૭૯</u>

*(શ્રાવણ વદ ૯, શનિવાર, ૨૦૦૭)*

રાગદ્વેષને બંધના કારણ કહ્યા ને વળી તેમને શુદ્ધ ચૈતન્ય સ્વભાવથી જુદા કહ્યા તો પછી રાગદ્વેષને બંધનું કારણ આત્મા છે કે બીજું કોઈ છે ?

### <u>ગાથા ૨૭૮-૨૭૯</u>

**જ્યમ સ્ફટિકમણી છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને. ૨૭૮.**
**એમ જ્ઞાની પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.**

**<u>અન્વયાર્થ :</u>**—જેમ સ્ફટિકમણિ શુદ્ધ હોવાથી રાગાદિરૂપે (રતાશ આદિરૂપે) પોતાની મેળે પરિણમતો નથી પરંતુ અન્ય રક્ત આદિ દ્રવ્યો વડે તે રક્ત (−રાતો) આદિ કરાય છે. તેમ જ્ઞાની અર્થાત્ આત્મા શુદ્ધ હોવાથી રાગાદિ રૂપે પોતાની મેળે પરિણમતો નથી પરંતુ અન્ય રાગાદિ દોષો વડે તે રાગી આદિ કરાય છે.

## <u>સ્ફટિકમણિનો સ્વભાવ સ્વચ્છ છે પણ લાલ કપડાના નિમિત્તે પોતાની યોગ્યતાથી લાલરૂપે પરિણમે છે.</u>

**<u>ટીકા :</u>**—સ્ફટિકમણિ પોતે પરિણમન સ્વભાવવાળો હોવા છતાં પોતાના ધોળાપણાના સ્વભાવને લીધે પોતાને લાલ આદિ રૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી પોતાની મેળે રાગાદિરૂપ પરિણમતો નથી. સ્ફટિકનો સ્વભાવ તો નિર્મળ ને સ્વચ્છ છે. પોતે એકલો હોય છે ત્યારે લાલ-લીલા આદિ રંગરૂપે પરિણમતો નથી, પરંતુ સ્ફટિક પાસે રંગીન કપડું હોય છે ત્યારે તેના સંબંધમાં પોતાની યોગ્યતાથી વર્તમાન પૂરતો લાલ-લીલો દેખાય છે. કપડાને લીધે સ્ફટિકમાં લાલાશ થઈ નથી. જો કપડાને લીધે લાલાશ થતી હોય તો લાકડા નીચે કપડું રાખવાથી લાકડું પણ લાલાશરૂપે થવું જોઈએ. પણ એમ બનતું નથી. સ્ફટિક પોતાની યોગ્યતાથી લાલાદિરૂપે થાય છે. જેવી રીતે પાણીનો શીતળ સ્વભાવ છે પણ અગ્નિના નિમિત્તે પોતાના કારણે ઉષ્ણરૂપ થાય છે. જો ઉષ્ણતા તેનો ત્રિકાળ સ્વભાવ હોય તો ઉષ્ણતા કદી મટશે નહિ ને અંતર શીતળતા બિલકુલ ન હોય તો

શીતળ થવાનો પ્રસંગ આવે નહિ, માટે પાણી સ્વભાવે શીતળ છે પણ વર્તમાન પોતાની યોગ્યતાથી ઉષ્ણ થયેલ છે.

## "તેમ આત્માનો સ્વભાવ શુદ્ધ છે પણ પરદ્રવ્યોના નિમિત્તે પોતાની યોગ્યતાથી રાગરૂપે પરિણમે છે."

તેવી રીતે ખરેખર એકલો આત્મા પોતે પરિણમન સ્વભાવવાળો હોવા છતાં પોતાના શુદ્ધ સ્વભાવપણાને લીધે પોતે પોતાને રાગનું નિમિત્ત નથી. તેથી પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી. આત્મા પહેલાં ન હતો ને પછી નવો થયો એમ નથી. આત્મા કાયમ રહેનારો ને પર્યાયે પલટતો પદાર્થ છે. પલટતો હોવા છતાં પરના નિમિત્ત વિના અશુદ્ધરૂપે થતો નથી. શુદ્ધ રહે છે પણ પરનું નિમિત્ત પામીને પોતાની યોગ્યતાના કારણે અશુદ્ધ થાય છે.

(૧) આત્માની અંદર વિકાર થાય છે, તે પર પદાર્થને લીધે થતો નથી. પરને લીધે વિકાર થતો હોય તો પર પદાર્થો સદાય છે તો વિકાર સદાય થવો જોઈએ ને નિર્વિકારી દશા થઈ શકે જ નહિ.

(૨) વળી વિકાર પોતાનો સ્વભાવ હોય તો પણ સદાય વિકારી રહે ને નિર્વિકારી થઈ શકે નહિ.

(૩) જીવને વિકાર પરના નિમિત્ત વિના જ થાય તો પણ વિકાર પોતાનો સ્વભાવ થઈ જાય.

(૪) જીવ પરલક્ષે પોતાની યોગ્યતાથી વર્તમાનમાં વિકાર કરે છે પણ વિકાર પોતાનો ત્રિકાળી સ્વભાવ નથી. પોતાનો શુદ્ધ સ્વભાવ તો અવિકારી શાંત છે.

જેવી રીતે દૂધમાં છાશ નાખવાથી દૂધ પોતાના કારણે દહીં રૂપે થાય છે. છાશના કારણે દહીં થતું હોય તો છાશ પાણીમાં નાખવાથી પાણી પણ દહીંરૂપ થવું જોઈએ, પણ એમ બનતું નથી. દૂધ પોતાની યોગ્યતાથી દહીં રૂપ પરિણમે છે તો છાશને નિમિત્ત કહેવાય છે; તેમ આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ ચૂકીને પરમાં અટકી રાગદ્વેષ કરે છે તો પર પદાર્થને નિમિત્ત કહેવાય છે. પોતે વિકાર ન કરે તો નિમિત્ત કહેવાતું નથી. આત્માની અંતરચીજમાં આ દુઃખ નથી. દુઃખ તો વિકૃતભાવ છે. તે આત્માનું કાયમનું સ્વરૂપ નથી.

(૧) આત્મા એકાંત કૂટસ્થ હોય તો સુખ-દુઃખ હોઈ શકે નહિ.

(૨) આત્મા એકાંત ક્ષણિક પલટતો હોય તો વર્તમાન દુઃખ ટાળી અનુભવ કરનારો બીજો થઈ જાય ને તો બે પર્યાયની સંધિ રહેતી નથી.

આત્મા નિત્ય ટકતો ને પરિણામી બદલતો પદાર્થ છે, જેમ પાણીનો પાણીરૂપ રહીને તરંગ ઊઠવાનો સ્વભાવ છે તેમ આત્મા પોતે ધ્રુવ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે. તે પોતે કાયમ રહીને નવી અવસ્થારૂપ ઊપજે છે ને જૂની અવસ્થારૂપે નાશ પામે છે. આત્માનું કાયમનું સ્વરૂપ તો શુદ્ધ ચિદાનંદ કંદ છે. જગતના પદાર્થો દ્રશ્ય છે ને પોતે દ્રષ્ટા છે. જગતના પદાર્થો જ્ઞેય છે ને પોતે જ્ઞાતા છે. પોતાનો મૂળ સ્વભાવ જ્ઞાતાદ્રષ્ટાપણે શુદ્ધ રહેવું તે જ છે. શુભાશુભ ભાવ વિકાર છે, બન્ને લાગણીઓ છે. વિકાર છે તે આત્માનું ખરું સ્વરૂપ નથી. જો વિકાર આત્માનું ખરું સ્વરૂપ હોય તો આત્મા સદાય વિકારરૂપ રહ્યા જ કરે ને સ્વભાવ જો વિકારનું કારણ હોય તો પણ સદાય વિકાર થયા જ કરે. તેથી આત્માનો મૂળ સ્વભાવ વિકારરૂપે થવાનો નથી. જીવ અંતર્દૃષ્ટિ કરે ને વિકાર થાય તેમ બને નહિ. વર્તમાન વિકાર ઓછો વત્તો દેખાય છે. જો તે કાયમનો સ્વભાવ હોય તો વિકાર ઘટાડી શકાય નહિ. માટે વિકાર સ્વભાવના લક્ષે થતો નથી પણ નિમિત્તના સંગે પોતાની વર્તમાન યોગ્યતાથી ઊભો કરેલો ઉપાધિભાવ છે એટલે આત્માનો શુદ્ધ સ્વભાવ વિકારનું કારણ નથી, એમ અત્રે બતાવવું છે.

## “જીવ પોતાના સ્વભાવને ચૂકીને રાગદ્વેષરૂપે પરિણમે છે તો પરદ્રવ્ય વડે રાગરૂપે પરિણમાવાય છે એમ કહેવામાં આવે છે.”

જગતના જીવોને વસ્તુસ્વરૂપનું ભાન નથી તેથી, અજ્ઞાનને ભ્રમણામાં રહે છે. ભગવાન કહે છે કે હે પ્રભુ ! મને તારજો. તેમાં પોતે યથાર્થ સમજી ઉપચાર કરે તો તો ઠીક પણ સમજ્યા વિના એકલા પ્રભુ ઉપર નાખી દે ને તેના ઉપર આધાર રાખે કે પ્રભુ તારશે ત્યારે તરીશું, તેનો અર્થ એમ થયો કે અત્યાર સુધી ભગવાને ડુબાડ્યો. આમ ભગવાનને અવ્યક્તપણે દોષ આપી રહ્યો છે. ભાઈ, તારી ભૂલને કારણે ડૂબ્યો છે ને તારી ભૂલને ભાંગે તો તરે એવો છો; કોઈ તારી દે તેમ નથી. કોઈપણ બીજી ચીજ તને વિકાર કરાવતું નથી. અહીં ટીકામાં પાઠ છે કે આત્માના રાગાદિનું નિમિત્તરૂપ પરિણમાવાય છે. આ ટીકામાં પરદ્રવ્ય વડે જ રાગાદિરૂપે પરિણમાવાય છે એમ લખેલ છે તેનો અર્થ :—પરદ્રવ્ય વડે રાગરૂપે પરિણમે છે એમ ક્યારે કહેવાય ? પોતાના શુદ્ધ સ્વભાવને ચૂકે તો પરદ્રવ્ય ઉપર આરોપ આવે છે. પોતાના શુદ્ધસ્વભાવમાં રાગદ્વેષ નથી, તેમજ પરદ્રવ્ય રાગદ્વેષ કરાવતું નથી.

## "શુદ્ધસ્વભાવ બંધનું કારણ નથી, પર્યાય બુદ્ધિ બંધનું કારણ છે."

જ્ઞાનસ્વભાવ પોતે શુદ્ધ જ છે પણ પરના સંયોગે પોતાના કારણે રાગદ્વેષ રૂપે પરિણમે છે પણ તે તેનો મૂળ સ્વભાવ નથી. પોતે પરાલંબી દ્રષ્ટિ કરે છે તો વિકારરૂપે પરિણમે છે. પોતે પોતાના જ્ઞાતા સ્વભાવમાં રહેવું જોઈએ, તેમાંથી ચ્યુત થાય છે ને રાગરૂપે પરિણમે છે. લોઢાનો સળિયો અગ્નિના સંયોગે આખો ગરમ થાય છે, તે અગ્નિના કારણે ગરમ થતો નથી. જો અગ્નિના કારણે ગરમ થતો હોય તો લાકડું અગ્નિના સંયોગમાં આવતા આખું ગરમ થવું જોઈએ પણ તે આખું ગરમ થતું નથી. કારણ કે તે પ્રકારની તેનામાં યોગ્યતા નથી. અગ્નિ એક જ નિમિત્ત હોવા છતાં લોઢા તથા લાકડામાં જુદી જુદી જાતની યોગ્યતા રહી હોવાથી લોઢું આખું ગરમ થાય છે ને લાકડું આખું ગરમ થતું નથી, તે ઉપરથી નક્કી થાય છે કે પરદ્રવ્ય કાંઈપણ કરતું નથી. તેમ અહીં આત્મા પોતાનો જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ ચૂકે છે તો વિકાર થાય છે ને ત્યારે પરદ્રવ્ય કર્મ અથવા બીજી ચીજ વડે વિકાર થયો એમ કથન કરવામાં આવે છે. પોતે રાગાદિરૂપે ન પરિણમે તો તે આરોપ અપાતો નથી.

અહીં બંધ અધિકાર છે તેથી બતાવવું છે કે અજ્ઞાની જીવને બંધ થાય છે, તે તેની પર્યાયબુદ્ધિ–સંયોગબુદ્ધિથી થાય છે પણ સ્વભાવ બુદ્ધિથી થતો નથી. સ્વભાવ બંધનું કારણ નથી પણ જીવની કર્મ ઉપર દ્રષ્ટિ, આ નિમિત્ત હોય તો ઠીક ને પુણ્ય હોય તો ધર્મ થાય–એવી પર્યાય ઉપરની દ્રષ્ટિ જ બંધનું કારણ છે એમ બતાવવું છે ને તે પર્યાયબુદ્ધિ પર લક્ષે હોય છે તેથી પરદ્રવ્ય વડે બંધ થાય છે એમ કથન કરવામાં આવ્યું છે. તારો શુદ્ધ સ્વભાવ બંધનું કારણ નથી એમ વસ્તુનો સ્વભાવ બતાવે છે.

# પ્રસાદ નં. ૩૦૦

## સમયસાર ગાથા ૨૭૯ ભાવાર્થ

*(શ્રાવણ વદ ૧૦, રવિવાર, ૨૦૦૭)*

## "વિકાર જડ છે એ કથન દ્રવ્યદ્રષ્ટિ કરાવવા ને શુદ્ધ સ્વભાવનું ભાન કરાવવા માટે છે."

આત્માનું સ્વરૂપ તો શુદ્ધ નિર્મળ છે. વિકાર આત્માનું સ્વરૂપ નથી ને જો વિકાર આત્માથી જુદો છે એમ કહો તો વિકાર આત્માને કેમ નુકશાન કરે? ને રાગાદિનું નિમિત્ત આત્મા છે કે બીજું કાંઈ ? એમ શિષ્યે પ્રશ્ન કરેલો હતો તેના ઉત્તરમાં આ ગાથા છે.

વિકાર આત્માનું સ્વરૂપ નથી એમ જે કથન આવે તે દ્રવ્યદ્રષ્ટિનું જોર બતાવવા અને શુદ્ધ ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા કરાવવા કહ્યું છે. ગમે તેટલો વિકાર કર્યો હોય તો પણ તે તારા શુદ્ધ સ્વભાવમાં પેઠો નથી માટે વિકાર ઉપરની દ્રષ્ટિ છોડ ને શુદ્ધ સ્વભાવની દ્રષ્ટિ કર, એમ કહેવાનો ભાવ છે. વળી શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાંથી વિકાર નીકળી જાય છે માટે વિકારને જડ કહી દીધો છે. પણ તે કોને માટે ? જેણે પ્રથમ નક્કી કરેલ છે કે વિકાર પર પદાર્થ અથવા કર્મ કરાવતા નથી. હું મારો જ્ઞાન સ્વભાવ ચૂકીને પર લક્ષ કરું છું તો થાય છે, એમ જે જીવ પર્યાયની સ્વતંત્રતા સમજે, તેને માટે છે. પણ જે જીવ વિકાર પરને લીધે માને તેને માટે આ વાત નથી. પરને લીધે વિકાર હોય તો વિકાર ટાળવાનો પ્રસંગ રહેતો નથી.

## "સ્ફટિકમાં લાલાશરૂપી ઝાંઈની નૈમિતિકપર્યાય પોતાના કારણે પ્રગટે છે તો લાલ કપડાને નિમિત્ત કહેવાય છે."

**ભાવાર્થ :—**સ્ફટિકમણિ પોતે તો કેવળ એકાકાર સ્વચ્છ જ છે; તેના પરમાણું કાયમ રહીને અવસ્થામાં બદલવાના સ્વભાવવાળો તે છે એવું પરિણમન સ્વભાવ હોવા છતાં એકલો પોતાની મેળે લાલાશ આદિરૂપે પરિણમતો નથી. લાલ કપડાના નિમિત્તના સંયોગમાં આવતાં પોતાની યોગ્યતાના કારણે લાલરૂપે પરિણમે છે. કપડાને લીધે લાલાશરૂપ થતો નથી. કપડાને લીધે હોય તો લાકડું લાલ થવું જોઈએ, પણ તેમ થતું નથી. પણ સ્ફટિકમણિમાં તેટલા સમય પૂરતી લાલાશરૂપે થવાની નૈમિત્તિકતા છે તો કપડાને નિમિત્ત કહેવામાં આવે છે. નૈમિત્તિકતા છે તો નિમિત્ત ઉપર આરોપ આવે છે. નિમિત્ત કોનું ? નૈમિત્તિક પર્યાય

પ્રગટ કરે તો બીજી ચીજને નિમિત્ત કહેવાય છે, નૈમિત્તિક પર્યાય પ્રગટે નહિ તો નિમિત્ત ઉપર આરોપ આવતો નથી.

## "આત્મા પોતાની યોગ્યતાથી રાગદ્વેષરૂપે પરિણમવાની નૈમિત્તિક પર્યાય પ્રગટ કરે છે તો પર પદાર્થોને નિમિત્ત કહેવાય છે."

તેવી રીતે આત્માનો સ્વભાવ શુદ્ધ ચિદાનંદ છે, તે દ્રશ્યનો દ્રષ્ટા છે, તે જ્ઞેયનો જ્ઞાતા છે. જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ તો શુદ્ધ છે. આત્મા કાયમ શુદ્ધ રહીને અવસ્થામાં બદલ્યા કરે છે. આવો બદલવાનો સ્વભાવ હોવાછતાં એકલો પોતાની મેળે રાગરૂપે પરિણમતો નથી. પરંતુ પરદ્રવ્યના નિમિત્તે પોતાની યોગ્યતાના કારણે રાગરૂપે પરિણમે છે. જો પરને લીધે રાગાદિ થતા હોય તો જડ પદાર્થો કાયમ છે તો વિકાર કાયમ થયા જ કરે પણ એમ નથી. વળી જડપદાર્થ વિકાર કરાવતા હોય તો જડને ઉપદેશ આપવો પડે કે તું આત્માને હેરાન કરીશ નહિ ! જડકર્મ અથવા પદાર્થને ખબર નથી કે હું જડ છું. પણ અજ્ઞાની જીવ ભ્રાંતિ કરીને એકત્વબુદ્ધિ કરે છે તો પરને નિમિત્ત કહેવાય છે.

## સુખ બહારના પદાર્થોમાં નથી પણ પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવમાં રહેલું છે.

અહો! જીવને પોતાના આત્માનો મહિમા આવતો નથી. પોતે ભગવાન છે એટલે કે મહિમાવંત છે. પોતાનો મહિમા ચૂકીને બીજાને મહિમા આપે છે. બૈરાં, છોકરાં, પૈસા તથા મકાનને સારા કહે છે. લાડવા વિગેરે ખાવાના પદાર્થને સારા કહે છે પણ તે જડ પદાર્થોને જાણનાર પોતે છે, તેની કિંમત નહિ ને પરને મહિમા આપે છે એ જ અજ્ઞાન છે. પોતામાં સુખ છે તે ભૂલીને લાડવા—પૈસા વિગેરેમાં સુખ માને છે, તે ભ્રમ છે. સુખ પરમાં નથી પણ પોતાના ત્રિકાળ જ્ઞાન સ્વભાવમાં છે. સ્વને ભૂલી પરને મહિમા આપે છે. તે ભૂલ છે. હવે જીવ જો પોતાનો મહિમા લાવી પોતાના આત્મા સામે જુએ, તો કલ્યાણ થાય તેમ છે.

## "જો બૈરાં છોકરાં ને પૈસામાં સંસાર હોય તો મરણ થતાં જીવની મુક્તિ થવી જોઈએ."

આત્માનો સ્વભાવ તો જુદો છે. સ્વભાવની દ્રષ્ટિએ તો કદીપણ રાગરૂપે થતો નથી. તેનો મૂળ સ્વભાવ તો અસંગ છે પણ તે સ્વભાવ ચૂકીને પર લક્ષ કરે છે તો રાગરૂપે પરિણમે છે. વિકાર અથવા સંસાર મૂળ સ્વભાવમાં નથી. તેમ જ સંસાર

બહારના પદાર્થો—બૈરાં, છોકરાં, પૈસામાં નથી. "બૈરાં આદિ મારા છે ને એથી મને સુખ છે"—એવી કલ્પના તે સંસાર છે. ને તે કલ્પના સાથે લઈને જાય છે. મારામાં સુખ નથી એવો ભ્રમ ને વિમોહ તે સંસાર છે. જીવ પરના લક્ષે રાગદ્વેષ પોતે કરે છે. અજ્ઞાની જીવને પોતાનો જ્ઞાનસ્વભાવ આનંદથી ભરેલો અવ્યક્ત પડેલો છે, તેનો ભરોસો આવતો નથી. તે માત્ર વર્તમાનને તથા નિમિત્તને ભાળે છે.

## "સ્વતંત્રપણે કરે તે કર્તા છે, દોષ અથવા નિર્દોષતાનો કર્તા આત્મા પોતે છે."

જીવ પોતે પોતાને ભૂલીને હેરાન થઈ ગયો છે. પોતેપોતાનો જ્ઞાતા સ્વભાવ ચૂકીને પરલક્ષે શુભાશુભ લાગણી ઊભી કરે છે. તે બન્ને વિકાર છે. સ્વલક્ષે વિકાર હોઈ શકે નહિ. એ બન્ને દોષનો અભાવ કરી શુદ્ધતા પ્રગટ કરી શકાય છે. સદોષ કે નિર્દોષ અવસ્થાનો કર્તા આત્મા છે. સ્વતંત્રપણે કરે તે કર્તા અને કર્તાનું ઇષ્ટ તે તેનું કાર્ય છે. અજ્ઞાનીને વિકાર વહાલો લાગે છે. પણ ચિદાનંદ જ્ઞાનસ્વભાવ વહાલો લાગતો નથી, તે તેનો દોષ છે. છતાં તે દોષ ક્ષણિક છે. મૂળ સ્વભાવમાં નથી તેમ જ પરને લીધે પણ નથી. વિકાર પોતે કરે તો થાય છે ને ન કરે તો થતો નથી. એમ જીવ સાચી સમજણ કરે તો તેને મોક્ષમાર્ગ પ્રગટ કરવાનો અવસર છે.

## "પર્યાય બુદ્ધિ જ બંધનું કારણ છે, મૂળ સ્વભાવ બંધનું કારણ નથી."

અહીં પાઠમાં લખાણ છે કે :—"આવો વસ્તુનો સ્વભાવ છે, એમાં અન્ય કોઈ તર્કને અવકાશ નથી." આનો અર્થ અજ્ઞાની જીવો ઊંધી રીતે કરે છે કે વિકાર આત્માના મૂળ સ્વભાવમાં નથી માટે પર પદાર્થ વિકાર કરાવે છે, એવો આત્માનો વસ્તુ સ્વભાવ છે—એમ અજ્ઞાની માને છે પણ તે વાત બરાબર નથી. પોતાનો જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવ ચૂકીને પરલક્ષ કરે તો વિકાર થાય છે ને રાગરૂપે પરિણમે છે તો પરથી વિકાર થયો એમ સંયોગનું જ્ઞાન કરાવવા કથન કરવામાં આવે છે.

(૧) પરને લીધે વિકાર હોય તો પર પદાર્થો સદાય છે તો વિકાર રહિત થવાનો પ્રસંગ બનશે નહિ.

(૨) જો વિકાર મૂળ સ્વભાવમાં પેસી ગયો હોય તો સ્વભાવ વિકારમય હોવો જોઈએ. પણ તેમ નથી. જીવ પોતાનો શુદ્ધ સ્વભાવ ચૂકી પરમાં સુખ છે એવી સંયોગબુદ્ધિ અથવા શુભથી ધર્મ છે એવી પર્યાયબુદ્ધિ કરે છે, તે

બંધનું કારણ છે. પણ શુદ્ધ સ્વભાવ બંધનું કારણ નથી એમ અત્રે બતાવવું છે.

જીવ વિચાર કરે તો માલૂમ પડે કે પ્રથમ પોતે ક્રોધ માન માયા આદિના તીવ્ર પરિણામ કરતો હતો. હવે તેને મંદ કરે છે. તે મંદતાના પરિણામ પરને લીધે નથી. જ્યારે પોતે વિકારની મંદતા કરી શકે છે તો સાચી સમજણ કરી વિકારનો સર્વથા અભાવ પણ કરી શકે છે. માટે અહીં સાચી સમજણ કરવાનું કહે છે. પ્રથમ શ્રદ્ધા કર કે મારું સ્વરૂપ તો વિકાર રહિત છે ને પર્યાયમાં વિકાર થાય છે તે પરને લીધે નથી પણ મારા અપરાધથી છે. આમ જીવ સાચી સમજણ કરે તો સમ્યગ્દર્શન પ્રગટ થઈને ચારિત્રદશાને પામે. પણ સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોઈ શકે નહિ માટે જીવે પ્રથમ ભેદજ્ઞાન કરવું જોઈએ. હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે.

## <u>કળશ ૧૭૫</u>

**<u>અર્થ :—</u>**સૂર્યકાંત મણિની માફક (અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિ રૂપે પરિણમતો નથી. તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિબ નિમિત્ત છે તેમ) આત્મા પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી. તેમાં નિમિત્ત પર સંગ જ (પરદ્રવ્યનો સંગ જ છે) આવો વસ્તુ સ્વભાવ પ્રકાશમાન છે (સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કરેલો નથી)

## <u>“સૂર્યકાંતમણિ સૂર્યના નિમિત્તે પોતાની યોગ્યતાથી અગ્નિરૂપે પરિણમે છે.”</u>

(૧) સૂર્યકાંત મણિ એકલો અગ્નિરૂપે પરિણમતો નથી. કારણ કે તે તેનો મૂળ સ્વભાવ નથી.

(૨) સૂર્યકાંત મણિ પોતાની યોગ્યતાથી સૂર્યનું નિમિત્ત પામીને અગ્નિરૂપે પરિણમે છે. સૂર્ય તેનું અગ્નિરૂપ પરિણમન કરાવી દેતો હોય તો મણિનું વર્તમાન તેના પોતાથી ન રહ્યું પણ પરથી થયું. એક અવસ્થા પરથી થાય એમ માને તો વર્તમાનનો નાશ થાય છે ને વર્તમાનનો નાશ થતાં દ્રવ્યના નાશનો પ્રસંગ આવે છે. માટે સૂર્યને લીધે તે અગ્નિરૂપે પરિણમતો નથી. સૂર્યનું નિમિત્ત ક્યારે કહેવાય ? જો સૂર્યકાંત મણિ પોતે અગ્નિરૂપે પરિણમે તો સૂર્યને નિમિત્ત કહેવાય છે.

(૩) જ્યારે મણિ અગ્નિરૂપે પરિણમે છે ત્યારે સૂર્યનું નિમિત્ત ન હોય તેમ બનતું નથી એટલે કે સૂર્યનું નિમિત્ત હોય છે, પરના નિમિત્ત વિના અગ્નિરૂપે થઈ જાય તો અગ્નિરૂપ થવાનો તેનો સ્વભાવ થઈ જાય માટે મણિ પોતાના મૂળ સ્વભાવથી ચ્યૂત થઈને પરના નિમિત્તે પોતાના કારણે અગ્નિરૂપે થાય છે.

## "વસ્તુનો ત્રિકાળી સ્વભાવ બંધનું કારણ નથી, જીવની પર્યાયબુદ્ધિ જ બંધનું કારણ છે."

તેમ આત્મામાં રાગદ્વેષ પર પદાર્થ કરાવતા નથી, પણ પોતે કરે તો થાય છે. પોતાનો જ્ઞાતા સ્વભાવ ચૂકીને પર દ્રવ્યનો સંગ કરે છે, પરસંગની બુદ્ધિ કરે છે તો બંધ ભાવ ઊભો થાય છે ને પરને નિમિત્ત કહેવાય છે. શુભાશુભભાવો પોતે કરે તો થાય છે ને ન કરે તો થતા નથી. તે ભાવો મૂળ સ્વભાવમાં નથી. અજ્ઞાની જીવોને ભ્રમ થાય છે કે વસ્તુમાં અશુદ્ધતા નથી તો અશુદ્ધતા પરને લીધે થઈ એમ લાગે છે, નહિતર આવી ક્યાંથી ? એમ પ્રશ્ન કરે છે. ભાઈ, પરને લીધે અશુદ્ધતા હોય તો તે વસ્તુનું વર્તમાન શું ? વર્તમાન નહિ સ્વીકારતાં વસ્તુના લોપનો પ્રસંગ આવે છે. જીવમાં વર્તમાન અશુદ્ધતા પોતાને કારણે છે. લાકડાને ક્રોધ થતો નથી કેમ કે તેની પાછળ ક્ષમા નથી. આત્મામાં વર્તમાન ક્રોધ થાય છે પાછળ ત્રિકાળી સ્વભાવ ક્ષમાનો ભરેલો પડ્યો છે. શુદ્ધ સ્વભાવને ચૂકે છે તો ક્રોધ થાય છે, નહિતર થતો નથી ને વિકાર કરે છે તો પરને નિમિત્ત કહેવાય છે. આવો વસ્તુનો સ્વભાવ છે, મૂળ સ્વભાવ વિકારનું કારણ નથી. બંધનું કારણ પર પદાર્થો નથી પણ પોતાનો સ્વભાવ ચૂકીને પોતે પર્યાય બુદ્ધિ કરે છે તે બંધનું કારણ છે.

*

# <u>પ્રસાદ નં. ૩૦૦અ</u>

## <u>સમયસાર કળશ ૧૭૬</u>

*(શ્રાવણ વદ ૧૦ બીજી સોમ, ૨૦૦૭)*

આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની રાગાદિકને પોતાના કરતો નથી એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :—

### <u>કળશ ૧૭૬</u>

<u>**અર્થ :—**</u>એવા પોતાના વસ્તુ સ્વભાવને જ્ઞાની જાણે છે તેથી તે રાગાદિકને પોતાના કરતો નથી, તેથી તે (રાગાદિકનો) કર્તા નથી.

જુઓ! આ બંધ અધિકાર છે. વિકાર પરને લઈને થાય એવો વસ્તુસ્વભાવ છે—એમ અહીં નથી કહ્યું. અજ્ઞાનીઓ આનો અર્થ ઊંધો કરે છે કે વિકાર પર કરાવે, અહીં તો આચાર્યદેવ એમ કહે છે કે વસ્તુને પોતાના એકલા સ્વભાવથી બંધન થતું જ નથી. આવો અબંધ વસ્તુ સ્વભાવ છે પણ નિમિત્ત તેને બંધન કરાવી દે, એવો વસ્તુસ્વભાવ નથી.

જ્ઞાની પોતાના કેવા વસ્તુસ્વભાવને જાણે છે ? કે આત્માના સ્વભાવમાં વિકાર નથી. આત્માના સ્વભાવની દ્રષ્ટિથી તે પરનો તો કર્તા નથી થતો ને વિકારનોય કર્તા થતો નથી. કેમ કે જ્ઞાયક વસ્તુમાં દ્રષ્ટિ છે. તે વસ્તુમાં બંધન કે વિકાર નથી. અંતરમાં દ્રષ્ટિ થઈ ત્યાં જ્ઞાની પોતાના અબંધ સ્વભાવને જાણે છે ને એવા વસ્તુ સ્વભાવને જાણતો જ્ઞાની વિકારને પોતામાં કરતો નથી, એટલે કે વિકારપણે તે પરિણમતો જ નથી. <u>**પરિણામ અંતર્મુખ થવાથી, વસ્તુ સ્વભાવની દ્રષ્ટિ થવાથી આત્મામાં વિકારને તે જોતો જ નથી.**</u> અસ્થિરતાનો રાગ થાય છે પણ દ્રષ્ટિ તો સ્વભાવ ઉપર જ પડી છે. આવો ધર્મી કોઈપણ દેહાદિની ક્રિયાનો કે વિકારનો કર્તા થતો નથી, આનું નામ ધર્મ છે.

આમાં શું કરવાનું આવ્યું ?—કે શ્રદ્ધા–જ્ઞાનને અંતર્મુખ કરીને વસ્તુ સ્વભાવને શ્રદ્ધવો ને જાણવો તે જ પ્રથમ કરવાનું છે. આ સમકિતી જૈન એટલે કે ધર્મના પહેલે પગથિયે ચડનારની વાત છે. ભગવાન થઈ ગયા તેની નહિ પણ જે ભગવાન થવાની તૈયારીવાળો—એટલે કે સાધક છે તેની વાત છે.

વસ્તુનો સ્વભાવ તો અબંધ છે ને જ્ઞાનીની દ્રષ્ટિ તે સ્વભાવ ઉપર છે તેથી તે જ્ઞાની પોતે વિકારપણે પરિણમતો જ નથી. કર્મ પ્રમાણે વિકાર થયા કરશે તો હું તેનો કર્તા નથી. એવી વાત તો અહીં નથી. તે તો મહાવિપરીત બુદ્ધિ છે.

આચાર્યદેવ કહે છે કે આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે—કેવો વસ્તુ સ્વભાવ પ્રકાશમાન છે ? આત્માના સ્વભાવમાં વિકાર નથી–એવો વસ્તુ સ્વભાવ પ્રકાશમાન છે પણ, ''આત્માના સ્વભાવમાં વિકાર નથી માટે કર્મ જ વિકાર કરાવે છે.'' એવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન નથી. જેની દ્રષ્ટિ આત્મા ઉપર છે તે જીવને આવો શુદ્ધ વસ્તુ સ્વભાવ જ પ્રકાશે છે. તે જીવ રાગાદિપણે પરિણમતો નથી. પર્યાયમાં અલ્પ રાગ હોવા છતાં તેની દ્રષ્ટિ ફરી ગઈ છે. વસ્તુમાં વિકાર થવાની યોગ્યતા પણ નથી. આવી દ્રષ્ટિવાળા ધર્મીને અલ્પ વિકાર વખતે પણ વસ્તુસ્વભાવની મુખ્યતાનું જ પરિણમન છે; માટે તેને વિકારનું પરિણમન નથી.

જેને નિમિત્ત ઉપર દ્રષ્ટિ છે એવા મિથ્યાદ્રષ્ટિને વિકારનું પરિણમન થાય છે, તેને કર્મના નિમિત્તથી વિકાર થાય છે એમ કહેવાય છે કેમ કે મિથ્યાદ્રષ્ટિને વિકાર જ ભાસે છે પણ શુદ્ધ વસ્તુ સ્વભાવ ભાસતો નથી; સ્વભાવ ઉપર તેની દ્રષ્ટિ નથી પણ નિમિત્ત ઉપર જ દ્રષ્ટિ છે. પહેલાં વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવવો જોઈએ કે હું તો આત્મા છું, હું જ્ઞાનસ્વભાવી નિર્મળ વસ્તુ છું. મારા સ્વભાવથી વિકાર થતો હોય તો તે કદી ટળી ન શકે. વિકારપણે થવાનો મારો સ્વભાવ નથી. આમ સ્વભાવને જાણે નહિ ને ''કર્મ વિકાર કરાવે'' એવો વસ્તુસ્વભાવ માની લ્યે તે તો મિથ્યાદ્રષ્ટિ છે.

બહારમાં હાથ પગ ઊંચાનીચા થવાની કે બોલવાની જે ક્રિયાઓ થતી દેખાય છે તેને આત્મા કરતો નથી. તે તો જડની ક્રિયા છે અને પર્યાયમાં જે વિકાર થાય તે પણ વસ્તુનું સ્વરૂપ નથી. આવા વસ્તુ સ્વરૂપને જે જાણે છે એવો જ્ઞાની વિકારપણે પરિણમતો નથી.

હવે એ વાત ગાથામાં કહે છે :—

## ગાથા ૨૮૦

**કદી રાગ દ્વેષ વિમોહ અગર કષાય ભાવો નિજ વિષે**
**જ્ઞાની સ્વયં કરતો નથી, તેથી નત્કારક ઠરે. ૨૮૦.**

જુઓ ભાઈ, આ વાત સરલ અને સરસ છે. ''મને નહિ સમજાય. હું નમાલો છું.'' એમ ન માની લેવું જોઈએ. ભગવાન ! મતિશ્રુતની અંતરંગ કળાના બળે કેવળજ્ઞાન લે તેવી અચિંત્ય તારી કળા છે. તને તારા સ્વભાવનો મહિમા કદી આવ્યો નથી. ભાઈ, આ તારો સ્વભાવ કહેવાય છે. તે સાંભળીને રુચિ કર અને અંતરમાં ઘૂંટ, તો તને સમજાયા વિના ન રહે. એકવાર પણ એવા સ્વભાવને દ્રષ્ટિમાં લેતો સંસાર ન રહે. કેમકે સ્વભાવમાં સંસાર નથી.

"કર્મ વિકાર કરાવે છે" એવો આરોપ પણ જ્ઞાનીને તો નથી; પણ જેની દ્રષ્ટિ સ્વભાવ ઉપર નથી, પરંતુ નિમિત્ત ઉપર જ છે તેવા અજ્ઞાનીને કર્મ સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે, તે પર્યાય બુદ્ધિનો સ્વભાવ છે. મિથ્યાત્વપણે પોતે પરિણમતો હોય અને કહે કે હું તેનો કર્તા નથી, એવી વાત અહીં નથી. જ્ઞાની તો પોતે સ્વભાવ દ્રષ્ટિથી મિથ્યાત્વપણે પરિણમતો જ નથી માટે તે વિકારનો અકર્તા છે. જેને સ્વભાવની ખબર નથી તે નિમિત્ત અને વિકારને એકમેક માને છે એવા અજ્ઞાનીને તો સ્થૂળ મિથ્યાત્વ છે.

જે વસ્તુસ્વભાવને જાણે છે એવો જ્ઞાની તો પોતાના શુદ્ધ સ્વભાવથી જ ચ્યુત થતો નથી. જ્યાં પોતે શુદ્ધ સ્વભાવથી ચ્યુત જ થતો નથી ત્યાં પછી કર્મે વિકાર કરાવ્યો એ અવકાશ ક્યાં રહ્યો ? રાગની મુખ્યતાપણે જ્ઞાની કદી પરિણમતો જ નથી. દ્રષ્ટિનું પરિણમન અંતર્મુખ છે એટલે જ્ઞાની પોતાના સ્વભાવથી ચ્યુત થઈને પોતે પોતાથી રાગાદિરૂપ થતો નથી, તેમ જ પર નિમિત્તથી પણ તે રાગાદિરૂપ પરિણમતો નથી. નિમિત્ત ઉપર તેની દ્રષ્ટિ જ નથી, લડાઈ વખતે પણ જ્ઞાની શુદ્ધ સ્વભાવથી ચ્યુત થતો જ નથી. કેમ કે સ્વભાવ ઉપરની દ્રષ્ટિ તે વખતેય ખસતી નથી.

જ્ઞાની પોતે મિથ્યાદ્રષ્ટિરૂપે પરિણમતો નથી અને કર્મ તેને મિથ્યાદ્રષ્ટિરૂપે પરિણામ કરાવે છે એમ નથી, પણ જ્ઞાની તો શુદ્ધ સ્વભાવથી ચ્યુત થતો નથી એટલે કદી મિથ્યાત્વાદિ ભાવોરૂપે પરિણમતો જ નથી. તેથી પર પણ તેને રાગદ્વેષ મોહરૂપે પરિણમાવતું નથી. લાખોની કમાણી થતી હોય ને પાંચ રૂપિયા વ્યાજ ભરવા પડતા હોય ત્યાં વેપારી લાભને જ જુએ છે; તેમ જ્ઞાની સ્વભાવની અધિકતાપણે જ પરિણમે છે. વિકારની અધિકતાપણે તે પરિણમતો જ નથી. માટે તે વિકારનો કર્તા થતો નથી આવો નિયમ છે.

જુઓ ભાઈ ! આ વાત સમજવા જેવી છે. આત્માના સ્વભાવની વાત દુકાનના ચોપડામાં ન આવે, ધર્મના ચોપડામાં તે વાત છે. પણ અજ્ઞાનીઓ તેના અર્થ ઊંધા સમજે છે એટલે વસ્તુસ્થિતિ લોકોને હાથ આવતી નથી. ગુરુગમ વિના શાસ્ત્રનો ઉકેલ થાય તેમ નથી. આ ગાથાનો અર્થ ઘણા ઊંધી દ્રષ્ટિવાળા એમ કહે છે કે "આત્મા પોતે વિકારપણે થતો નથી પણ કર્મ આત્માને વિકારપણે પરિણમાવે છે"–તેમ નથી; અહીં તો આચાર્યદેવ એમ કહે છે કે જે જીવ પોતાના સ્વભાવની દ્રષ્ટિ નથી કરતો તે સ્વભાવથી ચ્યુત થઈને, નિમિત્ત ઉપરની દ્રષ્ટિથી વિકારપણે પરિણમે છે. તેવા અજ્ઞાનીને વિકાર કર્મના નિમિત્તથી થયો છે એમ ઉપચારથી કહ્યું છે; કેમ કે વસ્તુસ્વભાવમાં વિકાર નથી, પણ કર્મ ઉપર દ્રષ્ટિ કરીને વિકાર નવો ઊભો કરે છે તેથી કર્મે તેને વિકારપણે પરિણમાવ્યો એમ કહેવામાં આવે છે. ત્યાં

એમ બતાવવું છે કે ભાઈ ! આ વિકારપણે જે પરિણમન થાય છે, તે તારા સ્વભાવથી થયેલું નથી. જો તારે ધર્મી થવું હોય તો પરની અને વિકારની રુચિ છોડીને અંતરના સ્વભાવમાં દ્રષ્ટિ કર. તે સ્વભાવની દ્રષ્ટિ થતાં આત્મા વિકારપણે થાય છે—એમ ભાસતું નથી. માટે સ્વભાવની દ્રષ્ટિવાળો જ્ઞાની પોતે પોતાથી કે પરથી વિકારપણે પરિણમતો જ નથી, આવો નિયમ છે.

હવે પછીની ગાથામાં અજ્ઞાનીની વાત લેશે. તેમાં એમ કહેશે કે અજ્ઞાની પોતાના સ્વભાવથી ચ્યુત થાય છે તેથી જ રાગાદિ પણે પરિણમે છે, પર વડે વિકારપણે પરિણમાવાતો નથી એવો જ્ઞાનીનો જે નિયમ કહ્યો તે નિયમ અજ્ઞાનીને પણ લાગુ પડે છે. જ્ઞાનીને કર્મ ન પરિણમાવે ને અજ્ઞાનીને કર્મ પરિણમાવે એમ નથી. જ્ઞાની પોતાના વસ્તુ સ્વભાવથી ચ્યુત થતો નથી માટે વિકારપણે પરિણમતો નથી તેથી તે બંધાતો નથી અને અજ્ઞાની પોતાના વસ્તુ સ્વભાવથી ચ્યુત થાય છે માટે તે વિકારપણે પરિણમે છે તેથી તે બંધાય છે—આ નિયમ છે.

વસ્તુસ્વભાવનો મહિમા અને કિંમત જાણ્યા વિના અજ્ઞાની પુણ્યમાં અને બહારની ક્રિયામાં ઝટ ધર્મ માની લ્યે છે. જેમ બાળક કિંમતી હારને ઓળખે એટલે કોઈક ચોરને પેંડામાં તે હાર આપી દે, તેમ અજ્ઞાની પોતાના શુદ્ધ સ્વભાવનો મહિમા જાણતો નથી.

*